શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મું.

આત્મ સં. ૫૭

સંવત ૨૦૦૮

અંક ૧ લો.

શ્રાવણ

વાર્ષિક લવાજમ રૂ. ૩-૮-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

અનુક્રમણિકા.

૧ સીધાગણુ જિન સ્તવન	(મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૧
૨ નૂતન વર્ષનુ મંગળમય વિધાન	(ફતેચંદ ઝવેરભાઇ)	૨
૩ બૌદ્ધદર્શનમમત અહિંસાનુ સ્વરૂપ... ..	(મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ)	૭
૪ સુખી કેમ થવાય	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)	૧૨
૫ આ પર્યુષણ મહાપર્વ કઇ રીતે ઉજવશો ..	(મુનિ ન્યાયવિજયજી [ત્રિપુટી])	૧૬
૭ વતમાન સમાચાર	(સભા)	૨૪૧

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના

ગયા અશાડ માસના અંકમા જણાવ્યા પ્રમાણે આ બે વર્ષની ભેટની બુક 'શ્રી કાવ્ય સુધાકર" ગ્રંથ (કિંમત રૂા ૨-૮-૦) જે એક કાવ્ય સાહિત્યનો સુંદર કૃતિનો ગ્રંથ છે તે અમારા માનવંતા ગ્રાહકોને લવાજમ પુરતા પોસ્ટ સહિત વી પી મોકલાઇ ગયેલ છે, જેઓએ તે સ્વીકારેલ છે તેઓને ધન્યવાદ આપીએ છીએ પરંતુ કેટલાક ગ્રાહકોએ બે વર્ષ-એક વર્ષના બધા અંકો રાખી, વી પી પાછુવાળી જ્ઞાનખાતાને નાહક નુકસાન કરેલ છે એટલુ જ નહિં પરંતુ પત્ર લખી જણાવે છે કે આત્માનંદ પ્રકાશ મોકલશો નહિ આવા ગ્રાહક માટે દિલગીર છીએ બારે માસના અંકો રાખી લવાજમ વસુલ કરવા વી પી મોકલ્યુ તે પાછુ મોકલ્યુ અને લવાજમ સબંધી હકીકત ' જાણે કંઇ જાણતા નથી ' તેમ કરી જાય છે જેઓ લેણુ-લવાજમ નહિ મોકલે તો તેઓ જ્ઞાન ખાતાના દોષને પાત્ર રહેશે

આત્માનંદ પ્રકાશના ગ્રાહક તરીકે નહિ રહેવા જણાવનારને ફરી મોકલવામાં આવતુ નથી

હવે પછી ૪૬ વર્ષનો પ્રથમ અંક તા. ૧-૮-૧૯૪૮ ના રોજ પ્રગટ થશે ચાલુ ગ્રાહક ન રહેવુ હોય તેમણે અમોને પત્ર દ્વારા જ જણાવવા તસ્દી લેવી.

છપાય છે.

૪ કથારત્નકોષ ગ્રંથ—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે (સંવત ૧૧૫૮ મા પ્રાકૃત ભાષામા રચેલ છે, જેમા સમ્યક્ત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતા ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે આ ગ્રંથમાં આવેલ ગુણોનુ સ્વરૂપ, તેનુ વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ-હાનિનુ નિરૂપણ, આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ-સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાયો છે આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળ કિંમત રૂા ૮-૮-૦ છે જેનુ આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે તે ગ્રંથના પાના શુમારે પાચસેંહ ઉપરાંત થશે

શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૪.	શ્રાવણ	પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૪.	:: તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૪૮ ::	અંક ૧ લો.

૭૨૭૦

સાધારણ જિન સ્તવન.

(રાગ–નાચો નાચો પ્યારે મન કે મોર.)

ગાઓ ગાઓ પ્યારે જિનરાજ,
મેરે શિર કે પ્રભુ શિરતાજ. ગાઓ ટેક.

તૃષ્ણાકા પ્રભુજી કરતા હય અંત,
ગાઓ સબ સંત, જ્ઞાની મહંત;
ભવિજનકા જિનવરજી કરતા હય કાજ ગાઓ૦ ૧

પ્રભુ શાસનકા ધન, હોતા પ્રસન્ન,
જીસકે દિલમેં હય શાસનકી દાઝ.
ભવિજનકા જો હય પ્યારે મહારાજ. ગાઓ૦ ૨

અજિત જ્ઞાની, સાચા સુકાની;
શિવલક્ષ્મીકેરા સાચા હય દાની.
રખો જિન દેવા ! સેવકકી અબ લાજ. ગાઓ૦ ૩

રચયિતા—મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

" नूतन वर्षनुं मंगलमय विधान."

પ્રકાશનુ આંતરદર્શન.

રાજનૈતિક, સામાજિક, કેળવણીવિષયક અને આધ્યાત્મિક વાતાવરણવાળા સમગ્ર વિશ્વના પરિવર્તનના સંક્રાતિકાળે **આત્માનંદ પ્રકાશ પત્ર**, ચાર દષ્ટાંતથી નિષ્કર્મ બનેલા **સિદ્ધ** પરમાત્માને નમન કરી, સ્વ૦ આ૦ મ૦ શ્રી વિજયાનંદસૂરિજી (શ્રી આત્મારામજી મહારાજ) કે, જેમના ઉભય પવિત્ર નામોના સમન્વય કરી પ્રસ્તુત આ સભાનો બાવન વર્ષ પહેલા મંગલ આરંભ થયો હતો તેમજ જે મહાન્ આત્માની પ્રતિકૃતિ પ્રસ્તુત મુખપૃષ્ઠ ઉપરથી જૈન જગત ઉપર ક્ષાત્રતેજ અને આધ્યાત્મિક તેજનાં કિરણો વિસ્તારી રહી છે, તેમને પ્રણામ કરી ઉપમિતિભવપ્રપંચા કથાકારની જે સમતારૂપ યોગનલિકા વર્ણવેની છે તેમજ સ્વ૦ શ્રી વીરવિજયજી મહારાજે સાતાવેદનીય કર્મની પૂજામાં જ્ઞાનીગમ્ય રૂડી યોગનલિકા તરીકે જેનો ઉલ્લેખ કરેલો છે તેનું સ્મરણ કરી, જે વાસ્તવિક રીતે વિશ્વધર્મ છે, અન્ય દર્શનોના સિદ્ધાંતો જેના નિર્ઝરણા રૂપ છે-તે જૈન ધર્મને નમસ્કાર કરી, એ રીતે દેવગુરુધર્મના મંગલમય તત્ત્વોને પ્રણામ કરી, આજના મંગલમય પ્રભાતે ૪૬ મા વર્ષમાં **આત્માનંદ પ્રકાશ** પ્રવેશ કરે છે પ્રવેશ કરતાની સાથે આત્મગત પ્રશ્ન પૂછે છે-પ્રાચીન પ્રણાલિકા જો તે શુભ પરિણામ ઉપર નિર્ભર હોય તો આત્મગત પ્રશ્ન કરવો ઉચિત જ છે—**सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमंत — करणप्रवृत्तय**—એ માનસિક શાસ્ત્રના નિયમને અનુસરીને પ્રશ્ન પૂછતા આધ્યાત્મિક ધ્વનિ આવે છે કે ગત વર્ષમાં પ્રથમના વર્ષો કરતા સારી જેવી પ્રગતિ થઇ છે ? એ પ્રગતિએ વાચકોના વિચાર-વાતાવરણ ઉપર અસર કરી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ નીપજાવી છે ? પીસ્તાલીશ વર્ષોથી જૈન સમાજની યથાશક્તિ સેવા કરતા ભિન્ન ભિન્ન ભૂમિકાવાળા આત્માઓમાં ગુણસ્થાનકોને અનુસરીને સંસ્કાર બીજો રેડ્યા છે ? તે સંસ્કાર-બીજોથી સમૃદ્ધ થઇ અનેક આત્માઓની આધ્યાત્મિક દૃષ્ટિ વધારે વિકસ્વર થઇ છે ? આ અને આવા અનેક પ્રશ્નો ગત વર્ષને અંતે ઉદ્ભવે છે અને તેનો પ્રત્યુત્તર અંતરાવલોકન (Introspection) દ્વારા પ્રસ્તુત પત્રને ધ્વનિત થાય છે કે જૈન દર્શનના અબાધિત કથન પ્રમાણે ક્રિયા વંધ્ય હોતી નથી તો શુભાશયથી પ્રેરાયલી સત્ક્રિયાનું ફળ સુંદર પરિણામવાળું કેમ ન હોઇ શકે ?

કાલ અને સંજ્ઞા.

કાલના અનંત મહાસાગરમાં જૂનું વર્ષ ભળી ગયું છે, વડીલની આંગળી પકડીને ચાલ્યા આવતા બાળકની જેમ નૂતનવર્ષે આવીને આપણા અંતરમાં સ્થાન લીધું છે નૂતનવર્ષના ભીતરમાં શું શું ભર્યું છે તે આપણે જાણી શકતા નથી, અનાદિકાળથી આત્મા અનંત કાળને પચાવી ગયો છે છતાં પોતે અમર છે, પરંતુ આત્મા કર્મોથી પરાધીન હોવાથી તેને ધર્મ પુરુષાર્થ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી અને તેને કાળ, સ્વભાવ, ભવિતવ્યતા અને કર્મને આધીન રહેવું પડયું છે પરંતુ માનવ જન્મ મળ્યા પછી અને જૈન ધર્મ તેમજ સદ્ગુરુયોગ અને શાસ્ત્રવાચન વિગેરે સામગ્રી

મળ્યો છતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શક્યો નથી; અકામ નિર્જરાએ કરી પુણ્ય પ્રકર્ષ થતાં માનવ જન્મ પ્રાપ્ત કર્યો છે, હવે સુપ્ત શક્તિઓને જાગૃત કરવાની છે, આત્માના આનંદવાળો પ્રકાશ એ જ મારો પ્રકાશ છે; જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, દાન, જ્ઞાનાભ્યાસ, ભાવના, ધ્યાન વિગેરે ટેવો રસપૂર્વક પાડી આધ્યાત્મિક પ્રકાશ પ્રકટાવવાનું અમલી કાર્ય જીવનનો મોક્ષ થતાં સુધી ચાલુ રાખવું જોઈએ, એ માનવ જન્મનું સાર્થક્ય છે.

નૂતન વર્ષની ૪૬ ની સંજ્ઞા અનેક રીતે બોધ આપી શકે છે: ૪+૬=દશ યતિધર્મનું, ૪×૬=ચોવીશ તીર્થંકરોનું, ચારની સંખ્યા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું અને છની સંખ્યા ષડ્ દ્રવ્યોનું સૂચન કરે છે; તે સાથે સમગ્ર ૪૬ ની સંખ્યા ૪૫+૧ ની ગણત્રીએ પીસ્તાલીશ આગમો આપણી સન્મુખ હોય પણ એક આત્મ તત્ત્વ તેની સાથે ન જોડાયલું હોય તો માત્ર રૂપી જડ શબ્દો આત્માને શું ઉપકાર કરી શકે ? આત્માની તૈયારી તે ઉપાદાન કારણ અને આગમોનું શ્રવણ તે નિમિત્ત કારણ—એ બન્નેનો યોગ થાય ત્યારે જ આત્માનું ઇષ્ટ કાર્ય સધાય છે. છેંતાળીશની સંખ્યાની પ્રેરણાથી પ્રકટ થતું આ સંજ્ઞાસૂત્ર (૪૬) જો આત્મજાગૃતિ અને સમ્યક્ત્વપૂર્વક હોય તો જ એ સંજ્ઞામાંથી જૈન દૃષ્ટિએ આત્મા સુંદર પ્રેરણા મેળવી શકે છે.

રાષ્ટ્રપરિસ્થિતિ અને સંક્રમણ કાળ.

આઝાદી મળી, પરદેશીના બંધનમાંથી મુક્તિ મળી છતાં કોમી ઝનૂને વહાવેલી હજારો નિર્દોષ માનવીઓના લોહીની નદીઓ વહી, લાખો અને કરોડોના આંસુઓ, સ્થળાંતર કરી આવતા લાખો નિર્વાસિતો, અસ્તવ્યસ્ત બનેલું દેશનું અર્થતંત્ર, જનતામાં વ્યાપી ગયેલી ગ્લાનિ અને મૂઢતા, કાળાં બજારો અને પ્રચંડ મોંઘવારીમાં સ્વતંત્રતાને પગલે જ દેશ ઘોર વિપત્તિમાં આવી પડ્યો હતો; છતાં આજે આ વીતેલા બાર મહિના ઉપર સિંહાવલોકન કરીએ છીએ તો રાષ્ટ્રનું હૃદય અદ્ભુત સંતોષ અને ઉત્સાહથી પુલકિત થઈ શકે છે. કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે એ દૃષ્ટિએ ઘોર વિપત્તિ અનુભવીને આપણો દેશ સ્વતંત્ર થઈ રહ્યો છે. દુનિયાના ઇતિહાસમાં પરદેશી સત્તાના હાથમાંથી આટલી ત્વરાથી અને શાંતિપૂર્વક હિંદની માફક ભાગ્યેજ કોઇ દેશે સ્વતંત્રતા પ્રાપ્ત કરી હશે. છેલ્લાં પચીશ વર્ષમાં જે મહાન આત્માએ દેશના માણસોમાં અહિંસક શક્તિનો સંચાર કર્યો તેના ફળરૂપે સ્વતંત્રતાની પ્રાપ્તિ થઈ છે; આરોગ્ય, કેળવણી, અર્થશાસ્ત્ર અને ઉદ્યોગ, હુન્નરમાં દેશને પગભર બનાવવા માટે અવિશ્રાંતપણે પ્રયત્ન કરી રહ્યા છે.

વાતાવરણ અને સંસ્મરણો.

મહાન વિભૂતિ મ૦ **ગાંધીજી**નું ગત વર્ષમાં જાન્યુઆરીની ૩૦ તારીખે એક હિંદુના ગોળીબારથી કરુણ અવસાન થયું છે; એક અહિંસક પ્રચારકની અન્ય હિંસક વ્યક્તિથી આશ્ચર્યજનક રીતે હત્યા થઇ; ગાંધીજીનું આખા દેશ ઉપર અને ખાસ કરીને રાષ્ટ્રીય મહાસભા ઉપર અખંડ પ્રભુત્વ વર્તતું હતું; સમગ્ર વિશ્વે એક મહાન નર ગુમાવ્યો છે.

ગતવર્ષમાં લગભગ સવાસો વર્ષના ગાળામાં બાવીશ લાખનાં કરના ભરણા પછી શ્રી શત્રુંજયગિરિ દર વર્ષે સાઠ હજારના કરવેરાથી મુક્ત બન્યો છે. આ બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આશ્રય નીચે શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે કમીટી કાર્ય કરી રહી હતી; જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

તેમજ મુબઈના સઘે આ પ્રશ્ન ઉપાડયા હતા તે સૌરાષ્ટ્રનુ એકમ થયા પછી સૌરાષ્ટ્રના પ્રધાનો પાસે રજૂ કર્યો હતો, પ્રધાનોએ તે હકીકત તરફ ધ્યાન આપી સદરહુ કર નાબૂદ કર્યો છે, તે અભિનદનને પાત્ર છે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તરફથી પચીશ લાખ રૂપીઆ અમદાવાદ નવરગપુરા વિસ્તારમા એ જીની યરીંગ કૉલેજની સ્થાપના માટે મુબઈ સરકારને સુપરત કરેલા છે માગરોળવાળા જવલબહેનના આમરણાત ઉપવાસ થયા પછી શ્રી કેશરીઆજી તીર્થના સરક્ષણાર્થે મુબઈમા એકાવન જૈન સસ્થાઓના આશ્રય નીચે જાહેર સભા શ્રી સુરચદ પી બદામીના પ્રમુખસ્થાને મળી હતી

શ્રી વીરચદ પાનાચદે મ૦ ગાધીજીના સ્મરણમા સૌરાષ્ટ્રમા કુમાર વિદ્યાલય માટે પાચ લાખ રૂપીઆની રકમ તથા વૈદ્યકીય રાહત માટે બીજી પાચ લાખ રૂપીઆની રકમ સૌરાષ્ટ્ર સરકારના હાથમા સુપ્રત કરી છે આબૂતીર્થ ઉપરનો યાત્રાનો કર પણ સીરોહી રાજ્યે મહારાણીશ્રીના હુકમથી રદ કર્યો છે પાકીસ્તાન અને હિંદુસ્તાનના ભાગલા સમયે પૂ૦ આ૦ મ૦ શ્રી વલ્લભસૂરિજી તથા તેમના શિષ્યો ગૂજરાવાળામા હતા, શાસનદેવની કૃપાથી કાંઈ પણ ઈજા આવી નથી અને ત્યાર પછી અમૃતસર નિર્વિઘ્ને પહોચી ગયા હતા અને હાલમા બીકાનેરમા ચાતુર્માસ છે, એ જૈન સમાજ માટે અપૂર્વ આનદ છે

સુરતમા આ૦ મ૦ શ્રી આનદસાગરસૂરિજીની નિશ્રામા પાલીતાણાના માફક ભવ્ય તામ્રપત્ર આગમમદિરનુ મહોત્સવપૂર્વક ઉદ્‌ઘાટન થયુ હતુ

શ્રી કેશરીઆજી તીર્થ બાબતમા અવ્યવસ્થા દૂર કરવા માટે ગતવર્ષમા જવલ બહેને ચઉવિહાર ઉપવાસ આદર્યા હતા, ઉદયપુર સ્ટેટ તરફથી તપાસ પચની સ્થાપના થઇ છે આ બહેને પ્રથમ પણ ગિરનારજી તીર્થ જ્યારે પાકીસ્તાનના ભયમા પડયુ હતુ ત્યારે ૫૬ ચઉવિહાર ઉપવાસ કર્યા હતા એમની એ ઘોર તપશ્ચર્યા શ્રી ગિરનાર તીર્થની મુક્તિ માટેનુ અતરગ પ્રબળ નિમિત્ત બન્યુ હતુ

આ સસ્મરણો પૂર્ણ કરવા સાથે શ્રાવણ માસમા પ્રસ્તુત સભાના ત્રણ પેટ્રનો શ્રી રમણલાલ દલસુખભાઇ તથા ચદુલાલ ટી શાહ તથા શ્રી. મોહનલાલ તારાચદ મુબઈ સરકાર તરફથી જે પી નો ખીતાબ આપવામા આવ્યો છે તે સબધમા તેમને મુબારકબાદી આપવા સાથે નોધ લઈએ છીએ ચાલુ માસમા ભાવનગરના ના મહારાજા સાહેબ મદ્રાસ પ્રાતના ગવર્નર નિમાયા છે તે પ્રત્યેક ભાવનગર વાસીને ગૌરવ લેવા તો વિષય છે

સ્વ૦ આત્મારામજી મહારાજની જન્મ જયતી ચૈત્ર શુદ ૧ શ્રી સિદ્ધાચલજી ઉપર, સભાની વાર્ષિક તિથિ જેઠ શુદ ૨ શ્રી તાલધ્વજ તીર્થ ઉપર અને સ્વ૦ આત્મારામજી મહારાજની સ્વર્ગવાસ તિથિ જેઠ શુદ ૮ સભાના મકાનમા પૂજા ભણાવવા તથા ગુણગાનપૂર્વક પ્રસ્તુત સભા તરફથી ઉજવવામા આવી હતી દર વર્ષ તે જ મુજબ ગુરુભક્તિ થશે ચાલુ પ્રણાલિકા પ્રમાણે માગશર વદી ૬ સ્વ૦ શ્રી મૂળચદજી મહારાજની તિથિ અને આસો શુદી ૧૦ સ્વ૦ શ્રી વિજયકમલસૂરિજીની તિથિ ભાવનગરમા પૂજા ભણાવવા સાથે ઉજવવામા આવી હતી

લેખદર્શન

ગત વર્ષમા ૨૪ પદ્ય લેખો અને ૨૮ ગદ્ય લેખો આપવામા આવેલ છે પદ્ય લેખોમા મુ૦ લક્ષ્મીસાગરજીના દીપોત્સવી પર્વ, ભાવના વિગેરે ત્રણ કાવ્યો, શીઘ્ર કવિ મુ૦ દક્ષવિજયજીના આત્મચિતવન વિગેરે પાચ કાવ્યો, મુ૦ વિનયવિજયજીનુ શ્રી વલ્લભસૂરિજી અભિનદન સ્તુતિનુ કાવ્ય પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી રચિત મહાવીરસ્વામી સ્તવન મુ૦ રમણિક-

વિજયજી સંગૃહીત શ્રી વિજયસેનસૂરિ શિષ્ય વિનિર્મિત સ્તવન, ઉત્તરોત્તર પ્રગતિ કરતા કવિ શ્રી અમરચંદ માવજીના જ્ઞાન ગીતાશતક વિગેરે ચાર કાવ્યો, ઊગતા કવિ શ્રી અનંતરાય જાદવજીના ભૂલી જવું વિગેરે ચાર કાવ્યો, ગોવીંદલાલ પરીખના અજ્ઞાનીને ઉપદેશ વિગેરે બે કાવ્યો, રા૦ મૂલચંદભાઇ વૈરાટીનું ચંદનબાલાને વિનતિરૂપ કાવ્ય, અને શ્રી મોહનલાલ સીહોરીનું શ્રી વિજયાનંદસૂરિને પ્રણામરૂપ કાવ્ય, આવેલું છેઃ—આ તમામ કાવ્યો કાવ્યસૃષ્ટિમાં અનેક અંશે નૂતનતા અર્પી રહ્યા છે અને ભિન્ન ભિન્ન રીતે આત્મજાગૃતિ આપી વૈરાગ્યાદિ વિવિધ સાધનોવડે વાચક આત્મા પ્રગતિ કરી શકે તેવી પ્રેરણા આપી રહ્યા છે. ગદ્ય લેખોમાં આ૦ શ્રી વિજયપદ્મસૂરિજીના સિદ્ધસેનસૂરિજીકૃત બત્રીશ બત્રીશીઓ સંબંધના ચાર લેખો, ગહન તત્ત્વચિંતક અને વિદ્વદ્ભોગ્ય લેખો લખનાર શાંતમૂર્તિ આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજીના જીવતા શીખો, સાથે શું લઇ જશો? વિગેરે દશ લેખો, આત્માર્થી સં. પા. વિદ્વાન મુ. શ્રી પુણ્યવિજયજીના યોગમીમાંસા વિગેરેના સાત લેખો, સિદ્ધહસ્ત લેખક રા. મોતીચંદ કાપડીઆના ધર્મકૌશલ્યના ચૌદ લેખો, વક્તા તથા લેખક રા. ચોકસીના યાત્રાના નવાણું દિવસનો લેખ, મુ. ધુરંધરવિજયજીના ન્યાયરત્નાવલિ તથા વિષબિંદુના પાંચ લેખો, કુ. શ્ર. પૂર્ણાનંદવિજયજીના સ્વર વ્યંજનના અનુક્રમવાળા સુવાક્યામૃતના બે લેખો, ડૉ. ભગવાનદાસનો શ્રીમાન્ યશોવિજયજીનો લેખ, મુ. જંબુવિજયજીના દ્વાદશારનયચક્રવાળરૂપ ગહન અને જટિલ ગ્રંથના સંક્ષિપ્ત પરિચયના ત્રણ લેખો, 'સાહિત્યરત્ન મુ. પુણ્યવિજયજીનો વિશેષાવશ્યક મહાભાષ્યની સ્વોપજ્ઞ ટીકા બાબતનો લેખ, સન્માર્ગ ઇચ્છકની સંજ્ઞાવાળા સં. પા. મુ પુણ્યવિજયનો આત્મસ્વરૂપની પ્રાપ્તિ મને કોઇ વખત ન થઇ વિગેરે બે લેખો, મુ. ભુવનવિજયજીનો શ્રીપાળ અને કુંડલપુરનો સંશોધન લેખ, મુ. ન્યાયવિજયજી(ત્રિપુટી)નો શ્રી મહાવીર પરમાત્માનો લેખ, ડૉ. વલ્લભદાસ નેણસીનો શ્રી આનંદઘનજીના બે સ્તવનના અર્થવાળા લેખો, મુ. સમુદ્રવિજયજીનો આગામી સંવત્સરીની બાબતના ખુલાસાનો લેખ, રા. અભ્યાસી(શ્રી વિઠ્ઠલદાસ મૂલચંદ)ના સાચું ધન વિગેરે બે અનુવાદ લેખો, અને નૂતન વર્ષનું મંગલમય વિધાનનો અમારો લેખ, તદુપરાંત વર્તમાન સમાચાર, સમાલોચના વિગેરેના બાર સંક્ષિપ્ત લેખો પ્રસ્તુત સભાના સેક્રેટરી ભાઇ વલ્લભદાસ ત્રિભુવનદાસના છે. આ તમામ લેખો જૈન દર્શનના સિદ્ધાંતને અનુકૂળ અક્ષરશ્રુત છે. આ લેખોનું અતિશયોકિતભરેલું વિવેચન નહિં કરતાં તે તે લેખોના વાંચનનું પરિણામ વાંચકોના પારિણામિક ભાવોને સમર્પણ કરીએ છીએ અને તેવા સુંદર લેખો આવવાથી સમાજના સુંદર અભિપ્રાયો મળેલા છે તે જ આનંદનો વિષય છે. નવીન વર્ષમાં સુંદર શૈલીવાળા લેખો લખવા માટે ચાલુ તથા નવીન લેખકમહાશયોને સાદર નિમંત્રીએ છીએ.

ભાવના અને પ્રકાશન કાર્ય.

નવીન વર્ષમાં ધાર્મિક જીવનમાં પ્રગતિ થાય તેવા રચનાત્મક લેખો આપવાની સભાએ ઇચ્છા રાખેલી છે. દેવગુરુકૃપાથી પ્રતિવર્ષ સભા સાહિત્યસમૃદ્ધિ, પેટ્રનો, સીરીઝ અને સભ્યોથી બલવત્તર બનતી જાય છે, તે માટેની હકીકત દરમાસે આત્માનંદ પ્રકાશ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે તે હેતુને ધ્યાનમાં રાખીને સભાએ ગતવર્ષમાં સુવર્ણ મહોત્સવ ઉજવવાનો ઠરાવ કરેલો છે, તે માટે સમિતિની

નીમણું'ક પણ કરેલી છે પાંચ કારણોની સાનુકૂળતા થયેથી નવીન વર્ષમાં સક્રિય અમલમાં આવવા સંભવિત છે.

સાહિત્ય દ્વારા આપણે દૂર દૂરના ભૂતકાળના જમાનાનું જીવન આપણી કલ્પના સમક્ષ ખડુ કરી શકીએ છીએ અને તેને વર્તમાન કાળમાં સરખાવીને માનવજીવનની પ્રગતિનું માપ કાઢી શકીએ છીએ સાહિત્ય એટલે એના વિશાળ અર્થમાં મહાપુરુષોના ચિત્ત ઉપર બાહ્ય અને આંતર સૃષ્ટિએ જે સંસ્કારો પાડ્યા હોય અને એ મહાપુરુષોએ સ્વાનુભવ પ્રાપ્ત કરેલો હોય તેની નોંધ હોય છે જૈન દર્શનનું સાહિત્ય એ સર્વજ્ઞોએ પ્રતિબિંબિત કરેલી અલૌકિક વસ્તુ છે આ ધ્યેયને આગળ કરીને આ સભાનું સાહિત્યોદ્ધારનું રચનાત્મક મુખ્ય કાર્ય પ્રથમથી જ રહેલુ છે ગત વર્ષમાં દ્વાદશારનયચક્રના ચિત્ર અને પરિચય સાથે માહા માસનો અંક પ્રકાશિત થયેલ છે આ મહાન પ્રાચીન ગહન ગ્રંથ શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણવિરચિત અઢાર હજાર શ્લોકનો ગ્રંથ છે, તેનું સંશોધન સાહિત્યરત્ન સાક્ષર મુ૦ પુણ્યવિજયજી તથા વયોવૃદ્ધ સ્થવિર આચાર્ય મ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિજીના પ્રશિષ્ય મુ૦ ભુવનવિજયજીના શિષ્ય મુ૦ જંબૂવિજયજી કરી રહ્યા છે, સભા તેમનો આભાર માને છે આ ગ્રંથ કે જેમાં વિધિ, નિયમ વિગેરે અનેક ભેદોથી નયોનુ મહાન સ્વરૂપ છે તે મૂળ અને ટીકા સાથે સભા તરફથી પ્રકાશિત થશે, એ સભાને માટે ખાસ ગૌરવનો વિષય છે નવીન વર્ષમાં સ્વ૦ શ્રી અજિતસાગરજીકૃત કાવ્ય સુધાકરનો ગ્રંથ આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવામાં આવશે શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર કે જે શ્રી ચંદુલાલ ટી શાહ તરફથી સીરીઝ તરીકે છે અને મહાસતી દમયંતી ચરિત્ર કે જે શેઠ મણિલાલ વનમાળીદાસના બહેન સ્વ૦ સુરજ બહેનની સીરીઝ તરીકે છે–તે છપાય છે, સભા તરફથી ભેટ તરીકે નવીન વર્ષમાં આવશે શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર અને કથારત્નકોષના ભાષાંતરો ચાલુ છે–આ ત્રણે ગ્રંથો સહાયની અપેક્ષા રાખે છે ગત વર્ષમાં અનેક બીજા વર્ગના લાઈફ મેંબરો ભેટનો સારો લાભ અપાતો હોવાથી પ્રથમ વર્ગમાં આવી ગયા છે વળી નવા જૈન બંધુઓ લાઈફ મેમ્બર થયા છે, જેથી તૈયાર થયેલ સંઘપતિ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતર અને વસુદેવ હિંડી ભાષાંતરની ભેટની બુકોનો લાભ મેળવી શક્યા છે ગત વર્ષમાં છ પેટ્રનો વધારે થયેલા છે અને અત્યાર સુધીમાં ગ્રંથોની અઢાર સીરીઝ થયેલ છે વસુદેવ હિંડી જેવા સાહિત્યના પ્રાચીન ગ્રંથના ભાષાંતર માટે પ્રજાબંધુ અને સંસ્કૃત માસિકના તેમજ ભાવનગર સમાચાર પત્રના અંકોમાં સુંદર અભિપ્રાયો આવેલા છે સભાની ઉત્તમ પ્રકારની કાર્યવાહી, સારી સીક્યુરીટીમાં નાણું રહેતુ હોવાથી, હિસાબની ચોખવટ, તથા સારા ભંડોળથી ઘણા શ્રીમંત બંધુઓએ પેટ્રનપદ સ્વીકાર્યું છે અને સાહિત્ય પ્રકાશનમાં સારી રકમો આપી છે એ સભાને માટે પ્રશસ્ત ગૌરવનો વિષય છે અને એ રીતે યથાશક્તિ સભા પોતાના સાહિત્યોદ્ધાર માટે યત્કિંચિત આનંદ અનુભવે છે, અને પોતાની અપૂર્ણતાનું ભાન રાખી નૂતન વર્ષમાં પદ-સંચાર કરે છે

સમન્વય અને અંતિમ પ્રાર્થના.

આત્મા અને કર્મના પ્રત્યેક જન્મની અથડામણમાં ભવ્યાત્મા પોતાના પ્રબળ પુરુષાર્થથી જ છેલ્લી' જીત મેળવશે એ સર્વજ્ઞકથિત નિ:સંશય હકીકત છે આત્મપ્રબોધ ગ્રંથમાં ભાષાંતરકાર તરીકે અમારા સ્વ૦ પૂ૦ પિતા શ્રી ઝવેરભાઈએ પણ કહ્યુ છે કે ' બીજનો

॥ जयन्ति सुपार्श्वजिनेन्द्रा॰ ॥

બૌદ્ધદર્શનસંમત અહિંસાનું સ્વરૂપ

લેખક—મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજ

વાચકપ્રવર ભગવાન **ઉમાસ્વાતિ**પ્રણીત તત્ત્વાર્થાધિગમસૂત્રના "**प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा**" [तत्त्वार्थ ७ । ८] આ સૂત્રની ટીકામાં ટીકાકાર ભગવાન ગન્ધહસ્તી શ્રી **સિદ્ધસેનગણી** તથા શ્રી **યશોભદ્રસૂરીશ્વરજી** મહારાજે બૌદ્ધસંમત અહિંસાનું તેમ જ જૈનદર્શનસંમત અહિંસા ઉપર બૌદ્ધોએ કરેલા આક્ષેપોનું વિસ્તાર પૂર્વક જોર-શોરથી ખંડન કર્યું છે કોઈ પણ ગ્રંથમાં આવતી ચર્ચાઓમાં પૂર્વપક્ષના તે તે ગ્રંથો સામે હોય તો એ આખી ચર્ચા બીલકુલ સહેલાઈથી અને અતિ સુંદર રીતે સમજાય છે પૂર્વપક્ષિનો ગ્રંથ જોયા સિવાય તેમજ પૂર્વપક્ષિનું સંપૂર્ણ દૃષ્ટિબિન્દુ જાણ્યા સિવાય ગૂઢ ચર્ચાઓનો ભાગ્યેજ સંતોષકારક આશય સમજાય છે આથી પૂર્વપક્ષના મૂલસ્થળની ગવેષણા કરતાં "**प्राणातिपात॰ सञ्चिन्त्य परस्याभ्रान्तमारणम्**" [अभि॰ को॰ ४ । ७३] આ અભિધર્મકોશની કારિકાનું ટીકાકારોએ ખંડન કર્યું છે એ વાત પાંચ-છ વર્ષ પહેલાં મારા જાણવામાં આવી હતી પરંતુ એ ખંડનનો ઘણો મોટો ભાગ તો વસુબંધુએ રચેલા આ કારિકા ઉપરના સ્વોપજ્ઞભાષ્ય સામે જ છે અને ભાષ્ય તો આજ સુધી લુપ્ત થઈ ગયેલું જ મનાતું હોવાથી એ ભાગ મળવાની આશા જ નહોતી પરંતુ એ ભાષ્યનો બધો જ અંશ અનેક પ્રયત્નોને અંતે મહદ્ભાગ્યે મને મળ્યો છે, અને આજે હું એ વાચકો સમક્ષ રજૂ

ચંદ્ર ઊગ્યા પછી અવશ્ય પૂર્ણિમા થવાની, વચ્ચે ભલે દિવસોરૂપ અંતરાયો આવે તેની અડચણ નહિ, અને પુણ્યાનુબંધી પુણ્યથી પ્રકટેલા શુભ નિમિત્તોથી આત્મા કર્મોથી સદંતર મુક્ત થવા ઉદ્યમ કરી શકે છે અને પૂર્ણ ચંદ્રની જેમ પરમાત્મા બની રહે છે."

ઉપસંહારમાં સાધનસાધ્યના અથવા નિમિત્તઉપાદાનના બે માંગલિક શ્લોકો સાદર કરી વિરમવામાં આવે છે

विषयानुबंधबंधुरमन्यन्न किमप्यतः फलं याचे।
इच्छाम्येकं जन्मनि जिनमतरागं परत्राऽपि ॥

ન્યાયાલોકપ્રશસ્તિ-ઉ૰ શ્રીમદ્ યશોવિજયજી

श्रयते सुवर्णभावं सिद्धरसस्य स्पर्शतो यथा लोहं
आत्मध्यानादात्मा परमात्मत्वं तथाऽप्नोति ॥

યોગશાસ્ત્ર-શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય

"હે પ્રભો! કોઈ પણ પૌદ્ગલિક સુખની યાચના આપની પાસે મારી નથી, પરંતુ આપના તરફનો શુભ રાગ આ જન્મમાં અને જન્માંતરમાં બન્યો રહે તે માગણી છે"

"જેમ સિદ્ધરસના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે તેમ આત્મધ્યાનથી આત્મા, પરમાત્મપણાને પામે છે"

ૐ શાંતિ શાંતિ શાંતિ

મુંબાઈ.
આત્મ સં. ૫૨
શ્રાવણ શુકલ પૂર્ણિમા
} ફતેહચંદ ઝવેરભાઈ

કરવા ઇચ્છુ છું કે જેથી **તત્ત્વાર્થ**ટીકાન્તર્ગત સમગ્ર ચર્ચા સ્પષ્ટ સમજી શકાય અને મુદ્રિત ગ્રંથમાં જે અશુદ્ધિ હોય તે પણ દૂર થઈ જાય

વાત એમ બની હતી કે, ભગવાન **મલ્લવાદી**એ **નયચક્રના** પ્રથમ અરમા **અભિધર્મકોશભાષ્યના** એક ભાગની બહુ વિસ્તારથી સમાલોચના કરી છે પરંતુ આ. શ્રી મલ્લવાદિકૃત મૂલ નયચક્ર અનુપલબ્ધ હોવાને લીધે આ શ્રી **સિંહસૂરિ**[1] (?) **ગણિ**વાદિ ક્ષમાશ્રમણકૃત ટીકાને આધારે જ બધું કામ લેવાનું હોવાથી એ સમાલોચના સંતોષકારક મનાતી નહોતી દરમ્યાન મારા જાણવામા આવ્યુ હતુ કે-બૌદ્ધ પં૦ **રાહુલસાંકૃત્યાયને** થોડા વર્ષો પૂર્વે જ ટિબેટમાંથી મળી આવેલી એક અભિધર્મકોશ ભાષ્યની પ્રતિના ફોટાઓ લઇને તે **પટણાની બિહાર એન્ડ ઓરિસા રિસર્ચ સોસાયટીને** સોપ્યા છે આથી એ નેગેટિવો મેળવવા માટે બિહાર સરકારના શિક્ષણપ્રધાન **બદ્રીબાબુનો** એમ પરંપરાએ સંપર્ક સાધ્યો તેમના વચનથી ફોટા મેળવવાની આશા બંધાઇ હતી, પરંતુ થોડા જ સમય પછી જાણવામાં આવ્યુ કે એ બધા ફોટાઓ **શાંતિનિકેતન**મા ગયા છે, અને ત્યાના કોઇ વિદ્વાન એનું

1 નયચક્ર સંબંધી મારા અગાઉના લેખોમા મેં **द्वादशारनयचक्रटीकाकार श्रीसिंहसूरिगणिवादिक्षमाश्रमण** અને **तत्त्वार्थटीकाकार** ગન્ધહસ્તી શ્રી **सिद्धसेनगणी**ના પ્રગુરુ શ્રી **सिंहसूर**ના ઐક્યની સંભાવના રજૂ કરી છે પરંતુ પુણ્યનામધેય પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજય** મહારાજે થોડા વખત પહેલાં જ શોધી કાઢેલી (જુઓ, આ વર્ષના ફાગણ માસના અંકમા ' વિશેષાવશ્યક મહાભાષ્ય સ્વોપજ્ઞ ટીકાનુ અસ્તિત્વ ' એ શીર્ષકવાળો તેઓશ્રીનો લેખ) વિશેષાવશ્યક મહાભાષ્યની ભગવાન જિનભદ્રગણિક્ષમાશ્રમણપ્રારબ્ધ તથા કોટ્યાર્યવાદિગણિ મહત્તરે પૂર્ણ કરેલી ટીકામા સિંહસૂરિક્ષમાશ્રમણ સંબંધી એક નીચે મુજબનો ઉલ્લેખ કોટ્યાર્યવાદિગણિકૃત ટીકામાં મળી આવ્યો છે

" सिंहसूरिक्षमाश्रमणपूज्यपादास्तु
" सामान्यं निर्विशेष द्रव-कठिनतयोर्वायंवद्वं यथा किं ?
योन्या शून्या विशेषास्तरव इव घरामन्तरेणोदिता• कें ।
किं निर्मूलप्रवाल सुरभि खकुसुमं स्यात् प्रमाणप्रमेयं ?
स्थित्यु-त्पत्ति-व्ययात्म प्रभवति हि सता प्रीतये वस्तु जैनम् ॥ "

[कोट्यार्यवादिगणिमहत्तरीया टीका पृ १६०.]

કોટ્યાર્યવાદિકૃત ટીકાનુ અવલોકન કરતા તેમા બૌદ્ધાચાર્ય દિગ્નાગના પ્રમાણસમુચ્ચય-ન્યાયમુખાદિના અનેક વચનો જોવામા આવે છે પરંતુ ધર્મકીર્તિ-કુમારિલનુ ક્યાય પણ નામનિશાન ન હોવાથી સંભવે કે કે-આ ટીકા રચાઇ હશે ત્યાં સુધી તેમણે ધર્મકીર્તિ-કુમારિલના ગ્રંથો નહિ જ જોયા હોય જો આ સંભાવના સાચી હોય તો વિક્રમ સં. ૭૦૦ આસપાસ કે પૂર્વે તેઓશ્રીએ આ ટીકાની રચના કરી હશે એથી તેમણે જેમનો ઉલ્લેખ કર્યો છે તે **सिंहसूरिक्षमाश्रमण** અને નયચક્રટીકાકાર શ્રી **सिंहसूरिगणिवादिक्षमाश्रमण** એક જ વ્યક્તિ હશે એવો સંભવ છે, કેમકે નયચક્ર ટીકાકાર પણ વિક્રમના સાતમા સૈકામાં જ થયા હોવાનો સંભવ છે. વાચકો એ પણ નોંધ લે કે ભ કોટ્યાર્ય ગણિએ આવશ્યકચૂર્ણિનો પણ બે વાર નામોલ્લેખ કર્યો છે

સંશોધન-સંપાદન કાર્ય કરી રહ્યા છે મારે શાન્તિનિકેતનમાં સાક્ષાત્ કે પત્રપરાએ કશી જ ઓળખાણ ન હોવાથી એ પ્રાપ્તિની આશા જ મેં પછી જતી કરી, અને બીજા પ્રયત્ને લાગ્યો બેલ્જિયમદેશનિવાસિ વિદ્વાન લા-વાલ-પૂષિને (La Valle Poussin) ચીની યાત્રી **હ્યુનચ્યાંગ** (અનુવાદસમય સં ૭૦૮-૭૧૧) તથા **પરમાર્થે** (અનુવાદસમય સં ૬૯૦-૬૨૪) કરેલા અભિધર્મકોશભાષ્યના ચીની અનુવાદો તથા ટિબેટનભાષાનુવાદો ઉપરથી ફ્રેંચ ભાષાંતર કર્યું છે ઘણી શોધ કરતા આ ફ્રેંચ ભાષાંતર મળી આવ્યું અભિધર્મકોશભાષ્યની **સ્ફુટાર્થા** વ્યાખ્યા (Bibliotheca Buddhica) તપાસતા એટલી વાત જાણવામા જ હતી કે સત્ત્વવાદિસમાલોચિતભાષ્ય પ્રથમ કોશસ્થાનની દશમી કારિકાનું ભાષ્ય છે ફ્રેંચ ભાષાંતરમા જોતા બરાબર એ સ્થળે જ આ ભાગ મળી આવ્યો તે આધારે મૂલ લગભગ બરાબર નક્કી કરી શકાયું અને નયચક્રમા આવતી એ આખી ચર્ચા લગભગ સ્પષ્ટ થઇ ગઇ, છતા પણ અમુક પ્રકારની તેમા ક્ષતિ રહી જતી હતી એટલે નયચક્રાન્તર્ગત સમાલોચના સર્વથા સ્પષ્ટ કરવા માટે શાન્તિનિકેતનમા રહેલા અભિધર્મકોશભાષ્યમાથી અપેક્ષિત અંશ મેળવવાની મારી ઉત્કટ ઇચ્છા હતી આથી જ્યારે આ વર્ષે વૈશાખ માસમા મારે પુના આવવાનું થયું ત્યારે ત્યા ફર્ગ્યુસન કૉલેજના પ્રોફેસર [1]મૂલ અભિધર્મકોશના સંપાદક ચીની-ટિબેટિયન ફ્રેંચ જર્મન આદિ અનેક ભાષાજ્ઞ **શ્રી વાસુદેવવિશ્વનાથ ગોખલે** ને બને તો શાન્તિનિકેતનમાથી એટલો ભાગ મેળવી આપવા માટે મે વાત કરી તેમણે તરત જ બૌદ્ધભિક્ષુ ભદન્ત **શાન્તિ ભિક્ષુ** ઉપર આ માટે પત્ર લખ્યો, અને પછી **ભદન્ત શાન્તિભિક્ષુ**દ્વારા હું આ ગ્રંથનું સંશોધન કરતા ઉડીસા(ઓરિસ્સા) વાસિ પં શ્રી **પ્રહ્લાદ પ્રધાનજી**ના સીધા સંપર્કમા આવ્યો **પ્રધાનજી** સાથેના પત્રવ્યવહારથી ચીની-ટિબેટિયન આદિ અનેક ભાષાઓ તેમજ બુદ્ધિસ્ટ શાસ્ત્રોનું ગંભીર જ્ઞાન હોવા ઉપરાંત તેમની આશ્ચર્યજનક સજ્જનતા જોઇને ઘણા વર્ષોથી જેની જિજ્ઞાસા હતી તે **પ્રાણાતિપાત સઞ્ચિન્ત્ય પરસ્યાભ્રાન્તિમારણમ્** કારિકાનું ભાષ્ય મેળવવાનો પણ મને સ્વાભાવિક જ લોભ થયો **પ્રધાનજી**એ અતિઝાંખા ઉપડેલા ફોટાઓ ઉપરથી સહજ સૌજન્યથી ઘણું કષ્ટ ઉઠાવીને એ બધા અંશો હમણા જ ચાઇનીઝ ભાષાંતરના પાઠાંતરો સાથે મોકલી આપ્યા છે, તેમાથી **તત્ત્વાર્થ ટીકા**ગત અહિંસા સંબંધિ **વસુબન્ધુ**ના જે વક્તવ્યનું ખંડન છે તે અંશ નીચે આપવામા આવે છે—

---

1 લા-વાલિ-પૂષિને સ્ફુટાર્થા ટીકા તથા ચીની-ટિબેટન અનુવાદોને આધારે અભિધર્મકોશની ૬૧૩ કારિકા પૈકી પાંચસો ઉપરાંત કારિકાઓ તૈયાર કરી હતી તેમા શુદ્ધિ-વૃદ્ધિ કરીને રાહુલસાંકૃત્યાયને આખો અભિધર્મકોશ નાલન્દિકા નામની સ્વરચિતવૃત્તિ સાથે છપાવ્યો છે, પરંતુ થોડાં વર્ષો પૂર્વે જ ટિબેટમા મૂલ સંસ્કૃત અભિધર્મકોશકારિકાની એક પ્રાચીન પ્રતિ મળી આવી હતી તેના ફોટાઓ ભારતમાં લાવવામા આવ્યા હતા તેના ઉપરથી ડૉ ગોખલેએ અભિધર્મકોશકારિકાનું સંપાદન કર્યું છે કે જે રૉયલ એસિઆટિક સોસાયટીની મુંબઇ શાખાના જર્નલમા (Journal of the Bombay Branch, Royal Asiatic Society, 1946) ૨૨, મા વોલ્યુમમા હમણાં જ પ્રકાશિત થયું છે આ વિષયના અભ્યાસીઓને આ મૂલસ્વરૂપના ગ્રંથનું પ્રકાશન હોવાથી ખાસ ઉપયોગી છે આની અલગ રિપ્રીન્ટો પણ મળે છે.

"कियता पुनः प्राणातिपातं स्वयं कुर्वतः कर्मपथो भवति? कियता यावन्मिथ्यादृष्टिः कर्मपथः? इति लक्षणं वक्तव्यम् तदुच्यते—

प्राणातिपातः सञ्चिन्त्य परस्याभ्रान्तिमारणम् ।

यदि 'मारयिष्याम्येनम्' इति संज्ञाय परं मारयति तमेव च मारति नान्यं भ्रमित्वा-ऽयता प्राणातिपातो भवति । यस्तर्हि सन्दिग्धो मारयति 'किमयं प्राणी, न प्राणी?' इति 'स एव, अन्यो वा?' इति सोऽप्यवश्यमेतं निश्चयं लब्ध्वा तत्र प्रहरति 'योऽस्तु सोऽस्तु' इति कृतमेवानेन त्यागचित्तं भवति ।

कथं क्षणिकेषु पुद्गलेषु प्राणातिपातो भवति? प्राणो नाम वायुः कायचित्तसन्निश्रितो वर्तते तमतिपातयति यथा प्रदीपं निरोधयति घण्टास्वनं वा । जीवितेन्द्रियं वा प्राणः तं निरोधयति, यद्येकस्यापि जीवितक्षणस्योत्पद्यमानस्यान्तरायं करोति प्राणातिपातावद्येन स्पृश्यते, नान्यथा । कस्य तज्जीवितं यस्तदभावान्मृतो भवति? कस्येति षष्ठीं पुद्गलवादे विचारयिष्यामः । उक्तं तु भगवता—

" आयुरूष्माऽथ विज्ञानं यदा कायं जहत्यमी ।
अपविद्धस्तदा शेते यथा काष्ठमचेतनः ॥ " इति,

तस्मात् सेन्द्रियः कायो जीवतीत्युच्यते, अनिन्द्रियो मृत इति ।

अबुद्धिपूर्वादपि प्राणिवधात् कर्तुरधर्मो यथाऽग्निसंयोगाद्दाह इति निर्ग्रन्थाः । तेषां परदारदर्शनेऽप्येष प्रसङ्गः निर्ग्रन्थशिरोलुञ्चने च कष्टतपोदेशने च शास्तुः तद्विसूचिकामरणे च दातुः वैद्यानां चातुरपीडने मरणे च मातृ गर्भस्थयोश्चान्योन्यं दुःखनिमित्तत्वात् वध्यस्यापि च तत्र क्रियासम्बन्धाद् अग्निष्वा(स्वा)श्रयदाहवत् । कारयतश्चाप्रसङ्गस्तदसम्बन्धात् परेणाग्निं स्पर्शयतः तेनाऽदाहवत् । अचेतनानां च काष्ठादीनां गृहपाते प्राणिवधात् पापप्रसङ्गः न वा दृष्टान्तमात्रात् सिद्धिरिति उक्तः प्राणातिपातः ॥"

[अभिधर्मकोशभाष्य; कोशस्थान ४, कारिका ७३]

આ ભાષ્ય ઉપર યશોમિત્રે કરેલી [1]સ્ફુટાર્થા વ્યાખ્યા મળે છે તેમા આનું વિવરણ આ પ્રમાણે છે—

"संज्ञाय परिच्छिद्येत्यर्थः । नान्यं भ्रमित्वेति न भ्रान्त्याऽन्यं मारयतीत्यर्थः । क्षणिकेषु स्कन्धेष्विति स्वरसेनैव विनश्वराणां स्कन्धानां कथमन्यैरेषां निरोधः क्रियत इत्यभिप्राय

१ ઉનરાઇ વોગિહાર(Unrai Woghihar) નામના જાપાનીઝ પંડિતે સંપાદિત કરેલો આ ગ્રંથ The Publishing Association of Abhidharmakosh–Vyakhya નામની સોસાયટી(જાપાન)ની મારફતથી પ્રકાશિત થયો છે. પ્રો ગોખલેના સૌજન્યથી (પુના) ફર્ગ્યુસન કૉલેજના પુસ્તકાલયમાથી હુ આ મેળવી શક્યો છુ ગ્રંથ આખો રોમન (ઇગ્લીશ) લિપિમા છે.

સ્ફુટાર્થાનાં પ્રથમ ત્રણ કોશસ્થાન Bibliotheca Buddhica રશિયાથી પણ પ્રકાશિત થયાં છે.

प्राणो नाम वायुः कायचित्तसन्निश्रितो वर्तत इति कथं चित्तसन्निश्रितो वायुः प्रवर्तते? चित्तप्रतिबद्धवृत्तित्वात् तथा हि-निरोधां संज्ञिसमापत्तिसमापन्नस्य मृतस्य च न प्रवर्तते शास्त्रे चाप्युक्तम् "य इमे आश्वास प्रश्वासाः किं ते 'कायसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? 'चित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? 'नैव कायचित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? 'कायचित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? आह-'काय चित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्" इति विस्तरः। तमतिपातयतीति तं प्राणं विनाशयतीत्यर्थः। उत्पन्नस्य स्वरसनिरोधादनागतस्योत्पत्तिं प्रतिबध्नन् निरोधयतीत्युच्यते यथा प्रदीपं निरोधयति घण्टास्वनं वा क्षणिकमपि सन्तम् कथं च स निरोधयति? अनागतस्योत्पत्तिप्रतिबन्धात्। जीवितेन्द्रियं वा प्राणः इति चित्तविप्रयुक्तस्वभावमेनं दर्शयति।

कस्य तज्जीवितं यस्तदभावान्मृतः? इति यः प्राणी जीवितस्य अभावान्मृतो भवति स बौद्धानां नास्ति नैरात्म्यवादित्वात् अत एव पृच्छति। कस्येति षष्ठीं पुद्गलवादे पुद्गलप्रतिषेधप्रकारेण "असति आत्मनि कस्येयं स्मृति.? किमर्थैषा षष्ठी?" इत्यत्र प्रदेशे चिन्तयिष्यामि आस्तां तावदेतत् सामा(सां,न्यासि)कमित्यभिप्रायः तस्मात् सेन्द्रियः कायो जीवतीति सेन्द्रियस्यैव कायस्य तज्जीवितं नात्मन इति दर्शयति। स एव चानिन्द्रियो मृत इति।

अबुद्धिपूर्वादिति विस्तरः असञ्चिन्त्य कृतादपि प्राणातिपातात् कर्तुरधर्मो यथाऽग्निसंस्पर्शादिबुद्धिपूर्वादसञ्चिन्त्य कृतादाह इति निर्ग्रन्था नग्नाटका. तेषां निर्ग्रन्थानां नग्नाटकानामेवं वादिनामबुद्धिपूर्वेऽपि परस्त्रीदर्शनसंस्पर्शन एव प्रसङ्ग पापप्रसङ्ग इत्यर्थः अग्निदृष्टान्तात्। निर्ग्रन्थशिरोलुञ्चने च निर्ग्रन्थशिरः केशोत्पाटने च दुःखोत्पादनबुद्ध्यभावेऽप्यधर्मप्रसङ्गः अग्निदाहवत्। कष्टतपोदेशने च निर्ग्रन्थशास्तुरधर्मप्रसङ्गे बुद्ध्यनपेक्षायां परस्य दुःखोत्पादनमधर्माय भवतीति कृत्वा। तद्विपूचिकामरणे च निर्ग्रन्थाना विपूचिकयाऽजीर्णेन मरणे दातुरन्नदातुरधर्मप्रसङ्गः अन्नदानेन मरणकारणात् अबुद्धिपूर्वोऽपि हि प्राणिवधः कारणमधर्मस्येति। मातृगर्भस्थयोश्च मातुर्गर्भस्थस्य चान्योन्यं दुःखनिमित्तत्वादधर्मप्रसङ्गः तत एवाग्निदृष्टान्तात्। वध्यस्यापि च तत्क्रियासम्बन्धात् प्राणातिपात क्रियासम्बन्धात् अधर्मप्रसङ्गः वध्ये हि सति प्राणातिपातक्रियावधकस्य भवति अग्निस्वाश्रयदाहवत् अग्निर्हि न केवलमन्यजनं दहति किं तर्हि? स्वाश्रयमपीन्धनं दहतीति तद्वत् न हि तेषां चेतनाविशेषोऽपेक्ष्यते। कारयतश्च परेण वधादि अधर्मस्याप्रसङ्गः परेणाग्नि स्पर्शयतः स्पर्शयितु. तेनादाहवत् आग्नेयधर्माभ्युपगमात्। अचेतनानां च काष्ठादीनां काष्ठलोष्ठवेशादीनां गृहपाते तदन्तःस्थितानां प्राणिनां वधात् पापप्रसङ्गः न हि बुद्धिविशेषः प्रमाणीक्रियते। न वा दृष्टान्तमात्रादहेतुकात् सिद्धिरस्यार्थस्येति।"[2]

[अभिधर्मकोशस्फुटार्था व्याख्या. पृ. 404, 405, 406] (અપૂર્ણ)

---

૧ કેટલાક બૌદ્ધાચાર્યો દિગંબર નામ પ્રદેશમાં જ થયા હોવાથી તેમણે નિર્ગ્રંથ—જૈન વગેરે શબ્દોનો નગ્નાટક એવો જ પર્યાય માની લીધો છે

૨ અભિધર્મકોશ ભાષ્યમાં પાઠભેદો પણ મળે છે. ટીકામાં જ્યાં મૂળ કરતાં જુદો પાઠ લાગે ત્યાં પાઠભેદ છે, એમ સમજવું.

સુખી કેમ થવાય?

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ.

માનવીને સુખ જોઇએ છે પણ સ્વાધીનતા જોઈતી નથી તે કેમ બને? સ્વાધીનતા વગર તો સુખ મળી શકે જ નહિ પૌદ્ગલિક સુખ હોય કે આત્મિક સુખ હોય પણ માનવી જ્યા સુધી સ્વાધીન નથી ત્યા સુધી તો તે કોઈ પણ પ્રકારે સુખી હોઈ શકતો જ નથી છતા પરાધીન હોઇને પણ જો પોતાને સુખી માને છે તે પોતાને શ્રીમ ત માનનાર ભીખારીના જેવો છે સુખ અને સ્વાધીનતા બ નેમા નામનો જ ફેરક છે અર્થનો નથી. કેટલાકનુ માનવુ છે કે ધન-સંપત્તિ સારા પ્રમાણમા મળી હોય તો સ્વાધીન બની શકાય છે અને તેથી માનવી સુખી થઇ શકે છે, પણ આવુ માનનારાઓ મોટી ભૂલ કરે છે, કારણ કે ધન-સંપત્તિ સારા પ્રમાણમા મળ્યા પછી માનવી પોતાની થોડી ઘણી સ્વાધીનતા હોય છે તેને પણ ખોઇ નાખીને વધારે પરાધીન બને છે માનવી ગરીબાઈમાથી શ્રીમ ત બને છે અને તે જ્યારે ગરીબ હોય છે ત્યારે તેને જીવનનિર્વાહ પૂરતા સાધન મેળવવાની ઇચ્છા હોવાથી શ્રીમ તો કરતા ઘણી જ ઓછી જરૂરીઆતવાળો હોય છે અને તેથી તે સ્વાવલ બી પણ હોય છે જેને લઈને તેને બીજાના આશ્રિત બનવુ પડતુ નથી એટલે તે મોટે ભાગે સ્વાધીન હોવાથી સુખી હોય છે પણ જ્યારે તેની પાસે પુષ્કળ ધન થઇ જાય છે ત્યારે તે પોતાની નબળી સ્થિતિનુ ભાન ભૂલાવીને પોતાને સુખી માનનારા અજ્ઞાની શ્રીમ તોની પ્રવૃત્તિ તરફ લક્ષ્ય આપીને તેમનુ અનુકરણ કરે છે એટલે તે વધારે પરાધીન બનને દુઃખ ભોગવવા છતા પોતાને સુખી માને છે. મૂર્ખ શ્રીમ તો જડાસક્ત હોવાથી પુન્યકર્મથી મેળવેલી સ પત્તિ વૈષયિક સુખના સાધનો બનાવવામા વાપરે છે પાચે ઇન્દ્રિયોને ગમે તેવા બાગ-બ ગલા-વસ્ત્ર-આભૂષણો-મિષ્ટાન્ન આદિ વસ્તુઓ વધારે આસક્તિ ભાવ ઉત્પન્ન થાય તેવી બનાવીને વધારે સુખી હોવાની ભ્રમણાથી ધનમદને આધીન થયેલા દુઃખગર્ભિત સુખથી આત્માની પરાધીનતાને વધારે પુષ્ટ બનાવે છે જડાત્મક ક્ષણિક વસ્તુઓ નિર તર એક રૂપે રહી શકતી નથી મોહના દબાણથી તેમા માનેલી સુ દરતા પ્રત્યેક ક્ષણે નષ્ટ થતી જાય છે અને જડ વસ્તુનો અસુ દર ભાવ પ્રગટ થતો જાય છે જેથી માનવી પરિણામે કલેશ, ગ્લાનિ તથા દુઃખનો અનુભવ કરે છે તોયે મૂઢ માનવી તે વસ્તુને પાછી સુ દર બનાવી તેનાથી નષ્ટ થયેલુ સુખ પાછુ મેળવવાના પ્રયાસમા જ પોતાનુ કિમતી જીવન વેડફી નાખે છે છતા સફળતા મેળવી શકતો નથી મૂર્ખ શ્રીમ તો સ્વાધીનતાનો નાશ કરનાર અને જીવનમા નિરુપયોગી એવા હાટ, હવેલી, બાગ બ ગલા, મોટર, ચાકર વિગેરે સાધનો વસાવીને તેના ગુલામ-દાસ બનવા છતા પણ જો પોતાને સ્વાધીન તથા સુખી સમજતા હોય તો તેમનુ ડહાપણુ ન કહેવાય ખાવાને ધાન, રહેવાને મકાન, પહેરવાને વસ્ત્ર, કામ કરવાને હાથ, ચાલવાને પગ વિગેરે સુખે જીવવાના સાધનો હોવા છતા પણ મૂઢ માનવી મૂર્ખ શ્રીમ તોની જીવન-પદ્ધતિ જોઇને પોતાને દુ ખી માને છે અનીતિ તથા અધર્મ કરીને પણ ધન મેળવે છે પછી પોતે પણ હુ પણ શ્રીમ ત છુ એટલે સુખી છુ

તેની જનતાને પ્રતીતિ કરાવવા જડાત્મક વસ્તુઓ બનાવીને અજ્ઞાનીઓની પ્રશંસા સાંભળીને મિથ્યાભિમાનથી ફુલાય છે અને પોતાનું કિંમતી જીવન, બંગલા-મોટર આદિ જડ વસ્તુઓ તથા નોકર-ચાકર આદિને સ્વાધીન કરી દે છે જેથી પોતે સ્વતંત્રપણે જીવી પણ શકતો નથી કારણ કે બાગ-બંગલા આદિ નશ પામવાથી તથા નોકર-ચાકર નાશી જવાથી પરાધીનતા તેના પ્રાણ હરણ કરી લે છે હાથ-પગ, આંખ-કાન આદિ કુદરતી સાધનો હોવા છતાં પણ ધનવાન લૂલા-બહેરા-આંધળા બનીને અપંગ માણસોની પંક્તિમાં ભળે છે છતાં પોતાને સુખી હોવાનો દાવો કરે છે તે તેમની બુદ્ધિની નબળાઇ જ સૂચવે છે ધનના મદથી પૂજ્ય-સેવ્ય તથા માનનીય મહાપુરુષો અથવા તો ગુણવાન-ડાહ્યા સજ્જન પુરુષોનો ભેટો થાય તો તેમનું ઉચિત ન જાળવવું, દુ:ખી માણસોની દશા આંખોથી જોવા છતાં પણ આંધળા માણસોની જેમ અસર ન થવી, દુ:ખીઓનો સાદ સાંભળવા કાન કામ આપી શકે નહિ, આપદગ્રસ્તને આશ્વાસન આપવા જીભ કામ કરી શકે નહિ, ઘેરથી દુકાને જવું હોય તો પગ કામ આપે નહિ, વાહનની જરૂરત પડે, એક માઇલ પણ ચાલી શકાય નહિ તેમ જ પાશેર વજન પણ ઊંચકી શકાય નહિ એટલે મજૂરની પણ જરૂરત પડે,-આ પ્રમાણે અપંગ દશા ભોગવતા ધનવાન પરાધીનપણે જીવન ગાળવા છતાં પણ પોતાને સુખી હોવાનો ડોળ કરીને નરી મૂર્ખાઇ જ જાહેર કરે છે ધનના મદમાં વિવેક નષ્ટ થવાથી અવિવેકીપણાને લઇને આહાર-વિહાર તથા વ્યવહારમાં અવ્યવસ્થિત થવાથી ડૉક્ટર-વકીલ તથા સત્તાધીશોની આગળ નમીને ચાલવું પડે છે અને તેમના કહ્યા પ્રમાણે વર્તીને તેમની તાબેદારી ઉઠાવવી પડે છે માટે જ સ્વાધીનતા મેળવવાને ધનની ખાસ જરૂરત નથી ધન-સંપત્તિ તથા સ્વાધીનતાના સંબંધનો નિયમ નથી ધન વગર પણ સ્વાધીનતા મેળવી શકાય છે. ધન હોય કે ન હોય પણ જેને સાચી સમજણ છે તે જ સ્વાધીનતા મેળવવાનો અધિકારી છે અને તાત્વિક દૃષ્ટિથી સુખી પણ હોઇ શકે છે માટે સ્વાધીનતા મેળવવા સાચી સમજણની જરૂરત છે પણ કેવળ ધનની નથી સમજણ વગરનો માનવી પોતાની પાસે મમતા કરવાનું સાધન ન હોય તો ઘણું જ દુઃખ મનાવે છે અને અનેક પ્રકારના કષ્ટ વેઠીને પણ ધન-સંપત્તિ, બાગ-બંગલા આદિ મેળવે છે પછી તેની મમતા કરીને પોતે પોતાને સુખી માને છે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતા જણાય છે કે-સંસારમાં અણજાણ માનવીઓએ મમતામાં સુખ માન્યું છે. બાગ-બંગલા આદિ ભલેને પોતાના ઉપયોગમાં ન જ આવતા હોય તો પણ માનવીના મનમાં મારાપણાની બુદ્ધિ થવા માત્રથી જ પોતાને સુખી માને છે, નહિં તો બીજાની પાસે અઢળક ધન-સંપત્તિ તથા પૌદ્‌ગલિક સુખના સાધનો હોય છે તેને જોવાથી કે સાંભળવાથી અથવા તો બીજાની માલીકીની વસ્તુનો ઉપભોગ કરવાથી માનવી પોતાને સુખી માનતો નથી, કારણ કે તે જાણે છે કે આ વસ્તુ મારી નથી પણ પારકી છે. ભલે, અત્યારે આ વસ્તુ હું વાપરું છું પણ આવતી કાલે એનો માલીક જ્યારે માગશે ત્યારે મારે તેની વસ્તુ પાછી આપવી પડશે. આ પ્રમાણે મમતાનો અભાવ હોવાથી વસ્તુ વાપરવા છતાં પણ પોતાની વસ્તુ જેટલું સુખ માનતો નથી. તે વસ્તુ સારી બને કે નષ્ટ થાય તેના માટે હર્ષ-શોક કરતો નથી. જો માનવી સાચી સમજણપૂર્વક વિચાર કરે તો પોતાની પાસે હોય કે બીજાની પાસે હોય પણ પૌદ્‌ગલિક વસ્તુ માત્ર પારકી છે. આત્મા તેનો માલીક-સ્વામી હોઇ શકતો જ નથી, છતાં તેમાં મારાપણાની બુદ્ધિ રાખવી તે અજ્ઞાનતા જ છે મોહઘેલા માનવી માને છે કે-આ વસ્તુ

મારી છે અને આ વસ્તુ મારી નથી કારણ કે જે વસ્તુ પારકી છે તે છેવટે તેના સ્વામીને પાછી આપવી પડે છે પણ તે ભૂલે છે પૌદ્ગલિક વસ્તુ કે જેને પોતાની માને છે તે પણ તેની નથી છેવટે પોદ્ગલિક વસ્તુને તો છોડી દઇને પુદ્ગલાસ્તિકાયને સ્વાધીન કરવી પડે છે હાટ-હવેલી આદિ જેટલી જડાત્મક વસ્તુઓ છે તે નાશ પામીને માટીમા મળી જાય છે માટે જ ક્ષણભગુર જડાત્મક વસ્તુઓને પોતાની માની ખુશી થવુ કે સુખ મનાવવુ તે અજ્ઞાનતા જ છે

બાગ-બગલા આદિ જડાત્મક વસ્તુઓ સ્વભાવથી જ માનવીને સુખ આપી શકતી નથી અર્થાત્ જડાત્મક વસ્તુઓમા એવો સ્વભાવ નથી કે તેને જેવા માત્રથી માણસ સુખી થઇ જાય જો એમ હોય તો પછી માનવી પૌદ્ગલિક વસ્તુ મેળવીને તેના ઉપભોગથી પોતાને સુખી હોવાનું માને છે તેની જરૂરત જ ન રહે અને બાગ-બગલા-સ્ત્રી-પુત્ર-ધન-મોટર આદિ વસ્તુઓનો ઉપભોગ કર્યા સિવાય પણ ભોગ જેટલુ સુખ મળી જવુ જોઇયે પણ તેમ જણાતું નથી એટલે એ વાત તો નિર્વિવાદ છે કે જડ વસ્તુઓમા સુખ છે જ નહિ છતા અજ્ઞાની માનવી તે વસ્તુઓ વાપરીને માત્ર સુખનું અભિમાન ધરાવે છે માટે જ તે સુખાભાસ છે પારકી બાગ બગલા આદિ વસ્તુઓ જોનાર માણસ પોતે તેનો સ્વામી ન હોવાથી મમતા કરી શકતો નથી માટે પોતે સુખી થવાને બદલે દુખી થાય છે અર્થાત્ મોહાધીન અજ્ઞાની માનવીને તે વસ્તુઓ દુઃખ મનાવવામા નિમિત્ત કારણ બને છે, તેથી તે વસ્તુઓના નાશની ઇચ્છા રાખે છે સયોગવશાત્ બીજાની પાસેથી તે વસ્તુઓ નાશ પામી જાય તો પોતે રાજી થાય છે સસારમા મમતા વગરની અસ્વાધીન વસ્તુઓ માનવીને ઉપેક્ષા, ખુશી તથા દુખ ઉત્પન્ન કરે છે પારકી વસ્તુ ગમે તેવી સારી અને સુદર કેમ ન હોય અને તે નાશ પામે કે વૃદ્ધિ પામે તેના માટે મમતાહીન બીજા માનવીને હર્ષ કે શોક થતા નથી પણ તેના માટે ઉપેક્ષક રહે છે, કારણ કે તે મનમા એમ માને છે કે આ વસ્તુ મારી નથી એટલે તેનું ગમે તેમ થાય તેમા મારે શુ? અને કેટલાકને તો તે વસ્તુ પોતાની ન હોવાથી દુખ થાય છે ત્યારે કેટલાકને તે વસ્તુ વાપરનાર ઉપર ઇર્ષ્યા થવાથી તે વસ્તુનો નાશ ઇચ્છે છે, અને તેની ધારણા પ્રમાણે થાય તો પોતે ઘણો જ ખુશી થાય છે જેની પાસે ભોગોપભોગની વસ્તુ ન હોય તે તો કદાચ ભોગસપન્ન વસ્તુવાળા માનવી ઉપર ઇર્ષ્યા કરે અને તેનું અહિત ઇચ્છે, પણ પુન્ય કર્મના સયોગથી પૌદ્ગલિક સુખની સામગ્રી મળવા છતા પણ ઇતરની સુખ સામગ્રી જોઇને ઇર્ષ્યા કરવી, દુખ મનાવવુ કે બીજાનુ અહિત ઇચ્છવું તે મૂર્ખતા જ કહેવાય એટલે કે ગરીબ માણસ તો શ્રીમત ઉપર પોતાની પુન્યની નબળાઇને લઇને ઇર્ષ્યા કરી તેનુ અહિત ઇચ્છે, પણ પોતે સુખના સાધનવાળો હોઇને બીજાની ઉપર ઇર્ષ્યા કરવી તે માણસાઇ ન કહેવાય બીજાનું સુખ જોઇને દુખી થવુ અથવા તો સુખી માણસના સુખનો નાશ થવાથી તેને દુખી થતો જોઇને રાજી થવુ તે અધમતા જ કહી શકાય

શ્રીમત કગાળ બને, વિદ્વાન મૂર્ખ બને, રૂપવાન કુરૂપ બને, યશસ્વી અપયશ મેળવે અને બળવાન નિર્બળ બને તેથી કાઇ બીજાને લાભ મળતો નથી તેમજ તેનુ કાઇ પણ સુધરતુ નથી છતા પ્રસન્ન મનવાળા થવુ અને સતોષ માનવો તે દુર્જનતા તો છે જ પરતુ તેનુ બીજુ પણ એક કારણ જાણવા મળે છે કે ધન-વિદ્યા-રૂપ તથા બળ આદિ વસ્તુઓ મેળવ્યા પછી માનવી મિથ્યાભિમાનમા આવી જઇને ધન-વિદ્યા તથા રૂપ વગરના માણસોની અવજ્ઞા કરે છે, તેમની તરફ હલકી દૃષ્ટિથી

જુએ છે અને તેમનો તિરસ્કાર કરે છે એટલે તેમના અંદર ઇર્ષ્યા ઉત્પન્ન થવાથી તેમનું અહિત ચિંતવે છે અને તેમને દુઃખી થતા જોઇને રાજી થાય છે. જો માનવી ધન, રૂપ, વિદ્યા તથા બળ આદિ વસ્તુઓ મેળવ્યા પછી સહુ સાથે મળીને ચાલે તો તેની ઉપર કોઈ પણ ઇર્ષ્યા કરે નહિ અને તેનું અહિત પણ ઇચ્છે નહિં પણ તેમ બનવું કઠણ છે કોઇક જ માણસ એવો હશે કે જેને ધન સંપત્તિ આદિ મળ્યા પછી મિથ્યાભિમાન સૂઝવે નહિ. મોહગ્રસ્ત માનવીને ફરજિયાત જડાત્મક વસ્તુઓના દાસ બનવું જ પડે છે અને તેથી તેને પરાધીનપણે કષાયોના આશ્રિત બનવું જ પડે છે. જ્યાં સુધી માનવી કામ–ક્રોધ, મદ–મોહ, લોભ તથા માયાને આધીન છે ત્યાં સુધી તે સાચું સમજી શકતો નથી અને તેથી તેને પૌદ્‌ગલિક સુખના સાધન મળ્યાં હોય કે ન મળ્યા હોય તો પણ તે પરાધીન હોવાથી પરમ દુ:ખી જ હોય છે. જેને વૈષયિક સુખના સાધન મળ્યા હોય છે તે વિષયવાસના પોષવાને માટે અત્યંત આસક્તિ ભાવથી તેનો ઉપયોગ કરીને કામ–ક્રોધાદિને પુષ્ટ બનાવે છે. જેમ જેમ વૈષયિક વસ્તુઓને વાપરે છે તેમ તેમ કામની અતિશય વૃદ્ધિ થતી જાય છે, અને કામ વધવાથી કષાયો પણ વધે છે, કારણ કે કામ ઇચ્છારૂપ અને વિષયરૂપ એમ બે પ્રકારના હોય છે ઇચ્છાઓ પૂરી ન થવાથી તથા વિષયમાં અતૃપ્ત માનવીના મનમાંથી ભોગોપભોગની ભાવનાઓ ભુંસાતી નથી, અને તેથી તેના ચિત્તમાં નિરંતર કલેશ રહ્યા કરે છે

ઇચ્છા અને વિષય બંને એવી વસ્તુ છે કે જેનો છેડો નથી અને તૃપ્તિ પણ નથી, કારણ કે ઇચ્છાઓ કર્મજન્ય હોવાથી જડ વસ્તુઓની થાય છે. માનવીને પૌદ્‌ગલિક વસ્તુઓમાં સુખની ભ્રમણાથી વસ્તુઓ ઉપર રાગ હોય છે અને એટલા માટે જ તેને મેળવવાની ઇચ્છા કરે છે. પૌદ્‌ગલિક વસ્તુઓ પર હોવાથી તેને મેળવ્યા પછી તે હંમેશને માટે રહેતી નથી, જ્યારે તેનો વિયોગ થાય છે ત્યારે માનવીને દુ:ખ થાય છે અને તેવી સુખની વસ્તુ મેળવવાને ચાહના રાખે છે. આ પ્રમાણે અનુકૂળ પૌદ્‌ગલિક સુખના સાધન મળે છે ત્યારે માનવી પોતાને સુખી માને છે અને તેનો વિયોગ થાય છે ત્યારે માનવી-પોતાને દુઃખી માને છે, અને તેથી કરીને જડાત્મક વસ્તુની ઇચ્છા પણ નિરંતર કાયમ રહે છે. માનવીને જ્યા સુધી અનુકૂળ પૌદ્‌ગલિક વસ્તુઓનો સંયોગ બન્યો રહે છે ત્યા સુધી તેને વસ્તુઓ ઉપર રાગગર્ભિત મમતા હોય છે અને તેથી જ વસ્તુઓના રક્ષણ માટે તેને નિરંતર કાળજી રાખવી પડે છે; કારણ કે માનવીને જે વસ્તુની મમતા હોય છે તેને આધીન રહેવું પડે છે. સુખના સાધન તરીકે માનેલી જડાત્મક વસ્તુઓનો વિયોગ ન થવા દેવાને માટે અનેક જીવોનો સંહાર કરવો પડે છે તો યે તે વસ્તુઓનો છેવટે વિયોગ થાય જ છે અને જેટલો પોતાને સુખી માનતો હોય છે તેનાથી બમણો દુઃખી થાય છે.

અજ્ઞાનતાને લઇને માનવી પરાધીનતામા સુખ અને સ્વાધીનતામાં દુઃખ માને છે, તેથી સાચા સુખથી તે વંચિત જ રહે છે માટે જ અનાદિ કાળથી મોહના દબાણને લઇને દુ:ખને સુખ માની પરાધીનપણે દુઃખ ભોગવતા જડાસક્ત જીવોને સાચુ સુખ મેળવવાને માટે જ્ઞાની પુરુષોએ જડ વસ્તુઓનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. જો પથ્થરની ગાય દૂધ આપે તો જ જડ વસ્તુઓથી સુખ માની શકે માટે પૌદ્‌ગલિક વસ્તુઓની મમતા છોડી દઇને તેનો ત્યાગ કરવાની અત્યંત આવશ્યકતા છે. તે સિવાય તો સુખની ઇચ્છા પૂરી થઇ શકવાની નથી. પુદ્‌ગલાનંદી જીવોને જડાત્મક વસ્તુઓ

આ પર્યુષણા મહાપર્વ કઈ રીતે ઊજવશો?

પર્યુષણા મહાપર્વનો સંદેશ.

લે–મુનિશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

જૈનો, જાગો અને જુઓ, આજે ભારતમા કઇ ક્રાન્તિનો શખનાદ ફૂંકાઇ રહ્યો છે? મહાન્ યુગપ્રધાન કાલિકાચાર્યે સાધ્વી સરસ્વતીની રક્ષાને માટે અવન્તિપતિ ગર્દભિલ્લને કેટકેટલો સમજાવ્યો? કેટકેટલી લાગવગનો ઉપયોગ કર્યો રાજાને સમજાવવા શ્રી સઘને મોકલ્યો. અરે! પોતે પાગલ જેવા થઇ ગયા, પરન્તુ એ ઠામાધ સ્વાર્થી રાજાની આખ ન ઊઘડી તે ન જ ઊઘડી બધી સમજાવટો અને પ્રયત્નો નિષ્ફલ ગયા આખરે કાલિકાચાર્યે હિન્દ બહાર પગલુ મૂકર્યુ.

વાચકો, આ એક સાધ્વીજીના શિયલ રક્ષણ ખાતર જ હતું, એ બરાબર છે પરન્તુ ઉદ્દેશ એથી યે મહાન્ હતો તીર્થંકરભગવત સ્થાપિત ચતુર્વિધ શ્રી સઘના એક ભાગ ઉપર, એક અગ ઉપરનો હુમલો ભવિષ્યમા કયા અટકશે? કઇ રીતે અટકશે અને યદિ નહિં અટકે તો ભવિષ્યમા શું પરિણામ આવશે? આજે સાધ્વીજીનું શિયલ સલામત નથી, આવતી કાલે કોનું સલામત રહેશે? અને શ્રી સઘ–તીર્થરૂપ શ્રી સઘના બીજા અગોની રક્ષા કઇ રીતે થશે? આ બધો વિચાર કરીને કાલિકાચાર્ય હિન્દ

છોડવી ગમતી નથી કારણ કે તેઓ પરવસ્તુને છોડવામા દુખ માને છે તેમનુ માનવુ છે કે જેઓ ધન–સપત્તિ, બાગ–બગલા આદિ વસ્તુઓને છોડવાનો ઉપદેશ આપી તેનો ત્યાગ કરાવે છે તેઓ અમને સુખથો વચિત રાખે છે પણ સાચી રીતે વિચાર કરવામા આવે તો તેમને જણાશે કે તેઓ ભૂલે છે જ્યા સુધી પરવસ્તુનો ત્યાગ કરવામા નહિ આવે ત્યા સુધી સ્વાધીન બની શકાય નહિ અને સ્વાધીનતા સિવાય સુખ મળી શકે જ નહિ. એટલા માટે જ્ઞાની પુરુષો સ્વાધીન બનવાને, વારવાર જડ વસ્તુઓને છોડવાનું કહે છે તેમનો આશય સુખથી વચિત રાખવાનો નથી પણ દુખમાથી છોડાવીને નિરતરને માટે સુખી બનાવવાનો છે. જ્ઞાની પુરુષો જાતે અનુભવ કરીને જ કહે છે તેમણે પર પૌદ્ગલિક વસ્તુઓ છોડીને આત્મિક સાચુ સુખ મેળવ્યુ છે એટલે દુખને સુખ માની પરિણામે દુઃખ ભોગવતા જડાસક્ત જીવોને ત્યાગનો ઉપદેશ આપી સાચા સુખનો માર્ગ બતાવ્યો છે સાચુ સુખ તે જ કહેવાય છે કે જ્યા કોઇ પણ પ્રકારની ઇચ્છાને અવકાશ નથી અને પર વસ્તુ મેળવવાનો ત્રાસ નથી, જે સુખને માટે કોઇ પણ વસ્તુની પરાધીનતા ભોગવવી પડે છે તે સુખ નથી પણ દુખ છે પર વસ્તુનો સયોગ હોય કે ન હોય પણ બાહ્ય વૃત્તિથી કે આતર વૃત્તિથી પરાધીનતા ભોગવવી તે જ દુખ છે, અને તે પરાધીનતાનુ મૂળ કારણ મમતા છે. જ્યા મમતા હોય છે ત્યા પરાધીનતા અવશ્ય રહેવી જ હોય છે બહારથી સગા સબધી, ધન–સપત્તિનો ત્યાગ કર્યો હોય પણ જો મનોવૃત્તિમાથી મમતા ન છોડી હોય તો તે પરાધીન હોવાથી પરમ દુઃખી છે માટે તે ત્યાગી કહી શકાય નહિ, કારણ કે ત્યાગી પરાધીન હોતા નથી માટે તે સાચા સુખનો અધિકારી છે અને જે સાચુ સુખ ભોગવે છે તેને મમતા અને તેથી થવાવાળી પરાધીનતા હોતી નથી જેથી કરીને તે દુઃખોથી મુકાઇ જવા સ્વરૂપ મુક્તિ મેળવીને શાશ્વત સુખનો ભોક્તા થાય છે.

બહાર ગયા. ત્યાંના શક રાજાઓને પોતાને અનુકૂળ કરી ગર્દભિલ્લ ઉપર જબરજસ્ત હુમલો કરાવી એ શૈતાની રાજ્યનો અંત કરાવ્યો, સાધ્વીજીને બચાવ્યાં અને શ્રી સંઘની ઇજ્જતની રક્ષા કરી ભવિષ્યમા કોઇ પણ રાજા, કોઈ સમ્રાટ કે કોઇ આધાતા પણ જૈન સંઘના કોઇ પણ અંગની બેઈજ્જતી ન કરે એવો પાઠ કાલિકાચાર્ય જૈન સંઘને આપતા ગયા એ આદર્શ, એ પાઠની પુનરુકિત કરે તેવો વિકટ, ભયંકર પ્રસંગ જૈન સંઘને માથે આવ્યો છે ભલે આપણે રસ્તો બદલીયે એકનું એક નિશાન સદાયે નથી ચાલતું પરન્તુ પ્રસંગની ભયંકરતા, એની વાસ્તવિકતા તો સમજવી જ જોઇએ.

ઓ વીરના સુપુત્રો, જાગો, આળસ ઉડાડો અને જુઓ, આજે આપણા સ્થાવર તીર્થ શ્રી કેસરીયાજી ઉપર કેવી ભયંકર આપત્તિઓ આવી છે. ઉદયપુર સ્ટેટમાં આવેલું ઉદયપુરથી ૪૦ માઇલ દૂર રહેલુ અને મેવાડનુ ગૌરવરૂપ મનાતુ ધૂલેવાજી—શ્રી ઋષભદેવજી—શ્રી કેસરીયાજી તીર્થ; આજે ઉદયપુર સ્ટેટ એના ઉપર પોતાની સત્તાનો અમર્યાદિત કોરડો વીંઝી રહ્યુ છે.

ઉદયપુરના મહારાણાએ એક જ કલમના ગોદે આ તીર્થ ઉપર રાજ્યની સત્તા જમાવી દઈ, એના ભંડારમાંથી **પંદર લાખ રૂપિયા** લઈ લેવાનું અને ત્યારપછી પણ દર વર્ષે મરજીમા આવે એટલા રૂપિયા લેવાનું નક્કી કર્યું છે

એક ધ્વજાદંડના કેસને વર્ષો સુધી ગુપ્ત ધનની જેમ સાચવી રાખ્યો અને હવે પોતાની સત્તાનો અમર્યાદિત કોરડો વીંજવા માટે એનો ચુકાદો પ્રગટ કર્યો અને લખ્યુ કે-તીર્થ અનાદિ કાલથી દિગંબરી છે કિન્તુ એની પૂજાવિધિ અન્ય હિન્દુઓ અને શ્વેતાંબર જૈનો ઇચ્છા મુજબ કરે છે.

વસ્તુસ્થિતિ આથી તદ્દન જુદી જ છે જે મેવાડના મહારાણાઓએ જૈન સંઘના મહાન્ આચાર્ય **શ્રીજગચ્ચંદ્રસૂરિજીને-'મહાતપા'**-ના ગૌરવવંતા બિરુદથી શોભાવ્યા હતા, એ જ જગચ્ચંદ્રસૂરિજીના હાથે આ ધૂલેવાજીની મૂર્તિ—શ્રી ઋષભદેવજીની મૂર્તિની સ્થાપના થઇ છે. મહાન્ આચાર્યશ્રીના હાથથી આ મૂર્તિ પ્રતિષ્ઠિત થઇ હોવાથી મહાચમત્કારી અને પ્રભાવવંતી છે, જેથી જૈન કે જૈનેતરો પણ ભક્તિથી પ્રભુને નમે છે બાધા—આખડી રાખે છે અને કેસર વગેરે ચઢાવે છે **શ્રી કેસરીયાજી નામ** જ એ સૂચવે કે તીર્થ શ્વેતાંબરોનું છે એ પ્રદેશના ભિલ્લો જે કેસર વગેરે ચઢાવતા તે પણ શ્વેતાંબર વિધિથી જ ચઢાવતા હતા અજૈનો તો પૂજા કરવા આવતા જ નહોતા ધૂલેવા ગામમા જે પંડ્યાઓ રહેતા, તે તીર્થમા ભક્તિ અને સેવાને બહાને જ રહેતા, ત્યા આવતા જૈન યાત્રિકોને બધી સગવડ પૂરી પાડતા અને બદલામા ભાવિક જૈનો જે કાંઇ આપે તે લઇ સંતોષ માનતા હતા

પછી એ જ પંડ્યાઓએ પોતાની અનુકૂલતા ખાતર ધીમે ધીમે પોતાના ધાર્મિક ગ્રંથો વાચવાનું શરૂ કર્યું અને રાજ્યની અનુકૂલતાનો લાભ લઈ પગપેસારો શરૂ કર્યો છતા શ્રી કેસરીયાજી તીર્થનો વહીવટ શ્રી શ્વેતાંબર સંઘ કમિટીદ્વારા થતો હતો ત્યાં સુધી તો પંડ્યાઓ પણ એ કમિટીના આદેશાનુસાર જ કામ કરતા પરંતુ ધ્વજાદંડના નિમિત્તે શ્રી કેસરીયાજી તીર્થ પ્રકરણ જાગ્યું અને રાજ્યે એમા દખલગીરી કરી નવી કમિટી સ્થાપી ત્યારથી પંડ્યાઓનું જોર વધતુ જ ગયુ છે શ્વેતાંબર જૈનોની પ્રભુ-પૂજા વગેરેની બોલીદ્વારા આવતી ઉપજ ઉપર પણ તેમણે હક્ક જમાવવા માંડયો હતો, પરંતુ એમાં તો ન ફાવ્યા ભંડાર ઉપરની વસ્તુઓ લેવા માંડી તેમજ અત્યારે જે યાત્રિક પ્રભુજીને અભિષેક માટે દૂધ, દીપક માટે ઘૃત અને

પૂજા માટે કેસરફૂલ વગેરે આપે છે તે પણ પંડ્યાઓને રાજ્યે આપવા માંડયું છે હમણા જ મંદસોરથી પ્રગટ થતા 'ધ્વજ' પત્રમાં જે સમાચાર આવ્યા છે એ તો બહુ જ ચોંકાવનારા છે પ્રભુની આંગી નિમિત્તે અપાતા રૂપિયાની પણ દેવસ્થાન કમિટી પહોંચ નથી આપતી, એના નકરાનિમિત્તના જમા થતા રૂપિયાની પહોંચ આપતા પણ આનાકાની કરે છે એટલે આજે તો '**કામદુધા**' જેવા આ મહાન્ તીર્થને ઉદયપુર સ્ટેટ હજમ કરી જવા માગે છે

ભંડારમાં રહેલા લાખ્ખો રૂપિયા ઉપર ઉદયપુર સ્ટેટની નજર પડી છે ઉદયપુર સ્ટેટના નવવિધાનના રચનારાઓની નજર આ ભંડાર ઉપર પડી છે અને એની મિલકત ઉપર કલમના ગોદે લૂંટ ચલાવવાની તરકીબો યોજાઇ છે જે ઉદયપુર સ્ટેટના પૂર્વજો "**હિન્દુ કુલ-સૂર્ય**"નું ગૌરવવંતું બિરુદ ધરાવતા તેના જ સંતાન આજના ઉદયપુરના મહારાણા શ્રીમાન્ ભૂપાલસિંહજી, એમના રાજ્યમાં રહેલા આ હિન્દુ મંદિરને કઇ રીતે લૂંટવા તૈયાર થયા છે એ સમજમાં નથી આવતું મેવાડના એ સૂર્યવંશી સીસોદીયા મહારાણાઓના પૂર્વજો હિન્દુ ધર્મના રક્ષણ ખાતર, હિન્દુત્વની રક્ષા ખાતર જીવનના બલિદાન આપતા, હજારો બત્રીશ-લક્ષણાઓને હોમી દેતા, અરે! સમય આવ્યે રાજ્યપાટ ત્યજી દઇ વનના અતિથિ બનતા હતા એમના જ વંશજ વર્તમાન મહારાણાજી એમના જ રાજ્યમાં રહેલા આ પ્રતાપી તીર્થને, એના તીર્થધનને કઇ રીતે લેવા લલચાયા છે એ સમજમાં નથી આવતું.

કહે છે કે-મેવાડને પોતાના પ્રશ્નો છે, પણ એની કોણે ના પાડી છે? કહે છે કે-મેવાડમાં અનેક દેવસ્થાનો, સદાવ્રતો અને ધર્મસ્થાનો છે માટે મેવાડ તીર્થભૂમિ છે આ વાત તદ્દન સત્ય છે કિન્તુ એ ધર્મસ્થાનો અને દેવસ્થાનોથી જ મેવાડના ગૌરવને ખંડિત કરવાનું, એ ગૌરવને ક્ષતિ પહોંચાડવાનું મહારાણાજીને કેમ ગમ્યું? એ સલાહ કેમ ગમી? શું મેવાડના આ ધર્મસ્થાનો અને તીર્થસ્થાનો લૂંટી લેવાથી સ્ટેટનું ગૌરવ વધશે કે ઘટશે?

કહે છે કે-ઉદયપુર સ્ટેટને એવા સ્વપ્નો આવ્યા છે કે-આ તીર્થભૂમિને વિદ્યાભૂમિ પણ બનાવવી અને એનો ખર્ચ તીર્થસ્થાનોમાંથી લેવો, પરન્તુ મહારાણાજી એટલું યાદ રાખે કે મેવાડના ઘણા તીર્થસ્થાનો તો બહારના યાત્રિકોની આવક ઉપર જ નભે છે. બહારના યાત્રિકોની આવકથી જ તીર્થનું ગૌરવ છે અને તીર્થનો ભંડાર ભરાયેલો રહે છે.

એમાંયે શ્રી કેસરીયાજી તીર્થનો દેવસ્થાન ભંડાર તો જૈન સંઘની મિલ્કત છે ઉદાર ધર્મશીલ અને શ્રદ્ધાળુ જૈનોએ પોતાના પરસેવાની લક્ષ્મી, ભક્તિ અને શ્રદ્ધાથી આપેલી છે એટલે સ્ટેટનો આ તીર્થ ઉપર કોઇપણ હક્ક જ નથી, અને જો તીર્થ સ્ટેટનું જ હોય તો પણ એને દાન અપાયેલી મિલ્કત ઉપર સ્ટેટનો હક્ક પણ લાગી શકે જ નહિ. એક હિન્દુ મહારાજા પોતાના પૂર્વજોએ આપેલી મિલ્કત ઉપર કલમના ગોદે જ માલીક થઇ બેઠા હોય, કે તીર્થના માલીક થવાનો પ્રયત્ન કરતા હોય તો હિન્દના ઇતિહાસના પાને આ પ્રથમ જ પ્રસંગ છે.

જે સ્ટેટ નવા વિધાન અનુસાર પોતાના રાજ્યમાં લોકશાહી-પ્રજાશાહી સ્થાપવા માગે છે તે સ્ટેટ પ્રજાને જાણ પણ કર્યા વગર પ્રજાની સમ્મતિ કે અસમ્મતિની પરવા રાખ્યા વગર દેવસ્થાનોની મિલ્કતને કલમને ગોદે લૂંટી લ્યે એ કઇ જાતની લોકશાહી કે પ્રજાશાહી છે એ સમજાતું જ નથી.

ઉદયપુર સ્ટેટના આ અન્યાયી, આપખુદી ભર્યા અને જોહુકમીભર્યા પગલા સામે જૈન સંઘનું-હિન્દના સમસ્ત જૈન સંઘનું પણ મહાકર્ત્તવ્ય છે તીર્થની રક્ષા કરવી એ દરેકે-દરેક જૈનની ફરજ છે. જંગમ તીર્થની રક્ષા માટે શ્રી કાલિકાચાર્યનું દૃષ્ટાંત આપણે ઉપર વાંચી ગયા, હવે સ્થાવરતીર્થની રક્ષા માટે જૈન સંઘ શું કરશે ?

પર્યુષણા મહાપર્વ આપણને સંદેશો આપે છે: આત્મશુદ્ધિ અને મૈત્રી ભાવના પણ એ આત્મશુદ્ધિ, એ સંઘરક્ષા, તીર્થરક્ષા અને ધર્મરક્ષામા ઉપયોગી થાય તો જ એ વાસ્તવિક આત્મશુદ્ધિની નિશાની છે. પર્યુષણા મહાપર્વના કર્ત્તવ્યોમાં આવતાં વાર્ષિક કર્ત્તવ્યોમાં તીર્થયાત્રા, સંઘવાત્સલ્ય અને ચૈત્ય પરિપાટી આપણે સાંભળીએ છીએ આપણી તીર્થયાત્રા, સંઘવાત્સલ્ય અને ચૈત્યપરિપાટી સફલતાની અત્યારે પરીક્ષા છે આપણે દર વર્ષે પર્યુષણમા કર્તવ્યનો સંદેશ સાંભળીએ છીએ એને અમલમાં મૂકવાનો, એ સંદેશને જીવંત બનાવવાનો અને જીવંત ધર્મ બનાવવાનો કપરો પ્રસંગ આપણી સમક્ષ ઉપસ્થિત થયો છે. હિન્દભરનો જૈન સંઘ આજે શું કરવા તૈયાર છે ? કેટલું કરવા તૈયાર છે ?

ઓછામા ઓછું આટલું કરશો તો તો આપણા પર્યુષણપર્વ ઊજવ્યાં સફલ-સાર્થક છે. પર્યુષણા મહાપર્વનો સાંભળેલો સંદેશો તો જ સફલ થશે.

આટલું કરજો.

૧ જ્યાં સુધી શ્રી કેસરીયાજી તીર્થનો વહીવટ જૈન સંઘને કે જૈન સંઘની કમિટીને ન સોંપાય અથવા તો એની દેખરેખ નીચે ન રહે ત્યા સુધી શ્રી કેસરીયાજી તીર્થની યાત્રાનો ત્યાગ કરવો.

૨ જ્યાં સુધી તીર્થ જૈન સંઘનું ન બને ત્યા સુધી તીર્થમા એક પાઇ પણ કોઈએ ન આપવી-ન ભરાવવી ત્યાના પંડ્યાઓને પણ કશું ન આપવું તેમજ કોઇ પણ ખાતાનું કામ પંડ્યાને ન જ સોંપવું

૩ શ્રી કેસરીયાજી તીર્થ નિમિત્તે એકત્ર થયેલું ધાર્મિક ફંડ કે રકમ જીર્ણોદ્ધારમાં, બીજા તીર્થસ્થાનમા ખર્ચવી પરન્તુ ધૂલેવાજી-કેસરીયાજીમા ન મોકલવી

૪ હિન્દભરના સમસ્ત જૈન સંઘોએ સભાઓ ભરી, લોકમત જાગૃત કરી, ગામેગામથી સ્ટેટના આ પગલા વિરુદ્ધ ઠરાવો ઘડી ઉદયપુર સ્ટેટને, હિન્દની લોકસભાને અને ઉદયપુર પ્રજાપરિષદ ઉપર મોકલવા તેમજ જૈનેતર પ્રજામત પણ કેળવી ગામેગામથી રાજ્ય વિરુદ્ધ ઠરાવો કરાવી ઉદયપુર મહારાણા ઉપર એમના અન્યાયી પગલાને પાછા ખેંચવા આગ્રહ કરાવવો

૫ દરેક જાહેર પેપરોમા જૈન તીર્થ ઉપરના અન્યાયી હુકમના વિરોધદર્શક લેખો આપવા.

૬ હિન્દભરનાં જૈન તીર્થોનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને-તેના કાર્યવાહકોને શ્રી કેસરીયાજી તીર્થના પ્રશ્નને પોતાના હાથમા લઇ બનતી વ્યવસ્થા કરવા સમજાવવા.

૭ જ્યા સુધી તીર્થ સ્વતંત્ર ન થાય અને સ્ટેટે લેવા ધારેલી રકમ રોકાય નહિં ત્યાં સુધી અમુક તિથિયે વ્રત-આયંબિલ-ઉપવાસ કે એકાસણું આદિ કરવું. તે દિવસે શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું, વ્યાપાર-ધંધો બંધ રાખી, સભા ભરી સ્ટેટના અન્યાય વિરુદ્ધ ઠરાવો કરવા.

૮ ઉદયપુર સ્ટેટના જૈન સંઘે જાગૃત થઇ સ્ટેટને પોતાનો મજબૂત વિરોધ બતાવવાની જરૂર છે અને સમય આવ્યે મેવાડનો જૈન

સંઘ-મેવાડ સ્ટેટ છોડીને અન્યત્ર ચાલ્યો જશે, એ જણાવી દેવું. ઉદયપુર સ્ટેટની જનતાએ પણ પોતાના પાડોશીઓ સાથે પાડોશી ધર્મ બજાવવાની એટલી જ જરૂર છે આજે એમનો વારો છે, કાલે તમારો વારો આવશે તે ન ભૂલશો

૯ દરેક જૈન સાધુ મહાત્માઓએ એક દિલીથી આ પ્રશ્નને અપનાવી લઇ, દરરોજ વ્યાખ્યાનમા આ વિષય જુદી જુદી રીતે ચર્ચી જૈન સંઘને જાગૃત રાખવા, એ નિમિત્તે વ્રત પચ્ચખાણ કરવા કરાવવા પ્રયત્નશીલ થવું અને તીર્થરક્ષા માટે બનતુ બધું કરવાની પ્રતિજ્ઞા લેવી.

મને એમ લાગે છે કે-આટલુ આ પર્યુષણાપર્વમા કરીએ તો પર્યુષણ પર્વનો સંદેશ આપણા માટે જરૂર સફળ લેખાશે.

પણ આ માટે જરૂર પડશે ઐકયની, સહકારની અને સંગઠ્ઠનની. જેમ આત્માની મુકિત માટે દર્શન, જ્ઞાન, ચારિત્રની અનિવાર્ય આવશ્યકતા છે તેમ જૈન સંઘના તીર્થના રક્ષણ માટે, આઝાદી માટે ઐકય, સહકાર અને સંગઠ્ઠનની પણ એટલી જ જરૂર છે.

ઓ વીરના સુપુત્રો ! જાગજો પર્યુષણાપર્વ આવશે-અને જશે પરંતુ આગામી વર્ષના કઠિન કર્તવ્યપથનુ નિદર્શન આપતું જશે. તમે એને જીવનમા-આચારમા કેટલુ ઉતારશો એ ભાવિના ઇતિહાસમા લખાશે પૂજ્ય આચાર્યદેવો, પૂજ્ય સાધુગણ અને શ્રી સંઘ એકવીસમી સદીના આ ઉષાકાલમા આવેલી આપત્તિ-આવેલા સંકટને ટાળવા, તીર્થરક્ષા કરવા અને ભાવી હિંદના આઝાદીના ઇતિહાસમા . આ પ્રકરણ શાંતિ, ધીરજ, કુનેહ, શ્રદ્ધા અને સંગઠ્ઠનથી ઉકેલાયાના સુવર્ણાક્ષરો આલેખાય તેવુ કરી જજો. બસ આ છે પર્યુષણા મહાપર્વનો સંદેશ

ૐ શાંતિ. શાંતિ. શાંતિઃ

વર્તમાન સમાચાર.

આનંદજનક સમાચાર.

આ સભાના માનવંતા પેટ્રન, ધી ક્રાઉન લાઇફ ઈન્સ્યુરન્સ કંપનીનાં ડેપ્યુટી મેનેજર દાનવીર શ્રીયુત ચંદુલાલ ટી શાહને આઝાદ દિન તા ૧૫-૮-૧૯૪૮ દિવસે તેમની રાષ્ટ્રીય અને સામાજિક સેવાની કદર કરી નામદાર રાષ્ટ્રીય સરકારે **"જસ્ટીસ ઓફ ધી પીસ"**ની પદવી અને **ઓનરરી પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ** તરીકે નિમણૂક કરી છે, જે માટે આ સભા પોતાનો હાર્દિક આનંદ વ્યક્ત કરે છે

ભાઇ શ્રી ચંદુલાલભાઇ એક રાષ્ટ્રીય સેવક, શિક્ષણપ્રિય પુરૂષ અને ધર્મશ્રદ્ધાળુ નરરત્ન છે જેથી એ ત્રણે કાર્યોમા અનેક છુપી સખાવતો કર્યે જાય છે જૈન સમાજનુ એક છુપુ રત્ન છે તેઓ દીર્ઘાયુ થઇ શારીરિક, આધ્યાત્મિક, આર્થિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરી ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય અનેક ખાતાઓમાં મળતી સુકૃત લક્ષ્મીવડે સખાવતો કરે એમ આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે

આભાર.

લીંબડીનિવાસી શેઠ ભગવાનલાલ હરખચંદ તરફથી રૂા ૫૧) સભાને યોગ્ય લાગે તે ખાતામાં વાપરવા માટે મળ્યા છે તે માટે સભા તેઓશ્રીનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૪

અંક ૨ જો | તા. ૧-૧૦-૪૮ | ભાદરવો

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત

દર માસની પહેલી તારીખે પ્રગટ થા...

ગુજરાતી સભા ... ૧૯૯૦

પ્રકાશક

શ્રી જૈન આત્માનંદ સભા.

અનુક્રમણિકા.

૧	શ્રી પાર્શ્વનાથ જિન સ્તવનમ્	(મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી)	૨૧
૨	ક્ષમાપન	(અમરચંદ માવજી શાહ)	૨૨
૩	સૌંદદશનમમત્ત અહિંસાનું સ્વરૂપ	(મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ)	૨૪
૪	વિવેક દૃષ્ટિ અને	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)	૨૭
૫	ચિંતા	(અનુવાદક– અભ્યાસી બી એ)	૩૨
૬	શ્રી સુવિધિનાથનું સ્તવન	(પંડિત લાલન)	૩૫
૭	પર્વાના તરણ દિવસ	(શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી)	૩૭
૮	વર્તમાન સમાચાર	(સભા)	૩૯

શ્રી વસુદેવ હિંડી (ગુજરાતી અનુવાદ) કીમત રૂ. ૧૫)

કર્તા શ્રીમાન શ્રી સંઘદાસગણિ સંશોધનકાર મહાત્મા મક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ અનુવાદક ભ ાારાસ્ત્રી અને સાક્ષર મંદિરકાર શ્રી ભોગીલાલ જે સાંડેસરા એમ એ આ અપૂર્વ સાહિત્ય ગ્રંથ ઊચ્ચકક્ષાનો પ્રથમ કોટીમાં મુકી શકાય તેવો અપૂર્વ ઐતિહાસિક અને કથા સહિત ગ્રંથ (પચમ સૈકાના પ્રથમ લખેલ)

ઉચ્ચકોટીના સાહિત્યકાર અને સાક્ષરેતમ રાજેશ્રી આનંદશંકરભાઇ ધ્રુવે આ સભા આવી પ્રથમ ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કરેલી ગણના, તમજ જૈન વિદ્વાનત્યાગી મહાત્માઓ અને જૈનેતર સાહિત્યકારે ગણેલ અપૂર્વ પ્રશસ્તીય ઇતિહાસિક કથા સાહિત્યના અનુપમ ગ્રંથ તેમજ જેની જૈન દર્શનમાં અનેક સ્થળે સંતો આપવામાં આવેલ છે આ અપૂર્વ ગ્રંથ જેની જૈન સમાજ કિંમત કદાચ ગણના ન કરે કે ઓછી કરે તેથી તેની ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કિંમત ઓછી થતી નથી

આ ગ્રંથની જે નકલો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ સંખ્યામાં ભેટનો અપૂર્વ લાભ આપેલ છે તે પછી હવે અમારી પાસે જુજ નકલો સિલીકે રહેલ છે, તે ગ્રંથ સિરિઝનો હોવાથી તે સિરિઝના ધારા પ્રમાણે તેની મૂળ રકમ ઉપાર્જન કરી પછી તમાથી સિરિઝના બીજા ગ્રંથનું પ્રકાશન કર્યું સભાને કરવાનું હોય છે ઉપરોકત પ્રમાણે સભાસદો અને તેમજ ધોરણ પ્રમાણે મુનિ મહારાજાઓ તથા જ્ઞાનભંડારો વગેરેને ભેટ જતા અનામત રાખવાની જે મૂળ રકમ છે તે પૂર્ણ કરવા માટે આ ગ્રંથની કિંમત રૂ ૧૨। ને બદલે હવે (સિલિકે રહેલ બુકોની દરેકની રૂ ૧૫) કિંમત લેવા ઠરાવેલ છે જેથી તે પૂર્ણ થતા તરતજ તે ગ્રંથના સિરિઝનો બીજો ગ્રંથ છપાવવાનો સભા પ્રબંધ કરી શકશે ૨૫ નકલથી વધારે લેનારને વીસ ટકા કમીશન આપવામાં આવશે

જાહેર ખબર

નીચેના સુંદર ગ્રંથો ઘણા થોડા સિલીકે રહ્યા છે હાલની અને દિવસાનુદિવસ વધતી જતી છાપ કામની મોંઘવારીને લઇને બીજી આવૃત્તિ થઇ શકે તેમ નથી જેથી વેળાસર મંગાવી લેવા નમ્ર સુચના

૧	ધર્મબિંદુ	૦–૦–૦	૬	શ્રી જૈન ધર્મવિષયક પ્રશ્નોતર	૦–૮–૦
૨	પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા	૧ ૮–૦	૭	શ્રી તત્ત્વ નિર્ણયપ્રસાદ	૧૦–૦–૦
૩	કુમાર વિહાર શતક	૧–૮–૦	૮	જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય	૨ ૧૨ ૦
૪	શ્રાવક ધર્મ વિધિ	૦–૮–૦	૯	શ્રી સંઘપતિ ચરિત્ર	૬–૮–૦
૫	વિજયાનંદસૂરિ	૦–૮–૦	૧૦	શ્રી શાંતિનાથ ચરિત્ર	૭ ૮–૦

શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૪.	આસો	પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૪.	:: તા. ૧ લી ઑક્ટોબર ૧૯૪૮ ::	અંક ૨ જો

॥ श्रीपार्श्वनाथजिनस्तवनम् ॥

[भैरवीराग-त्रितालाभ्यां गीयते]

રચયિતા—મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી

नमत जिनमश्वसेननृपनन्दम्, केवलकमलाकन्दम्......नमत.

विश्वविश्वविस्तारियशं, विनिहतकरणच्छन्दम् ।
भव्यो भवमटविमुत्तरति, इह यं वन्दं वन्दम्......नमत.

दूरकरोति दुरिततिमिरं, शशिवच्चन्दं चन्दम् ।
फुल्लयति सज्जनजनकुमुदं, निस्तन्द्रं निस्पन्दम्......नमत.

नमति धरणपद्मावतीयमलं, चरणसरोजममन्दम् ।
यदीयमनीशमनिशं वन्दे, तमहं गीतशुचिच्छन्दम्......नमत.

अनन्तभवभ्रमभयभीतानां, हरति करुणाकन्दम् ।
धीरं धर्मधुरन्धरमिद्धम्, अगमनिगमनिस्यन्दम्......नमत.

ક્ષમાપના

(કવ્વાલી)

ક્ષમા લીધી અને દીધી, થઇ ત્યા હૃદયની શુદ્ધિ,
પુનઃ કરી ક્રોધની વૃદ્ધિ, ક્ષમાને ભ્રષ્ટ નહિ કરજો ૧

સતીનું શિયળ આભૂષણ, ક્ષમા છે વીરનું ભૂષણ,
ન લાગે ક્રોધથી દૂષણ, ક્ષમા એવી તમે ભજજો ૨

પ્રસરતી ક્રોધથી હિંસા, ક્ષમા ત્યા હોય અહિંસા,
સ્વ-પરઘાતક એ હિંસા, ક્ષમા હથિયારથી હરજો ૩

ક્રોધ કષાયખાનામા, દ્રવ્ય ભાવે હણાવામા;
ન જાશો હિંસાસ્થાનોમા, ક્ષમાની વાડીમા ચરજો ૪

દ્વેષ ઇર્ષાતણી ભરતી, વૈરવિરોધને ધરતી,
ક્રોધ અગ્નિથી પ્રસરતી, શીતળ ક્ષમા જળે કરજો. ૫

પાપાશ્રવતણું એ દ્વાર, કરમનો આવશે નહિ પાર,
હળીહળ ક્રોધની એ ધાર, ધરમની ઢાળથી ધરજો. ૬

પ્રભુ પાર્શ્વ અને મહાવીર, ગજસુકુમાળ આદિ ધીર,
તર્યા સમતા પહેરી ચીર, તમે તેવી રીતે તરજો ૭

ક્ષમા છે મોક્ષનુ સોપાન, સવરની એ ખરી કમાન,
સુભાગી ક્ષમાનું વિમાન, ગ્રહીને મુક્તિને વરજો ૮

ક્ષમા જો આવશે સાચી, શાતિ ત્યા આવશે નાચી,
'અમર' આનદમા રાચી, 'મિચ્છામિ દુક્કડ' ગ્રહજો ૯

અમરચદ માવજી શાહ

॥ जयन्ति सुपार्श्वजिनेन्द्राः ॥

બૌદ્ધદર્શનસંમત અહિંસાનું સ્વરૂપ

બૌદ્ધોએ જૈની અહિંસા ઉપર કરેલા આક્ષેપોનું નિવારણ.

લેખક—મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ

(ગતાંક પૃષ્ઠ ૧૧ થી ચાલુ)

ઉપર પ્રમાણે **વસુબંધુએ** કરેલા અહિંસાના લક્ષણનું અને જૈની અહિંસા ઉપર તેણે કરેલા કપોલકલ્પિત આક્ષેપોનું **તત્ત્વાર્થટીકામાં ગન્ધહસ્તી શ્રીસિદ્ધસેનગણિએ** વિસ્તારથી સયુક્તિક ખંડન કર્યું છે. અત્યારે મારી સામે **ગન્ધહસ્તિ-ટીકા** નથી પણ મને યાદ છે ત્યાંસુધી પૂ૦શ્રી **યશોભદ્રસૂરિ**[1]**મહારાજે** પણ લગભગ અક્ષરશઃ તેજ પ્રમાણે ખંડન કર્યું છે. આથી અહિંસા સંબંધી સમગ્ર ચર્ચા હારિભદ્રીવૃત્તિમાંથી પૂર્વપક્ષ સાથે નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે

"स्यादेतत्- अस्तु तृतीयविकल्पे प्राणातिपातः सम्पूर्णलक्षणत्वात्- मार्यमाणः प्राणी यदि भवति, हन्तुश्च 'प्राणी' इति यदि विज्ञानमुपजातम्, 'हन्मि' इति च यदि वधकचित्तोत्पादः यदि च व्यापादितः स्यात् सर्वं चेदमुपपन्नं तृतीये। प्रथम-द्वितीयविकल्पे तु नास्ति एतत् समस्तमतः कथं तत्र हिंसकत्वम्? एतदेव च प्राणातिपातलक्षणमपरैः स्पष्टतरं प्रपञ्चितम्—

"प्राणातिपातः सञ्चिन्त्य परस्याभ्रान्तमारणम्" [अभि कोश. ४। ७२] इति। द्विविधं मारणं सञ्चिन्त्य असञ्चिन्त्य च सञ्चिन्त्यापि द्विविधम्- भ्रान्तस्य अभ्रान्तस्य च अभ्रान्तस्यापि द्विविधम् आत्मनः परस्य चेत्यतो विशेषणत्रयमुपादीयते एतदुक्तं भवति- यदि 'मारयिष्याम्येनम्' इति संज्ञाय परं मारयति, तमेव मारयति, नान्यं भ्रमित्वा,—इयता प्राणातिपातो भवति। यस्तर्हि संशयितो मारयति 'प्राणी? न प्राणी?' इति 'स वा? अन्यो वा?' इति सोऽप्यवश्यमेव निश्चयं लब्ध्वा तत्र प्रहरति 'योऽस्तु सोऽस्तु' इति कृतमेवानेन त्यागचित्तं [2]भवतीति। ततश्चासञ्चिन्त्य योऽत्र घात क्रियते भ्रान्तेन वा आत्मनो वा स न प्राणातिपातः, प्राणश्च वायुः कायचित्तसंमि(सन्नि)श्र[3] प्रवर्तते चित्तप्रतिबद्ध-

---

૧. હારિભદ્રીવૃત્તિ નામે પ્રસિદ્ધ મુદ્રિત વૃત્તિમાં પૂ૦ શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આદિના ૬॥ અધ્યાયની જ વૃત્તિ રચી હોવાથી અને બાકી શ્રીયશોભદ્રસૂરિ(શિષ્ય?) મહારાજે પૂર્ણ કરી હોવાથી મેં યશોભદ્રસૂરિનું નામ લખ્યું છે.

૨. મુદ્રિત હારિભદ્રીમાં न भवतीति પાઠ છે. પણ न નકામો હોવાથી મેં કાઢી નાખ્યો છે ત્યાગચિત્ત=પ્રાણત્યાગચિત્ત=મારણચિત્ત.

૩. પુદ્ગલવાદ અભિધર્મકોશના નવમા કોશસ્થાનમાં છે

घृत्तित्वात् तमतिपातयति विनाशयति जातस्य स्वर(न)स्य संनिरोधादनागतस्योत्पत्तिं प्रतिबध्नातीति जीवितेन्द्रियं वा प्राणः कायस्यैव च सेन्द्रियस्य तज्जीवितेन्द्रियं व्यपदिश्यते न त्वन्यस्य, आत्मनोऽभावात्, न ह्यात्मनः किञ्चित् प्रतिपादकं प्रमाणमस्तीति अन्यस्त्वाह–

"आयुरूष्माऽथ विज्ञानं यदा कायं जहत्यमी।
अपविद्धस्तदा शेते यथाकाष्ठमचेतनम् ॥ १ ॥" इति।

आर्हताः पुनरबुद्धिपूर्वकमसञ्चिन्त्यापि कृतं प्राणातिपातं प्रतिजानते अबुद्धिपूर्वादपि प्राणवधात् कर्तुरधर्मो यथाऽग्निस्पर्शाद्दाह इति तेषां चैवमभ्युपेयतां परदारदर्शन-स्पर्शने च कामिन इव साधोरवद्यप्रसङ्ग. साधुशिरोलुञ्चने कष्टतपोदेशने च शास्तुः क्रुद्धस्येवाधर्म प्रसङ्गः विसूचिकामरणे चान्नदायिनः प्राणवध मातृगर्भस्थयोश्च अन्योन्यदुःखनिमित्तत्वात् पापयोगः वध्यस्यापि च वधक्रियासम्बन्धादग्निस्वाश्रयदाहवदधर्मप्रसङ्गः परेण च कारयतो नाधर्मप्रसङ्गः न हि अग्निमन्येन स्पर्शयन् प्रयोजयिता दह्यते अचेतनानां च काष्ठादीनां गृहपाते प्राणवधात् पापप्रसङ्गः न च दृष्टान्तमात्रात् स्वपक्षसिद्धिरित्येवमनेकदोषसम्भवान्न बुद्धिपूर्वकं प्राणातिपातावद्यमस्तीति।

अत्रोच्यते जैनैः–.........यदुच्यते परेण 'असञ्चिन्त्य भ्रान्त्या वा मारणं नावद्यहेतुकम्' इत्यत्र प्रतिविधीयते–असञ्चिन्त्य कुर्वतो यद्यवद्यासम्भव. ततो मिथ्यादृष्टेरभावः सुगतशिष्याणाम् यस्मान्न कश्चिन्मिथ्या प्रतिपद्यते प्रेक्षापूर्वकारी 'मिथ्या' इति सञ्चिन्त्य... ...अथ संशयहेतुत्वान्मिथ्यादर्शनमवद्यकारणम्, एवं तर्हि निश्चितधियः सांख्यादेः 'इदमेव तत्त्वम्' इति नावद्यं स्यात्। संसारमोचक-गलकर्तक-याज्ञिकप्रभृतीनां च प्राणवधकारिणाम् 'धर्मः' इत्येव सञ्चेतयतामधर्मोऽयमित्येवं चासंचेतयतां नावद्य स्यादन्याभिसन्धित्वात्। अथैवं मन्वीथाः–सञ्चेतयन्त्येव ते 'प्राणिनो वयं हनाम(हन्मः)' इति सत्यमेतत्, किन्तु नैवं चित्तोत्पाद 'हन्यमानेषु एतेषु अधर्मो भवति' इति संविद्रते च स्फुटमेव सौगताः प्रमादारम्भयोरवश्यभावी प्राणिवध इति तथा बुद्धस्य ये शोणितमाकर्षयन्ति वपुषः 'सुगतोऽयम्' इत्येवमविधाय(चार्थं) तेषाम् [1]अवीचिनरकगमनकारणम(मा)नन्त[र्यं][2]कमबुद्धित्वा-

૧. બૌદ્ધદર્શનમા ૧ સઞ્જીવ, ૨ કાલસૂત્ર, ૩ સઘાત, ૪ રૌરવ, ૫ મહારૌરવ, ૬ તપન, ૭ પ્રતાપન અને ૮ અવીચિ–આ પ્રમાણે આઠ નરકોની માન્યતા છે. (અર્બુદ વિગેરે બીજા આઠ શીત નરકો પણ છે એ પણ ધ્યાનમા લેવુ) તેમા અહીં આઠમો अवीचि (नास्ति वीचि=सुख यत्रेत्यवीचि) નરક વિવક્ષિત છે. આ. સ.બ.ધી. સવિસ્તર વર્ણન અભિધર્મકોશના ત્રીજા લોકધાતુ નામના કોશસ્થાનમા છે.

૨. બૌદ્ધદર્શનમા ત્રણ પ્રકારના આવરણ છે. ૧ કર્માવરણ, ૨ ક્લેશાવરણ, ૩ વિપાકાવરણ તેમા આનન્તર્યને કર્માવરણ કહેવામા આવે છે જે કાર્ય કરવાથી પ્રાણી અનન્તર જન્મમાં–આગામી જન્મમાં નરકમા ઉત્પન્ન થાય તે પાપ કર્મને આનન્તર્ય કહેવામાં આવે છે. (अनन्तरम्–पुनर्जन्मनि नरक गच्छतीति अनन्तर तस्य भाव आनन्तर्यम्) આ આનન્તર્યના પાચ ભેદો છે–૧ માતૃવધ, ૨ પિતૃવધ, ૩ અર્હદ્વધ ૪ સંઘભેદ, ૫ બુદ્ધશરીરરુધિરોત્પાદ તેમા પાચમુ આનન્તર્ય સૌથી મોટું પાપ છે. આ આનન્તર્યથી અવીચિ નરકમા પ્રાણી ઉત્પન્ન થાય છે ("अवीचौ पच्यते कल्पम्" એક કલ્પ (સમય–પ્રમાણ વિશેષ) સુધી અવીચિનરકમા વિપાક અનુભવે છે अभिधर्मकोश–४। ९९)

देव न स्यात् दृश्यते चानन्ता[र्य]कम् । अथ 'बुद्धोऽयम्' इत्येवंविधबुद्धेरपि संशयितस्य अध्यवस्यतश्च सञ्चेतयतो भवेदानन्तर्यकम् एवं सति मायासूनवीयानामप्यवद्येन योगः स्यात्, यतस्ते विदन्ति आर्हतामवनि-दहन-पवन-जल-वनस्पतय. प्राणिन. । अथैवमारेकसे 'बुद्धोऽयम्' इति संज्ञानमात्रेण सांख्यादिरपि चेतयत्येव, एवं तर्हि संज्ञामात्रेण सञ्चेतयतः कल्पाकारमपि बुद्धनामानं घ्नत आनन्तर्यकं स्यात् । तथा माता-पितृ-ऽर्हद्वध-स्तूपभेदानन्तर्येष्वपि । बालस्य किल पांसुलवचेतयतो बुद्धाय भिक्षादानोद्यतस्य पांसुमुष्टी राज्यं फलत इति सुगतशासनविदां प्रतीतमेव । तदेवमसंचेतितवधो भ्रांतिवधश्च प्राणातिपातावद्यहेतुतया ग्राह्योऽन्यथा बहु त्रुट्यति बुद्धभाषितमिति । तथा आत्मवधोऽपि जैनानामवद्यहेतुरेव विहितमरणोपायाद्दते शस्त्रो-लम्बना-ऽग्निप्रवेशादिभिः । तस्मादात्मनोऽपि अविधिवधोऽवद्यहेतुरिति यत् किञ्चित् परग्रहणमिति । .... तस्मादेन.पदमेतद् <u>वसुबन्धोरामिषगृद्धस्य</u> गृध्रस्येवाप्रेक्ष्यकारिणः ।

अयं पुनरप्रसङ्ग एव मूढेनोपन्यस्तः-शिरोलुञ्चनाद्युपदेशो शास्तुः कुतस्येवाधर्मप्रसङ्ग इति, यतः तत्राज्ञानादिप्रमादासम्भवः अत्यन्तमेव शासितरि, ध्वस्तरागद्वेषमोहेनापि भगवता मुमुक्षूणां कर्मनिर्जरणोपायत्वेन तपो देशितं कुतोऽवद्यप्राप्तिरप्रमत्तस्य ? इति । अन्नदात्र्यपी श्रद्धाशक्त्यादिगुणसमन्वितोऽप्रमत्तो गुणवते पात्राय ददाति न्याय्यम्........ ......कुतस्तत्रावद्ययोगोऽन्नदायिनः ?...विसूचिका तु भोक्तुः आप्तविहिताचारपरिमितादिभोजिनो जन्मान्तरोपात्ताशुभकर्मापेक्षा न दातुर्दोषमावहति विहिताचारोल्लंघनभोजिनोऽपि स्वकृतकर्मविपाक एवासाविति नास्त्यणीयानपि दातुरप्रमत्तत्वाद्दोष इति । .... । यच्चावाचि 'मातुर्गर्भो दुःखहेतुः, मातापि गर्भस्य दुःखनिमित्तमित्युभयोः दुःखहेतुत्वादवद्येन योगः' इति तदभिमतमेव जैनानां तयोः प्रमत्तत्वात् । ....

यच्चोक्तमग्निदृष्टान्तसामर्थ्याद्वध्योऽपि अवद्येन युज्येत वधक्रियासम्बन्धाद्धन्तृवत् । यथा हि अग्निः पूर्वं स्वाश्रयं दहतीन्धनादिकमेवं वधक्रिया वध्यसम्बन्धिनी प्राक् तावद् वधक(वध्य)मेवावद्येन योजयति ... तदेतदसत् ... यया कर्तृगतया हननक्रियया प्राणवियोजनं कर्मस्थं क्रियते सा विवक्षिता, ज्वलनोऽपि एतावता दृष्टान्तीकृतोऽप्रतिबद्धदहनस्वभावः स्पृश्यमानो बुद्धिपूर्वकमन्यथा वा दहत्येव प्राणातिपातोऽपि हि प्रमत्तेन ... क्रियमाणः कर्तारमवश्यंतयाऽवद्येन योजयत्येवेति दृष्टान्तार्थः ...... तत्र कः प्रसङ्गो वध्यस्याधर्मेण ? ...... दृष्टान्तधर्मी चानेकधर्मा तत्र कश्चिदेव धर्ममाश्रित्य दृष्टान्त उपन्यस्यते । अथ समस्तधर्मविवक्षया दृष्टान्तोपादानं ततो न कश्चिदिष्टार्थसाधनं स्याद् दृष्टान्तः । [1]विकल्प-

---

આ જ પ્રમાણે પાંચ આનન્તર્યસભાગ (=આંનન્તર્યસમાન) છે. ૧ માત્રે-ર્હન્તીદૂષણ, ૨ નિયતિપતિતબોધિસત્ત્વમારણ, ૩ શૈક્ષમારણ, ૪ સંઘાયદ્વારહારિકા=સંઘલાભમાર્ગવિઘાત, ૫ સ્તૂપભેદ. આ સંબંધી અધિક વર્ણન અભિધર્મકોશના કર્મનિર્દેશ નામના ૪થા કોશસ્થાનની ૧૦૬-૧૦૭ની કારિકામાં છે.

1. असदुत्तरं जातिः—ખોટા ઉત્તરને જાતિ કહેવામાં આવે છે. આ જાતિના ૧ સાધર્મ્યસમા, ૨ વૈધર્મ્યસમા વિગેરે ૨૪, ભેદો છે તેમાં વિકલ્પસમા સાતમો ભેદ છે. "साधनधर्मयुक्ते दृष्टान्ते धर्मान्तर-

समाना चेयं जातिरुपन्यस्ता वसुबन्धुवैधेयेन[2]-स्वाश्रयदाहित्वमग्नेः विशेषधर्मोऽस्ति न तु वधक्रियायाः स्वाश्रयेऽवधयोग इष्टः तस्माग्निदृष्टान्तात् साध्यसिद्धिरिति ...... यद्योक्तं न च दृष्टान्तमात्रात् स्वपक्षसिद्धिरिति एतदप्ययुक्तम्, अजानानस्यापि प्रमत्तस्य प्राणातिपातादधर्ममिति मस्तुस अग्निरुदाहृत. ...... ।

यद्योक्तम्-कायस्यैव सेन्द्रियस्य तज्जीवितेन्द्रियं[3] व्यपदिश्यते न त्वन्यस्य आत्मनोऽभावादिति, तदप्यसमीचीनम्-यतः ... भिन्नाः सङ्केतनादिक्षणा मारणावसानाः, तत्र कस्य प्राणातिपातः? ... इति सर्वथा गृहीतशरणत्रया[4] अपि अशरणा एव सौगता इत्यैवं

विकल्पात् साध्यविकल्प प्रसजतो विकल्पसम " [न्यायभाष्य-५ । १ । ४] આ તેનું લક્ષણ છે. જાતિના ભિન્ન ભિન્ન પ્રકારોનું વિસ્તારથી વર્ણન ન્યાયસૂત્રના ૫, મા અધ્યાયના પ્રથમ આહ્નિકમા તથા દિઙ્નાગના ન્યાયમુખ (P. 56) વિગેરેમાં છે The assumption of a difference (in the homogeneous example) is called the balancing (जाति) alternative (विकल्पसमा) [न्यायमुख p. 56, ચાઇનીઝ ઉપરથી પ્રો. ટચુચી કૃત ઇંગ્લીશ ભાષાંતર].

2 "अज्ञे मूढयथाजातमूर्खवैधेयबालिशा " [अमरकोश ३ । १ । ४८] इत्यमरः । मूढ.

3. બૌદ્ધોને ત્યા ૧ ચક્ષુ, ૨ શ્રોત્ર, ૩ ઘ્રાણ, ૪ જિહ્વા, ૫ કાય, ૬ મન, ૭ પુરુષ, ૮ સ્ત્રી, ૯ જીવિત, ૧૦ સુખ, ૧૧ દુ:ખ, ૧૨ સૌમનસ્ય, ૧૩ દૌર્મનસ્ય, ૧૪ ઉપેક્ષા, ૧૫ શ્રદ્ધા, ૧૬ વીર્ય, ૧૭ સ્મૃતિ, ૧૮ સમાધિ, ૧૯ પ્રજ્ઞા, ૨૦ અજ્ઞાતમાજ્ઞાસ્યામિ, ૨૧ આજ્ઞા, ૨૨ આજ્ઞાતાવી—આ પ્રમાણે ૨૨ ઇન્દ્રિયો માનવામા આવે છે. તે પૈકી **જીવિતેન્દ્રિય** અહીં વિવક્ષિત છે. આ બાવીશ ઇન્દ્રિયોનુ સવિસ્તર વર્ણન અભિધર્મકોશના બીજા इन्द्रियनिर्देश નામના કોશસ્થાનમા છે.

બૌદ્ધોને ત્યા इन्द्रिय શબ્દનો જુદો જ અર્થ કરવામાં આવે છે. અભિધર્મકોશભાષ્યના ફ્રેંચ ભાષાનુવાદમા જે અર્થ છે તે નીચે મુજબ છે. વાચકોને માટે ફ્રેંચ ભાષાતર નિરર્થક હોવાથી એનું ઇંગ્લીશ ભાષાતર કરીને અહીં આપવામા આવે છે—

What is the meaning of the word 'इन्द्रिय'? The root इदि means परमैश्वर्य supreme power. What exercises the supreme power is called इन्द्रिय. Therefore, in generel इन्द्रिय means अधिपति sovereign.

આની સાથે **સ્ફુટાર્થા** વ્યાખ્યાની તુલના કરતા कः पुनरिन्द्रियार्थः ? "इदि परमैश्वर्ये" [पाणिनिधातुपाठ ६४] इन्दन्तीति इन्द्रियाणि, अधिपतय इत्यर्थः.—આવુ સસ્કૃત ભાષ્ય હશે એમ લાગે છે. इन्द्रिय એટલે अधिपति. કઇ કઇ ઇન્દ્રિયનુ કોના કોના ઉપર આધિપત્ય છે? એનું વિસ્તૃત વર્ણન અભિધર્મકોશમાં છે.

4. बुद्ध सरण गच्छामि, धम्मं सरण गच्छामि, सघ सरण गच्छामि—આ જે બૌદ્ધોને ત્યાં ત્રણ શરણ છે તે અહીં વિવક્ષિત છે.

વિવેકદૃષ્ટિ બનો

લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

કોઈ માનવી કષાય અથવા તો તિરસ્કારના ભાવોથી મોં બગાડીને કોઈ માણસને કહી બેસે કે તું તો પશુ છે, તો ઉપશમ ભાવ વગરનો અજ્ઞાની જીવ તરત જ આશ્ચર્ય, શોક કે ક્રોધાદિના વિકારોથી ઘેરાઈ જશે; કારણ કે માનવ દેહધારી પુદ્‌ગલાનંદી અજ્ઞાની જીવ માત્ર પોતાને એમ માને છે કે-અમે માણસ છીએ આવા જડાસક્ત માણસો આકાર માત્રને જ માણસ માનવાવાળા હોય છે. પણ માનવીની ઓળખાણ કરાવનાર લક્ષણો તરફ તેમનું લક્ષ્ય હોતું નથી. દરેક વસ્તુને ઓળખાવવાને તેનામા ખાસ ધર્મ રહેલો હોય છે જેમકે મીઠાશ સાકરને ઓળખાવે છે, કડવાશ કરીઆતાને, ઉષ્ણતા અગ્નિને, સુગંધી પુષ્પને અને ઉપયોગ આત્માને ઓળખાવે છે તેમ વિવેક (માણસાઇ) માણસને ઓળખાવે છે જેમાં વિવેક ન હોય તે માત્ર આકારથી માણસ કહેવાય અને તેથી તે માનવ જીવનનુ તાત્વિક ફળ મેળવી શકે નહિ માનવીને જે મુક્તિનો અધિકારી જણાવ્યો છે તે વિવેકદૃષ્ટિ માનવીની અપેક્ષાથી જ છે પણ વિવેકશૂન્ય માત્ર માનવદેહની અપેક્ષાથી નથી કહ્યો. અને તેથી કરીને જ માનવીને યોગ્યતા અયોગ્યતાના પ્રમાણમા બધીય ગતિઓનો અધિકારી વર્ણવ્યો છે

જગતમા વિવેક અનેક પ્રકારે ઓળખાય છે. કોઇ માણસ કોઇને ત્યા મળવાને કે બેસવાને માટે જાય છે ત્યારે ઘરધણી મળવા આવ-

---

विचार्यमाणं सुगतशासनं निःसारत्वान्न युक्तिक्षमत इति।" 5[तत्त्वार्थहारिभद्री ७।८]

અભિધર્મકોશભાષ્ય અને તેની સ્ફુટાર્થા વ્યાખ્યા સાથે તુલના કરવાથી અહિંસાસબંધી તત્ત્વાર્થટીકાન્તર્ગત ચર્ચા બરાબર સ્પષ્ટ સમજી શકાશે એમા કશી શકા નથી સંશોધન-સંપાદન તથા અર્થપરિજ્ઞાનને વ્યવસ્થિત અને ચોક્કસ કરવા માટે પૂર્વપક્ષાદિના મૂલભાગો શોધવાની દિશામાં પ્રયત્ન થવાની અનિવાર્ય આવશ્યકતા છે આ રીતે થાય તો કઠિન લાગતાં સ્થળોનાં પઠન-પાઠનમાં પણ અતિ સરલતા આવે તેમ જ **આપણા પૂર્વાચાર્યો વિશાળદૃષ્ટિથી સતત જાગરુક રહીને પરદર્શનનાં આક્રમણોનો ભૂતકાળમાં કેવો તીવ્ર પ્રતિકાર કરતા હતા એ પણ યથાર્થ રીતે પ્રકાશમાં આવે.**

મુ તલેગાંવ ઢમઢેરે, જીલ્લા-પુના
સં. ૨૦૦૪, શ્રાવણ સુદ ૧૧.

मुनिराजश्रीभुवनविजयान्तेवासी,
मुनि जम्बूविजय।

---

5. વાચકો આ પણ ખ્યાલમાં લે કે, "असदभिधानमनृतम्" [तत्त्वार्थ सूत्र-७।८] સૂત્રની ટીકામાં "अन्यथासञ्ज्ञिनो वाक्यमर्थाभिज्ञे मृषावच।" આ જે કારિકાર્ધનુ ખંડન છે તે પણ અભિધર્મકોશની જ [૪।७४] કારિકા છે

નારને આવકાર આપે છે, ઊભો થઇ સામે જાય છે, ગાદી-તકીયા કે ખુરશી ઉપર બેસાડીને ક્ષેમ-કુશળ પૂછે છે, ચા-પાણી માટે આગ્રહ કરે છે. ઇત્યાદિ દેખીતી રીતે વિનય ભરેલા વર્તાવને-પછી ભલે મનમાં તિરસ્કાર જ કેમ ન હોય તો પણ તેને વિવેક કહેવામાં આવે છે. લગ્ન તથા જન્મમરણના પ્રસંગોમાં એક બીજાને ત્યાં જવું, કાંઇપણ કામ માટે પૂછવું અને બતાવે કે ન બતાવે તો પણ ઉત્સાહ બતાવી કોઈપણ કામ કરવા મંડી પડવું, આવી આચરણા પણ વિવેક તરીકે ઓળખાય છે. નહિં ચાલે, જવું પડશે, રહેવું પડશે, આવવુ પડશે, છૂટકો નથી, કરવું પડશે, આપવું પડશે, ખોટું દેખાય, નમવુ પડશે, ઇત્યાદિ જે લોક વ્યવહાર મરજી વગર-અનિચ્છાએ પણ ફરજિઆત કરવામાં આવે છે કે જે એક પ્રકારનો દંભ છે તેને પણ લૌકિક જનતા વિવેક કહે છે. જેનાથી પોતાનો સ્વાર્થ સારી રીતે સધાતો હોય તેવાને તન-મન-ધનથી મદદ કરવી, બીમારીની અવસ્થામા સેવા કરવી, પોતાનો તામધ ધો છોડીને પણ વખતનો ભોગ આપવો-આવો પણ એક પ્રકારનો વિવેક મનાય છે. રસ્તામાં બે ત્રણ જણ વાતો કરતા ચાલ્યા જતા હોય અને સામેથી સુખી-ધનાઢ્ય કોઈ પરિચિત માનવી મળે તો મો ઉપર પૂર્ણ જ પ્રસન્નતા દેખાડીને હાથ જોડવાપૂર્વક તેના અત્યંત વખાણ કરવા, છતા અછતા ગુણો ગાવા, તેના કાર્યોની શ્રેષ્ઠતા બતાવીને પ્રશંસા કરવી અને પછી છૂટા પડીને પોતપોતાને રસ્તે ચાલવા માંડ્યું કે તરત જ તેની પીઠ પાછળ તેના દોષો બતાવીને વખોડવું-આવો પણ એક રીતે વિવેક ગણાય છે. આ પ્રમાણે જગતમા વસનારા માણસોએ અનેક પ્રકારે વિવેકની વ્યવસ્થા કરી છે પણ જે વિવેકથી માણસ બની શકાય છે તે વિવેક જુદા જ પ્રકારનો છે. માણસને મુક્તિનો અધિકારી બનાવનાર વિવેકમાં જડાસક્તિ-સ્વાર્થ-માયા-પ્રપંચ-દંભ કે મિથ્યા આડંબર જેવું કશુંય હોતું નથી. જડચૈતન્યના સંયોગ સ્વરૂપ બનાવટી સંસારમાં અનેક પ્રકારની વસ્તુઓ દૃષ્ટિગોચર થઇ રહી છે. આ બધીય વસ્તુઓમાં નકામું કાંઇ પણ નથી અને જે નકામું છે તે આકાશપુષ્પની જેમ અભાવસ્વરૂપ છે, એટલે કે તે નથી જ. કોઇને પણ જરૂરત ન પડે એવી વસ્તુની સંસારમાં હયાતી જ નથી. ઉપયોગી બધીય વસ્તુઓની બધાય જીવોને જરૂરત પડતી નથી કોઇને કોઇ વસ્તુની જરૂરત હોય છે તો બીજાને બીજી વસ્તુની જરૂરત હોય છે, અર્થાત્ એકને જે વસ્તુ ઉપયોગી હોય છે તે જ વસ્તું બીજાને નિરુપયોગી હોય છે. અને એટલા માટે જ વસ્તુઓના બે ભાગ પડે છે અથવા તો વસ્તુઓ બે પ્રકારની હોય છે તેમાં એક હેય-ત્યાગવાયોગ્ય અને બીજી ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય છે. એક વસ્તુ એકને હેય હોય છે ત્યારે તે જ વસ્તુ બીજાને ઉપાદેય હોય છે. આ બન્ને પ્રકારની વસ્તુઓને સાચી રીતે ઓળખીને ઉપાદેય વસ્તુઓનો આદર અને હેય વસ્તુઓનો ત્યાગ કરવો તે તાત્ત્વિક વિવેક કહેવાય છે.

સંસારમાં સકર્મક જીવોના કર્મને લઇને અનેક ભેદ પડ્યા છે તેવી જ રીતે જીવોએ ગ્રહણ કરેલા પુદ્‌ગલ સ્કંધસ્વરૂપ દેહોમાં પણ કર્મને લઇને જ ભિન્ન ભિન્ન સંસ્થાન-આકૃતિ તથા વર્ણાદિમા વિવિધતા જણાય છે. દેહાદિ રૂપી જડ વસ્તુ અને અરૂપી આત્મા ચેતનસ્વરૂપ બંનેમાં પરસ્પર હેયોપાદેયતા રહેલી છે. ભિન્ન ગુણ ધર્મવાળી વસ્તુઓ પરસ્પર એક બીજાને માટે હેય હોય છે, કારણ કે આવી વસ્તુઓ એક બીજાની પ્રકૃતિમાં વિકૃતિ ઉત્પન્ન કરે છે. જે વસ્તુઓ પરસ્પર એક બીજીની પ્રકૃતિની પોષક હોય તેવી વસ્તુઓ એક બીજીને

માટે ઉપાદેય હોઇ શકે છે. આત્માને માટે જડાત્મક વસ્તુ માત્ર હેય–ત્યાગવા યોગ્ય છે, કારણ કે જડ તથા જડના વિકારસ્વરૂપ વસ્તુઓ આત્માની જ્ઞાનાદિ પ્રકૃતિઓને વિકૃત બનાવે છે જેનું પ્રત્યક્ષ હેયોપાદેય વસ્તુઓના ત્યાગ તથા ગ્રહણરૂપ વિવેકદ્વારા આત્મવિકાસ કરનારા જ્ઞાની પોતે તો છે જ પણ તેમના વચનોનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરનારાઓને પણ હોય છે કે અનાદિ કાળથી જડ સ્વરૂપ કર્મ તથા કર્મના વિકાર સ્વરૂપ કષાયવિષયના ઉપાદેયપણાથી–આદર કરવાથી આત્મામાં થયેલી વિકૃતિને લઇને અનેક ભેદવાળા આત્માઓ જણાય છે, જે ચાર ગતિ અને ચોરાસી લાખ જીવાયોનિ કહેવાય છે તે આત્માની વિકૃત દશાનું પરિણામ છે અને તે હેય વસ્તુઓના આદર કરવાથી જ આવ્યું છે.

હેય–ઉપાદેય વસ્તુઓને જાણવા માત્રથી વિવેકી કહેવાય નહિં, કારણ કે બીજાનું જણાવેલું જાણનારાઓ પણ અવિવેકનું ફળ મેળવી શકે છે માટે બીજાનું–જ્ઞાનીયોનું જણાવેલું જાણીને તેના આલંબનથી પોતે જ્ઞાની બનવાની જરૂરત છે. અર્થાત માનવી જ્ઞાની પુરુષોના વચનો વાંચીને કે સાંભળીને પોતે કહી સંભળાવે છે અને સમજાવે છે, પણ જ્યાં સુધી હેયોપાદેયનો આદર કરીને સમ્યગ્ જ્ઞાની બની શકાય નહિં ત્યાં સુધી વિવેકદષ્ટિ કહી શકાય નહિં, અને એટલા માટે જ ભિન્નદશપૂર્વી–કાંઇક ઊણા દશ પૂર્વ જાણનારને અવિવેકી કહ્યા છે કારણ કે તે બીજાનું કહેલું માત્ર જાણે છે પણ પોતે જ્ઞાની નથી, એટલે કે તે જ્ઞાનીયોના વચનોથી હેય-ઉપાદેયને માત્ર જાણે જ છે પણ પોતે ત્યાગવા યોગ્યનો ત્યાગ અને આદરવા યોગ્યનો આદર ન કરવાથી અજ્ઞાની–અવિવેકી કહેવાય છે. અને તેથી કરીને તે જન્મ–જરા–મરણમાંથી છૂટી શકતો નથી, જો કે આવા અવિવેકી જીવો પણ બાહ્ય હેયને ત્યાગે છે અને ઉપાદેયને ગ્રહણ કરે છે જેથી સ્થૂળ દષ્ટિવાળા તેમને ત્યાગી કે જ્ઞાની તરીકે ઓળખે છે છતાં તાત્ત્વિક દષ્ટિથી જોનારા જ્ઞાની પુરુષો તો તેને ત્યાગી કે જ્ઞાની માનતા નથી. કારણ કે સમ્યગ્ જ્ઞાનીયોની દષ્ટિમાં સમ્યગ્દષ્ટિ જ્ઞાની હોઇ શકે છે અને જ્ઞાની જ સાચા હેયોપાદેયનો આદર કરી શકે છે, અને સાચો ત્યાગી પણ તે જ હોઈ શકે છે. અજ્ઞાની જે હેયોપાદેયનો આદર કરીને અણજાણ જનતામાં ત્યાગી અને જ્ઞાની કહેવાય છે તે તાત્ત્વિક હેયોપાદેયનો અનાદર કરવાથી ત્યાગનું સાચું ફળ મેળવી શકતો નથી. જે તાત્ત્વિક હેયોપાદેયને જાણતો નથી, શ્રદ્ધતો નથી, આદર પણ કરતો નથી તે અતાત્ત્વિક હેયોપાદેયનો આદર કરવા છતાં પણ અજ્ઞાની અવિવેકી જ કહી શકાય છે. અને તે મિથ્યાદષ્ટિ તથા અભવ્યના ત્યાગથી સ્પષ્ટ સમજાય છે.

આત્મા ઉપાદેય છે અને જડ હેય છે. સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ આત્માના ધર્મો ઉપાદેય–ગ્રહણ કરવા યોગ્ય છે અને વર્ણ, ગંધ તથા રસાદિ પુદ્ગલના ધર્મ હેય–ત્યાગવા યોગ્ય છે કષાય વિષય ત્યાગવા યોગ્ય છે, સમભાવ–શાંતિ–સંતોષ ગ્રહણ કરવા યોગ્ય છે, પૌદ્ગલિક વસ્તુ માત્ર જ્ઞાન–આનંદ–સુખ તથા જીવનની બાધક છે પણ સાધક નથી ઇત્યાદિ તાત્ત્વિક હેયોપાદેયના આદરનો મિથ્યા દષ્ટિના ત્યાગમાં અભાવ હોય છે છતાં માત્ર ચર્મચક્ષુથી જોનાર જનતા તેને ત્યાગી તથા વિવેકી કહે છે પણ જ્ઞાનદષ્ટિથી જોનારને તે માન્ય નથી. તે જ્ઞાની પુરુષોએ કથન કરેલી ગુણસ્થાનકોની વ્યવસ્થા ઉપરથી સમજી શકાય છે. તાત્ત્વિક વિવેકીની શરૂઆત ચોથા ગુણઠાણાથી થાય છે. તેની પહેલાના ગુણસ્થાનમાં એટલે કે ખાસ કરીને પ્રથમ ગુણસ્થાનકમાં રસ,

ઋદ્ધિ અને સાતા ગૌરવતાનો તારતમ્યપણે આદર હોય છે, રાગ-દ્વેષ તથા મોહની સારી રીતે ઓળખને લઈને હેયસ્વરૂપ કષાય તથા વિષયનો અત્યાદર હોય છે, તેમજ હેય ધર્મને ઉપાદેય ધર્મપણે અણજાણને સમજાવીને પૌદ્ગલિક વસ્તુઓના અનુકૂળ ગુણ-ધર્મો મેળવીને સંતોષ માને છે માટે જ મિથ્યાદૃષ્ટિમા હેયોપાદેયનો આદર હોવા છતા પણ તાત્વિક દૃષ્ટિથી તે વિવેકી કહેવાતો નથી, કારણ કે વિવેકી આત્માઓ તો રાગ-દ્વેષ તથા મોહને હેય સ્વરૂપ સમજતા હોવાથી રાગાદિવાળી પ્રવૃત્તિઓને ધર્મપણે ઓળખાવીને પ્રધાનતા આપતા નથી. જે પ્રવૃત્તિ રાગ દ્વેષાદિને ઉત્તેજિત કરવાવાળી હોય અથવા તો ખોટાને સાચુ સમજાવવા માયા-પ્રપંચનો આશ્રય લેવો પડતો હોય તેવી પ્રવૃત્તિને વિવેકી પુરુષો આદરતા જ નથી

કેટલાક માનવી બુદ્ધિશાળીને વિવેકી માનવામા મોટી ભૂલ કરે છે, કારણ કે બુદ્ધિમા તથા વિવેકમા મોટુ અતર છે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી બુદ્ધિશાળી તથા વિદ્વાન બની શકાય છે પણ વિવેકી બની શકાતુ નથી વિવેકી બનવાને માટે દર્શન મોહના ઉપશમાદિ ભાવોની ખાસ જરૂરત છે. તે સિવાય તો વિવેકી બની શકાય જ નહિં, માટે બુદ્ધિશાળી અથવા તો વિદ્વાન વિવેકી હોય જ એવો નિયમ નથી તેવી જ રીતે વિવેકી અવશ્ય વિદ્વાન હોવો જ જોઈયે એવો પણ નિયમ નથી વિવેકી જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થોડુક પણ ભણેલો હોય તો પણ તે જ્ઞાની કહેવાય છે અને અવિવેકી દ્વાદશાગ જાણતો હોય કે જનતામા સમર્થ વિદ્વાન કહેવાતો હોય તોયે તે અજ્ઞાની છે માટે જ વિવેક અને બુદ્ધિ બને જુદી વસ્તુ છે અવિવેકી વિદ્વાન સ્વ-પર આત્માનુ જેટલુ અહિત કરી શકે છે તેના અસંખ્યાતમે ભાગે પણ અવિદ્વાન વિવેકી કરી શકતો નથી. વર્તમાન કાળમા કહેવાતા અવિવેકી વિદ્વાનો અણજાણ જનતાને હેય વસ્તુને ઉપાદેય અને ઉપાદેય વસ્તુને હેય સમજાવવા વિવેકશૂન્ય બુદ્ધિનો ઉપયોગ કરવાવાળા ઘણા જણાય છે કેટલાક વિવેકશૂન્ય વિજ્ઞાનને પ્રધાનતા આપી વખાણે છે પણ અજ્ઞાનના કૂપમા પરિણમેલા વિજ્ઞાનથી થતો વિનાશ પ્રત્યક્ષ થઈ રહ્યો છે તેથી સ્પષ્ટ જણાય છે કે વિજ્ઞાન પણ એક પ્રકારનું અજ્ઞાન હોવાથી જ પરિણામે ઐહિક અને આમુષ્મિક બને લોકમા માણસોનુ અહિત કરનાર જ નીવડયુ છે અને તે વિવેકશૂન્યતાનુ જ પરિણામ છે, છતા પુદ્ગલાનંદી જીવોને તેનાથી વિવિધ પ્રકારના વૈષયિક સાધનો મળવાથી તેઓ અત્યારના વિજ્ઞાનીયોની ખૂબ જ પ્રશંસા કરે છે, અને જ્ઞાની પુરુષો કરતા પણ વધીને તેમની બુદ્ધિકાશલ્યતાને પ્રધાનતા આપે છે પણ તેમનુ લક્ષ્ય આત્મશક્તિની ક્ષીણતા તરફ જરાય હોતું નથી તેમજ જડાસક્તિને લઈને આત્માની સ્વતંત્રતા નષ્ટ થઈ રહી છે તે પણ તેમને સમજાતું નથી રાગ-દ્વેષ તથા મોહગ્રસ્ત આત્માઓ અનાદિ કાળથી જ ભિન્ન ભિન્ન સમયે જડનો વિકાસ કરતા આવ્યા છે અને તેના અંગે સંસારમા જન્મ-મરણની સામગ્રીનો સંગ્રહ તથા વધારો કરતા આવ્યા છે અને કરી રહ્યા છે જો કે અવિવેકમૂળ તિર્યંચ આદિની જાતિઓમાં તો જીવો ભવ વૃદ્ધિની સામગ્રી ભેગી કરે જ છે, પણ વિવેકદૃષ્ટિ બનવાના અધિકારી માનવ જીવનમા પણ અવિવેકી રહીને પુદ્ગલાનંદીપણે-જડાસક્તિથી જેઓ કર્મથી વધારે લેપાઈ રહ્યા છે અને ભવોની સંખ્યા વધારી રહ્યા છે તેઓ માનવ જીવનની અવગણના કરી રહ્યા છે તેમજ મોહની શિખવણીથી આત્મસંપત્તિ કરતા જડસંપત્તિ

મે વધારે કીમતી સમજી રહ્યા છે. જેથી કરીને હેયોપાદેયરૂપ વિવેકની વાત જ ગમતી નથી. જડનો વિકાસ થવાથી વૈષયિક વાસનાઓ વધુ પોષાય છે અને વિવેક નષ્ટ થાય છે છતાં મોહના દાસ બનેલા જીવોને તે ગમે છે. જડનો જેટલો વિકાસ થાય છે તેનાથી વધીને આત્મવિકાસ ગુણનો નાશ થાય છે એટલે અજ્ઞાનતા પણ પુષ્કળ પ્રમાણમાં વધે છે. યદ્યપિ જડાસક્તોને અજ્ઞાનપણું આત્માને માટે જ હોય છે એટલે આત્માને. તેઓ સારી રીતે ઓળખી શકતા નથી; પણ જડને તો સારી રીતે જાણુ હોય છે, કારણ કે તેઓ વૈષયિક સુખના સાધનો મનગમતા સારામાં સારા બનાવી શકે છે અને તેને વાપરીને સારામાં સારી સુખ-શાંતિ અનુભવીને અત્યંત સંતોષ મનાવે છે તેથી તેમનો અવિવેક પણ સારી રીતે પોષાય છે. આવી રીતે હેયને જ ઉપાદેયની શ્રદ્ધાથી સ્વીકારતા હોવાથી તાત્ત્વિક દૃષ્ટિથી તેઓ અજ્ઞાની જ હોય છે છતાં તેમને વિજ્ઞાની કહેવામાં આવે છે તે એક પ્રકારની જડાસક્તિનું સૂચક છે. આત્માને સારી રીતે ઓળખી તેની મહત્તા સંમજનાર તત્વદૃષ્ટિ વિવેકી પુરુષો વિષય-પોષક જડના ધર્મનો વિકાસ કરનારને વિજ્ઞાની તરીકે ગણતા નથી, કારણ કે વિજ્ઞાન તો આત્માનો ગુણ છે તેના વિનાશક જડનો વિકાસ કરનાર. જ્ઞાનને વિજ્ઞાન કેવી રીતે કહી શકાય? આત્મવિકાસક બોધ સિવાયનું જ્ઞાન વિજ્ઞાન હોઇ શકે જ નહિં અને જે વિજ્ઞાન છે તેનાથી આત્માનું અહિત કે અકલ્યાણ થાય જ નહિં માટે જ દર્શન મોહનો જ્યાં સુધી ગાઢ ઉદય હોય ત્યા સુધી વિજ્ઞાન પણ કહેવાય નહિ. જ્ઞાન-અજ્ઞાન તથા વિજ્ઞાન આત્મસ્વભાવની અવસ્થાઓ છે અને તે ઔદયિકાદિ ભાવોને લઇને થયેલી છે. જ્ઞાનાવરણ, દર્શનમોહ અને ચારિત્રમોહ આ ત્રણમાંથી એકલા જ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોય તો જ્ઞાન, અજ્ઞાનપણે ઓળખાય છે. જ્ઞાનાવરણ તથા દર્શનમોહ બંનેનો ક્ષયોપશમ અથવા તો દર્શનમોહનો ઉપશમ કે ક્ષય હોય તો જ્ઞાન, જ્ઞાન તરીકે કહેવાય છે અને જ્ઞાનાવરણ, દર્શન મોહ તથા ચારિત્રમોહ ત્રણેનો ક્ષયોપશમ હોય તો તે જ્ઞાનને વિજ્ઞાનની કોટીમાં મૂકવામાં આવે છે; માટે જ જડનો જ વિકાસ કરવાવાળી બુદ્ધિ વિજ્ઞાનને ઓળખાવતી નથી; કારણ કે તેનાથી તાત્ત્વિક હિત સાધી શકાતું નથી.

વસ્તુસ્થિતિ આવી હોવાથી માણસે વિવેકી બનવું જોઈયે. શ્રી મહાવીર પ્રભુના અનુયાયી તરીકે પોતાને માનીને ધાર્મિક પ્રવૃત્તિ આદરનાર માણસોએ તો વિવેકી બનવાને માટે જ ઘણી જ કાળજી રાખવી જોઇયે; કારણ કે વિવેક વગરના ધર્મને વિવેકી પુરુષો તાત્ત્વિક ધર્મ કહેતા નથી. તેમનું માનવું છે કે-વિવેકશૂન્ય ધાર્મિક ક્રિયાઓ કરવાથી માનવી તાત્ત્વિક ફળ મેળવી શકતો નથી. ધાર્મિક ક્રિયા કરીને માત્ર ચક્રવર્ત્તી કે દેવેંદ્ર બનવાનું પૂન્ય કેમ ન મેળવ્યું હોય પણ દર્શનમોહના ઉપશમ આદિથી પ્રગટ કરેલા ઔપશમિક આનંદ તથા સુખના આગળ પુન્યથી મેળવેલા ચક્રવર્ત્તી તથા દેવેંદ્રનું સુખ અનંતાનંતમે ભાગે પણ હોઇ શકતું નથી, કારણ કે પુન્ય કર્મથી મળેલા સુખ તથા આનંદ પરપૌદ્‌ગલિક વસ્તુના સંયોગસ્વરૂપ હોવાથી ખોટા છે-સુખાભાસ છે અને મોહના ઔપશમિક આદિ ભાવોથી પ્રગટ થયેલું સુખ આદિ આત્મિક-પોતાના જ હોવાથી તાત્ત્વિક છે અને તે તાત્ત્વિક સુખ-જીવન-આનંદ આદિ વિવેકદૃષ્ટિ જીવો જ મેળવી શકે છે માટે તાત્ત્વિક વસ્તુ મેળવવાની ઇચ્છાવાળા માનવ જીવનમાં જીવનાર જીવોએ વિવેકદૃષ્ટિ થઇને સાચા માનવી બનવાની આવશ્યકતા છે.

ચિંતા.

અનુવાદક —'અભ્યાસી' બી એ

સંસારમાં કોઇ વિરલા મનુષ્યો હશે કે જેઓ કોઇ પણ ચિંતાથી પીડિત નહિ હોય ચિંતા એક પ્રકારનો ભારે માનસિક કલેશ છે જેનાથી ઘણે ભાગે કોઇ પણ વ્યક્તિ મુક્ત નથી ચિંતાનો વિષય હમેશા બદલાતો રહે છે બાળક, વૃદ્ધ, ગરીબ, અમીર, રોગી, નીરોગી સૌને કાંઇ ને કાંઇ ચિંતા તો લાગેલી જ હોય છે એટલું જ નહિ પરંતુ મનુષ્યનું જીવન જેમ જેમ વિકસિત થતું જાય છે, તેમ તેમ તેની ચિંતાનો વિષય વધારે ને વધારે જટિલ થતો જાય છે બાળકને માત્ર ભોજનપ્રાપ્તિની ચિંતા રહે છે, તે પણ ભૂખ લાગે ત્યારે જ જ્યારે તે મોટું થાય છે ત્યારે ભણવાની ચિંતા, પરીક્ષામાં પાસ થવાની ચિંતા, આજીવિકા પ્રાપ્ત કરવાની ચિંતા અને માનપ્રતિષ્ઠા, ધન દોલત વગેરેની અનેક પ્રકારની ચિંતાઓ ધીમે ધીમે એના મન પર પ્રભુત્વ જમાવે છે બાળકની ચિંતાઓ તો ક્ષણિક હોય છે, પરંતુ પ્રૌઢાવસ્થાવાળાની ચિંતાઓ વર્ષો સુધી ચાલે છે

મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે—તે ચિંતા વગર રહી જ શકતો નથી જે મનુષ્યને ચિંતા નથી હોતી તે મનુષ્ય નથી તે દેવ હોય છે અથવા પશુ હોય છે ચિંતાની મનોવૃત્તિનું વિશ્લેષણ કરવામાં આપણે તો જણાશે કે એનું કારણ [illegible] ચેતનગત અપૂર્ણતાનું જ્ઞાન હોવું એ છે માણસ ગમે તેવી સ્થિતિમાં હોય છે તો પણ તે કદિ પણ પોતાની સ્થિતિમાં સંતુષ્ટ નથી રહેતો એક જગ્યાએ અંગ્રેજ વિદ્વાન કાર્લાઇલ લખે છે કે—એક બુટ પોલીશ કરનારને અડધી સૃષ્ટિનો માલિક બનાવવામાં આવશે તો પણ તે સંતુષ્ટ નહિ થાય, તે તુરત જ બાકીની સૃષ્ટિના માલિકની સાથે ઝગડવા લાગશે આ અતૃપ્તિનું કારણ એ છે કે—સ્વાભાવિક રીતે જ આત્મા હમેશાં પોતાની સ્વરૂપભૂત પૂર્ણતા પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે જ્યાંસુધી પૂર્ણતાને પ્રાપ્ત નથી કરી લેતો ત્યાં સુધી સંતુષ્ટ રહી શકતો નથી તેની ચિંતાનો વિષય કોઇ ને કોઇ રહેવાનો જ

તે પૂર્ણતા શું છે? શું તે અપૂર્ણતાની અનુભૂતિના અભાવમાં છે? હા કોઇ કોઇ માણસો ભ્રમવશ બનીને એ વાતમાં વિશ્વાસ રાખે છે, ચિંતાથી વ્યાકુળ થયેલ માણસ ત્રણ વસ્તુનો આશ્રય લે છે નિદ્રા, નશો અને મૃત્યુ મનુષ્યને જે દુ:ખ છે તે તેની ચેતનતાને કારણે જ છે જે વખતે તે પોતાની ચેતનતા ખોઇ બેસે છે તે વખતે તેની ચિંતાઓ તેમજ વ્યથાઓ પણ વિલીન થઇ જાય છે નિદ્રા મનની અચેતન અવસ્થા છે અને તેમાં ચિંતાઓ આપોઆપ શાંત રહે છે ગાઢ નિદ્રાની અવસ્થામાં આપણે પથ્થર જેવા જડ બની જઇએ છીએ જાગ્રત કે સ્વપ્નાવસ્થામાં ચિત્ત ચંચળ રહે છે, સુષુપ્તિમાં તે શાંત થઇ જાય છે અને તેને લઇને તે જાગ્યા પછી ફરી નવી શક્તિ સાથે સંસારમાં ઉપસ્થિત થઇ જાય છે

નિદ્રા જો કે એક સુખદાયિની મનોવૃત્તિ છે તે હમેશાં ચાલુ નથી રહેતી તેનો અમુક સમય પછી આપોઆપ ભંગ થાય છે અને ફરી મનમાં અનેક પ્રકારના તરંગો ઊઠવા લાગે છે એનાથી બચવા માટે કેટલાક લોકો ભ્રમવશાત્ નશાવાળી ચીજોનું સેવન કરે છે એ તો મનને એક જાતનું કલોરોફોર્મ આપીને બેહોશ કરવાનું છે કે જેથી કરીને તે કોઇ રીતે સંસારની ચિંતાઓ ભૂલી જાય આધુનિક સુધારકો નશાવાળ

ચીજોનું વેચાણ કાયદાથી બંધ કરવા ઇચ્છે છે તેમજ મદિરાપાન અટકાવવા માટે અનેક પ્રયત્નો કરે છે, પરંતુ દુઃખની અનુભૂતિનો અભાવ કરવા માટે નશાને સાધન માનનાર મનુષ્યો છે ત્યાં એ રીતે એ ચીજો અટકાવી શકાય તેમ નથી. જ્યાં સુધી મનુષ્યના મનને તીવ્ર ચિંતાઓ સતાવ્યા કરશે ત્યાં સુધી તે તેનાથી મુક્તિ મેળવવાના એવા કોઇ ને કોઇ સાધનો શોધવાનો કે જેનાથી એને કૃત્રિમરૂપે અચેતનતા પ્રાપ્ત થઇ જાય.

જે મનુષ્ય એવી ચિંતાઓથી પીડાતો હોય છે કે જેનાથી છૂટકારો પામવાની તેને કોઇ પણ આશા જ નથી દેખાતી તે મૃત્યુને આહ્વાન કરે છે. મૃત્યુ દીર્ઘ કાળ સુધી રહેનારી નિદ્રા છે. બન્ને અવસ્થામાં મનનો આશ્રય અભાવ છે.

પરંતુ સમજુ મનુષ્ય ચિંતાથી મુક્ત થવા માટે નિદ્રા તેમજ નશાનો આશ્રય લેતો નથી તેમજ મૃત્યુનો આશ્રય પણ લેતો નથી. એ આશ્રય લેવો એ તો જ્ઞાન માર્ગથી વિમુખ થવાનું છે, જીવન-સંગ્રામથી ભાગી જવાનું છે. આપણે યાદ રાખવું જોઇએ કે અવિવેકી અને કાયર મનુષ્ય કદી પણ સુખી રહેતો નથી. ચેતનતા આવે છે કે તરત જ એના માથે ફરી ચિંતા સ્વાર થઇ બેસે છે. એટલું જ નહિ પણ વારંવાર જીવનસંગ્રામમાં ભાગ ન લેવાની વૃત્તિ પ્રબળ થઇ જાય છે ત્યારે મન દુર્બલ થઇ જાય છે અને એનાં પરિણામ રૂપે તેના મનની સાથે મહાભયકર ચિંતાઓ ખડી થઇ જાય છે જે એના દુઃખને ખૂબ જ વધારી મૂકે છે. ચિંતાના સ્વરૂપને જાણવાથી જ આપણે ચિંતાથી મુક્ત થઇ શકીએ છીએ. ચિંતા આધ્યાત્મિક શક્તિના હ્રાસથી પેદા થાય છે. જ્યારે આપણે વારંવાર કોઇ પણ વિષયનું ચિંતન કરીએ છીએ ત્યારે આપણી માનસિક શક્તિ ખર્ચાઇ જાય છે. માનસિક શક્તિ ખર્ચાઇ જતા કોઇ પણ વિષયનું મનમાં આવવું ચિંતાનું કારણ થઇ પડે છે. જેવી રીતે જ્વરથી પીડાતા મનુષ્યને સર્વ પ્રકારનું ભોજન કડવું લાગે છે તેવી રીતે માનસિક શક્તિ વગરના મનુષ્યને દરેક સાંસારિક વિષય ચિંતાનું કારણ બની જાય છે. વિષયો સંબંધી વિચાર કર્યા કરવાથી ચિંતાઓ ઓછી થતી નથી, બલ્કે વધતી જ રહે છે. વિષય-ચિંતન જ ચિંતાનું સ્વરૂપ છે. જો કોઇ મનુષ્ય ચિંતાથી મુક્ત થવા ઇચ્છતો હોય તો તેણે કોઇપણ વિષય સંબંધી વધારે વખત સુધી વિચાર ન કરવો જોઇએ. એમ કરવાથી જ આપણા જીવનની અનેક સમસ્યાઓને આપણે સહજમાં હલકી કરી શકીએ છીએ. આંગ્લ વિદ્વાન એડવર્ડ કાર્પેન્ટર એક પુસ્તકમાં લખે છે કે તુરતને માટે વિચાર માત્રનો વિનાશ કરી દો. પછી એ વિચારની શક્તિ અવ્યક્તરૂપે તમારી સમસ્યાઓને સહજમાં ઉકેલી દેશે.

જ્યારે ઇસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને સ્વધર્મ-પ્રચાર અર્થે દેશવિદેશમાં મોકલ્યા ત્યારે તેણે તેઓને ઉપદેશ આપ્યો કે "તમારે હમેશા નીડર બનીને લોકોને ઇશ્વરનો માર્ગ દેખાડવો. કોઇ તમને તકલીફ દે તો તે સહન કરવી. તમને ગિરફતાર કરીને કોઇ ન્યાયાધીશની સામે ઊભા કરવામાં આવે તો તમારે શો જવાબ આપવો તેનો વિચાર ન કરવો. ન્યાયાલયમાં જે કાંઇ મનમાં આવે તે તેને કહી દેવું."

આ ઉપદેશમાં એટલું સ્પષ્ટ છે કે પોતાના ભવિષ્ય સંબંધી વધારે પડતા નકામા વિચાર કર્યા કરવાથી જ માણસ દુઃખી બને છે.

ચિંતાનો નાશ કરવાનો એક ઉપાય એ છે કે-આપણે હમેશા એમજ વિચારવું કે-જે કાંઇ બને છે તે આપણા કલ્યાણ માટે જ છે. આ ભાવનાને દૃઢ કરવાના પ્રયત્નને લયયોગ કહેવામાં આવે છે. આપણા જીવનમાં એવી એવી અનેક ઘટનાઓ બને છે કે જે એ વખતે તો ખરાબ લાગે છે, પરંતુ કાળાન્તરે તે જ કલ્યાણરૂપ બની જાય છે. ધૈર્યવાન પુરુષ એટલા માટે જ કોઇપણ તાત્કાલિક હાનિકારક ઘટનાથી પોતાની જાતને દુઃખી બનાવતો નથી. એ તો એ ભાવના

ને દૃઢ કરે છે કે જે આજે દુઃખદાયક છે તેનું પરિણામ ભવિષ્યમાં સારું જ આવશે. આપણે સર્વજ્ઞ નહિ હોવાથી ભવિષ્યમાં થનારી વાતો નથી જાણી શકતા, પરંતુ આપણે વિચારોમાં તે અનુસાર ફલિત થવાની શક્તિ રહેલી છે. જેનો જે પ્રકારનો વિશ્વાસ હોય છે, જેવી ભાવના હોય છે, તેવી જ તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મનુષ્યના વિચાર એક બીજ સરખા છે જે કેટલાય દિવસો સુધી અવ્યક્ત રહીને સંસારમાં વૃક્ષના રૂપમાં પ્રકટ થાય છે. આપણે અવ્યક્ત પ્રકૃતિની ભૂમિમાં જેવા વિચાર-બીજ નાખીએ છીએ તેવાં જ વૃક્ષ, ફળ, ફૂલ આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. એ એક અચલ સિદ્ધાંત છે.

જે મનુષ્યને ઇશ્વરમાં શ્રદ્ધા નથી હોતી તેનાં ચિત્તને ચિંતા હમેશાં વિકલ કરે છે. ઇશ્વર-શ્રદ્ધા એ વિચારને દૃઢ કરે છે કે ઇશ્વરના નિયંત્રણમાં સઘળું કલ્યાણ માટે જ બને છે. મનનું સ્વરૂપ જ સંકલ્પ-વિકલ્પાત્મક છે. ઇશ્વરારાધન મનની આ પ્રકારની ચંચળતાને રોકે છે. જ્યારે મન શાંત બને છે ત્યારે ચિંતાઓ આપોઆપ વિલીન થઇ જાય છે, તેથી ઇશ્વરારાધનનો નિત્ય અભ્યાસ કરવો એ ચિંતાથી મુક્ત થવાનો અમોઘ ઉપાય છે.

ઇશ્વરારાધનથી આંતરિક શાંતિ જ પ્રાપ્ત થાય છે એટલું જ નહિ પણ ચિત્તમાં વિષય વિરામ ઉત્પન્ન થઇ જાય છે તેમજ ધીમે ધીમે આત્મ જ્ઞાનનો ઉદય થાય છે. અને એ વાત પણ પ્રત્યક્ષ થઇ જાય છે કે-આત્મા પોતે જ આનંદ રૂપ છે. સાંસારિક વસ્તુઓનો આનંદ આત્માનંદનો આભાસ માત્ર છે. જેવી રીતે નારસીસસ નામનો ગ્રીક બાળક પોતાનો પડછાયો જોઇને તેના સ્વરૂપથી મુગ્ધ થઇ ગયો હતો તેવી રીતે આપણે આપણાં સ્વરૂપનું પ્રતિબિંબ સંસારમાં જોઇને મોહમાં ફસાઇ ગયા છીએ. જ્યાં સુધી મનુષ્યને આત્મજ્ઞાન નથી થતું ત્યાં સુધી હમેશાં ચિંતા અને દુઃખ ચાલુ રહેવાના જ. એ કુદરતે મોકલેલા દૂતો છે જે હમેશાં મનુષ્યને બેચેન કર્યા કરે છે. એટલા માટે જ માણસ પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કરે છે.

આપણે કોઇ ધનવાન અથવા વૈભવી માણસને જોઇએ છીએ ત્યારે એમ જ વિચારીએ છીએ કે એને કોઇ પ્રકારની ચિંતા નહિ હોય, પરંતુ ખરી વસ્તુસ્થિતિ આનાથી તદ્દન વિપરીત છે. ગરીબ માણસને થોડી ચિંતા હોય છે, પણ ધનવાન મનુષ્યને પોતાના ધનની રક્ષા તેમજ વૃદ્ધિ માટે ભારે ચિંતાઓ રહે છે. સંસારમાં કોઇપણ વસ્તુ માનસિક પ્રયત્ન વગર મેળવી શકાતી નથી તેમજ સ્થિર રહેતી નથી-જ્યાં આપણે એ પ્રયત્નને વ્યક્ત રૂપમાં નથી જોતાં ત્યાં તે અવ્યક્ત રૂપમાં પણ હોય છે.

વાસ્તવિક રીતે દ્રવ્યપ્રાપ્તિ માટે માણસને અનેક જાતનાં પાપાચરણ કરવા પડે છે. ધનવાન પુરુષ એક તરફ ઘણો ચાલાક હોય છે અને બીજી તરફ જગતમાં તે એવી ખ્યાતિ ચાહે છે કે સૌ લોકો તેને ભલો અને ઇમાનદાર કહે. કેમકે તે વગર તો ધન-રક્ષા થઇ શકતી નથી. તેનું કોઇપણ કાર્ય ઘણે ભાગે નિઃસ્વાર્થ નથી હોતું. તેનું હૃદય હંમેશાં અંતર્જવાળાથી સંતપ્ત રહે છે.

જે લોકો બહારથી ખૂબ ભર્યાપૂર્યા દેખાતા હોય છે તેઓનાં અંતર સડેલાં હોય છે-તેઓનાં હૃદયાગારમાં ચિંતારૂપી સર્પ-વીંછી ઘર કરીને રહે છે અને તેમને હંમેશાં ડંખ્યા કરે છે. તેઓ એક ક્ષણ પણ શાંતિ પામી શકતા નથી.

મનુષ્યની સઘળી ચિંતાઓ પોતાની જ બનાવેલી હોય છે. કોઇપણ ભાવી ઘટના આપણી ચિંતાનો વિષય બનશે કે નહિ તે આપણાં મન ઉપર નિર્ભર છે. જે માણસનું મન નબળું હોય છે તેને આપણે એક ચિંતાથી મુક્ત કરીએ, કે તરત જ તે બીજી વાતની ચિંતા કરવા લાગશે. બાહ્ય સામગ્રીથી ચિંતાનું નિવારણ થઇ શકતું નથી. ચિંતાનું નિવારણ તો આંતરિક સ્થિતિમાં પરિવર્તન થવાથી જ થાય છે. એ પરિવર્તન સાત્વિક અભ્યાસ, ઇશ્વરારાધન, તથા આત્મજ્ઞાનથી જ થઇ શકે છે. નિર્વિષયતા પ્રાપ્ત થવી એટલે જ ચિંતાથી મુક્ત થવું અને નિર્વિષયતા જ્ઞાની પુરુષને જ પ્રાપ્ત થાય છે. ઇતિ શમ્.

શ્રી સુવિધિનાથનું સ્તવન.

સરળાર્થ (ભાવોદ્ઘાટનાર્થ સહિત.)

પંડિત લાલન.

ઉત્થાનિકા:—આ સ્તવનમાં પ્રભુગુણના લક્ષણો અને તેને સમજવાની યુક્તિઓ (અર્થાત નયનિક્ષેપાઓ) દેખાડેલ છે.

ગાથા ૧ લી:—.

દીઠો સુવિધિ જિણંદ,
સમાધિરસે ભર્યો હો લાલ. સ૦
ભાસ્યો આત્મસ્વરૂપ,
અનાદિનો વીસર્યો હો લાલ. અ૦
સકલ વિભાવ ઉપાધિ,
થકી મન ઓસર્યો હો લાલ થ૦
સત્તા સાધન માર્ગ,
ભણી એ સંચર્યો હો લાલ. ભ૦ ૧

સરળ શબ્દાર્થ:—(જિજ્ઞાસુ પોતાનો ભાવ વ્યક્ત કરતાં કહે છે કે) આજે મેં શ્રી સુવિધિનાથને સમાધિરસે ભરેલા દીઠા અને દેખતા જ મારું આત્મસ્વરૂપ જે અનાદિકાળથી હું વિસરી ગયો હતો, તેનું મને ભાસન થયું (અર્થાત્ પ્રત્યક્ષ થયુ) તેમજ મારું મન વિભાવ એટલે દેહાદિ પરભાવથી ઉસર્યું એટલે છૂટી ગયું અને મારી. સત્તામાં રહેલા સ્વાભાવિક પ્રભુના જેવા ગુણો, તેનો વિચાર કરવા તરફ સંચર્યું એટલે દોડયું.

ગાથા ૨ જી:—

તુમ પ્રભુ જાણંગ રીતિ,
સર્વ જગ દેખતા હો લાલ. હ૦
નિજ સત્તાયે શુદ્ધ,
સહુને લેખતા હો લાલ. સ૦
પરપરિણતિ અદ્વેષ-
પણે ઉવેખતા, હો લાલ ૫૦
ભોગ્યપણે નિજ શક્તિ,
અનંત ગવેખતા હો લાલ. અ૦ ૨

સરળ શબ્દાર્થ:—જગતના સર્વ જીવો આપને જાણવાની રીતિ એવી રીતે દેખે છે કે- સર્વ જીવો પોતાની સત્તાથી સ્વભાવે આપના જેવા શુદ્ધ લેખતા એટલે ગણે છે. અને પરભાવની પરિણતિ વગર દ્વેષે ઉપેક્ષે છે એટલે છોડી દે છે અને ભોગપણાથી પોતાના આત્માની અનંત શક્તિને ગવેખતા એટલે શોધતા રહે છે.

ગાથા ૩ જી—

" દાનાદિક નિજ ભાવ,
હતા જે પરવશા હો લાલ. હ૦
તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા
હો લાલ. ગ્ર૦
પ્રભુનો અદ્ભુત યોગ, સરૂપ તણી રસા
હો લાલ સ૦
વાસે, ભાસે, તાસ, તુજ જાસ ગુણ તુજ જિસા
હો લાલ. તુ૦ ૩ "

સરળ શબ્દાર્થ:—વળી દાન, લાભ, વિ. આત્મભાવો જે પરવશ હતા તેઓએ તમારી સન્મુખ થઈ તમારી દશા ગ્રહી લીધી છે. હે પ્રભુ! તમારો અદ્ભુત યોગ એટલે સમાગમ, તે સ્વસ્વરૂપ જાણવાની ભૂમિકા છે કારણ કે જેની સત્તામા પણ રહેલા સ્વાભાવિક ગુણો આપના જેવા છે તેઓને આપના ગુણો વાસે-ભાસે એટલે દેખાય છે અને જણાય છે.

ગાથા ૪ થી—

" મોહાદિકની ધૂમિ,
અનાદિની ઉતરે હો લાલ. અ૦
અમલ અખંડ અલિપ્ત,
સ્વભાવજ સાંભરે હો લાલ સ્વ૦
તત્ત્વરમણ શુચિ ધ્યાન,
ભણી જે આદરે હો લાલ. ભ૦
તે સમતારસ ધામ,
સ્વામી મુદ્રા વરે હો લાલ. સ્વા૦ ૪ "

સરળ શબ્દાર્થ:—પ્રભુ ! આપનું દર્શન થતા જ મોહ મિથ્યાત્વ અજ્ઞાનની આંધી ઉતરી જાય છે, અને મારા આત્માનો રાગદ્વેષ રહિત અમલ (એટલે નિર્મળ સ્વભાવ) અખંડ (એટલે સ્વગુણનો પૂર્ણ સ્વભાવ) પરમાં લેપાયા વિના સાભરી આવે છે. વળી પરમાત્મ સ્વરૂપમા નિર્મળ શુકલધ્યાન તરફ મારી પરિણતિ આદર કરતી રહે છે અને એ શુચિધ્યાન સમતા રસથી ભરેલી આપની મુદ્રાને ભેટતી હોય એમ લાગે છે

ગાથા ૫ મી:—

" પ્રભુ છો ત્રિભુવનનાથ,
દાસ હું તાહરો હો લાલ. દાસ૦
કરુણાનિધિ, અભિલાષ,
અછે મુજ એ ખરો હો લાલ. અ૦
આતમ વસ્તુ સ્વભાવ,
સદા મુજ સાભરો હો લાલ સ૦
ભાસન વાસન એહ,
ચરણ ધ્યાને ધરો હો લાલ ચ૦ ૫ "

સરળ શબ્દાર્થ:—હે પ્રભુ ! આપ ત્રણે જગતના જીવોના રક્ષક સ્વામી છો અને હું આપનો દાસ એટલે સેવક છું અને હે કરુણાના ભંડાર ! મારો એક અભિલાષ એ છે કે—મને મારા શુદ્ધ આત્માની વસ્તુ સદા નિરંતર સ્મરણમા રહો. વળી એ સ્વભાવનું ભાસન (એટલે દર્શન) વાસન (એટલે જ્ઞાન) તેમજ આપના સ્વરૂપમા ચરણ (એટલે રમણતા) સદા રહો !

ગાથા છઠ્ઠી:—

" પ્રભુ મુદ્રાને યોગ,
પ્રભુ પ્રભુતા લખે હો લાલ. પ્ર૦
દ્રવ્યતણે સાધર્મ્ય,
સ્વ સંપત્તિ ઓળખે હો લાલ. સ્વ૦
ઓળખતાં બહુ માન,
સહિત રુચિ પણ વધે હો લાલ. સ૦
રુચિ અનુયાયી વીર્ય,
ચરણ ધારા સધે હો લાલ ચ૦ "

સરળ શબ્દાર્થ:—જ્યારે પ્રભુના આત્મ દ્રવ્યની જેવી મુદ્રા છે તેની પ્રભુતા એટલે મહત્તા લખે એટલે જણાય, કારણ કે ત્યારે આત્મ દ્રવ્ય પ્રભુનું અને સેવકનું સમાન ધર્મવાળુ હોય છે, તેથી એ નિમિત્તવડે આપની આત્મ પ્રભુતારૂપ સંપત્તિ ઓળખાય છે અને આપણને જ્યારે એ ઓળખાય ત્યારે આપણા આત્મામાં પ્રભુનું બહુમાન થવા લાગે, અને બહુમાન થયું એટલે એવા થવાની આપણામાં રુચિ જાગે તેને અનુયાયી એટલે અનુકૂળ વીર્ય એટલે બળ, પ્રભુની ચરણધારાને એટલે પ્રભુ ચરિત્રમાં રમણ કરવા સધે એટલે સંચરે છે.

ગાથા સાતમી:—

" ક્ષયોપશમિક ગુણ સર્વ,
થયા તુજ ગુણરસી હો લાલ થ૦
સત્તા સાધન શકિત,
વ્યક્તતા ઉલ્લસી હો લાલ. વ્ય૦
હવે સંપૂર્ણ સિદ્ધ,
[1]તણી શી વાર છે હો લાલ. ત૦

૧. ક્ષયોપશમિક ગુણ આપના આલંબનથી રોકાતાં રોકાતા ક્ષાયિક ગુણ થતા હોય તેમ હવે કંઈક અનુભવાય છે.

યાત્રાના નવાણું દિવસ.

(પુ. ૪૫, અંક ૪ થી પા. ૮૫ અનુસંધાન.)

લેખકઃ—શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસી

(૩)

ગુરુદેવ, આજે દાદાના દરબારમા મારા એક સ્નેહી તરફથી રથયાત્રા ફેરવવાની છે તો રોજ કરતાં આપણી ધર્મચર્ચા કંઇક વહેલી પૂર્ણ થાય તો અનુકૂળ થઇ પડે.

હા, મહાશય, તેમ કરવામાં મને તો વાંધો નહીં આવે. હું તો સર્વ વિધિવિધાન પ્રાતઃકાળથી માંડી મધ્યાહ્ન પૂર્વે સમાપ્ત થાય એ જ પસંદ કરનારો છું. ઠંડા પહોરની ક્રિયાના આનંદની વાત અનોખી છે, પણ આજ કાલ શ્રીમન્ત વર્ગે, પોતાની ચા-પાણીની ટેવને સંતોષવા આખો ક્રમ ફેરવી નાંખ્યો છે! પખાલ પૂજનના ઘી તેઓ જ વધારે બોલે એટલે પેઢીના કાર્યકર્તાઓ પણ એમની જ સગવડ જોતા થયાં છે! ઘણી વાર મેં જોયું છે કે ઉપર રથયાત્રા ફરતી હોય ત્યારે ગણ્યાગાંઠ્યા માનવીઓની માગુંલી હાજરી હોય! ધર્મકરણી પણ ઉચિત કાળે થતી હોય તો જ ઉલ્લાસ વધે છે. જ્યાં તાપ વધવા માંડે ત્યાં ઉકળાટ સંભવે જ અને હાજરી ઓગળવાનો આરંભ થાય.

ગુરુદેવ! આપશ્રીની વાત અનુભવયુકત હોઇ સાચી છે. અમો વ્યસનની ગુલામીમાં કુદરતી લાભો ચૂકયા છીએ મારા આ સ્નેહી પાકા અભ્યાસી હોવાથી એમણે નવો જ ચીલો ગ્રહણ કર્યો છે. રથયાત્રા વહેલી કાઢવાના હોવાથી જ મારે આપનું ધ્યાન એ ચવું પડયું છે. ઠંડા પહોરની ક્રિયાનો આનંદ અનેરો છે.

ચાલો, પ્રસ્તુત ચર્ચામાં આજે હું તમને કેટલાક મુદ્દાની વાત સમજાવું. જ્ઞાન-દર્શનની વિચારણા પછી વારો ચારિત્રનો આવે, પણ એ તો રોજના અભ્યાસનો વિષય એની પ્રગતિ કર્મના ક્ષયોપશમને આભારી હોઇ, એમાં વિવિધતાનો પાર નથી જ્ઞાનદ્વારા ભિન્ન ભિન્ન પદાર્થોનું સ્વરૂપ અવધારી, આત્મા પ્રગતિના માર્ગનો સાચો 'પથિક કેમ બને એ વિચારી જે જીવન ઘડતરની ક્રિયા કરતા રહેવી એનું નામ જ ચારિત્ર એમાં તરતમતાઓ રહેલી છે.

કેવળ જાણવા' માત્રથી કે આચરણને વળગવાથી ઇષ્ટ સિદ્ધિ નથી થતી. એ સાથે દર્શન યાને શ્રદ્ધા અથવા તો જે ' સમકિત ' શબ્દથી ઓળખાય છે એ ગુણની ખાસ જરૂર રહે છે.

દેવચંદ્ર જિનરાજ,

જગત્ આધાર છે હો લાલ જ૦ ૭"

સરળ શબ્દાર્થઃ—હે પ્રભુ! મારા જ્ઞાન અને ચરણ જે ક્ષયોપશમિક હતા તે તમારા ગુણના હવે રસીયા થયા છે તે મારી સત્તામાં આપના નિમિત્તની શકિતવડે મારામાં પ્રગટ થવાનો ઉલ્લાસ ઉપજયો છે, માટે જ્યારે આ ગુણો પ્રગટ થયા છે તો સંપૂર્ણ સિદ્ધ થવાને શો વિલંબ છે? માટે હે દેવોમાં ચંદ્ર સરખા સુવિધિનાથ! આપ જગતના સકલ જંતુના આધારરૂપ છો.

'પુરુષવિશ્વાસે વચન વિશ્વાસ' એ અનુભવીઓનું વચન હોવાથી સૌ પ્રથમ આપણે આગમના પ્રણેતા અર્થાત્ જૈન ધર્મના સ્થાપક તરફ નજર નાખવી પડશે આપણને વર્તમાનમા જે જ્ઞાનથથો પ્રાપ્ત થયા છે એનો ઇતિહાસ જાણવો પડશે

આપણે વસીએ છીએ એનુ નામ ભરત ખડ છે આજે જે કાળ વર્તી રહ્યો છે તે અવસર્પિણી કાળ કહેવાય છે ઉત્તરોત્તર દરેક પદાર્થમા ન્યૂનતા થતી આવે એ એની સામાન્ય વ્યાખ્યા છે આ કાળના મધ્ય ભાગમા ધર્મના પ્રણેતા જુદા જુદા ભાગમા અનુક્રમે ઉત્પન્ન થાય છે. માતાના ગર્ભમા એ ઉત્તમ જીવો ચ્યવે છે ત્યારે તેમની માતાઓ ચૌદ ઉત્તમ પ્રકારના સ્વપ્નો જુવે છે એનો સામાન્ય ક્રમ આ પ્રકારે—

૧ હાથી, ૨ વૃષભ, ૩ કેશરીસિંહ, ૪ શ્રીદેવી, ૫ ફૂલની માળા, ૬ ચદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજા, ૯ કળશ, ૧૦ પદ્મસરોવર, ૧૧ ક્ષીરસમુદ્ર, ૧૨ વિમાન યા ભુવન, ૧૩ રત્નરાશિ, ૧૪ અગ્નિશિખા આકાશથી ઊતરતા અને સ્વમુખમા પ્રવેશતા જોનાર માતાઓ રત્નકુક્ષી કહેવાય છે, કેમકે એ ઉપરથી સૂચિત થાય છે કે તેમના ગર્ભમાં આવનાર જીવો જરૂર ઉત્તમ અને સસ્કારી હોય છે. આ નિયમ સ્પષ્ટ સ્વપ્ન જોનાર આશ્રયી છે ઝાખા જોનારી માતાઓ જન્મ આપે છે એ સતાનો હોય છે તો વીરલા, પણ તેમને તીર્થંકર નામકર્મનો બધ ન હોવાથી તેઓ છ ખડ ધરતીના માલિક એવા ચક્રવર્તીઓ થાય છે ધર્મપ્રણેતા થઇ શકતા નથી જ ધર્મ સ્થાપક થવામા પૂર્વ ભવોની તૈયારી જોઇએ છે સસ્કાર પરપરાની આવશ્યકતા છે અને કર્મ જાળમાથી આત્માને મુક્ત કરી, પ્રગતિ સાધવાની એકધારી તમન્ના સદાયે અંતરમા જળાતી રાખવી પડે છે

રાગ, દ્વેષ આદિ અઢાર દૂષણોનો જય કરનાર તે જિન. જિન એટલે જીત મેળવનાર યાને જેમના રાગ-દ્વેષ નિર્મૂળ થયા છે એવા વીતરાગ-રહ્યાસહ્યા કર્મો પર સપૂર્ણ કાબુ મેળવે અને ચાર ઘાતી કર્મોનો નાશ કરી કૈવલ્ય પ્રાપ્ત કરે ત્યારે તે અરિહત કહેવાય પછી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ સઘની સ્થાપના કરે ત્યારે તીર્થંકર કહેવાય

આ રીતે તીર્થંકર થનાર આત્માની વાણી પાત્રીશ ગુણવાળી હોય છે અને જન્મે છે ત્યારે ચાર અતિશયથી યુક્ત હોય છે દુનિયાના પણ જન્મતા જ જેને સર્વ પ્રકારની સાનુકૂળના સાપડી હોય છે તેને માટે કહેવાય છે કે-

He is born with a silver spoon અર્થાત એને તો પાણી માગતા દૂધ મળે છે. પૂર્વ પુન્યાઇનુ એ ફળ છે 'જિન' શબ્દના ચાર ભાગા આ પ્રકારે થાય

(૧) નામ જિન-માત્ર નામ-દાખલા તરીકે શાતિનાથ-નેમનાથ

(૨) સ્થાપના જિન-મૂર્તિ, ફોટો કે આરો પણ કરેલ પદાર્થ-

(૩) દ્રવ્યજિન-જિન થનાર છે છતા હજુ થયો નથી એવો જીવ

(૪) ભાવજિન-આઠ પ્રાતિહાર્યથી અલકૃત, સમવસરણમા જ વિરાજી દેશના દઇ રહેલ સાક્ષાત તીર્થંકર

જે કાળમા પ્રત્યેક પદાર્થમા વૃદ્ધિ થતી રહે છે તે ઉત્સર્પિણી કાળ કહેવાય છે ચડત કિવા અસ્તોદયરૂ ૧ યુગલ માફક આ સર્પિણી ઓ પણ વારાફરતી આવ્યા જ કરે છે એ રીતે કાળ ચક્રની ગતિ અનાદિ કાળથી ચાલુ છે ભૂતકાળમા આ રીતે પ્રત્યેક કાળમા તીર્થંકરોની ચોવિશીઓ થઈ ચૂકી છે અને ભવિષ્ય કાળમા થવાની છે એ સર્વમા ર્નચેના ચા

નામો એવા છે કે જે અવારનવાર આવ્યા જ કરે એટલે એ શાશ્વત ગણાય છે

૧. ઋષભ. ૨ ચંદ્રાનન ૩ વારિષેણ ૪ વર્ધમાન દરેક અવસર્પિણીમા ચોવીશ તીર્થંકર થાય છે અને એ નિયમ આપણા આ ભરત ની માફક બીજા ચાર ભરત અને પાચ ઐરવત મળી કુલ દસ ક્ષેત્રને લાગુ પડે છે એ ઉપરાત પાચ મહાવિદેહ ક્ષેત્રો પણ છે અને એમા તો સર્પિણી કાળની મર્યાદા નથી સદા આપણા ચોથા આરા જેવી સ્થિતિ પ્રવર્તે છે અને તીર્થંકરો વિચરતા હોય છે. એ ક્ષેત્રો સબધી વધુ વિગત હવે પછી કોઇ અન્ય પ્રસગ પર મુલતવી રાખી ચાલુ વિષયના અનુસધાનમા આગળ વધુ છુ મહાવિદેહમા વિચરતા તીર્થંકરો વિહરમાન જિન તરીકે ઓળખાય છે એમની સખ્યા સામાન્ય રીતે વીશની ગણાય છે, એ વાત સમજી લેવા જેવી છે એક મહાવિદેહમા મોટા એવા બત્રીશ વિભાગો હોય છે અને તે 'વિજય' નામથી ઓળખાય છે ભરત-ઐરવત માફક મહાવિદેહ પણ પાચ છે એ ત્રણ મળી પદર કર્મભૂમિઓ ગણાય છે એ ક્ષેત્રોમા વસતા જીવોને અસિ, મષી ને કૃષિ રૂપ ત્રિપ્રકારી વ્યવસાય હોય છે અર્થાત્ જીવન નિર્વાહ અર્થે કટાર, કલમ કે હળનો ઉપયોગ કરવો જરૂરી છે વીશની ગણત્રીમા દરેક મહાવિદેહની બત્રીશ વિજયમાથી ગમે તે ચારમા ચાર જિન વિચરતા હોય એ ધોરણે સખ્યા વીશ થાય.

'વકનકશખવિદ્રુમ' વાળી ગાથામા કુલ ૧૭૦ જિનને વદના કરવામા આવી છે તે ઉત્કૃષ્ટકાળને આશ્રયી છે. પાચ મહાવિદેહની ૧૬૦ વિજયોમા એકેક અને પાચ ભરત અને પાચ ઐરવત મળી દશ ક્ષેત્રોમા એકેક મળી કુલ ૧૭૦ જિન થાય આ અવસર્પિણી કાળમા એવો કાળ ભગવત અજિતનાથના સમયે હતો જઘન્યથી ૨૦ જિન માત્ર મહાવિદેહ આશ્રયી ગણાય ભરત, ઐરવતમા તો માત્ર ત્રીજા-ચોથા આરામા જ તીર્થંકર થવાનો સભવ છે બાકીના કાળમા તીર્થંકર નથી હોતા એટલે જઘન્ય ગણત્રીમા એ ક્ષેત્રો બકાત સમજવા

એક સો સીત્તેર નામની સખ્યામા પૂર્વે કહ્યુ તેમ પેલા ચાર નામવાળા જિન હોય નદીશ્વર દ્વીપ પર એ નામવાળા ચૌમુખજીના દેવાલયો છે

આપણા સમયમા મહાવિદેહમા શ્રી સીમધર, યુગમધર આદિ વીશ વિહરમાન જિનો છે આપણા ભરત આશ્રયી તીર્થંકર ચોવીશના નામ આ પ્રમાણે-ઋષભ, અજિત, સભવ, અભિનદન, સુમતિ, પદ્મપ્રભુ, સુપાર્શ્વ, ચદ્ર, સુવિધિ, શીતલ, શ્રેયાસ વાસુપૂજ્ય સ્વામી, વિમલ, અનત, ધર્મ, શાતિ, કુથુ, અરનાથ, મલ્લીનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિ, નેમ, પાર્શ્વ અને મહાવીરસ્વામી (ચાલુ)

વર્તમાન સમાચાર.

બીકાનેર

પજાબકેસરી આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભ સૂરિજી મહારાજ પોતાની શિષ્ય-પ્રશિષ્યાદિ મુનિ મડળી સહિત બિરાજવાથી અને આચાર્યશ્રીજીના તાત્વિક પ્રભાવશાળી વ્યાખ્યાનોથી શ્રી સઘમા ધર્મજાગૃતિ સારી આવી રહી છે

ચતુર્માસ શરૂ થતા જ તપશ્ચર્યા અને પૂજા પ્રભાવનાઓનો પ્રવાહ ચાલુ થયો હતો

સાધ્વીજી શ્રી હેમેન્દ્રશ્રીજી દર્શનશ્રીજી, પ્રકાશશ્રીજી અને ખરતરગચ્છીય સાધ્વીજી શ્રી દીપશ્રીજીએ અને કેટલાક ભાઇઓએ માસખમણ કર્યા અને ૨૮, ૨૨, ૨૦, ૧૬, ૧૫, ૧૦, ૯ વગેરે ઉપવાસો પણ ઘણા થયા, અઠ્ઠાઇઓ આદિનો તો પાર જ ન હતો

આ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવો, નિર્વાણના વરઘોડાઓ, પ્રભાવના આદિ થયા હતા

આચાર્યશ્રીજીના પરમ પ્રતાપથી સમસ્ત શ્રી સંઘે શ્રા વ ૧૨ મંગળવારે શ્રી પર્યુષણા પર્વ પ્રારભી ભા સુ ૪ મંગળવારે ઘણી જ શાંતિપૂર્વક શ્રી સવત્સરી પ્રતિક્રમણુ કરી આનંદપૂર્વક પર્વ આરાધન કર્યું હતુ

આચાર્યશ્રીજીના દર્શનાર્થે તેમજ પર્વ આરાધવા માટે ગામે ગામથી ભાઇ-બ્હેનો પધાર્યા હતા શ્રી કોન્ફરન્સના પિતા લોકમાન્ય ઢઢ્ઢા ગુનાબચંદજી વગેરે સભાવિત સદ્‌ગૃહસ્થો પણ પધાર્યા હતા

ભાવનગર.

ભાવનગરમા શ્રી પર્યુષણ પર્વની આરાધના મંગળવારથી શરૂ થઇ હતી અને વ્રત, તપસ્યા, પ્રભાવના, રાત્રિજગા આદિ કાર્યો સારા થયા હતા

નાદુરસ્ત તબીઅતના કારણે આચાર્ય શ્રી વિજય-લલિતસૂરીશ્વરજી મહારાજ કૃષ્ણનગર રોકાવાથી ગામમા સમોસરણનાં વડે મુનિરાજશ્રી પદ્મવિજયજીની નીશ્રામાં પર્વની આરાધના થઇ હતી મારવાડીના વંડે પ શ્રી અવદાતવિજયજી મહારાજની નીશ્રામાં અને વડવામા મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજની નીશ્રામા પર્વની આરાધના થઇ હતી

મહાલક્ષ્મી મિલ તરફથી હરકોરબાઇ પ્રસુતિ ગૃહની બાજુમા " મજૂર કલ્યાણ કેંદ્ર " નુ ઉદ્‌ઘાટન નામદાર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીનાં વરદ હસ્તે તા ૨૬-૮-૪૮ ના રોજ કરવામા આવેલ જે સમયે ના મહારાજા સાહેબે શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલે તેમજ અન્ય વક્તાઓએ પ્રસગોચિત ભાષણો કર્યા હતા.

નામદાર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી મદ્રાસના ગવર્નર પદે નિયુક્ત થતાં ભાવનગરની જનતામાં અપૂર્વ ઉત્સાહ પ્રગટયો હતો તા ૫-૯-૪૮ ના રોજ મહારાજા સાહેબની સ્વારી ભાવનગરના મુખ્ય રસ્તાઓ પર નીકળી હતી પ્રજાજનોનો ઉત્સાહ અપૂર્વ હતો ઠેરઠેર, દરવાજાઓ કમાનો, ધ્વજા, તોરણો બાંધવામા આવ્યા હતા આખા ગામમા રોશની સારી થઇ હતી. સમસ્ત પ્રજાનો મહારાજા સાહેબ પ્રત્યે પ્રેમ ઉભરાઇ જતો હતો, અને મહારાજા સાહેબના દર્શન માટે માનવ મહેરામણ ઉમટયો હતો સમસ્ત મહાજન તરફથી, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ તરફથી માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા

મરણ નોંધ.

(૧) શેઠ ભાઇચંદભાઈ અમુલખ. તેઓ મૂળ જામનગરના વતની હાલ ઘણા વર્ષોથી મુબઇમા વીમાનુ કામકાજ કરતા હતા અને પ્રમાણિક હતા ધર્મશ્રદ્ધાળુ હોવાથી દેવ, ગુરુ, ધર્મની યથાશક્તિ આરાધના કરતા હતા સ્વભાવે શાન્ત અને મિલન સાર હતા એંશી વર્ષની ઉમરે તેમનુ મુબઇખાતે અવસાન થયુ છે તેઓ આ સભાનાં માનવતા સભાસદ હતા તેમના અવસાનથી સભાને એક સારા સભાસદની ખોટ પડી છે. તેમના આત્માની પરમ્ શાતિ ઇચ્છીએ છીએ

(૨) શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરીનુ મુબઇમા તા ૧૧-૮-૪૮ નાં રોજ અવસાન થયુ છે. તેઓશ્રી ધર્મશ્રદ્ધાળુ અને શ્રી વીતરાગદેવના પરમ ભક્ત હતા સાથે સાથે જૈન કોમમાં સારી સખાવતો કરતા હતા તેઓ શાન્ત અને સદ્‌ગુણી હતા. તેઓ આ સભાના માનવતા સભાસદ હતા તેમનાં અવ સાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે તેમના આત્માની ચિર શાંતિ ઇચ્છીયે છીયે.

(૩) શેઠ વેલચંદ કરસનદાસ. મૂળ ઘોરાજીનાં વતની ભાવનગરમા ઘણા વર્ષોથી દાણાપીઠમા અના જની મોટી પેઢી ચલાવતા હતા તેઓ ધર્મશ્રદ્ધાળુ હતા તેઓનો સ્વભાવ શાંત અને માયાળુ હતો તેઓ આ સભાના માનવતા સભાસદ હતા તેમનુ ખેદજનક અવસાન થયુ છે તેમનાં આત્માની પરમ શાંતિ ઇચ્છીયે છીયે

(૪) શેઠ ત્રિભુવનદાસ હરખચંદ ખાંડ-વાળા –તેઓ સામાન્ય સ્થિતિમાંથી આપબળે આગળ વધ્યા હતા, અને મુબઇમાં ખાંડની દલાલી કરતા હતા તેઓ ધર્મશ્રદ્ધાળુ અને વિનયશીલ હતા તેમનુ ખેદજનક અવસાન થયુ છે તેમના અવ સાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે તેમના આત્માની ચિર શાંતિ ઇચ્છીએ છીએ

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું. સંવત ૨૦૦૪.

આત્મ સં. ૫૩

અંક ૩ જો. તા. ૧-૧૧-૪૮ આસો

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

અ નુ ક્ર મ ણિ કા.

૧	પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રીમદ્દવિજય નેમસૂરિ સ્તુતિ	(ગ૦ છ૦ સુરકાવાલા)	૪૧
૨	૨૫ બોલીનું સ્તવન	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૪૨
૩	નિગોદનું સ્તવન		
૪	ક્રિયાશ્રેણી	(લે આ શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ)	૪૩
૫	યુગપ્રધાન જગદ્ગુરૂ વિજયહીરસૂરિજી	(મુનિરાજ લક્ષ્મીસાગરજી મહારાજ)	૪૬
૬	ધર્મ કૌશલ	(લે મૈક્તિક)	૪૭
૭	અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉત્પત્તિ	(લે સન્માર્ગ ઇચ્છક)	૪૯
૮	ત્યાગનું સ્વરૂપ	(અભ્યાસી બી ગે)	૫૧
૯	સિદ્ધચક્રજીની ભવ્ય આરાધના	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૫૨
૧૦	આત્મ સાધના	(અમરચંદ માવજી શાહ ભાવનગર)	૫૭
૧૧	વર્તમાન સમાચાર	(સભા)	૫૮
૧૨	સ્વીકાર સમાલોચના	(સભા)	૫૮

આ સભામાં નવા થયેલા માનવંતા આજીવન સભાસદો

૧	ભાવસાર નાગરદાસ છગનલાલ	(૧) વર્ગ	ધંધુકા
૨	શેઠ કાન્તિભાઈ સુંદરદાસ વકીલ	,,	મુંબઈ
૩	શ્રી નીતિ વિજયજી શાસ્ત્ર સંગ્રહ		ખંભાત
૪	શેઠ ભોગીલાલ નગીનદાસ	,,	ઊંઝા
૫	શેઠ ઇશ્વરલાલ ચુનાભાઈ		માણુંગા
૬	શાહ કાંતિલાલ વ્રજલાલ દલાલ	,,	ભાવનગર

શ્રી વસુદેવ હિંડી (ગુજરાતી અનુવાદ) કીમત રૂ. ૧૫)

કર્તા શ્રીમાન **શ્રી સંઘદાસગણિ** સંશોધનકર મહાત્મા સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ અનુવાદક, પ્રાધ્યાપક અને સાક્ષર સાહિત્યકાર શ્રી ભોગીલાલ જે સાંડેસરા એમ એ આ અપૂર્વ સાહિત્ય ગ્રંથ ઉચ્ચકક્ષાનો પ્રથમ કોટીમાં મુકી શકાય તેવો અપૂર્વ ઐતિહાસિક અને કથા સાહિત્ય ગ્રંથ (પાંચમા સૈકામાં પ્રથમ લખાયેલ)

ઉચ્ચકોટીના સાહિત્યકાર અને સાક્ષરોત્તમ જેમ્સ આનંદશંકરભાઈ બાપુભાઈ ધ્રુવે આ સભા અને પ્રથમ ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કરેલી ગણના, તેમજ જૈન વિદ્વાનવર્ગ મહાત્માઓ અને જૈનેતર સાહિત્યકારે ગણેલ અપૂર્વ પ્રશંસનીય ઐતિહાસિક કથા સાહિત્યના અનુપમ ગ્રંથ તેમજ જૈની જૈન દર્શનમાં અનેક સ્થળે માન્યતા આપવામાં આવેલ છે આ અપૂર્વ ગ્રંથ જૈની જૈન સમાજ કિંમત કદાચ ગણના ન કરે કે ઓછી કરે તેથી તેની ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કિંમત ઓછી થતી નથી

આ ગ્રંથની જે નકલો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ સંખ્યામાં ભેટનો અપૂર્વ લાભ આપેલ છે તે પછી હવે અમારી પાસે જુજ નકલો સિલીક રહેલ છે તે ગ્રંથ **સિરિઝનો** હવે થી તે **સિરિઝના** ધારા પ્રમાણે તેની મૂળ રકમ ઉપાર્જન કરી પછી તમાથી સિરિઝના બીજા ગ્રંથનું પ્રકાશન કાર્ય સભાને કરવાનું હોય છે ઉપરોક્ત પ્રમાણે સભાસદો અને તેમજ ધોરણ પ્રમાણે મુનિ મહારાજાઓ તથા જ્ઞાનભંડારો વગેરે ભેટ જતા અનામત રાખવાની જે મૂળ રકમ છે તે પૂર્ણ કરવા માટે આ ગ્રંથની કિંમત રૂ ૧૨ા ને બદલે હવે સિલિક રહેલ બુકોની દરેકની રૂ ૧૫) કિંમત લેવા ઠરાવેલ છે જેથી તે પૂર્ણ થતા તરતજ તે ધારા સિરિઝનો બીજો ગ્રંથ છપાવવાનો સભા પ્રબંધ કરી શકશે ૨૫ નકલથી વધારે લેનારને વીસ ટકા કમીશન આપવામાં આવશે

શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૪.	આસો	પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૪.	:: તા. ૧ લી નવેમ્બર ૧૯૪૮ ::	અંક ૩ જો

*પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રી ૧૦૦૮

શ્રીમદ્વિજયવલ્લભસૂરિ સ્તુતિ.

(દેશી–સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ)

વલ્લભસૂરિ મહારાજા, વંદું તમને વારંવાર. વંદું૦ એ ટેક.
અમૃતસરથી આપ વિચરતા, ગામ નગરને પાવન કરતા; કરતા જન ઉપકાર. વંદું૦ ૧
બિકાનેર શ્રાવકની સારી, આગ્રહભરી એ અર્જ સ્વીકારી; આવ્યા છો આવાર વંદું૦ ૨
પંજાબે દશ વર્ષ વિતાવી, જિનશાસનનો ધ્વજ ફરકાવી; વર્તાવ્યો જયકાર. વંદું૦ ૩
ગુર્જર દેશતણાં નરનારી, વિરહ વેદના સહે અપારી; ઝંખે પારાવાર. વંદું૦ ૪
ક્યારે ગુરુનાં દર્શન કરશું, વંદન કરી નિજ પાપને હરશું; હરશું વિપદ હજાર. વંદું૦ ૫
ગુરુ આણાને શિર પર ધરશું, ભક્તિતણા ભંડારજ ભરશું; તે દિન આનંદકાર. વંદું૦ ૬
અરજી દાસતણી અવધારી, કરુણા રસનાં નયન પ્રસારી; આવો દીનદયાળ. વંદું૦ ૭
અંતરની આશાઓ ફળશે, સુખશાંતિ ને આનંદ મળશે; મળશે લાભ અપાર. વંદું૦ ૮
સંવત દોય હજાર ને ચારે, જેઠ વદી સાતમ [1]શશિવારે; વદે વિયોગી બાળ. વંદું૦ ૯

ઝ૦ છ૦ સુરવાડાવાલા

---

* આ સ્તુતિ આ. મા. અમૃતસરથી શિષ્યમંડળી સાથે વિહાર કરી બિકાનેર પધાર્યા ત્યારે ગુજરાતના ભક્તજનોને ઉદ્દેશી વિનંતીરૂપે કરવામાં આવેલ છે.

૧ સોમવાર.

નવપદ ઓળીનું સ્તવન.

(નાગરવેલીઓ રોપાવ-એ રાગ)

નવપદનું ધ્યાન લગાવ, તારા ચિત્ત મંદિરમાં;
ભાવે સિદ્ધચક્રને પધરાવ, તારા ચિત્ત મંદિરમા-ટેક
મયણા-શ્રીપાળ પેઠે નરનાર, નવપદ ઓળી કરીએ સાર;
તપ આગમનો પ્રભાવ, તારા ચિત્ત મંદિરમા. નવપદ૦ ૧
સુદ સાતમથી પુનમ ખાસ આસો ચૈતર બે માસ;
આયંબિલ તપનો લેજો લ્હાવ, તારા ચિત્ત મંદિરમાં. નવપદ૦ ૨
નવપદની કરો ભાવે સેવા, આપે અવિચલ સુખના મેવા,
આનંદ મંગલ પ્રગટાવ, તારા ચિત્ત મંદિરમા. નવપદ૦ ૩
તપ કરીએ શુભ ભાવથી, દુઃખ દોહગ નાવે જેહથી;
અજિત પ્રભુના ગુણો ગાવ, તારા ચિત્ત મંદિરમા. નવપદ૦ ૪
દેવગુરુની ભક્તિ કરતા, અંતરમા શુભ ધ્યાન ધરતા;
લક્ષ્મીસાગર ભાવ જગાવ, તારા ચિત્ત મંદિરમા. નવપદ૦ ૫

રચયિતા.—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

દિવાળીનું સ્તવન

(રાગ-દિવાળી ફીર આ ગઇ સજની)

દિવાળી જિનદેવની ઊજવો, હાહા જ્ઞાનદીપક પ્રગટાવી દિવાળી-ટેક
મહાવીર પ્રભુ નિર્વાણ પધાર્યા, અંતિમ બોધને આપી,
ભાવોદ્યોત મેળવવા માટે, શુભ વૃત્તિ ઉર સ્થાપી,
દીપક જ્યોતિ ઘરઘર પ્રગટી, મહાવીર નામ ગજાવો. દિવાળી૦ ૧
કેવળજ્ઞાને ગૌતમ શોભ્યા, પ્રભાતકેરા ટાણે,
પ્રભુપદ સ્થાને ઇન્દ્રો સ્થાપે, દીપાવલી શુભ લ્હાણે;
પાવાપુરી મહિમાવન્તી, તીર્થભૂમિ એ મનાવો. દિવાળી૦ ૨
ઉત્તમ એ દિન ઊજવો ભાવે, ઉજ્જવલ વૃત્તિ ધારી,
અજિત જિનેશ્વરકેરા સ્મરણે, ભવિજનને સુખકારી;
લક્ષ્મીસાગર જ્ઞાનપિપાસુ, લેજો ભવિ દિવ્ય લ્હાવો દિવાળી૦ ૩

રચયિતા —મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

વિચારશ્રેણી

લેખકઃ—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

વૈષયિક વૃત્તિઓ પોષવાના ઇરાદાથી દેહને વાપરવા આત્માએ પોતાનું કિંમતી માનવ જીવન ન આપતા પોતાની જ્ઞાનાદિ સંપત્તિ મેળવવા માટે તેનો ઉપયોગ કરવો જોઇએ

દેહાધ્યાસી જીવ માને છે કે—દરેક જીવનમા દેહને બીજા દેહે કરેલા અપરાધોની સજા પોતાને ભોગવવી પડે છે માટે જ તે પોતે કરેલા અપરાધોની સજા પોતાને ભોગવવી નહિ પડે એમ જાણીને જ નિઃસંકોચપણે વધારે અપરાધો કરે છે. એ જ માનવીની અજ્ઞાનતા છે, કારણ કે દેહ તો જડ છે, તે અપરાધ કરવામા અને સજા ભોગવવામા નિમિત્ત માત્ર છે, પણ કર્તા તથા ભોક્તા તો જીવ છે કે જેનો નાશ નથી થતો અને અજ્ઞાનતાથી અમર અનતા દુઃખ અનંતા ભવમાં ભટકીને ભોગવી રહ્યો છે.

જ્યાં સુધી તમે દેહદ્વારા અપરાધો કરવાથી અટકશો નહિ ત્યા સુધી તમે કર્મોની પરાધીનતામાથી છૂટશો નહિ.

વર્તમાન માનવ દેહથી થયેલા અપરાધોની સજા વર્તમાન દેહથી જ ભોગવી લેજો, પણ નિરપરાધી ભાવી જીવનના દેહને સજાનુ પાત્ર બનાવશો નહિ નહિ તો અન્યાયી બની શુદ્ધાત્માઓની પંક્તિમા બેસવાનો અધિકાર ખોઇ બેસશો

કોઇપણ વસ્તુ કે વ્યક્તિની પ્રકૃતિ ન ગમે તો દિશા બદલો, પણ અણગમાથી મનને શોક—સતાપવાળુ બનાવશો નહિ.

જીવનમા ઉપયોગી અને સબધ ધરાવનાર બાબતો અને પ્રસગો માટે જ તરફી લેશો, પણ પારકી અને નિરુપયોગી બાબતો અને પ્રસંગોના સકલ્પ કરીને મનને દુભવશો નહિ.

સ્વાર્થીપણે સહવાસ કરવાની ઇચ્છા રાખનાર હલકા હૃદયવાળાને ખોટુ લાગવાનો ભય છોડી દઇને ચોખ્ખી ના પાડશો તો જ નિશ્ચિંત જીવી શકશો, નહિં તો જીવન ચિંતા, શોક તથા ઉદ્વેગવાળું બનાવશો

નબળા માણસોના વાણી, વિચાર તથા વર્તનનો વિરોધ કરીને તેની દાક્ષિણ્યતા ન રાખતા તેના સહવાસથી વેગળા રહેશો તો જ સુખે જીવીને શ્રેય સાધી શકશો, નહિ તો કિંમતી જીવન કોડીનું બનાવશો.

અપરાધીઓનું માનસ અપરાધોથી મેલુ હોવાથી બીજાના મનને ઊજળુ બનાવી જીવન નિરપરાધી બનાવી શકાતુ નથી તો યે તેઓ નિરપરાધી બનાવવાનો ડોળ કરી અજ્ઞ જનતાને ઠગે છે.

પોતાનુ જીવન બીજાને આદરણીય બનાવી શકાય તેવા મહાપુરુષોના સહવાસની ઇચ્છા રાખવી

તુચ્છ હૃદયવાળા હલકા માણસના પડછાયામાં પણ તુચ્છતા તથા હલકાઇ રહેલી છે, તે જો દેહ ઉપર પડી જાય તો પણ જીવન તુચ્છ તથા હલકુ બનાવે છે, માટે ઉત્તમ જીવન જીવનારે તેનો પડછાયો પણ પોતાના દેહ ઉપર ન પડવા દેવો જોઇએ, તો પછી તેવાનો સહવાસ જ ક્યાથી હોઇ શકે ?

ખોટુ ન લગાડવાની દાક્ષિણ્યતાથી હલકા માણસના વિચાર તથા વર્તનનો આદર કરવો તે આપત્તિ વિપત્તિને નોતરવા જેવુ છે.

ક્ષુદ્ર માણસોનુ માનસ ક્ષુદ્ર હોવાથી સહવાસીના જીવનને ક્ષુદ્ર બનાવે છે.

પરસ્પર અણગમતુ વર્તન સ્નેહની સાકળના આંકોડાને છૂટા પાડે છે.

જે હૃદયને ન ગમે તેની ઉપેક્ષા કરવામાં જ શાંતિ છે, છતા દાક્ષિણ્યતાથી સ્વીકારશો તો મનમા કચવાટ રહ્યા કરશે

અસ્થિર મનવાળા હૃદયવિહોણા હોય છે તેમના સ્નેહમાં શ્રદ્ધા રાખનાર પરિણામે કલેશ તથા સંતાપનુ પાત્ર બને છે

સાચો પ્રેમ હોય તો પાષાણની પ્રતિમા પણ પ્રભુ સ્વરૂપે જણાય છે અને સ્વાર્થગર્ભિત ડોળ માત્ર હોય તો સાક્ષાત્ પ્રભુ પણ તુચ્છ ભાસે છે

સ્વ-પરના કલ્યાણની સાચી કામનાથી કર્તવ્ય-પરાયણની અકર્મણ્યપણે કડવી ટીકા કરવી તે ક્ષુદ્રાત્માનુ લક્ષણ છે

દેશ કાળના જાણ સમર્થ મહાપુરુષોના હિતા વહ વચનોમાં દોષ બતાવી જનતામાં પંડિતાઇનુ મિથ્યાભિમાન રાખનાર મૂર્ખશિરોમણી હોય છે, માટે શ્રેયાર્થી પુરુષો એવાના કથનમા વિશ્વાસ રાખતા નથી

તમને ગમતુ પોતાને ન મળે પણ બીજાને મળે તો અદેખાઇથી દુખી થઇને વખોડશો નહિ, પણ પ્રસન્ન ચિત્તથી વખાણશો

તમે પોતે જીવવાને માટે કાળજી રાખી જેટલો પ્રયાસ કરો છો તેટલો જ કાળજીપૂર્વક બીજાને જીવાડવાને પ્રયાસ કરશો તો જ તમારી ધારણા પાર પડશે, કારણ કે ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવને પણ પોતાનુ જીવન પ્રિય હોવાથી તે તેને છોડવુ ગમતુ નથી

શરીરને રૂપાળુ તથા સુંદર-આકર્ષક બનાવવાને જેટના પ્રેમથી વસ્ત્ર-ઘરેણા આદિ જડ વસ્તુઓને ચાહો છો તેટના જ પ્રેમથી આત્માને સુંદર-રૂપાળો અને આકર્ષક બનાવવાને માટે જો પરમ પવિત્ર શુદ્ધાત્માને ચાહો તો તમે સાચી રીતે સુંદરતા આદિ મેળવી શકશો.

પારકુ ઉછીનુ લઇને બીજાને આપવા કરતા તમે અનુભવજન્ય થોડુક પણ પોતાનુ આપશો તો સ્વ-પરનુ કલ્યાણ સારી રીતે કરી શકશો, કારણ કે પારકી વસ્તુને પોતાની જણાવનારમા મિથ્યા ભિમાન તથા વાસના પોષવાની લાલસા હોવાથી શ્રેય કરી શકતો નથી

જનતાને અણસમજુ સમજીને જ કેટલાક બુદ્ધિમત્તા તથા જાણપણાનુ મિથ્યાભિમાન પોષવા માટે નિષ્ક્રિય પણે કેવળ બોલવામા અને લખવામા પોતાનુ ડહાપણ બતાવે છે, પણ જ્યા સુધી તેઓ બોલેલું કે લખેલુ વર્તનમાં નથી મૂકતા ત્યાં સુધી તેમનામાં ડહાપણનો અંશ પણ હોતો નથી, કારણ કે તેમની પ્રવૃત્તિથી સરળ માણસો એમના માર્ગથી વંચિત રહે છે

જો તમારુ બોલવુ અને લખવુ સારુ અને સાચુ હોય તો તમે તે પ્રમાણે વર્તીને સારુ ફળ મેળવી બતાવો એટલે જનતા પોતાની મેળે જ તમારા બોલ્યા વગર પણ તમારુ અનુકરણ કરશે

મળતી પ્રકૃતિવાળાની જ હૃદયભૂમિમાં સ્નેહના બીજ વાવશો તો ઊગી નીકળશે અને આનંદ તથા સુખના સુગંધી તથા મધુર પુષ્પ તથા ફળ આપશે નીરાગી હૃદયમાં 'મારુ કોઇ નથી'ની ભાવના પરમ શાંતિ-સંતોષ આપનારી હોય છે, ત્યારે રાગી હૃદયમા 'મારુ કોઇ નથી?'ની ભાવના પરમ દુખ, કલેશ તથા સંતાપ આપનારી થાય છે

ઇચ્છિત વસ્તુ મેળવ્યા સિવાય પણ માનવી સંકલ્પ માત્રથી વસ્તુપ્રાપ્તિ માની સંતોષ ધારણ કરી શકે છે અને એટલા માટે જ શાંતિથી જીવી શકે છે સંસારમાં પુન્યની ઓછાસવાળા માનવી ઓના જીવન એવી જ રીતે પસાર થાય છે

માનવી તુચ્છ સ્વાર્થ માટે સમતા-સભ્યતા-નમ્રતા આદિ ગુણોનો દેખાવ કરે છે તેઓ આત્મ હિત માટે આદર કરે તો સાચી રીતે આત્મિક ગુણો મેળવીને સારો આત્મવિકાસ કરી શકે છે

સ્વાર્થી દુનીયામા ભલુ કહેવડાવવાની ભાવના ન હોય તો કોઇ કોઇનુ ભલુ કરે નહિ

નિર્દોષ કોઇનો પણ દોષ કાઢે નહિ અને પરનો દોષ કાઢનાર નિર્દોષ હોઇ શકે નહિ

પોતાની સ્વાર્થસિદ્ધિમાં આડા આવનારને જનતામાં હલકો પાડવા દ્વેષબુદ્ધિથી તેના છતા-અછતા દોષો કહી દેખાડવા તે દુષ્ટ બુદ્ધિનુ પરિણામ છે

અણગમો કે ઇર્ષ્યા આદિના કારણથી જનતામા બીજાને હલકો પાડવા પ્રયત્ન કરનાર પોતે જ હલકો પડે છે

પરન્તુ હિતાહિત ચિતવવાથી ભાવનાનુસાર ફળ મળે છે, પણ પરવસ્તુના ભોગોપભોગનો સકલ્પ માત્ર કરવાથી તે પ્રાપ્ત થતુ નથી

માનવીને શરીર-ઘર-વસ્ત્ર આદિની શુદ્ધિ ગમે છે પણ આત્મશુદ્ધિ ગમતી નથી એ જ તેની અજ્ઞાનતા છે

સ્નેહ કે લાગણી સિવાય દુખના અનુભવથી બીજાના દુખથી દુખી થઇને તેની સાગસભાળ લેવી તે ડહાપણ કહેવાય છે

સુધારક બનવાની ઇચ્છા થવી તે સારી વાત છે, પણ શુ સુધારવુ છે તે પ્રથમ જાણી લઇને તેનો અભ્યાસ કરી પોતે તે પ્રમાણે સુધર્યા પછી જ બીજાને સુધારવાનો પ્રયાસ કરવો, નહિ તો ડાહ્યા માણસોમા હાસીનુ પાત્ર બનશો

સાચી નિષ્ઠાથી લોકહિતનુ કાર્ય કરશો તો કદાચ લોક બદલો નહિ આપે તો યે કુદરત તો અવશ્ય બદલો આપશે જ, માટે બદલાની આશા રાખ્યા વગર જ લોકહિતમા ઉદારતાથી જીવન વાપરવુ ચિરસ્થાયી સ્વાર્થ સધાતો હોય તો જ માનવ જીવનનો ઉપયોગ કરવો પણ ક્ષણિક સ્વાર્થ માટે જીવનને વેડફી નાખશો નહિ.

જે કાંઇ પ્રવૃત્તિ કરો તેમાં પરમાર્થને પ્રધાનતા આપશો તો જ કાંઇક સ્વાર્થ સાધી શકશો

જો તમને મનગમતા સાધન અને સયોગ મળ્યા હોય તો ભાન ભુલાવીને બીજાની અવગણના કરતા નહિ, કારણ કે આવતી કાલે જ તમને અણગમતાં સાધન અને સયોગ આવી મળનાર છે

જો તમને બધાયનો પ્રેમ જોઇતો હોય તો ગુણ ગ્રાહી બની બધાને ચાહતાં શીખો

તમને ગમતુ હોય કે અણગમતુ હોય, પણ કુદરતે જે કાંઇ આપ્યુ હોય તેનો સ્વીકાર કરશો તો આવતી કાલે કુદરત તમને મનગમતાની સગવડતા કરી આપશે.

सदुपदेश।

जगमाहीं पसे रहो, ज्यों अबुज सरमाहिं, रहे नीर के आसरे, पै जल धूवत नाहिं.

दया नम्रता दीनता, छिमा सील सतोप। इनकू है सुमिरन करे, निश्चे पावे मोक्ष

चरनदास यों कहत है, सुनियो संत सुजान, मुक्ति मूल आधिनता, नरक मूल अभिमान

યુગપ્રધાન જગદ્ગુરૂ વિજયહીરસૂરિજી.

લેખક—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

આ કળિકાળમાં જિનશાસનની પ્રભાવના કરનાર અનેક સૂરીશ્વરો થઇ ગયા છે જિનેશ્વર પછી ગણધરો, ત્યારપછી આચાર્યપ્રવરોએ ભૂમંડલમા ધર્મકલ્પવૃક્ષને નવપલ્લવિત રાખ્યું છે તેના મિષ્ટ ફળો ભવ્યાત્માઓને ચખાડ્યા છે. તે સર્વને ભૂરિ ભૂરિ વંદન હો!......

જે પૃથ્વી પવિત્ર મહાપુરુષોના ચરણ-કમળથી પવિત્ર બનેલી છે તે આર્ય ભૂમિને પણ વંદન હો!......

ભદ્રબાહુસ્વામી, વજ્રસ્વામી, કાલિકાચાર્ય, સિદ્ધસેન દિવાકર, હરિભદ્રાચાર્ય, બપ્પભટ્ટસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પછી મોગલ-સત્તાના સમયમા જૈન ધર્મનો ધ્વજ ફરકાવનાર, શાન્ત, તપસ્વી, પુણ્યવંત, મહાત્મા, વિજય-હીરસૂરિજી મહારાજ અવશ્ય સ્મરણીય પુરુષને સ્મૃતિપથમા લાવવા સહસા પ્રેરણા થાય છે. અનેક અન્યાય, અત્યાચારની આંધી ઘેરાએલી હતી તેવા સમયે પોતાના તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાનથી દિલ્હીપતિ બાદશાહ અકબરને પ્રતિબોધી છ માસ પર્યન્ત વર્ષભરમા અમારી ઉદ્ઘોષણા કરાવી હતી બાદશાહના અંતઃકરણમા કૃપાવેલી ઉત્પન્ન કરી હતી વિશ્વપ્રેમ શીખવનાર જૈન ધર્મનો સર્વત્ર પ્રચાર કર્યો હતો. સર્વ ધર્મ પ્રત્યે સહિષ્ણુભાવ કેળવીને નિજ આત્માનો ઉદ્ધાર સાથે ભવ્યાત્માના આનંદ સુધારવા પ્રયત્ન કર્યો હતો.

તે વખતે જૈન ધર્મમા ઉત્સાહ અજબ હતો સર્વત્ર તેની કીર્તિ ગવાતી હતી ભવ્યા-ત્માઓના અંતઃકરણમા નવરંગ લાવનાર પૂજ્ય સૂરીશ્વરનો જ પ્રભાવ છે અકબર શાહે જગદ્ગુરુના બિરુદથી વર્ણવ્યા, જગતે સદ્ભાવથી સત્કાર્યો છતા અપૂર્વ સમતાભાવ ઝીલી સર્વનું કલ્યાણ કરવાની વૃત્તિ જીવન પર્યન્ત રાખી હતી અઢી હજાર સાધુ સાધ્વીનો સમુદાય આજ્ઞાધીન હતો દેવો તેમના કાર્યને મદદ કરતાં. તે મહાત્મા ખરેખર પરમાત્મમય જીવન બનાવી શકયા. ભવ્યાત્માઓને કલ્પવૃક્ષ સમાન શીતળ છાયા આપનાર એ મહાપુરુષ આજે પણ સ્મૃતિપથ પર દર્શન આપે છે. શિષ્ય સમુદાયને સત્ય શીખવ્યું. કોઇનો પક્ષ-પાત કર્યા સિવાય કઠોર શબ્દો પણ કહી શકયા. સર્વ ધર્મ, સર્વ ગચ્છો સાથે સમભાવથી રહી, આત્મસાધનામા જ આત્મોન્નતિ સાધી છે. આર્યભૂમિ, તીર્થભૂમિનું રક્ષણ કરવા તેમના પ્રયત્નો આજે ચમત્કાર દર્શાવે છે. તેમના શિષ્યોએ હજારો ગ્રન્થ લખી સાહિત્યસેવા કરી છે હિન્દુ સમાજ ઉપર લદાયેલો જજીયાવેરો બંધ કરાવી આખા હિન્દુ સમાજની સેવા કરી છે સંવત ૧૫૮૩ મા જન્મ લઇ, સંવત ૧૫૯૬ મા દીક્ષા અંગીકાર કરી, સંવત ૧૬૧૦મા આચાર્ય પદવી મેળવી શાસનસેવા તેમજ આત્મસાધના કરી, સંવત ૧૬૫૨ મા ઉના ગામમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેમના પટ્ટપ્રભાવક સ્વપરશાસ્ત્રનિષ્ણાત વિજયસેનસૂરિજીએ પણ શાસનની અજોડ સેવા કરી છે.

કોઇપણ જાતના ગચ્છ કદાગ્રહોને સ્થાન અપાયું નથી, શાસ્ત્રથી વિમુખ વર્તાયું નથી, તેથી જ આત્મસાધના સાધનાર સૂરિપુરંદરે જૈન ધ્વજ સર્વત્ર ફરકાવ્યો હતો તે મહા યુગપ્રધાન જગદ્ગુરુ વિજયહીરસૂરીશ્વરજીને ભાવથી સાચા હૃદયથી કોટિ કોટિ વંદન હો ! ! !

ધર્મ....કૌશલ્ય.

(૫૧)

કઠણ પણ લાભકારક–Hard but paying.

દુષ્કર પણ કલ્યાણકર.

ઉપોદ્ઘાત–શ્રીયુત જ્યોર્જ એરંડેલ (થિયોસોફિસ્ટ) સાહેબે એકઠા કરેલ Thoughts of the Great નામનું લગભગ ૨૨૨ પૃષ્ઠનું એક પુસ્તક મને લભ્ય થયું. એની પ્રસ્તાવનામાં એમણે મહાપુરુષોનાં વિશિષ્ટ વિચારોનો સંગ્રહ કેટલો લાભ કરનાર થાય છે, જીવન વહનમાં એને કેવી રીતે ઉચ્ચ ગ્રાહી રાખે છે અને નૈતિક કે આધ્યાત્મિક દૃષ્ટિએ આવાં સુમહિત પુષ્પો કલ્યાણકર નીવડે છે તેના પર નાનો સરખો ઉલ્લેખ કર્યો છે. તેમના મતે દુનિયાના મહાપુરુષોનાં વચનો વાંચતા તે તેમની સાથે જીવવા બરાબર થાય છે અને ખરી મહત્તા કેવી હોય છે, ક્યાં હોય છે, કોને વરેલી હોય છે તે પર વિચાર થાય તો પોતાના જીવનઘડતરમાં બહુ અમૂલ્ય ફાળો આપે છે. જીવનરહસ્ય શોધવા માટે, સાદાઈ અને સ્વચ્છતા સમજવા માટે, ઉચ્ચ સૃષ્ટિમાં વિહાર કરવા માટે આ અમૂલ્ય વારસાઓ સમજવા અને જીવવા જેવાં હોય છે. તેમણે સંગ્રહ કરેલા સેંકડો મહાન મૌક્તિકોમાં તેમણે એક સ્થાને ૨૪ સૂત્રો રજૂ કર્યાં છે તેને ગોઠવનાર લેડી ઘલીઝાબેથ કેર્યુ નામની મહાન લેખિકા છે. એ ચોવીશી સૂત્રોની ગોઠવણ મને અવનવી લાગી. 'અમુક કાર્ય કરવું કે જીવન જીવવું એ આકરું કે કઠણ કામ છે, પણ એમ કરવું એ ખૂબ લાભકારક છે, ભારે હિતકારી છે, ખૂબ કલ્યાણકારી છે.' આ પદ્ધતિના સંગ્રહમાં મને ભારે મૌલિકતા લાગી અને ચોવીશે સૂત્રો ખૂબ વિચારણીય, મર્મસ્પર્શી અને હૃદયંગમ લાગ્યાં.

પછી મેં તેના પર ખૂબ વિચાર કર્યો. એ ચોવીશે વિષયોને પ્રથમ 'વ્યવહાર કૌશલ્ય'માં (નં. ૩૫૧–૩૬૭ સ્થાને) ગોઠવ્યા. તે લેખો લખવા પછી તે જ ચોવીશે લેખોને 'વ્યાપાર કૌશલ્ય' માં પણ સુયોગ્ય સ્થાન આપી શકાય તેમ લાગતાં તે પર નં. ૫૧–૬૨ મળીને કુલ ૧૨ લેખ લખ્યા.

ત્યારપછી એ જ લેખ પર વધારે વિચારણા કરતાં એ ચોવીશે લેખોને 'ધર્મ–કૌશલ્ય' માં વધારે મહત્ત્વનું સ્થાન છે, એ ધર્મને બલિષ્ઠ આકારમાં રજૂ કરી આત્મસમર્પણ તરફ ખેંચે તેવા છે, અને સાધ્ય સન્મુખ લાવનાર મુદ્દાઓને આ લેખમાળામાં ખાસ સ્થાન હોવું ઘટે એ દૃષ્ટિએ એ ચોવીશે વિષયોને એક એક જુદા જુદા નંબર તળે મૂકવા માટે કુલ ૨૫ લેખ લખવા ધારણા કરી છે. વ્યવહાર, વ્યાપાર અને ધર્મનો જરા પણ વિરોધ નથી, હોઈ શકે નહિ, પણ આપણા દૃષ્ટિબિન્દુને ફેરવીએ તો મહાન સત્યની તે જુદી જુદી બાજુઓ છે તેમ લાગશે. વ્યવહાર અને વ્યાપારના લેખો યથાસ્થાને પ્રકટ થશે. ધર્મનો વિષય વધારે ઝીણવટથી વિચારવા યોગ્ય છે અને વિચારીને જીવન સાથે વણી દેવા યોગ્ય છે, તેથી એ ચોવીશે વિષયો પર–૭૫ સંખ્યા સુધીમાં લેવાની ધારણાએ આ નવીન પદ્ધતિની લેખમાળા શરૂ કરી છે. એની વ્યવહારુ ઉપયોગિતા વાંચતા જણાઈ આવશે અને અધ્યાત્મ, યોગ અને આંતર જીવની શોધમાં જરૂર મદદ કરશે.

It is sometimes hard,—but it always pays. [Thoughts of the Great (Arundale)] p. 46–47

(૫૨)

ક્ષમાયાચના–Apology.

ક્ષમા યાચવી–કઠણ પણ કલ્યાણકારી છે

નં. ૧. સંસારમાં રખડાવનાર, માણસને જના વર બનાવનાર, મગજ ઉપરનો કાબૂ ગુમાવનાર પડ્રિપુ જાણીતા છે કામ, ક્રોધ લોભ મોહ, મદ અને મત્સર જૈન પરિભાષામા ચાર કષાયો એટલા જ ભયકર છે અને સંસારના મૂળ છે એ અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભ છે એમા ક્રોધ તો માણસને લાલ પીળો બનાવી દે છે, માણસાઇ ગુમાવી દે છે અને બોધ, સમજણ કે ઉપદેશને દૂર હડસેલી મૂકે છે એને અગારા મળે એમ એ વધતો જાય છે અને પ્રથમ તે કરનારને સળગાવી મૂકી પોતાની અસર ચારે તરફના વાતાવરણમા ફેલાવે છે ગમે તેવા તપસ્વી, ત્યાગી કે વૈરાગીનો ક્રોધ હોય તો તે પોતાનુ સર્વસ્વ ગુમાવી બેસે છે, પોતાની જાતને ભુલાવી દે છે અને પોતે અહીં થોડા વર્ષનો મેમાન છે એ વાતને પણ વિસરાવી દે છે આવા પ્રકારના ક્રોધ પર સયમ રાખવાનુ શસ્ત્ર ' ક્ષમા ' છે ક્ષમા જેના દિલમા વસે છે તેને પોતાની જાત પર સયમ આવે છે, કાબૂ આવે છે, વાણી અને વર્તન પર અકુશ આવે છે અને એના જીવન તરફના ખ્યાલ વિવેકસરના આડબર વગરના અને રીતસરના બધાઇ જાય છે

' ક્ષમા ' એટલે અહિંસક ભાવનુ પોષણ ક્રોધ હિંસામાથી જન્મે છે, ત્યારે ક્ષમા અહિંસામાથી જન્મે છે. પ્રાણી જ્યારે પોતાની જાતનો વિચાર કરે, પોતાનુ સ્થાન લક્ષ્યમા રાખે, પોતાનુ અહીંનુ વસવાટ સ્થાન અને તેનો સમય વિચારે ત્યારે તે વિચારમા પડી જાય છે. ઘડી બે ઘડી માટે ગાડા ગડેડવા, ક્રોધ પર ગુસ્સો કરી ધમપછાડા કરવા અને એલફેલ બોલવુ એ સમજુને ન છાજે એ તો સામાની સ્થિતિ પર દયા કરે, એના રખડપાટા માટે ખેદ કરે અને ક્ષમા કરવામા પોતે કાંઇ ખોવાનો નથી એ વિચારે ઠંડો પડી જાય ક્ષમા નબળા માણસથી ન થાય, એ તો ખરા વીરપુરૂષને જ વરે એને ક્ષમા કરવામા કર્તવ્યનિષ્ઠા લાગે, એને ક્ષમા કરવામાં ગૌરવ લાગે અને એને ક્ષમા કરવામા શૂર વીરનો પાસ લાગે ક્ષમા એ કાચાપોચાનુ કામ નથી નબળા સબળાનો વિલાસ નથી, પાકા રસિયા સસારીનુ વહેન નથી

પણ ક્રોધ ગુન્હેગારને, આડું બોલનારને, નુકસાન કરનારને, ગાળ આપનારને કે હુમલો કરનાર કે ખોટા આક્ષેપ કે બદનક્ષી કરનારને ક્ષમા આપવી એ કઠણ વાત છે, આકરી બાબત છે, મન પર અસાધારણ કાબૂ દાખવનાર હકીકત છે મારમાર કરતો સામેથી માણસ આવતો હોય, તેને મારી હઠાવવાની પોતાની તાકાત હોય અને છતા હાથ ન ઉગામવો, પણ સામા બે હાથ ધરી એને માફી બક્ષવી અથવા ઊલટી તેની માફી માગવી એ ભારે આકરી બાબત છે પણ આકરી છે એટલે જ એનો મહિમા છે ડખનાર ભયકર ચડકૌશિકને ક્ષમા આપનાર, તેને હંપકારવાને બદલે ઉપદેશ આપનાર અને તેને ઠેકાણે લાવનાર વીરના તો કોઇ વીર જ હોય, પણ એનુ અનુકરણ કરી ક્ષમા આપનાર કે ઊલટી માફી માગનાર તો જવલ્લે જ હોય છે. એવા ક્ષમા કરનાર કે માગનારને ભવસમુદ્ર તરવો સહેલો પડે છે એનો વિકાસ સત્વર થાય છે અને એ સાધ્યને રસ્તે છે એમ દેખાય છે

મૌક્તિક

No 1 It's difficult to apologise, but it always pays (Thoughts of the Great)

અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉપપત્તિ.

લેખક—સન્માર્ગદર્શક.

(પુ ૪૫, અંક ૧૨ મો, પૃષ્ઠ ૨૭૫ થી શરૂ)

બીજો પક્ષ યાને સમુદ્રના એક બિન્દુને સમુદ્ર માનતા નથી એ પ્રકારે કહેવામાં તો જેવી રીતે સમુદ્રનો એક બિન્દુ અસમુદ્રરૂપ મનાશે તેવી જ રીતે દરેક બિન્દુઓ અસમુદ્રરૂપ માનવા પડશે. આ પ્રકારે તો સમુદ્રનો વ્યવહાર જ જગતમાથી ઊડી જવાનો

અતએવ સમુદ્રનો એક બિન્દુ સમુદ્રરૂપ નથી તથા અસમુદ્રરૂપ પણ નથી, કિન્તુ બિન્દુરૂપ છે. તેમજ સમ્યગ્ એકાન્તરૂપ નય પણ પ્રમાણરૂપ નથી તથા અપ્રમાણરૂપ પણ નથી કિન્તુ નયરૂપ પદાર્થાન્તર છે. અર્થાત્ સમુદ્રના એક છાંટાને જેમ બિન્દુ તરીકે લોકમાં માનવામાં આવે છે તેમ પ્રમાણ વિષયીભૂત અનેક ધર્મવાળી વસ્તુના એક ધર્મને પ્રતિપાદન કરવાવાળા અને બીજાઓમા ઉદાસીનતા ધારણ કરવાવાળા પદાર્થને નયરૂપે ઓળખવામાં આવે છે.

હવે તે જ નય તથા પ્રમાણને લઇને અનેકાન્તમાં સપ્તભંગી ઘટાવીએ

'**एकान्तः स्याद्स्त्येव**' આ વાકયથી સમ્યગ્ એકાન્ત સ્વરૂપ નયની અંદર પ્રધાનરૂપે સત્તાને સ્થાન આપવામાં આવે છે અને ગૌણરૂપે અસત્તાને માન આપવામાં આવે છે

'**एकान्तः स्यान्नास्त्येव**' આ વાકયથી એકાન્તના નિષેધપૂર્વક અનેકાન્તને પ્રધાનરૂપે માનવામાં આવે છે અને સાથે એકાન્તને ગૌણરૂપે માનવામાં આવે છે.

'**एकान्तः स्याद्स्त्येव स्यान्नास्त्येव**' આ વાકય ક્રમિક પ્રમાણરૂપ અનેકાન્ત તથા નયરૂપ એકાન્તને પ્રતિપાદન કરે છે.

'**स्याद्वक्तव्य एवैकान्तः**' આવા પ્રકારના ચોથા વાકયથી સહાર્પિત એકાન્ત અનેકાન્તરૂપ ઉભયને પ્રધાનતાથી એક કાલમાં પ્રતિપાદન કરવાનુ સામર્થ્ય ન હોવાને લીધે અવક્તવ્ય શબ્દથી સહાર્પિતરૂપે પ્રતિપાદન કરાય છે.

'**एकान्तः स्याद्स्त्येव स्याद्वक्तव्य एव**' એ પ્રકારનુ પાચમુ વાકય, '**एकान्तः स्यान्नास्त्येव अवक्तव्य एव**' એ પ્રકારનું છઠું વાકય અને '**स्याद्स्त्येव स्यान्नास्त्येव स्याद्वक्तव्य एव**' એ પ્રકારનુ સાતમુ વાકય એમ ત્રણે વાકય અર્થ સહિત સંક્ષેપે સમજાવવામાં આવે છે.

વસ્તુના એક અંશને લઇને નયના અર્પણથી એકાન્તની સત્તા એક સાથે પ્રમાણ અને નય બન્નેના અર્પણથી પ્રધાનપણે એક કાલમાં એકાન્ત તથા અનેકાન્તને સહાર્પિતરૂપે અવકતવ્ય તરીકે માનવામા આવે છે એ પાંચમા ભાંગાનો અર્થ છે.

છઠ્ઠા ભાંગાનો અર્થ:—અનેક ધર્મવાળી વસ્તુના આલંબનથી તથા પ્રમાણના અર્પણથી સત્તાનું પ્રતિપાદન કરવાની સાથે પ્રમાણ નયરૂપ ઉભયના અર્પણથી એક કાલમાં પ્રધાનપણે પ્રતિપાદન નહિ થઇ શકવાથી એકાન્ત તથા અનેકાન્ત ઉભયને સહાર્પિતરૂપે અવકતવ્ય

શબ્દથી વ્યવહાર. કરવો એ છઠ્ઠા ભાગાનો અર્થ છે

સાતમા ભાગાનો અર્થઃ–તે જ પૂર્વોકત પદાર્થમાં ક્રમવાળા પ્રમાણુ નયના આલંબનથી એકાન્તમાસત્વ તથા અસત્વ એ બન્નેનું પ્રતિપાદન કરવામા આવે અને સાથે બીજા અંશમાં એક જ કાલમા પ્રધાનપણે એકાન્ત અનેકાન્તરૂપ ઉભયને સહાર્પિતરૂપે અવકતવ્ય શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે એ સાતમા ભાગાનો અર્થ છે.

આ ઠેકાણે નયના આલંબનથી એકાન્ત સમજવો કેમકે અનેક ધર્મવાળી વસ્તુમાથી બીજા ધર્મોની ઉદાસીનતાપૂર્વક એક ધર્મદ્વારા વસ્તુનુ વિષયપણુ છે તથા પ્રમાણનું આલંબન કરવાથી અનેકાન્ત સમજવો અનેક ધર્મનું નિશ્ચયાત્મકપણું પ્રમાણમા હોવાથી બન્ને સમજાશે

જો કદાપિ અનેકાન્ત જ માત્ર હોવાનુ અને સમ્યગ્ નયરૂપ એકાન્ત બિલકુલ નહિ હોવાનું માનવામા આવે તો સમ્યગ્ નયના અભાવે તેના સમૂહરૂપ અનેકાન્તનો અભાવ થઇ જવાનો જેમ શાખાઓના સમૂહરૂપ એક અવયવીને વૃક્ષ તરીકે માનવામા આવે છે પરંતુ જો એમાની શાખાઓનેમ માનીએ તો શાખાસમૂહના અભાવમા એક અવયવી વૃક્ષનો પણ અભાવ જ થઇ જાય. અને તેથી કરી વૃક્ષના વ્યવહારનો પણ ઉચ્છેદ જ થઇ જાય. આ વાત અનુભવસિદ્ધ જ છે. નયના સમૂહરૂપ એક પ્રમાણરૂપ અવયવીને અનેકાન્ત તરીકે માનવામાં ન આવે તો સાક્ષાત્ કોઇ પણ પ્રકારનો વ્યવહાર બની શકે નહિ, માટે જરૂર નયના સમૂહરૂપ અવયવીને અનેકાન્તરૂપે પદાર્થાન્તર સ્વરૂપ માનવો જોઇએ અને એ સાથે પ્રમાણરૂપ અનેકાન્ત તથા સમ્યગ્ નયરૂપ એકાન્તનો આશ્રય કરીને અનેકાન્ત યાને સ્યાદ્વાદની અંદર પણ સપ્તભંગીનું પ્રતિપાદન કરવું જોઇએ. આવી રીતે માનવાથી કોઇ પણ દોષનો અવકાશ રહેશે નહિ પ્રત્યુત અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉપપત્તિ પણ સારી રીતે થઇ શકે છે.

આ પ્રકારે શંકારૂપી શલ્યથી નિર્મુકત અને અભેદ્ય વજ્રતુલ્ય અનેકાન્ત સિદ્ધાન્તરૂપી પ્રાકારમા મિથ્યા અનેકાન્તવાદીઓએ ફેંકેલા લાક્ષામય માયારૂપી ગોળાનો પ્રવેશ કોઇ રીતે કોઇ પણ કાળે થઇ શકે જ નહિ.

(સપ્તભંગી પ્રદીપમાંથી)

यही दंड बहुत है

एक महात्माको किसीने गाली दी, परंतु उसका कोई उत्तर नहीं दिया और मुसकराते रहे। लोगोंने पूछा कि 'आपने उसको क्यों दंड नहीं दिया'। तब महात्मा बोले कि "भाई, उसके लिये यही दंड बहुत है कि वह गाली देता है।"

ત્યાગનું સ્વરૂપ.

અનુ–' અભ્યાસી ', બી. એ.

' ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના. '

કોઇપણ મનુષ્ય શાંતિ મેળવવા માટે પોતાનાં ઘરબાર, ગામ, સ્વજન, સબંધીઓ વગેરે છોડીને અજાણ્યા સ્થળે ચાલ્યો જાય એટલે ઉપરથી તેને ત્યાગી કહી શકાય નહિ એવી રીતે જે માણસ પોતાની જાતને શરીર તથા ઇન્દ્રિયોના સ્થૂલ પદાર્થો તથા સુખદ વિષયોથી અલગ રાખે છે, પરન્તુ ચિત્તથી એ પદાર્થો તથા વિવિધ વિષયોનું ચિંતન કર્યા કરે છે તેને પણ ત્યાગનું ફલ મળી શકતુ નથી.

જો કોઇ પણ માણસ એકાંત તથા મૌનનો આશ્રય લઇને તપ, સયમ વગેરે સાધનો દ્વારા કોઇ પ્રકારની શક્તિ અથવા સિદ્ધિ પ્રાપ્ત કરે છે તો તે પણ ત્યા સુધી ત્યાગી સિદ્ધ નથી થતો જ્યા સુધી તે પોતાને મળેલી શક્તિદ્વારા બીજાની હિતપ્રદ સેવા કરતાં પોતાની જાતને વહાલી લાગતી કામનાઓ અથવા કામનાઓની પૂર્તિમાં રસ લેતો હોય છે.

જો કોઇપણ માણસ સ્વાધિકારથી પ્રાપ્ત થયેલી શક્તિદ્વારા બીજાની હિતપ્રદ સેવા કરીને બદલામા માન, મોટાઇ કે બીજા કોઇ ફળની કામના રાખે છે તો તે ત્યાગના માર્ગથી પતિત થઇ જાય છે.

અવિચારી મનુષ્ય અનેક પ્રકારના નાના મોટા બાહ્ય મનોહર વિલાસોને કારણે કેટલી શક્તિ, કેટલો સમય, કેટલા કેટલા લાભો, સદાચાર અને પવિત્ર ભાવોને નષ્ટ કરી દે છે. આવી દુર્દશાપૂર્ણ મન-સ્થિતિમા જે માણસ તે વિલાસોનો ત્યાગ કરે છે તે જ સાવધાન ત્યાગી છે

સાસારિક પદાર્થોથી મળનાર, વિષયજનિત સુખોની ખાતર જ માણસ સંસારમા આસક્ત બની રહ્યો છે; એ પ્રકારના પરિણામમા સુખની ઇચ્છાનો જે કોઇ માણસ ત્યાગ કરે છે તે જ શાંતિનો અધિકારી છે, તે જ સાચો ત્યાગી કહેવાય છે

જે લોકો ભોગાસક્ત તેમજ વિષયજનિત સુખોના રાગી હોય છે તેઓને અનેક લક્ષ્ય હોય છે, પરંતુ જેઓ સાસારિક ભોગ–સુખથી વિરક્ત હોય છે તેઓનુ એક સત્ય લક્ષ્ય હોય છે સદસદ્વિવેક ન હોવાને કારણે જ વિવિધ કામનાઓની ઉત્પત્તિ થાય છે, કામનાઓ સમસ્ત બંધનો તેમજ દુખોનું કારણ છે કામનાઓથી નિવૃત્તિ સદસદ્વિવેકથી થાય છે અને એની નિવૃત્તિમા જ સ્થાયી શાંતિનો દરવાજો ઉઘડે છે.

અજ્ઞાનવશાત્ પોતાની કરોડો કામનાઓની પૂર્તિનો કામી મનુષ્ય કામાવર્તમા ફસાઇને સુખ દુઃખના બંધનમા નાખી રહ્યો છે વિવેકદૃષ્ટિ ખુલતાં જ્યારે તેને ત્યાગનો માર્ગ દેખાય છે ત્યારે તે શાંતિનુ દર્શન પામે છે

કામનાઓની પૂર્તિ કરીને કોઇ માણસ કરોડો વર્ષ જીવતો રહે, કોઇ એટલું પુણ્ય સંચિત કરી લે કે જેથી તે વિપુલ ઐશ્વર્ય, વૈભવ અને અલૌકિક શક્તિઓથી સપન્ન થઇ જાય તો પણ તેને શાંતિ મળી શકતી નથી. શાંતિનુ મૂળ તો ત્યાગ જ છે સસારમા અનેક બુદ્ધિમાન, બળવાન અને ધનવાન મનુષ્યો થઇ ગયા. એ સૌ લોકોએ કામનાઓની પૂર્તિમાં મનવાંછિત સુખ પ્રાપ્ત કર્યું હશે, પરંતુ કોઇને પણ સ્થાયી તુષ્ટિ કે પરમ શાંતિ મળી નથી એ તુચ્છ બુદ્ધિવાળા પુરુષોની ચેષ્ટાને શું કહેવુ

સિદ્ધચક્રજીની ભવ્ય આરાધના.

લેખક—મુનિશ્રી લક્ષ્મીસાગરજી.

આત્મશુદ્ધિ જરૂરી છે. અનેક જ્ઞાની મહાપુરુષોએ તેની શુદ્ધિ કરવા અનેકવિધ સાધનો દર્શાવ્યાં છે તેમાં સબલ સાધન તરીકે **નવપદને** સર્વશ્રેષ્ઠ સ્થાન આપ્યું છે.

" યોગ અસંખ્ય છે જિન કહ્યા; નવપદ મુખ્ય તે જાણો રે. "

એના પવિત્ર આલંબનવડે ધ્યાનની સિદ્ધિ થાય છે. શુભ અને શુદ્ધ ધ્યાન આત્માને શુદ્ધતમ બનાવે છે. નવપદમાં અરિહંત, સિદ્ધ ભગવંત, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ શાસ્ત્રકારોએ ફરમાવ્યા છે.

" अरिहं सिद्धायरिया, उवज्झाया साहुणो अ सम्मत्तं ।
नाणं चरणं च तवो, इय पय नवगं मुणेयव्वं
अरिहाई नवपयाइं, झाईत्ता हिययकमलमज्झंमि ॥

એ નવપદાત્મક સિદ્ધચક્રની આરાધના મયણાસુંદરી અને શ્રીપાલે ભાવપૂર્વક કરી

જેનામાં નથી પુણ્યરૂપી ધન કે નથી પૌરુષ કે નથી પ્રયત્ન; એટલુ જ નહિ પણ જેઓ પોતાની ક્ષુદ્ર શક્તિનો ગર્વ કરે છે, કામનાઓની પૂર્તિમા અસ્ત-વ્યસ્ત રહે છે અને સત્યાસત્ય, ધર્માધર્મ અથવા કર્તવ્યાકર્તવ્યનો વિચાર નથી કરતા જેવી રીતે મધમાખીયો મધમા ચોટી રહે છે તેવી રીતે માણસ સસારના વિવિધ વિષયો તથા સ્વનિર્મિત સૃષ્ટિમા ચોંટયો રહે છે અને જ્યાસુધી તે તેનો પૂરેપૂરો ત્યાગ નથી કરતો ત્યાસુધી તે પ્રત્યેક સુખના અતે દુઃખ જ ભોગવે છે.

સંસારમાં કોઇ વસ્તુને કે કોઇ વ્યક્તિને પોતાની માનીને તેનું મનન કરતાં રહેવું તે જ રાગીપણુ છે, તેથી કોઇપણ વસ્તુને અથવા બુદ્ધિને પોતાની ન માનવી એ જ ત્યાગીપણું છે શાતિ પ્રાપ્ત કરવા માટે જે જાતના ત્યાગની આવશ્યકતા રહેલી છે તે બહારથી નહિ પણ અંદરથી થાય છે. ત્યાગ તો ત્યાંથી થવો જોઇએ જ્યા રાગ રહેલો છે. માણસ પોતાના મન દ્વારા સુખદ વસ્તુઓ તેમજ વ્યક્તિઓનો રાગી બને છે, એટલા માટે મનથી જ ત્યાગની શરૂઆત થવી જોઇએ. ત્યાગની શરૂઆત સૌથી વધારે નજીકની પ્રિય વસ્તુઓ તરફની આસક્તિ અથવા મમતાથી થાય છે અને ત્યાગનો અંત સૌથી પરમ સ્થિતિ પ્રાપ્ત કરવાથી સિદ્ધ થાય છે.

જેનું દિલ સઘળી અવસ્થાઓ ઉપરથી ઊઠી ગયુ છે, જેને પોતાનું કહેવા યોગ્ય કોઇ નથી તે જ સાચો ત્યાગી છે. આની [illegible] પોતાની જાતને અલગ કરનાર માણસ જ સ્વસ્થ ત્યાગી છે. સ્વરચિત સીમાઓની અંદર જ સંઘર્ષ છે, અશાતિ છે; સીમાઓનાં બંધનની બહાર નીકળી જવું એમાં જ સ્થાયી આનંદ અને શાંતિ છે.

ઇતિ શમ્.

હતી. શ્રીપાલનું શરીર નયનાભિરામ, દિવ્ય પ્રકાશી ઊઠયું હતું અને અપાર સુખસંપત્તિને પામ્યા હતા જ્યાં મહાઆપત્તિઓ મળવાની હોય ત્યાં સહજ સંપત્તિની પ્રાપ્તિ થવી થઇ, કીર્તિ સર્વત્ર વિસ્તરી હતી મનવાંછિત ઇષ્ટ કાર્યોને સફલ બનાવવા દેવો મદદરૂપ બનતા. એ આરાધનાની આશ્વિન અને ચૈત્ર સુદિ ૭ થી શરૂઆત અને પૂર્ણિમાએ પૂર્ણાહુતિ થાય છે. એ આરાધના આચામ્લ તપથી કરવામાં આવે છે એ તપમાં ૮૧ આયંબિલ કરવામાં આવે છે. સાડાચાર વર્ષે એ તપની પૂર્ણાહુતિ થાય છે આરાધના કરનાર બે ટંકનું પ્રતિક્રમણ, ત્રિકાલ દેવવંદન બે વાર પડિલેહણ ને બે હજાર જાપ કરે છે આરાધક ક્ષમાવંત જિતેન્દ્રિય, સ્થિર ચિત્તવાળો હોવો જોઇએ તેને જ આ આરાધના ફળીભૂત થાય છે એથી વિપરીત ભાવનાવાળાને વિરાધના બને છે, ઇષ્ટ પ્રાપ્તિને બદલે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે.

" खंतो दंतो संतो एयस्साराहगो नरो होई ।
जो पुण विवरीयगुणो, एयस्स विराहगो सोउ ॥ "

નવપદનો પાંચ પદમાં પણ સમાવેશ કરવામાં આવે છે ચાર ગુણો ગુણીમાં પ્રતિષ્ઠિત થાય છે. ગુણ ગુણીમાં રહેલો છે નવકાર મંત્રના જાપથી અનેક ભવી આત્માઓ તર્યા છે. દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વમાં પણ નવપદ સમાય છે. શાસ્ત્રકારો કહે છે કે—નવપદને ત્રણ તત્ત્વમાં સુપ્રતિષ્ઠિત કરી તેને આરાધનાર આત્મા નિર્મળપદને પામે છે મહાન વિજેતા બની અજિત બને છે

" धम्मो जिणेहि कहिओ तत्ततिगाराहणा मणो रम्मो ।
तत्ततिगं पुण भणिअं देवो अगुरु अधम्मो अ ॥
इक्किकस्स उ भेया नेया कमसो दुतिन्नि चत्तारि ।
तत्थऽरिहंता सिद्धा दो भेया देवतत्तस्स ॥
आयरिअउवज्झाया सुमाहूणो चेव तिन्नि गुरुभेआ ।
दंसणनाणचरित्तं तवो अधम्मस्स चउ भेआ
एए नवपयेसु अवरिअं सासणस्स सव्वस्स ।
ताएयाइं पयाइं आराहइ परममत्तिए "

પ્રથમ શ્રી અરિહંત પદ.

" અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાયે રે,
વીર જિનેશ્વર ઉપદિશે, તમે સાંભળજો ચિત્તલાઇ રે.
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે." ૧

અરિહંત પદ શ્વેત વર્ણે છે, બાર ગુણે કરી સહિત છે, પૂજવા યોગ્ય છે, માનવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે તેવા શ્રી અરિહંત પદને મારી વારંવાર વંદના હોજો

સિદ્ધપદ.

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણી રે,
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે વીર૦ ૨

સિદ્ધપદ રક્ત-લાલ વર્ણે છે, આઠ ગુણે કરી વિરાજિત છે પૂજવા, માનવા, ધ્યાયવવા યોગ્ય છે તેને વારવાર વદના હો.

આચાર્યપદ.

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે વીર૦ ૩

ઉપાધ્યાયપદ.

તપ સજ્ઝાયે રક્ત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગ ભ્રાતા રે વીર૦ ૪

નીલવર્ણે, પચવીસ ગુણે સહિત, પૂજવા, ધ્યાન કરવા અને માનવા યોગ્ય છે

સાધુપદ.

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે,
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે? વીર૦ ૫

સત્તાવીશ ગુણે વિરાજિત, શ્યામ વર્ણે છે, પૂજવા, માનવા, ધ્યાન કરવા યોગ્ય છે આદરવા યોગ્ય છે આત્માને હિતકર્ત્તા છે તેવા સાધુમહારાજને વંદના

દર્શનપદ.

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે,
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે વીર૦ ૬

સડસઠ ગુણે કરી સહિત શ્વેત વર્ણે છે પૂજવા, માનવા, ધારવા યોગ્ય, આદરવા યોગ્ય છે, આત્માને સુખકારી છે વંદના વારવાર હો તે પદને

જ્ઞાનપદ.

જ્ઞાનાવર્ણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ તેહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે વીર૦ ૭

એકાવન ગુણે કરી સંયુક્ત, શ્વેત વર્ણે છે, પૂજવા, માનવા, ધારવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે તે પદને ક્રોડ ક્રોડ વંદન હો

ચારિત્રપદ.

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે,
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે વીર૦ ૮

સીત્તેર ગુણે વિરાજમાન, શ્વેત વર્ણે છે એ પૂજ્ય પદને નમન.

તપપદ.

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વર્ત્તે નિજ ગુણે ભોગે રે. વીર૦ ૯,

એ પદ બાર ગુણે કરી સહિત છે. શ્વેત વર્ણે છે. પૂજવા, માનવા ને આદરવા યોગ્ય છે. આત્માને હિત કર્ત્તા તેવા શ્રી તપપદને મારી ક્રોડવાર વંદના હો, નમન હો.

આવી રીતે ધ્યાન કરવાથી, તેમાં તન્મયતા સાધવાથી આત્મા તદ્દસ્વરૂપ બને છે, એ જ પરમ ધ્યેય ધ્યાનરૂપ છે.

આ નવપદમાં જિનશાસનનો સાર આવી જાય છે. સર્વ પૂર્વગત ભાવનું અવતરણ નવપદોમાં છે આના સિવાય બીજું કોઈ તત્ત્વ નથી, પરમાર્થ નથી. જે કઈ છે તે નવપદ જ આરાધવા યોગ્ય ધ્યેય છે, જેનું દઢ આલંબન લેવાથી દુઃખપૂર્ણ સંસારમાં ડુબતા જીવોને ખરેખર સહાયભૂત બને છે, કારણ કે પુષ્ટાવલંબનરૂપ છે, જેમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે તેથી ભવ્યાત્માઓએ દઢતર આલંબન કરવું ઉચિત છે ,એ નવપદનુ સવિશેષ સ્વરૂપ ગીતાર્થ ગુરુઓ પાસે સમજી તુચ્છ ફળ-સંસારસુખની અભિલાષા છોડીને નવપદનું સેવન કરવામાં આવે તો સ્વકલ્પકાળમા અક્ષય નિર્મળ સુખની પ્રાપ્તિ થાય છે. નવપદ અનંત ગુણ નિધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦ અને ૧૨ ગુણો શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે, તે પ્રમાણે તેટલા લોગસ્સનો કાઉસગ્ગ, તેટલા જ ખમાસમણાં અને તેટલી જ પ્રદક્ષિણા વિગેરે ક્રિયા-અનુષ્ઠાન સ્થિર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવા જણાવેલ છે. દરેક દિવસે વિનય, વૈયાવચ્ચ, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ભૂમિશયન, બ્રહ્મચર્યપાલન, ગુરુવંદન, શુદ્ધ શ્રદ્ધા, સાધર્મિક વાત્સલ્યપૂર્વક આરાધના કરનાર આત્મા પરમ મોક્ષને પામે છે. સ્વર્ગના સુખનો પણ ભાગી બને છે. બાહ્ય રીતે સિદ્ધચક્ર યંત્રનું પૂજન પ્રક્ષાલન અષ્ટ પ્રકારી પૂજા વિ. થી રોગ શોક ભય દૂર થાય છે અને સંપદા મળે છે. અભ્યન્તર આરાધનામાં તો હૃદયકમળે અષ્ટકમળ દલની સ્થાપના કરીને તેના મધ્યમાં અરિહંત ભગવંતનું સમુજ્જવલ શ્રેષ્ઠ બિંબ સ્થાપીને ચાર દિશામા સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને શ્રેષ્ઠ સાધુને સ્થાપવા. વિદિશાઓમાં ચાર ગુણની સ્થાપના દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની કરવી. એક ચિત્તથી બાહ્ય વ્યાપાર રોકીને નિર્મળ ધ્યાન-જપ કરવાથી કર્મ નિર્જરા થતા આત્મા સહજાનંદ ચિદ્રૂપતાને પામે છે. આ ભવમાં બાહ્ય અને અભ્યંતર કરેલી **શ્રી સિદ્ધચક્રની ભવ્ય આરાધના** સુખસંપત્તિને આપે છે, નિરાબાધ જીવન બનાવે છે. આવતા જન્મે પણ સુખકારી નીવડે છે. શ્રીપાલના પૂર્વ ભવના આત્મા શ્રીકાંત રાજાએ તથા શ્રીમતીએ સામાન્ય રીતે નવપદની આરાધના વિધિપૂર્વક કરી હતી તેથી શ્રીપાલ અને મયણાસુંદરીને ચાલુ જીવનમાં અપૂર્વ સહાયતા આપી. તેના બળે પુનઃ સિદ્ધચક્રની આરાધના કરી, નિરુપદ્રવી જીવન બનાવી સુખના ભાગી બન્યા. અસાધારણ યશ-કીર્તિને પામ્યા. જીવનમાં ધર્મતત્ત્વ મેળવી અમૃતમય બન્યા અધૂરા રહેલા સંસ્કારો બીજા જન્મમા સાધનની સુંદરતા મેળવી, પૂર્ણ રીતે ખીલી આરાધનાથી આત્મા જરૂર સુખી બને છે, કૃતકૃત્ય થાય છે. દરેક વખતે વિધિપૂર્વક ભાવોલ્લાસપૂર્વક આરાધના કરવી એ દરેક ભવિ જીવને યોગ્ય છે, જેથી આત્મા મહાન લાભ મેળવી શકે છે.

" एयाइं जे केवि नवपयाइं, आराहयंतिट्ठफलप्पयाइं ।
लहंति ते सुक्खपरंपराणं, सिरिपालनरेसरुव्व ॥ "

ઇષ્ટફળને આપનાર નવપદને જે ભવિ જીવો ભાવથી આરાધે છે, તેઓ શ્રીપાલ નરેન્દ્રની માફક સુખની પરંપરાને અવિચ્છિન્ન રીતે સહજે પામે છે

શ્રીપાળ અને મયણાસુંદરી સિદ્ધચક્રના શ્રેષ્ઠ સાધનથી નવ જન્મ પછી મોક્ષસુખને મેળવશે એમની આરાધના નિષ્કામ હતી તેવી સાધના આજે પણ કરવામાં આવે તો તેવો જ પ્રકાશ અને આનંદ મળી શકે જેવી જેની ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે. શ્રેષ્ઠપણું મેળવીને આરાધના કરવામા આવે તો આરાધક સફળ બને છે અનંત જન્મનાં પાપોનો પ્રલય કરી આત્મસિદ્ધિ મેળવે છે. નવપદની આરાધના સમાન આ જગમાં કોઇ આરાધના નથી. સર્વ મંત્રોમાં નવકાર સમાન કોઇ મંત્ર નથી દેવ, ગુરુ, ધર્મ સિવાય કોઇ પરમ તત્ત્વ નથી. મોક્ષસ્થાન સિવાય કોઇ અજેય સ્થાન નથી જ્યાં જરા, મરણ, રોગ, શોક, પીડા કશુંય નથી, એ સ્થાન નવપદની આરાધનાથી આરાધકને અવશ્ય મળે છે, દેવ-દેવીઓ તેને અણધારી સહાય કરે છે, અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ સાથે નવ નિધાન મળે છે યાવત્ સર્વ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે નવપદની આરાધનાપૂર્વક સમભાવે તપ કરનારને નિકાચિત કર્મો બંધાએલા હોય તે અવશ્ય નાશ પામે છે, " નિકાચિતપણે બાંધીયા હોય તેહ બાળે. " શ્રદ્ધાવંતને તપનુ અપૂર્વ ફળ મોક્ષ અને સ્વર્ગ મળે છે. નવપદ અને તેના માહાત્મ્યને પ્રભુ મહાવીરદેવે પ્રકાશ્યો છે ચાર નિક્ષેપ અને સપ્ત નયપૂર્વક નવપદનું જ્ઞાન મેળવી આરાધના કરી તેમા તન્મય બનીને સિદ્ધચક્રને આરાધે તો જરૂર સાધક સિદ્ધચક્રરૂપ બને છે

एवं चठिए अप्पा-णमेव नवपयमयं वियाणित्ता ।
अप्पंमि चेव निचं, लीणमणा होह भो भविया ॥

નવપદનું નિશ્ચય સ્વરૂપ વિચારી હે ભવ્યજનો ! પોતાના આત્માને જ નવપદમય જાણીને પોતાના આત્મસ્વરૂપમાં જ સદા લીન મનવાળા બનો.

'મહાદેવભાઇની ડાયરી'માંથી

એક બાળકી પૂછે છે :

'ભૂલની માફી માગતા તે હોશ થતી હશે ? શરમ ન લાગે ? છતાં તમે કેમ કહો છો કે શરમ ન લાગવી જોઇએ ?'

બાપુએ લખ્યુ :

'ભૂલ નઠારું કામ છે તેથી તેની શરમ ભૂલની માફી માગવી એ સારું કામ છે, એટલે તેમાં શરમ શેની ? માફી માગવાનો અર્થ ફરી ભૂલ ન કરવાનો નિશ્ચય એ નિશ્ચય થાય એટલે તેમા શરમ શાને સારું ?'

×××××××××××××
× **આત્મ સાધના.** ×
×××××××××××××

આત્મ સાધના.

લેખક—અમરચંદ માવજી શાહ-ભાવનગર

૧ જે પૂર્ણ, શુદ્ધ નિર્વિકલ્પ સ્વરૂપ થઇ આત્મ શાંતિમાં સ્વભાવસમાધિમા સ્થિર થયા છે, રાગ દ્વેષને જીતીને વીતરાગ સ્વરૂપ થયા છે, તે પરમાત્મા જિન–અરિહંત સિદ્ધ ભગવંતોના શુદ્ધ આત્મ સ્વરૂપમા ઉપયોગને પ્રવર્તાવી, વૃત્તિઓને ઉપશમાવી, નિજાનંદ મય નિજાતમ નિર્મળ જ્યોતિને પ્રગટાવવા આત્માનુ અજર અમર સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે સાધનાને પથે પ્રવર્તવા એ ભગવંતનુ આલંબન–આરાધના–વંદના અહોનિશ અંતર્મુખપયોગમા પ્રદિપ્ત રહો

૨ જે સદ્ગુરુ ભગવંતો મિથ્યાત્વ–અવિરતિ–પ્રમાદ–કષાય અને યોગનો જય કરી, સંકલ્પવિકલ્પરૂપ વૈભાવિક વૃત્તિઓને ઉપશમાવી નિર્વિકલ્પ આત્મ–સાધનામા ઉપયોગપૂર્વક પ્રવતન કરી રહ્યા છે, પાચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી અલંકૃત થઇ અંતર્મુખપયોગને પથે શુદ્ધ સ્વરૂપને ભજે છે એવા આચાર્ય, ઉપાધ્યાય સાધુ આદિ ગુરુવર્યો અમારી સાધનાના પથમાં આશ્રયરૂપ રહો

૩ અર્હંત વીતરાગપ્રણીત આગમવાણી એ સત્પુરુષોની કૃપાથી અમારા કર્ણપટ પર થઇ, હૃદય કમળને વિષે પ્રસરી, અંતર આત્મસ્વરૂપ કમળને વિકસ્વર કરતી એ જ્ઞાન પ્રભાયુકત વાણી સ્વરૂપ સાધનાને પથે સત્શ્રુતશાસ્ત્રોરૂપ દીપિકાઓવડે સદાય અમારાં પથમા પ્રકાશિત રહો

૪ હે ભગવતી માતા શાંતિ તારી આરાધના તારી જ સાધના, તનેજ પ્રાપ્ત કરવા સમ્યગ્દ્રષ્ટિ સત્પુરુષો પ્રવર્તી રહ્યા છે તારી પ્રાપ્તિમાં જ ચિર શાંતિ છે અસ્થિર ભવસાગરના ઝંઝાવાતમા માતા ! તું જ એક સંત હૃદયને શાતા આપનાર છો તારી ગોદમાં આ તારા બાળને લઇ શાંત કર ! શાંત કર !

૫ અનંતકાળથી અવળી સમજણથી, સંસાર ભણી દ્રષ્ટિ રાખી અજ્ઞાનતાથી અવળે પથે વિચરી, સંસારસાગરમા પર્યટન કર્યું અનંત દુખ–વેદના–ત્રાસ–સહ્યા, પરભાવવડે પરતંત્રતાની બેડીઓમાં જકડાઇ, મોહમાં લપટાઇ, ભ્રમણ કર્યું હવે તેનાથી વિરમી, સમ્યગ્દ્રષ્ટિ પ્રાપ્ત કરી, સવળે પથે સાધનાની સડકે સંવર–નિર્જરાના પાટા ઉપર આત્માની ગાડી ચલાવી મુક્તિપુરી તરફ પ્રયાણ કરીએ

૬ નિશ્ચયથી આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ વીતરાગસ્વરૂપ નિર્વિકલ્પ સ્વરૂપ છે સ્વભાવથી જ્ઞાન ચેતનાનો કર્તા–ભોકતા છે વિભાવથી અજ્ઞાન ભાવનો હર્ષ–શોક, રાગ–દ્વેષ, સંકલ્પ–વિકલ્પ આદિ પરભાવોનો કર્તા–ભોકતા છે એ વિભાવોનો ત્યાગ સમ્યગ્દ્રષ્ટિવડે સાધના કરી ત્યાગ કરવો અને સમ્યગ્જ્ઞાન સ્વભાવ પ્રાપ્ત કરી તેમાં સ્થિર થવાનો પુરુષાર્થ ઉપયોગવડે પળે પળે સત્પુરુષો કરી જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરે છે

૭ જ્યા હર્ષ–શોક હોય ત્યાં આત્માનો સહજ આનંદ ન હોય, જ્યાં રાગ–દ્વેષ હોય ત્યાં અભેદ પ્રેમ ન હોય, જ્યા સંકલ્પ–વિકલ્પ હોય ત્યા ચિર શાંતિ ન હોય, નિર્વિકલ્પ શાંતિ એ સાધનાની સીધી સડક છે ઉપશમરૂપ રથમા બેસી ઉપયોગ પૂર્વક ગમન કરતો આત્મા સમ્યક્પ્રકાશમાં મુક્તિ પથને ખૂબ સહેલાઇથી કાપે છે જ્યાં ભૂલા પડવાનો ભય નથી સ્વરૂપપ્રાપ્તિનો અચળ નિશ્ચય છે નિશ્ચિતતા નિઃશંકતાપૂર્વક હર્ષ–શોક–રાગ–દ્વેષ, સંકલ્પ–વિકલ્પને ઉપશમાવી આનંદ પ્રેમ ને શાંતિના ઉપયોગમાં ૐ શાંતિ તે ભજે છે

૮ હું પૂર્ણ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છુ, તેમા મને

અચળ શ્રદ્ધા છે, તે સ્વરૂપમાં સ્થિર થવું એ મારું પરમ કર્તવ્ય, પરમ ધર્મ છે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર એ મારું સાધ્ય છે અહિંસા, સંયમ તપ એ મારૂં સાધન છે આનંદ, પ્રેમ, શાંતિ એ મારી સાધના છે ૐ શાંતિ એ મારી સિદ્ધિ છે અત્યારે જ્ઞાનાવરણીયાદિ અષ્ટ કર્મોથી આવરણ પામેલો હું સાધક છું સતદેવ, ગુરુ ધર્મના સાન્નિધ્યમાં સાધના કરી સાધ્યની સિદ્ધિ કરું

૯ અધ્યાત્મયોગવડે જીવાજીવ, પુન્ય-પાપ, આશ્રવ-સંવર નિર્જરા-બંધ-મોક્ષનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી, ભાવનાયોગવડે સ્વભાવ અને વિભાવ-જડ ચેતનાદિ છ દ્રવ્યોનું જ્ઞાન લઈ શુદ્ધ ચેતનની ભાવના ભાવી, ધ્યાનયોગવડે શુભાશુભરૂપ વિભાવોને ઉપશમાવી આત્મામાં ઉપયોગ જોડી, સમતાયોગવડે વિવેકની પ્રજ્ઞાથી જડ-ચેતનનો વિવેક કરી આત્માના શમરસ ભાવમાં-સમભાવમાં જ્ઞાન ચેતનામાં સ્થિર થઈ, વૃત્તિસંક્ષેપ યોગવડે-સંકલ્પવિકલ્પાદિ વિભાવિક વૃત્તિઓનો ક્ષય કરી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પ્રાપ્ત કરવું એજ રાજયોગની સાધના છે

૧૦ મારા અંતર પરિણામો સદાય દ્રવ્યથી-ભાવથી અહિંસામય હો, મારો વચન-મન-કાય યોગ ઉપયોગસહ સંયમયુક્ત હો, પરભાવ-પરદ્રવ્ય પ્રત્યે મારો અનાસક્ત ઉદાસીન ભાવ તપ યુક્ત હો, ઉદાસીન ભાવે ઉપશમપૂર્વક ઉપયોગ જાગ્રત રહો

૧૧ અહિંસાની પરાકાષ્ઠા વિશુદ્ધ અભેદ પ્રેમ છે જ્યાં સુધી કિંચિત માત્ર રાગ દશા વર્તશે ત્યાંસુધી અહિંસા ખંડિત રહેશે જ્યારે સર્વ જીવાત્માઓ સ્વાત્મતુલ્ય ભાસમાન થશે, સ્થૂલ દેહ કે જડ કર્મ ઉપરથી દૃષ્ટિ નીકળી શુદ્ધ આત્મા તરફ દૃષ્ટિ જશે ત્યારે અભેદભાવે પર્યાયિક વિચિત્રતાથી થતો ભેદભાવનો અંત આવશે અને એ સમભાવ યોગે વૃત્તિઓના વિકલ્પો શમી જતા આત્મસ્વરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરી શકશે આ અભેદ દૃષ્ટિ એ સાધના સિદ્ધિને પ્રાપ્ત કરાવશે

વર્તમાન સમાચાર.

શેઠ આણંદજી પુરશોત્તમદાસ ઔષધાલયની ઉદ્ઘાટન વિધિ.

શહેર ભાવનગરના શ્રી સંઘ તરફથી ઉપરોક્ત સંસ્થાની ઉદ્ઘાટન ક્રિયા આસો શુ ૫ ગુરુવારે શ્રી શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલના વરદ હસ્તે શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાના મકાનમાં કરવામાં આવેલ આ પ્રસંગે શ્રી છોટાલાલ નાનચંદ તથા શ્રી. ભાઈચંદભાઈ અમરચંદ વકીલના નિવેદન બાદ શેઠશ્રી ગુલાબચંદભાઈ આણંદજીએ આ ઔષધાલયનો જૂનો ઇતિહાસ કહ્યો હતો તેમજ હાલમાં શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢીને રૂા ત્રીસ હજારની રકમ સુપ્રત કરવામાં આવી તેનાથી શેઠ આણંદજી પરશોત્તમ આયુર્વેદિક ઔષધાલય ચલાવવાની જાહેરાત કરી હતી ત્યાર બાદ વોરા જુઠાભાઈ સાકરચંદ, શ્રી છોટાલાલ ગિરધરલાલ, શ્રી ચંપકલાલ અમીચંદ, માસ્તર શામજીભાઈ હેમચંદ તેમજ શ્રી જીવરાજભાઈ ઓધવજીના પ્રાસંગિક પ્રવચનો થયા હતા છેવટે શેઠશ્રી ભોગીલાલભાઈએ ઉદ્ઘાટન વિધિ કરીને સુંદર પ્રવચન આપેલ બાદ આભારવિધિ થતા પછી મેળાવડો વિસર્જન થયો હતો

પૂજ્યપાદ શ્રી વિજયધર્મસૂરિજીની ૨૬ મી સ્વર્ગારોહણ જયંતિ.

ભાદરવા શુ ૧૪ ના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના વ્યાખ્યાન હોલમાં શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશીના અધ્યક્ષપણા નીચે સ્વ. પૂજ્યપાદ શાસ્ત્રવિશારદ શ્રી વિજયધર્મસૂરિજીની ૨૬ મી સ્વર્ગવાસ જયંતિ શ્રી વિજયધર્મ પ્રકાશક સભા તથા શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના સંયુક્ત આશ્રયે ઊજવવામાં આવી હતી જે સમયે ભાઈઓ તથા બહેનોની હાજરી સારી સંખ્યામાં હતી શ્રી ભાઈચંદભાઈ વકીલ શ્રી. ફતેહચંદ ઝવેરભાઈ, પં જગજીવનદાસ પોપટલાલ, માસ્તર શામજીભાઈ હેમચંદ, વકીલ ન્યાલચંદભાઈ, શ્રી ભીમજીભાઈ સુશીલ

તરફથી તથા પ્રમુખ સ્થાનેથી સ્વ આચાર્યશ્રીના ગુણાનુવાદ મકળમા પ્રેરણાત્મક પ્રવચનો થયા બાદ શ્રી કમળાબહેન ઠક્કરે સ્વર્ગરચની જીવનગાથા બહુ જ રસપ્રદ રીતે સંગીતમાં ગૂથીને વ્યાખ્યાન રૂપે રજૂ કરી શ્રોતાગણ ઉપર ઊંડી છાપ પાડી હતી

આ પ્રસંગે જાહેર કરવામા આવ્યુ હતુ કે ચાલુ વર્ષનો ' શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક ' શ્રી મોતીચંદભાઈ કાપડિયા સૉલીસિટરને તેમના ' સિદ્ધર્ષિ ' પુસ્તક માટે અર્પણ કરવાનુ સમિતિએ નક્કી કર્યુ છે

સ્વ આચાર્ય શ્રી વિજયકમલસૂરિજીની સ્વર્ગારોહણ જયતિ

આસો શુદિ ૧૦ મંગળવારના રોજ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરિ મહારાજની સ્વર્ગવાસ તિથિ હોવાથી દર વર્ષ મુજબ મોટા જિનાલયમા જયતિ નિમિત્તે શ્રી નવપદજી મહારાજની પૂજા સભા તરફથી ભણાવવામા આવી હતી આંગી, રોશની વગેરેથી દેવ, ગુરુભક્તિ કરી સભાસદોએ જયતિ ઊજવી હતી

સ્વીકાર સમાલોચના

(૧) શ્રી હિન્દી જૈન કલ્પસૂત્ર –પ્રકાશક શ્રી આત્માનદ જૈન મહાસભા પંજાબ–જાલધર–શહેર મૂલ્ય રૂા ૨–૮–૦ પંજાબ દેશના ઉપકારાર્થે સુપ્રસિદ્ધ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ સાહેબના પટ્ટપ્રભાવક પંજાબકેસરી વર્તમાન યુગવીર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીની આજ્ઞાથી તેમના વિદ્વાન શિષ્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ તથા પન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજે શ્રી પર્યુષણ પર્વમા ઉપયોગી નીવડે તે માટે શ્રી કલ્પસૂત્રનો હિન્દી અનુવાદ કર્યો છે અને બિરાજતા આચાર્ય શ્રી વિજયલલિત સૂરિજી મહારાજ તરફથી સભાને ભેટ મળેલ છે

(૨) અર્બુદાચલ પ્રદક્ષિણા –લેખક, શાન્તમૂર્તિ મુનિરાજશ્રી જયન્તવિજયજી તથા પ્રકાશક, શ્રી યશોવિજયજી જૈન ગ્રથમાળા કિંમત રૂા ૨–૮–૦ જેમા આબુની પ્રદક્ષિણાનો નકશો આપવામા આવ્યો છે તે યાત્રાળુઓ માટે ખાસ ઉપયોગી છે શ્રી અર્બુદગિરિરાજ પર મંત્રીશ્વર વિમળશાહ મહાઅમાત્ય વસ્તુપાલ અને તેજપાળની બંધુ બેલડીએ જૈનોના મશકાર ધામ સમા દેવમહાલયો રચી જૈન અને જૈનેતર જગતને શિલ્પકળાથી મુગ્ધ કર્યા છે વિગેરે વર્ણનથી ભરપૂર પુસ્તક છે પ્રકાશક સસ્થા તરફથી સભાને ભેટ મળ્યુ છે

(૩) સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી–લેખ સગ્રહ ભા. ૮ મો–પ્રકાશક શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ મુબઈ કિં રૂા ૧–૧–૦ પૂજ્ય મહારાજ શ્રી કર્પૂરવિજયજીના લેખોનો સગ્રહ કરી ૮ મો ભાગ પા ૩૨૦ નો છે લેખો સ્મરણીય અને મનનીય છે ધર્મશ્રદ્ધાળુ બધુઓને ઉપયોગી અને જ્ઞાન પિપાસુઓને જ્ઞાનની તૃષા છિપાવે તેવા લેખોનો સગ્રહ છે. પ્રકાશક સસ્થા તરફથી સભાને ભેટ મળેલ છે

(૪) શ્રી મોક્ષમાળા –લેખક શ્રીમદ્ રાજચદ્ર પ્રકાશક–સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય અમદાવાદ કિં સવારૂપિયો શ્રીમદ્ રાજચદ્રજીને જૈન જગત સારી રીતે પિછાને છે જૈન ધર્મ જૂનો છે તેના સિદ્ધાતો વિશિષ્ટ અને ઉચ્ચતર છે તે બતાવવામા આવ્યુ છે મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ના કેટલાક સ્મરણો લખેલાં તે પણ આપવામા આવ્યા છે કુલ ૧૦૮ વિષયો આપવામાં આવ્યા છે જૈન તેમજ જૈનેતર જગત માટે આ પુસ્તક ખાસ ઉપયોગી અને મનન કરવા લાયક છે પ્રકાશક સસ્થા તરફથી સભાને ભેટ મળ્યુ છે

(૫) જ્ઞાનગીતા –રચયિતા –અમરચદ માવજી શાહ–ભાવનગર જેમા જ્ઞાનગીતા શતક ઉપરાત સૌભાગ્ય સૌરભ વગેરે ૭૧ વિવિધ વિષયો પર પદ્યો આપ્યા છે ' જૈન ધર્મી તો તેને કહીએ, જે જીવ દયાવ્રત પાળે રે " એવા પદો જૈન જનતામાં વ્યાપક બને તેવા છે મૂલ્ય અમૂલ્ય છે એ આનાના સ્ટાપ

મોકલનારને ટે-પાજરાપોળ ઑફિસ દાણાપીઠ ભાવનગર-લેખક તરફથી ભેટ મોકલવામા આવશે લેખક તરફથી સભાને ભેટ મળી છે

(૬) વિચારસમીક્ષા-લેખક આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરી મહારાજના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજ પ્રકાશક કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા આ પુસ્તિકા 'કલ્યાણ માસિક'નાં ગ્રાહકોને ભેટ તરીકે આપવામા આવી છે શ્રી દ્રવ્ય ગુણપર્યાય રાસનો અનુવાદ છે પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે

(૭) શ્રી જિનેન્દ્ર સ્તવનાવલિ-રચયિતા શ્રી રૂપક પ્રકાશક-સેમચંદ ડી શાહ પાલીતાણા પ્રકાશક તરફથી સભાને ભેટ મળી છે

(૮) જૈન પર્વતિથિનો ઇતિહાસ-લેખક મુનિરાજ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા ગ્રંથાંક ૩૬ પ્રાપ્તિસ્થાન-ચંદુલાલ લખુભાઇ પારેખ, નાગજી ભૂદરની પોળ, અમદાવાદ કિં ૦-૪-૦

(૯) ચતુર્વિંશતી જિનેન્દ્ર સ્તવનાનિ તથા શ્રી ભાવારિવારણ પાદપૂર્ત્યાદિ સ્તોત્ર સંગ્રહ-સંશોધક, મુનિરાજ શ્રી વિનયસાગરજી પ્રકાશક શ્રી હિંદી જૈનાગમ પ્રકાશક સુમતિ કાર્યાલય કોટા (રજપુતાના) પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે

(૧૦) શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પલીતાણાનો સંવત ૨૦૦૩ ની સાલનો ત્રોશમો વાર્ષિક રિપેર્ટ સભાને મળ્યા છે કેળવણીની આ સંસ્થાએ આજસુધીમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સમાજના ચરણે ધર્યા છે અને કેટલાક ભાગ્યશાળીઓએ, ભાગવતી દીક્ષા પણ અંગીકાર કરી છે વ્યવહારિક કેળવણીની સાથે ધાર્મિક કેળવણી પણ આપવામા આવે છે અમે દિનપરદિન આ સંસ્થાની ઉન્નતિ ઇચ્છીયે છીએ અને વિદ્યાર્થીઓમા ધાર્મિક જ્ઞાનનો વિશેષ પ્રકારે વિકાસ થાય તેમ ઇચ્છીએ છીએ જૈન સમાજનાં શ્રીમંતો પોતાનો ઉદાર હાથ વધુ લંબાવે અને કાર્યવાહકો સંસ્થાને વિશેષ પ્રગતિશીલ બનાવે તેમ ઇચ્છીયે છીએ

(૧૧) મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો છાયાનુવાદ) સંપાદક-ગોપાલદાસ જીવાભાઇ પટેલ, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ પ્રાપ્તિસ્થાન-નવજીવન કાર્યાલય, અમદાવાદ કિં રૂ ૩-૦-૦ આવૃત્તિ બીજી શ્રી મહાવીર પ્રભુએ આપેલ ઉપદેશનુ વર્ણન ૩૬ અધ્યયનોરૂપે આપેલું જે મુમુક્ષુઓ માટે વાંચવા વિચારવા અને મનન કરવા યોગ્ય છે સભાને આ પુસ્તક ભેટ મળ્યુ છે

(૧૨) શ્રી હૈમશબ્દાનુશાસનસુધા-પ્રથમો ભાગ-શ્રી નેમિ-લાવણ્યસૂરિ ગ્રંથમાલા રત્નમ્ ૫ મુ પ્રણેતા, મુનિરાજ શ્રી સુશીલવિજયજી મહારાજ પ્રકાશક, માસ્તર કુંવરજી દામજી શાહ પાલીતાણા મૂલ્ય રૂ ૫-૪-૦ કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે "સિદ્ધહેમ" વ્યાકરણની રચના કરી છે તે ગ્રંથ અનુપમ અજોડ ગણાય છે તેનો આ પ્રથમ ભાગ છે પૂજ્ય મુનિરાજ શ્રી સુશીલવિજયજી મહારાજ તરફથી સભાને ભેટ મળ્યો છે

(૧૩) માનવતાનુ મૂલ-લેખક તથા સંપાદક પૂ પં શ્રી પ્રવીણવિજયજી ગણિવર તથા પૂ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ પ્રકાશક મહેતા કાંતિલાલ રાયચંદભાઇ સાણંદ સ્વ શા હિંમતલાલ દીપચંદના સ્મરણાર્થે તેમના સુપુત્રો ચંપકલાલ આદિ બે આનાનાં પોસ્ટેજ સ્ટેપ બીડનારને પ્રકાશક તરફથી ભેટ આપવામાં આવે છે પ્રસ્તાવનારૂપ પૂર્વકથન મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજે લખી પુસ્તિકાની ઉપયોગિતા દર્શાવી છે સભાને પ્રકાશક તરફથી ભેટ મળેલ છે

(૧૪) સુખના સોપાન-લેખક માવજી દામજી શાહ-મુખ્ય ધર્મશિક્ષક, બબુ પનાલાલ જૈન હાઇસ્કૂલ મુબઇ ૨૮ પાનાની આ પુસ્તિકામા લેખકે સુખપ્રાપ્તિનાં પગથિયાંમા વિદ્યા, વિનય, પાત્રતા, ધન, ધર્મ અને સુખ બતાવ્યા છે કિં ૦-૮-૦ લેખક તરફથી સભાને ભેટ મળેલ છે

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું. સંવત ૨૦૦૫.

આત્મ સં. ૫૩

અંક ૪ થો. તા. ૧-૧૨-૪૮ કાર્તિક

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સા

ગુજરાતી
૩૧૭૦

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

અનુક્રમણિકા.

૧	શ્રી મહાવીર સ્તવન	(મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ)	૬૧
૨	જ્ઞાન પંચમીનું સ્તવન	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૬૨
૩	વર્ષામિનંદન સ્તુતિ	(મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ)	૬૨
૪	આગમની આવશ્યકતા	(આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)	૬૪
૫	જ્ઞાતા અને જ્ઞેય	(લે સન્માર્ગ ઇચ્છક)	૬૭
૬	કેટલાક ભૌગોલિક સ્થળોના નામો	(મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ)	૬૯
૭	જ્ઞાનાગમમાં તપ આરાધો	(મુનિરાજ લક્ષ્મીસાગરજી મહારાજ)	૭૨
૮	ધર્મ કૌશલ્ય	(લે મૌક્તિક)	૭૩
૯	મહાગમની વાણી	(' અભ્યાસી ')	૭૫
૧૦	સત્તાવન નવાણું વિસ	(શ્રી ચોકસી)	૭૭
૧૧	આત્મ સાધના	(રામચંદ્ર માવજી શાહ)	૭૯
૧૨	વિશ્વવિભૂતિને સ્મરણાંજલિ	(મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ)	૮૦
૧૩	ઝવેરાત	(શ્રી જદુભાઇ મહેતા)	૮૧
૧૪	કેટલાક સદ્બોધક દૃષ્ટાંતો	(શ્રી અભ્યાસી)	૮૨
૧૫	વર્તમાન સમાચાર	(સભા)	૮૪

' અંતરમાં વાસ કરતા શત્રુઓથી બ્હીને ચાલવું જોઇએ. કામ, ક્રોધનો ભય એજ ખરો ભય. એને જીતીયે તો ભયજનક બાહ્ય વસ્તુઓનો નાશ એની મેળે મટી જશે. બધો ભય દેહને લીધે છે દેહની આસક્તિ દૂર થાય તો નિર્ભયતા મળે. એમ બધા ભયો આપણી કલ્પનાની જ રમતો હોય છે બધામાંથી 'મારું' દૂર થાય તો ભય ક્યાં રહે? 'તેન ત્યક્તેન ભુંજીથા' એ શાશ્વત વચન છે "

ગાંધીજી.

શ્રી વસુદેવ હિંડી (ગુજરાતી અનુવાદ) કીમત રૂ. ૧૫)

કર્તા શ્રીમાન શ્રી સંઘદાસગણિ સંશોધનકર્તા મહાત્મા સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, અનુવાદક, ભાષાશાસ્ત્રી અને સાક્ષર સાહિત્યકાર શ્રી ભોગીલાલ જે સાંડેસરા એમ. એ આ અપૂર્વ સાહિત્ય ગ્રંથ ઉચ્ચકક્ષાનો પ્રથમ કોટીમાં મુકી શકાય તેવો અપૂર્વ ઐતિહાસિક અને કથા સાહિત્ય ગ્રંથ (પાંચમા સૈકામાં પ્રથમ લખાયેલ)

ઉચ્ચકોટીના સાહિત્યકાર અને સાક્ષરોત્તમ રાજેશ્રી આનંદશંકરભાઇ બાપુભાઇ ધ્રુવે આ સભાને આવી પ્રથમ ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કરેલી ગણના, તેમજ જૈન વિદ્વાનત્યાગી મહાત્માઓ અને જૈનેતર સાહિત્યકારે ગણેલ અપૂર્વ પ્રશંસનીય ઐતિહાસિક કથા સાહિત્યનો અનુપમ ગ્રંથ તેમજ જેની જૈન દર્શનમાં અનેક સ્થળે માહિતી આપવામાં આવેલ છે આ અપૂર્વ ગ્રંથ જેની જૈન સમાજ કિંમત કદાચ ગણના ન કરે કે ઓછી કરે તેથી તેની ઉચ્ચકોટીના સાહિત્ય તરીકે કિંમત ઓછી થતી નથી.

આ ગ્રંથની જે નકલો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને મોટી સંખ્યામાં ભેટનો અપૂર્વ લાભ આપેલ છે તે પછી હવે અમારી પાસે જુજ નકલો સિલીકે રહેલ છે, તે ગ્રંથ સિરિઝનો હોવાથી તે સિરિઝના ધારા પ્રમાણે તેની મૂળ રકમ ઉપાર્જન કરી પછી તેમાંથી સિરિઝના બીજા ગ્રંથનું પ્રકાશન કાર્ય સભાને કરવાનું હોય છે ઉપરોક્ત પ્રમાણે સભાસદો અને તેમજ ધોરણ પ્રમાણે મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારો વગેરેને ભેટ જતાં અનામત રાખવાની જે મૂળ રકમ છે તે પૂર્ણ કરવા માટે આ ગ્રંથની કિંમત રૂ ૧૨ા ને બદલે હવે સિલિકે રહેલ બુકોની દરેકની રૂ ૧૫) કિંમત લેવા ઠરાવેલ છે જેથી તે પૂર્ણ થતાં તરતજ તે બંધુના સિરિઝનો બીજો ગ્રંથ છપાવવાનો સભા પ્રબંધ કરી શકશે ૨૫ નકલથી વધારે લેનારને વીસ ટકા કમીશન આપવામાં આવશે

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫. કાર્તિક પુસ્તક ૪૬ મું.

વિક્રમ સં. ૨૦૦૫. :: તા. ૧ લી ડીસેમ્બર ૧૯૪૮ :: અંક ૪ થો.

મહાવીર-સ્તવન.

(ગૌતમ વિલાપ.)

(રાગઃ—હમ જીકે ક્યા કરેંગે જબ દીલ હી તૂટ ગયા.)

સુખકારી વીર સ્વામી! મુજ આશ નિરાશ થઈ,
મુજ આશ નિરાશ થઈ............સુખકારી૦
મિલનની અંત ઘડીએ કયમ કયમ રાખ્યો દૂર સ્વામી?
કયમ રાખ્યો દૂર સ્વામી?
નિર્વાણ પંથે ચાલ્યા, જિનવરજી પૂર્ણકામી,
ગૌતમની ઓથ ગઈ......(૨)......સુખકારી૦
સાગરનાં નીર મધ્યે મુંઝાયે રંક પ્રાણી,
મુંઝાયે રંક પ્રાણી;
તે રીતે ગૌતમ આજે ઉચ્ચારે દીન વાણી,
પ્રભુ તારો હાથ દઈ......(૨)......સુખકારી૦
મમતાના બંધ કાપો, આપોને જ્ઞાન સ્વામી,
આપોને જ્ઞાન સ્વામી;
તુજ પથમાં નાથ! યોજી નાખોને કષ્ટ શામી,
તુજ પ્રતિમા ઉર રહી......(૨)......સુખકારી૦
ગૌતમનાં મોહ મમતા, વૈરાગ્યે દૂર કીધાં,
વૈરાગ્યે દૂર કીધાં;
શુભ દિવ્ય કેવળજ્ઞાને મહાવીર-અમૃત પીધાં;
હેમેન્દ્રે મુક્તિ ચહી......(૨)......સુખકારી૦

રચયિતાઃ—મુનિ મહારાજશ્રી હેમેન્દ્રસાગરજી.

જ્ઞાનપંચમીનું સ્તવન.

(નાગરવેલીઓ રોપાવ-રાગ)

જ્ઞાન જ્યોતને પ્રગટાવ, તારા ઉર મંદિરમાં;
જિનવાણીને વસાવ, તારા ઉર મંદિરમાં ટેક૦
તું લક્ષ ચોરાશી રૂલ્યો, સદ્-જ્ઞાનને તું ભૂલ્યો;
જ્ઞાનદીપકને પ્રગટાવ, તારા ઉર મંદિરમા. (૧)
પંચમી તપને જે આરાધે, આત્મ તત્ત્વનું ભાજન થાએ;
પંચમી તપનો પ્રભાવ, તારા ઉર મંદિરમાં. (૨)
જીવ અજીવનો વિચાર, જ્ઞાન વિના નવિ થાય;
જ્ઞાનપંચમી આરાધ, તારા ઉર મંદિરમાં (૩)
જ્ઞાની એક જ શ્વાસોશ્વાસ, કર્મ કઠીનનો કરે નાશ,
સમ્યગ્ જ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. (૪)
કર્મ-મેલને દૂર કરવા, સદ્જ્ઞાન હૃદયમાં ધરવા;
આનંદ ઊર્મિઓ વર્ષાવ, તારા ઉર મંદિરમાં. (૫)
તપથી નરભવ સફળ ઇચ્છો, મૂકો મિથ્યા જ્ઞાનનો પીછો;
ધાર્મિક જ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. (૬)
જ્ઞાનપંચમીને આરાધી, કંઈક આત્માનું લ્યો સાધી;
સૂરિ અજિતાબ્ધિકેરા, તારા ઉર મંદિરમાં. (૭)
કહે-લક્ષ્મીસાગર-તપથી ઉજમાળા;
વરદત્ત-ગુણમંજરી પેઠે નરનાર;
ધાર્મિક જ્ઞાનને વસાવ, તારા ઉર મંદિરમાં. (૮)

રચયિતાઃ—મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિની ૭૯મી જન્મજયંતિ નિમિત્તે

વર્ષાભિનંદન સ્તુતિ.

દોહરા.

સંવત ભૂજ સહસીશર(૨૦૦૫), મંગલ નવલ પ્રભાત,
કુમકુમ વૃષ્ટી ખીલતી, પ્રભા ભાનુ ઉદ્યાત.

હરિગીત

વિક્રમતણા શરૂ વર્ષની, શુભ ભાઈબીજ સોહામણી,
ઉજવાય ઘરઘર પ્રેમથી, લે લ્હાણુ આનંદની ઘણી;

ધન્ય એ દિવસ અમૂલો, વીરશાસને સોહાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૧
દીક્ષા લઈ શિશુવયમહીં, વટ્પુર વિખ્યાતુ કર્યું,
પંજાબમાં વસી પ્રેમથી, અજ્ઞાન જનતાનું હર્યું;
વિજ્ઞાનથી વીર કેશરીનું, માન મહદ્ અપાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૨
લોકોતણું હરવા તિમિર, બહુ પાઠશાળાઓ કરી,
દુઃખી જનોનાં દુઃખ હરવા, દિલમાં શાંતિ ધરી;
પ્રભુતા પ્રસારી પ્રણયથી, પ્રભુતુલ્ય જે પૂજાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૩
છે આત્મબળ જેનું અનુપમ, કાળની સામે ગયા,
દૈવી પ્રભાની સ્હાયતાથી, વિજય વરતાવી રહ્યા;
આવ્યા શ્રીમંતો તેડવા, નિજ સ્થાન નવ છોડાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૪
કષ્ટો ઘણાં દિલડે સહ્યાં, પણ ફર્જ નવ ચૂક્યા જરી,
નવ દુભવ્યાં હૃદયો નિમન્ત્રિત, શ્રાવકે વિનંતી કરી,
અજ્ઞાન તિમિર ટાળવા, વીરધર્મ બોધ અપાય છે,
વલ્લભસૂરીશ્વરની જયતિ, પ્રેમથી ઉજવાય છે. ૫
શાંતમૂર્તિ દિવ્યતા, દિલથી દયા ઝરણું વહે,
પાવન થતા પતિતો જગે, વાણી સુધા હૃદયે ગ્રહે;
અહિંસાતણો ડંકો વગાડ્યો, વિજય ધ્વજ ફરકાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે ૬
મહાવીર જૈન વિદ્યાલયે, વિશ્વે વિજેતા જે થયા,
બૉર્ડીંગ પુસ્તક વાંચનાલય, વિવિધ સ્થળ સ્થાપી રહ્યા;
એ દિવ્ય કીર્તિ અમર જ્યોતિથી, જીવન ઝળકાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૭
સોહાવતા ગુરુવર્ય, આત્મારામ શિષ્યપદે જંગે,
શાસનતણી ઉચ્ચ ભાવના, વ્યાપી રહી છે રગે રગે;
ઉદ્ધાર કરવા અબુધ જનનો, અવતાર જગત મનાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૮
કલિકાળકલ્પતરુ સમા, ગુરુવર્ય જગ વંદાય છે,
પ્રેમ જ્યોતિ ઝગઝગતી, પ્રભુતાવડે પંકાય છે;
નામે ચરણમાં શિષ્ય વિનય, હૃદય અતિ પ્રફુલ્લાય છે,
વલ્લભસૂરીશ્વરની જયંતિ, પ્રેમથી ઉજવાય છે. ૯

રચયિતા—મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ.

' આરામની આવશ્યકતા '

(લેખક-આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)

જ્યારે માનવી હૃદય આદિના જીવલેણ રોગોથી ઘેરાઇ જાય છે ત્યારે ડૉક્ટરો આરામ લેવાની સલાહ આપે છે જ્યારે માનવી આરામ લે છે ત્યારે તે ભયકર રોગોની પકડ-ગાથી છૂટી જઈને આરોગ્યતા મેળવે છે પાચ સાત કલાક શારીરિક શ્રમ કરવાથી માણુસ થાકી જાય છે ત્યારે તેને આરામ લેવાની જરૂર પડે છે તે જ્યારે આરામ લે છે ત્યારે તેને શાતિ મળે છે બે-ત્રણ કલાક સતત બોલ્યા પછી મૌન ધારણ કરીને આરામ લેવો પડે છે. આ પ્રમાણે શ્રમ કરનારાઓ શ્રમિત થવાથી ફરજિયાત કે મરજિયાત આરામ લે તો જ તેમના જીવન આધિ-વ્યાધિના આશ્રિત બની શકતા નથી અને મોતના સાથી બની માનવ જીવન ખોઇ બેસતા નથી કુદરત તરફથી આરામ લેવા માટે રાત્રિની વ્યવસ્થા કરવામા આવી છે જેઓ લોભને લઇને આખો દિવસ કામે વળગ્યા રહે છે અને મરજિયાત આરામ લેતા નથી તેમને પણ રાત પડે ત્યારે ફરજિયાત આરામ લેવો પડે છે દિવસમા પણ શક્તિ ઉપરાત કામ કરનારને માટે ઊંઘની વ્યવસ્થા કરી છે, એટલે તેમને વધુ શ્રમ થવાથી ઊંઘનો આશ્રય લેવો પડે છે કદાચ માનવી અમર્યાદિત તૃષ્ણાને આધીન થઇને કુદરતની વ્યવસ્થાને ન ગણકારે તો તેને કુદરત તરફથી સજા કરવામા આવે છે, એટલે કે અનેક પ્રકારની વ્યાધિઓદ્વારા મહિનાઓ સુધી આરામ લેવાની ફરજ પાડવામા આવે છે.

આરામ એટલે મન-વચન અથવા તો મન-કાયાવડે કોઇ પણ પ્રકારની આરભેલી પ્રવૃત્તિમાથી વિરામ પામી જવુ અથવા તો મર્યાદિત કે અમર્યાદિત કાળ માટે આદરેલુ કામ મનમાથી વિસારી દેવું કોઇ પણ પ્રવૃત્તિમાથી વચન તથા કાયાને બહાર કાઢવા તે સહેલુ કામ છે, પણ મનને બહાર કાઢવુ ઘણું જ કઠણ છે જ્યા સુધી મનને પ્રવૃત્તિમાથી બહાર કાઢવામા ન આવે ત્યા સુધી વચન તથા કાયા બહાર નીકળવા છતા પણ આરામ મળી શકતો નથી અને એટલા માટે જ પ્રવૃત્તિમા લીન બનેલા મનને રોકીને આરામ મેળવવા ઘણા માણસો ઘેનની દવા લે છે પણ તે વાસ્તવિક આરામ નથી, બનાવટી હોય છે ઘેનમા પડી રહેવાથી બેશુદ્ધ થવાય છે પણ શાતિ મળી શકતી નથી બનાવટી નિદ્રાથી બીજી વિકૃતિયો થવાનો ભય રહે છે તે સ્વાભાવિક નિદ્રામા હોતો નથી સમજણપૂર્વક મનને પ્રવૃત્તિમાથી બહાર કાઢીને નિવૃત્તિ મેળવવામા જે શાતિ મળી શકે છે તે ઘેનની દવા લઇ ઊંઘી જવાથી મળી શકતી નથી આરામ બે પ્રકારનો હોવાથી શાતિ પણ બે પ્રકારની હોય છે અને તે દ્રવ્ય તથા ભાવના નામથી ઓળખાય છે. ઉપર જે કાંઈ આરામ તથા શાતિનો વિચાર કરવામા આવ્યો છે તે દ્રવ્યથી છે, અને જે શ્રમથી આરામ લેવાનો કહ્યો છે તે પણ દ્રવ્ય શ્રમને આશ્રયીને છે નિરંતર રાગ-દ્વેષની પરિણતિને આધીન થઇને જડાસક્તિથી (દુ પ્રણિધાન) મન-વચન-કાયાનો સદુપયોગ કરવો તે ભાવ શ્રમ કહેવાય છે, અને આત્મદૃષ્ટિથી (સુપ્રણિધાન) મન-વચન-કાયાનો

સદુપયોગ કરવો તે ભાવ આરામ કહેવાય છે અને તે તાત્વિક હોવાથી શાંતિ પણ તાત્વિક મળે છે. દ્રવ્ય શ્રમ જડાસક્તિને લઇને પૌદ્ગલિક સુખ માટે કરવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ તો જીવવાના સાધનો મેળવવાનો હોય છે અને તે ઉપરાંત મિથ્યાજ્ઞાનની પ્રબળતાથી વૈષયિક સુખના સાધનો મેળવવાને માટે પણ કરાય છે ત્યારે ભાવ શ્રમ વૈષયિક વાસના પોષવાને માટે કરાય છે દ્રવ્ય શ્રમ તથા ભાવ શ્રમ બંનેમાં રાગ-દ્વેષને અવકાશ હોવાથી મન-વચન-કાયાનો દુરુપયોગ જ થાય છે. કષાય-વિષયગર્ભિત મન-વચન-કાયાની પ્રવૃત્તિને દુઃપ્રણિધાન કહેવામાં આવે છે દ્રવ્ય શ્રમથી પૌદ્ગલિક સુખના સાધન મેળવાય છે અને ભાવ શ્રમથી ભોગવાય છે માટે જ તે તાત્વિક આરામ કે શાંતિ કહી શકાય નહિ કારણ કે પરિણામે તેમાં અશાંતિ તથા દુઃખ-દુર્ગતિ રહેલા છે. તાત્વિક આરામ તથા શાંતિ ભોગના ત્યાગથી મળે છે, કારણ કે ત્યાગમાં કષાય તથા વિષયને અવકાશ મળી શકતો નથી અને તેથી અશાંતિ તથા દુઃખ-દુર્ગતિને સ્થાન ન મળવાથી ભાવ આરામ મેળવી શકાય છે ભાવ આરામમાં ત્યાગની પ્રધાનતા છે અને દ્રવ્ય આરામમાં ભોગની પ્રધાનતા છે. જ્યાં ભોગ હોય છે ત્યાં જ જડાસક્તિ હોવાથી જડાત્મક વસ્તુઓની આવશ્યકતા રહે છે, કારણ કે તે સિવાય તો આસક્તિનો આદર થાય નહિ અને માનેલા આનંદ તથા શાંતિ ભોગવી શકાય નહિ

દ્રવ્ય તથા ભાવ બંને પ્રકારના શ્રમ તથા આરામમાં પ્રવૃત્તિ તો હોય જ છે, છતાં શ્રમના વ્યાપારને પ્રવૃત્તિ અને આરામના વ્યાપારને નિવૃત્તિ માનવામાં આવે છે, માટે નિવૃત્તિ પણ એક પ્રકારની પ્રવૃત્તિ જ છે દ્રવ્ય શ્રમ, દ્રવ્ય આરામ અને ભાવ શ્રમ આ ત્રણના વ્યાપારમાં (પ્રવૃત્તિમાં) દુઃપ્રણિધાન હોવાથી મન-વચન-કાયાનો દુરુપયોગ થાય છે. અને ભાવ આરામ-(નિવૃત્તિ)માં તેનો સદુપયોગ થાય છે કે જેને સુપ્રણિધાન કહેવામાં આવે છે. તાત્વિક શાંતિનું કારણ હોવાથી સમ્યગ્ પ્રવૃત્તિ જ નિવૃત્તિ હોઇ શકે છે છતાં દ્રવ્ય આરામ કે જેમાં અસમ્યક્ પ્રવૃત્તિનો આદર હોય છે તેને પણ નિવૃત્તિ કહેવામાં આવે છે, કારણ કે તેમાં પરિણામે અશાંતિ અને અસુખ હોવા છતાં પણ અતાત્વિક સુખ-શાંતિનો અજ્ઞાની જીવોને અનુભવ થાય છે તેમજ અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓનો સંસર્ગ અને ભોગ્ય વસ્તુ મેળવવાના શ્રમનો ત્યાગ હોય છે ભોગ્ય વસ્તુ મેળવવાનો વ્યાપાર તે દ્રવ્ય શ્રમ અને ભોગ્ય વસ્તુ ભોગવવાનો વ્યાપાર તે દ્રવ્ય આરામ કહેવાય છે તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો ભોગ હોય ત્યાં આરામ હોઇ શકે નહિં, પણ ત્યાગ હોય ત્યાં આરામ હોય છે અને તેથી તેને સાચી નિવૃત્તિ કહેવામાં આવે છે કે જે અંતમાં શાશ્વત સુખના રૂપમાં પરિણમે છે બાકી દ્રવ્ય આરામ નામની જ નિવૃત્તિ છે, કારણ કે તેમાં નિવૃત્તિસાધક ત્યાગને અંશ માત્ર પણ અવકાશ હોતો નથી અને ભોગ સંપૂર્ણપણે ભળેલો હોય છે, માત્ર ભોગ્ય વસ્તુ મેળવવાના શ્રમના ત્યાગને આશ્રયીને નિવૃત્તિ કહેવાય છે ત્યારે ભાવ આરામમાં તો ભોગ્ય વસ્તુનો પણ ત્યાગ હોવાથી તાત્વિક આરામની દૃષ્ટિએ નિવૃત્તિ કહેવાય છે આત્મિક દૃષ્ટિથી ભોગ્ય વસ્તુનો ત્યાગ તે નિવૃત્તિ-આરામ અને આત્મવિકાસનો વ્યાપાર તે પ્રવૃત્તિ અર્થાત્ જડાત્મક વસ્તુ મેળવવાના અને ભોગવવાના શ્રમથી વિરામ પામવું તેને નિવૃત્તિ-પ્રવૃત્તિ કહેવામાં આવે છે, પણ એમ તો બંને નિવૃત્તિ-સ્વરૂપ છે, કારણ કે ભોગ્ય વસ્તુથી વિમુખતા અને આત્મસન્મુખતા બંનેમાં શબ્દભેદ છે, અર્થભેદ નથી

ભોગની ભાવનાથી પર-પૌદ્ગલિક વસ્તુ

મેળવવાનો વ્યાપાર અને ત્યાગની ભાવનાથી સમ્યગ્ જ્ઞાનાદિ આત્મિક વસ્તુ મેળવવાનો વ્યાપાર બને વ્યાપાર હોવા છતા પણ એકને શ્રમ કહેવામા આવે છે અને બીજાને આરામ કહેવામા આવે છે, કારણ કે એકમા પૌદ્ગલિક વસ્તુ મેળવવાની પ્રવૃત્તિ હોય છે અને બીજામા પૌદ્ગલિક વસ્તુ છોડવાની પ્રવૃત્તિ હોય છે પર વસ્તુ મેળવાય છે ત્યારે સ્વ વસ્તુ પ્રગટ કરાય છે જે મેળવાય છે તે ભિન્નગુણ-ધર્મવાળી ભિન્ન વસ્તુ હોય છે અને જે પ્રગટ કરાય છે તે અભિન્નપણે રહેલા માત્ર પોતાના ગુણ-ધર્મ હોય છે અર્થાત્ ભિન્ન વસ્તુને મેળવવી એટલે સયોગ સબધથી પરવસ્તુની સાથે જોડાવુ જે વસ્તુ સયોગ સબધથી જોડાય છે તે દ્રવ્ય સ્વરૂપ હોય છે અને જે વસ્તુ પ્રગટ કરવામા આવે છે તે અભિન્ન હોવાથી સ્વરૂપ સબધ વાળી હોય છે એટલે તે ગુણસ્વરૂપ હોય છે જે દ્રવ્ય સ્વરૂપ વસ્તુ મેળવાય છે તે જીવથી ભિન્ન અજીવ-જડ-દ્રવ્ય હોય છે એટલે તેને મેળવવાને અથવા તો ભોગવવાને જે કાંઇ પ્રવૃત્તિ કરવામા આવે છે તે શ્રમ જ કહેવાય, પણ આરામ કહી શકાય નહિ જેટલે અશે પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગ તેટલે અશે આરામ કહી શકાય શાતિ તથા મુક્તિ આરામના જ અગ છે, નિવૃત્તિ પણ ત્યાગસ્વરૂપ છે જ્યા સુધી પરવસ્તુના ભોગની ભાવના માત્ર હોય ત્યા સુધી પણ નિવૃત્તિ કહી શકાય નહિ, ભલે પછી દ્રવ્ય શ્રમથી વિરામ પામવાને નિવૃત્તિ કેમ ન માનવામા આવે પણ તે સાચી નિવૃત્તિ તો નજ કહેવાય, કારણ કે દ્રવ્ય શ્રમથી વિરામ પામનારની જડાસક્તિ તથા ભોગની ભાવના ટળી નથી એટલે જડાત્મક વસ્તુથી તે મુક્ત નથી તેમજ મેળવવાના શ્રમની ભાવના પણ ભૂસાઇ નથી તેથી દેખીતી રીતે તો વિશ્રાતિ વ્યવહારમાં કહી શકાય પણ તાત્વિક દૃષ્ટિથી તો તે શ્રમથી મુકાયો નથી મેળવેલી જડાત્મક વસ્તુઓની મમતાના ભારથી તેનો આત્મા શ્રમિત જ હોય છે, અને કહેવાતા દ્રવ્ય આરામમા પણ ભોગના વ્યાપારથી શ્રમ રહિત બની શકતો નથી ફક્ત મેળવવાના શ્રમથી ભોગવવાના શ્રમની પ્રવૃત્તિ ભિન્ન પ્રકારની હોય છે તેથી તેવી પ્રવૃત્તિને શ્રમ ન કહેતા આરામ કહ્યો છે આવો આરામ ભાવ શ્રમ તરીકે કહી શકાય, કારણ કે વૈષયિક વાસના પોષવા વ્યાપાર કરવો તે ભાવશ્રમ અને વાસનાની ક્ષણિક તૃપ્તિ થવી તે વિશ્રાતિ આવી વિશ્રાતિ અશાતિથી ભિન્ન નથી, કારણ કે ક્ષણિક તૃપ્તિ દ્રવ્ય શ્રમના ત્યાગરૂપ આરામની વિઘાતક છે એટલે અતૃપ્તિ વૈષયિક સુખના સાધન વધુ મેળવવા દ્રવ્ય શ્રમની આશ્રિત બનાવે છે અતૃપ્ત ભાવે નિરતર શ્રમ યુક્ત રહેવાથી અલ્પકાળ માટે શ્રમ યુક્ત બની આરામ લઇ શકાય છે જો કે આરામની અવસ્થામા દ્રવ્ય શ્રમ રહિત જણાય છે પણ ભાવ શ્રમથી છૂટી શકાતુ નથી જે ભોગ માટે શ્રમનો ત્યાગ તે ભોગ સયોગજન્ય હોવાથી ભોગ અવસ્થામા ભોગના પ્રમાણમા સયોગી જડાત્મક વસ્તુનો વિયોગ થતો જાય છે એટલે ભોગ્ય વસ્તુના વિયોગથી ભોગ ભાવનાની પ્રબળતા આસક્તિ ભાવને વધારે પોષવાવાળી બને છે એટલે ભોગ્ય વસ્તુ મેળવવા કપના કરેલા આરામનો ત્યાગ કરવો પડે છે. દ્રવ્ય શ્રમના ત્યાગરૂપ કલ્પિત આરામ ભોગ ભાવનાનો ઉત્તેજક છે, કારણ કે દ્રવ્ય શ્રમથી મેળવેલી જડાત્મક વસ્તુ ભોગવવાને દ્રવ્ય આરામ પ્રેરે છે તેથી માનવી ભોગ તરફ વળીને ભાવ શ્રમ કરે છે અને તે ભાવ શ્રમ દ્રવ્ય શ્રમનો ઉત્પાદક બને છે આ પ્રમાણે ભોગ ભાવનાવાળો આરામ-નિવૃત્તિ-વિશ્રાતિ અને શાતિ બધાય અતાત્વિક છે તેથી તે આરામસ્વરૂપ નિવૃત્તિ કે ભોગસ્વરૂપ વિશ્રાતિ તથા શાતિ તાત્વિક

જ્ઞાતા અને જ્ઞેય

લેખકઃ—સન્માર્ગપ્રેમી

સરાગ હૃદયવડે જાણવા યોગ્ય પદાર્થનું જ્ઞાન કરવું તે મનુષ્યોને દુઃખનું કારણ થાય છે અને રાગ વિનાના મનવડે જ્ઞેયનું જ્ઞાન કરવું તે નિશ્ચયથી સુખનું જ કારણ થાય છે

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રણે એક બીજાની અપેક્ષા રાખનાર છે. જ્ઞાતા એટલે જાણવાવાળો આત્મા, જ્ઞેય એટલે જાણવા યોગ્ય પદાર્થો અને જ્ઞાતા તથા જ્ઞેયના સબંધરૂપ ક્રિયા તે જ્ઞાન છે. જ્ઞેયનો જ્ઞાતા કોઇ હોવો જોઇએ, અને જ્ઞાતાનું જ્ઞેય પણ કોઈ હોવું જોઇએ આત્મા જ્ઞાતા—જાણનાર છે તેનું જ્ઞેય જાણવા યોગ્ય આ સકળ વિશ્વ છે જ્ઞાતા પોતાની જે શક્તિવડે જ્ઞેયને પોતાની જાણવારૂપ સત્તામાં લે છે તે જ્ઞાન જુદું નથી એટલે જ્ઞાતા આત્મા અને જ્ઞેય વિશ્વના પદાર્થો એમ બે ભાગમાં વિશ્વને વહેંચવામાં આવ્યું છે અર્થાત્ જડ અને ચેતન બે પદાર્થો વિશ્વમા છે અથવા વિશ્વ જડ-ચેતન એમ બે રૂપે છે

જ્ઞાતા રાગવાળી લાગણીએ જ્યારે પોતાના જ્ઞેયનું જ્ઞાન કરે છે ત્યારે તે જીવને તેમાંથી કર્મબંધન થતા દુઃખની પ્રાપ્તિ થાય છે, પણ જ્ઞાતા એવો આત્મા જ્યારે પોતાની રાગ વિનાની મધ્યસ્થતાવાળી લાગણીએ જાણવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન કરે છે ત્યારે જીવને સુખની પ્રાપ્તિ થાય છે.

આત્માનો સ્વભાવ જ્ઞાતા અને દ્રષ્ટા છે તે દરેક પદાર્થને જાણશે અને જોશે તેથી કાંઈ નુકસાન જેવું નથી, પણ જ્યારે આત્મા પોતાના રાગ દ્વેષવાળા પરિણામે પરિણમીને પોતાના જ્ઞેય પદાર્થ તરફ જુએ છે ત્યારે જેમ લોહચુંબકની શક્તિવડે લોઢું લોહચુંબક તરફ ખેંચાઇ આવે છે તેમ આત્માના રાગદ્વેષવાળા પરિણામરૂપ લોહચુંબક તરફ કર્મવર્ગણાને લાયકના પરમાણુઓનો જથ્થો ખેંચાઇ આવે છે અને તે રાગદ્વેષરૂપ ચીકાશની સાથે લોઢાની સાથે જેમ અગ્નિ અથવા દૂધની સાથે જેમ પાણી રહે છે તેમ એકરસ થઇને આવરણ યા મળરૂપે રહે છે. બીજી રીતે કહીએ તો આ રાગદ્વેષની તીવ્રતા કે મંદતાના પ્રમાણમાં ખેંચાઇ આવેલી કર્મવર્ગણાઓ બીજરૂપે સત્તામાં જમા થઇને રહે છે અને કાળાંતરે તેમાંથી તેના ફળરૂપે સુખ દુઃખ પ્રગટ થાય છે.

આ જ કારણથી કહેવામાં આવ્યું છે કે—સરાગ ચિત્તવડે જ્ઞાતા જ્ઞેયને જાણે તો તે જીવને પરિણામે દુઃખરૂપ થાય છે, તેમાંથી દુઃખ પ્રગટે છે

આત્મા રાગદ્વેષની લાગણીવડે જ્ઞેયને જાણે એ એક જાતની આત્માની ગતિ છે આત્મા જાણવારૂપ કાર્યમાં પ્રવૃત્તિ કરી તે પોતાના સ્થિર સ્વરૂપમાંથી ગતિમાં મૂકાવારૂપ છે આ ગતિ છે તે જાગૃતિવાળી ગતિ ન હોવાથી આત્મા કર્મના બંધનથી બંધાય છે

આત્મા વૈરાગિત મનવડે અથવા રાગદ્વેષ સિવાયની લાગણીવડે પોતાના જ્ઞેય પદાર્થનું જ્ઞાન કરે છે ત્યારે તેને સુખની પ્રાપ્તિ થાય છે આ પ્રવૃત્તિ તે

આરામ—આનંદ તથા સુખ-શાંતિના સંપૂર્ણ બાધક છે ત્યારે તાત્વિક આરામ નિવૃત્તિ-વિશ્રાંતિ તથા શાંતિ શાશ્વત-સુખ તથા આનંદના ઉત્પાદક છે અને તે ઉપર કહ્યા પ્રમાણે જડાત્મક વસ્તુઓના ત્યાગરૂપ આરામ-નિવૃત્તિથી પ્રગટે છે

આત્માની સવળી બાજુની છે જેથી તે કર્મથી બંધાતો નથી પણ ઊલટો છૂટે છે ગતિ તો પ્રથમની અને આ બન્ને કહેવાય, છતાં પ્રથમની ગતિ અવળી છે અને આ બીજી ગતિ રાગદ્વેષ સિવાય થતી હોવાથી સવળી છે, તેથી નવીન કર્મબંધ થતો નથી કેમકે મધ્યસ્થદષ્ટિએ દરેક પદાર્થને જુએ છે જેમ ઘરની અંદર દીવાના પ્રકાશવડે અને બહાર સૂર્યના પ્રકાશવડે મનુષ્યો સારી અને ખોટી બન્ને જાતની પ્રવૃત્તિ કરે છે, તેમાં દીવો તથા સૂર્ય મધ્યસ્થ હોવાથી જ્ઞાતા દ્રષ્ટા તરીકે રહેલા હોવાથી, રાગદ્વેષની લાગણીવાળા ન હોવાથી, કર્તા ભોક્તા તરીકે વર્તતા ન હોવાથી અને પોતાના સ્વભાવ પ્રમાણે પ્રકાશ કરતા હોવાથી પેલા મનુષ્યની માફક રાગદ્વેષથી બંધાતા નથી. તેમ આત્મા પણ શુભ અશુભ કે અશુદ્ધ ઉપયોગે પરિણમેલો ન હોવાથી શુભાશુભ બંધન પામતો નથી, અને પરિણામે તેને સુખની—આત્માના આનંદની પ્રાપ્તિ થાય છે

મધ્યસ્થદષ્ટિએ વસ્તુતત્ત્વનો નિર્ણય કરવા માટે કોઈ પણ જીવ વિશ્વમાં જાણવા યોગ્ય પદાર્થનો વિચાર કરે કે જુએ તો તેથી કર્મબંધન થતું નથી, પણ રાગદ્વેષની લાગણીવાળા કે કર્તા ભોક્તાપણાના અભિમાની વિચાર કે વર્તનથી જ કર્મ બંધાય છે. આ જ્ઞેય—જાણવા યોગ્ય પદાર્થો સજીવ અને નિર્જીવ બે પ્રકારના છે અને તે લોકાલોકમાં આવી રહેલા છે લોક કે જેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્‌ગલ અને આત્મા આ છ પદાર્થો રહેલા છે તેને કહે છે અલોકમાં કેવળ આકાશ છે, અલોક કરતા પણ તે અનંતગુણો છે. તે જ્ઞાનનો વિષય છે, પણ તેમાં આકાશ સિવાય જાણવા જેવા જેવું કાંઈ નથી

લોક ત્રણ ભાગમાં વહેંચાયેલો છે આ જે પૃથ્વી ઉપર આપણે રહ્યા છીએ તેની નીચે આવેલા ભાગને અધોલોક કહે છે આપણી ઉપરના ભાગને ઊર્ધ્વ લોક કહે છે અને આપણે જ્યાં રહ્યા છીએ તે ભાગને તિર્ચ્છા લોક કહે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ આ ચાર દ્રવ્યો પ્રાયે આપણને કર્મબંધનમાં કારણભૂત નથી. તે આ દષ્ટિએ દેખાય તેવા નથી, તેમજ તેનો લાભ અનિચ્છાએ આપણને મળે છે જેનો પ્રત્યક્ષ સમાગમ થતો નથી તેમજ ઇચ્છાપૂર્વક તેની જરૂરિયાત આપણને નથી એટલે તેઓની અદૃશ્ય હયાતિ આપણને નુકસાનકારક પણ નથી.

દેહ વિનાના આત્માઓ તે સિદ્ધ પરમાત્માના જીવો છે તેઓ પણ આપણને કોઈ રીતે નુકસાન કરતા નથી. હવે બાકી રહ્યા તે દેહધારી આત્માઓ અને પુદ્‌ગલો પુદ્‌ગલોમાં કેટલાક આત્માની સાથે જોડાયેલા દેહ કર્માદિરૂપે છે અને કેટલાક છૂટા છે, તે બન્ને જ્ઞેય આપણને મોટે ભાગે કર્મબંધનમાં નિમિત્ત કારણ છે

આ બન્ને સજીવ નિર્જીવ પદાર્થમાં આત્મા તે તે આકારે રાગદ્વેષના પરિણામે પરિણમવાનો સંભવ છે આવા પદાર્થો ત્રણે લોકમાં રહેલા છે

વિશ્વમાં જે જે સારામાં સારી વસ્તુઓ દેખાય છે તે તે પુન્ય પ્રકૃતિનું કારણ છે પુન્યથી તે વસ્તુ મળે છે. જેઓ તે તે વસ્તુને, અધિકારને અને સ્થિતિને પામ્યા છે તે તે સર્વ જીવો પોતાની કરેલી કમાણીનો જ અનુભવ કરે છે. અને વિશ્વમાં જે જે દુખી જીવો છે તે સર્વે જીવો પોતાના હલકા કર્તવ્યનો બદલો અનુભવે છે આત્મા ધારે તો આ વિશ્વનો પૂજનિક બની શકે તેમ છે અને ખરાબ રસ્તે આત્માને દોરવે તો વિશ્વનો દાસ પણ થઈ શકે છે, બન્ને બાજી આત્માના ઘરની અને હાથની છે આ સુખ દુખ સિવાયની ત્રીજી સ્થિતિ આત્મજાગૃતિની છે. પ્રથમની પુન્યપાપની સ્થિતિમાં આત્મજાગૃતિ ભુલાયેલી હોય છે આત્મજાગૃતિપૂર્વક આ વિશ્વમાં વર્તન કરવામાં આવે તો વિશ્વમાં એવો કોઈ મોહક કે દ્વેષવાળો પદાર્થ નથી કે તેને પરાણે વળગી પડે અને કર્મબંધન કરાવે

ખરી રીતે નિમિત્ત કારણો આત્માની નબળાઇ-

શાસ્ત્રમાં આવતાં કેટલાંક ભૌગોલિક સ્થળોનાં નામો.

લેખક—મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ.

વિક્રમ-સં૦ ૨૦૦૦ માં દમણ(દક્ષિણ-ગુજરાત)માં ચાતુર્માસ પૂરું કરી ૨૦૦૧ ના માહ માસમાં અમે મુંબઈ આવ્યા. ત્યાં શહેર અને પરામાં ત્રણેક માસની સ્થિરતા કરી દક્ષિણ દેશ તરફ વિહાર કર્યો ત્યારે મુખ્યતઃ નાનાં-મોટાં તીર્થોની યાત્રા કરવાની તેમજ અનુષંગે વિદ્યાલયો-પુસ્તકાલયો જોવાની ઇચ્છા હતી. આમ વિહાર કરતાં અમારું પ્રથમ ચાતુર્માસ મુંબઈથી ૫૪ માઈલ દૂર થાણા જીલ્લાના શહાપુર ગામમાં થયું. આ વખતે ભૂગોળ સંબંધી મારું જ્ઞાન નહિંવત હતું પણ જેમ જેમ વિહાર લંબાતો ગયો તેમ તેમ ભૌગોલિક જ્ઞાનની વધારે ને વધારે જરૂર જણાતી ગઈ. વળી શાસ્ત્રમાં આવતાં તીર્થંકરોનાં કલ્યાણકસ્થાનો અને મહાપુરુષોના વિહાર-ક્ષેત્રના જ્ઞાનના અભાવે તે તે વિષયનો તલસ્પર્શી બોધ અને સાક્ષાત્કાર થઇ શકતો નથી એમ લાગ્યું એટલે તેના પ્રત્યે રસ જાગ્યો, ભૂગોળ સંબંધી ઇંગ્લીશ પુસ્તકો વાંચ્યાં, નકશાઓ જોયા અને જેમ જેમ લાભ જણાયો તેમ તેમ રસ વધ્યો. ત્યાંથી વિહાર કરી ૨૦૦૨ ના પોષ માસમાં પૂના આવ્યા.

આ વખતે શાસ્ત્રમાં આવતા દક્ષિણમાં પ્રતિષ્ઠાનપુર સંબંધી ઘણી ખોજ કરી. છેવટે મરાઠી ભૂગોળમાંથી તેનો પત્તો મળ્યો જેનું વર્ણન આગળ કરું છું.

આમ પૂનામાં અમારા વસવાટ દરમ્યાન શહેરથી બે માઇલ દૂર એક ટેકરીની નજીકમાં ભાંડારકર ઇન્સ્ટીટ્યુટ નામના પુસ્તકાલયને જોવા ગયા. ત્યાં હસ્તલિખિત તેમજ મુદ્રિત અનેક પુસ્તકોનો સંગ્રહ છે. તેમાં જૈન દર્શનના હસ્તલિખિત તેમજ મુદ્રિત સેંકડો પુસ્તકો છે. તે સિવાય અન્ય દર્શનના મુદ્રિત-અમુદ્રિતનો મોટો સંગ્રહ છે. ત્યાંનો વિશાળ સંગ્રહ અને વ્યવસ્થા તથા મકાનની સુરક્ષિતતા જોઇને મને થયું કે આપણે ત્યાં અમદાવાદના કોઈ સારા લત્તામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આવો સુંદર અને સુરક્ષિત જ્ઞાન-ભંડાર તૈયાર થાય તો કેવું સારું ? આ બાબત પેઢીના ટ્રસ્ટી શેઠ મયાભાઇ સાંકળચંદને વર્ષો પહેલાં મેં અમદાવાદમાં કહેલું પણ તેનું કાંઇ પરિણામ આવ્યું નહોતું. હજી પણ પેઢીના ટ્રસ્ટીઓ આ વાતને ધ્યાનમાં લે તો

તો જ લાભ લે છે. જો આત્મા બળવાન અને પૂરી જાગૃતિવાળો હોય તો કોઇ પદાર્થ તેને પરાણે રાગ-દ્વેષ કે કર્મ વળગાડવાને સમર્થ નથી. જ્યારે આ જીવ આત્મભાન ભૂલી પદાર્થો તરફ રાગદ્વેષવાળી લાગણીથી પરિણમે છે, ઝુકે છે ત્યારે જ તે પદાર્થો તેના તરફ આકર્ષાય છે અથવા પોતે તેમાં આસક્ત બની તેને પોતાના કરવા પ્રયત્ન કરતાં તેમાં ફસાઇ પડે છે; માટે જ કહેવામાં આવ્યું છે કે આત્માનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે, છતાં જો સરાગ દૃષ્ટિએ તે જ્ઞાતા જ્ઞેય પદાર્થ તરફ પરિણમે તો દુઃખદાયી કર્મબંધન પામે છે અને વિરાગ દૃષ્ટિએ પરિણમતા વસ્તુનો નિશ્ચય કરી તેમાંથી વિરક્ત બને છે તો કર્મબંધનથી મુક્ત થઇ છેવટે શાશ્વત સુખનો ભોક્તા બને છે.

(આત્મવિશુદ્ધિમાંથી)

પરિણામ સારુ નિપજાવી શકે અને જ્ઞાનભંડારની ખોટ પુરોઇ જાય

આ સિવાય ડેક્કન કૉલેજ અને ફરગ્યુસન કૉલેજના તથા બીજા પણ નાના મોટા પુસ્તકાલયો જોયા જેમાથી ઘણા પુસ્તકો મારા શિષ્ય જંબુવિજયજીને તેમના નયચક્રના સંપાદનકાર્યમા ઉપયોગી થયા છે

પરદર્શનના પંડિતો અને પ્રોફેસરો આપણા પરિચય માટે ઉત્સુક અને અભિલાષી હોય છે સાથે સાથે સજ્જન અને ઉદાર પણ હોય છે તે પૈકીના એક ફરગ્યુસન કૉલેજના સજ્જન અને ઘણી ભાષાના જ્ઞાતા પ્રૉ૦ ગોખલે કે જેઓ હમણા હિંદ-સરકાર તરફથી ટીબેટ ખાતે એલચી તરીકે નિમાયા છે, તેમની સાથેના ગાઢ સંબંધથી તેમના દ્વારા અલભ્ય અને દુર્લભ પુસ્તકો સહેલાઇથી વાચવા મળી શકયા હતા જે પુસ્તકોએ નયચક્રના સંપાદનકાર્યમા ઘણી સહાય કરી છે

પ્રતિષ્ઠાનપુરની અતિ પ્રાચીનતા.

આ નગરની ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્તા છે આ નગર **શ્રી ધન્યકુમાર** કે જેઓ સંસારી સંબંધથી શાલિભદ્રના બનેવી થાય અને અંતે ભગવાન્ મહાવીરના શિષ્ય થયા અને વૈભારગિરિ ઉપર અનશન કરી, કાળ કરી અનુત્તર વિમાનમા દેવ તરીકે ઉત્પન્ન થયા તેમની જન્મભૂમિ, **ઝાંઝરીઆમુનિ** કે જેઓ ત્યાના રાજા મકરધ્વજ અને રાણી મદનસેનાના પુત્ર નામે મદનબ્રહ્મ હતા તેમની જન્મભૂમિ, નિર્મિત્તવેત્તા **ભદ્રબાહુસ્વામી** કે જેઓ ચોથા પ્રભાવક તરીકે ઓળખાય છે અને વરાહમિહિરના બંધુ થાય તેમની જન્મભૂમિ, અને શાતવાહન રાજાના વખતમા રાજાની વિનંતિથી **કાલકાચાર્ય** ભગવાન્ મહાવીરના નિર્વાણ પછી ૯૦૫ વર્ષે અને વિ૦ સં ૧૩૫મા પંચમીની સંવત્સરી બદલીને ચોથની પ્રવર્તાવી તે સ્થળ, ત્યારપછી થોડા વર્ષે એટલે વિ૦ સ૦ ૧૩૯મા મથુરા નજીકના કોઇ પ્રદેશમા રથવીરપુર નગરમા શિવભૂતિ નામના સાધુએ દિગંબર મત પ્રવર્તાવ્યો આ સિવાય બીજા પણ અનેક બનાવો આ નગરમા બન્યાના ઉલ્લેખો વ્યવહારસૂત્ર વિ૦ અનેક ગ્રન્થોમા આવે છે આ શહેર અત્યારે પૈઠણના નામથી ઓળખાય છે, જેના પાદરમાથી ગોદાવરી નદી વહીને પૂર્વ દિશામા બંગાળી ઉપસાગરને મળે છે આ શહેર અત્યાર સુધી દક્ષિણ હૈદ્રાબાદ રાજ્યના ઔરંગાબાદ જીલ્લામા નિઝામ સરકારના અમલ નીચે હતું હમણા થોડા વખતથી હિંદ સરકારના અમલ નીચે છે અને અહમદનગરની નજીકમા છે

પુરી

જે નગરમા અંતિમ દશ પૂર્વધર વજ્રસ્વામી ઉત્તર દેશમા દુષ્કાળના લીધે પીડાતા સાધુ-સંઘને પટ ઉપર બેસાડી આકાશમાર્ગે થઇને લઇ ગયા હતા તે આજના ઓરીસ્સા પ્રાંતમા સમુદ્રકિનારે આવેલી જગન્નાથપુરીના નામથી ઓળખાય છે

ચાર પ્રત્યેકબુદ્ધની જન્મભૂમિ તથા રાજધાનીના સ્થળો

करकडू कलिंगेसु पंचालेसु य दुम्मुहो।
नमीराया विदेहेसु गंधारेसु य नग्गइ॥

કરકંડુ નામના પ્રત્યેકબુદ્ધ કે જેમને એક વૃદ્ધ વૃષભને દુખી જોઈને વૈરાગ્ય થવાથી સ્વયં દીક્ષા લઇ આરાધના કરી મોક્ષમા ગયા તેમની રાજધાની અને જૈન રાજા ખારવેલની રાજધાની કલિંગદેશમા કંચનપુર તે આજનુ ઓરીસ્સા પ્રાન્તમા જગન્નાથપુરીની નજીકમા આવેલુ ભુવનેશ્વર છે કે જેને ભવિષ્યમા ઓરીસ્સાનુ પાટનગર કરવાનુ હિંદ સરકારે નક્કી કર્યું છે

રાજા દ્વિમુખની રાજધાની પંચાલદેશમાં હતી જે આજે સંયુકત પ્રાન્તમાં રોહિલખંડના નામથી ઓળખાય છે. તેમણે સ્વયં દીક્ષા લઇ આરાધના કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે.

નમિરાજાની જન્મભૂમિ અને રાજધાની વિદેહ દેશની મિથિલા નામની નગરી તે આજે બિહાર પ્રાન્તમાં ગંગાના ઉત્તર કિનારે આવેલો ભાગ છે જેમણે સ્વયં દીક્ષા લઇ આરાધના કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે. ભગવાન્ મલ્લિનાથ અને નેમિનાથની જન્મભૂમિ પણ મિથિલા છે.

નગ્ગઇ—ગંધાર દેશમાં પુરુષપુર નગરના રાજા હતા. તેમને ઉત્તરાધ્યયન સૂત્રમાં ટીકાકાર ઉ૦ ભાવવિજયજી ગણીએ નગ-ગઇ એટલે હમેશાં નગ એટલે પર્વત પાસે જતા હતા તેથી તેમનું નામ નગ્ગઇ પડયું છે એમ લખ્યું છે, પણ આવશ્યક વૃત્તિમાં ટીકાકારે નગ્નજિત્ નામના રાજા હતા એમ જણાવ્યું છે, તેનો પ્રાકૃતમાં નગ્ગઇ પર્યાય થાય અને પ્રાકૃત વ્યાકરણના આધારે પણ નગ્નજિતનું નગ્ગઇ રૂપ સિદ્ધ થાય છે. તે પુરુષપુર આજનું હિંદની ઉત્તરમાં કંદહાર પ્રદેશમાં આવેલું પેશાવર છે, જ્યાં હમણાં સુધી બૌદ્ધ મઠો હતા જે નગરમાં તદ્ભવમોક્ષગામી મહાપુરુષોનો જન્મ થયો ત્યાં આજે આર્યપુરુષ શોધ્યો જડે તેમ નથી. આ રીતે ચારે પ્રત્યેકબુદ્ધ મહાપુરુષોનાં જન્મસ્થળ અને રાજધાનીનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના ૧૮મા અધ્યયનની ૪૬મી ગાથાના આધારે વર્તમાન કાળની ભૂગોળને સન્મુખ રાખીને કર્યું છે. વિશેષ જાણવાની ઇચ્છાવાળાએ મૂળ સ્થળ જોઇ લેવું.

ચરકસંહિતાની પ્રસ્તાવનામાં પણ નગ્ગઇ રાજાને નગ્નજિત્ રાજા તરીકે વર્ણવ્યા છે. આ ચારે પ્રત્યેકબુદ્ધ મહાપુરુષો ભગવાન્ મહાવીરના સમકાલીન થયા છે સામાન્ય રીતે પ્રત્યેકબુદ્ધો માટે એવો નિયમ છે કે તેઓ એક બીજા મળતા નથી, અને કદાચ મળે તો પરસ્પર બોલતા નથી પણ આ એક વિશિષ્ટ બનાવ છે કે આ ચારે પ્રત્યેકબુદ્ધો એક યક્ષના મંદિરમાં ભેગા થયા છે અને અનુક્રમે બોલ્યા પણ છે. શ્રીપાળકુંવરના દક્ષિણમાં પર્યટનના સ્થળો મળી શકયાં તેટલાં આ માસિકના ગયા ચૈત્રમાસના અંકમાં આપ્યાં છે. જાણવાની ઇચ્છાવાળાએ તે અંકમાંથી જોઇ લેવું.

* ઇન્દ્રિયોને આધીન થવું તે દુ:ખી થવાનો માર્ગ છે અને ઇન્દ્રિયોને વશ કરી લેવી તે સુખી થવાનો સુમાર્ગ છે

* કોઇ કોઇને સુખી કે દુ:ખી કરી શકતું જ નથી. કર્મને અનુસારે બધું થાય છે. બીજા તો નિમિત્ત માત્ર છે.

* ધર્મ એજ ધન છે એવી શ્રદ્ધા હંમેશા મનમાં સેવવી જોઇએ.

જ્ઞાનપંચમી તપ આરાધો

લેખક—મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

જ્ઞાનપંચમી એટલે સમસ્ત પર્વતિથિઓમા આધિપત્ય ભોગવતો મહાન પર્વ દિવસ. જ્ઞાનપચમી એટલે માનવ જીવનના અજ્ઞાનને, કલુષિત વાતાવરણોને તિલાજલિ આપી અનેરા આહલાદની ઉચ્ચ સામગ્રી એકઠી કરનાર પવિત્ર પર્વ જ્ઞાનપચમી એટલે અમાવાસ્યાનુ અધારુ નહિ પણ શીતળ પૂર્ણિમાની પૂર્ણ જ્ઞાનજ્યોત્સના જ્ઞાનપચમી એટલે પચેન્દ્રિયનુ દમન કરી શરીર આરૂઢ આત્માને ઉચ્ચ ધ્યેયે One goal પહોચાવા દિવ્ય સામગ્રી તૈયાર કરનાર તિથિ જ્ઞાનપંચમીતપ એટલે મુક્તિ દ્વારની સોનેરી ચાવી છેવટમા જ્ઞાનપચમી એટલે વરદત્તગુણમજરી સમા મહામૂલા મૌક્તિકોને સંસારસાગરમાથી તારી અક્ષય સુખની પ્રાપ્તિ કરાવનાર પર્વ. ઉચ્ચ પવિત્ર સદ્જ્ઞાનને **જ્ઞાનપચમીતપનો મહિમા** ગણી શકાય જૈન શાસ્ત્રકારો જણાવે છે કે અજ્ઞાનરૂપી પડલથી આત્માની શુદ્ધતાને જ્વલત જ્યોતિ ઢંકાઇ ગઇ છે. તે પડલ જ્યારે જ્ઞાનપંચમીના આરાધનથી વિખરાઇ જશે ત્યારે આત્મા સ્વયં જ્યોતિરૂપ હોઇ સપૂર્ણપણે પ્રકાશી ઊઠશે વળી જ્ઞાન આ ભવમા ને પરભવમાં હિતકારક છે, કારણ કે જ્ઞાનથી જ દરેક કાર્યની સિદ્ધિ થાય છેઃ જ્ઞાનદ્વારા સારું નરસું, સત્ય અસત્ય, વિવેક અવિવેક, કલ્પ્ય અકલ્પ્ય, હેય ઉપાદેય, વિગેરે બાબતો જ્ઞાનદ્વારા સમજી શકાય

વિશ્વમા મારા જન્મનુ સાર્થક શેમા છે? આદર્શમય જીવન બનાવવા શું શું કૃત્યો કરવાના છે? "कोऽहं कुत आगतः" વિગેરે તત્વ જ્ઞાનના સૂત્રોનુ મનન જ્ઞાનથી થઇ શકે છે. સૂર્યની જ્યોતિ કરતા ય જ્ઞાનજ્યોતિ અજબ છે સૂર્ય તો માત્રં દિવસના જ પ્રકાશે છે, જ્યારે જ્ઞાનજ્યોત્સના તો નિરંતર અહોરાત્ર પ્રકાશે છે **જ્ઞાનપચમીતપ** એ અપૂર્વ શક્તિ છે આધ્યાત્મિક જ્ઞાન સિવાય આત્માનો છુટકારો નથી એ કથન સત્ય છે

---

* સુખ આવે ત્યારે પુણ્યનુ આ ફળ છે અને દુ.ખ આવે ત્યારે આ પાપનુ ફળ છે, એમ નિરતર વિચારવુ, કે જેથી રાગ-દ્વેષના બધન ઓછા થાય.

* જેણે પરસ્ત્રી સામે અસદ્‌ભાવ કુદૃષ્ટિથી જોયુ તેણે પોતાના આત્માને ધૂળમા રગદોળ્યો છે.

ધર્મ....કૌશલ્ય.

(૫૩)

નવે નામે. Over again.

નવે નામે ફરી શરૂઆત કરવી—એ મુશ્કેલ છતાં હિતકારી છે.

નં. ૨.—ધર્મક્ષેત્રમાં બે પ્રકારની વ્યક્તિઓ કામ કરતી દેખાય છે. એક પ્રકારને આંતરવિકાસની લલના લાગેલી હોય છે અને એને બાહ્ય દેખાવ, ઉપચાર કે કૃત્રિમતાને માટે કાંઇ પડેલી હોતી નથી. એ તો પોતાના કામમાં મસ્ત રહે છે, પોતાને રસ્તે ચાલ્યો જાય છે અને લોકો તેને માટે શું ધારે છે કે શું બોલે છે તે જાણવાની કે જણાઇ જાય તો તે પર નિગાહ કરવાની એને વિચારણા પણ થતી નથી. 'શું જાણે જગ બાવરો, શું જાણે જગ અંધ.' દુનિયા એને ગાંડો કે બાવરો માણસ ધારે છે, એને ઘેલો કે અગડબંબ કહે છેઃ અને એની નજરે દુનિયા અંધ દેખાય છે, પડછાયા પાછળ મરી રહેલી અને અસ્થિર પાછળ વલખાં મારતી દેખાય છે. દુનિયાનો અને તેનો એક વાતે મેળ બેસતો નથી અને દુનિયા એ શું કરે છે કે એનાં મનોરાજ્ય ક્યાં વસે છે? એનું આંતર સત્ત્વ કેવું છે? કેટલું અગાધ છે? કેવા મૂલ્યવાન રત્નોથી ભરેલું છે અને એની બેપરવાઇ પાછળ કેવો મોટો મુદ્દો રહેલો છે તે કદી જાણતી નથી, એનો લાભ લેતી નથી, એને બરાબર ઓળખતી પણ નથી. આ એક પ્રકારના મનોરાજ્યમાં વસનાર યોગીઓ હોય છે. એનો ઇતિહાસ જણાયો નથી, લખાયો નથી.-અને એણે ઇતિહાસમાં રમવા કે અમર થવા કદી સંકલ્પ કે વિચાર સરખો પણ કર્યો હોતો નથી.

બીજા પ્રકારના પ્રાણીઓ પોતાનાં પ્રત્યેક કાર્ય દુનિયાને હિસાબે જ કરે છે. એના કામથી દુનિયા એને માટે શું ધારશે, એને કેટલું માન સન્માન આપશે, એનું સન્માન કેવું થશે, એને સમાજમાં કે સાજનામાં આગળ પડતુ સ્થાન કેમ મળશે તેનો જ ખ્યાલ કરે છે. આવા દુન્યવી સાધકો જ્યારે કોઇ વખત છબરડો વાળી નાખે છે અને દુનિયાની નજરે હળવા બની જાય છે ત્યારે ભારે વિમાસણમાં પડી જાય છે. એને માનશિખર ઉપરથી નીચે ઊતરવું પાલવતું નથી અને કરેલ ક્ષતિનો પશ્ચાત્તાપ કરવો ગમતો નથી. એ નવે નામે શરૂઆત કરતા નથી અને પોતાનો સાચો ખોટો બચાવ કરવામાં જિંદગી વેડરી નાખે છે.

પાછા પડેલાને, બાજી હારેલાને, ધર્મ હારી બેઠેલાને, મહાન પાપનો ભોગ બનેલાને પાપનું પ્રાયશ્ચિત્ત કરવું ગમતું નથી, નવે નામે શરૂ કરવું સહજું નથી અને ફરી વખત બાજી રમવામાં પોતાની આબરૂને થતો ઘાસ સ્વીકારવો ગમતો નથી. આ વાત અનુચિત છે. જૈનો જેને પ્રતિક્રમણ કહે છે તે કરેલ પાપનું પ્રાયશ્ચિત્ત અને ભવિષ્યમાં ન કરવાનો નિર્ણય બતાવે છે. એમ કરી જાહેરમાં પાપનો સ્વીકાર કરવો એ ઘણી મુશ્કેલ બાબત છે, પણ જે પ્રાણી ભ્રષ્ટ થઇ ગયા પછી પણ માર્ગાનુસારીપણાથી શરૂઆત કરે છે તે જરૂર આગળ વધે છે અને તેમ કરનાર અંતે પોતાનો વિકાસ સાધે છે. પાછા ફરી નવી શરૂઆત કરવી એ પાકા વિચારનુ પરિણામ છે, આત્મજીવનનો પાયો છે, ઉચ્ચગ્રાહની સીડીએ ચઢવાનો ઉત્કટ માર્ગ છે અને પ્રશંસનીય ગુણપ્રાપ્તિનુ દ્વાર છે. સાચો ધર્મી પ્રાણી પોતાનું આ સ્થાન બરાબર સમજી તેને સ્વીકારી લે.

No. 2. It's difficult to begin over again, but it pays to do so.

(Thoughts of the Great.)

(૫૪)

સલાહ લેવી.-Taking Advice

સલાહ લેવી—એ મુશ્કેલ છતાં લાભકારી બાબત છે

ન. ૩. ધર્મક્ષેત્રમાં સલાહ આપવાનું કાર્ય શુરુ કરે છે જ્યારે જ્યારે ધર્મજીવનમાં ગૂંચવણ દેખાય, પોતાની ઇચ્છા પ્રમાણે પ્રગતિ ન થાય, વિષય ચર્ચા કે વિચારણામાં ઘાટ ન બેસે ત્યારે પોતાના સમાનવયસ્કની અથવા વૃદ્ધ અનુભવીને પૂછવાનુ મન થાય છે, પણ વળી મનમા એમ આવી જાય કે આવી બાબત બીજાને પૂછવા જતા તે 'આપણામાં એટલી પણ આવડત નહિ હોય' એમ ધારી આપણી અવગણના કરશે, અથવા આપણે માટે હલકો મત બાધશે આવા વિચારે પ્રાણી આગળ વધતો નથી અને વગર સલાહે પોતાની રચેલી જાળમા અટવાયા કરે છે

એ જ પ્રમાણે તત્વચર્ચામાં કે યોગાનુસંધાનમા પોતાને ધડ ન બેસે ત્યારે પ્રાણી ચક્કરમાં પડી જાય છે, અથડાય છે, ગોટવાઇ જાય છે અને જ્ઞાન કે યોગાભાસમા પડી જાય છે એનુ આત્મમાન કે અભિમાન એને પડખેઅડખે પૂછવા દેતુ નથી અને યોગ જેવી બાબતમા એ હઠયોગમાં કે ચાભ્રમણમાં પડી જાય છે, અનેકવાર આત્મવચનામાં અટવાઇ જાય છે અને પછી તો પહેલે પગથિયે પણ ન હોય ત્યાં પોતે શિખર પર ચઢી ગયેલ છે એમ માની પોતાની જાતને હાસ્યાસ્પદ બનાવી મૂકે છે અને પછી ગમે તેવી કુદલીલો કરી પોતાને માર્ગ લાધ્યો છે એવી ભ્રમણામાં પડી જાય છે જ્ઞાન અને યોગ, ક્રિયા અને ગુણપ્રાપ્તિમા પ્રાણીએ અન્યની સલાહ લેવાની ખાસ જરૂર હોય છે છતા ગૌરવના શિખર પર ચઢેલ પ્રાણી એવી સલાહથી વંચિત રહી બાહ્ય દેખાવ કે ઉપરની માન્યતામાં ગચી જઇ મનને મનાવી લે છે

એને ગુરુને પૂછતાં સંકોચ થાય છે, સહાધ્યાયીને પૂછતાં માનહાનિ જણાય છે, ગમે તેને પૂછતાં પોતાની સ્થાનભ્રષ્ટતા દેખાય છે અને નિરર્થક ગુંઅળાઇ અટવાયા કરે છે અથવા સંદેહના રંગે રંગાઇ કીચડમા ગોથાં ખાધા કરે છે અભ્યાસમાં કે યોગપ્રગતિમા આવા પ્રાણીઓને બહુ નુકસાન થાય છે, વિચારણાની અપૂર્ણતાને એ યોગ્ય દિશાએ લઇ શકતો નથી અને પરિણામે રખડાય છે, કૂટાય છે, હેરાન થાય છે અને સંદેહની કે સંશયની ભઠ્ઠીએ ચઢી આત્મધનને બાળી મૂકે છે. પણ અન્યની સલાહ લેવામાં જાય શુ ? આપણી અપૂર્ણતા પૂરી કરવાનુ સાધન અન્યની લેવાતી સલાહ છે અને ગુરુ તરફની પરાધીનતામાં અટપતા નથી, પણ એ તો ખરેખરો લ્હાવો છે, મિત્રની સલાહ સોનાની નીવડે છે પોતાની પ્રગતિ અનેક દિશાએ વધારી મૂકવાનુ સાધન આ પ્રકારની સલાહ હોઇ ખૂબ અનુસરણ માગે છે અને સાર્વત્રિક સર્વોદય માટે બહુ અગત્યનાં સાધનો પૂરાં પાડે છે એમાં પ્રગતિને પ્રેરણા મળે છે, રસ્તો સાંપડવાની વાતને પ્રકાશ મળે છે અને જીવન કસોટી ને કસ-પ્રેરણા મળે છે, માટે અન્યની સલાહ ધર્મક્ષેત્રમાં તો ખૂબ જરૂરી છે ગુરુ તરફ ભક્તિ બતાવનાર મન ઉચ્ચ પ્રાહનુ સાચુ સ્થાન છે અને પોતાની પ્રગતિને માપનાર અને તેને બતાવનાર દર્શક તરીકે સાચી પારાશીશી છે સાચો ધર્માર્થી પ્રાણી વગર સંકોચે સલાહ લે," સમજીને પોતાનુ વર્તન તદનુસાર ગોઠવે અને તેમ કરીને પારકી સાચી સલાહનો પૂરતો લાભ મેળવે.

મૌક્તિક.

No 3 It is difficult to take advice but it pays to do so

(Thoughts of the Great.

મંગળમય વાણી.

અનુવાદકઃ—' અભ્યાસી '

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् ।
न ब्रूयात् सत्यमप्रियम् ॥

જે ભોજન આપણે મ્હોંએથી લઇએ છીએ તે જ આપણો સત્ત્વાંશ (શરીરનો ભાગ) બને છે. થાળીમાં બાકી રહેલું અન્ન આપણો સત્ત્વાંશ નથી બનતું. એવી જ સ્થિતિ શબ્દોની પણ છે. જે શબ્દોને આપણે આપણાં મુખમાં સ્થાન દઇએ છીએ તે આપણો સત્ત્વાંશ બની જાય છે અને જેને આપણે સ્થાન નથી દેતા તે સત્ત્વાંશ નથી બનતા.

કોઇની નિંદા કરવા માટે આપણે અપશબ્દોને મુખની અંદર સ્થાન દેવું જ પડશે અને એમ કરવાથી તે આપણા સત્ત્વાંશ બની જશે. આપણે ઘણે ભાગે એમ વિચારીએ છીએ કે અપરાધીઓની યોગ્ય આલોચના કરીને ન્યાયનું સમર્થન કરીએ છીએ; પરંતુ વાસ્તવિક રીતે ધૃણા અને લજ્જાના શબ્દોને જીભે લાવીને આપણે તેને આપણાં મનમાં સ્થાન દઇએ છીએ અને પછી તે દ્વારા આપણાં સુખ તથા શાંતિ પર આઘાત પહોંચાડીએ છીએ. એવા શબ્દો આપણા ધ્યાનને એ રચનાત્મક વિધિઓ ઉપરથી દૂર હઠાવી મૂકે છે કે જેના પ્રયોગથી અપરાધ કરનારને સુધારવાનો સંભવ હોય છે. આપણે એટલું યાદ રાખવું જોઇએ કે આપણે જે અપશબ્દોનું ઉચ્ચારણ કરીએ છીએ તે આપણા મુખમાં જ રહી જાય છે; અપરાધીમાં એનાથી જરા પણ સુધારો થતો નથી.

એવો અવસર પણ આવે છે કે જ્યારે આપણને પાપના વિરોધમાં અવાજ ઉઠાવવાની જરૂર પડે છે, પરંતુ સાધારણ રીતે એમ કરવાથી વિષમય શબ્દોને આપણા જ મુખમાં લઇ જઇને આપણે જ નુકસાન કરીએ છીએ. એનાથી દોષનો પરિહાર જરા પણ થતો નથી. નિષિદ્ધ વાક્યોના વિક્ષુબ્ધ સાગરમાં આપણી શબ્દાવળીની ધારા પ્રવાહિત કરીને આપણે સંસારની અશાંતિને વધારી મૂકીએ છીએ. જનતાની કુભાવનાઓના શિકાર બનેલા કોઇપણ પુરુષના છિદ્રાન્વેષણ, દોષારોપણ કરવાથી નથી આપણે આપણું ભલું કરતા તેમજ નથી આપણે સંસારની અવસ્થા સુધારી શકતા. ઊલટું વિષમય શબ્દોનો ભારે ખોરાક પેટમાં ભરીને આપણે આપણી જાતને વિષમતાના ઊંડા સાગરમાં ડુબાડી દઇએ છીએ.

વિષમ આલોચનાના અનુદાર ઉદ્ગારો બોલ્યા પછી આકાશ અંધકારથી છવાઇ ગયેલું લાગે છે અને થોડા સમય માટે જીવનનો સાત્વિક આનંદ વિષાદના વાદળોથી છવાઇ જાય છે. મૂર્ખતાના શબ્દો ઉચ્ચારીને આપણે આપણી જાતને વેચી દઇએ છીએ અને તેના બદલામાં ' સંસારની સ્થિતિ ઘણી જ ખરાબ છે અને સૌ અમને ભૂલી ગયા છે ' એવા એવા અસદ્ વિચારોને હૃદયમાં સ્થાન આપીએ છીએ. અને જેની ઉપર દોષારોપણ કરીએ છીએ તેનામાં આપણી મારફત કોઇ જાતનો નૈતિક સુધારો પણ નથી થતો.

આપણી એવી ઇચ્છા હોવી જોઇએ કે આપણે ભૂલ કરનારને તેની મુશ્કેલીઓથી બચાવી લઇએ. તેને પદદલિત કરવાને બદલે આપણે તેને ઊઠવાની કળા શીખવવી જોઇએ.

પ્રત્યેક બાહ્ય સ્થિતિનો જન્મ પહેલો મનમાં થાય છે. બાહ્ય જગતમાંથી આપણે જો બુરાઇને હમેશને માટે ઉખેડીને ફેંકી દેવા ચાહતા હોઇએ તો

આપણે તે માટે પહેલા તો મનમાંથી જ બુરાઇની જડને ખોદી નાખવી જોઇએ કઠોર-કડવા શબ્દો અને આઘાતોથી નથી મટતુ વૈમનસ્ય અને નથી થતી રાક્ષસોમાં દેવત્વની સ્થાપના ઉત્તમતા તરફ પ્રગતિ કરનાર પ્રત્યેક પગની છાપ પહેલાં તો હૃદય તથા મન ઉપર પડવી જોઇએ આલોચનાપૂર્ણ અથવા આઘાત પહોંચાડનાર શબ્દોની અપેક્ષાએ મધુર શબ્દો હૃદય ઉપર વધારે પ્રભાવ પાડે છે બાહ્ય જગતની અવ્યવસ્થાની જડ માનસ જગતની અવ્યવસ્થામાં રહે છે તેથી પહેલાં તો માનસ ક્ષેત્રમા સમતાને સ્થાપિત કરવી જોઇએ વિરોધપૂર્ણ તથા કડવા શબ્દોથી વિષમતાનો કદિ પણ નાશ થતો જ નથી

એટલુ યાદ રાખવુ જોઇએ કે મોઢામા આવેલા ઉત્તમ શબ્દો જીવનમા સુખ તથા સમૃદ્ધિ લાવે છે અને હિંસાત્મક તથા અપ્રિય શબ્દોથી અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે ક્રોધાકુળ શબ્દોથી આપણી પાચન-ક્રિયાને નુકસાન પહોંચે છે તથા શરીરના બીજા વ્યાપારોમા પણ ઉથલપાથલ મચી જાય છે વાગ્બાણો વરસાવીને આપણે આપણાં લક્ષ્યની તરફ આગળ વધવાને બદલે આપણી જાતને વધારે હાનિ પહોંચાડીએ છીએ

આજ કાલ સસારને જેટલી આવશ્યકતા ઉત્તમ ઉત્સાહવર્ધક શબ્દોની છે એટલી બીજી કોઇ વસ્તુની નથી એ સદ્ શબ્દોનુ ઉચ્ચારણ કોણ કરશે ? આપણા કરતાં વધારે સારી રીતે કોઈ નહિ કરી શકે પ્રેમ સદ્ભાવના ક્ષમા હમદર્દિથી પૂર્ણ ઉત્તમ શબ્દોનો પ્રયોગ કરીને વિશ્વમા શાંતિ સ્થાપવા માટે તેમજ મનુષ્યમાં સદ્ભાવનાની વૃદ્ધિ કરવા માટે આપણાથી બનતુ કરવાનો સુઅવસર પ્રાપ્ત થયેલ છે વિશ્વમાં શાંતિ અને પ્રાણીઓમા સદ્ભાવના સ્થાપવા માટે ઇશ્વરને કરવામા આવતી પ્રાર્થનામાં સહયોગ આપવો જોઇએ કોઇને પણ દુ:ખ આપીને સસારની અશાંતિમા વધારો ન કરવો જોઇએ

આજે તો એવા સ્ત્રી પુરુષોની જરૂર છે કે જેઓને ભગવાનની દયાળુતા ઉપર એટલો વિશ્વાસ હોય કે તેઓ શાંત રહીને પ્રાણિઓને મુક્ત કરવાની ભગવાનની ક્રિયાને જોઇ, જાણી શકે અને લોકોની સમક્ષ તેની ઘોષણા કરે જે લોકો આમ કરશે તેઓને તેનો પુરસ્કાર મળ્યા વગર રહેશે નહિ કેમકે આશીર્વાદ આપીને જ તેઓ પોતે આશીર્વાદ પ્રાપ્ત કરશે

માણસ કેવળ ભૌતિક આહાર પર નિર્ભર નથી રહી શકતો સત્યરૂપે જીવિત રહેવા માટે તેને તો જે શબ્દો સ્વય ભગવાનના મુખારવિંદમાંથી નીકળ્યા છે તે જ શબ્દોને પણ પોતાની અંદર લઇ જવા પડશે

ભૌતિક જીવનની પાષાણમય કઠોરતા પર આપણે આપણાં જીવનને નિર્ભર કરવાની ચેષ્ટા કરી રહ્યા છીએ પરંતુ પાપની આલોચના કરનાર શબ્દોમા કોઇપણ જાતનુ પોષણ તત્વ નથી એવા આહાર ઉપર નિર્ભર રહેવાથી આપણો આત્મા ભૂખે મરી જશે આપણને ખરેખર પુષ્ટિ આપનાર આહાર તો ઇશ્વરની કલ્યાણમય વાણીથી પ્રાપ્ત થાય છે જે સત્ય તથા ધર્મથી ઓતપ્રોત છે આ સૃષ્ટિમાં સઘળુ સારુ છે અને જ્યારે આપણે ઇશ્વરની કલ્યાણમય વાણીનુ ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે જીવનનો વાસ્તવિક ખોરાક ગ્રહણ કરીએ છીએ અને જો આપણને અસલ ખોરાક મળી શકતો હોય તો પછી પથ્થર (કઠોરતા) ઉપર શા માટે નિર્ભર રહેવુ ?

પથ્થર ખાઇને કોઇ વધી શકતુ નથી, ફૂલીફાલી શકતુ નથી એવી જ રીતે કઠોર શબ્દોથી કોઇ વધી શકતુ નથી ફૂલીફાલી શકતુ નથી ઇશ્વરનો પ્રેમ, જીવન અને તેની વાસ્તવિકતા જ જીવનનો અસલ ખોરાક છે, ભગવાનની મગળમય વાણી સાંભળો અને તેનાથી ભક્તિ તેમજ જીવન પ્રાપ્ત કરો કેવળ તેના મગળમય શબ્દો મુખમાં ધારણ કરો વાતચીતમાં કેવળ એવા જ શબ્દોનો પ્રયોગ કરો કે જેમાં આત્માનુ નિર્માણાત્મક તત્ત્વ ભરેલુ છે તમારી વાણીને એવી મગલમય બનાવો કે જેનાથી પવિત્ર દૈવી શાંતિની સ્થાપના થાય અને જગતમાં એનો પ્રસાર થાય

ब्रूयात् सदा हितकर वाक्यम् ।

યાત્રાના નવાણું દિવસ.

લેખક—મોહનલાલ દીપચંદ ચોકસી.

ભગવતભાષિત વાણી—

મહાનુભાવ! અહીંના આ રમ્ય વાતાવરણમાં આજે હું તમોને આ યુગના અતિ મહત્વના સાધન સબંધે કહીશ પંચમ કાળના જીવોને આત્મશ્રેય સાધવામાં અવલંબનરૂપ વસ્તુઓ માત્ર બે એક જિનબિંબ અને બીજી જિનઆગમ જિનબિંબોથી તો આ પહાડ સુશોભિત બનેલ છે અહીં અર્ચન-પૂજન સ્તવન તેમજ ધ્યાન માટે વિશાલ સામગ્રી વિપુલ પ્રમાણમાં પથરાયેલી છે. ફક્ત એમાં તદાકાર બનવા સારુ જરૂર છે સાચા ઉમળકાની અને એકાગ્ર દૃષ્ટિની એ કેળવવા સારુ આગમજ્ઞાન પ્રાપ્ત કરવુ જરૂરી છે

પ્રત્યેક કરણી જ્ઞાનયુક્ત હોય તો જ સંપૂર્ણ ફળદાયી નીવડે છે તેથી જ 'પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા' કિંવા 'પહેલુ જ્ઞાન અને પછી ક્રિયા' જેવા ટંકશાળી વચનો અસ્તિત્વમાં આવ્યા છે

પૂર્વે તીર્થંકર દેવોના જે નામો જોયા એમા આ અવસર્પિણીકાળમાં છેલ્લા થયા શ્રી વર્ધમાનસ્વામી વિશેષ ખ્યાતિ પામ્યા શ્રી મહાવીર પ્રભુ તરીકે આજના વિદ્યમાન સાહિત્યના મૂળ પ્રણેતા તેઓશ્રી જ કૈવલ્યપ્રાપ્તિ પછી તેઓ રાજગૃહીના મહસેન વનમા પધાર્યા ઇંદ્રભૂતિ આદિ અગિયાર ભૂદેવોને તેમના હૃદયમાં રહેલી શંકાઓનું ખુદ તેઓ માનતા હતા એ 'વેદ'ના વાક્યોના સાચા અર્થોવડે સમાધાન કરી પોતાના મુખ્ય શિષ્ય તરીકે સ્થાપ્યા તેઓ ગણધર તરીકે ઓળખાયા ભગવંત મહાવીરદેવે તે દરેકને 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ' રૂપ ત્રણ પદોની વાચના આપી એ ઉપરથી તે દરેકે બાર અંગની રચના કરી એ દ્વાદશાંગી યાને ગણિપીટકરૂપે ઓળખાય છે

પરમ જિન શ્રી મહાવીરદેવના નિર્વાણ પૂર્વે પ્રથમ ગણધર ઇંદ્રભૂતિ ગૌતમ તથા પંચમ ગણધર સુધર્મા સિવાયના નવ મુક્તિપદને પામ્યા હતા પોતાની નિર્વાણ રાત્રિ અને એની પૂર્ણાહુતિ પછીના પ્રાતઃકાળે શ્રી ગૌતમને કેવલજ્ઞાનનો યોગ જોઈ શ્રી મહાવીરદેવે પટ્ટધર તરીકે શ્રી સુધર્માને સ્થાપ્યા હતા

આમ જે અંગ સાહિત્ય આજે ઉપલબ્ધ થાય છે તેના રચનાર શ્રી સુધર્માસ્વામી છે એની શરૂઆતમાં જે રીતે ઉલ્લેખ કરાય છે એ પરથી એ વાત સહજ સમજાય છે

'હે શિષ્ય જંબુ! ભગવંત મહાવીરદેવે ગણધર-મુખ્ય શ્રી ગૌતમને જે વાત, જે સ્વરૂપે કહી છે તે વાત તે સ્વરૂપે હુ તને કહુ છુ' આ જાતની ભૂમિકાથી અંગોમા કથન કરાય છે આ રીતે કહેવાયેલુ સર્વ જ્ઞાન બાર અંગરૂપે ઓળખાય છે ચૌદ પૂર્વ તરીકે ગણનાપાત્ર થયેલ સાહિત્ય એ બારમા અંગનો એક ભાગ જ છે જ્યા બારમુ અંગ જે દૃષ્ટિવાદ તરીકે ઓળખાતુ હતુ તે વિચ્છેદ ગયુ છે ત્યાં 'પૂર્વ' સબંધી વિશેષ માહિતી ક્યાથી મળે? આમ છતા એમાની છુટીછવાયી બાબતોના ખ્યાલ અંગ આદિમાં પ્રાપ્ત થતાં ઉલ્લેખો અને સંગ્રહાયેલી ટૂંક નોંધથી આવે છે પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામી-રચિત શ્રી કલ્પસૂત્ર પણ એ પૂર્વમાંની પ્રસાદીરૂપ છે અને પાછળ થયેલા વિદ્વાનોએ ઉપાંગ, પયન્ના તેમજ અન્ય સૂત્રોની જે રચનાઓ કરી છે તે સર્વના મૂળ તો ઉપર કહ્યુ તેમ દ્વાદશાંગીમાં જ છે આ રીતે સર્જાયેલ સાહિત્ય 'પીસ્તાલીશ આગમ' રૂપે ઓળખાય છે જુદા જુદા પ્રકારોમાં ઉપલબ્ધ પણ થાય છે

ગણધર મહારાજાપ્રણીત અંગો ઉપર જેમ જેમ કાળના વાત્સ્રા વાયા, ઊતરતા સમયની અસરથી સમજશક્તિનો હ્રાસ થતો ગયો અને સ્મરણશક્તિમાં કાપ પડવા માંડ્યો, તેમ તેમ પાછળ થયેલા વિદ્વાન મુનિપુંગવોએ એ જ્ઞાનવારિધિના આશયને જરાપણ ક્ષતિ પહોંચાડ્યા વિના એ ઉપર 'નિર્યુક્તિ,' 'ભાષ્ય,' 'ચૂર્ણિ' અને 'ટીકા'ની રચના કરી. 'મૂળ'નો ઉમેરો કરતાં એ પંચાંગી કહેવાય છે

લગભગ શ્રી મહાવીરદેવના નિર્વાણથી ૯૮૦ અને અપવાદે ૯૯૩ વર્ષ પછી આગમ પુસ્તકારૂઢ થયા સ્મરણશક્તિ સાવ ઓસરી જવાના નગારા વાગી રહ્યા બારવર્ષી ભયંકર દુકાળોએ પોતાના તાંડવ નૃત્ય શુ રાખ્યા અને દક્ષ અભ્યાસીઓ, નિષ્ણાત સંતો અનુભવી આચાર્યો સંખ્યામાં ઘટવા લાગ્યા ત્યારે રાષ્ટ્રના વલ્લભીપુરમાં પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે વિદ્યમાન સાધુઓની પરિષદ મેળવી અને સંખ્યાબંધ લહીઆઓને રોકી, ભિન્ન ભિન્ન સાધુ મહારાજોની યાદદાસ્ત એકઠી કરી આગમજ્ઞાનને ગ્રંથોમાં લખી લીધું આ પૂર્વે જ્ઞાનસંભારણા તેમજ પરસ્પર પાઠોની સરખામણી નિમિત્તે પાટલીપુત્રમાં મુનિ પરિષદ મળેલી તેમજ મથુરામાં પણ એ જાતનો પ્રયાસ થયેલો આ લેખનનું વિદ્યમાન સ્વરૂપ તો વલ્લભીપુરે નિર્માણ કરેલ તે જ છે માથુરી અને વલ્લભી વાચનામાં જે પાઠફેરની વાતો આવે છે એ ઉપરના કારણે છે ઉપરની પરિસ્થિતિનો અભ્યાસી સહજ અનુમાની શકશે કે પ્રાપ્ત થયેલ આ વારસો શાસ્ત્રરૂપે રહે એ જ શોભાસ્પદ લેખાય, એને ખેંચી પકડી કે એના અર્થ આડાતેડા બનાવી એનો ઉપયોગ ન તો શસ્ત્રરૂપે કરાય કિંવા એ નામે ન તો સાઠમારી થાય

આ પવિત્ર પીસ્તાલીશ આગમમાં શું શું કહેવામાં આવેલ છે એ તરફ સામાન્ય ઓપ ફેરવી લઈએ

૧. આચારાંગ	સૂત્ર	અંગ	મૂળ	શ્લોક	૨૫૦૦	જૈનધર્મનું સ્વરૂપ-સાધુના આચાર
૨ સૂયગડાંગ	,,	,,	,,	,,	૨૧૦૦	૩૬૩ મતનુ સ્વરૂપ
૩ ઠાણાંગ	,,	,,	,	,,	૩૭૭૫	એકથી દશ સુધી વસ્તુઓનું કથન
૪ સમવાયાંગ	,,	,,	,,	,,	૧૬૬૭	એકથી કોટાકોટિ સુધી પદાર્થનું જ્ઞાન,
૫ ભગવતી	,,	,,	,,	,,	૧૫૭૫૨	શ્રીગૌતમવિ ના પ્રશ્નો, ભગવતના ઉત્તર
૬. જ્ઞાતાધર્મકથા	,,	,,	,,	,,	૬૦૦૦	ધર્મીપુરૂષોના કથાનકો
૭. ઉપાશકદશાંગ	,,	,,	,,	,,	૮૧૨	આનંદ વિ દશ શ્રાવકોનુ સ્વરૂપ
૮ અંતગડદશાંગ	,,	,,	,	,,	૭૯૦	મોક્ષે ગયેલા નેવુ જીવોનુ સ્વરૂપ
૯ અનુત્તરોવવાઇ	,,	,,	,,	,,	૧૯૨	અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલ જીવોનું સ્વરૂપ
૧૦. પ્રશ્નવ્યાકરણ	,,	,,	,,	,,	૧૨૫૦	પાંચ આશ્રવ તથા પાંચ સંવર સંબંધી
૧૧ વિપાક	,,	,,	,,	,,	૧૨૧૬	દશ દુ:ખવિપાકી અને દશ સુખવિપાકી જીવોનુ સ્વરૂપ.
૧૨ ઉવવાઇ			ઉપાંગ	શ્લોક	૧૧૬૭	બાવીશ પ્રકારના જીવ વિષે કોણિકની વંદના
૧૩ રાજપ્રશ્નીય			,,	,,	૨૦૭૮	પ્રદેશી રાજાને પ્રતિબોધ
૧૪ જીવાભિગમ			,,	,,	૪૭૦૦	જીવ અજીવનુ વિસ્તારથી કથન
૧૫ પન્નવણા			,	,,	૭૮૦૦	છત્રીશ પદમે છત્રીશ વસ્તુ સ્વરૂપ
૧૬ જંબૂદ્વીપપન્નત્તિ			,,	,,	૪૧૪૬	જંબૂદ્વીપ વિ નુ વર્ણન.

આત્મસાધના.

લેખકઃ—અમરચંદ માવજી શાહ.

(ગતાંક પૃષ્ઠ ૫૮થી શરૂ.)

સંયમની પરાકાષ્ઠા સર્વ સંવર છે. કર્માશ્રવના દરવાજા જ્યારે સંવરરૂપ સાંકળવડે બંધ થશે, સમતા યોગમાં સ્થિર થશે, પાંચ ઇન્દ્રિયોનાં વિષયમાં થતા રાગ દ્વેષ અને કષાયભાવ મંદ પડશે, મન-વચન-કાયાનો યોગ આત્મભાવમાં વર્તશે ત્યારે સંયમ થશે.

શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ પંચ વિષયો પુદ્ગલજનિત છે. તેને ભોગવનાર મન, વચન ને કાયા પુદ્ગલ છે. હું એ પુદ્ગલોથી—પરભાવોથી પર છું હું તો કેવલ જ્ઞાતા-દ્રષ્ટા છું. એ વિષયોને હું ભોગવતો નથી, અજ્ઞાનભાવે હું માનું છું કે આ સારું થયું. આ સારું છે, આ ઇષ્ટ છે, અનિષ્ટ છે આદિ વિકલ્પોમાં જોડાઇ ફોગટ રાગ-દ્વેષની વૃત્તિઓવડે આશ્રવ ગ્રહી બંધ ભાવને પામું છું. આ બંધભાવનો નાશ કરવા મારી સાધના સદાય જાગ્રત રહો.

ઇન્દ્રિયો વિષયની માંગણી કરે તેને તે વખતે રોકવી તેનું નામ તપ. તપની પરાકાષ્ઠા સંકલ્પવિકલ્પ રહિત ચિર શાંતિ છે. આવી નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયસંયમ, યોગસંયમ, કષાય, ઉપશમ આદિ પ્રવૃત્તિરૂપ તપ કર્તવ્ય છે. બંધનાં કારણોનો નાશ કરવો અને આત્માને મોક્ષમાં સ્થિર કરી કાર્યસિદ્ધિ કરવી. આ રીતે કાર્ય કારણનો ઉપયોગ કરી આત્મમુક્તિ પ્રાપ્ત કરવી એ જ આત્માની સત્-ક્રિયા છે.

શાંતિરૂપી એક જ ગુટિકા આત્મશુદ્ધિ માટે રામબાણ ઇલાજ છે. કાંઇપણ સંકલ્પવિકલ્પ કર્યા સિવાય, નિર્વિકલ્પ મૌન દશામાં આત્મધ્યાન સ્થિર થઇ કરવું. કોઇપણ વિચારવૃત્તિને વશ થવું નહિં. જ્ઞાનચેતનામાં—સ્વભાવમા લીન રહેવું. હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છું એ ઉપયોગ ધારી રાખવો વૃત્તિઓ થાય તો પણ તેની ઉપેક્ષા કરવી. જાણે કાંઇ જાણતાં જ નથી, આપણે કાંઇ તેની સાથે સંબંધ જ નથી એ રીતે સહજ ભાવે ઉપશમાવી દેવી. આ રીતે ઉપયોગપૂર્વક દિન રાત દરેક પ્રવૃત્તિના સમયમાં કે નિવૃત્તિના સમયમાં જાગ્રતિ રાખી પ્રયોગ કરવાથી ૐનો જાપ સતત અંતરમાં ચાલુ રાખવાથી આસ્તે આસ્તે ચિત્ત સ્થિર થશે, વૃત્તિઓ શાંત થશે અને આત્મધ્યાનથી સંવર અને નિર્જરા સકામ થવાથી પૂર્વકૃત કર્મોની નિર્જરા થશે, ઉપયોગથી સંવર થશે, આશ્રવનું બળ ઘટી જતાં બંધભાવ શિથિલ થશે, અને આત્મા કર્મમુક્ત થશે, શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરશે આત્મા આત્મભાવે પરિણમશે એટલે આ બધાં સાધનો પણ નકામા ગણાશે

---

૧૭. ચંદપન્નત્તિ	ઉપાંગ	શ્લોક	૨૨૦૦	જ્યોતિષચક્રનું સ્વરૂપ.
૧૮. સૂર્યપન્નત્તિ	”	”	૨૨૦૦	” ” ”
૧૯. નિરયાવલિયા સુયખંધ કપ્પિયા. ૨૦. કપ્પવડંસિયા. ૨૧. પુપ્ફિયા. ૨૨. પુપ્ફચૂલિયા. ૨૩. વન્હિદશા.	”	”	૧૧૦૯	નરકે તેમજ સ્વર્ગે જનારા જીવો વિષે તેમજ રાજાઓની લડાઇ વિષે.

(વધુ વાત હવે પછી.)

॥ जयन्तु वीतरागाः ॥

વિશ્વવિભૂતિને સ્મરણાંજલિ

વિશ્વની મહાવિભૂતિઓ વિષે કાંઈ પણ બોલવું કે લખવું એ ઘણીવાર ઉચ્ચ કોટિનું જીવન જીવનાર મહાપુરુષો માટે પણ ઘડીભર થંભી જવા જેવી વસ્તુ બની જાય છે, તેમ છતાં ગુણગ્રાહિતાની દૃષ્ટિએ એ મહાપુરુષો વિષે કાંઈ પણ બોલવા કે લખવા પ્રયત્ન કરવો એ शुभे यथाशक्ति यतनीयम्। ન્યાયે અતિ ઉચિત મનાયેલ બાબત હોઇ, સમગ્ર જગતની મહામાન્ય પુણ્યવિભૂતિ મહાત્મા ગાંધીજી માટે પ્રસંગોચિત બે શબ્દ લખવા પ્રયત્ન કરવો એ મહાપુણ્ય કાર્ય છે.

જે મહાપુરુષે આપણને સ્વાતંત્ર્ય મેળવી આપી ગુલામીના બંધનમાંથી મુક્ત કર્યા છે તે કરતા ય હજારો અને લાખો વર્ષમા નહિ સિદ્ધ થયેલી આપણી અભૂતપૂર્વ એકતાને સિદ્ધ કરી આપવા જે મહાન પ્રયત્ન સેવ્યો છે તે બદલ આપણે એ મહાપુરુષના સદાને માટે ઋણી છીએ.

વિશ્વના સમગ્ર દેશના હજારો જ નહિ, બલ્કે લાખો વર્ષના ઇતિહાસમાં આવા મહાપુરુષની જોડી આપણને મળવી કે જડવી અતિ દુર્લભ છે કે જેણે મહાત્માજીની માફક પોતાના જીવનના માત્ર સામાન્ય વ્યવહારમાં જ નહિ, પરંતુ રાજકારણ જેવા અતિ વિષમ વિશિષ્ટ પ્રસંગોમાં પણ અહિંસા, સત્ય અને પ્રમાણિકતાને સમગ્રભાવે અખંડપણે ઉતારી હોય, સમસ્ત પ્રજાને અને વિશ્વને એ માર્ગે દોરવા તનતોડ અથાગ એકનિષ્ઠ પ્રયત્ન સેવ્યો હોય. આપણા ભારતવર્ષનું અને ભારતીય પ્રજાનું મહાન સદ્ભાગ્ય છે કે—આપણી પરમપાવન પુણ્યભૂમિએ એવા એક અવતારી પુરુષને જન્મ આપ્યો, અને એ રીતે આપણી પુણ્ય આર્યભૂમિને, આપણા આર્ય મહર્ષિઓને અને આર્યધર્મને વિશ્વમાં ઉજ્જવળમુખ બનાવ્યાં.

યોગની પરિભાષામાં જેને "સિદ્ધયોગી" તરીકે સંબોધવામા આવે છે તેવી સિદ્ધયોગી વ્યક્તિ—મહાત્મા ગાંધીજીએ પોતાના જીવનની શરૂઆત આર્ય મહર્ષિઓએ ઉપદેશેલા પરમપાવન અહિંસા અને સામ્યધર્મથી જ કરી છે અને પોતાના અતિવિશુદ્ધ સામ્ય પવિત્ર જીવનનો અંત પણ "હે રામ" સ્મરણરૂપ પરમપાવન અનન્ય સાધ્ય સમભાવરૂપ મહાન ધર્મથી જ આણ્યો છે. આવા આદર્શજીવી પરમપાવન પુણ્યનામધેય મહાત્મા ગાંધીજીને ચરણે આજે અતિ નમ્રભાવે અતિઅલ્પ શબ્દોમાં હું મારી સ્મરણાંજલિ અથવા અર્ઘ્યાંજલિ અર્પું છું.

આપણા જીવનમાં સાક્ષાદ્ભાવે જોએલી સર્વદેશીય વિશ્વશક્તિસંપન્ન એ મહાવિભૂતિને અર્પણ કરાતી આપણી શ્રદ્ધાંજલિઓ આપણી ભારતીય પ્રજાના જીવનમાં—જીવનના પ્રત્યેક વ્યવહારમાં અહિંસા, સત્ય, બંધુત્વભાવ, પ્રમાણિકતા, સુજનતા, સદાચાર, કલા, સર્વદેશીય વિજ્ઞાન વગેરે ગુણોને પોષનાર થાઓ અને એ ગુણનિષ્ઠતા દ્વારા આપણી ભારતીય પ્રજા સમગ્ર દેશોની પ્રજાને માર્ગદર્શક બનો, કે જે ગુણનિષ્ઠતા આપણી ભારતીય આર્ય પ્રજાને માટે સુખસાધ્ય છે.

अइया सव्वं चिय वीयरायवयणाणुसारि जं सुकडं।
कालत्तये वि तिविहं अणुमोएमो तयं सव्वं॥

चउसरणपइण्णए।

મુનિ પુણ્યવિજયજી

[રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને ભવ્ય અંજલિ આપતું પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજનું આ લખાણ શ્રી પાટણ વિદ્યાર્થીમંડલ તરફથી તાજેતરમા પ્રકાશિત થયેલ 'ગાંધીસ્મારક ગ્રંથ'માંથી સાભાર અહીં આપ્યું છે.]

જય જવાહર

પંડિત જવાહરલાલ નહેરૂના ૬૦ મા જન્મદિન પ્રસંગે એમને દીર્ઘાયુષ્ય ઇચ્છતાં કૃતકૃત્ય થવાય છે, અને તે અંગે નોંધ લખવાની તક પ્રાપ્ત થાય એ પણ મારા માટે આનંદની વાત છે.

પંડિતજી આજે હિન્દના પ્રથમ પુરુષ તો છે જ, કારણ કે મહાત્માજીએ એમને પોતાના વારસદાર ગણાવ્યા છે, અને તેઓ નવભારતના વડા પ્રધાનપદેથી એ વારસાને યોગ્ય રીતે દીપાવી જાણ રહ્યા છે. દેશના ભાગલા પડ્યા ત્યારે જે કોમી હુલ્લડ ફાટી નીકળ્યું તેમજ જે નિર્વાસિતોની મહાન હિજરત શરૂ થઇ, તે વખતે લેશ પણ મગજ ગુમાવ્યા સિવાય, હિંદુ અને મુસ્લીમ બન્ને વર્ગ માટે એક સરખો અને અદ્‌ભુત પ્રેમ દાખવીને એ દાવાનળમાંથી દેશનુ જે રક્ષણ કર્યું, એ હરકોઇની પ્રશંસા માગી લ્યે એવું છે. ઉકળેલા મગજના હિંદુઓ દિલ્હીના ચાંદની ચોકમાં ભાષણ આપતા જવાહરલાલને વિરોધી સૂત્રોથી નવાજતા છતાં નથી તેમણે તેમના પ્રત્યે લાલ આંખ કરી, કે નથી તેમણે મુસ્લીમોના રક્ષણની પોતાની ફરજ પડતી મૂકી. જે કારણે ગાંધીજી જીવ્યા અને મર્યા, તે જ કારણને ચુસ્તપણે વળગી રહીને તેમણે રાષ્ટ્રપતિનો વારસો યોગ્ય રીતે જ દીપાવ્યો છે.

તાયફાવાળાઓ અને પાકીસ્તાની ગુંડાઓના ધાડાંઓ પાકીસ્તાન રાજ્યના પીઠબળ સાથે જ્યારે કાશ્મિર પર ધસી આવ્યાં ત્યારે છેક છેલ્લી ઘડીએ હિંદી સંઘનું શરણુ માગનાર મહારાજા હરિસિંહને બિલકુલ તિરસ્કાર્યા વગર, કુનેહથી પ્રજાના હાથમા સત્તા સુપ્રત કરાવી, તેમણે અતિઝડપી તૈયારી સાથે કાશ્મિરમાં લશ્કર મોકલી, કાશ્મિરની પ્રજાને ભયાનક હત્યાકાંડ અને પાકિસ્તાની શિરજોરીમાંથી બચાવી લીધી, એનો બધો યશ પંડિતજીને ફાળે જ જાય છે.

હૈદ્રાબાદની પ્રજા પરનો રઝાકારોના જુલ્મો સાંભળતા જ્યારે આપણાં હૈયાં ઊકળી જતાં હતાં અને હિંદ હૈદ્રાબાદ સામે તત્કાળ યુદ્ધ જાહેર કરે એમ આપણે ઇચ્છી રહ્યા હતા, ત્યારે એમણે જણાવ્યું હતું કે 'હૈદ્રાબાદ સામે યુદ્ધનો કોઇ પ્રશ્ન જ નથી. તેના સામે તો કેવળ લશ્કરી પગલું જ ભરવાનું છે, અને યોગ્ય સમયે એ લેવાશે જ.' અને આપણે જોઇ શક્યા કે એમણે યોગ્ય સમયે એ પગલું લીધું અને ઓછામાં ઓછી હિંસાથી વિજય મેળવ્યો.

આ બધા વિજયો અને સિદ્ધિઓ પર કળશ ચડાવે એવું પંડિતજીનુ કાર્ય, એ 'યુનો'માં તેમણે તાજેતરમાં આપેલું ભવ્ય અને પ્રેરણાત્મક વ્યાખ્યાન છે. જગતના પીઢ મુત્સદીઓ, રાજપુરુષો સમક્ષ સર્વાંગસુંદર વ્યાખ્યાન આપીને એમણે હિંદની અને એના ભાગ્યવિધાતા મ. ગાંધીજીની પ્રતિષ્ઠાને અનેકગણી વધારી અને દીપાવી છે એ વ્યાખ્યાનમાં એમણે હિંદની પારાવાર મુશ્કેલી વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી, તેમ હિંદના દુશ્મનો માટે રોષનો એક અક્ષર પણ કહ્યો નથી. જાણે કોઇ મહાપવિત્ર ઋષિ ભાનભૂલેલાં બાળકોને ઉપદેશ આપતા હોય એમ તેમણે જગતની સત્તાઓને હિંસા, દ્વેષ અને યુદ્ધને માર્ગેથી અહિંસા, પ્રેમ અને શાન્તિને માર્ગે ચડવા ધીર-ગંભીર વાણીમાં પ્રેરણા આપી. આ વ્યાખ્યાન વાચતાં એમ લાગે છે કે જો ગાંધીજીને રાષ્ટ્રસંઘ સમક્ષ ભાષણ કરવાની તક મળી હોત, તો તેઓ જે કંઇ કહેત તે જ પંડિતજીએ કહ્યું છે.

આવા એ જવાહરલાલ આ દેશના તો દીપક છે જ પરંતુ સમગ્ર દુનિયાના પણ તેઓ દીપક છે; અને તથા જગતને સન્માર્ગે દોરવાની તેમને તક મળે એ માટે તેઓ ઘણું ઘણું જીવે, એ જ ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

જટુભાઇ મહેતા.

“પ્રબુદ્ધ જૈન”માંથી સાભાર ઉધૃત

વર્તમાન સમાચાર

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની જન્મજયંતિ કાર્તિક શુ ૨ બુધવારે સવારના કૃષ્ણનગરમા આવેલા જૈન ઉપાશ્રયમા આચાર્યશ્રી વિજયલલિતસૂરિજીના અધ્યક્ષસ્થાને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ઉજવવામાં આવેલ અને શ્રી લલિતસૂરિજી જૈન સંગીત મંડળનું ઉદ્‌ઘાટન શ્રી શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલભાઈના વરદ હસ્તે કરવામા આવ્યું હતું.

આ પ્રસંગે બાળાઓએ પ્રારંભિક સ્તુતિ કર્યા બાદ શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઈએ પૂ આચાર્યશ્રીનો જીવનપરિચય સુંદર રીતે આપ્યો હતો ત્યારબાદ શ્રી ભીમજીભાઈ સુશીલે, પૂ આચાર્યશ્રીએ સમાજમા ઉચ્ચ કેળવણીના સંસ્કારો રોપ્યા, મુંબઈમા શ્રી મહાવીર વિદ્યાલયની સ્થાપના કરી, પંજાબમાં જૈનધર્મનો પ્રચાર કર્યો વગેરે બાબતો તેમની લાક્ષણિક શૈલીથી રજૂ કરી હતી ત્યારપછી શ્રી ન્યાલચંદભાઈ વકીલ, શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશીના વક્તવ્યો બાદ કૃષ્ણનગરમા ધાર્મિક અભ્યાસ કરતા બાળકો સંગીતનું શિક્ષણ સારી રીતે લઈ શકે તે હેતુથી સ્થપાયેલ 'શ્રી લલિતસૂરિજી જૈન સંગીત મંડળ" ના ઉદ્‌ઘાટન અંગે શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ પ્રસંગોચિત વિવેચન કર્યું હતુ ત્યારબાદ બાળકોએ તેમજ બાળાઓએ ગરબા, દાંડીયારાસ વગેરેનો કાર્યક્રમ રસપ્રદ રીતે રજૂ કર્યો હતો બાદ શ્રી ભોગીલાલભાઈએ સંગીત મંડળની ઉદ્‌ઘાટન વિધિ કરી હતી અને આ સંગીત મંડળ પ્રારંભે શૂરા જેવું નહિ થતા સારી પ્રગતિ સાધે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી બાદ શ્રી ખાંતિલાલભાઈ વોરાએ આ સંગીત મંડળને બેંડ વગેરે સામગ્રી શેઠ શ્રી ભોગીલાલભાઈ તરફથી તથા હારમોનિયમ શેઠ શ્રી અમૃતલાલ ભાઈ છગનલાલ તરફથી અને તબલાની જોડી શેઠ શ્રી ગુલાબચંદભાઈ આણંદજી તરફથી આપવાનું જાહેર કર્યું હતુ. ત્યાર પછી મુનિ શ્રી જયાનંદવિજયજીએ સૂરીશ્વરજીના જીવન અંગે કાવ્ય બોલી યોગ્ય વિવેચન કર્યું હતું. છેવટે આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજે ઉપસંહાર કરતાં પૂ. ગુરુવર્યના જીવન અંગે તેમજ સંગીત મંડળ અંગે યોગ્ય પ્રવચન કર્યું હતું. પછી આભારવિધિ થયા બાદ પ્રભાવના કરવામાં આવી હતી.

બપોરે દબદબાભરી રીતે પંચ પરમેષ્ઠીની પૂજા ભણાવી પ્રભાવના કરવામાં આવી હતી અને સાંજે પાઠશાળામાં ભણતા બાળકો તથા બાલિકાઓને જમણ આપવામા આવ્યું હતુ. તેમજ રાત્રે દેરાસરજીમાં આંગીરચના તથા ભાવના રાખવામાં આવ્યા હતા.

*

અત્રે બિરાજમાન આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ આદિ ઠાણા ૩ નું કૃષ્ણનગરના ઉપાશ્રયથી તેમજ મુનિરાજ શ્રી પદ્મવિજયજી આદિ ઠાણા ૨ નું દાદાવાડીના ઉપાશ્રયથી ચાતુર્માસ શેઠ શ્રી ભોગીલાલભાઇ મગનલાલના બંગલે બદલવામાં આવ્યુ હતું. તે પ્રસંગે આચાર્યશ્રીના માંગલિક પ્રવચન પછી પ્રભાવના લઈ સૌ વિખરાયા હતા. બપોરે શેઠશ્રીના બંગલામાં નવાણું પ્રકારી પૂજા ભણાવવામા આવી હતી તે વખતે પણ શેઠશ્રી તરફથી પ્રભાવના કરવામા આવી હતી. આચાર્ય મહારાજશ્રીએ વદી ૬ સોમવાર સુધી ત્યાં સ્થિરતા કરી હતી હમેશાં તેઓશ્રીના વિદ્વત્તાભર્યા વ્યાખ્યાનનો લાભ જૈન તેમજ જૈનેતર શ્રોતાઓએ સારા પ્રમાણમાં લીધો હતો

*

અત્રે વાવામા બિરાજતા મુનિરાજશ્રી મણિવિજયજીના ઉપદેશથી કાર્તિકી પૂર્ણિમાના રોજ શ્રી સિદ્ધગિરિની યાત્રા માટે એક સ્પેશ્યલ ટ્રેઇન પાલીતાણે ગઇ હતી, જેમા વડવાના જૈનોના લગભગ સકલ સંઘે અને શહેરના પણ કેટલાક ભાઇબહેનોએ લાભ લીધો હતો આ યાત્રિક સંઘની રેલ્વે ટીકીટ તથા ભોજન આદિ માટે મુનિરાજશ્રીના ઉપદેશથી સારી રકમ એકઠી કરવામા આવી હતી આ રીતે સૌ યાત્રાળુઓએ શાંતિપૂર્વક યાત્રાનો લાભ લીધો હતો

શ્રી આત્માનંદ પ્રકાશ

卐 卐 卐

પુસ્તક ૪૬ મું. | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૫.

અંક ૫ મો. | તા. ૧-૧-૪૯ | માગશર

વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

૧૨૭૦

પ્રકાશક:—

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

અનુક્રમણિકા.

શ્રી પાર્શ્વજિન સ્તવન	(આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)	૮૫
શ્રી મહાવીર સ્તવન	(મુનિરાજશ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ)	૮૬
સિદ્ધગિરીનું સ્તવન	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૮૭
શ્રી નંદિસૂત્ર મલયગિરીયાવૃતિમા આવતા દાર્શનિક સાક્ષિપાઠોના મૂલસ્થાનો	(મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ)	૮૮
સ્યાદ્વાદ મંજરી ... ... - ...	(મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ)	૯૨
અંત સમયે ખાસ લક્ષમા રાખવા યોગ્ય	(મુમુક્ષુ)	૯૪
યાત્રાના નવાણું દિવસ	(શ્રી ચોકસી)	૯૬
કેટલાક સદ્બોધક દષ્ટાંતો	(શ્રી અભ્યાસી)	૯૯
ધર્મ કૌશલ્ય	(લે મૌક્તિક)	૧૦૧
આત્મ સાધના...	(અમરચંદ માવજી શાહ)	૧૦૩
વર્તમાન સમાચાર	(સભા)	૧૦૬
સ્વીકાર સમાલોચના	(સભા)	૧૦૭

આ સભામાં નવા થયેલા માનવંતા આજીવન સભાસદો.

૧	ડૉકટર મણીલાલ ભીમજી	(૧) વર્ગ	ભાવનગર
૨	શેઠ મોહનલાલ ભાણજી શાપરીઆ	"	મુંબઈ
૩	" સમનાજી ખુમાજી	"	કવરાડા
૪	સુઘની કેશવલાલ લાડકચંદ	"	કડી
૫	શાહ પોપટલાલ મોહનલાલ	"	એંગલોર સીટી

નવા થનારા (થયેલા) માનવંતા લાઇફ મેમ્બરોને

નમ્ર સૂચના.

ગયા અંકોના ટાઇટલ ઉપર આપેલ જાહેર ખબર મુજબ શ્રી શ્રેયસ્કર શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ચરિત્ર ગ્રંથ સુમારે સાતસેં પાનાનો અનેક પ્રસંગોના રંગીન ચિત્રો સહિતનો પૂર્વાચાર્યકૃત (ભાષાંતર) છપાઇ ગયેલ છે, તેમજ બીજો ગ્રંથ શ્રી મહાન સતી શ્રી દમયંતી ચરિત્ર પૂર્વાચાર્ય શ્રી માણિક્યદેવસૂરિકૃત ગ્રંથ અનુવાદ શુમારે ત્રણસેં ઉપર પાનાનો બન્ને ગ્રંથો મળી એક હજાર પાના જેના થશે તે બન્ને ગ્રંથો છપાઇ ગયા છે, બાઇંડીંગ થાય છે લગભગ ફાગણ માસમાં તૈયાર થશે. જેથી ફાગણ માસ સુધીમાં રૂા ૧૦૧) એકસો એક આપી નવા થનાર લાઇફ મેમ્બર જૈન બંધુઓને આ ગ્રંથની ભેટનો લાભ મળશે વિશેષ અને ચોકસ હકીકત હવે પછીના અંકમાં આપવામાં આવશે.

શ્રી વસુદેવ હિંડી (ગુજરાતી અનુવાદ) કીમત રૂ. ૧૫)

કર્તા શ્રીમાન શ્રી સંઘદાસગણિ, સંશોધનકાર મહાત્મા સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, અનુવાદક, ભાષાશાસ્ત્રી અને સાક્ષર સાહિત્યકાર શ્રી ભોગીલાલ જે. સાંડેસરા એમ એ. આ અપૂર્વ સાહિત્ય ગ્રંથ ઊચ્ચકક્ષાનો પ્રથમ કોટીમાં મુકી શકાય તેવો અપૂર્વ ઐતિહાસિક અને કથા સાહિત્ય ગ્રંથ (પાંચમા સૈકામા પ્રથમ લખાયેલ) ટા. પા ૩

શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૫. માર્ગશીર્ષ પુસ્તક ૪૬ મું.

વિક્રમ સં. ૨૦૦૫. :: તા. ૧ લી જાન્યુઆરી ૧૯૪૯ :: અંક ૫ મો.

શ્રી પાર્શ્વજિન સ્તવન.

(રાહ:—લાખ લાખ દીવડાની આરતી ઉતારજો.)

પાર્શ્વ પ્રભુ સમતાની વાનગી ચખાડજો,
ચાખવાની હોંશ ઘણી થાવે (મને) (૨) મંદિરીએ આવ્યો છું માગવા૦

નાથ મારી દુનિયાની માયા ભૂલાવજો,
માત તાત દારા ભૂલાય (ભલે) (૨)
મંદિરીએ આવ્યો છું માગવા૦

રોમે રોમે રંગ લાગે વિરાગના, ભાવો સોહામણા આલમના ત્યાગના;
આવેલા પાછા ન જાય (એ તો) (૨) મંદિરીયે૦

આપી ગુણો દોષ મારા સુધરાવજો,
મેલી ભૂંડી વાસનાથી બચાવજો;
આસક્તિ ભાવો ભૂસાય (મારા) મંદિરીયે૦

સાચું સારું સુખ આપી અપનાવજો,
કાઢી કૂડો ક્રોધ શાન્તિ અપાવજો;
સમતાનો દાતા કહેવાય (તું તો) મંદિરીયે૦

તારું સાચું રૂપ નિરખી શાહપુરમાં,
પ્રગટી છે આત્મ જ્યોત મારા અંતરમાં;
કસ્તૂર ભાવે વંદાય (પ્રભુ) (૨) મંદિરીયે૦

રચયિતા:—આચાર્ય મહારાજ વિજયકસ્તૂરસૂરીશ્વરજી.

શ્રી મહાવીર સ્તવન.

(રાગ—અબ ચાંદ છીપ ના જાના.)

(૧)

પ્રભુ વીર જિન ! અવિનાશી, સુખકારી જ્ઞાનરાશિ.
વીતરાગ દેવ ! તારો, પ્રભુ દિવ્ય ધામવાસી.........પ્રભુ વીર૦

ગર્જન સુણી જલધરનું, ચાતક અતિશય હરખે;
આતુર કરી નયનો, ગગને દુઃખેથી નિરખે,
તે રીત તૃષિત હૃદયી, જ્યમ મયૂર મેઘપ્યાસી;
પ્રભુ વીર જિન ! અવિનાશી૦

જ્યમ ચંદ્રની જ્યોત્સ્નાથી, સાગર અતીવ નાચે,
ઊર્મિ મહાન ઊછળે શો પ્રેમભાવ રાચે !
મુજ હૃદય પ્રેમ ઊર્મિ એવાં મહા ઉલ્લાસે.........
પ્રભુ વીર જિન ! અવિનાશી૦

મહાવીર દેવ ! કેવી અતિ શાંત મૂર્તિ ન્યારી !
મુખ દિવ્ય પ્રભા આપે આનંદ પ્રેમ ભારી;
દેવેન્દ્ર ધન્ય થાયે ઉર કમળને વિકાસી........
પ્રભુ વીર જિન ! અવિનાશી૦

રચયિતાઃ—મુનિ દેવેન્દ્રસાગરજી મહારાજ.

સિદ્ધગિરિનું સ્તવન.

(ઝમકીને ભાગું ગુરુરાય—એ રાગ.)

શત્રુંજય ગિરિવર સાર, સિદ્ધગિરિ અચલ મહોદય;
અદ્ભુત મૂર્ત્તિ મનોહાર, **આદિનાથ** જિણંદની—ટેક૦
નાભિનંદન, ત્રિજગવંદન, મળીયા વિમલગિરિરાજ. સિદ્ધગિરિ૦ ૧
વિમલગિરિવર શિખર સુંદર, સકલ તીરથ જયકાર. સિદ્ધગિરિ૦ ૨
સાધુ સિધ્યા જીહાં અનંતા, પુંડરીક ગણધાર. સિદ્ધગિરિ૦ ૩
શાંબ ને પ્રદ્યુમ્ન પાંડવ, પ્રમુખ બહુ અણગાર. સિદ્ધગિરિ૦ ૪
ભાવ શું ભવિ જેહ ફરશે, સિદ્ધક્ષેત્ર સુધામ. સિદ્ધગિરિ૦ ૫
નરક તિરિ ગતિ દોય વારે, જપે લાખ જિન નામ. સિદ્ધગિરિ૦ ૬
ત્રીજે ભવે જે મુક્તિ પહોંચે, ભવિ જન ભેટે તેહ. સિદ્ધગિરિ૦ ૭
દેવ સાનિધે સકલ વંછિત, પૂરવે સસ્નેહ. સિદ્ધગિરિ૦ ૮
લક્ષ્મીસાગર-ગિરિ ધ્યાન ધરંતા, હર્ષોર્મિ ઉરમાં અપાર. સિદ્ધગિરિ૦ ૯
અજિત-પ્રભુ આદિ કૃપાથી, નિત્ય રહે એવો ભાવ. સિદ્ધગિરિ૦ ૧૦

રચયિતા—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

॥ नमः श्री सिद्धचक्राय ॥

॥ जयन्ति श्री सुपार्श्वजिनेन्द्राः ॥

॥ श्री नन्दीसूत्रमलयगिरीया वृत्तिमां आवता दार्शनिक साक्षिपाठोनां मूलस्थानो ॥

(લેખક—મુનિરાજ શ્રી જમ્બુવિજયજી મહારાજ)

પૂજ્ય આ. શ્રી **દેવવાચક**ગણિવિરચિત **નંદીસૂત્ર** એ મતિ, શ્રુત આદિ જ્ઞાનપંચકનું સવિસ્તર વર્ણન કરનારો સુપ્રસિદ્ધ આગમગ્રંથ છે આના ઉપર **ચૂર્ણિ**કારે રચેલી **ચૂર્ણિ**નામે પ્રસિદ્ધ પ્રાકૃતટીકા તથા પૂ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે **ચૂર્ણિ** અનુસારે જ રચેલી સંસ્કૃત ટીકા છે પરંતુ આ બંને સંક્ષિપ્ત હોવા વિગેરેના કારણે ટીકાકારશિરોમણિ પૂ. શ્રી **મલય**-**ગિરિ** મહારાજે રચેલી પ્રસક્તાનુપ્રસક્ત અનેક સુંદર અને સવિસ્તર નિરૂપણોથી ભરપૂર સુવિસ્તૃત ટીકાનો જ સર્વત્ર પ્રચાર છે.

મલયગિરિમહારાજની ટીકાઓ હંમેશા પ્રાંજલ અને પ્રસન્નભાષામય હોય છે એમા આવશ્યક આવશ્યક વિસ્તાર અને લખાણનો એક સરખો ધારાપ્રવાહ એવા તો સુંદર અને વ્યવસ્થિત હોય છે કે એ વાચ્યા પછી બીજુ કંઇ જોવાની જરૂર જ પ્રાયે રહેવા નથી પામતી અને વાચતા સદા આનંદનો જ અનુભવ થાય છે આથી જ એમની ટીકાઓ છેક રચનાસમય થી જ જૈનસમાજમા એક સરખી આદરપાત્ર બની રહી છે, એ કહેવાની ભાગ્યે જ જરૂર છે

આમ છતા નંદીસૂત્રની जयइ जगजीव जोणिवियाणओ जगगुरू जगाणंदो । जगणाहो जगबंधू जयइ जगपियामहो भयवं ॥ १ ॥ जयइ सुआणं पभवो तित्थयराणामपच्छिमो जयइ । जयइ गुरूलोगाणं जयइ महप्पा महावीरो ॥ २ ॥ भद्दं सव्वजगुज्जोयगस्स भद्दं जिणस्स वीरस्स । भद्दं सुरासुरणमंसियस्स भद्दं धुयरयस्स ॥ ३ ॥ આ ત્રણ પ્રારંભિક ગાથાઓની દાર્શનિક ચર્ચાઓથી ખીચોખીચ ભરેલી લગભગ મુદ્રિત (આગમોદયસમિતિ પ્રકાશિત) ૪૧ પાના જેટલી પ્રારંભની વૃત્તિમા ઘણો મોટો વાચકવર્ગ ચર્ચાગહનતાને લીધે કઠિનતા અનુભવે છે નંદીસૂત્ર આગમગ્રંથ હોવા છતા પણ વૃત્તિમા પ્રસંગોત્થાપિત દાર્શનિક ચર્ચા એટલી બધી વિસ્તૃત છે કે જો એને જુદી તારવી કાઢવામાં આવે તો દાર્શનિક વિષયનુ એક નાનકડુ સ્વતંત્ર પુસ્તક બની જાય આ વૃત્તિના વાચકોમા આ એક સુપ્રસિદ્ધ અને સ્વીકૃત હકીકત છે કે-જ્યારે પણ કોઇ પ્રસંગે **નંદી મલયગિરીયા** **વૃત્તિ** વાચ્યાની વાત નીકળે કે તરત જ એમ સાધારણ રીતે પૂછવામા આવે છે કે—આપને પ્રારંભનો ૪૧ પાના જેટલો દાર્શનિક ભાગ બરાબર સમજાયો છે કે નહિ ? ગે પણ આજથી ૧૦ વર્ષ પૂર્વે જ્યારે વાચન કર્યું હતુ ત્યારે યથાકથંચિત્ આ બધો ભાગ સમજવા માટે

કઇ અનુભવ્યું હતુ. નન્દીસૂત્ર જ એક આવો આગમગ્રંથ છે કે જેની વૃત્તિમા ઉત્થાપિત દાર્શનિક ચર્ચા આટલા બધા વિસ્તારથી હોય

દાર્શનિક ક્ષેત્રને સ્વાભાવિક રીતે ગહન માનવામાં આવે છે, તો પણ આમા સરલતાથી પ્રવેશ કરવા માટે તુલનાત્મક અભ્યાસ એ એક સૌથી ઉત્તમ ઉપાય છે. ઘણી વાર ગહન લાગતા વિષયો તુલનાત્મક અધ્યયનથી તદ્દન સરલ બની જાય છે દાર્શનિક શાસ્ત્રોનુ સામૂહિક અવલોકન કરતાં એક પ્રકારના ચર્ચામંડળનો ભાસ થાય છે જેમ ચર્ચામંડળમા આપસ આપસમા પરસ્પરવિરોધી વિચાર ધરાવનારા મનુષ્યો પણ અમુક વિવાદ વિષય પરત્વે ઉદ્દેશની એકતા થવાથી એક પંક્તિમા ઊભા રહીને વિપક્ષી વિચારોનો વિરોધ કરે છે તે જ પ્રમાણે દાર્શનિકો પણ નિત્ય-અનિત્ય, દ્વૈત-અદ્વૈત, સત્-અસત્, સેશ્વર-નિરીશ્વર આદિ બાબતોમા પરસ્પરવિરોધી વિચાર ધરાવતા હોવા છતા પણ જ્યારે અમુક એક વિષય પરત્વે ઉદ્દેશની એકવાક્યતા હોય ત્યારે બધા એક પંક્તિમા ઊભા રહી પ્રતિપક્ષિવાદનો વિરોધ કરે છે જેમ અદ્વૈતવાદી વેદાન્તીઓનો વિરોધ કરવાનો હોય ત્યારે મીમાંસક, સાંખ્ય, જૈન, બૌદ્ધ વિ૦ બધા દ્વૈતવાદીઓ પરસ્પર ખભા મીલાવીને ઊભા રહે છે બધાની દલીલોમા લગભગ એકવાક્યતા જ હોય છે—જાત એક, માત્ર ભાત જ જુદીજુદી. અને જ્યારે એકાંત ક્ષણભંગુરતાવાદી બૌદ્ધોનો વિરોધ કરવાનો હોય ત્યારે અદ્વૈતવાદી અને દ્વૈતવાદી બધાય પરસ્પર એક થઇને વિરોધ કરે છે આસ્તિકોનો કટ્ટર વિરોધી નાસ્તિક ચાર્વાક પણ સાધ્ય એક હોય ત્યા આસ્તિકોની સાથે જ ભળી જાય છે, અને મળી જાય છે આથી દાર્શનિક ગ્રંથોમા શાબ્દિક અથવા આર્થિક દૃષ્ટિએ ઘણા મોટા પ્રમાણમા સમાનતા જોવામા આવે છે જો તે તે ચર્ચાપ્રસંગે ભિન્ન ભિન્ન પૂર્વપક્ષ તથા ઉત્તરપક્ષોના ગ્રંથોની સાથે તુલના કરી જોઇએ તો આ બધુ બરાબર પ્રત્યક્ષ દેખાય કેટલીક વાર તો એટલી બધી હદ સુધી સમાનતા હોય છે કે જે આપણને આશ્ચર્ય ઉપજાવે છે જેમકે **સંમતિઅભયદેવીયા** વૃત્તિની તત્ત્વસંગ્રહપંજિકા, બ્રહ્મસિદ્ધિ,[1] વ્યોમવતી,[2] તત્ત્વોપપ્લવસિંહ, હેતુબિન્દુટીકા આદિ સાથેની સમાનતા તથા સ્યાદ્વાદરત્નાકરની અને કાન્તજયપતાકા, પ્રમેયકમલમાર્તણ્ડ, ન્યાયકુમુદચન્દ્ર, તત્ત્વાર્થશ્લોકવાર્તિક આદિ સાથેની સમાનતા વગેરે વગેરે અનેક ઉદાહરણો છે. આ શ્રી **મલ્લવાદિક્ષમાશ્રમણકૃત દ્વાદશારનયચક્ર** તથા તેની શ્રી **સિંહસૂરિગણિવાદિક્ષમાશ્રમણ**કૃત ન્યાયાગમાનુસારિણી **नयचक्रवालवृत्ति** જેવા વિરલ જ ગ્રંથો જોવામા આવે છે કે જેની સાથે બીજા ગ્રંથોની-શાબ્દિક તો શું-આર્થિક સમાનતા-નિરૂપણસમાનતા પણ શોધી જડતી નથી. આથી જ આવા મહાસ્વતંત્ર તાર્કિક આ શ્રી **મલ્લવાદિ**ને કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચન્દ્રાચાર્યે** પણ *अनुमल्लवादिनं तार्किकाः* ॥[3] એવા શબ્દોથી સ્તવ્યા છે

૧ સરખાવો-ગુજરાતપુરાતત્ત્વમંદિર પ્રકાશિત સમ્મતિવૃત્તિ પૃ ૧૫૨-૩ અને બ્રહ્મસિદ્ધિ પૃ ૨-૩ તથા સમ્મતિવૃત્તિ પૃ ૨૭૬-૮૦ અને બ્રહ્મસિદ્ધિ પૃ ૮-૧૪ । બ્રહ્મસિદ્ધિનો કર્તા મંડનમિશ્ર છે, અને તે મદ્રાસ યુનિવર્સીટીથી પ્રસિદ્ધ થઇ છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ આની કેટલીક કારિકાઓ શાસ્ત્રવાર્તાસમુચ્ચયવૃત્તિ તથા અષ્ટસહસ્રીવૃત્તિમા ઉદ્ધરી છે

૨ સરખાવો સમ્મતિવૃત્તિનો મુક્તિવાદ (પૃ ૧૫૦), અને વ્યોમવતી (પૃ ૨૦) વ્યોમવતી વૈશેષિક દર્શનના પ્રશસ્તપાદભાષ્યની ટીકા છે, અને કાશી, ચૌખંભાસીરીઝમા પ્રકાશિત થઇ છે તેનો કર્તા વ્યોમશિવાચાર્ય છે

૩ 'બીજા તાર્કિકો મલ્લવાદિ કરતા ઉતરતા છે.'

દાર્શનિક ગ્રંથોમાં મુખ્યતયા (૧) પૂર્વપક્ષ, (૨) ઉત્તરપક્ષ, તથા (૩) સિદ્ધાન્તનિરૂપણ–આવા ત્રણ વિભાગ હોય છે. પૂર્વપક્ષને ગ્રંથકારો બે રીતે રજૂ કરે છે.—કેટલીક વાર પૂર્વપક્ષના મૂલભૂત ગ્રંથોમાથી જ પૂર્વપક્ષને શબ્દશઃ અથવા અર્થશઃ ઉધ્ધૃત કરે છે, જ્યારે કેટલીક વાર અમુક વિષય પરત્વે પોતાની સાથે સમાન વિચાર ધરાવતા બીજા ગ્રંથકારોએ ખંડન કરવા માટે પૂર્વપક્ષની જે રજુઆત કરી હોય છે તેના આધારે શબ્દશ. કિંવા અર્થશઃ પોતે પણ પૂર્વપક્ષને રજુ કરે છે ઘણી વાર પૂર્વપક્ષનુ સંક્ષિપ્ત જ વર્ણન હોય છે, કે જેથી પૂર્વપક્ષનો બરાબર વિશદ ખ્યાલ આવી શકતો નથી જે ા સ્થલોએ અવલંબિત આધારભૂત ગ્રથોને ધી કાઢીને તેમા જોવામા આવે તો પૂર્વાપર-ાબધ સહિત વિસ્તૃત વર્ણન વાચવાથી પૂર્વપક્ષનુ યથાર્થ અને સંપૂર્ણ તાત્પર્ય અનાયાસે સમજી શકાય છે અને તેથી ઉત્તરપક્ષ સમજવાંમા પણ સરલતા થઇ પડે છે આ જ રીતે ઉત્તરપક્ષ તથા સિદ્ધાતનિરૂપણમા પણ સમાન ગ્રથસ્થાનો શોધી કાઢવામા આવે તો અર્થપરિજ્ઞાન સરલ વિશદ અને વ્યવસ્થિત થાય છે. આથી એક મહત્ત્વનો લાભ એ પણ થાય છે કે–એક જ ગ્રથનુ અધ્યયન કરતા બીજા અનેક ગ્રથોનું પણ સાથે સાથે પરિશીલન થઇ જાય છે, એક બીજામા જે વિશિષ્ટતા હોય છે તે અનાયાસે જોવામા આવે છે. ઐતિહાસિક પૂર્વાપર ભાવ આદિ હકીકતો પણ જાણવામા આવે છે, પરસ્પર અનુસંધાન થવાથી તે તે વિચાર ધારાનો લાંબો શૃંખલાબદ્ધ વિકાસક્રમ પણ દષ્ટિસન્મુખ ઉપસ્થિત થાય છે, તેમજ તે તે વિચારપ્રવાહ અથવા શબ્દપ્રવાહના મૂલ उद्गम स्थानનો પણ ઘણીવાર પત્તો લાગે છે

તુલનાત્મક અધ્યયનની પદ્ધતિ સંશોધનમા એટલી જ–બલ્કે એથી પણ વધુ–ઉપયોગી છે. સેંકડો વર્ષો જૂના પ્રાચીનગ્રંથોની એક બીજા ઉપરથી ઉત્તરોત્તર કરવામાં આવતી પ્રતિલિપિઓમા લેખકાદિના હાથે પાઠો એવા તો વિકૃત થઈ જાય છે કે એને શુદ્ધ કરવાનું પણ જ મુશ્કેલ બની જાય છે. તેમાંય જ્યા વિષય ગહન હોય ત્યાં તો અશુદ્ધિનો પુંજ જ ઊભો થઈ જાય છે કે જ્યા કોઇ સબલ આધાર વિના કે સંવાદક પ્રમાણ વિના સંશોધન કરવામાં આવે તો ઘણીવાર યથાવત્ નથી જ હોતું. કેટલીક વાર તો થોડી અશુદ્ધિ કરવા જતાં અશુદ્ધિમા ઉમેરો જ આપણા હાથે થઇ જાય છે. પણ તુલનાત્મક અભ્યાસથી ઘણીવાર શબ્દ અથવા અર્થથી સમાન પાઠો બીજા ગ્રંથોમાં મળી આવે છે કે જે પરસ્પર બન્નેનું સંશોધન કરવામા સહાયક નીવડે છે. सम्मति अभयदेवीयवृत्ति स्याद्वादरत्नाकर તથા उत्पादादिसिद्धि [1]વગેરે ગ્રથોમાં હજુ પણ આ પ્રકારના સંશોધનને ઘણો મોટો અવકાશ છે આ પદ્ધતિનો લાભ માત્ર દાર્શનિક વિષયમા નહીં, પણ બીજા વિષયોમા પણ તેટલો જ છે દાર્શનિક વિષય પ્રસ્તુત હોવાથી જ માત્ર તેનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

અવતરણોનાં મૂલસ્થાનો શોધી કાઢવાં એ આ તુલનાત્મક અધ્યયનપદ્ધતિનું જ એક મહત્ત્વનું અંગ છે. ગ્રથકારો પોતાના કથનના

---

૧ ઉત્પાદાદિસિદ્ધિમાં ધર્મકીર્તિકૃત હેતુબિન્દુ, તથા અર્ચટભટ્ટ(અપરનામ ધર્માકરદત્ત)–કૃત તેની ટીકામાથી પાનાંઓ ભરીને પૂર્વપક્ષરૂપે પાઠો લેવામા આવ્યા છે, તથા વાદિવેતાલ શાંતિસૂરિકૃત જૈનતર્કવાર્તિક (અપરનામ ન્યાયાવતાર સૂત્ર વાર્તિક)–માથી અનેક સમાન પાઠો છે કે જેની તુલના ઉત્પાદાદિસિદ્ધિને અનેકાનેક સ્થળે શુદ્ધ અને પૂર્ણ કરવામાં ખાસ ઉપયોગી છે

સમર્થનમાં **उक्तं च, यदोक्तम्, आह च** વિગેરે ઉલ્લેખપૂર્વક બીજા બીજા ગ્રંથોમાંથી અનેક વાર સાક્ષિપાઠો ઉદ્ધૃત કરે છે. આ સાક્ષિપાઠોનાં મૂલસ્થાનો શોધી કાઢવામાં આવે તો ઘણીવાર આખી ચર્ચાનું મૂલભૂત-આધારભૂત સ્થાન જડી આવે છે. કેટલીક વાર આ સાક્ષિપાઠોનું સ્વરૂપ જ એવું હોય છે કે મૂલસ્થાનમાં પૂર્વાપર ભાગોની સાથે એનો સંબંધ મેળવવામાં આવે તો જ એનો સ્ફુટ અને સાચો અર્થ સમજાય. કદાચ આવાં સ્થળોએ ભલે આપણે માની લઇએ કે બરાબર અર્થ સમજાઇ ગયો છે, પણ મૂલસ્થાન જોયા પછી આપણને ખાતરી થાય છે કે પહેલાં બરાબર અર્થ સમજાયો નહોતો જ. અજાણપણાથી અથવા જાણપણાના ખ્યાલથી બુદ્ધિશક્તિ ઉપર વધુ પડતો વિશ્વાસ રાખીને આપણે આ બધી પદ્ધતિની ઉપેક્ષા કદાચ ભલે કરીએ, પણ એ પ્રમાણિકપણે સ્વીકારવું જોઇએ કે કેટલાંક સ્થળો જ એવાં હોય છે કે આપણી મતિ ગમે તેટલી કુશાગ્ર હોય તો પણ ત્યાં કુંઠિત થઈ જાય છે. કેટલીક વાર સાક્ષિપાઠો અશુદ્ધ થઈ ગયા હોય છે. આનાં પ્રમાણિક સંશોધન માટે પણ મૂલસ્થાનો શોધવાની દિશામાં સવિશેષ પ્રયત્ન થવાની જરૂર છે. કેટલાક સાક્ષિપાઠના મૂલસ્થાનભૂત ગ્રંથો ઉપર ટીકા-ટિપ્પણ વગેરે પણ હોય છે. આથી પણ સાક્ષિપાઠોના યથાર્થ ભાવોદ્‌ઘાટનમાં ઘણી મદદ મળે છે.

આ દૃષ્ટિથી મેં **सम्मतितर्क-समयदेवीय-वृत्ति, अष्टसहस्री** તથા **आचारांग-सूत्रकृतांग** ટીકા આદિ કેટલાક ગ્રંથોમાં આવતા દાર્શનિક સાક્ષિપાઠોના મૂલસ્થાનો શોધવાની દિશામાં કેટલોક પ્રયત્ન કર્યો છે કે જે ભવિષ્યમાં આ માસિકમાં જ પ્રકાશિત કરવાની મારી ઇચ્છા છે. આ વખતે **श्री नन्दीसूत्रमलयगिरीया वृत्तिमां आवती दार्शनिक साक्षिपाठोनां मूलस्थानोथी** આનું મંગલાચરણ કરવામા આવે છે

(ચાલુ)

વાહવાહથી રખે ફૂલાતા, એનાથી સાધુતા પ્રાપ્ત નહિ થાય. મિત્ર પર પ્રેમ કરવો અને શત્રુનો દ્વેષ કરવો એ લૌકિક નીતિ છે; પણ મારી સલાહ છે કે તમે તમારા શત્રુપર પણ પ્રેમ કરજો અને કદિ કોઇનો દ્વેષ તો કરશો જ નહિ. જે તમને હેરાન કરે તેનું હિત ઇચ્છજો તમારા ગાલે ગાલે તમાચો મારે તેને જમણો ગાલ ધરજો. એજ શાંતિનો માર્ગ છે. પ્રભુને પામવાનો માર્ગ છે. કૃતઘ્ની તરફ પણ કરણા રાખો. કારણ કે પ્રભુ એવોજ કરુણામય છે.

સ્યાદ્વાદમંજરી

(ટીકાકારનુ મંગલાચરણ)

લેખક-મુનિમહારાજશ્રી પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)

જેમનુ જ્ઞાન અનન્ત વસ્તુ વિષયક છે, જે દેવતાઓવડે પૂજ્ય છે, જેમનુ વચન મિથ્યાત્વીઓના કોલાહળથી લોપાતુ નથી, જેમણે રાગદ્વેષ પ્રમુખ મોહરાજાની સભાને ક્ષણમાત્રમા ભાગી નાખી તે પરમાત્મ મહાવીર મારી બુદ્ધિને પાપ વમરતી કરો ॥ ૧ ॥ મર્યાદાવગરની પ્રતિભારૂપી જીવનને ધારણ કરનારા સરસ્વતી અને બૃહસ્પતિને સપૂર્ણ ભૂમિ વાસીઓના પુણ્ય સમુદાયથી પોતાના અગમાં ધારણ કરતા અને પોતાના શરીરના દૃષ્ટાન્તથી જ સ્યાદ્વાદ ની સાધના કરતા શ્રી હેમચન્દ્રાચાર્ય પ્રભુ મારા સદ્બુદ્ધિરૂપી સમુદ્રને ઉત્તેજિત કરનારા થાઓ ॥૨॥

આ સ્યાદ્વાદમજરી નામના ગ્રન્થના પઠન-પાઠનના બ્હાનેથી જે પુરુષો શ્રી હેમચન્દ્રાચાર્યનો આશ્રય લે છે તે પુરુષો સસારમાં ગૌરવને પ્રાપ્ત કરી ઉજ્જવળ કલાઓના ઉચ્ચ સ્થાનને ભજવાવાળા થાય છે ॥ ૩ ॥

હે માત સરસ્વતી ! મારા હૃદયમાં વાસ કરો, જેથી કરી હેમચન્દ્રાચાર્યદ્વારા રચિત આપ્તસ્તુતિ નુ વિવરણ કરવા માટે આ મારી સ્યાદ્વાદમંજરી નામની આરભ સભાવના જલ્દીથી પ્રસિદ્ધિને પામે, અથવા સરસ્વતીના સ્મરણથી સર્યું ! ઉદયપ્રભ આ પ્રમાણે રચનાથી રમ્ય, સરસ્વતીનો શાશ્વત મત્ર મારા હોઠ ઉપર રાત-દિવસ ફરકયા કરે છે ! ॥૪॥ ઉદયપ્રભસૂરિ ટીકાકારના ગુરુ હોવાથી પોતાના ગુરુ ઉપર અત્યન્ત અનુરાગ હોવાથી ગુરુનુ સ્મરણ કરે છે

"ગ્રન્થની ઉત્થાનિકા"

આ સસારમા વિષમ એવા દુષમ નામના આરારૂપી - રાત્રિના અધકારને તિરસ્કાર કરનારા સૂર્ય સદૃશ, પૃથ્વીતલ ઉપર ઊતરેલી અમૃતની નદી સમાન દેશનાસમૂહથી ઉત્કૃષ્ટ શ્રાવક કરાએલા કુમાર પાળ રાજાવડે ફેલાએલી અભયદાન નામની જીવ નૌષધિથી જીવનને પ્રાપ્ત કરેલાં નાના પ્રકારના જીવોએ દાધેલ આશીર્વાદના માહાત્મ્યથી કલ્પપર્યન્ત સ્થાયી રહેનાર સ્વચ્છ યશ જ છે શરીર જેમનો ચાર વિદ્યાઓની (લક્ષણ, આગમ, સાહિત્ય, તર્ક) નિર્દોષ રચના કરવામા બ્રહ્માની સમાન શ્રી હેમચન્દ્રાચાર્યે, જગત્પ્રસિદ્ધ શ્રી સિદ્ધસેનદિવાકરદ્વારા બનાવેલી દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકાને અનુસરનારી, શ્રી વર્ધમાન જિનની સ્તુતિરૂપ, અયોગવ્યવચ્છેદ અને અન્યયોગવ્યવચ્છેદ નામની બે બત્રીશીઓ, વિદ્વત્ જનોના મનને જ્ઞાનના કારણરૂપ બનાવી તેમા પ્રથમ અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા સુખેથી જાણવા યોગ્ય હોવાથી તેની વ્યાખ્યાની ઉપેક્ષા કરીને બીજી અન્યયોગવ્યવચ્છેદિકા (પરમતખડન અને સ્વમત સ્થાપન છે જેમાં) સપૂર્ણ કુવાદિઓની સભાને પરાજય આપવામા ચતુર, તેની થોડા પદાર્થોની વ્યાખ્યાદ્વારા મારી સ્મૃતિના બીજને જાગૃત કરનારી સ્યાદ્વાદમજરી નામની ટીકા હું (મલ્લિષેણ) રચુ છુ.

તે અન્યયોગવ્યવચ્છેદિકાનુ આ પેલુ કાવ્ય છે.

अनन्तविज्ञानमतीतदोष-
मबाध्यसिद्धान्तममर्त्यपूज्यम् ।

श्रीवर्द्धमानं जिनमाप्तमुख्यं,
स्वयम्भुवं स्तोतुमहं यतिष्ये ॥ १ ॥

શ્લોકાર્થ:—અનન્તવિજ્ઞાન (અપ્રતિપાતિ અને સર્વ દ્રવ્યપર્યાયના વિષયથી ઉત્કૃષ્ટ કેવળ નામનું છે જ્ઞાન જેમને) અતીતદોષ (સત્તામાથી સર્વથા નિકલી ગયા છે રાગાદિક દોષ જેમના) અબાધ્યસિદ્ધાન્ત (દુર્વાદીઓથી પણ અબાધ્ય છે સ્યાદ્વાદશાસ્ત્ર જેમનું) અમર્ત્યપૂજ્ય (દેવતાઓના પણ પૂજ્ય) આપ્તોમા મુખ્ય અને સ્વયમ્ભૂ એવા શ્રી વર્ધમાનની સ્તુતિ કરવા હુ (હેમચન્દ્રાચાર્ય) પ્રયત્ન કરીશ.

"ચાર અતિશય"

આ શ્લોકમા અનન્તવિજ્ઞાન, અતીતદોષ, અબાધ્યસિદ્ધાન્ત અને અમર્ત્યપૂજ્ય આ ચાર વિશેષણથી મહાવીરના ચાર મૂલાતિશય અનુક્રમથી બતાવ્યા છે, તે આ પ્રમાણે—અનન્તવિજ્ઞાનથી ભગવાનના કેવળજ્ઞાનલક્ષણ વિશિષ્ટ જ્ઞાનના આનન્ત્ય પ્રતિપાદનથી જ્ઞાનાતિશય. અતીતદોષથી અષ્ટાદશ દોષના ક્ષયને કહેવાથી અપાયાપગમાતિશય. અબાધ્ય સિદ્ધાન્ત વિશેષણથી મિથ્યાદૃષ્ટિઓની ખોટી દલીલોથી બાધા પમાડવામાં અશક્ય સ્યાદ્વાદ સિદ્ધાન્તની રચનાથી વચનાતિશય. અમર્ત્યપૂજ્યથી સ્વાભાવિક ભક્તિસમૂહથી ઓતપ્રોત થયેલા સુર અને અસુરોના માલિકોથી (ઇન્દ્રોથી) પૂજાએલા હોવાથી પૂજાતિશય.

"વિશેષણોની સફલતા"

શંકા—દોષોના નાશ વિના અનન્ત વિજ્ઞાનની પ્રાપ્તિ નથી થતી, અને મહાવીરમા અનન્ત વિજ્ઞાન છે, તો પછી અતીતદોષ વિશેષણની જરૂર નથી.

સમાધાન—અન્યધર્માવલમ્બીઓનાં માનેલા ઇશ્વરનો વ્યવચ્છેદ કરવા માટે મહાવીરને અતીતદોષ વિશેષણ મૂક્યુ છે. જેમકે આજીવિક મતવાલા પોતાના ઇશ્વરમા અનન્ત વિજ્ઞાન તો માને છે, પરન્તુ અતીત દોષ માનતા નથી જેમકે "ધર્મ તીર્થની સ્થાપના કરનાર જ્ઞાની મહાત્માઓ, મોક્ષમા જઇને પાછા પોતાના સ્થાપન કરેલાં તીર્થનો તિરસ્કાર દેખી સંસારમા અવતાર લે છે" યદિ જૈન દર્શનનું કહેવુ છે કે—જે જીવો મોક્ષમાં જાય છે તેઓ પાછા આવતા નથી, અને તેમના ઇશ્વર પાછા સંસારમા આવે છે માટે તેમનામાં અતીતદોષતા નથી.

શંકા—જો આમ જ છે તો પછી મહાવીરમા અતીતદોષ વિશેષણ રહેવા દો. અનન્ત વિજ્ઞાન વિશેષણની જરૂર નથી, કારણ કે દોષસમૂહના નાશમા અનન્ત વિજ્ઞાન અવશ્યભાવી છે.

સમાધાન—આમ ન બોલીએ, કારણ કે વૈશેષિક (એક જૂદુ સ્વતન્ત્ર દર્શન) લોકો પોતાના માનેલા ઇશ્વરમા દોષોનો અભાવ તો માને છે પરન્તુ અનન્તવિજ્ઞાન માનતા નથી, એટલે તેમને મનાવા માટે મહાવીરને અનન્તવિજ્ઞાન વિશેષણ લગાડ્યુ છે. આ રહ્યો તેમનો સિદ્ધાન્ત

"સર્વજ્ઞ સર્વ પદાર્થ જોતા હોય તો ય શુ? અને ન જોતા હોય તો ય શું? કેવળ ઇષ્ટ તત્ત્વ (જેનાથી પોતાનુ કલ્યાણ થઇ શકે) ને જરૂર દેખે. અમુક ક્ષેત્રમા કીડા કેટલા છે, પર્વતો કેટલા છે, નદીઓ કેટલી છે વિગેરેનુ સર્વજ્ઞ વિષયક જ્ઞાન આપણા માટે શુ કામનુ? એટલા માટે સર્વજ્ઞના કાર્યમા આવતા જ્ઞાનની વિચારણા કરો. યદિ દૂરદર્શી જ્ઞાન જ પ્રમાણ છે તો પછી આકાશમાં ઊડતાં ગીધ પક્ષીઓની આપણે સેવા કરવી જોઇએ અર્થાત્ ગીધ પક્ષી પણ સર્વજ્ઞ છે"

આ પ્રમાણે અનન્તવિજ્ઞાનતથી રહિત તેમના સર્વજ્ઞનું ખડન કરવા માટે મહાવીર માટે મૂકેલુ અનન્તવિજ્ઞાન વિશેષણ સાર્થક છે બીજી વાત એ છે કે-વિજ્ઞાનના આનન્ત્ય વિના એક પણ પદાર્થનુ જ્ઞાન યથાવત્ થતુ નથી આગમનું પણ વચન છે "જે એક વસ્તુને જાણે છે તે સર્વને જાણે છે, અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે જેણે એક પદાર્થ સંપૂર્ણરીત્યા દેખ્યો છે તેણે જ બધા પદાર્થો દેખ્યા છે, અને જેણે બધા પદાર્થો સર્વથા જાણ્યા છે તેણે જ એક પદાર્થ બરાબર જાણ્યો છે.

અંતસમયે ખાસ લક્ષમાં રાખવા યોગ્ય.

લેખક–મુમુક્ષુ.

પરમોપકારી પરમતારક પરમાત્માના શાસનને પામેલ આત્મરસિક જીવનુ આરાધના એ જ મુખ્ય ધ્યેય હોય છે શ્રી વીતરાગ દેવના શાસનના આરાધક ઉત્તમ જીવો હમેશા સમાધિમરણની માગણી કરે છે "જેનુ છેવટ સારુ એનુ સઘળુ સારુ" એમ કહેવાય છે જે પોતાના મરણને સુધારી શકે છે, તે જીવનનો સાર પામી જાય છે મરણ સુધર્યું ત્યારે જ કહેવાય કે સમાધિપૂર્વક મરી શકાય મૃત્યુ સંસારમા અનિવાર્ય હોવાથી કોઈપણ વિચારક પ્રાણી મૃત્યુને ટાળવાના પ્રયત્ન કરતો નથી ફક્ત એ સુધરી જાય તો ભવાંતર સુધરી જાય, જેથી આ જીવન જીવ્યાનુ સાચુ ફળ પામી જવાય એવી માન્યતા તત્વજ્ઞાની પુરુષોની હોય છે. પૂર્વે કોઈપણ શક્તિસંપન્ન જીવો, મરણને રોકી શકયા નથી તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, દેવો, ઇન્દ્રો વિગેરે મૃત્યુને આઘુ કાઢવા શક્તિમાન થયા નથી, તો અન્યનુ શું? આવુ સમજીને મૃત્યુ માટે હમેશા તૈયાર રહેવુ એ જ સમજુનુ કર્તવ્ય છે જ્યારે જ્યારે એકાંત મળે ત્યારે પોતે અંદરથી એક જ પ્રશ્ન પૂછે કે–"અત્યારે મોત આવે તો તૈયાર છુ કે નહિ? જો સાચી તૈયારી હોય તો ગભરામણ શાની? જૂના કપડા કાઢીને નવા પહેરવા એમા મૂઝવણને બદલે આનંદ હોવો જોઇએ પરલોકની ચિંતામા જીવન પસાર કરનારને મરણ કાળ ગભરાવતો નથી પરમતારક શ્રી વીતરાગ દેવના શાસનને અંતરદૃષ્ટિએ પ્રાપ્ત કરનાર આત્માર્થી જીવના અંતરમા મરણનો ભય હોતો નથી જગતમા સહુ આવે છે ને જાય છે, એમ વારા પ્રમાણે હુ પણ કરી જવાનો, આમા આશ્ચર્ય શુ છે?" આ પ્રમાણે વિચાર કરી આત્મકલ્યાણ માટે સદા ધર્મકાર્યમા રક્ત રહેવુ જોઇએ

શંકા–તો પછી અબાધ્યસિદ્ધાન્ત વિશેષણ નિરર્થક છે, કારણ કે જે વ્યક્તિમા અનન્ત વિજ્ઞાન અને અતીત દોષ હશે તેનુ વચન અવ્યભિચારી હોવાથી તેમનાં સિદ્ધાન્તનુ ખંડન કોઇ કરી શકશે જ નહિ

સમાધાન–અમારા અભિપ્રાયને જ તમે હજી સમજી શકયા નથી અમારુ કહેવુ એમ છે કે–નિર્દોષ પુરુષદ્વારા રચાયેલ સિદ્ધાન્તજ અબાધ્ય હોઇ શકે, નહિ કે પુરુષ પ્રયત્ન વિના (અપૌરુષેય) રચાયેલા વેદો તેમા અસંભવાદિ દોષોનુ બાહુલ્ય છે બીજુ કારણ આ પ્રમાણે છે, પોતાના આત્મમાત્રના ઉદ્ધારક મૂક કેવળી અને અંતકૃત્ કેવળી સિદ્ધાન્તની રચના કરવામા અસમર્થ છે એટલે તેમનો પણ વ્યવચ્છેદ કરવા માટે મહાવીરને અબાધ્યસિદ્ધાન્ત વિશેષણ દેવામા આવ્યુ છે

શંકા–તો પછી અમર્ત્યપૂજ્ય વિશેષણ કાઢી નાખો, કારણ કે જે ઇશ્વરમા ઉપર બતાવેલા ત્રણ ગુણો હશે તેમની પૂજા દેવતાઓ જરૂર કરશે

સમાધાન–તમારી શંકા સાચી છે, પરન્તુ લૌકિક પુરુષોમા દેવતાઓ જ પૂજાય છે એટલે લૌકિક પુરુષોનાં દેવતાઓથી પણ મહાવીર પૂજવા યોગ્ય છે આ વાતને જણાવતા હેમચન્દ્રાચાર્ય પરમાત્મા મહાવીરનુ દેવાધિદેવત્વ જાહેર કરે છે (અપૂર્ણ)

વિશેષે કરી જ્યારે શરીર નરમ પડે ત્યારે આરાધનાની વાતો ધારવા લાયક છે. વૈદ્ય, ડૉકટર, હકીમ, નર્સ, દવા, ઇન્જેકશન આદિની ધમાલમાં માંદગીનો વખત પસાર થઇ જાય તો પરમ શાંતિ કેમ પમાય? ઉપચારો કર્યા વિના કોણ રહે છે? સહુ કોઇ પોતાની શક્તિ પહોંચે એ પ્રમાણે ઉપચાર કરે છે, છતાં બધા સફલ થાય એમ બનતું નથી. કારણ કે બધા ઉદ્યમનું પરિણામ ભાગ્યાધીન છે ત્યારે ધર્મ માટે કરેલા ઉદ્યમનું ફળ વર્તમાનમાં શાંતિ અને ભવિષ્યની સુધારણા હોવાથી ત્યાં જ વિશેષ પ્રયત્ન કરવા લાયક છે.

માંદા માણસને પણ વહેમ લાવી ધર્મ કે આરાધનાની વાતોથી દૂર રાખવા એ હિતનો માર્ગ નથી. આરાધનામાં ઉપયોગી સ્તવનો, સજ્ઝાયો, આધ્યાત્મિક પદો કે બીજા લખાણો માંદગીને વધારનારા અગર મોતને નજીકમાં લાવનારા નથી. એના માટે વહેમ હોય નહિ. આરાધનાની વાતો સંસ્કારી કુલમાં હંમેશાં ચાલુ જ હોય. એનાથી રોગમાં શાંતિ પમાય અને મૃત્યુ અચાનક ભેટે તો મુશ્કેલી ન આવે. માટે માંદાની માવજત કરનારાએ દવા અને ફ્રુટનો રસ વિગેરે પાવાની સાથે ધર્મનો રસ અવારનવાર પાવાની અત્યંત જરૂર છે. જૈન કુલમાં જન્મ પામવાની મહત્તા એમાં જ છે. આજુબાજુ વાતાવરણ એવું સુંદર કરી નાંખવું કે કોઇ પણ ધર્મ સિવાય બીજી વાત બોલે જ નહિ. વિશેષ હોય ત્યારે ચોકીદારની વધારે જરૂર તેમ જ શરીરમાં રોગ વધી પડ્યા, આર્ત્તધ્યાન વિગેરેનો અવસર આવી પહોંચ્યો ત્યારે તેમાંથી બચાવનાર ધર્મની વાતો જેમ બને તેમ વિશેષપણે કરવી જોઇએ. માંદાના સાચા હિતકારી તે જ કે તેની પાસે તત્ત્વજ્ઞાન, વૈરાગ્યની વાતો કરી મરણનો ભય તેના મનમાંથી કાઢી નાંખે. શરીરરૂપ ખોખાના પ્રેમ કરતાં એના માલીક આત્માનો પ્રેમ એ મહાન વસ્તુ છે. જેને આત્માનો પ્રેમ હોય તે ખોખાની સાચવણી માટે આત્માને ભૂલી ન જાય.

કેટલાક અજ્ઞાની જીવોએ પુન્યપ્રકાશના સ્તવન આદિ આરાધક ભાવને ખીલવનારા પદાર્થોને જુદી જ રીતે ઓળખ્યા, એને વાઘ જેવા માન્યા, એથી "હવે હવે પુન્ય પ્રકાશનું સ્તવન સંભળાવી દીધું, થઇ રહ્યું, આવી બન્યું" એવી બાલિશ વાતો કરનારા પણ હોય છે. એ સ્તવન વિગેરે તો તદ્દન નિરોગીપણામાં રોજ, નહિ તો અવસરે વાંચવા, સાંભળવા, વિચારવા લાયક છે. એ ભૂલી જવાથી માંદો પણ એમ જ માને કે "હવે બધાએ મારી આશા મૂકી, સ્તવન સંભળાવવા માંડ્યું, અરે રે! હું મરી જઇશ? આ બધાનું મારા વિના શું થશે? મારા વેપારધંધા, બંગલા, કારખાનાં, ગાડી, મૉટરો વિગેરે કોણ સંભાળશે? બધું મૂકીને ચાલ્યું જવું પડશે?" આવી અનેક ચિંતામાં પડીને પોતાનું સાચવવાનું ચૂકી જઇ આર્ત્તધ્યાનમાં પડી જાય છે. "કોઇ પણ પ્રકારના વહેમ વિના ગમે તે વારે, દિવસે કે રાત્રે, ગમે તે તિથિએ ધર્મ આરાધનાની વાતો સાંભળવી, સંભળાવવી, વાચવી, વંચાવવી મહાહિતકર છે" એમ માનીને આરાધનાને ઉપયોગી કોઇ પણ વસ્તુ શાંત ચિત્તે સ્પષ્ટપણે એકાગ્રતાએ વાંચવી અગર સંભળાવવી. આજુબાજુના માણસોએ પણ બીજી આડીઅવળી વાતો, શોક, ચિંતા, ધમાધમી આદિ છોડીને આ વસ્તુ સાંભળવામાં તલ્લીન થઇ જવું. જેથી આર્ય દેશમાં જૈનકુલમાં જન્મ પામ્યાનું મહત્વ જાળવી શકાય. સમાધિમરણની માગણી કરનારે બીજાને સમાધિ મરણ આપવા માટે ખૂબ સહાયક બનવું જોઇએ. મહાસતી મદનરેખાએ પોતાના પતિને ઉત્તમ નિર્યામણા કરાવીને દેવલોકમાં મોકલ્યા હતા, એ વાતને વિચારી દરેક સ્નેહીએ પોતાના સ્નેહીનું મૃત્યુ સુધારવા ખૂબ પ્રયત્નશીલ રહેવું જોઇએ. ("અંતસમયની આરાધના" પુસ્તિકામાંથી)

યાત્રાના નવાણું દિવસ.

લેખક-મોહનલાલ દીપચંદ ચોકસી

અંગોપાંગના અનુસંધાનમા—

પૂજ્ય સંત! આજ હુ ધારુ છુ કે આપશ્રીને કંઇક મોડુ થયુ છે. સુખશાતા તો વર્તે છે ને? રોજ આપ પછી વિરબથી આવનાર હું આજ તો આમ તેમ ફરી, કુદરતે પાથરેલ નૈસર્ગિક શાતિનો અનુભવ લેતો માર્ગપ્રતીક્ષા કરી રહેલ છુ

જિજ્ઞાસુ ભાઇ! તારી વાત સાચી છે રોજ કરતા આજે હુ મોડો પડ્યો છુ જો કે ધર્મશાળાથી તો દૈનિક સમય મુજબ જ પગલા ભરેલા પણ ડુંગરના પગથાર ચઢતા યાત્રાળુ વર્ગની વિચિત્ર કહાનીઓએ મારુ લક્ષ ખેચ્યુ અને એ સાભળવાથી મારુ મન વિચાર હિલોળે ચઢ્યુ એટલે જ ગતિમા મદતા આવી આમ થવાથી ધર્મધ્યાનની પળો ગુમાવવી પડી, છતા બદલામા વર્તમાન જૈન સમાજના નર-નારી વર્ગમા જે રીતનુ માનસ વર્તે છે એનો અનુભવ થયો તે દુર્લક્ષ કરવા જેવો નથી જ

તો પછી ગુરુજી, આજે ચર્ચામા જ આગળ વધીએ

ના, ભાઇ! એ વાત વિચારવી ખરી અને એ ઉપરથી લેવો જોઇતો બોધપાઠ નક્કી પણ કરવો, છતા એ આગળ ઉપર આજ તો ચાલુ વિષયના પ્રવાહમા જ ડગ ભરવાના અંગ ઉપાગ મળી ત્રેવીશના અક સુધી પહોચ્યા એ પછી મૂળ તથા છેદસૂત્રો અને પયન્ના સંબધે ટૂકમા જણાવુ વિચ્છેદ ગયેલા બારમા અગ દૃષ્ટિવાદમા જે પવિત્ર ચોદ પૂર્વોનો સમાવેશ કરાયો હતો એ સબધમા પણ કઇક કહુ

૨૪	આવશ્યક	સૂત્ર	મૂળ	સૂત્ર	મૂળ	શ્લોક ૧૦૦	ચમત્કારી, અતિ સૂક્ષ્મ પદાર્થોનુ તેમજ નય વિશેષ સબધી તથા ઐતિહાસિક બાબતો સબધે અને બીજુ કથન
	વિશેષાવશ્યક	"	"	"	"	૫૦૦૦	
	પાક્ષિક	"	"	,	"	૩૦૦	
	ઓઘનિર્યુક્તિ		"	"	"	૧૧૭૦	
૨૫	દશવૈકાલિક	"	"	"	"	૭૦૦	મનકપિતા પૂજ્ય શય્યભવાચાર્ય-રચિત સાધુજીવનના આચાર-સૂચક ટકશાળી ગ્રથ
૨૬	પિંડનિર્યુક્તિ	"	"	"	"	૭૦૦	સાધુજીવનમા શુદ્ધ આહાર અગેનુ સ્વરૂપ.
૨૭	ઉત્તરાધ્યયન	"	"	"	"	૨૦૦૦	છત્રીશ અધ્યયનોમા જુદા જુદા વિષયો પર દૃષ્ટાન્ત યુક્ત હૃદયગમ બોધ.

૨૮. દશાશ્રુતસ્કંધ	,,	,,	,,	,,	૧૮૩૦	પદ વિભાગ સમાચારી અને સાધુ ગણુ અંગેના પ્રાયશ્ચિત વિ. ની મહત્વની બાબતો સંબંધી.
૨૯. બૃહતકલ્પ	,,	,,	,,	,,	૪૭૩	
૩૦. વ્યવહાર કલ્પ	,,	,,	,,	,,	૬૦૦૦	
૩૧. પંચકલ્પ	,,	,,	,,	,,	૧૧૨૩	
જીતકલ્પ	,,	,,	,,	,,	૨૦૫	
૩૨. નિશિથ.	,,	,,	,,	,,	૮૧૫	
૩૩. મહાનિશિય	,,	,,	,,		લઘુવાચના ૩૫૦૦	
૩૪. ચતુઃશરણ પયન્ના		,,	,,	,,	૬૪	ચાર શરણુ સંબંધી અધિકાર.
૩૫. આઉર પ્રત્યાખ્યાન.		,,	,,	,,	૮૪	રોગી માટે પચ્ચખાણુ વિધિ.
૩૬. ભકતપરિજ્ઞા	,,	,,	,,	,,	૧૭૧	અનશન વિધિ.
૩૭. મહાપ્રત્યાખ્યાન	,,	,,	,,	,,	૧૩૪	મોટા પચ્ચખાણોનું સ્વરૂપ.
૩૮. તંદુલવેયાલીય	,,	,,	,,	,,	૪૦૦	ગર્ભાદિ સંબંધી વિચારણા
૩૯. ચંદ્રવેધ્યક	,,	,,	,,	,,	૧૭૬	ચંદ્રવેધ્યનું સ્વરૂપ.
૪૦. ગણિવિદ્યા	,,	,,	,,	,,	૧૦૦	જ્યોતિષ કથન.
૪૧. મરણસમાધિ	,,	,,	,,	,,	૬૫૬	મરણુવેળા સમાધિ ટકી શકે એવી વિચારણા.
૪૨. દેવેંદ્રસ્તવ	,,	,,	,,	,,	૨૦૦	ઇંદ્રો સંબંધી કથન.
વીરસ્તવ						
૪૩. ગચ્છાચાર	,,	,,	,,	,,	૧૩૮	ગચ્છ સંબંધી સ્વરૂપ
સંસ્તારક	,,	,,	,,	,,	૧૨૨	સંથારાના મહિમા સંબંધી કથન.
ચૂલિકા વી. સાહિત્ય						
૪૪. નંદી સૂત્ર	,,	,,	,,	,,	૭૦૦	પાંચ જ્ઞાન અંગે વિસ્તારથી વિવેચન.
૪૫. અનુયોગદ્વાર સૂત્ર	,,	,,	,,		૧૮૯૯	સામાયિક વિ. ઉપર વ્યાખ્યા.

કેટલીક જગ્યાએ એક કરતાં અધિક નામ મૂકયા છે એ કયાં તો તદ્‌વિષયિક હોઇને અથવા તો ગણુનાની ભિન્નતા આશ્રયીને સમજવા. પીસ્તાલીશ આગમનો ઉલ્લેખ જયા જયા કરાયેલો હોય ત્યાં ઉપરના સૂત્રો સમજવા. અહીં તો સામાન્ય સ્વરૂપ નિર્દેશ માત્ર છે; બાકી એ સૂત્રોમાં ઘણું ઘણું કહેવાયું છે અને જુદા જુદા વિદ્વાનોદ્વારા નિર્યુક્તિ–ભાષ્ય–ચૂર્ણિ કિંવા ટીકાઓ થયેલી છે જેમાંની ઘણી ખરી પાટણ, ખંભાત, સુરત આદિના જ્ઞાન ભંડારોમાં તેમજ જેસલમેર–અમદાવાદ આદિ શહેરોમાં આજે મોજુદ છે.

૧ ઉત્પાદપૂર્વ પદ સંખ્યા એક ક્રોડ પદ સર્વદ્રવ્ય અને સર્વ પર્યાયોનાં [illegible]
૨ આગ્રાયણીપૂર્વ ,, છન્નું લાખ પદ ઉપર માફક દ્રવ્ય–પર્યાય [illegible]
૩ વીર્યપ્રવાદપૂર્વ ,,

૪ અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ ,,	આઠ લાખ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો આશ્રયી-અસ્તિત્વ નાસ્તિત્વ સ્વરૂપ-પરરૂપ આદિ વિચારણા
૫ જ્ઞાનપ્રવાદ પૂર્વ ,,	એક ન્યૂન એક ક્રોડપદ મતિ વિ. પાચ જ્ઞાનનુ વિસ્તારથી કથન
૬ સત્યપ્રવાદ પૂર્વ ,,	એક ક્રોડ છ પદ સત્ય સયમ વચન અગે વિસ્તૃત વિચારણા.
૭ આત્મપ્રવાદપૂર્વ ,,	છવીશ ક્રોડ પદ આત્મા-જીવ વિષે સાતસો નય-મતોથી યુક્ત વર્ણન
૮ કર્મપ્રવાદપૂર્વ ,,	એક ક્રોડ ને એશી હજાર પદ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ-પ્રદેશ સબધી વિચારણા
૯ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ,,	ચોરાશી લાખ પદ. ત્યાગવા લાયક વસ્તુઓ સંબંધી વિસ્તૃત વિવેચન
૧૦ વિદ્યાનુપ્રવાદપૂર્વ ,,	એક ક્રોડ દશ લાખ પદ. અનેક ચમત્કારી વિદ્યાઓનુ વર્ણન.
૧૧ અવધ્ય પૂર્વ ,,	છવીશ ક્રોડ પદ. જ્ઞાન-તપ સંયમ વિ. સબધી શુભરૂપ અને સર્વ પ્રમાદો સબધી અશુભ વિશે કથન.
૧૨ પ્રાણાયુ પૂર્વ ,,	એક ક્રોડ પચાસ લાખ પદ પાચ ઇંદ્રિયાદિ દશ પ્રાણ સબધી વિસ્તૃત કથન
૧૩ ક્રિયાવિશાળ પૂર્વ ,,	નવ ક્રોડ પદ કાયિકી ક્રિયા-સયમ ક્રિયા છદક્રિયા વિ. બાબતો.
૧૪ લોકબિંદુસાર પૂર્વ,,	સાડાબાર ક્રોડ પદ શ્રુતજ્ઞાન આદિનુ તેમજ સર્વોત્તમ સર્વાક્ષરો જાણવા સંબંધી લબ્ધિ સબધી વર્ણન

આમ જૈન ધર્મના પવિત્ર ગ્રથોની રૂપરેખા જૈન ધર્મ વિષયક વિવિધ પ્રશ્નોત્તર નામના ગ્રથના આધારે જણાવી છે. શ્રીકલ્પસૂત્રમા ચૌદ પૂર્વો લખવા સારુ જે શાહી અગે હાથીઓનુ પ્રમાણ બતાવ્યુ છે તે આપણા સરખા બાળજીવોની સમજ માટે છે નથી તો એટલી શાહી કોઇએ એકઠી કરી અને નથી તો ઉપર મુજબ પૂર્વો કોઇએ લખ્યા. કેવળ સમજવાનુ એટલુ જ કે જ્ઞાનરૂપ દરિયો અગાધ છે આજે જે કંઇ ઉપલબ્ધ થાય છે એ તો સાગરની સરખામણીમા ગાગર જેટલુ જ એનો ઉપયોગ આત્મશ્રેય અર્થે કરવાનો હોય એ અગે વાદ-વિવાદની ઝઝટમા પડવાનુ હોય જ નહિ

ગુરુદેવ ! ઉપર બતાવ્યા એ સિવાય તત્ત્વાર્થ સૂત્ર, ઉપદેશમાળા આદિ બીજા પણ ગ્રથો દૃષ્ટિગોચર થાય છે. વળી એ ભગવતના નિર્વાણ પછી અલ્પ કાળ વ્યતીત થયે રચાયેલા છે એનો કેમ પીસ્તાળીશ આગમમા સમાવેશ નહીં કરાયો હોય ? '

વળી પ્રતિવર્ષ જે બારસા સૂત્ર પર્યુષણપર્વના દિનોમા સભળાવાય છે એનુ નામ પણ ઉપરની યાદીમા નથી. જો કે એ ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુસ્વામી રચિત છે અને પૂર્વમાથી ઉદ્ધરેલ છે એ વાત તો નિશક છે.

ભાઇ, મે શરૂઆતમા જ જણાવ્યુ હતુ કે જે જે વિષયો અગે પ્રશ્ન કિવા આલાપસંલાપ ગણધર મહારાજાઓને ભગવત શ્રી મહાવીરદેવ સાથે થયા, અને એમા જે જે વિષયો મર્યાદા કિંવા ખુદ તીર્થંકરદેવે સ્વમુખે વર્ણવ્યા એની અગ-ઉપાગમા તો વાનકીરૂપ ગૂથણી છે જ્ઞાન એટલુ અગાધ છે કે એ સર્વને લિપિમા ન ઉતારી શકાય, એમા પણ આ સર્વ આરૂઢ કરવામા આવ્યુ ત્યારે કેટલા વર્ષો વીતી ગયા હતા એમાં સમાવેશ કરવાનો કે નવસર્જનને

કેટલાક સદ્બોધક દ્દષ્ટાંતો.

અનુ-અભ્યાસી

(ગતાંક પૃષ્ઠ ૮૩ થી ચાલુ)

બોલે નહિ તો ગુસ્સો મરે.

(૫) ઘરમા સ્ત્રી પુરુષ બેજ માણસ હતા અને તે બન્ને અરસપરસ હમેશા લડ્યા કરતા હતા. એક દિવસે તે સ્ત્રીએ પોતાની પાડોસણની પાસે જઇને કહ્યુ કે-' બહેન, મારા પતિનો સ્વભાવ ખૂબ જ ચીડિયો છે એ જ્યારે ને ત્યારે મારી સાથે લડ્યા જ કરે છે અને અમારી બનાવેલી રસોઈ ભાંડે છે." પાડોસણે કહ્યુ "અરે એમા તે શી મોટી વાત છે? મારી પાસે એક એવી અચૂક દવા છે કે જે તમારો પતિ ગુસ્સે થાય અને લડે ત્યારે તમે મોઢામા ભરી રાખશો તો એ તુરત જ ચૂપ થઇ જશે " પાડોસણે શીશી ભરીને દવા આપી તે સ્ત્રીએ પોતાના પતિના ક્રોધ વખતે તે દવાની બે ત્રણ વાર પરીક્ષા કરી અને તેમા સારી સફળતા મળી ત્યારે ખૂબ ખુશી થઇને તેણે પાડોશણની પાસે જઇને કહ્યુ ' બહેન, તમારી દવા તો ભારે ચમત્કારિક છે, તેમા કઇ વસ્તુઓ આવે છે તે મને બતાવી દો, તો હુ પણ તે બનાવી લઉ " પાડોશણે હસીને કહ્યુ "બહેન, શીશીમા શુદ્ધ જલ સિવાય બીજુ કશુ નહોતુ ખરુ કામ તો તમારા મૌને કર્યું છે મોઢામા પાણી ભરવાથી તમે બોલી નહોતા શકતા એટલે તમારા શાંત રહેવાથી તેનો ક્રોધ પણ ચાલ્યો ગયો. બસ, એક મૌન સઘળા દુ:ખ હરે, બોલે નહિ તો ગુસ્સો મરે '

એકનાથજીનો અક્રોધ.

(૬) એક વખત કેટલાક દુષ્ટ લોકોએ જાહેર કર્યું કે જે કોઇ એકનાથ મહારાજને ગુસ્સે કરશે તેને અમો રૂપિયા ઇનામ આપવામા આપશે એક બ્રાહ્મણ યુવકે બીડું ઉઠાવ્યુ તે બીજે દિવસે સવારમાં એકનાથજીને ઘરે પહોંચ્યો તે વખતે એકનાથજી પૂજાપાઠ કરી રહ્યા હતા તે તો હાથ પગ ધોયા વગર અને કોઇને પૂછ્યાગાછ્યા વગર સીધો પૂજાગૃહમા જઇને તેના ખોળામાં બેસી ગયો તેણે ધાર્યું હતુ કે એમ કરવાથી એકનાથજીને જરૂર ક્રોધ થશે જ, પરંતુ તેણે હસીને કહ્યું "ભાઇ, તને જોઇને મને બહુ આનંદ થયો ઘણા ય માણસો મળે છે પરંતુ તમારો પ્રેમ તો વિલક્ષણ છે" એ તો આ સાભળીને સ્તબ્ધ જ થઇ ગયો, જોઇ જ રહ્યો. એને થયું કે ક્રોધ કરાવવો ખૂબ કઠિન છે પણ એને તો બસો રૂપિયાનો લોભ હતો તેથી ફરીવાર બીજો યત્ન કરવાનો વિચાર કર્યો ભોજનસમયે તેનુ આસન એકનાથજીની પાસે જ મૂકવામાં આવ્યુ ભોજન પીરસાઈ ગયુ ઘી પીરસવા માટે એકનાથજીના પત્ની આવ્યા તે જેવી બ્રાહ્મણની થાળીમાં ઘી પીરસવા ગઇ કે તરત જ બ્રાહ્મણ તેની પીઠ પર ચઢી ગયો. એકનાથજીએ તેની પત્નીને કહ્યુ-"જોજે બ્રાહ્મણ ક્યાંક પડી ન જાય." તેણે હસીને કહ્યુ ' બીક રાખવાનુ કારણ નથી મને તો છોકરાઓને પીઠ પર બેસાડવાની ટેવ છે આ છોકરાને હુ કેવી રીતે પાડી દઇશ? ' આ જોઇ સાભળીને બ્રાહ્મણની બધી આશા તૂટી ગઇ તે એકનાથજીના ચરણે પડ્યો અને તેની ક્ષમા માગવા લાગ્યો

તુકારામજીની શાંતિ.

(૭) એક વખત સંત તુકારામજી ખેતરમાથી

એવું મહત્વ આપવાનો પ્રશ્ન ઉદ્ભવતો જ નથી. વળી એ ઉપરથી એમ પણ માની લેવાનું નથી કે ભગવંત શ્રી વર્ધમાને માત્ર આટલુ જ કહ્યુ હશે કિંવા જે કઇ છે તે બધુ આટલામા જ સમાયેલુ છે

અલબત્ત, એટલુ સાચુ છે કે જે ઉપલબ્ધ થયુ અને પ્રચારરૂઢ થતા ગયું એને લક્ષમા રાખી પાટપરંપરામા થયેલા વિદ્વાન્ સૂરિપુંગવોએ, નિષ્ણાત સંતોએ પોતાની પ્રજ્ઞાદ્વારા એમાના ભિન્ન ભિન્ન વિષયોને ચાલુ કાળને અનુલક્ષી ઠીકઠીક પ્રમાણમા છણ્યા. એ ઉપર નવસર્જન કર્યા 'વહેતા પાણી નિર્મળા' એ ઉક્તિ મુજબ આ સાહિત્ય સરિતા વિસ્તૃત રીતે અદ્ભુત માર્ગે વહી રહી છે એનો લાભ લેનાર આત્મશ્રેય સાધી શકે છે ભગવંતની પુનઃ ઉચ્ચરાયેલી વાણીમા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચક્ષુ સામે રાખવાની વાત હતી. એ ન ભૂલાય તો બેડો પાર થવાનો જ વધુ આવતી કાલે (ચાલુ)

શેરડીના સાંઠા લઇ જતા હતાં રસ્તામાં જે લોકોએ માગ્યા તેને સાંઠા આપી દીધા એક સાંઠો બાકી રહ્યો તે ઘરે પહોંચ્યા ઘરમાં ગરીબાઇને લીધે ભોજનનો અભાવ હતો વળી તેની સ્ત્રી ઘણા કડક સ્વભાવની હતી તેણે તેના હાથમાંથી સાંઠો ઝૂંટવી લીધો અને ખૂબ જોરથી તેની પીઠ પર માર્યો સાંઠાના બે ટૂકડા થઇ ગયા તુકારામજીએ હસીને કહ્યું, "મારે ખાવા માટે બે ટૂકડા કરવા જ પડત તમે જ તે કરી આપ્યા એ ઘણું સારુ કર્યું"

સોક્રેટીસનો ક્રોધ પર વિજય

(૮) ગ્રીસના મહાપુરુષ સોક્રેટીસની સ્ત્રી ભારે કજિયાખોર હતી એક દિવસ તેણે ક્રોધાવેશમાં આવીને પોતાના પતિ ઉપર એઠા પાણીની ડોલ ફેંકી તે વખતે સોક્રેટીસે શાંતિપૂર્વક હસીને કહ્યું 'ગર્જના પછી વરસાદ થવો જ જોઇએ' એક દિવસ કેટલાક સગાવહાલાની હાજરીમાં તેણે સોક્રેટીસના મોઢા ઉપર તમાચો માર્યો સગાવહાલાંઓએ તે સ્ત્રીને શિક્ષા કરવા માટે સોક્રેટીસને ખૂબ ઉશ્કેર્યો પરંતુ તે ગુસ્સે થયો જ નહિ તેણે કહ્યું 'હું તમારી સમક્ષ તમાસો કરવા ઇચ્છતો નથી કે તમે લોકો દૂર ઊભા રહીને જોયા કરો અને શેરીના કૂતરાને લડતા જોઇને જેમ બાળકો તાળી પાડે છે તેમ તમે તાળીઓ પાડો"

શાસ્ત્રીજીની સહનશીલતા

(૯) પં વિશ્વનાથ શાસ્ત્રી બંગાળના સુપ્રસિદ્ધ પંડિત હતા એક વખત તેઓ કેટલાક પંડિતોની સાથે એક વિષય પર શાસ્ત્રાર્થ કરી રહ્યા હતા વિરુદ્ધ પક્ષની હાર થવા લાગી ત્યારે તે પક્ષના એક પંડિતે નાક છીંકીને શાસ્ત્રીજીના મો પર ફેંક્યું શાસ્ત્રીજીએ તુરત મો સાફ કરીને હસીને કહ્યુ "આ તો એક ક્ષણ માટે અપ્રાસંગિક વિષયાંતરની વાત થઇ ગઇ હવે એને ભૂલીને ચાલો, આપણા મૂળ વિષય પર ધ્યાન આપીએ" શાસ્ત્રીજીની આ સહનશીલતા અને ક્ષમા જોઇને વિરુદ્ધ પક્ષવાળાએ શરમિંદા બનીને પોતાની હાર સ્વીકારી લીધી

નાવેરની શિખામણ

(૧૦) નાવેર નામના એક આરબ સજ્જન પાસે સુંદર ઘોડો હતો દાહર નામના એક માણસે પોતાના ઊંટના બદલામાં તે ઘોડો લેવાની ઇચ્છા કરી પરંતુ નાવેરને એ ઘોડો ખૂબ વહાલો હતો તેથી તે આપવાની તેણે ના પાડી દીધી, તેથી દાહરે તે ઘોડો તેના પાસેથી પડાવી લેવાની બીજી યુક્તિ રચી એક દિવસ નાવેર તે ઘોડા ઉપર બેસીને બહાર જતો હતો, તે જાણતા જ દાહરે હોશિયારીથી વેશપલટો કરીને ફાટેલાં કપડાં પહેરી તેના રસ્તામાં બેસીને ખરાબ રીતે ખોંખારવા લાગ્યો નાવેર ત્યાંથી પસાર થતો હતો તે વખતે ગરીબ માણસને જોઇને તેને દયા આવી તેને નજીકના ગામ સુધી પહોંચાડવા માટે તેને ઘોડા ઉપર બેસાડી દીધો અને પોતે પગે ચાલવા લાગ્યો ઘોડા પર બેસતા વેંત દાહરે ચાબુક લગાવીને ઘોડાને પૂર ઝડપે ચલાવ્યો અને કહ્યું કે–તમે મને સીધી રીતે ઘોડો ન આપ્યો એટલે મે ચતુરાઇથી લઇ લીધો નાવેરે બૂમ પાડીને તેને કહ્યું, પ્રભુ ઇચ્છાથી તમે મારો વહાલો ઘોડો લઇ લીધો છે તો ભલે, લઇ જાઓ, તેની ખૂબ સંભાળ રાખજો પણ ખબરદાર આ દગાગીરીની વાત બીજા કોઇને કહેશો મા, નહિં તો દીન, દુખી અને ગરીબ લોકો પર દયા કરનાર લોકો મદદ કરતા અચકાશે અને ગરીબ લોકોને સહાયતાથી વંચિત થવુ પડશે

નાવેરના આ શબ્દોથી તે ખૂબ શરમાઇ ગયો અને તે જ ક્ષણે પાછો ફરીને તેને ઘોડો આપી દીધો ને તેની સાથે હમેશની મિત્રાઇ સાધી

નોકરો પ્રત્યે શેઠનો સદ્ભાવ

(૧૧) હુગલીના સરકારી વકીલ શ્રી શશિભૂષણ એક વખત જેઠ માસના સખત તાપમાં ભાડૂતી ગાડી કરીને કોઇ સબંધીને ઘેર ગયા તેઓ જે કામે ગયા હતા તે એવું કામ ન હતું કે તે માટે તેમને પોતાને જવું પડે તેઓ કોઇ નોકરને ચિઠ્ઠી લખીને મોકલી શકે એમ હતા સબંધીને ઘરે પહોંચ્યા પછી કોઇએ તેમને પૂછ્યુ, આવા નજીવા કામ માટે આવા સખત તાપમાં આપ પોતે કેમ આવ્યા ? તેમણે કહ્યું, પહેલાં તો એવો વિચાર હતો કે કોઇ નોકરને મોકલું પણ જ્યારે મે જોયુ કે તાપ ઘણો સખત છે ત્યારે કોઇ નોકરને પગે ચાલીને મોકલતા મારુ મન માન્યુ નહિં અને હુ પોતે ગાડી ભાડે કરીને ચાલ્યો આવ્યો

ધર્મ-કૌશલ્ય.

(૫૫)

Admission of error-ભૂલનો સ્વીકાર

સ્ખલનાનો સ્વીકાર કરવો—મુશ્કેલ છતાં હિતકારી છે

નં. ૪ માણસ ઊંઘતો હોય તેને પૂછીએ કે કેમ ભાઈ! સૂઈ ગયા? તેના જવાબમા તે કહેશે કે—ના રે! બરાબર જાગુ છુ આવા ઊંઘતા માણસ પાસે સાચો જવાબ મેળવવો જેટલો મુશ્કેલ છે તેટલો જ ભૂલનો સ્વીકાર કરાવવો કે કરવો મુશ્કેલ છે માણસમા અભિમાન એવી વસ્તુ છે કે એને પોતાની ભૂલ જણાય, છતાં એનો સ્વીકાર કરવામાં સંકોચ થશે, એ બહાના કાઢશે, બીજા પર આળ લગાવશે, પણ સરળતાથી પોતાનો વાંક કે ગુન્હો એ કબૂલ કરશે નહિ પોતાનો વાંક કે વાસો માણસ જોઈ શકતો નથી, તેનુ કારણ તેના ઊંધા ચશ્મા અને સરળતાનો અભાવ જ હોય છે

અને પ્રાણી ભૂલને પાત્ર છે જાણતા અજાણતાં એ અનેક ભૂલો કરી બેસે છે અને પછી એને ભૂલ બતાવવામા આવે ત્યારે કદાચ એ સમજી જાય, તો પણ એ ભદ્રક ભાવે કે સરળ સ્વભાવે પોતાની ભૂલનો સ્વીકાર નહિ કરે અને આકાશવાણી અનેક બચાવો કરશે, એ બીજા પર આરોપ મૂકવા તૈયાર થઈ જશે, પણ સરળપણે પોતાની ભૂલ થઈ ગઈ છે એ વાત કબૂલ નહિ કરે એ સામનો કરવા કે બીજાને સંડોવવા મંડી જશે, પણ પોતાની ભૂલ થઈ ગઈ છે એમ કહેતા એનુ નવનેજા પાણી ઊતરી જશે, કારણ કે ભૂલનો સ્વીકાર કરવામા એ પોતાના ગૌરવનો ઘાત ગણે છે, પોતાના સ્વમાનની કલ્પનાનો હ્રાસ થતો દેખે છે અને કસુરના સ્વીકારમાં એ અલ્પતા માની બેઠેલ છે

અને ધર્મદૃષ્ટિએ જોતા પ્રતિક્રમણ એટલે દિવસરાત પક્ષ, ચાતુર્માસ કે વર્ષની સ્ખલનાઓને સંભારી તેનો સ્વીકાર અને ભવિષ્યમા તે ભૂલોનુ પુનરાવર્તન ન થવા દેવાની ભાવના જ છે આવા રૂપ પ્રતિક્રમણ કરનાર પણ ઉઘાડી ભૂલ સમજાય તેનો સ્વીકાર જલ્દી નહિ કરે આ મનની નબળાઈ છે, સત્ત્વનો અલ્પ ભાવ છે, મનોવિકારની પરીક્ષા, નિદાન કે ચિકિત્સાની ગેરહાજરી ? અને પ્રવર્તિરાણુ-ને રસ્તામા પડેલ ઠોકરો છે સાચા આત્મમાર્ગને અનુસરનારમા તો એટલી સાહજિકતા હોય કે એ પોતાની ભૂલ જુએ કે શરમાઈ જાય, આત્મ સાખે ક્ષમા માગે, દિવાડી રીતે ખમતખામણા કરે, જાહેર રીતે માફી માગે અને સરળ ભાવે અંતરના ઊંડાણમાથી ખેદ બતાવે એટલે ભૂલનો સ્વીકાર કરવો દેખીતી રીતે મુશ્કેલ લાગે તેવી બાબત હોવા છતા જેની નજર અંતર આત્મા તરફ હોય, જેને પોતાના વધારાની બેવના અને ચીવટ હોય, દુન્યવી દૃષ્ટિ કરતા જેની આંતર દૃષ્ટિ ખીલેલી હોય, તે તો સરળતાથી ભૂલનો સ્વીકાર કરે અને એ સ્વીકારમા રહેલ આનંદનો અનુભવ કરે ભૂલ સ્વીકારથી માણસ નબળો કે હલકો થતો નથી, મુદ્દો કે તુચ્છ ગણાતો નથી વીર બહાદુર હોય તે જ ભૂલનો સ્વીકાર કરી શકે છે અને તેવા સ્વીકારમા જેને મોજ આવે તે સરળતાથી સંસાર તરી જાય છે, ઉપરથી નાવને સાધ્ય સમીપ લઈ જાય છે અને પોતાનો કલ્યાણકારી માર્ગ સ્ખલનાના અંગીકારમા જ છે એમ સમજી જાય છે

No 4 It is difficult to admit error but it pays to do so

(Thoughts of the Great)

(૫૬)

Sneer-મશ્કરી

મશ્કરી-ઠેકડીને ખમી ખાવી એ મુશ્કેલ છતાં હિતકારી વાત છે

ન પ. કોઈ ઠેકડી કરી, ઠઠ્ઠા ઉડાવે, ટીકા કરી ચાળા પાડે, નાક ઊંચુ કરી કે બીજી કોઈપણ રીતે તિરસ્કાર બતાવે માર્મિક વચન બોલે, ટોળ કરે, મ્હેણા ટોણા આપી આપણે ભોગે જીભનો મેલ ઉતારે, પોતાની મોટાઈ બતાવવા હાસી કરે, તિરસ્કાર બતાવવા ઉપહાસના વચન બોલે,-આ સર્વ મશ્કરી-ઠેકડી કે ઠઠ્ઠાના કક્ષામા આવે

માણસ નાનો મોટો, ગરીબ તવંગર, કીડીનો ખાધેલો કે મોટરમાં ફરનારો હોય, એના ઘર આગળ સેંકડોની આવજા હોય કે એ પોતે પારકે ઘેર ધક્કા ખાતો હોય-ગમે તેવો માણસ હોય તેને સ્વમાન જેવી બીજી ચીજ ઓઢવત્તે અંશે જરૂર હોય છે. ગરીબના માથામા પણ આંગળી ખૂચતી નથી અને જાહેર તિરસ્કાર, અપમાન કે બદનક્ષી ખમી ખાવાની તેવડ ભાગ્યેજ કોઈમા હોય છે 'એ મોટો હોય તો એના ઘરનો!' એ વચણ સાધારણ રીતે સાર્વત્રિક હોય છે એકાતમા એકાદ ઘોન ખાવાની તેવડવાળા પણ જાહેરમાં પોતાની જાતને પણ ઉતારી પાડવા સાચો ખોટો પ્રયત્ન કરે તો તુરત સામે પાટલે બેસી જાય છે અને આવી હલકી મશ્કરી સહન કરવી એ તેટલા માટે બહુ મુશ્કેલ બાબત છે, 'પણ જે ખરા ધર્મપ્રિય માણસ હોય છે તે મશ્કરી કે હાસ્યને પણ ખમી ખાય છે. એનામાં એટલી અદ્દભુત શાંતિ હોય છે કે એને પોતાને મનમા જરાએ દુખ પણ લાગતું નથી, ક્રોધની સામે ક્રોધ કરવાનુ એને ગમતું નથી અને તાપ, ઉગ્રતા કે સામનો કરવો એને ઉચિત લાગતો નથી

એને મશ્કરી કરનારની દયા આવે છે, એને ઠઠ્ઠા કરનાર તરફ શાંતિ રાખવાની સમજણ આવે છે, અને એ સામની લઘુતા દીનતા તરફ ખેદ બતાવે છે. એ મ્હેણાના બદલામા ટોણાં મારે નહિ, એ પોતાની જાતને ગુસ્સામાં પરવશ ન કરી મૂકે, એ સામાના હાસ્યથી ભડકી કે ખળભળી ન જાય. એ ધર્મવીર પ્રાણી મશ્કરીનો સામનો ન કરે, બદનક્ષીનો કેસ ન માંડે, ગુસ્સામાં હાથ પગ ન અફાળે અને નાપસંદગી બતાવીને સામાની ખફગી ન વહોરી લે એ વિષને વધારે નહિ, ભાઈબંધને દુશ્મનાઈથી જાગવે નહિ અધમતાની સામે હલકાઈનો બોલ ન કાઢે એ પોતાની અલ્પતા વિચારી સામાના હાસ્યને હસી કાઢે, વિરોધને વધવા ન દે અને પોતાની ગૃહસ્થાઈ અને ધર્મપ્રિયતા બતાવે

આવા પ્રકારની સહનશીલતા રાખવી ઘણી મુશ્કેલ બાબત છે મન પર એટલો કાબૂ રાખવો આકરી બાબત છે, પણ જેને ધર્મપ્રિયતા જાગી હોય અને પોતાનો આત્મ આતરવિકાસ સાધવાનો આદર્શ હોય તે આવે વખતે પોતાની જાત પરનો કાબૂ ખુએ નહિ અને સહનશીલતા અને ધીરજનો દાખલો બરાબર બેસાડી આપે ક્રોધ કરવાથી કે આક્રોશ કરવાથી કાંઈ મળતું નથી, ધોમી સામે ધોમી થવાની વૃત્તિ સહજિક છે, પણ જે તેની ઉપરવટ જઈ જાત પર સયમ રાખે, હસવાને ખમી ખાય તે સાચો ધર્મ સમજેલ છે એમ જાણવુ. મુશ્કેલ પ્રસંગમા જાત પર કાબૂ રાખવો અઘરો તો છે, પણ એ પ્રસગે હિતકર-કલ્યાણકારી માર્ગ લેવો એમાં ખુબ લાભ છે, વેરઝેરનો ઉદ્દભવ અટકે છે અને અંતે આત્મિક પ્રગતિ છે મૌક્તિક

No 5 It is difficult to face a sneer but it pays to do so

(Thoughts of the Great.)

આત્મસાધના.

લેખક—અમરચંદ માવજી શાહ

(ગતાંક પૃષ્ઠ ૭૯ થી શરૂ)

૧૬ આત્મ સાધના વ્યવહારિક, સાંસારિક જીવનમાં પણ શું શક્ય છે ? જેને ખરેખર આત્મતત્ત્વ ગુરૂગમથી યા પૂર્વના સંસ્કારબળથી સમ્યક્ પરિણમ્યું હોય તે આત્માને પ્રજ્ઞાવડે જડથી, પુદ્ગલોથી આત્માને ભિન્ન સમજે છે એ ભેદ જ્ઞાનની પ્રાપ્તિવડે વ્યવહારને પણ પરમાર્થમય બનાવી શકે છે, અને સ્વાનુભવ આત્મઉપયોગવડે સાંસારિક-વ્યવહારિક સર્વ પ્રવૃત્તિને ઉદયાધીન ઉપાધિ સમજે છે પૂર્વ કર્મની લીલામાં એ તલ્લીનતા પ્રાપ્ત કરતો નથી પણ ઉદાસીનતા સેવે છે એ ઉપાધિમાં સમાધિની સાધના કરે છે. સ્વ-પર વિવેકવડે અંતર્ગત ન્યારો રહી ફક્ત ઉદયને વેદે છે. બંધ ભાવને રાગ દ્વેષ મોહવડે પાળવા તરફ તેની વૃત્તિ હોતી નથી. આવો સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ આશ્રવ ભાવે કર્મલેપ ચડાવતો નથી પણ સંવર ભાવે સ્થિર રહી પૂર્વકૃત કર્મની સકામ નિર્જરા જ કરતો રહે છે અને તેમાં જેટલો સમય ઉપયોગ મૂકી પ્રમત્ત દશામાં યોગ પ્રવર્તાવે છે તેટલો સમય કર્માશ્રવને ગ્રહણ કરે છે અને અપ્રમત્ત ભાવે ઉપયોગપૂર્વક સાધના કરતો-આત્મા નિર્લેપ રહી સ્વસ્વભાવના આત્મિક આનંદમાં નિર્વિકલ્પ સ્થિરતા પ્રાપ્ત થતાં સહજ શાંતિનો અપૂર્વ સ્વાદ સમજી શકે છે આમ વ્યવહારને પરમાર્થ સાથે જોડવા મહત્શાલીરૂપ રસાયણનું સદા સેવન હો.

૧૭ ભગવાન આત્મા ભૂલો પડ્યો છે, જ્યાં ત્યાં સુખની શોધ કરી રહ્યો છે, જ્યાં ત્યાં પૂછી રહ્યો છે, માર્ગદર્શન માગી રહ્યો છે, મોહના અંધારામાં અવળે પંથે ચડી ગયો છે, જ્યાં ત્યાં સુખ મેળવવા ફાંફાં મારી રહ્યો છે. ઘરમાં સુખ શોધે છે, બજારમાં સુખ શોધે છે, સ્વજનોમાં સુખ શોધે છે, ધન ધાન્યમાં મોજમજાહમાં સુખ શોધે છે, ક્યાંય સુખ જડતું નથી કલ્પિત સુખના છાયામાં ભ્રમિત થઈ અંતે દુઃખના વિયોગના ગાઢ અંધકારમાં ફસાઈ જાય છે, ઘડીકમાં હર્ષિત થાય છે, ઘડીકમાં શોકમગ્ન થાય છે, સાચું સુખ સ્વાધીન સુખ પ્રાપ્ત થતું નથી, પરાધીનતામાં પીડાઈ રહ્યો છે, રાગ દ્વેષ વધારી વધુ ઊંડાણમાં ઊતરી રહ્યો છે, જ્યાં ત્યાં હું ને મારું એમ મોહભાવમાં પોતે પોતાનેજ ભૂલી ગયો છે. મન-વચન-કાયાના યોગો પર પુદ્ગલોની તૃષ્ણાથી તૃપ્ત થવા વહી રહ્યા છે, સાચી તૃપ્તિ થતી નથી. જન્મ, જરા, મરણના ભયથી ઘેરાઈ ગયો છે. પોતે અજર, અમર, શાશ્વત સુખસ્વરૂપ છે એ સત્ જાણતો નથી. એ સત્ જાણનાર જ્ઞાની આત્મા જ ભગવાન છે, પોતેજ પરમાત્મા છે, દેહમંદિરમાં તે બિરાજમાન છે. યોગો-ઇન્દ્રિયો આદિ પૌદ્ગલિક સેના એને સ્વાધીન છે એ માર્ગ પામી ગયો છે, અર્થ જાણી ગયો છે, કળા કળી ગયો છે, એ એક જ મનરૂપી પ્રધાનને મૌન કરી નિર્વિકલ્પ થઈ સ્વાનુભવમાં સહજ સુખની સાધના કરી સિદ્ધિને વરે છે.

૧૮ આ દેહ મંદિરમાંથી આત્મ ભગવાન નીકળી ગયા પછી એ દેહની શું સ્થિતિ થાય છે તે તો સૌ કોઈ રોજ રોજ બનતાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ દેખાતા

મરણો દ્વારા જાણી શકે છે, મરનાર તો અમર છે. મરી કોણ જાય છે? ખરી રીતે દેહ-પરિવર્તન થાય છે આયુષ્ય નામ ગોત્ર આદિ કર્મોની આ દેહ પૂરતી લીલા પૂરી થાય છે એટલે નવો સ્વાંગ સજાય છે અને એ જ આત્મા નવા પુદ્ગલ પર્યાયમાં પ્રગટ થાય છે બાળક, વૃદ્ધ કે યુવાવસ્થા એ આત્માની અવસ્થા નથી, એ પુદ્ગલ દેહની છે એમાં વસનાર ભગવાન આત્મા અખંડ ત્રણે કાલમાં રહે છે આવા પૌદ્ગલિક દેહાદિ પર્યાયમાં મમત્વ રાખનાર દેહનાં સુખે સુખી અને દેહના દુઃખે દુઃખી પોતાને માનનાર આત્મા અજ્ઞાની છે આ અજ્ઞાનતા એ જ સર્વ દુઃખ અને સંસારપરિભ્રમણનું સમગ્ર કારણ છે એ દુઃખથી નિવૃત્ત થવા પોતે-પોતાને જાણવાની કળા પ્રાપ્ત કરી લે તો પોતાનું જ્ઞાન-દર્શનમય સતસ્વરૂપ સ્વાનુભવગમ્ય થાય એ સ્વાનુભવગમ્ય સ્વરૂપને પ્રાપ્ત કરવા સદ્ગુરુ, સત્-શાસ્ત્રોનાં નિમિત્ત કારણો ઉપયોગની યોગ્યતા થતા પ્રાપ્ત થાય અને દેહાદિના સંસાર વ્યવહારના બંધન માંથી મુક્ત થઇ સ્વસ્વરૂપમાં સ્થિર થવા ઉપયોગવંત થઇ ઉપશમ ભાવમા જોડાય, પરવૃત્તિઓથી બંધાતાં અનંત કર્મબંધનોને ખપાવી સહજ આનંદમાં મગ્ન રહી દેહાધ્યાસનો ધ્વંસ કરે છે

૧૯ એ દેહમાં પાંચ ઇન્દ્રિયો અને તેનું સંચાલન કરનાર મન જે અનંત કાળથી આત્મ ભગવાનને ભ્રમણામાં નાખી રમાડી રહ્યું છે તે પ્રજ્ઞાવંત આત્મા સમજી જતા તે પરમાં વહેતો ઇચ્છાઓનો પ્રવાહ જે રોકવાથી રોકાતો નથી, તેને સ્વમાં વહાવવા તેનું વહેણ આત્મસાગર તરફ ફરી આત્માના અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યમાં સ્થિર થવા તરફ વાળે છે આંખ સુંદર રૂપો જુએ છે, કુરૂપ પણ દેખે છે છતાં એ બન્ને તરફ તેની દૃષ્ટિ સમ છે જોવાના પ્રવાહને આત્મા બંધ કરતો નથી પણ તેમાં ઇષ્ટાનિષ્ટ લાગણી અને રાગદ્વેષ નહીં થવા દેતા અભેદ પ્રેમરૂપે એ પ્રવાહ વહેવા દે છે, નાક સુગંધી પદાર્થોની સૌરભ લે છે, દુર્ગંધીયુક્ત પદાર્થો પણ સૂંઘવામા આવી જાય છે છતા તે બન્ને ભાવમાં હર્ષ-શોકને કરતો નથી નાકના એ સુગંધ દુર્ગંધ ગ્રહણ કરવાના પ્રવાહને તે રોકતો નથી તેની પ્રકૃતિ પ્રમાણે તે કાર્ય કરે તેમા પોતે રાગ દ્વેષવડે જોડાતો નથી તે રીતે કાનમાં સુંદર લાગે તેવા શબ્દોને સાંભળે છે અને દુઃખ લાગે તેવી કટુ વાણી પણ સાંભળે છે તેને તે રોકતો નથી પણ તે વડે હર્ષ-શોક કરીને સંકલ્પવિકલ્પને વશ થતો નથી જીભવડે સરસ કે વિરસ પદાર્થોનું સેવન કરતાં પ્રકૃતિના પ્રવાહને રોકતો નથી પણ તેમા ઇષ્ટાનિષ્ટ ભાવ કરી રાગ દ્વેષ કરતો નથી તે જ રીતે સ્પર્શમા પણ સમભાવી રહે છે, પૌદ્ગલિક પ્રકૃતિથી પોતાના આત્માને સર્વાંગ શુદ્ધ સમજનાર જ્ઞાની છે

૨૦ અષ્ટાંગ યોગનો સાર મનનું અમનસ્કપણું કરવું તે છે મનનો ક્ષય થતા આત્મતત્વ સ્વયં પ્રકાશિત થાય છે જેમ પવનમા દીપક પ્રગટાવી રાખવો મુશ્કેલ છે તેમ મનરૂપ પવનનો સંકલ્પ વિકલ્પરૂપ વાયરો વાતો હોય ત્યા સુધી આત્મારૂપ દીપિકા સ્થિર થઇ પ્રકાશિત રહેવી મુશ્કેલ છે મન અને પવન એ બન્ને સાપેક્ષ સંબંધી પુદ્ગળ દ્રવ્યો છે દેહમા પ્રાણ વાયુદ્વારા જીવન જીવાય છે વાયુ એ મહાન શક્તિશાળી દ્રવ્ય છે દેહના આરોગ્યાદિમાં વાયુની પ્રાધાનતા છે તેના સમ-વિષમપણા ઉપર શરીર પ્રકૃતિનો મુખ્ય આધાર છે એ પવન-પ્રાણ-વાયુને સ્થિર કરવા હઠયોગ-પ્રધાનતા આદિ કષ્ટકારી યોગોની સાધના કરવામા આવે છે, પરંતુ જો સમ્યક્ રીતે જડચૈતન્યનું ભેદજ્ઞાન પ્રાપ્ત થયું હોય અને મનની વૃત્તિઓને ઉપશમભાવમાં-પરભાવ-પરદ્રવ્યથી પોતે ન્યારો છે એમ ઉપયોગમય દશા આવી જાય અને મનની વૃત્તિઓ-સંકલ્પ-વિકલ્પોને ઉપશમાવી નિર્વિકલ્પ સ્થિરતામા રહે તો મનનો જય થાય અને તે દ્વારા દેહારોગ્ય સાથે આત્મઆરોગ્યરૂપ સહજ આનંદ આમ અજબ રીતે પ્રાપ્ત અલ્પ પ્રયાસે થાય. યોગસાધનાની આ અનોખી કળ છે, તેને અજમાવી અનુભવ કરવા જેવો છે

૨૧ જો આત્મજ્ઞાન સહજ રીતે પ્રાપ્ત કરવુ હોય તો મનને અમનસ્ક-નિર્વિકલ્પ રાખવાનો અભ્યાસ દિવસ રાત્રિના સમયમાં પળે પળ ઉપયોગ રાખી વધારતા જાઓ. ચિત્તની સ્થિરતા વધારતા જાઓ આત્મદૃષ્ટિ કેળવી, પરભાવો પ્રત્યે ઉદાસીનતા યુક્ત રહી, પર ઈચ્છાઓથી નિવૃત્ત થાઓ અને એ રીતે સંકલ્પ-વિકલ્પોનુ બળ ઘટાડી મનને શાંત થવાનો માર્ગ સરળ બનાવો આ ક્રમશે અભ્યાસ કરતાં મન શાંત થતા આત્મતત્ત્વના કિરણો સ્વાનુભવમા પ્રગટતાં અનુભવાશે કોઈ ઓર આનદ આવશે એક મિનિટ પણ આ અનુભવ લઈ જુઓ અને જગતમા નહિ મળે તેવો કોઈ ઓર આનદ જણાય તો તેમા વધુ સ્થિરતા કરતા જાઓ એટલે એટલો સમય સવર-નિર્જરા થતાં કર્મમલનો શિથિલ થશે અને મુક્તિનો આનદ કેવો છે એ સુખ કેવુ છે તેની વાનકી પણ એ ધન્યપળમા પ્રગટ દેખાશે આ રીતે નિર્વિકલ્પતા પ્રાપ્ત કરવાથી મનની ઈન્દ્રિયોની દોડધામ શાંત થતા જાણે કોઈ શાંતિભુવનમા આત્મા સુખનિદ્રા લઈ રહ્યો છે તેવુ સંસારરૂપી અનંત ધમાલો વિષે પણ જણાશે આ માટે પ્રથમ આત્મ જ્ઞાન એટલે જીવ-અજીવનુ સ્વરૂપ, જડ-ચેતનનો વિવેક, ભેદજ્ઞાન-સમ્યક્ રીતે સમજી લેવુ પડશે અને એ રીતે અમનસ્કયોગ પ્રાપ્ત થતાં કોઈ પણ પ્રકારના સાધનો વગર આત્મા સિદ્ધિને પથે પડશે

૨૨ મનને નિર્વિકલ્પ કરવા માટે પ્રથમ ચિત્તની એકાગ્રતા કરવાની જરૂર છે ચિત્તની એકાગ્રતા અને સ્થિરતા સિવાય મનના સંકલ્પવિકલ્પો ઉપશમતા નથી, માટે પ્રથમ ચિત્ત સ્થિર માટે કોઈપણ મન પસંદ જ્યાં ચિત્ત સ્થિર થઈ શકે, એકાગ્ર થઈ શકે તેવા સદ્ આલબનને ગ્રહણ કરવું, તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખી સકેત ઓંકાર કે સુંદર પરમાત્માની પ્રતિમા કે એવી ઉચ્ચ આદર્શવાળી જ્યાં ચિત્ત સંક્લિષ્ટ થયા સિવાય આનંદમય રહી સ્થિર રહી શકે તેમા દૃષ્ટિ એકાગ્ર કરવાનો અભ્યાસ વધારવો [illegible] મન પણ સ્થિર થઈ શકશે અને સ્થિર થતા ઇન્દ્રિયો પણ વશ થશે-આમ એક ચાપ બધ કરતા બધા વિષયિક વ્યાપારો બધ થશે અને ચિત્ત સ્થિરતા થતા મનનો લય થતા પ્રાણાયામ થશે પવન સ્થિર થશે, શરીર હલકુ ફૂલ લાગશે જાણે ભાર ઊતરી ગયો હોય તેમ હળવુ થશે અને સહજ આનદસ્વરૂપ આત્મતત્વ પ્રકાશિત થશે અને તે દ્વારા અપૂર્વ સુખ ને શાંતિ અનુભવાશે આ અભ્યાસ વધતા વધતા લાંબો સમય સ્થિરતા કરતા યોગની સિદ્ધિ પ્રાપ્ત થશે તેમા ફળ રૂપ રિદ્ધિઓ પણ આપોઆપ કષ્ટસાધ્ય હઠ યોગની સાધના વગર પ્રગટશે તત્વજ્ઞાની એ પૌદ્ગલિક માયામા નહિં મોહાતા તેની ઉપેક્ષા કરી પોતાના સહજ આનદમા લીન રહી આનદને પ્રાપ્ત કરશે

૨૩ આત્મજ્ઞાન વગર આ રાજયોગની સાધના અશક્ય છે તત્વજ્ઞાન હોય તો જ સમ્યક્ આલંબન ગ્રહી ધ્યેય તરફ સાધના થાય છે માટે પ્રથમ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સદ્ગુરુ સમાગમ સત્શાસ્ત્ર સ્વાધ્યાય-આત્મતત્વ વિચારણા, ચિંતન મનન કરી ભૂમિકા શુદ્ધ કરવાની જરૂર છે ગુણ-દોષનુ જ્ઞાન લેવુ જરૂરી છે-હેય જ્ઞેય ઉપાદેય સમજવુ જરૂરી છે યોગની પ્રથમ ભૂમિકા નિર્મળ હૃદય સરળતા અને અહિંસા દયાથી આગળ વધવાનુ છે. મનશુદ્ધિ વચનશુદ્ધિ કાયશુદ્ધિ કરવાની રહે છે તે માટે પ્રથમ ભૂમિકામા યમ નિયમને પણ આધીન રહી એ ત્રિકાળાંકુ વૃત્તિઓમા ક્રોધ-માન-માયા-લોભમાં લપટાયેલા આત્માને પાછો વાળવાની જરૂર છે અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-વિષયનિવૃત્તિને ખૂબ ખૂબ પચાવવાની અને કર્તવ્યમા, મૂકવાની જરૂર છે બ્રહ્મચર્ય એ યોગમાં, ચિત્તસ્થિરતામાં આરોગ્યમા મહત્વનું અંગ છે. યોગ વગર આરોગ્ય નહિ અને આરોગ્ય વગર યોગ નહિ એટલે એ બન્ને સાપેક્ષપણે સાધના કરવા માટે બધી તરફથી યથાપ્રકારની સામગ્રી સાથે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવા તત્પર થવું જોઈએ તો જ મન અને પવન સાથે થઈ શકે અને એ સાધનામા સફળતા મળી એટલે સહજ પ્રયાસે યોગસિદ્ધિ અને આત્મજ્ઞાન પ્રાપ્ત થનાના છે —(ચાલુ)

વર્તમાન સમાચાર.

બીકાનેર

મહિલા ઉદ્યોગશાળા સ્થાપન.

આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજના ચાતુર્માસથી બીકાનેરમાં શાસનોન્નતિના કાર્યો સારા થયા.

કા. સુ. બીજે આચાર્યશ્રીજીનો જન્મદિવસ સમારોહથી ઉજવાયો, પ્રભાતફેરી થઇ સવારના વિરાટ સભા ભરવામાં આવી. પંન્યાસ સમુદ્રવિજયજી, પાયચંદગચ્છીય મુનિશ્રી વૃદ્ધિચંદજી, રામચંદજી અને પંડિત હંસરાજજી શાસ્ત્રી, પંડિત રામાવધજી આદિ વિદ્વાનોના આચાર્યશ્રીજીના જીવનને સ્પર્શતા પ્રભાવશાળી પ્રવચનો થયા.

રાતના રેવ. યુ. કમીશ્નરની અધ્યક્ષતામાં માસ્તર આભારામજી, રૂપચંદજી સુરાણા, છોટાલાલજી વૈદ, પંડિત હંસરાજજી શાસ્ત્રી આદિના આચાર્યશ્રીજીના જીવન અંગે વિદ્વત્તાભર્યા ભાષણો અને ભજનો થયાં.

શેઠ મેઘરાજજી ધતરાજજી ખજાનચીના તરફથી ઉદ્યાપન નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ પ્રારંભાયો.

કા. સુ. ચૌદશે આચાર્યશ્રીજીના સચોટ સદુપદેશથી મહિલા ઉદ્યોગશાળા સ્થાપન કરવાનો નિર્ણય થયો અને ફંડની સારા પ્રમાણમાં શરૂઆત થઇ.

પુનમે આચાર્યશ્રીજી તપાગચ્છની દાદાવાડીમાં શ્રીસિદ્ધાચલ મહાતીર્થના પટના દર્શનાર્થે ચતુર્વિધ શ્રીસંઘ સહિત પધાર્યા.

બપોરે શ્રીમહાવીરસ્વામીજીના દહેરાસરથી ભવ્ય રથયાત્રાનો વરઘોડો ચઢયો અને પાયચંદગચ્છની ડીમાં રહ્યો. રાત્રિજાગો થયો એકમે પૂજા, પ્રભાવના આદિ થયા તે પછી બીજા દિવસે બજારોમાં થઇ શ્રીમહાવીરસ્વામીજીના દેહરાસરે ઉતર્યો.

વિહાર.

કા. વ. ત્રીજ શુક્રવારે આચાર્યશ્રીજી આ શ્રીવિજયવિદ્યાસૂરિજી, પંન્યાસ સમુદ્રવિજયજી આદિ શિષ્યપ્રશિષ્યાદિ મંડળી સહિત વિશાળ જનતાની સાથે રામપુરિયા જૈનસ્કુલથી વિહાર કરી દરવાજા બહાર શ્રીગોડીજી મહારાજના મંદિરના વિશાળ ચોગાનમાં આચાર્યશ્રીજીએ દેશના આપી.

કોયર મંડળીએ ગુરુવિરહના ભજનોની ધૂન મચાવી અને પુનઃ બીકાનેર પધારવા વિનતિ કરી. પંજાબના ઉપસ્થિત ૫૦, ૬૦ ભાઇઓએ યાત્રા કરી પાછા પંજાબ જલ્દી પધારવા આગ્રહભરી વિનતિ કરી. આચાર્યશ્રીજી માંગલિક સંભળાવી સેંકડો ભાવિકો સાથે ભિન્નાસર પધાર્યા.

સાધર્મિક વાત્સલ્યાદિ થયા, જેનો હજારો ભાવિકોએ લાભ લીધો. આચાર્યશ્રી અત્રેથી વિહાર કરી ઉદામસર, આબસર દેશનોક, સુરપુરા, નોખામંડી, ચીલા, બગાય, ગોગનાવ આદિ ગામોમાં ધર્મપ્રચાર કરતા કરતા માગસર સુદિ છઠે નાગોર પધાર્યા.

શ્રીસંઘે સુંદર સ્વાગત કર્યું.

દેશનોક, આળાય, નોખામંડી વગેરે ગામોમાં પ્રભુના દહેરાસરો આવે છે, પરંતુ પ્રભુપૂજકોના ઘરો જૂજ આવે છે.

બીકાનેરથી જ આચાર્યશ્રીજી સાથે સાથે પગે ચાલતા અને સેવાભક્તિનો લાભ લેતા શેઠ લક્ષ્મીચંદજી, પ્રસન્નચંદજી, રામરતનજી પુનમચંદજી ફતેહચંદજી ચાંદમલજી રાજા કૃષ્ણચંદજી વગેરે કોયર સરદારો આચાર્યશ્રીજીને નાગોર પ્રવેશ કરાવી બીકાનેર જવા રવાના થયા.

અહિં શ્રીસંઘની વિનતિથી થોડાક દિવસો સ્થિરતા કરી આચાર્યશ્રીજી પોતાનો વિહાર ગોડવાડ તરફ લંબાવશે.

સ્થાનિક સમાચાર.

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પૂજ્ય મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ અંગે માગશર વદિ ૬ ના રોજ દાદા સાહેબ જિનાલયમાં સવારે પૂજા ભણાવી જ્યતિ અંગે યોગ્ય પ્રવચન સભાના મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે કર્યું હતું. રાત્રિના આંગીની રચના કરાવવામાં આવેલ.

આચાર્ય શ્રીવિજયલલિતસૂરિજી મહારાજનો વિહાર.

પૂ. આચાર્યશ્રી માગસર સુદી ૧૨ના રોજ દાદાવાડી શેઠ ચુનીલાલ દુર્લભજી પારેખનાં બંગલેથી સવારે વિહાર કરી ગઢેચી પધાર્યા હતા માગસર સુદી ૧૩ના રોજ વરતેજમાં અત્રેનાં શ્રીકૃષ્ણનગર સંઘ તરફથી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી અને સ્વામીવાત્સલ્ય થયું હતું. પૂજામાં મહાલક્ષ્મી મીલવાળા દાનવીર શેઠ ભોગીલાલભાઇ મગનલાલ, શેઠ ખાંતિલાલ અમરચંદ વોરા, શેઠ રમણીકલાલભાઇ તથા શ્રીયુત સુશીલભાઈ વિગેરે પધાર્યા હતા. ત્યાંથી વિહાર કરી તેઓશ્રીએ માગસર સુદી ૧૫ના રોજ સિહોર પ્રવેશ કર્યો હતો.

શાન્તમૂર્તિ શ્રી જયંતવિજયજી મહારાજનો કાળધર્મ.

સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના અગ્રગણ્ય શિષ્યરત્ન શાંતમૂર્તિ મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજ સં. ૨૦૦૫નાં માગસર સુદિ બીજી સાતમ તા. ૮-૧૨-૪૮ બુધવારના રોજ પ્રાતઃકાળમાં ૭-૩૦ વાગતાં સૂર્યોદય સમયે સંપૂર્ણ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. પ્રભુ મહાવીરના અનેકાન્તવાદના ઉદાર માર્ગનું અનુકરણ કરી પોતાનું જીવન સ્વપરને માટે કલ્યાણગામી બનાવનાર એક ઉદારચેતા મુનિવરની જૈન સમાજને ખોટ આવી પડી છે

સ્વ. વિજયધર્મસૂરિજીનાં સમુદાયમાં તેઓ ખૂબ શાંત અને વિદ્વાન સાધુ હતા. બનારસની યશોવિજયજી પાઠશાળાના તો એ પાયાના પથ્થર જેવા તદ્દન નિષ્કામ અને મૂક સેવક હતા. પોતાનાં ગુરુદેવનાં ભક્તિભાવના કારણે તેમણે પાઠશાળા માટે સર્વસ્વ આપી દીધું હતું

મહારાજશ્રીની અંતિમ પળો જોનાર પણ ધન્ય થઇ જાય એવી અપાર વેદના છતાં જિંદગીની છેલ્લી પળ સુધી તેમણે જે સંપૂર્ણ શાંતિ જાળવી તે અદ્દભુત અને વિરલ હતી આવું સમાધિમરણ મળવું એ તો દુર્લભ છે જ પણ એનાં દર્શન થવા પણ દુર્લભ છે. તેમના આત્માની અમો પરમ શાંતિ ઇચ્છીએ છીએ.

શેઠ શ્રી નરોત્તમદાસ જેઠાભાઇનો સ્વર્ગવાસ.

માંગરોળનિવાસી શેઠ નરોતમદાસ જેઠાભાઇ શ્રી કલકત્તા સંઘના અગ્રણી કાર્યકર હતા. કલકત્તામાં તેઓ બી આઇ એસ. એન કું ની સ્ટીમરોના દલાલ હતા. તેઓ ઉદાર અને સ્વભાવે ઘણું જ મીલનસાર હતા. ધર્મ પર શ્રદ્ધાવાળા હતા. કેટલાક વખતથી તેઓ મુબઇખાતે નિવાસ કરતા હતા. આ સભાના તેઓ ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. તેમનાં અવસાનથી એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો તેમના આત્માની પરમ શાંતિ ઇચ્છીયે છીયે.

સ્વીકાર-સમાલોચના.

(૧) દ્વાદશારનયચક્રમ્-પ્રથમો વિભાગઃ-આ ગ્રંથ શ્રી જૈન શાસનનો એક મહાન દર્શન પ્રભાવક

ગ્રંથ છે. તેના કર્તા પૂજ્ય આચાર્યશ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણ છે. તેઓ શ્રીમદે 'વિધિનિયમભઙ્ગ-વૃત્તિ' એ પદથી શરૂ થતી એક જ કારિકા ઉપર આશરે આઠ હજાર શ્લોકપ્રમાણ ભાષ્યરૂપે આ ગ્રંથરત્નની રચના કરી છે. આ ભાષ્ય ઉપર શ્રી સિંહસૂર ગણિવાદી ક્ષમાશ્રમણજીએ સંક્ષિપ્ત અને અતિ ગહન ન્યાયાગમાનુસારિણી' નામક ટીકા લખી છે.

આ ગ્રંથનું સંપાદન પૂજ્ય આચાર્યશ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે અનેકાનેક હસ્તપ્રતિઓ સન્મુખ રાખીને, તેમજ જે જે દર્શનોનું વિવરણ ગ્રંથકારે કર્યું છે ને તે દર્શનોના ઉચ્ચ અને પ્રામાણિક ગ્રંથો દ્વારા ગ્રંથના હાર્દને શુદ્ધ કરવાપૂર્વક કર્યું છે. ૩૦૪ પૃષ્ઠ પાકા બાઇંડીંગનાં ગ્રંથની કિંમત રૂા ૬) છે પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા, છાણી (બરોડા સ્ટેટ) આચાર્ય મહારાજ સાહેબ તરફથી સભાને ભેટ મળ્યો છે તે માટે સભા આભાર માને છે.

(૨) દાનધર્મ-પંચાચાર:—લેખક સ્વ મનસુખભાઇ કીરતચંદ મહેતા, પ્રકાશક ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા ન. ૫ ચોપાટી રોડ-મુંબઇ, ન. ૭. મૂલ્ય એક રૂપીઓ આ પુસ્તકમાં દાનધર્મ કોને કહી શકાય અને તેના કેટલા પ્રકાર છે તે દર્શાવ્યા છે. પાંચ આચાર અને શીલધર્મ વિષે અને સ્વામીવાત્સલ્ય કેવુ હોય ? ખરૂ સ્વામીવાત્સલ્ય ફક્ત જમણવારો કરવામાં નહિ, પરંતુ સ્વામીભાઇઓને સ્વાશ્રયી બનાવે તેવુ કરવુ જોઇએ વિગેરે વિષયો ઉત્તમ રીતે વર્ણવ્યા છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

(૩) પ્રગતિની દિશા:—શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા તરફથી બહાર પડેલ છે, જેમાં પૂજ્ય ગુરુ મહારાજ શ્રીવિજયલબ્ધિસૂરીશ્વરજીના જાહેર વ્યાખ્યાનોનું સારભૂત અવતરણ લેવામાં આવેલ છે. એ વાંચન અને મનન કરવા યોગ્ય છે. ૧૯૪ પાનાનાં પુસ્તકની કિંમત રૂા. ૨) છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

(૪) દેવ-સૌભાગ્ય-ગુલાબગુણ સ્તવન-માલા.—જેમાં વિવિધ ચૈત્યવંદનો, સ્તવનો વિગેરેનો સંગ્રહ છે. ૧૨૪ પૃષ્ઠની બુકની કિંમત રૂા ૧) છપાવી પ્રસિદ્ધ કરનાર સંઘવી મૂળજીભાઇ ઝવેરચંદ–પાલીતાણા. પ્રાપ્તિસ્થાન મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ, દોશીવાડાની પોળ–અમદાવાદ, પ્રસિદ્ધકર્તા પાસેથી સભાને ભેટ મળેલ છે.

(૫) ચોવીસ જિનેશ્વરનો છંદ તથા અધ્યાત્મભાવના ૧૧૮ પાનાની પોકેટ બુક કિંમત–અમૂલ્ય છપાવી પ્રસિદ્ધ કરનાર સંઘવી મૂળજીભાઇ ઝવેરચંદ–પાલીતાણા, પ્રાપ્તિસ્થાન મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ દોશીવાડાની પોળ–અમદાવાદ પ્રસિદ્ધકર્તા પાસેથી સભાને ભેટ મળેલ છે

(૬) **અનેકાન્ત** માસિકનો ભાદ્રપદ માસનો અંક અવલોકનાર્થે મળ્યો છે. સત્ય, શાંતિ અને લોકસેવાની ભાવનાથી ભારતીય જ્ઞાનપીઠ કાશી તરફથી નીકળે છે. સંસ્થાપક–પ્રવર્તક વીર સેવામંદિર, સરસાવા, માસિક હિંદીમા પ્રગટ થાય છે.. વાર્ષિક લવાજમ રૂા ૫-૦-૦ રાખવામા આવ્યું છે જેના મુખ્ય સંપાદક જુગલકિશોર મુખ્તાર અને સહકારી સંપાદકો મુનિ કાન્તિસાગર તેમજ દરબારીલાલ ન્યાયાચાર્ય છે

ગયા અંકમાં સુધારીને વાંચશો.

(૧) પાનું ૬૪ જમણી બાજુના કોલમમા છેલ્લેથી પહેલી લીટીમાં 'સદુપયોગ' ને બદલે 'દુરુપયોગ' વાંચવુ.

(૨) પાનું ૬૮ ડાબી બાજુના કોલમમાં ૨૮ મી લીટીમાં 'આકાશ અલોક કરતાં પણ અનંત ગુણો છે' ને બદલે 'આકાશ આ લોક કરતા પણ અનંતગુણો છે'

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું | સંવત ૨૦૦૫

આત્મ સં. ૫૩

અંક ૬ ઠો | તા. ૧-૨-૪૯ | પોષ

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત

પ્રકાશક-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

અનુક્રમણિકા.

૧ સીમંધર જિન સ્તવન ... ... મુનિ મહારાજ શ્રી હેમેન્દ્રસાગરજી ૧૦૯

૨ શ્રી ઘંટાકર્ણ-અષ્ટક ... ... મુનિ દેવેન્દ્રસાગર (શ્રી હિંસ) ૧૧૦

૩ શ્રી નંદિસૂત્ર મલયગિરીયાવૃત્તિમાં આવતા દાર્શનિક સાક્ષિપાઠોના મૂલસ્થાનો ... ... (મુનિરાજશ્રી જબૂવિજયજી મહારાજ) ૧૧૧

૪ પવિત્રાપવિત્ર મીમાંસા ... ... (આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૧૭

૫ ન્યાય રત્નાવળી ... ... (મુનિ મહારાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ) ૧૨૨

૬ ધર્મ કૌશલ્ય ... ... (શ્રી મૌક્તિક) ૧૨૭

૭ આત્મ સાધના... ... ... (અમરચંદ માવજી શાહ) ૧૨૯

૮ પવિત્ર જીવનનું રહસ્ય ... ... (અનુ-અભ્યાસી) ૧૩૦

૯ સ્વીકાર સમાલોચના ... ... (સભા) ૧૩૨

૧૦ વર્તમાન સમાચાર ... ... (સભા) ટા પા ૩

આ સભાના માનવંતા પેટ્રનોને તથા પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને આ ગ્રંથ ભેટ આપવાનો છે, તે ઉપરાંત—

નવા થનારા લાઇફ મેમ્બર સાહેબોને અપૂર્વ ગ્રંથની ભેટનો લાભ.

ફાગણ વદી ૩૦ સુધીમાં રૂા ૧૦૧) આપી નવા થનારા લાઇફ મેમ્બરોને થોડા વખતમાં પ્રગટ થનાર શ્રી પાર્શ્વનાથ ભગવંતનું વિસ્તાર પૂર્વક ચરિત્ર, જુદી જુદી અવસ્થાના અનેક ત્રિરંગી સુંદર ચિત્રો સહિત, ઊંચા કાગળ ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી સુશોભિત પાકા બાઈડીંગથી અલંકૃત કરેલો શુમારે સાતસેંહ પાનાનો દળદાર ગ્રંથ કિંમત શુમારે રૂા. ૧૩) થશે, તે ગ્રંથ ભેટ આપવામાં આવશે અત્યાર સુધીમાં પ્રગટ થયેલા મ્હોટા પ્રભુ ચરિત્રોના કરતાં અંદર અને બાહીર બંને વસ્તુ સ્વરૂપ અનુપમ છે તેમાં પ્રભુ દશ ગણધરોના વિસ્તૃત પૂર્વભવના વૃતાંતો, પરમાત્માએ આપેલી દિવ્ય દેશના આપેલ બોધપાઠો, અનુપમ કથાઓ અને અંતર્ગત કથાઓ ઋતુ, રાજકીય, સામાજીક, વ્યવહારિક, નૈતિક અનેક વિષયો ઉપરના વર્ણનો, કર્ત્તા મહાન પુરુષશ્રી દેવભદ્રાચાર્ય મહારાજે સુંદર વિદ્વતાપૂર્ણ રસ અલંકાર અને પ્રમાણિકપણે આપેલી સત્ય ઘટનાઓ ભગવંતનો અપૂર્વ મહિમા, અચિંતનીય માહાત્મ્ય વગેરે સર્વ વાંચવા જેવું વારંવાર મનન કરવા જેવું, વાંચકને આત્મ શાંતિ ઉત્પન્ન કરનારી સુંદર શૈલી પૂર્વકનું ચરિત્ર છે. વિશેષ લખવા કરતા વાચક સ્વયં સમજી શકે તેમ છે.

કિંમત આર્ટ તથા લેઝર પેપરની રૂા. ૧૫-૦-૦ તથા ગ્લેઝ પેપરની રૂા ૧૩-૦-૦ પોસ્ટેજ જુદું.

શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫. પોષ પુસ્તક ૪૬ મું.

વિક્રમ સં. ૨૦૦૫. :: તા. ૧ લી જાન્યુઆરી ૧૯૪૯ :: અંક ૬ ઠ્ઠો.

સીમંધર જિન સ્તવન.

(મારે તે ગામડે એક વાર આવજો...)

સ્વામી સીમંધરજી ! પ્રેમથી પધારજો,
ભારત ભૂમિને પ્રભુ આવી ઉદ્ધારજો;
મુક્તિના મંત્ર નાથ ! ભારતને આપજો. સ્વામી. ૧

(સાખી)

જગબંધુ પરમેશ છો, પ્રિયતમ પ્રાણાધાર;
દર્શન આપી ભાવથી, સફલ કરો અવતાર.

દૂર દૂર નાથ છતાં, ચિત્ત ચરણે વસે;
ચિદ્‌ઘન સ્વરૂપ જોઈ, અંતર મારું હસે.

નાથ ! તમે મારા હું આપનો, નિભાવજો,
નિર્મળ શુભ જ્ઞાન જ્યોત અંતર જગાવજો;
મુક્તિના મંત્ર નાથ ! ભારતને આપજો. સ્વામી. ૨

ચાહું ના ઈન્દ્ર, ચન્દ્ર પદને ત્રિલોકનાથ !
સ્થાપો અજિત દિવ્ય ધામે......હાં......
મુનિ હેમેન્દ્ર પ્રભુ ! ચરણે વસાવજો. સ્વામી. ૩

રચયિતા:—મુનિમહારાજશ્રી હેમેન્દ્રસાગરજી.

શ્રી ઘંટાકર્ણ–અષ્ટક.

(વસંતતિલકા.)

હ્રીંકાર યુક્ત બલવીર અનંત જ્ઞાની,
સોહંત રત્ન મુકુટે શિર, દિવ્ય દાની;
શાં ચક્ર સર્પ ત્રિશૂલે કર દક્ષિણે ત્યા!
ને વામ હસ્ત અસિ ચાપ સુમાલ ધાર્યા. ૧
આભૂષણે બલ ભર્યા ષટ્ હસ્ત શોભે,
ને વીર વેશ શુચિ કેશ બલેશ લોભે;
તું સર્વ વ્યાધિ, દુઃખ સર્વ ઉપાધિ ટાળે,
ને ભૂત પ્રેત દુઃખકારક ગર્વ ગાળે. ૨
ઘંટા મહા ધણધણે રવ ઘોર જાગે,
તેને સુણી મલિન ભાવ સુદૂર ભાગે;
પામંત રિદ્ધિ, બળ, સિદ્ધિ પ્રસિદ્ધિ, ભક્ત,
તારા પદે વિમલ પ્રેમલ નિત્ય રક્ત. ૩
આપત્તિ ઘોર જલધિ, વન મધ્ય આવે,
ત્યા શ્રેષ્ઠ વીર! અતિ પ્રેમલ તું બચાવે;
સો ઇષ્ટ સિદ્ધિ તુજને ભજતાં પમાય,
હે ઘંટકર્ણ! બલવીર કરો સહાય ૪
શાન્તિ, પ્રસિદ્ધિ, ધન, ધાન્ય અતીવ આપો,
સદ્ધર્મ–મર્મ શુચિ કર્મ સદૈવ સ્થાપો;
તારી સ્તુતિ સુખભરી જન નિત્ય ગાઓ,
પ્રેમેભરી તુજ કૃપામય દૃષ્ટિ થાઓ ૫
વિદ્યા, સુપુત્ર, વનિતા, શુભ ભાગ્ય જાગે,
તારા પદે શુચિ મને જન કોઈ લાગે;
સ્નેહાર્દ્ર તું સ્તવનથી, શુભ દિવ્યનામ!
હે ઘંટકર્ણ! તુજને નિત હો પ્રણામ! ૬
રક્ષા કરો સકળની, ધન, ધામકેરી,
કીર્તિ મહાન પ્રસરી સઘળે અનેરી;
દારિદ્રયહારક મહાન પ્રબુદ્ધ દેવ,
તારી કરું હરખથી બસ નિત્ય સેવ. ૭
થાઓ કૃપાળુ મુજ સંકટ દૂર રાખો,
સ્વીકારજો મુજ પ્રણામ સદૈવ લાખો;
આનંદમૂર્તિ! મુખ દિવ્ય પ્રભા સુનામી,
દેવેન્દ્ર દર્શન ચહે, બલવીર સ્વામી. ૮

રચયિતાઃ—મુનિ દેવેન્દ્રસાગર (શ્રી દિવ્ય)

श्री नन्दीसूत्रमलयगिरीया वृत्तिमां आवता दार्शनिक साक्षिपाठोनां मूलस्थानो.

(૨)

સાક્ષિપાઠોના મૂલસ્થાનભૂત મુખ્ય ગ્રંથોનો પરિચય

(લેખકઃ-મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ)

ગતાંક પૃષ્ઠ ૬૧ થી ચાલુ

નંદીમલયગિરિવૃત્તિમાં આવતા સાક્ષિપાઠોના મૂલભૂત પ્રમુખ ગ્રંથોનો આ સ્થળે સ્થૂલ પરિચય આપવો આવશ્યક છે. આવા પ્રમુખ ગ્રંથો ત્રણ છે—૧ **શાસ્ત્રવાર્તાસમુચ્ચય,** ૨ **પ્રમાણવાર્તિક,** ૩ તથા વિશેષે કરીને **[પ્રમાણ] વાર્તિકાલંકાર.** શ્રી હરિભદ્રસૂરિવિરચિત શાસ્ત્રવાર્તાસમુચ્ચય[1] પ્રસિદ્ધ ગ્રંથ છે. પ્રમાણવાર્તિકની રચના બૌદ્ધાચાર્ય ધર્મકીર્તિએ કરેલી છે. **ધર્મકીર્તિનો સંક્ષિપ્ત કીર્ત** નામથી પણ ઉલ્લેખ કરવામાં આવે છે. બૌદ્ધન્યાયના પિતા (Father of Buddhist Logic) તરીકે મનાતા दिङ्नागના प्रमाणसमुच्चय [2] નામના ગ્રંથની **प्रमाणभूताय जगद्धितैषिणे प्रणम्य शास्त्रे सुगताय तायिने। प्रमाणसिद्ध्यै स्वमतात् समुच्चयः करिष्यते विप्रसृतादिहैकतः ॥ १ ॥** આ પ્રથમ મંગલકારિકાને અવલંબીને [3] તેના ઉપર કરવામાં આવેલી લગભગ ૧૫૦૦ કારિકાપ્રમાણ પદ્યમય ટીકાનું નામ પ્રમાણવાર્તિક છે. અત્યાર સુધી આ ગ્રંથ લુપ્ત જ મનાતો હતો, પણ બૌદ્ધ પં. **રાહુલસાંકૃત્યાયનના** પ્રવાસ અને ભારે પ્રયાસને અંતે ટિબેટના મઠોમાં રહેલા પ્રાચીન પુસ્તક સંગ્રહોમાંથી કેટલાક વર્ષો પૂર્વે એનો પત્તો લાગ્યો હતો આના મૂલમાત્રનું તથા **મનોરથનન્દિની ટીકા** સહિત પ્રમાણવાર્તિકનું-એમ બે પ્રકાશન **બિહાર એણ્ડ ઓરિસ્સા રિસર્ચ સોસા-**

---

૧. ગોડીજી જૈન ઉપાશ્રય, (મુંબઈ)-પ્રકાશિત સંસ્કરણમાં છપાયેલા સળંગ શ્લોકક્રમને અનુસારે જ આગળ સાક્ષિપાઠના મૂલસ્થાનોમાં શ્લોકાંક આપવામાં આવશે.

૨ પ્રમાણસમુચ્ચયના, ૬ પરિચ્છેદ છે ૧ પ્રત્યક્ષ, ૨ સ્વાર્થાનુમાન, ૩ પરાર્થાનુમાન, ૪ દૃષ્ટાન્ત, ૫ અપોહ, ૬ જાતિ. તેમાં ૧ લા પરિચ્છેદનું ટિબેટન ભાષાંતર ઉપરથી સંસ્કૃતમાં પરિવર્તન માયસોર ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટના એચ. આર. **રંગાસ્વામી આયંગરે** કર્યું છે કે જે મ્હૈસુર યુનિવર્સીટિ તરફથી પ્રગટ થયું છે. હમણાં તેઓ ૨ જા ૩ જા પરિચ્છેદને તૈયાર કરી રહ્યા છે કે જે ટૂંક સમયમાં જ પ્રસિદ્ધ થશે, એમ તેમના તાજેતરમાં જ મારા ઉપરના પત્રથી જાણવામાં આવ્યું છે.

૩ તેના=પ્રમાણસમુચ્ચયના.

ચૂટી(પટણા)ના જર્નલમાં[1] થયાં છે. પ્રમાણવા૦ના ચાર પરિચ્છેદ છે-૧ સ્વાર્થાનુમાન, ૨ પ્રમાણસિદ્ધિ, ૩ પ્રત્યક્ષ, ૪ પરાર્થાનુમાન-આ ધર્મકીર્તિએ સકારણ[2] રાખેલો ક્રમ છે, જ્યારે મનોરથનંદિએ અભ્યાસીઓની અનુકૂલતા માટે મૂલક્રમ બદલીને ૧ પ્રમાણસિદ્ધિ, ૨ પ્રત્યક્ષ, ૩ સ્વાર્થાનુમાન, ૪ પરાર્થાનુમાન-આ પ્રકારનો ક્રમ રાખ્યો છે. અહીં સાક્ષિપાઠના મૂલ સ્થાનોમાં જે પરિચ્છેદાંક તથા શ્લોકાંક[3] આપવામાં આવશે તે મનોરથનંદિની વૃત્તિ અનુસારે આગળ આપવામાં આવશે. પ્રમાણવાર્તિકના પ્રથમ સ્વાર્થાનુમાન પરિચ્છેદ ઉપર ધર્મકીર્તિની સ્વોપજ્ઞટીકા પણ કર્ણકગોમિવિરચિત પ્રટીકા સાથે કિતાબમહેલ, પ્રયાગ-(અલ્હાબાદ)થી પ્રકાશિત થઇ છે. આ પ્રમાણવાર્તિક ગ્રંથમાંથી સંખ્યાબંધ કારિકાઓ જૈન-જૈનેતર ગ્રંથોમા ઉધ્ધૃત કરવામાં આવી છે.

વાર્તિકાલંકાર એ પ્રજ્ઞાકરગુપ્તે પ્રમાણવાર્તિકના અંતિમ ત્રણ પરિચ્છેદ ઉપર કરેલા લગભગ ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ ગદ્ય-પદ્યમય અતિવિસ્તૃત મહાભાષ્યનું નામ છે. ન્યાયાવતારના ટિપ્પણમાં (પૃ ૫, જૈન શ્વે૦ કૉ૦ પ્રકાશિત) જે બૌદ્ધાલંકારનું નામ આવે છે તે પણ આ જ છે. શ્રી હરિભદ્રસૂરિ, અભયદેવસૂરિ મ૦ વિગેરે આપણા અનેક પૂર્વાચાર્યોએ આ ગ્રંથનો ખંડન-મંડનમા ઉપયોગ કર્યો છે મલયગિરિ મહારાજે તો આનો ખૂબ જ છૂટથી ઉપયોગ કર્યો છે એ આગળ સાક્ષિપાઠોના મૂલસ્થાનો જોવાથી જ આપોઆપ જણાશે. અત્યાર સુધી આ ગ્રંથ પણ લુપ્ત મનાતો હતો. રાહુલસાંકૃત્યાયનને થોડા વખત પહેલા ટિબેટના સાસ્કય મઠના ગુ-રિમ્-લ્હા-ખङ् પુસ્તક સંગ્રહમાથી આનો ૩ જા પ્રત્યક્ષપરિચ્છેદની ૩૦૩ મી કારિકાથી ૩ જા પરિચ્છેદની સમાપ્તિ સુધીનો થોડો ભાગ મળી આવ્યો હતો કે જે બિહાર ઓરિસ્સા રિસર્ચ સોસાયટીના જર્નલમા (વોલ્યુમ ૨૧ મું; અંક ૨ જો) તથા મહાબોધિ સોસાયટી, સારનાથ(કાશી)થી પ્રગટ થયો છે. અહીં એની મુ૦ વા૦ અલં- સંજ્ઞા રાખવામા આવી છે ત્યાર પછીના ટિબેટના પ્રવાસમા સાસ્કય મઠના ગ્રાગ્-પે-લ્હા-ખङ् ગ્રંથસંગ્રહમાથી સંપૂર્ણ ગ્રંથ રાહુલ સાંકૃત્યાયનને મળી આવ્યો હતો, અને ત્યા જ તેની કોપી કરી લીધી હતી આ રાહુલ સાંકૃત્યાયનકૃત પ્રતિલિપિ પં. સુખલાલજી પાસેથી મૂળ તો આ૦શ્રી મલ્લવાદીએ નયચક્રમાં ઉધ્ધૃત કરેલી દિગ્નાગના પ્રમાણસમુચ્ચયની નષ્ટ મનાતી કારિકાઓ પ્રજ્ઞાકરે ઉધ્ધૃત કરી હોય તો શોધી કાઢવા અમે મેળવી હતી; પણ પાછળથી આપણા બીજા અનેક ગ્રંથોમાં ઉપયોગી

૧ મૂલમાત્રનુ પ્રકાશન વોલ્યુમ ૨૪ માના ૧ લા, ૨ જા અંકમાં થયું છે. મનોરથનંદિનીનું ત્યારપછીના અંકોમાં પ્રકાશન થયું છે.

૨ આનું કારણ મુદ્રિત મનોરથનંદિની વૃત્તિ સાથે છપાયેલ વિભૂતિચંદ્રના પરિશિષ્ટમાં પૃ ૫૧૬-૫૧૭ માં આપવામાં આવેલું છે.

૩. મનોરથનંદિએ કેટલીક કારિકાઓની વ્યાખ્યા ન કરી હોવાથી. શ્લોકાંકમાં કવચિત ફેરફાર આવે છે જેમકે મલયગિરિ મહારાજે આવશ્યકવૃત્તિમા ઉદ્ધરેલી (પૃ. ૯૭) ધર્મકીર્તિ वेदप्रामाण्य कस्यचित् कर्तृवादः स्नाने धर्मेच्छा जातिवादावलेपः । सन्तापारम्भः पापहानाय चेति ध्वस्तप्रज्ञाने पञ्च लिङ्गानि जाड्ये ॥ १ ॥-આ કારિકા મનોરથનંદિની વૃત્તિમા નથી, પણ મૂલમાત્ર પ્રમાણવાર્તિકમા તથા સ્વ૦ વૃત્તિ સહિત પ્રમાણવાર્તિકના સ્વાર્થાનુમાન પરિચ્છેદના અંતે છે.

હોવાથી ભારતવર્ષમાં વિદ્યમાન આ એકના એક હસ્તલિખિત ગ્રંથની અમે નકલ કરાવી લીધી છે. અહીં જે પૃષ્ઠાંક આપવામાં આવશે તે અમારી પ્રતિલિપિના છે. અને તેની वा० मलं. સંજ્ઞા રાખવામાં આવી છે.

ધર્મકીર્તિ-પ્રજ્ઞાકરનો સમય.

ધર્મકીર્તિ તથા **પ્રજ્ઞાકરનો** સમય જાણવો પણ ઉપયોગી છે. પ્રસિદ્ધ ચીની યાત્રી હુએન-ત્સાંગ[1] ભારતવર્ષમાં વિક્રમ સં. ૬૮૭ થી ૭૦૨ સુધી રહ્યો હતો તે ઘણો જ સમય **નાલંદા** વિદ્યાપીઠના તત્કાલીન આચાર્ય **શીલભદ્ર** પાસે બૌદ્ધ દર્શનનો અભ્યાસ કરવા માટે રહ્યો હતો. તેણે પોતાના **યાત્રાવર્ણનમાં** ઘણા ઘણા બૌદ્ધ પંડિતોનો ઉલ્લેખ કર્યો છે, છતાં એ જ **નાલંદા વિદ્યાપીઠમાં** નિષ્પન્ન થયેલા **ધર્મકીર્તિ** જેવા સમર્થ તાર્કિકનો ઉલ્લેખ ન કર્યો હોવાથી એમ માનવામાં આવે છે કે ધર્મકીર્તિની તે વખતે પ્રસિદ્ધિ થઇ નહીં હોય-અને પ્રારંભ જ હશે. કેમકે ત્યારપછી બીજો ચીની યાત્રી **ઇત્સિંગ ભારતમાં** આવ્યો હતો; અને સં. ૭૨૭ થી ૭૫૨ સુધી તેણે **ભારતમા** પર્યટન કર્યું હતું. સં. ૭૨૩ થી ૭૪૨ સુધી એ નાલંદા વિદ્યાપીઠમાં જ રહ્યો હતો. તેણે પણ પોતાનું યાત્રાવૃત્તાત સં. ૭૪૭-૭૪૮ માં ચીની ભાષામાં લખ્યું હોવાનું માનવામાં આવે છે. આના ડૉ૦ **તાકાકુસુએ** કરેલા ઇંગ્લીશ ભાષાંતરમાં નીચે મુજબ ઉલ્લેખ છે—Of such persons in every generation only one or two appear. They are likened to the sun and moon, or are to be regarded as dragon and elephant. Such were **नागार्जुन**, **देव**, **अश्वघोष**, of an early age. **वसुबंधु**, **असङ्ग**, **संघमद्र**, **भवविवेक**, in the middle ages, and **जिन** (**दिङ्नाग**), **धर्मपाल**, **धर्मकीर्ति**, **शीलभद्र**, **सिंहचन्द्र**, **स्थिरमति**, **गुणमति**, **प्रज्ञागुप्त**, **गुणप्रभ**, **जिनप्रभ** (or **परमप्रभ**) of late years.

[A record of Buddhist religion is practicised in India and the Malaya Archipelago. By I-tsing, translated by J. Takakvsu p. 181, Oxford University] અર્થ–" પ્રત્યેક પેઢીમાં આવા મનુષ્યો એકાદ બે જ પ્રગટ થાય છે. તેમની ઉપમા સૂર્ય અને ચંદ્ર સાથે કરવામાં આવે છે, અથવા તેમને સર્પ અને હાથી સમાન ગણવામાં આવે છે. પ્રાચીન સમયમાં **નાગાર્જુન**, **દેવ**, અને અશ્વઘોષ, મધ્યસમયમાં **વસુબંધુ**, અસંગ,......અને **જિન**[2] (-દિગ્નાગ), **ધર્મપાલ**,

---

૧ આનો હ્યુન-ચ્વાંગ (Hyuan Chwang) નામથી પણ ઉલ્લેખ કરવામાં આવે છે. **પ્રબોધચંદ્ર બાગચીના** કથન પ્રમાણે આના ચીની નામનો સાચો ઉચ્ચાર શ્યૂઆન્-ચૂઆઙ્ છે. (**જુઓ-પ્રેમી અભિનંદન ગ્રંથ** પૃ૦ ૨૧૩)

૨ દિઙ્નાગ માટે જૈન શાસ્ત્રોમાં "दिन्न શબ્દનો ઘણે સ્થળે ઉપયોગ કરવામાં આવ્યો છે. ચીની ભાષામાં ઉચ્ચાર દોષથી ચેન્ન શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પરંતુ પાશ્ચાત્ય કોઈ સંશોધકે એનો સાચો પર્યાય ન સમજી શકવાથી जिन એવું રૂપાંતર કરેલું કે જેને પાછળના મોટા ભાગના લેખકો અનુસર્યા છે. વસ્તુતઃ ચીની ગ્રંથોમાં ટિપ્પણની અંદર ચેન્નનો આપેલો (Given) એવો અર્થ કર-

ધર્મકીર્તિ, શીલભદ્ર,……પ્રજ્ઞાગુપ્ત……અંતિમ (અર્વાચીન) સમયમાં આવા મનુષ્યો હતા." ઇત્સિંગે અહીં જે પ્રજ્ઞાગુપ્તનો ઉલ્લેખ કર્યો છે તે જ પ્રજ્ઞાકરગુપ્ત હશે એવી સંભાવના છે. આ રીતે હુએન-ત્સાગે ધર્મકીર્તિનો ઉલ્લેખ ન કર્યો હોવાથી અને ઇત્સિંગે ઉલ્લેખ કર્યો હોવાથી ધર્મકીર્તિનો વિકાસકાલ સં. ૭૦૨ થી ૭૪૮ સુધીમાં વચમાં હશે, એમ માનવામા આવે છે. પ્રજ્ઞાકરગુપ્તનો સમય પણ એ અરસામા જ હોવાનો સંભવ છે

ઉપલબ્ધ વાર્તિકાલંકારમાં ઘણે સ્થળે અશુદ્ધિ પણ જોવામાં આવે છે. કેટલેક સ્થળે શબ્દો પડી ગયા હશે એમ પણ લાગે છે. ટિબેટન અનુવાદ સાથે મેળવતાં પાઠભેદ પણ ઘણે સ્થળે હોવાનો સંભવ છે. આથી મલયગિરિમહારાજે ઉદ્ધૃત કરેલા પાઠો સાથે ભેદ જોવામાં આવે ત્યાં આવું જ કંઇક કારણ છે—એમ સમજી લેવું. કેટલેક સ્થળે મલયગિરિ મહારાજે પ્રસંગાનુરૂપ પરિવર્તન કર્યું હોય તો બનવાજોગ છે—એવો ભાસ થાય છે.

પ્રારંભમા નંદીમલયગિરિવૃત્તિના પત્ર-પૃષ્ઠાંક, પછી સાક્ષિપાઠ, પછી [ ] આવાં ચતુષ્કોણ કોષ્ઠકમા મૂલ સ્થાન એવો ક્રમ રાખ્યો છે. જ્યાં મૂલસ્થાન નથી જડ્યું ત્યાં કોષ્ઠક ખાલી રાખવામાં આવ્યું છે.

સાક્ષિપાઠોના મૂલસ્થાનો શોધવાના મહત્ત્વને જાણનારા-માનનારા વાચકો આ પ્રયત્નને આવકારશે જ એમાં શંકા નથી આશા છે કે માનનીય મુનિવરો આ પ્રયત્ન પ્રત્યે કૃપાદૃષ્ટિથી જોશે.

साक्षिपाठोनां मूल स्थानो.

नन्दीसूत्रमलयगिरिवृत्ति पृ ३/२ उक्तं च—" यः कर्ता कर्मभेदानां भोक्ता कर्मफलस्य च। संसर्ता परिनिर्वाता स ह्यात्मा नान्यलक्षणः ॥ " [शास्त्रवार्तासमु० श्लोક ॥ ९० ॥]

નં. મ. પૃ ३/२ आह च प्रज्ञाकरगुप्तोऽपि—" [1]रूपान्तरेण यदि तत् तदेवास्तीति मा रटीः। चैतन्यादन्यरूपस्य भावे तद् विद्यते कथम् ॥ " [वा० अलं० पृ. २९४] આ સ્થળે वा० अलं०મા…विज्ञानादन्यरूपस्य…પાઠ છે.

નં. મ. પૃ. ४/१ उक्तं च—" काठिन्याबोधरूपाणि भूतान्यध्यक्षसिद्धितः। चेतना च न तद्रूपा सा कथं तत्फलं भवेत् ॥ " [शास्त्रवार्तासमु० ॥ ४३ ॥

નં. મ. પૃ ४/२ " अन्तराभवदेहोऽपि सूक्ष्मत्वान्नोपलभ्यते। निष्क्रामन् प्रविशन् वापि नाभावोऽनीक्षणादपि ॥ १ ॥ " [वा० अलं० पृ. २११] અહીં वा० अलं०માં स्वच्छत्वान्नो-

વામા આવ્યો છે, આથી તેનો સાચો મૂલશબ્દ दिन्न (–दित्त) જ છે-આ હકીકતનું વિસ્તારપૂર્વક વોટર્સે (On Yvan-Chawang's Travels in India, By Watters. Vol. 11, p. 211. Oxford University) પ્રતિપાદન કર્યું છે. दिन्न એ સંસ્કૃત दत्त શબ્દનું પ્રાકૃત રૂપાંતર છે.

1 અહાથી આરંભીને નં. મ. ६/१ સુધીના બધા જ સાક્ષિપાઠો આવશ્યક મલયગિરિ વૃત્તિમાં પણ છે. જુઓ પૃ. ૩૧૫ થી પૃ. ૩૧૯ ષડ્દર્શનસમુચ્ચયવૃત્તિ વિગેરે બીજા ગ્રંથોમાં પણ આ પૈકી કેટલાંક વચનો છે.

पलभ्यते પાઠ છે, પણ તે અશુદ્ધ છે. કારણ કે આના સમર્થનમાં પ્રજ્ઞાકર જણાવે છે કે—"अन्तराभवदेहो हि स्वच्छतया कर्मसामर्थ्याद्दुपलक्षो योगिमात्रगम्यः स्वप्नशरीरवन्नोपलभ्यते, न तावता तस्याभावः।" અહીં વસ્તુતઃ स्वच्छता अस्मदाद्यनुपलब्धि તથા योगिमात्रगम्यताના કારણ ન હોઈ શકે, सूक्ष्मता જ કારણ હોઈ શકે પ્રાચીન લિપિમા सू એવી રીતે લખાય છે કે ઘણીવાર स्व ની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે અને પછી વાચક લેખકની કલ્પના ભળવાથી स्वदमतुं सूक्ष्म ન કરતા स्वच्छ બનાવી દેવામા આવે છે

पृ. ६ उक्तं च—"शरीराग्रहरूपस्य चेतसः सम्भवो यदा। जन्मादौ देहिनां दृष्ट किं न जन्मान्तरागतिः॥१॥" [वा० अलं० पृ० १६९] वा० अलं०માં किं न देहान्तरागतिः પાઠ છે

નં. મં. પૃ ६ आह च—"अनुमेयेऽस्ति नाध्यक्षमिति कैवाऽत्र दुष्टता?। अध्यक्षस्याऽनुमानस्य विषयो विषयो न हि॥१॥" [वा० अलं० पृ० १७०]॥

उक्तं च—"आग्रहस्तावदभ्यासात् प्रवृत्त उपलभ्यते। अन्यत्राध्यक्षतः साक्षात् ततो देहेऽनुमा न किम्?॥१॥" [वा० अलं० पृ० १७०] वा० अलं०મા "शरीरेऽन्यत्र वाऽध्यक्षात् तत एवाऽनुमा न किम्?।"—આ પ્રમાણે ઉત્તરાર્ધ છે

નં. મ. પૃ ७ उक्त च—"अक्षव्यापारमाश्रित्य भवदक्षजमिष्यते। तद्व्यापारो न तत्रेति कथमक्षभवं भवेत्॥१॥" [वा० अलं० पृ० १५०]

નં० મ० પૃ० ६ आह च-"चेतयन्तो न दृश्यन्ते केश-श्मश्रु-नखादयः। ततस्तेभ्यो मनोज्ञानं भवतीत्यतिसाहसम्॥" [वा० अलं० पृ. १५२] वा० अलं० મા यदा केश-नखादयः। तदा तेभ्यो मनोज्ञानं भवतीति कथं स्थितिः॥ એવો પાઠ છે.

નં० મ०.પૃ० ६ "तेषां समत्वमारोग्यं क्षय-वृद्धी विपर्यये" [ ] इति वचनात्। આ વચન કોઈ વૈદ્યક ગ્રંથનુ હોય તેમ લાગે છે, પણ મલયગિરિ મહારાજે તો અહીં वा० अलं० પૃ १७४ માથી જ ઉદ્ધૃત કર્યું છે તેમા પણ "तेषां विपर्यये" इति वचनात्—આવો જ અક્ષરશઃ પાઠ છે [1]ચરકસંહિતા હુ આખી તપાસી ગયો, પરંતુ તેમા આં વાક્ય નથી. વાગ્ભટવિરચિત अष्टांगहृदयसंहिता મારી પાસે ઉપસ્થિત ન હોવાથી તેમાં છે કે કેમ તે કહી શકાતું નથી.

---

૧ ચરકસંહિતા મુખ્યતયા વૈદ્યકનો ગ્રંથ હોવા છતા પ્રસગે પ્રસગે વૈદ્યકવ્યતિરિક્ત એવી એવી વાતો એમા આવે છે કે જેની આપણને એ ગ્રંથ જોયો ન હોય ત્યાં સુધી કલ્પના પણ ન આવે જ્યારે કેટલાક વર્ષો પહેલા મે વાંચતા તેના ૧ લા સૂત્રસ્થાનના ૨૫ મા અધ્યાયમા ૨૭ મી હરિભદ્રસૂરિ મહારાજની પ્રસિદ્ધ वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितास्तथा। तत्त्वान्त नैव गच्छन्ति तिलपीलकवद्॥१॥ —આ કારિકા જોઈ ત્યારે તો હુ ચકિત જ થઈ ગયો. જો કે તેમા वादान् सप्रतिवादान् हि वदन्तो निश्चितानिव पक्षान्तं॥१॥ આવો પાઠભેદ છે નયચક્ર ટીકામાં ચરકસં૦માંથી ઉધ્ધૃત કરેલા શ્લોકોમાં પણ આવો થોડો પાઠભેદ તો જોવામા આવે છે, વૈદિક ગ્રંથોમાં પાઠભેદો ઘણા મળે છે

• न० म० पृ ९ आह च–" दोषस्योपशमेऽप्यस्ति मरण कस्यचित् पुन । जीवने दोषदुष्टत्वेऽप्येतन्न स्याद् भवन्मते ॥ " [वा० अल० पृ १७४] वा० अल० मा स्याद् व्यवस्थितम् ॥-આવો પાઠ છે

न० म० पृ० ६ " अविकृत्य हि यद्वस्तु य पदार्थो विकार्यते । उपादान न तद् तस्य युक्त गो-गवयादिवत् ॥ " [प्रमाणवार्तिक २ । ६३ ॥]

न० म० पृ० ६ तदुक्तमन्यैरपि–" ज्ञापकत्वाद्धि सम्बन्ध स्वात्मज्ञानमपेक्षते । तेनाऽसौ विद्यमानोऽपि नाऽगृहीत प्रकाशक ' ॥ [ ] આ શ્લોક કયાનો છે એ શોધવાનું છે वा० अल० આખો જોઇ ગયો, પણ નજરે પડયુ નથી

न० म० पृ० १२ " वक्तुरभिप्रेत तु सूचयेयु ।" [ ] તુલના–वक्तुरभिप्रेतत तु वाच सूचयन्ति अविशेषेण नार्थतत्त्वमपि ' [ ] इति कथमविक्रुव । लघीयस्त्रयस्वोपज्ञविवृति ॥ २८ ॥ । यथोक्तम्—' वक्तुरभिप्राय सूचयेयु शब्दा '—मोक्षाकरगुप्तविरचिततर्कभाषा । नान्तरीयकताभावाच्छब्दाना वस्तुभि सह । नार्थसिद्धिस्ततस्ते हि वक्त्रभिप्रायसूचका ॥ १ ॥ —प्रमाणवा० ॥ ३ । २१२ ॥

न० म० पृ० १५ आह च–" ऐश्वर्यस्य समग्रस्य रूपस्य यशसः श्रिय । धर्मस्याऽथ प्रयत्नस्य षण्णा भग इतीङ्गना ॥ १ ॥ " [ ] આને મળતો એક શ્લોક ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशस श्रिय । वैराग्यस्याथ मोक्षस्य षण्णा भग इतीरणा ॥ १ ॥ [विष्णुपुराण ६ । ५ । ७४]–આ પ્રમાણે વિષ્ણુપુરાણમા મળે છે । न० म० १८१ પણ આ શ્લોક ઉદ્ધૃત છે

न० म० पृ० १६ उक्त च स्तुतिकारेण–' सुनिश्चित न परतन्त्रयुक्तिषु स्फुरन्ति या काश्चन सूक्तसम्पद । तवैव ता पूर्वमहार्णवोत्थिता जगत्प्रमाण जिनवाक्यविप्रुष ॥ १ ॥ " [सिद्धसेनदिवाकरप्रणीत द्वात्रिंशिका– १।३०

न० म० पृ० १९ ' सदकारणवन्नित्यम् " [वैशेषिकसूत्र ४।१।१] इति प्रवचन प्रामाण्यात् ।

જીવનનુ ધ્યેય નિ:શંક પોતાની જાતને-આત્માને ઓળખવાનુ છે જ્યા સુધી જીવમાત્ર સાથે આપણે અભેદ અનુભવતા ન શીખીએ ત્યાસુધી આત્માને ઓળખી શકાતો નથી એવા જીવનનો એકંદર સરવાળો એ જ ઇશ્વર એટલે જ આપણા દરેકમા રહેલા ઇશ્વરને ઓળખવો એ જરૂરનુ છે આવુ જ્ઞાન નિ:સીમ, નિ સ્વાર્થ સેવા દ્વારા પ્રાપ્ત થઇ શકે છે

ગાધીજી

પવિત્રાપવિત્રમીમાંસા

લેખકઃ-આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજીમહારાજ.

માનવી માત્રને પવિત્ર વસ્તુ ગમે છે. પવિત્ર, શુદ્ધ, ચોખ્ખું વિગેરે એક જ અર્થને જણાવવાવાળા પર્યાયવાચક શબ્દો છે. ખોરાક-વસ્ત્ર-પાત્ર-મકાન-દેહ અને છેવટે માણસ પણ પવિત્ર હોય તો તેને બધા ચહાય છે. જ્યાંસુધી પવિત્ર વસ્તુ ન મળે ત્યાંસુધી માનવી ગમે તેટલી વસ્તુ મેળવે, વાપરે છતાં તેને અસંતોષ જ રહે છે. માનવી માને છે કે અપવિત્ર-અશુદ્ધ વસ્તુ મેળવવાથી કે વાપરવાથી ધારેલો લાભ મેળવી શકાતો નથી અને પરિણામે નુકશાન કરનારી થાય છે, તેથી માનવી નિરંતર શુદ્ધ વસ્તુના ગવેષક હોય છે છતાં ન મળે તો જીવનના નિર્વાહ માટે અનિચ્છાએ જ અશુદ્ધ વસ્તુનો આદર કરે છે.

જેવી રીતે માનવ જગત વિલાસ-વૈષયિક વાસનાની તૃપ્તિ માટે શુદ્ધ પૌદ્‌ગલિક વસ્તુઓનું અભિલાષી હોય છે તેનાથી અલ્પાંશે પણ વિકાસ માટે પવિત્ર ભાવનાઓનું ચાહનાવાળું હોતું નથી વિકાસ આત્માને આશ્રયીને હોય છે અને વિલાસ અનાત્મ પૌદ્‌ગલિક દેહ આદિને આશ્રયીને હોય છે જો કે તાત્ત્વિક પવિત્રતા તો આત્મામાં જ રહેલી છે. પુદ્‌ગલસ્વરૂપ જડાત્મક વસ્તુઓમાં હોઇ શકતી નથી તેથી આત્મા જ પવિત્ર બની શકે છે, છતાં અનાદિથી વિષયાસક્ત જગતે પૌદ્‌ગલિક વસ્તુઓમાં જ પવિત્રાપવિત્રપણું માન્યું છે, વાસનાધીન માનવી મનગમતી વિષયપોષક અનુકૂળ વસ્તુને પવિત્ર-શુદ્ધ માને છે અને અણગમતી પ્રતિકૂળ વસ્તુને અપવિત્ર માને છે. અર્થાત્ શુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તથા શબ્દવાળી વસ્તુને પવિત્ર અને અશુભ વર્ણાદિ અપવિત્ર માને છે, અને તે પાંચે ઇંદ્રિયોના વિષય તરીકે ઓળખાય છે. વર્ણ આદિ પૌદ્‌ગલિક વસ્તુના ધર્મ છે. શુભ વર્ણાદિના પુદ્‌ગલોની અધિકતાથી વસ્તુ શુદ્ધ-પવિત્ર કહેવાય છે અને અશુભની અધિકતાથી અશુદ્ધ-અપવિત્ર કહેવાય છે. બાકી જડાત્મક વસ્તુઓમાં પવિત્રાપવિત્રપણા જેવું કશુંય હોતું નથી, તોયે સકર્મક જડાધીન આત્મા જડને જ પવિત્રાપવિત્ર માને છે અને પોતાની-આત્માની તાત્ત્વિક પવિત્રતા અજ્ઞાનતાથી વિસરી જઇને તે દેહ, તથા વસ્ત્રાદિની પવિત્રતાથી પોતાને પવિત્ર અને તેની અપવિત્રતાથી પોતાને અપવિત્ર માને છે.

જે પૌદ્‌ગલિક વસ્તુઓમાં પવિત્રાપવિત્રપણું માનવામાં આવે છે તે પુદ્‌ગલો સચેતન અને અચેતન એમ બે પ્રકારના હોય છે. સચેતન પુદ્‌ગલસ્કંધોની રચનાને દેહ-શરીર કહેવામાં આવે છે અને અચેતન એટલે ચેતન રહિત થયેલા દેહસ્વરૂપ પુદ્‌ગલ સ્કંધોને જડ કહેવામાં આવે છે. સંસારવાસી જીવમાત્રને થાવરકાય અને ત્રસકાય એમ બે વિભાગમાં વ્હેંચી નાખ્યા છે. તેમાંથી ત્રસકાયના અચેતન દેહ શબ-મડદું અથવા તો કલેવરના નામથી ઓળખાય છે અને થાવરકાયના નિર્જીવ દેહની જડ સંજ્ઞા છે. એમ તો સચેતન હોય કે અચેતન, દેહ માત્ર જડ કહેવાય છે અને તેને આશ્રયીને જ જડાસક્તિ માનવામાં આવે છે; છતાં જેમ થાવરકાયના બંને પ્રકારના દેહ વિષયપોષક હોઇને આસક્તિ ભાવના સાધક હોય છે તેમ ત્રસકાયના અચેતન દેહ વિષયપોષક હોઇ શકતા નથી તેથી આસક્તિના સાધક નથી, પંચેદ્રિય ત્રસ મનુષ્ય આદિના દેહ તો આસક્તિભાવને બદલે અનાસક્તિભાવના સાધક બને છે તેથી જડાસક્તિમાં પ્રધાનતા થાવરકાયના દેહને આપવામાં આવી છે.

જગતમાં જેને દેહ અથવા તો શરીર કહેવામાં આવે છે તે ઇંદ્રિયોની રચના વિશેષ હોય છે ઇંદ્રિયોની સખ્યા પાંચની છે પાંચે ઇંદ્રિયો જડમાં રહેલા વર્ણાદિ પાંચે ધર્મોનો બોધ કરાવે છે તેથી તે ઇંદ્રિયોના વિષયો કહેવાય છે અને ઇંદ્રિયો વિષયી કહેવાય છે જે દેહ માત્ર સ્પર્શ ઇંદ્રિયનો બનેલો હોય છે તેનો અધિષ્ઠાતા જીવ એકેંદ્રિય કહેવાય છે અને તે સ્થાવર કાયના નામથી ઓળખાય છે, કારણ કે તે જીવોને માત્ર શરીર હોવાથી તેઓ સ્વતં હાલીચાલી શકતા નથી તેમનું જીવનમરણ સ્થિર દેહમાં થાય છે જે દેહમાં સ્પર્શ અને રસન બે ઇંદ્રિયો હોય છે તેવા દેહવાળો જીવ બેઇંદ્રિય, સ્પર્શ-રસન-ઘ્રાણવાળો તેંદ્રિય, સ્પર્શ-રસન-ઘ્રાણ-ચક્ષુવાળો ચતુરેંદ્રિય અને સ્પર્શ-રસન-ઘ્રાણ-ચક્ષુ તથા શ્રોત્ર ઇંદ્રિયવાળો જીવ પંચેંદ્રિય કહેવાય છે બે ઇંદ્રિયથી લઇને પાંચ ઇંદ્રિય સુધીના જીવો સ્વતં હાલવાચાલવાવાળા હોવાથી ત્રસકાય કહેવાય છે પ્રત્યેકના દેહની રચના ભિન્નભિન્ન પ્રકારની હોય છે, કારણ કે તેમના અવયવોની આકૃતિ ભેદ હોવાથી શરીરમાં પણ અસદશતા હોય છે માનવ દેહની આકૃતિમાં ભેદ હોતો નથી એક સરખા અવયવોવાળા હોવાથી એક માનવીને ઓળખવાથી માનવી માત્ર ઓળખી શકાય છે પણ એક ઇંદ્રિયથી લઇને પાંચ ઇંદ્રિય સુધીના તિર્યંચોમાં સરખી ઇંદ્રિયવાળા એક તિર્યંચનું શરીર જોઇને ઓળખવાથી તેટલી ઇંદ્રિયવાળા બધાય જીવોની ઓળખાણ થઇ શકતી નથી, કારણ કે સરખી ઇંદ્રિયવાળા એક જાતિના તિર્યંચોમાં અનેક પ્રકારના દેહની રચના ભિન્ન હોવાથી તેમના નામો પણ જુદા હોય છે જેમકે શખ-જળો અળશિયા-કરમીઆ આદિ બેઇંદ્રિયવાળા છે છતાં બધાયના દેહની આકૃતિ ભિન્ન હોવાથી એક શખ માત્રની ઓળખાણ કરવાથી બધીય બેઇંદ્રિય જાતિ ઓળખી શકાય નહિ આવી જ રીતે ત્રણ-ચાર અને પાંચ ઇંદ્રિયવાળા તિર્યંચોમાં પણ એક જ જાતિમાં ભિન્ન આકૃતિવાળા દેહ ધારણ કરવાથી આ કઇ જાતિના તથા શું નામવાળા છે તેને અન્પજ્ઞો જાણી શકે નહિ મો-નાક-આંખ તથા કાન આ ચાર ઇંદ્રિયો તો ફક્ત પાંચ ઇંદ્રિયવાળા જીવોના દેહમાં જ હોય છે, બાકીના ચાર-ત્રણ-બે અને એક ઇંદ્રિયવાળા જીવોમાં કાનથી લઇને મો સુધીમાં એક એક ઇંદ્રિય ઓછી થતી જાય છે, પણ સ્પર્શ ઇંદ્રિય તો એક ઇંદ્રિયથી લઇને પાંચ ઇંદ્રિય સુધીના જીવોને હોય છે જેને દેહ અથવા તો શરીર કહેવામાં આવે છે તે મુખ્યત્વે કરીને સ્પર્શ ઇંદ્રિયને આશ્રયીને હોવાથી એકેંદ્રિય જીવોને પણ દેહ હોય છે.

આ પ્રમાણે સંસારવાસી જીવ માત્ર દેહધારી છે છતાં મળ, મૂત્ર, રુધિર માંસ આદિ સાત ધાતુથી બનેલો માનવ દેહ જેટલો અપવિત્ર છે તેટલો તેવા જ મળ, મૂત્રાદિ સાત ધાતુથી બનેલો પશુ-પક્ષિ આદિ તિર્યંચોનો દેહ અપવિત્ર નથી અને સ્થાવરકાય કે જેને માત્ર સ્પર્શ ઇંદ્રિય હોય છે એવા એકેંદ્રિય પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને વનસ્પતિના દેહ તો અપવિત્ર હોતા જ નથી એટલું જ નહિ પણ બે ઇંદ્રિય આદિ ત્રસકાયના જીવોના દેહને પોષનાર તથા તેમને જીવવામાં અદ્વિતીય સાધનભૂત હોઇને તેમના દેહની શુદ્ધિ-પવિત્રતાનું કારણ બને છે તાત્પર્ય કે-સ્થાવરકાય પૃથ્વી આદિનો દેહ પોતે પવિત્ર છે એટલે બીજાને પવિત્ર બનાવે છે અને ત્રસકાય બેઇંદ્રિય આદિનો દેહ પોતે અપવિત્ર હોવાથી પવિત્ર વસ્તુને પણ અપવિત્ર બનાવે છે, માટે જડાત્મક પૌદ્ગલિક વસ્તુઓમાં પવિત્રાપવિત્રપણું સચેતન અથવા તો અચેતન શરીરને આશ્રયીને મનાય છે પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગથી પવિત્ર વસ્તુ અપવિત્ર અને અપવિત્ર વસ્તુ પવિત્ર બને છે માનવી દેહ તથા વસ્ત્ર આદિની શુદ્ધિ-પવિત્રતા માટે માટી તથા પાણીનો ઉપયોગ કરે છે, પાણી આદિના સંસર્ગથી દેહ તથા વસ્ત્ર આદિ પવિત્ર બને છે અને મલિન દેહ આદિના સંસર્ગથી પાણી આદિ અપવિત્ર બને છે આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે-માનવ દેહ અત્યંત અપવિત્ર છે વસ્ત્રાદિ વનસ્પતિકાયનો દેહ છે અને તે પવિત્ર હોવા છતાં પણ માનવીના દેહ તથા તેના મળ આદિ

અશુચિના સંસર્ગથી અપવિત્ર બને છે. તેને પાણી સ્વચ્છ-પવિત્ર બનાવે છે તે ફરીને માનવ દેહના સંસર્ગમાં ન આવે તો અપવિત્ર બની શકતો નથી કારણ કે થાવરકાય મૂળથી જ પવિત્ર હોય છે તેથી મળાદિના સંયોગથી થયેલી અપવિત્રતા દૂર થયા પછી પાછું સંયોગ સિવાય અપવિત્ર બની શકે નહિં, પણ માનવ દેહ કે જે મૂળથી જ અપવિત્ર છે તેને પાણી આદિથી ગમે તેટલો પવિત્ર બનાવવામાં આવે તોયે તે ક્ષણવાર પવિત્ર રહીને પાછો પોતાની અપવિત્ર મૂળ અવસ્થામાં આવી જાય છે. વિષ્ટાથી ભરેલી કપડાની કોથળી પાણીથી ધોવાથી સ્વચ્છ-પવિત્ર બની શકે તો જ માનવ દેહ સ્નાન કરવાથી પવિત્ર-સ્વચ્છ થઇ શકે. સ્નાનથી દેહની ક્ષણિક શુદ્ધિ માનવામાં આવી છે તે માત્ર દેહ ઉપર રહેલી મળાદિ અશુચિ પાણીથી ધોવાઇને દૂર થાય છે તેને આશ્રયીને જ છે, બાકી તો દેહમાં રહેલા મળાદિના ઝરવાથી તે પાછો અપવિત્ર બની જાય છે. ફળ-જળ-અન્નાદિ તથા દૂધ-દહિં-મિષ્ટાન્ન આદિ શુદ્ધ વસ્તુઓ માનવી ખોરાક તરીકે વાપરે છે તે જઠરમાં જઇને દેહનો સંસર્ગ થતાની સાથે જ મળ મૂત્રાદિના રૂપમાં પરિણમી જઇને અપવિત્ર બને છે કે જે મળ મૂત્રાદિના સંસર્ગથી જે પવિત્ર વસ્તુ હોય છે તે પણ અપવિત્ર બની જાય છે. તેને માટી, પાણી, અગ્નિ અને વાયુરૂપ થાવરકાયના દેહથી પવિત્ર બનાવવામાં આવે છે. માનવીના મળ મૂત્રથી અપવિત્ર બનેલી ભૂમિને પવિત્ર બનાવવાને માટે પશુનાં મળ મૂત્રાદિ વાપરવામાં આવે છે અર્થાત્ ગાય આદિનો પેશાબ છાંટીને તથા છાણથી લીંપીને જમીનશુદ્ધિ કરવામાં આવે છે. પવિત્ર ધાર્મિક ક્રિયાઓ કે જેમાં માનવીઓને દેહ તથા વસ્ત્રાદિની સંપૂર્ણ શુદ્ધિ જાળવવાની હોય છે તેમાં પણ ગોમૂત્રને પવિત્ર માની વાપરવામાં આવે છે.

ઉપર પ્રમાણે જડાત્મક પૌદ્‌ગલિક-પવિત્રાપવિત્રપણાનો વિચાર કરતાં સંસારી જીવ માત્રમાં માનવ દેહ જ સૌથી વધારે અપવિત્ર હોઇ શકે છે. માનવી વ્યવહારમાં બ્રાહ્મણ તથા ચાંડાલ આદિ ઊંચ નીચ જાતિથી કેમ ન ઓળખાતો હોય, સુંદર આકૃતિવાળો, રૂપાળો કે કુરૂપ, કુબડો અને બેડોળ કેમ ન હોય પણ માનવ જાતિમાં કોઇપણ પ્રકારનો ભેદ ન હોવાથી માનવી માત્રનુ શરીર એક સરખી રીતે અપવિત્ર હોય છે. બ્રાહ્મણ પવિત્ર અને ચાંડાળ અપવિત્ર એમ કહેનાર વસ્તુસ્થિતિથી અજાણ્યા છે, કારણ કે મળ મૂત્રાદિ સાત ધાતુથી બનેલું શરીર કર્મ પરત્વે કલ્પેલી જાતિથી પવિત્ર બની શકતું નથી, પુદ્‌ગલાનંદી જડાસક્ત દેહદૃષ્ટિ માનવી કર્મ પરત્વે કલ્પિત ઊંચ નીચ જાતિને આશ્રયીને જો માનવ દેહમાં પવિત્રાપવિત્રપણાનો ભેદ જોતો હોય તો તે ભૂલે છે. સંસારમાં મનુષ્ય ગતિને આશ્રયીને એક માનવ જાતિ જે અનાદિથી નિર્માણ થયેલી છે તેમાં કોઇપણ કાળે પરિવર્તન થયું નથી તેમજ થવાનું પણ નથી અર્થાત્ અનાદિ કાળથી જ માનવ દેહ મળ મૂત્રાદિ સાત ધાતુથી બનતો આવ્યો છે અને બનશે તેથી માનવ જાતિમાં ફેરફાર થવાનો નથી; પરંતુ કલ્પિત બ્રાહ્મણ આદિ ઊંચ-નીચ જાતિમાં કાળક્રમે કરીને પરિવર્તન થતુ આવ્યું છે અને થશે. અત્યારે મનુષ્યની ભિન્નભિન્ન જેટલી જાતિયો જણાય છે તેનો વિચાર કરીએ તો સંખ્યાતા કાળ પહેલાં જૈન દૃષ્ટિએ બધાયના વડવા યુગલિઆ હતા અને તે એક માનવી જાતિથી જ ઓળખાતા હતા. ત્યારપછી કાળક્રમે કરીને એક જ માનવ જાતિ કલ્પિત અનેક જાતિઓમાં બદલાતી આવી છે અને બદલાશે. અત્યારે જે આર્ય દેખાય છે, સેંકડો વર્ષ પહેલા તેમના વડવાઓ અનાર્ય હતા અને જે અનાર્ય દેખાય છે તેમના વડવા આર્ય હતા. આવી માનવીઓની કલ્પિત તથા અનિયમિત જાતિઓથી માનવ દેહમાં પવિત્રાપવિત્રપણાની કલ્પના કરવી વ્યર્થ છે, કારણ કે ગમે તે કાળે, ગમે તેવી જાતિમાં માનવ દેહ તો અપવિત્ર જ રહેવાનો. પાણી આદિથી જે માનવ દેહની પવિત્રતા માની ગઇ છે તે મળમૂત્રાદિથી બહારથી ખરડાયેલા શરીરને ધોઇ નાખવાથી દેહમાં મળાદિ રહેવા છતાં પણ ક્ષણિક શુદ્ધિ વ્યવહારથી જ છે અને તે પણ નાક,

કાન તથા મોના અંદરનો ભાગ ધોવાતો નથી માટે તે દેશશુદ્ધિ કહેવાય છે

પાણી આદિ થાવરકાયની પવિત્રતાની સિદ્ધિમાં એક બીજુ પણ કારણ જાણવા મળે છે પ્રભુપૂજા આદિ પવિત્ર ધાર્મિક કાર્યોમાં પાણી, અગ્નિ, વનસ્પતિ તથા માટી આદિનો ઉપયોગ કરવામા આવે છે પુષ્પ-જળ-ચંદન આદિથી પ્રભુની અંગપૂજા કરાય છે ધૂપ-દીપમાં અગ્નિ વપરાય છે, તાત્પર્ય કે પ્રભુની અષ્ટપ્રકારી પૂજામા સચેતન તથા અચેતન થાવરકાયના દેહ વપરાય છે તેથી થાવરકાયના દેહમાં અપવિત્રતા હોઇ શકતી નથી ત્રસકાયના દેહના સંસર્ગ સિવાય નિરતર પવિત્ર જ રહી શકે છે

બહિરાત્મદશા ભોગવતા પુદ્ગલાનંદી જીવો ઉપર બતાવ્યા પ્રમાણે જડ વસ્તુઓમા પવિત્રાપવિત્રપણુ માને છે તેમા પણ વ્યવહારથી રૂઢ થયેલી પવિત્રાપવિત્રતાને પ્રધાનતા આપે છે પણ બુદ્ધિપૂર્વક ઉચિતાનુચિતપણાનો વિચાર કરતા નથી તેથી વ્યવહારિક પવિત્રાપવિત્રપણાનો પોતે સાચો બોધ કરી શક્તા નથી અને વિષયાસક્તિના દબાણથી અપવિત્રને પણ પવિત્ર માની બનવટી આનંદ તથા સુખમાં મગ્ન રહે છે, ત્યારે અંતરાત્મ દશામાં વિચરતા મહાપુરુષો તાત્વિક દૃષ્ટિથી જોનારા હોવાથી આત્માને જ પવિત્ર માની તેને અપવિત્રતાથી બચાવવાને માટે જડાત્મક વસ્તુઓના સંસર્ગથી મુક્ત હોય છે, અર્થાત્ અપવિત્ર પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગ કરીને વિષય-કષાયથી આત્માને અભડાવી અપવિત્ર બનાવતા નથી અને આત્માની તત્ત્વિક પવિત્રતા પ્રગટ કરવા પર સ્વરૂપથી નિવૃત્ત થઇને આત્મસ્વરૂપમા રમણુતા કરે છે. આત્મા સ્વરૂપથી તો ત્રણે કાળમા પવિત્ર જ છે પણ પુદ્ગલસ્વરૂપ કર્મના સંસર્ગને લઇને અપવિત્ર મનાય છે, તે તાત્વિક નથી, માત્ર વ્યવહાર દૃષ્ટિથી જ હોઇ શકે છે. પૌદ્ગલિક વસ્તુ સ્વરૂપથી જ અપવિત્ર છે, કારણ કે તે પવિત્ર સ્વરૂપ આત્માને પોતાની અપવિત્રતાથી અભડાવીને તેના સ્વરૂપને કલંકિત કરે છે જો કે જડાત્મક દેહાદિ સ્વરૂપથી અપવિત્ર છે છતાં વિકાસી આત્માના સંસર્ગથી પવિત્ર મનાય છે તીર્થંકરો તથા લબ્ધિધારી અન્ય મહાપુરુષોના શરીર તથા તેમના સંસર્ગમા આવેલી અન્ય જડાત્મક વસ્તુઓ પવિત્ર બનીને માનવીઓને આત્મવિકાસનુ સાધન બની શકે છે તીર્થંકરોના શરીર સામાન્ય માણુસો કરતા ભિન્ન પ્રકારનાં હોય છે. એટલે કે તેમનુ શરીર તો મળમૂત્રાદિ ધંતુથી જ બનેલુ હોય છે પણ તેમના રુધિર, માસ, ગાયના દૂધ જેવાં ધોળા હોય છે, શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધી હોય છે અને મળમૂત્રાદિમાં દુર્ગંધ હોતી નથી લબ્ધિધારી મહાપુરુષોના શરીર પવિત્ર હોય છે કારણ કે તેમના કફ-શ્લેષ્મ-મળમૂત્રાદિ દુર્ગંધ વગરના હોઇને માનવીઓના અનેક પ્રકારના રોગોને મટાડનારા બતાવ્યા છે આ પ્રમાણે દેહાદિ જડ વસ્તુ અપવિત્ર હોવા છતા પવિત્ર આત્માના સંસર્ગથી વ્યવહારથી પવિત્ર કહેવાય છે, અને એટલા માટે જ સંયમી-મહાવ્રતધારી મહાપુરુષોને પ્રભુમંદિર જેવા પવિત્ર સ્થળોમાં જવાને માટે અથવા તો ધાર્મિક પવિત્ર ક્રિયાઓ આદરવામા સ્નાનની કે વસ્ત્રશુદ્ધિરૂપ બાહ્ય શુદ્ધિની આવશ્યકતા હોતી નથી, કારણ કે મહાવ્રતધારી-વિકાસી મહાપુરુષોનો આત્મા કષાય-વિષયથી અભડાયેલો હોતો નથી તેથી એવા મહાપુરુષોના દેહ તથા વસ્ત્ર શુદ્ધ હોય છે આત્મવિકાસ માટે દેહ તથા વસ્ત્ર શુદ્ધિ કરતાં અધ્યવસાય શુદ્ધિની અત્યાવશ્યકતા છે અને રાગ-દ્વેષની મંદતા સિવાય હોઇ શકે નહિ, જે મંદતા સંયમી મહાપુરુષોમાં સ્વભાવથી જ હોય છે મનિનાર બી ગૃહસ્થોમા પ્રાય તેનો અભાવ હોવાથી તેમને દેહ તથા વસ્ત્રાદિની શુદ્ધિની ખાસ જરૂરત રહે છે, દેહાદિની શુદ્ધિવાળા ગૃહસ્થે પણ પ્રભુપૂજા આદિ પવિત્ર ધાર્મિક કાર્યોમા કષાય-વિષયના મલિન અધ્યવસાયથી આત્મા અભડાઇને અપવિત્ર ન બને તેની કાળજી રાખવી જોઇએ, માત્ર દેહાદિની બાહ્ય શુદ્ધિથી આત્મવિકાસ સાધી શકાતો નથી એટલુ જ નહિ પણ પુન્ય કર્મથી પણ વંચિત રહેવાય છે

માત્ર દેહશુદ્ધિથી આત્મા શુદ્ધ થતો નથી તેમજ દેહ અભડાવવાથી આત્મા અભડાતો નથી, પણ કષાય–વિષયથી આત્મા અભડાય છે અને આત્મા અભડાવવાથી માનેલી દેહશુદ્ધિ આત્મશુદ્ધિ માટે નિરર્થક છે, કારણ કે તેનાથી અધ્યવસાયની શુદ્ધિ થતી નથી.

જે થાવરકાયને પવિત્ર માની માનવી આદિ ત્રસકાયના દેહાદિની પવિત્રતાનું કારણ માનવામાં આવે છે તે માત્ર વ્યવહારથી હોવાથી અતાત્વિક છે. નહિં તો પૌદ્ગલિક વસ્તુ માત્ર અપવિત્ર હોવાથી તેમના દેહ પણ પવિત્ર હોઇ શકે નહિં કારણ કે તે જડસ્વરૂપ કર્મનો વિકાર છે. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરવાથી સમજાય છે કે જે વસ્તુ મૂળથી જ અપવિત્ર હોય તેનું કાર્ય પણ અપવિત્ર જ હોય છે પણ એક પવિત્ર અને બીજું અપવિત્ર એમ ભેદ સ્વભાવ સંભવી શકે નહિં. કર્મના વિકારરૂપ માનવી આદિ ત્રસકાયના દેહ અપવિત્ર અને પૃથ્વી આદિ થાવરકાયના દેહ પવિત્ર એમ એક જ કારણના ભિન્ન ભિન્ન બે કાર્ય હોઇ શકે નહિં. કારણનું ફળ કાર્ય થાય છે. ઉપાદાન કારણના સ્વભાવથી પણ ભિન્ન સ્વભાવવાળુ કાર્ય થાય નહિં, માટીનો ઘડો બની શકે પણ વસ્ત્ર બને નહિં અને કપાસ રનું વસ્ત્ર બને પણ ઘડો બને નહિં અર્થાત્ પાણી આદિ ધારણ કરવાનો તથા રસોઈ બનાવી આપવાનો સ્વભાવ માટીના વાસણનો હોય છે અને શરીર ઢાંકવાનો તથા શરદી આદિથી બચાવવાનો કે કોઇપણ વસ્તુનું પોટલું બાંધવાનો સ્વભાવ વસ્ત્રનો હોય છે. આ પ્રમાણે ભિન્ન સ્વભાવવાળા કારણ હોવાથી કાર્ય પણ ભિન્ન સ્વભાવવાળા છે પણ એક જ સ્વભાવવાળા કારણથી ભિન્ન સ્વભાવવાળાને કાર્ય હોઇ શકતા નથી માટે આત્મા મૂળથી જ પવિત્ર સ્વભાવવાળો છે તેથી તેનું કાર્ય માત્ર પવિત્ર જ હોઇ શકે છે અને પુદ્ગલ સ્વભાવથી જ અપવિત્ર છે માટે તેનું કાર્ય પણ અપવિત્ર જ હોય છે. માત્ર વ્યવહારથી જ પવિત્ર આત્મામાં અપવિત્રપણું અને અપવિત્ર પુદ્ગળ સ્કંધોમાં પવિત્રપણું માનવામાં આવે છે એટલા માટે જ સંસારની દૃષ્ટિથી વ્યવહારને પણ પ્રધાનતા આપવામાં આવી છે.

તાત્વિક નિશ્ચય દૃષ્ટિથી આત્મા પવિત્ર હોવાથી કર્મ સંયોગને લઇને વ્યવહારથી અપવિત્ર હોવા છતાં પણ તે પવિત્ર બની શકે છે; કારણ કે જે પવિત્ર સ્વરૂપ હોય છે તે જ પવિત્ર બની શકે છે પણ સ્વરૂપથી જે અપવિત્ર હોય તે પવિત્ર બની શકતું નથી. તેથી આત્મામાં પવિત્રતા આવતી નથી પણ તપ–સંયમ–દ્વારા રાગાદિ મળ દૂર થવાથી થતી પવિત્રતા પ્રગટ થાય છે. જ્યાં સુધી આત્મા ઉપરનો રાગાદિ મળ ધોવામાં નહિ આવે ત્યાં સુધી શરીરનો મેલ પાણીથી ગમે તેટલો ધોવામાં આવે તેથી કાંઇ આત્માની પવિત્રતા પ્રગટ થાય નહિં જેમકે મૂળથી જ શ્વેત કપડા ઉપર ચીકાસ લાગવાથી રજ ચોંટીને મેલું થાય છે તેને પાણીથી ગમે તેટલું ધોવામાં આવે તોયે તે ધોળું બની શકતું નથી; કારણ કે શ્વેત કપડામાંના તાંતણામાં વળગેલી ચીકાસ જ્યાંસુધી શિથિલ થાય નહિં ત્યાંસુધી માત્ર પાણીથી ધોવાથી ચોંટેલી રજ મૂળથી છૂટી પડતી નથી; કારણ કે રજનો સંબંધ ચીકાસની સાથે છે પણ કપડાની સાથે નથી એટલે રજ દૂર કરવાને માટે પ્રથમ ચીકાસ કાઢવાની જરૂર છે, તે સિવાય તો કપડુ ઊજળું બની શકે નહિ તેથી ધોબી લોકો કપડુ ઊજળું બનાવવા પ્રથમ ચીકાસ કાઢવાને માટે ભઠ્ઠી કરીને કપડામાં રહેલી ચીકાસને શિથિલ બનાવે છે. પછી નદી આદિના બહોળા પાણીમાં કપડાને ધોઇને ઊજળું બનાવે છે. તેવી જ રીતે આત્મપ્રદેશોમાં રહેલી રાગ–દ્વેષની ચીકાસની શિથિલતારૂપ સમ્યકત્વ (સમ્યગ્જ્ઞાનાદિ) પ્રાપ્ત કર્યા સિવાય કર્મ–રજ કાઢવાને કરવામાં આવતી બાહ્ય શુદ્ધિ અથવા તો જપ–તપ આદિ બાહ્ય ક્રિયાઓની કર્મ રજ દૂર થઇને આત્મા વિકાસી–પવિત્ર બની શકતો નથી, પણ આવી પ્રવૃત્તિઓથી તો પુન્ય કર્મ-સ્વરૂપ રજનો સંગ્રહ કરી શકે છે કે જેથી આત્મ-સ્વરૂપ ઢાંકવાથી પવિત્રતા પ્રગટ થવાને બદલે ઢંકાઇ

ન્યાય રત્નાવલી.

(૧૩)

લેખક—મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

अङ्गुल्यग्रे हस्तियूथशतमास्ते ॥ १३ ॥

"આગળીના ટેરવા ઉપર હાથીના સો ટોળા રહે છે!" એવુ કોઇ કહે તો માનવામા ન આવે, એવુ વાક્ય પ્રમાણભૂત ન કહેવાય જ્યા આગળી ઉપર એક હાથીનુ રહેવુ પણ અસભવિત છે ત્યા હાથીનુ ટોળુ ને તે પણ એક નહિ, સો એ બને જ કેમ ? આવા અસભવિત બનાવો કહેનાર પણ પ્રમાણિક ન કહેવાય ઉપરનો ન્યાય, પ્રામાણિક વિચારોમા અન્યનુ કથન અપ્રમાણિક સિદ્ધ કરવુ હોય ત્યારે વપરાય છે

આ ન્યાય એક ગપ્પા જેવો છે જેમ કેટલાએક માણસોને ઠડા પહોરના ગપ્પા મારવાની આદત હોય છે, તેવુ આ એક ગપ્પુ છે

ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, આવો ગપ્પીજી,
બાર હાથનુ ચીભડુ, ને તેર હાથનુ બી.
એના જેવુ આ છે

* * *

બીજા શાસ્ત્રોની જેમ ગપ્પ શાસ્ત્ર પણ નાનુંસૂનું નથી. સૌથી વિશાળ અને વ્યાપક કોઇ શાસ્ત્ર હોય તો તે ગપ્પનુ છે ભાગ્યે જ કોઇ એવો હશે કે જેને એ શાસ્ત્રનો પરિચય નહિ થયો હોય

ગપ્પ શાસ્ત્રમા જેણે સારું સ્થાન મેળવ્યુ છે એવી લોકપ્રચલિત એક કથા છે—ટૂકમા તે આ પ્રમાણે છે

એક મલ્લ હતો મલ્લ જેવો તેવો નહિ પણ

જાય છે કર્મ શુભ હોય કે અશુભ, પણ તે પુદ્ગલસ્વરૂપ હોવાથી આત્મશુદ્ધિને મલિન બનાવે છે કારણ કે તે પવિત્ર આત્મધર્મથી ભિન્ન ધર્મવાળા હોવાથી વિજાતીય છે માટે આત્માની પવિત્રતાના બાધક છે તેથી જન્મ–મરણની વૃદ્ધિ થાય છે એટલે આત્મા શાશ્વત જીવન મેળવી પરમ પવિત્ર સિદ્ધાત્માની પક્તિમા ભળી શકતો નથી માટે ધાર્મિક પ્રવૃત્તિઓમા દેહ તથા વસ્ત્રાદિની માત્ર બાહ્ય શુદ્ધિ કરવા કરતા રાગ દ્વેષનો મળ આત્મા ઉપરથી કાઢવાને માટે સમ્યગ્જ્ઞાનરૂપ પાણી વાપરીને અધ્યવસાય શુદ્ધ કરવાની અત્યાવશ્યકતા છે પૂજા આદિ ધાર્મિક પ્રવૃત્તિઓમા રાગ–દ્વેષજન્ય મલિન અધ્યવસાયથી આત્મા અભડાય નહિ તેની પૂરતી કાળજી રાખવી જોઇએ કે જેથી આત્મ–પવિત્રતા પ્રગટ થવામાં કોઇપણ બાધ આવી શકે જ નહિ

ઉપર પ્રમાણે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં સસારમા આત્મા સિવાય વસ્તુ માત્ર અપવિત્ર છે જે અપવિત્ર હોવા છતાં પવિત્ર કહેવાય છે તે પ્રગટ પવિત્ર સ્વરૂપવાળા આત્માના સસર્ગનો જ પ્રભાવ છે, બાકી તો જે સ્વરૂપથી પવિત્ર છે તે વિજાતીયના સસર્ગને લઇને અપવિત્ર કહેવાય પણ તેનુ પવિત્ર સ્વરૂપ નષ્ટ ન થવાથી પરિણામે તેની પવિત્રતા પ્રગટ થાય જ છે અને જે જડાત્મક વસ્તુ સ્વરૂપથી જ અપવિત્ર છે તેનુ પરિણામે અપવિત્રપણુ પ્રગટ થયા સિવાય રહેતુ નથી માટે વિભાવસ્વરૂપ માનવ દેહધારી આત્માએ પોતાની સાચી પવિત્રતા પ્રગટ કરવાને માટે રાગ–દ્વેષનો મેલ ધોઇ નાખવા અધ્યવસાય પવિત્ર રાખવાની આવશ્યકતા છે

જયમલ્લ. ભલભલાને છક્કડ ખવરાવે એવો, દેશદેશાવરમાં ફરેલો, દેશ દેશના મલ્લોને હરાવેલા-જિતેલા. જિતેલા એટલું જ નહિં પણ ઈનામો-બક્ષીસો મેળવેલી. દરેક રાજ્યે તેની કુસ્તિની કદર કરી હતી ને સોનાનું નાનું પુતળું ભેટ આપ્યું હતું. એવા તો તે મલ્લે એક બે નહિં પણ પચાસ સુવર્ણ મલ્લો એકઠા કર્યા હતા.

એકદા તે ઉજ્જૈનમાં આવી ચડ્યો. રાજાને કહ્યું કે-મને હરાવે તેવો કોઇ મલ્લ આપો, નહિં તો સોનાનું પુતળું આપો.

ઉજ્જૈની જેવી તેવી નગરી ન હતી પ્રતાપી રાજાઓની પાટનગરી હતી. પોતાના રાજ્યમા એવો એકે મલ્લ ન નીકળે તો તેની નામોશી ગણાય. એમ તો રાજ્યમાં સેંકડો મલ્લો હતા, પણ બધા દંડ બેઠકીયા. કોઇ આવેલા મલ્લની સરસાઇ કરે એવો નહિં. કેટલાક તો આ મલ્લનું નામ સાંભળીને જ ડરી ગએલા પણ હવે થાય શું ?

રાજ્ય તરફથી ઘણી જાહેરાતો થઈ પણ કોઈ આ મલ્લ સાથે દાવપેચમાં ઊતરવા તૈયાર ન થયું.

એ રાજ્યમાં એક તેલી રહે, શરીરે અલમસ્ત. ખોળ ખાય ને ઘાણી ચલાવે રાખે તેનું નામ ગાંગો તેલી. તેની સ્ત્રીનું નામ ગાંગલી. ગાંગલી ઘાંચણ અને ગાંગો તેલી એની જોડ ઉજ્જૈનમાં તો શું પણ જગતમાં જડવી મુશ્કેલ.

રાજ્યના કુનેહબાજ પુરુષોએ યુક્તિ અજમાવીને કહ્યુ કે-અમારા પહેલવાનો તો દૂર રહ્યા પણ અહિંના એક બળદની ઘાણી ચલાવતા તેલીને પણ તમે જીતી ન શકો.'

સ્વાભિમાની મલ્લને ચટપટી લાગી તે તો એકદમ રાજસભામાંથી ઊઠ્યો ને ગયો ઘાંચણને ઘેર. પૂછ્યું કે ગાંગો તેલી ક્યાં છે ? ઘાંચણે કહ્યું કે-બળતણ ખૂટ્યું છે તે પચાસ ગાડા લઇને જંગલમાં લાકડા લેવા ગયા છે શેટલા વખતે આવી જશે, આવો-બેસો. પણ મલ્લને બેસવું નહોતું. તે ગયો જંગલને માર્ગે. દૂર દૂરથી જોયું તો ખભા ઉપર ગાડાની ધોંસરી ભરાવીને લહેરથી પચાસે લાકડાના ભરેલા ગાડાને ખેંચી લાવતો ને ગીત લલકારતો ગાંગો ચાલ્યો આવતો હતો. નજીક પહોંચતા મલ્લે ખોંખારો ખાધો જબરા ખોંખારાથી ગાંગાએ સામો જવાબ વાળ્યો. બન્ને મળ્યા ને મલ્લે કુસ્તી લડી લેવાનો વિચાર દર્શાવ્યો ગાંગો કહે પણ અહિં હાર્યા જીત્યાનો સાક્ષી કોણ ?

એટલામાં એક ભરવાડણ દૂધ વેચવા માટે ઉજ્જૈની જતી હતી તે ત્યાં આવી પહોંચી. તેણે પોતાના માથા ઉપર ત્રણ ત્રણ મણ દૂધ માય એવી સાત હેલ ચડાવી હતી.

બન્ને જણે તેને રોકીને કહ્યુ કે-આ અમારી મલ્લ કુસ્તી જો ને હારે જીતે તેની સાક્ષી બન. ભરવાડણે કહ્યું—મારે એવો સમય નથી. જો તમારે કુસ્તી કરવી હોય તો આવી જાઓ મારી હથેળી ઉપર અને આ ગાડાની ધોંસરી સોંપી દો મારા બીજા હાથમાં. એમ કહીને તેણે હાથ લંબાવ્યો.

બન્ને જણા હથેળીના મેદાનમાં દાવપેચ ખેલવા લાગ્યા. એટલામાં પવનની એક ડમરી ચડી આવી. એ વાવંટોળમાં ભરવાડણ, મલ્લ, ગાંગો ને ગાડાં બધુંય જાય ઊડયું.

* * *

દૂર દૂર એક જબરું રાજ્ય હતું. ત્યાં વિશાલોદર મહારાજા રાજ્ય કરતા હતા. તેમને ગિરિનયના નામે પટરાણી હતા.

એક દિવસ મહારાણી ગગનપ્રાસાદની અગાસીમાં ચડીને દુનિયાની અજાયબી જોઇ રહ્યા હતા તેવામા તેમની આંખમાં કાંઇક પડ્યું. મહારાણી આખ ચોળવા લાગ્યા આખમાં

પડેલાં કણાને કાઢવા માટે સેંકડો વૈદ્યોને બોલાવવામાં આવ્યા પણ કાંઇ વળ્યું નહિં. મહારાણીને પીડા થતી હતી પીડા નજીવી હતી પણ મહારાણી એવી નજીવી પીડાને સહન કરે તો મહારાણી શાની?

કોઇની હેન નહોતી કે મહારાણીની એ પીડા શમાવી શકે. ગામમાં એક જ ખાડીલાયો એના માથાનો હતો. તે હતો અજબ ટીખળી હજામ છેવટે તેને બોલાવવામા આવ્યો ને તે આવ્યો પણ એક શરતે કે આંખમાથી જે કાંઇ નીકળે તે મારું.

મહારાણીની આંખમાથી જોતજોતામા હજામે કણુ 'કાઢયું'–નીકળવામાં બીજું કાંઇ ન હતુ એ તો પેલા બાવ ટોળામા ઊડેલા મલ્લ, તેલી, ભરવાડણુ ને ગાડા હતા

નીકળતાની સાથે ભરવાડણુ વગેરેએ રસ્તો પકડયો પણ હજામ એમ ને એમ બધાને જવા દે એવો કયા હતો? તેણે બધોય સામાન લઇ લીધો ને પછી છૂટા કર્યા. પોતાની આ બહાદૂરી લોકોને જણાવવા એણે ગાડાઓનુ લોઢું અને સાત હેલનુ તાબુ પીત્તળ એકઠુ કરી એક સુદર ચીપીયો નાકના વાળ તોડવા માટે બનાવ્યો ને તેના ઉપર પુતળાના સોનાની ઘુઘરીઓ લટકાવી

આ પ્રસંગ પછી એ ઘુઘરીઆળો હજામ કહેવાવા લાગ્યો.

* * *

હજામ એક દિવસ મહારાજા સાહેબની હજામત કરતો હતો. હજામત કર્યા બાદ નાકના વાળ લેવા પોતાનો માનીતો ચીપીયો કાઢયો. વાળ લેવા જ્યાં ચીપીયો નાક આગળ ધર્યો ત્યા રાજા સાહેબે શ્વાસ ઊંચો લીધો જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય નહિ તેમ હજામના હાથમાંથી ચીપીયો છૂટી પડયો ને નાકમાં ચડી ગયો હવે શું થાય? પોતાની મગરૂરીનું અપૂર્વ ઓજાર આમ ચાલ્યુ જાય તે આ ટીખળી હજામથી કેમ સહેવાય?

તેણે રાજા સાહેબને વિનવ્યા. રાજાએ કહ્યું-ભાઇ હું શું કરું? તું જરા નાક આગળ ઊભો રહે. હું શ્વાસ લઉં એટલે અદર જઇને શોધી લેજે

હજામ ઊભો રહ્યો રાજાએ શ્વાસ ઊંચો ચડાવ્યો ને હજામ ચડી ગયો નાકમાં ને ત્યાથી જઇ પહોંચ્યો વિશાળકાય પેટમા

પેટમા દિવસોના દિવસો સુધી હજામે શોધ ચલાવી પણ કાંઈ પત્તો ન ખાધો.

ફરતા ફરતા એક દિવસ ત્યાં તેને લક્ષ્મેવ રબારીનો ભેટો થઇ ગયો. લક્ષ્મેવ રબારી પાસે લાખ ઘેટા હતા લોકો તેને લખમસી કહીને બોલાવતા.

હજામે પૂછયુ—ભાઇ લખમસી તું અહિં કયાથી?

રબારીએ કહ્યુ કે હું અહિં મહારાજાના મહેલની આજુના જગલમાં મારા ઘેટાં ચરાવતો હતો તેવામાં રાજા સાહેબે બગાસું ખાધું ને ઘેટા ગુમ મેં રાજા સાહેબને ફરિયાદ કરી.

રાજા સાહેબે કહ્યુ—જોઇ લે મારા પેટમા. હું પેટમાં પેઠો. આજ છ-છ મહિનાથી શોધ કરું છું પણ કાંઇ પત્તો લાગતો નથી.

ઠીક થયું તું આવી ચડ્યો, મને કાંઇ અહિં ચેન પડતું નહોતુ. હવે તો બહાર નીકળવાનો ય રસ્તો નથી. પણ તુ અહિં કેમ આવ્યો તે તો કહે. રબારીએ હજામને પૂછયું.

હજામે પોતાની વાત જણાવી,

બન્ને એક પથ્થર પર વિસામો ખાવા બેઠા હજામે ચૂંગી ને તમાકુ કાઢી. બે ચકમકીયા પથ્થરથી અગ્નિ પાડ્યો. બન્ને ચૂંગી પીવા લાગ્યા

રાજાનું પેટ ધુમાડાથી ભરાઇ ગયું. ધીરે ધીરે ધુમાડાના ગોટે ગોટા ઉપર ચડ્યા. ગીતના ભૂંગળામાંથી નીકળે તેમ નાકના નસકોરામાંથી ધુમાડો બહાર નીકળવા લાગ્યો.

તમાકુના ધુમાડાએ રાજાના નાકમાં સળવળાટ કર્યો.

રાજાએ જોરથી છીંક ખાધી ને બધું બહાર નીકળી પડ્યું.

* * *

વાત જરા લાંબી થઇ ગઇ, પણ એ તો ગપ્પ. ગપ્પ શાસ્ત્રરૂપી સમુદ્રનું આ તો નાનું બિંદુ છે.

ગપ્પ શાસ્ત્રનું બીજું નામ છે ' કપોલપુરાણ ' એ પુરાણના ૩૨ અધ્યાયો છે. એક એક અધ્યાય એવડો મોટો છે કે તેનો પાર જ આવે નહિ.

ઇશ્વરને માટે જેમ કહેવાય છે કે—

असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे,
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं,
तदपि तव गुणानामीश ! पारं न याति ॥

અર્થ—નીલગિરિ જેટલું કાજળ સમુદ્રરૂપી વાસણમાં ભરીને, કલ્પવૃક્ષની ડાળની કલમ બનાવીને પૃથ્વીરૂપી કાગળ ઉપર સાક્ષાત્ સરસ્વતી પણ જો સર્વદા લખે તો પણ હે ઇશ્વર! તારા ગુણોના પારને ન પામે!

તે પ્રમાણે આ શાસ્ત્ર માટે પણ કહી શકાય કે—

सकलगिरिसमं स्यात्, कज्जलं विश्वपात्रे,
तरुवरगणशाखा लेखिनी भूमिपत्रे।
सततमखिललोकाश्चेल्लिखन्तीह यत्ना-
स्तदपि नहि समर्था लेखितुं तव पुराणम् ॥

અર્થ—સકલ પર્વતો જેટલું કાજળ વિશ્વરૂપી વાસણમાં ભરીને પૃથ્વીરૂપી પત્ર ઉપર વૃક્ષ માત્રની ડાળીઓની કલમોથી બધા લોકો પ્રબલ પ્રયત્નપૂર્વક સતત લખ્યા કરે તો પણ ગપ્પ પુરાણનો પાર પામવાને સમર્થ ન બને. બસ, અહિં એ ગપ્પ પુરાણને આપણે પૂરું કરીએ.

* * *

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજીએ ' ધૂર્તાખ્યાન ' નામે ગ્રન્થ રચ્યો છે. ગપ્પશાસ્ત્રની સત્ય સમજ લેવી હોય તો આ ગ્રન્થ વાંચવા લાલાયણ છે.

આપણો ન્યાય એવો જ છે.

સારા સારા ગ્રન્થકારોએ એ ન્યાયને જ ઉપયોગમાં લીધો છે

વિવરણપ્રમેયસંગ્રહમાં કહ્યું છે કે—

" अत्र केचिच्चोदयन्ति-व्यर्थोऽयं व्युत्पत्तिनिरूपण-प्रयासः। शब्दस्यार्थसंस्पर्शित्वात्। न ह्यङ्गुल्यग्रे हस्तियूथशतमास्ते इत्यादि शब्दैः कश्चिदर्थः प्रमीयते। यत्राप्तवाक्ये प्रमीयते तत्रापि मानान्तरनिबन्धना सा प्रमितिर्न शब्दनिबन्धना ॥

અહિં વિવરણાચાર્ય શબ્દ અને અર્થને કોઇ સંબન્ધ નથી એ હકીકતની પુષ્ટિમાં આ ન્યાયનો ઉપયોગ કરે છે.

ચિત્સુખીમા પણ આ ન્યાયનો પ્રયોગ કરતા આપ્ત અને અનાપ્તની મીમાંસા કરી છે.

તે ગ્રન્થ આ પ્રમાણે છે.

" आप्तोदीरितवाक्येषु, मालतीमाधवादिषु ॥
व्यभिचारा न तद्युक्त-माप्तत्वस्यानिश्चितेः ॥२२॥

स्वकपोलकल्पितमालतीमाधवादिवाक्येषु प्रामाण्याभावादतिव्याप्तिः। नहि पुराण एव सन्नाटकनाटिकादिप्रबन्धविरचनमात्रेणाप्तो भवति भवभूति। उक्तं चैतदुम्बकेन ॥ यद्यपि

कश्चिदुपदिशति न त्वयाऽननुभूतार्थविषयं वाक्यं प्रयोक्तव्यम् ।

" यथाऽङ्गुल्यग्रे हस्तियूथशतमास्ते " इति ॥

तत्त्वार्थव्यभिचारः स्फुटः ॥

ખંડનખાદ્યમાં શ્રી હર્ષ આ ન્યાયને થોડા શબ્દફેરથી મૂકે છે—" अङ्गुल्यग्रे करिशतं विहरति ॥ "

આ જ જાતનો બીજો ન્યાયપ્રયોગ તર્કશાસ્ત્રમાં આવે છે તે આ પ્રમાણે—

मम कर्णकुहरं प्रविश्य सिंहः क्रीडति ।

(મારા કાનની ગુફામાં પેસીને સિંહ રમે છે)

આત્મતત્ત્વવિવેકમાં ઉદયનાચાર્યે પણ પૂર્વોક્ત ન્યાય વાપર્યો છે. તે આ—

मम कर्णे प्रविश्य गजो गर्जति भेषजमुच्यताम् ।

(મારા કાનમાં પેસીને હાથી શરડો પાડે છે! દવા બતાવો)

એમ જુદા જુદા ગ્રન્થોમાં આ ન્યાયનો પ્રચાર સારો છે.

* * *

આ ન્યાયથી એ સમજવાનું છે કે વિશ્વમાં શબ્દ વ્યવહાર બે પ્રકારના ચાલે છે. એક અર્થને અનુસરતા એટલે સત્ય અને બીજા નિરર્થક–અસત્ય. સમજુ માણસે પોતે સત્ય અર્થના પ્રતિપાદક શબ્દ વ્યવહાર કરવા અને એવા જ શાસ્ત્રોને પ્રમાણભૂત માનવા.

અસત્ય અર્થને જણાવનારા શબ્દને સાંભળવા પણ નહિ; બીજાને વારવા કે મિથ્યા શબ્દ વ્યવહાર બંધ કરો. શબ્દના પુદ્ગલો નકામા નથી–જેમ આવે તેમ ફેંકે ન રાખો. વિશ્વ સમજે કે ન સમજે પણ પોતે કહી છૂટવું. બાકી તો એવી હકીકતોથી અઢારે પુરાણો ઠાંસી ઠાંસીને ભર્યા છે. કોણ કોને રોકી શકે છે? સર્વેના હૃદયમાં સત્ય વસો.

સભા, વૃદ્ધ, ધર્મ અને સત્યનું યથાર્થ સ્વરૂપ

न सा सभा यत्र न सन्ति वृद्धा न ते वृद्धा ये न वदन्ति धर्मम् ।
नासौ धर्मो यत्र न सत्यमस्ति न तत् सत्यं यच्छलेनाभ्युपेतम् ॥

જે સભામાં વૃદ્ધ (અનુભવી વિચારશીલ પુરુષ) ન હોય તે સભા સભા નથી; જે વૃદ્ધ ધર્મનો ઉપદેશ નથી કરતો તે વૃદ્ધ જ નથી; જે ધર્મમાં સત્ય નથી તે ધર્મ જ નથી, અને જે સત્ય છળથી યુક્ત છે તે સત્ય જ નથી.

(મહાભારત, ઉદ્યોગ પર્વ)

ધર્મ-કૌશલ્ય.

(૫૭)

Charitable—સખાવતી.

પરોપકારી થવું કઠણ છે પણ એ ખૂબ લાભકારી છે.

નં. ૬. જેના હૃદયમાં ધર્મ વસી ગયો હોય તેને પરોપકાર કરવો, ઉદારતા દાખવવી, વચન ક્રિયા કે વિચારથી દાન કરવું, પોતાની પાસે શક્તિ, ધન, આવડત કે ઐશ્વર્ય હોય તેનો ઉપયોગ પારકા માટે કરવો એ સાહજિક બની જાય છે. જ્યારે ખરી ધર્મની જમાવટ થઇ હોય ત્યારે તો એની અસ્થિમજ્જામાં ધર્મ માટે તરવરાટ થઇ ગયો હોય છે. એને પછી સખાવતી થવાનું કહેવાની, ભલામણ કરવાની કે પ્રેરણા કરવાની જરૂર રહેતી નથી. એ ધનની અસ્થિરતા સમજે છે, એ અહીંનો વસવાટ ટૂંકો છે એ જાણે છે, એ સગપણ સંબંધ અને મેળાપની અસ્થિરતા જાણે છે અને એ શક્તિનો કે ધનનો ઉપયોગ બીજાના ઉત્કર્ષ કે વિકાસમાં કરવામાં રસ લે છે અને એની સાર્થકતા પરોપકારના ઉપયોગમાં જ સમજે છે.

બાકી ઘણા માણસો એટલા બધા કંજુસ અને દુર્બળ હોય છે કે એને પારકા માટે ધનનો કે વખતનો ઉપયોગ કરવામાં પણ સંકોચ થાય છે. એ દાન આપવામાં હાથને લંબાવી શકતો નથી, એ પારકા માટે ધનવ્યય કરવામાં પોતે ગરીબ થઇ જશે એમ માને છે. એ ધનના ઢગલા જોઇને આનંદે છે અને એના મનની દશા ચમડી તૂટે પણ દમડી ન તૂટે એવી હોય છે. કોઇ એને સખાવત કરવાનો કે મનની વિશાળતા રાખવાનો ઉપદેશ આપે ત્યારે એ એને કડવો ઝેર જેવો લાગે છે અને એની પાસે કોઇ ખરડો લઇને જાય ત્યારે એ અનેક બ્હાનાં કાઢી પોતાની ઉદારતા દાખવી શકતો નથી. આવા માણસો માખીની જેમ મધ ભેગું કરે છે, ખાતા નથી, ખાવા દેતા નથી અને આખરે સર્વ અહીં મૂકી ઉઘાડે હાથે ચાલ્યા જાય છે.

પણ હૃદયથી ધર્મ વૃત્તિવાળા પ્રાણીઓ તો જ્યારે પોતાની શક્તિ કે મિલકતનો ઉપયોગ પરને માટે થાય ત્યારે પોતાની જાતને તેટલા પૂરતી કૃતાર્થ માને છે. એને દ્રવ્ય કે આવડતનો ઉપયોગ પરને માટે થાય તેમાં ભારે મોજ આવે છે, એ મોટા અન્નનાં સત્રો કે વિદ્યાધામો નીરખી આનંદ માને છે અને પોતાને એવો ધન વ્યય કરવા ક્યારે તક મળશે? એવી ભાવના કરે છે. એને ખાત્રી હોય છે કે મોટા ધનપતિ ચાલ્યા ગયા તેની સાથે લક્ષ્મી ગઇ નથી.

ઉદાર દિલના થવું, સખાવતી માનસ રાખવું, સમાજ કે જનતાની આફત વખતે પોતાના ભંડારો ખુલ્લા મૂકી દેવા એ મુશ્કેલ કામ છે, પણ એવું ખમીર કરી દેવું, એવો સ્વભાવ પાડી દેવો અને સેવામાં જીવન ગાળવાની સખાવતી વૃત્તિ રાખવી એ ખેલદીલી બતાવે છે, એવા પરોપજીવી માણસો પોતાનું કામ કાઢી લે છે, દેશને દોરવણી આપે છે અને સમાજને દાખલારૂપ નીવડે છે. મનને એવું બનાવી દેવું જોઇએ કે એ પારકાનું દુઃખ જુએ કે રડવા લાગી જાય, એ જરૂરીઆત જુએ ત્યાં ઘરનાં ભાતાં બાંધીને સેવા માટે ઊતરી જાય, એ દુકાળ, જળપ્રલય કે મહામારીના પ્રસંગે પોતાની જાતને ભૂલી જઇ, સેવામાં ઝુકાવી દે અને તેમ કરવામાં રાત કે દિવસ ન ગણે, ભૂખ કે તરસ ન ગણે, એ બીજાં કામ ભૂલી જાય અને એને પરની સેવાનું વ્યસન પડી જાય. આવી વિશાળતા, ઉદારતા, મહાનુભાવતા આવવી મુશ્કેલ છે, પણ આત્મવિકાસ માટે જરૂરી છે, લાભકારી છે, મહાકલ્યાણકારી છે. સજ્જન પુરુષની સમૃદ્ધિ પરોપકાર માટે જ હોય. એમાં ગોટાળાને, દેખાદેખીને, ખાધસને સ્થાન ન હોય. સ્વભાવસિદ્ધ મહાનતાના ગૌરવ અનોખાં જ હોય છે.

No. 6 It is difficult to be charitable, but it pays to do so.

Thoughts of the Great.

(૫૮)

Success appropriating વિજયને ખમી ખાવો.

વિજયને પચાવવો—એ આકરી છતાં હિતકારી વાત છે.

ન ૭. પોતાની ધારણા પ્રમાણે સફળતા ન મળે, બાજી ઊંધી પડી જાય, નફાનો વેપાર ખોટમાં આવી પડે, સગાંસ્નેહીનું મરણ થાય પરીક્ષાનું પરિણામ ઊલટું આવે ત્યારે માણસ કકળાટ કરવા લાગી જાય છે એને જાણે દુનિયા આખી પોતાની સામે સંપ કરીને હેરાન કરવા મંડી ગઇ હોય અને જાણે એક પછી એક ખરખરાના સમાચારની હાર મંડાણી હોય એમ જ લાગે છે એવે વખતે એને કોઇ દિલાસો કે ઉપદેશ આપે ત્યારે એને જરા ધીરજ કે આશ્વાસન મળે છે, પણ સંકટ સમયે મનની સ્થિરતા રાખવી બહુ આકરી પડે છે જ્યારે એક તરફ નુકસાનીના સમાચાર એક પછી એક આવ્યા કરતા હોય, ઘરમાં ખાવાનું ઠેકાણું ન હોય છોકરાઓના અભ્યાસને અટકાવવો પડ્યો હોય, તેવે વખતે મનની સ્થિરતા રાખવી ભારે મુશ્કેલ પડે, છતાં ખમીરવાળા માણસો આફતના પ્રસંગોમાં ધક્કા ઝીલે છે, આફતથી દબાઇ ન જતાં તેનો સામનો કરે છે અને પડતા આખડતા પણ ખડા થઇ જાય છે આફત વખતે માણસની કસોટી થાય છે એ ખરી વાત છે છતાં આપત્તિ વખતે પોતાનું વર્ચસ્વ જાળવી રાખનારા અને પડતાં પડતાં પણ ઊભા થઇ જનારા માણસો જોવામાં આવે છે જેના સંસ્કારી હૃદયમાં ધર્મવાસના જામી ગઇ હોય છે તે ગમે તેવા આકરા બનાવો વખતે પણ પોતાની જાત પરના કાબૂ ખોઇ નાખતા નથી દુઃખમાં કે ત્રાસમાં દબાઇ જતા નથી, પાટું ઉપર પાટું પડે તો પણ હડભર થઇ જતા નથી આવા માણસો અવલોકન કરતા મળે છે અને તેમને ટેકો ધર્મનો હોય છે એ બારીક અવલોકનને અંગે આપણને સમજાય છે

પણ ફત્તેહના ડંકા વાગતા હોય અભિનંદનના તારો આવતા હોય, વિજયના દુંદુભી વાગતા હોય જાહેર સભામાં ધન્યવાદ મળતા હોય, હારતોરાના ઢગલા થતા હોય, વધામણાં આપનારની હાર લાગી હોય ત્યારે વિજયને પચાવવો એ ભારે આકરી વાત છે આમાં દેખીતો વિરોધ લાગે તેવી વાત છે, પણ તે બરાબર સાચી વાત છે વિજય વખતે માણસ ઘેલો થઇ જાય છે, ફત્તેહ મળે એટલે એ સાતમે આસમાને ચઢી જાય છે, લોકોની પ્રશંસા સાંભળી એ અંતે પોતામાં પણ કાંઇક છે એમ માનતો બની જાય છે ' મેં મારી ફરજ ઉપરાંત કાંઇ કર્યું નથી ' અથવા ' હું તો સામાન્ય અદનો આદમી છું, ' એમ બોલતાં બોલતાં એને અંદર ગલીપચી થાય છે અને પોતાનું જીવન ધન્ય છે, પોતે ચાલુ જનતાથી વધારે છે, એમ એને અંદર ઊંડે ઊંડે લાગવા મંડી જાય છે વિજય પચાવવો મુશ્કેલ છે ડંકો વાગે ત્યારે ડોકને ખરેખર નમાવવી કે કાન આડા હાથ દેવા મુશ્કેલ છે મીઠી ખુશામત, બહારની પ્રશંસા કે બિરૂદાવલીની ગાથા ખમી ખાવી ઘણી આકરી છે એ તો જીવનને સમજનાર, રસ્તો ઓળખનાર, સ્વપરનો વિવેચક શાણો વિવેકી હોય તો વિજયને પચાવી શકે, આત્મધર્મને સમજનાર પોતાનું સ્થાન જાણી લે બાકી શિખરે ચઢેલો માલૂમ ત્યાંથી આગળ તો ક્યાં જાય ?—એટલે ધાત એ હાથે જ વહોરી લે. પણ વિજયને પચાવવાની ધર્મ બુદ્ધિ હૃદયમાં જાગતી રાખનાર ખરો ધર્મપ્રિય છે, સાચો નરપુંગવ છે વિકાસ માર્ગે અવિચ્છિન્ન પ્રયાણ કરનાર સાચો યોદ્ધો છે એમ સમજવું' વિજય કાચો પારો છે, એને જીરવવા માટે સાથે માત્રાનો મેળ જોઇએ સાચા ધર્મપ્રિયને એ આવડે ત્યાં ધર્મનું મૂલ્ય છે મૌક્તિક

No 7 It is difficult to endure success but it pays to do so

Thoughts of the Great

આત્મસાધના.

લેખક:—અમરચંદ માવજી શાહ

(ગતાંક પૃષ્ઠ ૧૦૫ થી શરૂ)

૨૪ હું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું, મારો સર્વત્ર અભેદ પ્રેમ પ્રવર્તે છે, હું આત્મસ્વભાવમાં સ્થિર થઇ શાંતિ અનુભવું છું, હું જ્ઞાન સ્વરૂપ છું, તેમા મને પૂર્ણ શ્રદ્ધા છે, મારી તેમાં અખંડ સ્થિરતા હો.

૨૫ મારા આંતર પરિણામો દ્રવ્ય–ભાવથી અહિંસામય હો, મારા મન, વચન, કાયાના યોગો સંયમમય હો, મારામાં પરભાવ પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષ રહિતપણું હો.

૨૬ શાંત સુધારસથી તૃપ્ત થયેલું મન આત્મામાં લીનતા કરી ત્રિવિધ તાપને શમાવવારૂપ તપ કરે છે. પરભાવ પરદ્રવ્યની ઇચ્છાથી તૃષ્ણાથી અનાસક્ત થઇ આત્મ સંતુષ્ટતા પ્રાપ્ત કરે છે.

૨૭ હૃદયકમળ દયા ભાવમા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને મધ્યસ્થતાવડે સ્થિરતા પ્રાપ્ત કરી શાંતિ અનુભવે છે.

૨૮ બાહ્ય દૃષ્ટિવડે પરભાવ પરદ્રવ્યની વૃત્તિઓના સંકલ્પવિકલ્પોના ઝંઝાવાતથી બચવા એ વૃત્તિઓને ઉપશમાવી એને સ્વપ્રજ્ઞાવડે પર જાણી નિર્વિકલ્પ જ્ઞાતા દ્રષ્ટાભાવે સ્વભાવમાં આત્માનંદ અનુભવું છું.

૨૯ આત્માના ઉપયોગમાં સદાય જાગ્રત રહી વિવેકની પ્રજ્ઞાવડે આત્માના અખંડ આનંદમા, અભેદ પ્રેમમાં, અપૂર્વ શાંતિમાં સ્થિર રહી આત્મઉદ્ધાર કરવા સાધના કરું છું.

૩૦ આત્મજ્ઞાનની પ્રાપ્તિવડે સમતાભાવમાં સ્થિર રહી કર્મના આશ્રવોને સંવરવડે ઉપશમાવી પૂર્વકૃત કર્મની સમયે સમયે નિર્જરા કરતો શુદ્ધ થવારૂપ પરમ પુરુષાર્થ જાગ્રત રહો.

૩૧ સંયમમાં દૃઢ રહું, તપમાં નિશ્ચળ રહું, સંયમથી સંવર કરું, તપથી નિર્જરા કરું અને જ્ઞાન ઘન જ્ઞાયક પ્રકાશિત કરું.

૩૨ અમનસ્ક માર્ગથી નિર્વિકલ્પ ધ્યાન કરું, વિકલ્પ રહિત મૌન પ્રાપ્ત કરું, દર્શન શુદ્ધ કરી સવિકલ્પ આત્મજ્ઞાનનું ધ્યાન કરી જ્ઞાન પ્રાપ્ત કરું અને જ્ઞાનમાં સ્થિરતાનાં ઉપયોગવડે ચારિત્રની સિદ્ધિ કરું.

૩૩ નિશ્ચિંતતા રાખું, નિઃશંકતા રાખું, નિર્ભયતા રાખું, અને નિર્મળ, નિરંજન, નિર્વિકલ્પ, આત્મસ્વરૂપનો અગમ્ય આનંદ પ્રાપ્ત કરું.

૩૪ ત્રણે કાળમાં હું એક અખંડ આત્મદ્રવ્ય છું, ગમે તે સ્થિતિ કે સંજોગોમાં, પર્યાયના પરિવર્તનમાં પણ હું તો હું જ છું. ભૂતકાળમાં હું હતો, વર્તમાનમાં છુ, ભવિષ્યકાળમાં પણ હું જ હોઇશ. ત્રણે કાળને જાણવાવાળો અને આત્મદ્રવ્યરૂપે સળંગ રહેવાવાળો હું જ છું, આથી હું ભૂત ભવિષ્યનાં વિકલ્પોથી રહિત થઇ નિશ્ચિંતપણે આત્માનંદમાં રહું, આત્મવીર્યમાં, આત્માનાં અતુલ બળમાં વિશ્વાસ હોઇ હું નિઃશંકતાથી રહું. અજર અમર શાશ્વત હોવાથી, છેદ્યો છેદાઉં નહિં, ભેદ્યો ભેદાઉં નહિં, સ્વરૂપથી ચલિત થાઉં નહિં એવો શાશ્વત હોવાથી નિર્ભય છું.

૩૫ મને કોઇપણ જીવાત્માઓ પ્રત્યે દ્વેષ–ભાવ ન હો, મને કોઇપણ બાબતનો મનમાં ખેદ ન રહો. મારામાં સદાય નિર્ભયતા પ્રવર્તો. હું પૂર્ણ સ્વરૂપ શુદ્ધ આત્મા નિશ્ચયથી છું, વ્યવસ્થાએ કર્મોનાં લીધે અશુદ્ધ થયેલો છું, પણ તે એકાંતે નથી. અશુદ્ધમાંથી

પવિત્ર જીવનનું રહસ્ય

અનુ૦ અભ્યાસી.

જે વ્યક્તિ એમ જાણે છે કે પ્રભુ સત્કાર્યોથી પ્રસન્ન થાય છે અને પ્રભુની પ્રસન્નતાના હેતુથી હમેશાં સત્કાર્યોમાં દત્તચિત્ત રહે છે તેનો પ્રયત્ન સાચો પ્રયત્ન કહેવાય છે જેને સત્કાર્ય વહાલુ છે, સદ્‌ગુણોને જે આદરની દૃષ્ટિથી જુએ છે, તેને પોતાનો આદર્શ માને છે, તેને ધારણ કરે છે, તેના વિચાર ઉન્નત અને પવિત્ર થઇ રહ્યા છે એમ સમજી લેવુ જોઈએ એથી ઊલટુ જે વ્યક્તિ સત્કાર્યો તથા તે કરનાર તરફ ધૃણાની દૃષ્ટિથી જુએ છે, તેઓની પ્રત્યે ગુસ્સે થાય છે, સદ્‌ગુણોને ગ્રહણ કરવાથી વિરક્ત રહે છે અથવા કદિ ગ્રહણ કરવાનો યત્ન કરે છે તો તે કેવળ કોઇ શુદ્ર સ્વાર્થ સાધન માટે કે કીર્તિ અને પ્રશંસા માટે જ કરે છે તો તે બહુ જ નીચે પડી ગયેલ છે એમ સમજવુ એનાથી પવિત્રતા ઘણી જ દૂર છે જ્યાં સુધી તે ખરા હૃદયથી પોતાની ઉન્નતિની ઈચ્છા રાખીને સદ્‌ગુણોને અપનાવતા નહિ

શુદ્ધ થવાની સોના ને માટીની જેમ મારા આત્મામાં યોગ્યતા છે

૩૬ શ્રદ્ધા રાખી શુદ્ધિ કરતાં જાઓ અને દૃઢ રહો વિજય તમારો જ છે. આ જગતમા પુરુષાર્થ વડે પ્રાપ્ત કરવાં યોગ્ય પરમ આત્મસ્વરૂપ છે એ પુરુષાર્થ બાહ્ય દૃષ્ટિએ અવળો છે અને સમ્યગ્‌દૃષ્ટિએ સવળો છે વિભાવને બદલે સ્વભાવ તરફ વૃત્તિ વાળી તેમાં મગ્ન થઈ સ્થિરતા કરવાનો છે પરથી પોતાને જુદો જાણી પરમાત્મા બનવાનો પરમ પુરુષાર્થ કરો

૩૭ નિવૃત્તિમાં કે પ્રવૃત્તિમા, ઘરમા કે બહાર, સુખમાં કે દુ ખમાં સર્વ સમયે આત્મ ઉપયોગમાં જાગ્રત રહી, પરિણામોમાં વિષમતા ન આવે તે રીતે પ્રવર્તન કરો, અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરો એટલે શુભ તો સહજ થાય જ એ શુભ અને અશુભ બન્ને વૃત્તિઓ પાપ-પુન્યરૂપ આશ્રવની છે. અને તેનુ પરિણામ શાતા અશાતારૂપ છે, પરતુ શુદ્ધ થવા માટે તો શુદ્ધ એવા સ્વરૂપને જ્ઞાનમાં જાણી તેમા સ્થિરતા જેટલી વધતી જાય તેટલી સકામ નિર્જરા થાય.

૩૮ મારો વ્યવહાર, પરમાર્થમય સત્ય, ન્યાય અને નીતિપૂર્વક હો મારૂ નિશ્ચયનુ લક્ષ જાગ્રત રાખી તેને પ્રાપ્ત કરવારૂપ વ્યવહાર યોગોદ્વારા કરી પરભવ, પરદ્રવ્ય પ્રત્યે ઉદાસીનતા પ્રાપ્ત કરી, આત્માના આનદનો અનુભવ કરુ

૩૯ ક્ષમા, નમ્રતા, સરળતા અને સતોષવડે કષાયભાવનો નાશ કરુ. સર્વ જીવો પ્રત્યે આત્મદૃષ્ટિથી દેખી તેના કર્મનાં પર્યાયોની ઉપેક્ષા કરી રાગ દ્વેષ રહિતપણે તેનાં અપરાધોની ક્ષમા કરું સર્વ આત્માઓ નિશ્ચય દૃષ્ટિએ સમાન હોઇ નમ્રતા ધરુ સર્વ જીવો મોહથી માયામાં અટવાઇ ગયા છે, તેમા આત્મદૃષ્ટિએ સર્વને સરખાં ગણી સરળતા સેવુ આત્મા જ સર્વ રિદ્ધિસિદ્ધિથી પરિપૂર્ણ આનદપૂર્ણ છે એટલે પરમાથી ગ્રહણ ત્યાગ કરવા રૂપ કાંઇ નહિ રહેવાથી પૂર્ણ આત્મસતોષ અને અનંત શાંતિમાં રહુ.

૪૦ હુ મહાવીરનો પુત્ર છુ, હુ વીર પુત્ર છુ, મારામાં વીરતુ ક્ષાત્રતેજ પ્રકાશે છે, મારો મહાવીર અનંતવીર્ય ફેરવી અમર બન્યો છે, હુ પણ એ માર્ગે આત્મવીર્ય ફેરવી એ મહાન સામ્રાજ્ય જે પછી કોઇથી પરાભવ પામે તેવુ નથી એવુ આત્મશાસન પ્રાપ્ત કરવા સાધના કરું છુ —(ચાલુ)

શીખે, સત્કાર્યોમાં ભાગ લેવાનો બોધ નહિ ગ્રહણ કરે ત્યાંસુધી તેના વિચાર પવિત્ર થઇ શકતા નથી

એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી અવગુણ અને અપવિત્રતાનો ઘનિષ્ટ સંબંધ છે એને અને પવિત્રતાને તીવ્ર વિરોધ છે જ્યાં એક હોય છે ત્યાં બીજું ટકી શકતું નથી સત્ય અને અસત્ય એક જ સ્થાને ન રહી શકે, તેથી જ સત્કર્મો અને સદ્‌ગુણગ્રહણ કરીને તમારું કલ્યાણ કરો પવિત્ર વિચાર વાળાનું મન સર્વથા પવિત્ર હોય છે તેની અંદર ગંદી વાસનાઓ તથા ઘૃણિત વિષયો માટે સ્થાન જ નથી હોતું. જેનું મન તેને વશ રહે છે તે સહેલી વાત નથી કહ્યું છે કે 'जितं जगत्केन ? मनो हि येन' જેણે મન જીત્યું તેણે સંસારને જીતી લીધો મહાન તપસ્યાને પરિણામે જ મન ઉપર વિજય મેળવી શકાય છે, પરંતુ પુરુષાર્થીને માટે સંસારમાં કોઈ કાર્ય અશક્ય કે અસંભવિત નથી

શ્રીકૃષ્ણ જ્યારે અર્જુનને સ્થિતપ્રજ્ઞના લક્ષણ સમજાવવાનો પ્રારંભ કરે છે ત્યારે સૌથી પહેલું તે કહે છે કે–

प्रजहाति यदा कामान्
 सर्वान् पार्थ ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः
 स्थितप्रज्ञस्तदोच्यते ॥

'હે પાર્થ, જે વ્યક્તિ હૃદયમાં ઉપસ્થિત થનારી બધી કામનાઓનો પરિત્યાગ કરીને આત્માથી જ આત્મામાં સંતુષ્ટ રહે છે તેને સ્થિતપ્રજ્ઞ કહેવામાં આવે છે અને

ये हि संस्पर्शजा भोगा
 दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय
 न तेषु रमते बुधः ॥

'સાંસારિક ભોગમાં પ્રાપ્ત થનારો આનંદ સ્થાયી આનંદ નથી, ક્ષણિક છે અને તે સાથે દુઃખદાયક પણ છે તેને આદિ છે અને અંત પણ છે બુદ્ધિમાન લોકો એવા અશાશ્વત ભોગોમાં રમતા નથી તેઓ જાણે છે કે તેમાં રમણ કરવું એ ભારે મૂર્ખતા છે, તેથી જ તેઓ ભૂલેચૂકે પણ તેની અંદર ફસાતા નથી '

જે માણસ સઘળી ઇચ્છાઓને છોડી દે છે, ભોગોથી પૂરેપૂરા વિરક્ત થઇ જાય છે, ભોગોની નિઃસારતા અને તેના દુઃખદાયક પરિણામ જોઇને સ્વપ્નમાં પણ તેને પ્રાપ્ત કરવાની કામના નથી કરતો એ મહાપુરુષ કેવળ પવિત્ર જ નહિ પણ મહાપવિત્ર છે કોઈ પણ જાતના પ્રલોભન તેને વિચલિત કરી શકતા નથી એવા પુરુષના બધા વિચાર પવિત્ર હોય છે અપવિત્ર વિચાર તેની પાસે પણ આવી શકતા નથી આપણે ભોગોથી જેટલે અંશે વિરક્ત થતા જશું, કામના, કામિની અને કાંચનના મોહમય પાશથી આપણી જાતને જેટલી તીવ્રતાથી છોડાવતા જશું, માન, પ્રશંસા, કીર્તિ અને પદાભિલાષા વગેરેથી આપણી જાતને જેટલી શીઘ્રતાથી અલગ કરતા જશું તેટલા જ આપણે પવિત્રતાના સોપાન ઉપર ઉત્તરોત્તર ચઢતા જશું, જ્યાં સુધી આપણે એ સાંસારિક પ્રપંચોમાં ફસાયલા રહેશું ત્યાં સુધી સાચા ભક્ત નહિ બની શકીયે જ્યાં સુધી આપણે એ અજ્ઞાનાંધકારમાં પડયા રહેશું ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ આપણા સુધી નહિ પહોંચી શકે જ્યારે આપણે જોશું કે હવે ભોગો પ્રત્યેની આપણી આસક્તિ નષ્ટ થઈ ગઇ છે તથા સાંસારિક વાસનાઓ આવી આવીને આપણા માર્ગમાં અડચણ નથી કરતી ત્યારે આપણે સમજવું જોઇએ કે પ્રભુની કૃપા આપણા ઉપર ઊતરતી રહી છે અને પ્રભુ આપણા માર્ગને સરળ બનાવવા માટે આપણને સાધનસંપન્ન કરી રહેલ છે આપણા અજ્ઞાનનો પડદો દૂર થઇ ગયો છે અને આપણે ઉત્તરોત્તર વિશુદ્ધ પ્રકાશની તરફ જઇ રહ્યા છીએ જો તમારા હૃદયમાં તમારા લક્ષ્ય સુધી પહોંચવાની જરા પણ ઇચ્છા હોય તો તમારા હૃદયને આ કસોટી પર રાખીને પારખી દો બધી ત્રુટીઓ દૂર કરી નાખો જરા પણ ડરો નહિ,

તમારા માટે કશું પણ અશક્ય નથી. તમારી હૃદય-વાટિકાને શ્રદ્ધા અને વિશ્વાસના મધુર, સુખદાયક જળથી પરિપ્લાવિત કરી દો.

વિપત્તિઓ મનુષ્યની ઉપર જ આવે છે તો એનાથી ડરવું શા માટે? આંગ્લ કવિ હેન્લીના શબ્દોમાં કહીએ તો

Out of the night that covers me
Black as the pit from pole to pole
I thank what ever gods may be
For my unconquerable soul.

In the full clutch of circumstance
I have not winced nor cried aloud
Under the bludgeoning of chance
My head is bloody but unbowed.
Beyond this place of wrath and tears
Looms but the horror of the shade,
And yet the menace of the years
Finds, and shall find, me unafraid
It matters not how strait the gate
How charged with
punishments the scroll,
I am the master of my fate;
I am the Captain of my Soul.

અર્થાત્

સંસારની તમામ ચિંતાઓ અને બાધાઓ મારા ઘરે ઊભી છે પરંતુ પ્રભુકૃપાથી તેઓ મારું કંઈ પણ બગાડી શકતી નથી. તેઓ મને મારા માર્ગથી વિચલિત નથી કરી શકતી. મારું મસ્તક તેઓએ ઘાયલ કર્યું છે, પરંતુ તે તેઓની સન્મુખ ઝૂકી નથી પડતું. હું મારા કર્તવ્યમાર્ગે દૃઢ રહું છું. મૃત્યુની તો મને લેશમાત્ર ચિંતા નથી. હું વિપત્તિઓનું સહર્ષ સ્વાગત કરી રહ્યો છું. હું પોતે જ મારો સ્વામી છું, કોઈ પણ વિઘ્ન મને માર્ગભ્રષ્ટ કરી શકે તેમ નથી.

સ્વીકાર–સમાલોચના.

નીચેનાં પુસ્તકો સભાને આ માસમાં ભેટ મળ્યા છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

(૧) સાર્થમવવૈરાગ્યશતકમ્:—ગુજરાતી અનુવાદ સહિત. પૂર્વાચાર્યકૃત આ વૈરાગ્યશતકની પ્રત્યેક ગાથામાં વૈરાગ્ય ભરેલો છે. જીવનને ઉન્નત બનાવવા માટે સંસારથી સંતપ્ત માનવી આ ગાથાનાં ભાવોને અંતરમાં ઉતારે તો વૈરાગ્ય ભાવની નજીક પહોંચી શકે છે. વગાનિવાસી કવિ શ્રી દુર્લભજી ગુલાબચંદ મહેતાએ દરેક ગાથાનો હરિગીત છંદમાં અનુવાદ કરેલ છે. સાથે અર્થ પણ આપ્યા છે. આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનાં સદુપદેશથી સંઘવી છોટાલાલ સંપ્રીતચંદ વરાવાળાએ પ્રકાશન કરેલ છે. આચાર્ય મહારાજશ્રી ભક્તિસૂરીશ્વરજી તરફથી સભાને ભેટ મળેલ છે.

(૨) આરાધનાદિ સાર સંગ્રહ–આ પુસ્તકમાં ભવ વૈરાગ્યશતક, આરાધના સૂત્ર, પુણ્યપ્રકાશનું સ્તવન, પ્રમાદ પરિહાર, કુલક, સજ્ઝાય તેમજ બોધવચનો વિગેરેનો સમાવેશ થાય છે. આચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા પુષ્પ ૧ લું પ્રકાશક પંડિત છબીલદાસ કેશરીચંદ શેઠ ખુશાલીદાસ નાનચંદ સંસ્કૃત પાઠશાળા ખંભાત. પૃષ્ઠ ૨૦૦. પાકું બાઇન્ડીંગ મૂલ્ય અમૂલ્ય. આ પુસ્તક આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી તરફથી સભાને ભેટ મળેલ છે

(૩) વસ્તુ વિજ્ઞાનસાર:—પૂજ્ય શ્રી કાનજી સ્વામીના પ્રવચન હિંદી ભાષામાં અનુવાદક, પંડિત પરમેષ્ઠીદાસ જૈન, પ્રકાશક શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

(૪) ભાવનાબોધ–મોક્ષમાળા અને આત્મસિદ્ધિ શાસ્ત્ર શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મહાત્મા ગાંધીજીની પ્રસ્તાવના સહિત, શ્રી નગીનદાસ ગ્રંથમાળા પુષ્પ ૮ મું. પ્રકાશક શાહ ભોગીલાલ નગીનદાસ ઊંઝા ફાર્મસી લી. ઊંઝા. પૃષ્ઠ. ૨૭૨ કિ. ૧–૮–૦ પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૫

અંક ૭ મો | તા. ૧-૩-૪૯ | માઘ

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત

પ્રકાશક

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

અ નુ ક્ર મ ણિ કા.

૧ સીમંધર જિન સ્તવન ... મુનિમહારાજ શ્રી દક્ષવિજયજી મહારાજ ૧૩૩
૨ શ્રી નેમિનાથ સ્તવન ... મુનિ મહારાજ શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ ૧૩૪
૩ રાગ પ્રાબલ્ય ... રચયિતા ગોવિંદલાલ કકલદાસ પરીખ ૧૩૫
૪ શ્રી નંદિસૂત્ર મલયગિરીયાટિકામાં આવતા દાર્શનિક સાક્ષિપાઠોના મૂલસ્થાનો ... (મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ) ૧૩૬
૫ સામ્પ્રદાયિકપણું અને કર્તવ્ય ... (મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ) ૧૪૧
૬ ક્રિયા શુદ્ધિદ્વારા જ્ઞાન યોગ તદ્ દ્વારા મુક્તિ ...મુનિરાજ શ્રી પુણ્યવિજયજી (સંવિગ્નપાક્ષિક) ૧૪૩
૭ સ્યાદ્વાદ મંજરી... ... લે આ કા. તીર્થંપુનિ પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણ) ૧૪૪
૮ શ્રી યશોવિજયજી કૃત વાસુપૂજ્ય જિન સ્તવનનું વિવેચન ડૉ ભગવાનદાસ મનસુખભાઇ મહેતા એમ. બી બી એસ ૧૪૬
૯ પુણ્ય કૌશલ્ય ... (શ્રી મૌક્તિક) ૧૪૯
૧૦ યાત્રાના નવ્વાણું દિવસ ... મોહનલાલ દીપચંદ ચોકસી ૧૫૧
૧૧ રાગી અને ત્યાગી ... (અભ્યાસી) ૧૫૪
૧૨ વર્તમાન સમાચાર ... (સભા)

આ માસમાં નવા થયેલા પેટ્રન તથા આજીવન સભાસદો.

૧	શેઠ ગિરધરલાલ દીપચંદભાઇ મ્હેતા કુમેળેજવાળા	પેટ્રન સાહેબ	મુંબઇ
૨	,, બાબુભાઇ પરમાણંદદાસ (૧)	લાઇફ મેમ્બર	ભાવનગર
૩	,, દલીચંદભાઇ પરમાણંદ (૧)	,,	ખડકી
૪	,, શાંતિલાલ જેઠાભાઇ (૨)	,,	વલસાડ

સભાના માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના

આ વખતનુ ભેટનું પુસ્તક શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રનું બાઇન્ડીંગ થાય છે. તૈયાર થતાં હજુ બે મહીના થશે. માટે હમણા કોઇપણ સભાસદે મંગાવવા પત્રો લખવા તસ્દી લેવી નહિ. તૈયાર થયેથી પ્રકટ થતાં 'આત્માનંદ પ્રકાશ' દ્વારા ખબર આપવામાં આવશે ત્યાર પછી લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ મોકલવામાં આવશે.

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

શેઠશ્રી ગીરધરલાલ દીપચંદ મ્હેતા—કમળેજવાળા.

હાલ—મુંબઈ.

શ્રી મહોદય પ્રી. પ્રેસ—ભાવનગર

શેઠ ગિરધરલાલ દીપચંદ મહેતા. કમળેજવાળા

નો

જીવનપરિચય.

શ્રી ભાવનગર પાસેકમળેજ ગામમાં શ્રીયુત ગિરધરલાલભાઇનો જન્મ જૈન ધર્મશ્રદ્ધાળુ મહેતા દીપચંદભાઈ ભાઇચંદને ત્યા સંવત ૧૯૫૩ ના માહવદી ૩૦ ના તા ૧૪-૨-૧૯૯૭ ના રોજ થયો હતો. સાત વર્ષની લઘુવયમા તેમના માતુશ્રીનો સ્વર્ગવાસ થયો હતો

તેમના પિતાશ્રી તથા માતુશ્રી અમૃતબાઇના સ્નેહાળ પ્રેમ તળે ઉછરી કમળેજની સ્કૂલમાં અભ્યાસ કરી અમદાવાદ શેઠ પ્રેમચંદ રાયચંદ ટ્રેનીંગ કૉલેજમા પરીક્ષા આપી થોડો સમય પોતાના વતન કમળેજમા શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી હતી

ભાઇશ્રી ગિરધરલાલ બાલ્યાવસ્થાથી જ હિંમતવાન, નિડર, બુદ્ધિશાળી અને મળતાવડા સ્વભાવના હોવાથી માત્ર સત્તર વર્ષની વયે મુંબઇ પોતાનું ભાગ્ય અજમાવવા ગયા હતા શરૂઆતમા હાર્ડવેર લાઇનમાં નોકરી કરી તે લાઇનમા સારો અનુભવ મેળવ્યો અને સં ૧૯૭૫ ની સાલમા પોતાનાં સ્વબળથી મીલ મશીનરી લાઇનના ધંધામા સ્વતંત્ર કામકાજ શરૂ કર્યું અને પુણ્યની પ્રબળતાથી સારી રીતે લક્ષ્મી સંપાદન કરી

પોતાને મળેલી લક્ષ્મીનો સદુપયોગ થાય તેવા વિચારથી તથા તેમના ધર્મપત્ની સૌ વિજયાબહેનની પ્રેરણાથી તેમણે નીચે મુજબ ખાતાઓમાં યથાશક્તિ મદદ કરી છે

શ્રી ગોધારી વીશાશ્રીમાળી જૈન દવાખાનું	મુંબઈ
શ્રી તળાજા જૈન વિદ્યાર્થી ભવન	તળાજા
શ્રી ભાવનગર જૈન બાલવિદ્યાર્થી ભવન.	ભાવનગર

શ્રી યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ	મહુવા
શ્રી કુડલા જૈન વિદ્યાલય	કુડલા
શ્રી પાલીતાણા જૈન દવાખાનું	પાલીતાણા
શ્રી વીશાશ્રીમાળી જૈન જ્ઞાતિ મંડળ તરફથી ચાલતી સસ્તા અનાજની દુકાન	મુંબઈ
શ્રી ભાવનગર જૈન જ્ઞાતિ તરફથી ચાલતી સસ્તા અનાજની	ભાવનગર
શ્રી મહાવીર જૈન વિદ્યાલય	મુંબઈ

ઉપર મુજબ સંસ્થાઓમાં પોતાથી બનતો યથાશક્તિ ફાળો આપેલ છે શ્રી તળાજા બાળ વિદ્યાર્થી ભવન તથા ભાવનગર જૈન બાળ વિદ્યાર્થી ભવનમાં કાર્યવાહક કમિટીમાં મેમ્બર છે હાલમાં તેઓ મુંબઈમાં સીવવાના મશીનની એસેમ્બલ બનાવવાની વર્કશોપ તથા સપ્લાયર તરીકે પોતાની લાઈનમાં અગ્રગણ્ય વેપારી તરીકે નામના ધરાવે છે

આવા સંસ્કારી, ધર્મશ્રદ્ધાળુ કુશળ વેપારી શેઠ શ્રી ગિરધરલાલભાઈ આ સભાની કાર્યવ્યવસ્થા દેવ, ગુરૂ, જ્ઞાનભક્તિ, સાહિત્યસેવા જોઈ, આ સભાના માનવંતા પેટ્રન થયા છે તેથી સભાની પ્રતિષ્ઠા વધતા ગૌરવ વધ્યું છે આ સભા તમનો આભાર માનવા સાથે પોતાનો આનંદ વ્યક્ત કરે છે

ભાઈશ્રી ગિરધરલાલ દીર્ઘાયુ થાઓ અને ધાર્મિક, સામાજિક, આર્થિક સંપત્તિ વિશેષ વિશેષ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ સાધો એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ

શ્રી આત્માનંદ પ્રકાશ.

—. પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫.	માહ	પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૫.	:: તા. ૧ લી માર્ચ ૧૯૪૯ ::	અંક ૭ મો.

શ્રી સીમંધર જિનસ્તવન.

(અબ તેરે સિવા...કૌન મેરા૦—એ રાહ.)

[રાગ-ભૈરવી. તાલ-દાદરા.]

(સ્થાઇ.)

સ્વામિ સીમંધરા...! દાસ અરદાસ સુનૈયા,
ભગવાન્ ! કરુનાસે તિરાદે મેરી નૈયા. સ્વામિ૦ (૧)

[અતરા]

મનવા ચહે મિલનકો, મીના જ્યું રામકો,
નૈના ચહે દેખનકો,-જ્યું ચકોર ચાંદકો;
જિનભક્તિ સુધા-પાન કરા, પ્યાસ બુઝૈયા,
ભગવન્ ! કરુનાસે તિરાદે મેરી નૈયા. સ્વામિ૦ (૨)

અવતાર પાસ તેરે, યાચું સદા સબેરે,
ઓ નાથ ! મીલોને મુઝે, સીઝે જ્યું કાજરે;
નેમિ—લાવણ્યસૂરિ—દક્ષ આશ પુરૈયા,
ભગવાન્! ભગવાન! ભગવાન ! તિરાદે મેરી નૈયા સ્વામિ૦ (૩)

રચયિતા:—મુનિમહારાજ શ્રી દક્ષવિજયજી મહારાજ.

શ્રી નેમિનાથ સ્તવન.

(રાજીમતીના પ્રેમોદ્‌ગાર.)

(રાગ–હમ જીસે ક્યા કરેંગે જબ દીલ હિ તુટ ગયા.)

દુઃખ મારું ક્યાં સુણાવું, પ્રભુ ત્યાગી કેમ ગયા ?
પ્રભુ ત્યાગી કેમ ગયા ?......ટેક.

વિરહનું દુઃખ કારી, ક્યમ કુમળું ઉર સાંખે ?
ક્યમ કુમળું ઉર સાંખે ?
રાજીમતીનું હૈયું, દર્શન તમારું ઝંખે,
પ્રીત ત્યાગી કેમ ગયા ? (૨)...દુઃખ૦ ૧

સારસની જોડ જેવી, નવ ભવની નાથ ! પ્રીતિ,
નવ ભવની નાથ ! પ્રીતિ,
અધવચમાં ત્યાગી જાવું, પ્રભુ ના એ સત્ય રીતિ,
વિરાગી કેમ થયા ? (૨)...દુઃખ૦ ૨

તુજ વિના સર્વ સૂનું, આભૂષણ દુઃખકારી,
આભૂષણ દુઃખકારી,
ત્યાગીને સર્વ આવું, તુજ ચરણે પ્રેમ ધારી,
પ્રભુ નેમિ ચાહું દયા (૨)...દુઃખ૦ ૩

ગિરનારે મોક્ષ પામ્યા, પામ્યા જે પૂર્ણતાને,
પામ્યા જે પૂર્ણતાને,
આનંદમયપદ તારી, સુશીલા રાજુલાને;
દેવેન્દ્ર પ્રમુગ્ધ થયા (૨)...દુઃખ૦ ૪

મુનિમહારાજ શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ.

કાળ–પ્રાબલ્ય.

વસંતતિલકા.

ઊગી કળી કુસુમકેરી સુકોમળી એ,
વેરે સુગંધ સ્મિત સાથ પ્રફુલ્લ થાતાં;
લેવા સુગંધ ચૂંટતો સુકુમાર ફૂલ,
કાં પુષ્પ એ વિકસીને કરમાઇ જાતું. ૧

વેરી સ્વરશ્મિ અતિ તેજ ભરેલ ભાનુ,
આકાશમાં સરસ રંગ અતિ ઉમંગે;
દે જન્મ રમ્ય અતિ મેઘ ધનુષ્યને એ,
કિન્તુ થતું વિલીન થોડી ક્ષણો પછી તે. ૨

લીધો સુકુળ મહીં જન્મ સુદૈવયોગે,
માતા પિતા રીઝવતા અતિ પ્રેમ લાવી;
માણી મઝા જીવનકેરી પરંતુ રે! રે!
છેલ્લી દશા મરણ માનવની જ થાય. ૩

લક્ષ્મી સ્વશૌર્ય અતિ તીવ્ર તણી કમાણી,
કીધી કરી જગ કમાઈ સુકીર્ત્તિકેરી;
તોયે ગયો ઘસડીને બળવાન કાળ,
દીધી મિલાવી વળી રાખમહીં જનોને. ૪

રચયિતા:—ગોવિંદલાલ કકલદાસ પરીખ.

श्री नन्दीसूत्रमलयगिरीया वृत्तिमां आवता दार्शनिक साक्षिपाठोनां मूलस्थानो.

(३)

સાક્ષિપાઠોના મૂલસ્થાનભૂત મુખ્ય ગ્રંથોનો પરિચય

(લેખક -મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજ)

(ગતાંક પૃષ્ઠ ૧૧૬ થી ચાલુ)

ન૦ મ૦ ૫૬ यदाह धर्मकीर्ति –"अपेक्षाया विशेषप्रतिलम्भलक्षणत्वात्' [ ] इति। આ ધર્મકીર્તિનું ગદ્યાત્મક વચન શામાં છે? એ શોધવાનું છે ન્યાયબિન્દુ તથા વાદન્યાય મેં જોયા, તેમાં તો નથી. હેતુબિન્દુમાં કદાચ હોય તો બનવાજોગ છે

ન૦ મ૦ ૫૭ "ऋग्गिरावृचश्चक्रु सामानि सामगिरो" [ ] મૂલસ્થાન શોધવાનું છે.

ન૦ મ૦ ૫૮ उक्त च-"स्वय रागादिमान् नार्थं वेत्ति वेदस्य नान्यतः। न वेदयति वेदोऽपि वेदार्थस्य कुतो गति ॥ १ ॥ तेनाग्निहोत्र जुहुयात् स्वर्गकाम इति श्रुतौ खादेच्छ्वमासमित्येष नार्थं इत्यत्र का प्रमा ? ॥ १ ॥' [प्रमाणवा० ३ । ३१७-३१८]

ન૦ મ૦ ૫૯ उक्त च-"स्वर्गोर्वश्यादिशब्दश्च दृष्टोऽरूढार्थवाचक । शब्दान्तरेषु तादृक्षु तादृश्येवास्तु कल्पना ॥ १ ॥" [प्रमाणवा० ३ । ३२०]

ન૦ મ૦ ૬૦ उक्त च-वान्ध्येय-खरविषाणतुल्यमपौरुषेयम्" [1] [ ] શોધવાનું છે

ન૦ મ૦ પૃ૦ ૬૦ "ब्राह्मणोऽपत्यतामात्राद् ब्राह्मणो(ण्येऽ)तिप्रसज्यते। न कश्चित् ब्रह्मतनोत्पन्न कश्चिदिष्यते ॥ १ ॥" [वा० अल० पृ० २३]

न० म० ६१ आह च-"शिष्टैः परिगृहीतत्वाद्वेदन्योन्यसमाश्रय । वेदार्थाचरणाच्छिष्टास्तदाचाराच्च स प्रमा ॥ १ ॥" [वा० अल० पृ० १९] વા૦ અલ૦ માં "सर्वागमसमानत्वाद् यागाद्यर्थक्रियात्मन। न सर्वं कारण तस्य तुल्ये वेदेऽपि किं न तत् ॥ १ ॥ न वेदादृतता शिष्टैरित्यन्योन्यसमाश्रय । वेदार्थाचरणाच्छिष्टस्तदाचाराच्च स प्रमा ॥ २ ॥" આ પ્રમાણે બે શ્લોક છે

---

1 આ વચન હરિભદ્રસૂરિપ્રણીત ધર્મસાર પ્રકરણમાં હોવાનો સંભવ છે જુઓ હરિભદ્રસૂરિકૃત લલિતવિસ્તરા પૃ૦ ૪૯-૫૦ તથા તેનું ટિપ્પન

નં૦ મ૦ ૬૧ उक्तं च-"तीर्थप्रवर्तनफलं यत् प्रोक्तं कर्म तीर्थकरनाम । तस्योदयात् कृतार्थोऽप्यर्हंस्तीर्थं प्रवर्तयति ॥ १ ॥ तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकम् । तीर्थप्रवर्तनाय प्रवर्तते तीर्थकर एवम् ॥ २ ॥" [तत्त्वार्थकारिका ॥ ९ ॥ १० ॥]

નં૦ મ૦ ૬૧ "न सत्ता सदन्तरमुपैति" [ ] इति वचनात् ।

નં૦ મ૦ ૬૧ उक्तं च—"अविकलकारणमेकं तदपरभावे यदा भवन्न भवेत् । भवति विरोधः स तयोः शीत-हुताशात्मनोर्दृष्टः ॥ १ ॥" [धा० अलं० पृ० ४९७] વા૦ અલ૦ માં यदपरभावे પાઠ છે.

નં૦ મ૦ ૬૨ आह च प्रज्ञाकरगुप्तः-"बाध्यबाधकभावः कः स्यातां यद्युक्तिसंविदौ । तादृशोऽनुपलब्धेश्चेदुच्यतां सैव साधनम् ॥ १ ॥ अनिश्चयकरं प्रोक्तमीदृक्षानुपलम्भनम् । तथात्यन्तपरोक्षेषु सदसत्ताविनिश्चयौ ॥ २ ॥" [प्रमाणवा० २।९४-९५] અહીં મલયગિરિ મહારાજે પ્રજ્ઞાકરના નામે આ બે શ્લોકો ઉધ્ધૃત કર્યા છે, પરંતુ વસ્તુતઃ એ પ્રમાણવાર્તિકના જ છે મલયગિરિ મહારાજે પ્રજ્ઞાકરનું નામ શાથી લખ્યું છે!—એ સમજાતું નથી વાર્તિકાલંકાર સહિત પ્રમાણવાર્તિક ગ્રંથમાં જોવાથી કદાચ આમ લખાઇ ગયું હોય તો બનવાજોગ છે આ પ્રમાણે આવશ્યકવૃત્તિમાં પણ એક સ્થળે બની ગયું લાગે છે. ત્યાં तथा चाह, श्रीमल्लवादिनः-"संगह-विसेससंगह-विसेसपत्थारमूल-वागरणी । दव्वट्ठिओ य पज्जवणयो य सेसा वियप्पासिं ॥ १ ॥ [આવશ્યકમલયગિરિવૃત્તિ પૃ. ૧૫]-આ પ્રમાણે મલયગિરિ મહારાજે લખ્યું છે, પણ વસ્તુતઃ આ સિદ્ધસેનદિવાકરજીપ્રણીત સમ્મતિપ્રકરણના ૧ લા કાંડની ત્રીજી[1] ગાથા છે संगह-विसेससंगह-विसेस૦માં तित्थयरवयण પાઠ લેખકના હાથે પડી ગયો લાગે છે, અને संगह-विसेस પાઠ ઉમેરાયો લાગે છે; કેમ કે ઉમેરાયેલનો કશો અર્થ નથી જણાતો. ત્યાં પણ કદાચ એમ બન્યું હોય કે—મલ્લવાદિકૃતવૃત્તિવિભૂષિત સમ્મતિતર્કની ગાથા ઉદ્ધરતા આમ લખાઇ ગયું હોય.[2]

નં૦ મ૦ પૃ. ૬૬ उक्तं चान्यैरपि—"न चास्पष्टावभासित्वादेव शब्दः प्रवर्तते । प्रत्यक्षदृष्टे स्वसंपाद्यपि शब्दप्रवर्तनात् ॥ १ ॥ अयं स्तंभ इति प्राप्तमन्यथाऽस्याऽप्रवर्तनम् । न चास्पष्टावभासित्वमत्र ज्ञानस्य लक्ष्यते ॥ २ ॥ तथाऽन्यत्रापि शब्दानां प्रवृत्तिर्न विरुध्यते ।" [धा० अलं० पृ २७१-२७२] અહીં વા૦ અલં૦માં उक्तं च—"सर्वोऽसत्(?)विकल्पस्य नास्त्यध्यक्षाद् विवेकिता । न चास्पष्टावभासित्वा..... ॥ १ ॥ ....॥ २ ॥...विरुध्यते ॥ ३ ॥"-આમ ત્રણ કારિકાઓ છે, પણ મલયગિરિ મહારાજે धा० अलं०માંથી આ અઢી (૨॥) શ્લોક ઉધ્ધૃત કર્યા લાગે છે.

નં૦ મ૦ પૃ ૬૬ उक्तं च—"प्रमाणपञ्चकं यत्र वस्तुरूपे न जायते । वस्त्वसत्तावबोधार्थं तत्राभावप्रमाणता ॥ १ ॥" [मीमांसाश्लोकवार्तिक, अभावनिरूपण ॥ १ ॥] મી૦ શ્લો૦ વા૦ના બધા ગ્રંથોમાં वस्तुसत्तावबोधार्थं પાઠ છે બીજે પણ જ્યાં આ કારિકા

1 तित्थयरवयणसंगहविसेसपत्थारमूलवागरणी । दव्वट्ठिओ य पज्जवणओ य सेसा वियप्पासिं ॥ [सम्मतितर्क १ । ३]

2 'मल्लवादिन'નું તો 'महावादिन' નહિ થઇ ગયું હોય!!!

ઉધ્ધૃત કરવામાં આવી છે ત્યાં પણ વસ્તુસત્તાવબોધાર્થં પાઠ જ છે-અને વ્યાખ્યા પણ તેજ પ્રમાણે કરવામાં આવી છે. નં૦ મ૦ પૃ. ૨૮ માં પણ આ કારિકા ઉધ્ધૃત છે.

નં૦ મ૦ પૃ. ૩૬ आह च-" अशुच्यादिरसास्वादप्रसङ्गश्चानिवारितः ॥". [વા૦ અલં૦ પૃ. ११८] વા૦ અલં૦માં व्स्वादसङ्गमश्चा० પાઠ છે.

નં. મ૦ પૃ. ३५ उक्तं च-" क्रमेण वेदनं कथम्" [वा० अलं० पृ. ६८६१] આ કારિકાંશ કુમારિલના મી૦ શ્લો૦ વા૦ માં ક્યાંયે નથી. કદાચ કુમારિલની અનુપલબ્ધ બૃહટ્ટીકામા હોય તો કોણ જાણે. બીજે પણ જોવામાં નથી આવતો. માત્ર वा० अलं० માં क्रमेण वेदनेऽनादिवस्तुनो वेदनं कथम्? । આ શ્લોકાર્ધ છે, તેને મલયગિરિ મહારાજે ટુંકાવીને ગોઠવ્યો હોય એ કદાચ બનવાજોગ છે, કેમ કે આ વાદમાં તેમણે वा० अलं० ની કારિકાઓનો પૂર્વપક્ષ તથા ઉત્તરપક્ષમાં છૂટથી ઉપયોગ કર્યો છે.

નં૦ મ૦ પૃ ३५ यदुच्यते भट्टेन-" सर्वज्ञोऽसाविति ह्येतत् तत्कालेऽपि बुभुत्सुभिः । तज्ज्ञानज्ञेयविज्ञानरहितैर्गम्यते कथम् ॥ १ ॥ " [मी० श्लो० वा० सूत्र-२, श्लोक ॥ १३४ ॥] કુમારિલભટ્ટ અહીં ભટ્ટ શબ્દથી અભિપ્રેત છે

નં. મ૦ પૃ૦ ३५ आह च- " एकदेशपरिज्ञानं कस्य नाम न विद्यते । न ह्येकं नास्ति सत्यार्थं पुरुषे बहुजल्पिनि ॥ १ ॥ " [वा० अलं० पृ० ११९] વા૦ અલં૦ માં बहुकल्पके પાઠ છે.

નં. મ૦ પૃ૦ ३६ उक्तं च-" शास्त्राद्यभ्यासतः शास्त्रप्रभृत्येवावगच्छतः । साकल्यवेदनं तस्य कुत एवागमिष्यति ॥ १ ॥ " [वा० अलं० पृ० ११८] વા૦ અલં૦ માં वावगच्छतु । પાઠ છે.

નં. મ૦ પૃ૦ ३७ उक्तं च-" गरुत्मच्छायामृगयोर्लङ्घनाभ्याससम्भवे । समानेऽपि समानत्वं लङ्घनस्य न विद्यते ॥ १ ॥ " [वा० अलं० पृ० २५१] વા૦ અલં૦ માં भ्याससङ्गमे પાઠ છે.

નં. મ૦ પૃ૦ ३७ उक्तं च—" स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया । चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत्[1] ॥ १ ॥ " [ ]

નં. મ૦ પૃ૦ ૨૮ उक्तं च—" [2]न चागमेन यदसौ विध्यादिप्रतिपादकः । अप्रत्यक्षत्वतो नैवोपमातस्यापि सम्भवः " ॥ १ ॥ [शास्त्रवार्ता० ॥ ५८२ ॥] शास्त्रवार्ता० માં नैवोपमाते नापि गम्यते પાઠ છે[3]

1 વિશેષાવશ્યકભાષ્ય કોટ્યાર્યવાદિગણિમહત્તરવિરચિત ટીકા (પૃ. ૯૬) વગેરે ઘણે સ્થળે આ શ્લોક ઉધ્ધૃત છે.

૨ તુલના-"न चागमविधिः कश्चिन्नित्यसर्वज्ञबोधकः ॥" तत्त्वसंग्रह ॥३१८७॥, સર્વદર્શનસંગ્રહ પૃ. ૨૨

૩ મીમાંસાશ્લોકવાર્તિક કાશીથી ન્યાયરત્નાકર વ્યાખ્યા સાથે તથા ત્રિવેન્દ્રમસંસ્કૃત સીરીઝથી કાશિકા વ્યાખ્યા સાથે પ્રગટ થયું છે. મદ્રાસ યુનિવર્સીટિથી એક ભાગ ભટ્ટોમ્બેકકૃત વ્યાખ્યા

નં. મ૦ પૃ૦ ૨૬ "विरुद्धोऽसति बाधके" [ ] इति वचनात्। શોધવાનું છે.

નં૦ મ૦ પૃ. ૨૬ आह च प्रज्ञाकरगुप्तोऽपि-यदि विशेषविरुद्धतया क्षतिर्ननु न हेतुरिहास्ति न दूषितः। निखिलहेतुपराक्रमरोधिनी न हि न सा सकलेन विरुद्धता ॥ १ ॥ [मु० वा० अलं० पृ० ६१] મુ૦ વા૦ અલં૦ માં हास्ति तदुस्थितः-આવો છપાયેલો પાઠ ખોટો છે.

નં૦ મ૦ પૃ૦ ૨૯ उक्तं च—"तटस्थत्वेन वेद्यत्वे तत्त्वेनाऽवेदनं भवेत्। तदात्मना तु वेद्यत्वेऽशुच्यास्वादः प्रसज्यते" ॥ १ ॥ [वा० अलं० पृ० ६८५] અહીં વા૦ અલં૦ માં रागितैव प्रसज्यते પાઠ છે

૨૯ तथा चाऽयमर्थोऽन्यैरप्युक्तः—यथा सकलशास्त्रार्थः स्वभ्यस्त प्रतिभासते। मतस्येकक्षणेनैव तथाऽनन्तादिवेदनम् ॥ १ ॥" [वा० अलं० पृ० ६८६]

નં૦ મ૦ પૃ૦ ૨૯ आह च—"अतीन्द्रियानसंवेद्यान् पश्यन्त्यार्षेण चक्षुषा। ये भावान् वचनं तेषां नानुमानेन बाध्यते ॥ १ ॥" [वाक्यपदीय[1], काण्ड-१ कारिका ॥ ३८ ॥][1] પૂર્વાપરભાગની સાથે સરખામણી કરતા જણાય છે કે મલયગિરિ મહારાજે આ કારિકા વા૦ અલં૦(પૃ૦ ૬૮૧)માંથી લીધી હશે. વા૦ અલંમાં પણ આ કારિકા આ સબંધમાં જ છે.

સાથે તથા બાકીનો ભાગ જયમિશ્રકૃત શર્કરિકા વ્યાખ્યા સાથે અનુક્રમે મદ્રાસ યુનિવર્સીટિ સંસ્કૃત સીરિઝમાં ૧૩ તથા ૧૭ નબર રૂપે પ્રગટ થયેલ છે. આ તેજ ભટ્ટ ઉમ્બેક છે કે જેનો કમલશીલે તત્ત્વસંગ્રહપંજિકા(પૃ. ૮૧૨)માં उम्वेयकस्त्वाह આ પ્રમાણે તથા કર્ણકગોમિએ પ્રમાણવાર્તિક સ્વવૃત્તિ ટીકામાં (પૃ ૨૧, ૮૮, તથા ૪૯૭) उम्वेककस्त्वनाह વગેરે પ્રમાણે, તથા વાદી દેવસૂરિએ સ્યાદ્વાદરત્નાકરમાં (પૃ ૨૭૯) औंबकस्त्वेव व्याख्यातवान् આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. શ્રી ગુણરત્નસૂરિએ ષડ્દર્શનસમુચ્ચયની બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે-औंबेकः कारिका वेत्ति तन्त्र वेत्ति प्रभाकरः। वामनस्तूभय वेत्ति न किंचिदपि रेवणः ॥ १ ॥ (પૃ ૮) જયમિશ્રકૃત શર્કરિકાનો (પૃ. ૯૨) પણ વાદિ શ્રી દેવસૂરિએ સ્યાદ્વાદરત્નાકરમાં (પૃ. ૯૫૭) जयमिश्रः शर्करिकायां माह એ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. મદ્રાસથી છપાયેલી ટીકાઓ ઘણી જ પ્રાચીન છે. ઉમ્બેકની (સરસ્વતી ભવન સીરિજ, કાશીથી પ્રકાશિત) એક ભાવનાવિવેક નામની પણ કૃતિ છે કે જેમાંની પ્રથમ सद्वर्गमोहितधियो विविक्त धातुगोचरात्। भावात्मानं न पश्यन्ति ये तेभ्यः स विविच्यते ॥ १ ॥ આ કારિકા સમ્મતિટીકામાં (પૃ. ૭૩૯) ઉધ્ધૃત છે.

૧ વાક્યપદીય પ્રસિદ્ધવૈયાકરણ ભર્તૃહરિની કૃતિ છે. આના ત્રણ કાંડ છે. સ્વોપજ્ઞવૃત્તિ અને તે ઉપરની ઋષભદેવ વિરચિત ટીકા સાથે ૧ લો કાંડ, તથા બાકીનો અર્ધો કાંડ પુણ્યરાજકૃત ટીકા સાથે રામલાલ કપૂર ટ્રસ્ટ સોસાયટી, લાહોરથી પ્રગટ થયેલ છે પહેલા ૨, કાંડ પુણ્યરાજકૃત ટીકા સાથે તથા અર્ધો ત્રીજો કાંડ હેલારાજકૃત ટીકા સાથે કાશી, ચૌખમ્બાથી પ્રગટ થયેલ છે. બાકીનો અર્ધો ત્રીજો કાંડ હેલારાજકૃત ટીકા સાથે બે ભાગમાં ત્રિવેન્દ્રમ સંસ્કૃતસીરિજ(નં. ૧૧૬) તથા ત્રાવણકોર યુનિવર્સીટિ સંસ્કૃતસીરિજ(નબર ૧૪૮)માં અનુક્રમે પ્રગટ થયો છે. આ ગ્રંથ વૈયાકરણોને ખાસ ઉપયોગી છે.

नं० म० पृ० ३ उक्तं च—" जैनेश्वरे हि वचसि प्रमासंवाद ईक्ष्यते । प्रमाणबाधा त्वन्येषामतो द्रष्टा जिनेश्वरः ॥ " [वा० अलं० पृ० ६८१. ११] प्रज्ञाकरगुप्ते वा० अलं० मां "ताथागते हि वचसि प्रमासंवाद ईक्ष्यते । प्रमाणबाधा त्वन्येषामतो द्रष्टा तथागतः ॥ १ ॥ "—आ प्रकारनी कारिका लखी छे मलयगिरिमहाराजे तथागतना स्थाने जिनेश्वर शब्द गोठववा जेटलुं घटतुं परिवर्तन कर्युं छे.

नं० म० पृ ३ तथा चोक्तम्-" समानविषया यस्माद् बाध्य-बाधकसंस्थितिः । अतीन्द्रिये च संसारिप्रमाणं न प्रवर्तते ॥ १ ॥ " [वा० अलं० पृ० ६८१] अहीं वा० अलं० मां फतास्थितिः । पाठ छे.

नं० म० ३ आह च—" वीतरागस्य न सुखं योषिदालिङ्गनादिजम् । वीतद्वेषस्य च कुतः शत्रुसेनाविमर्दजम् ॥ १ ॥ वीतमोहस्य न सुखमात्मीयाभिनिवेशजम् । ततः किं तादृशा तेन कृत्यं मोक्षेण जन्मिनाम् ॥ २ ॥ " [वा० अलं० पृ. ६८३] अहीं वा० अलंमां न वीतरागस्य तथा वीतद्वेषस्य तु पाठ छे.

नं० म० पृ. ३३ उक्तं च—" रूपातिशयपाशेन विवशीकृतमानसा । स्वां योषितं परित्यज्य रमन्ते योषिदन्तरे ॥ १ ॥ " [वा० अलं० पृ. २८३] अहीं वा० अलं०मां योषितं तिरस्कृत्य कामिनो... ॥-आवो पाठभेद छे.

नं० म० ३५ आह च—" यः पश्यत्यात्मानं तत्राऽस्याऽहमिति शाश्वतः स्नेहः । स्नेहात् सुखेषु तृष्यति । तृष्णा दोषांस्तिरस्कुरुते ॥ १ ॥ गुणदर्शी परितृष्यन् ममेति तत्साधनान्युपादत्ते तेनाऽऽत्माभिनिवेशो यावत् तावत् स संसारे ॥२॥ " [प्रमाणवा० । २१९-२२०]

नं० म० पृ० ३६ उक्तं चान्यैरपि—" अवस्थिता हि वास्यन्ते भावा भावैरवस्थितैः ॥ " [मीमांसा श्लो० वा०, निरालम्बनवाद, ॥ १८५ ॥] मु० वा० अलं० मां पण खंडन माटे आ कारिका उद्धरवामां आवी छे (पृ २१).

नं० म० ३६ उक्तं च—" वास्य-वासकयोश्चैवमसाहित्यान्न वासना । पूर्वक्षणैरनुत्पन्नो वास्यते नोत्तरः क्षणः ॥ १ ॥ " [मीमांसा०श्लो०वा०, निरालम्बनवाद ॥ १८२ ॥]

नं० म० पृ. ३७ " भूतिर्येषां क्रिया सैव कारकं सैव चोच्यते ॥ " [ ] इति वचनात् । संपूर्ण कारिका आ प्रमाणे छे—क्षणिकाः सर्वसंस्कारा अस्थिराणां कुतः क्रिया । भूतिर्येषां क्रिया सैव कारकं सैव चोच्यते ॥ १ ॥-आ कारिका अनेक स्थळे उध्धृत करेली जोवामां आवे छे नं० म० पृ० ३१५मां पण छे

३७ " नाऽकारणं विषयः " [ ] इति वचनात् ।[१]

नं० म० पृ ३७ आह च भवदाचार्योऽपि धर्मकीर्तिर्ज्ञाननयप्रस्थाने-" सर्वात्मना हि

१ तुलना-' न हि बुद्धेरकारणं विषय ' इत्येतत् प्रतिव्यूढम्-लघीयस्त्रयस्वोपज्ञविवृत्ति ॥ ४४ ॥

સાંપ્રદાયિકપણું અને કર્તવ્ય

(ડભોઇ શ્રી યશોવિજય જૈન સેવાસદનના આશ્રયે વ્યાયામશાળાના ચોગાનમાં જાહેર સભા તા. ૧૬-૧-૪૯ ના રોજ બપોરના મળી જેમાં જૈન સાહિત્યના પ્રખર સંશોધક મુનિવર્ય શ્રી પુણ્યવિજયજીએ સાંપ્રદાયિકપણું અને કર્તવ્ય અંગે જે વક્તવ્ય આપ્યું તે સમાજને પ્રેરણાદાયી હોઇ આ નીચે આપેલ છે.)

સંપ્રદાય એ માનવીને સ્થિર થવાનું વિશ્રાંતિસ્થાન છે. ધર્મના અનુયાયીઓ જગતના વિજ્ઞાનનો તેટલી જ ઝડપથી જો અભ્યાસ નહિં કરે તો કૂવામાંનો દેડકો જેમ રાજહંસની વાતથી આશ્ચર્ય પામ્યો તેમ થાય તો નવાઇ નહીં લાગે. પોતાની વસ્તુ મૂકવા, ખાવા, બેસવા માણસ જેમ ઘર બાંધીને રહે છે તેમ માણસ માટે પોતાને જ્ઞાન મેળવવાનું સ્થાન સંપ્રદાય છે.

આર્ય સંસ્કૃતિ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે.-(૧) જૈન-(૨) વૈદિક (૩) બૌદ્ધ-ભારતવર્ષની એ પુરાણી સંસ્કૃતિને જીવંત રાખનાર મહાપુરુષ મહાત્મા ગાંધી હતા. અત્યારે એવા પુરુષો ઘણા ઓછા વિદ્યમાન છે. ભારતની પુરાણી અસ્મિતા આજે નાશ પામી છે.

રાષ્ટ્રીય સરકાર ધર્મનું નામ ન લેવું એવો કાયદો કરવા વિચાર કરે છે એમ સંભળાય છે. જો એમ થશે તો તત્ત્વજ્ઞાનના જુદા જુદા પ્રવાહો નાશ પામશે અને આપણા ઋષિ મહર્ષિઓનું નામ નિશાન નહિ રહે. ધર્મ જેવી વસ્તુ પણ ગૌણ થઇ જશે તો રાજદ્વારી વાતાવરણ નબળું અને શુષ્ક પડી જશે એમ નક્કી માનજો.

સર રાધાકૃષ્ણ ધર્મના જ વ્યાખ્યાનો આપે છે. તેઓ કહે છે કે-જે માણસ પોતાની પૂર્વ સંસ્કૃતિનું જ્ઞાન ન મેળવે તે કદી જીવી શકતો નથી.

સર રાધાકૃષ્ણ જેવા વિદ્યાપીઠના ચાન્સેલર અને કેળવણીના નિર્માતાને પણ ભારતવર્ષ સાચા સ્વરૂપે ન ઓળખી શકયું એ આશ્ચર્ય છે.

જ્યારે યુરોપના દેશોએ તેની ઓળખ આપી અને તેઓ જ્યારે પરદેશમાં અત્યંત પૂજનિક થયા ત્યારે આપણે પણ તેમનું તત્ત્વજ્ઞાન ન સમજી શક્યા આનું કારણ એ છે કે જ્ઞાનનો પ્રવાહ આપણામાંથી સુકાઇ ગયો છે અને તેમાએ

सारूप्ये ज्ञानमज्ञानतां व्रजेत । साम्ये, केनचिद्दर्शेन सर्वे सर्वस्य वेदनम् ॥ १ ॥ " [प्रमाणवा० २ । ४३५] પ્રમાણવાર્તિકમાં વિજ્ઞાનાદ્વૈતના નિરૂપણ પ્રસંગમાં આ કારિકા છે. મનોરથનન્દિની વૃત્તિમાં થોડા પાઠભેદ છે, પણ વા૦ અલં૦માં આ પ્રમાણે જ પાઠ છે. માત્ર स्यात् सर्वे सर्ववेदनम्-આટલો ભેદ છે.

ન૦ મ૦ પૃ. ૩૬ आह च प्रज्ञाकरगुप्त—"वासनेति हि पूर्वविज्ञानजनितां शक्तिमामनन्ति वासनास्वरूपविदः ।" [मुद्रित वा० अलं० पृ. १८, पंक्ति ११].

ન૦ મ૦ પૃ. ૩૬ यदुच्यते प्रज्ञाकरगुप्तेन—"दीर्घकालसुखादृष्टाविच्छा तत्र कथं भवेत् ।" [वा० अलं० पृ. २४२] વા૦ અલં૦માં दृष्टेरिच्छा-પાઠ મળે છે.

આપણો ગુજરાત જ્ઞાનની દષ્ટિએ સૌથી પછાત પ્રદેશ છે,

દુનિયામાં પડતાને બચાવે તેનું નામ ધર્મ પણ પડતાને પાટું મારે તે ધર્મ ન કહેવાય. દરેક ધર્મમાં તત્ત્વજ્ઞાનના પ્રવાહો એક સરખા છે. દરેક ધર્મને બીજા ધર્મોથી અવલંબનની જરૂર છે.

જૈનધર્મ, વેદધર્મ, બૌદ્ધધર્મના પંડિતોને પોતાના ધર્મનું જ્ઞાન મેળવવા પરદેશ જવું પડે તે તો આપણે ડૂબી મરવા જેવું છે. આપણો અભ્યાસ નથી માટે આમ બને છે. ઘણા યુરોપિયનોએ આપણા ધર્મના-પુસ્તકોનો અભ્યાસ કર્યો છે. અને તેમણે કેટલાયે શબ્દોના અર્થો શોધ્યા છે. હિન્દુસ્તાનમાં આજે ૫૬ લાખ સાધુઓ અને ભિક્ષુકો છે. જો તેઓ ધર્મનું રહસ્ય સમજી નીતિમાર્ગનો ઉપદેશ કરે તો આ વિષમ પરિસ્થિતિમાંથી આપણે જલદી ઊગરી જઈએ. દુનિયા બધી સ્વાર્થમા પડી છે. વેપારીઓએ કાળા બજાર કર્યા, અમલદારોએ લાંચ રૂશ્વત લેવામાં માજા મૂકી માટે આ કંટ્રોલની દુનિયા આવી છે પણ આપણી ફરજ પારોશી ધર્મની આપણે સમજીએ તો આ કંટ્રોલ ઝટ ઊડી જાય એમ છે. આપણો સમાજ આજે યુરોપના સમાજ કરતાં ૨૦૦ વર્ષ પછાત છે. ડૉકટર કે વૈદ્યની સલાહથી. જેમ આપણે પરેજી પાળીએ છીએ તેમ આપણી પ્રાચીન સંસ્કૃતિના ઘડતર માટે પણ આપણે અશુદ્ધ સ્વાર્થી મનોદશાના ત્યાગની જરૂર છે.

આપણે ધર્મ માટે અંદરોઅંદર લડતા જઇશું તો આપણી પડતી થવાની છે. યુરોપે છેલ્લા ૪૦ વર્ષમાં પરસ્પર ઘર્ષણ કરીને પોતાની શક્તિ વધારી કે ખોઇ? હિટલર, મુસોલીની અને સ્ટેલીનની સરદારી નીચે લાખો માણસો યુદ્ધમાં કપાઈ ગયા અને ખપી ગયા, શાને લીધે? વિજ્ઞાનને લીધે. પ્રાચીન સમયમાં ઑમ્બ, રેડીયો, ટેલીવીઝન જેવી શોધ ન હતી. પ્રજા પોતાનું કર્તવ્ય ભૂલી ગઇ છે.

યુરોપની પ્રજા જડવાદ તરફ જાય છે, ત્યાં આત્મા કે જીવ વસ્તુ નહિ દેખાય. આત્મવાદ શું છે તેનો તે અર્થ સમજતા નથી. જ્યારે આપણે ત્યાં આત્મધર્મ અને બ્રાહ્મધર્મ તથા નીતિધર્મનું સંપૂર્ણ જ્ઞાન આપણા ધર્મ પુસ્તકો આપે છે.

ક્રિયાશુદ્ધિદ્વારા જ્ઞાનયોગ તદ્દ્વારા મુક્તિ.

(લેખકઃ મુનિરાજશ્રી પુણ્યવિજયજી [સંવિજ્ઞપાક્ષિક])

ક્રિયાશુદ્ધિના-૧ પ્રણિધાન-સાધ્યના લક્ષપૂર્વક ચિત્તએકાગ્રતા, ૨ પ્રવૃત્તિ-સાધન-ક્રિયામા પ્રવૃત્તિ, ૩ વિઘ્નજય-મોક્ષમાર્ગની પ્રવૃત્તિમા આવતા અશુભ ભાવરૂપ જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વિઘ્નોનો (દોષોનો) જય, ૪ સિદ્ધિ-દોષોનો જય કરી આરંભેલ ધર્મવ્યાપારોની સિદ્ધિ અને ૫ વિનિયોગ-ધર્મવ્યાપારોની સિદ્ધિરૂપ અહિંસાદિ ધર્મનું અન્ય ભવ્ય જીવોને પૂર્ણ દાન. એ રૂપ પાંચ આશયો છે. આનું વિશેષ સ્વરૂપ ભ. હરિભદ્રસૂરિકૃત ષોડશક ગ્રંથથી જાણવું.

ઉપર્યુક્ત આશયો હોય તો જ ક્રિયા શુદ્ધ બને છે. અને સાનુબંધ (પરંપરાયુક્ત) બને છે. તે આશય આત્મિક વિશુદ્ધિ જન્ય છે. એ વિશુદ્ધિ કર્મના ક્ષય અથવા ક્ષયોપશમજનિત આત્માની વિશિષ્ટ પરિણતિરૂપ છે. આવી વિશિષ્ટ પરિણતિ-આત્માની ઉપયુક્તતા તે 'ભાવ' કહેવાય છે. ભાવ એટલે જ આશયો, એ ભાવ વિશુદ્ધ ધર્મરૂપ છે. વિશુદ્ધ ધર્મ અનૌપધિક હોઈ કર્મના સાક્ષાત્ ક્ષયમાં કારણભૂત છે. એટલું ધ્યાનમાં રાખવું કે ક્રિયાશુદ્ધિમા જ્ઞાન ગૌણરૂપે ગર્ભિત જ હોય છે.

નિશ્ચયથી ધર્મ તેને કહેવાય છે કે-જેના યોગે આત્મા વિશુદ્ધ થાય. એ વિશુદ્ધિ આ આશયોદ્વારા થાય છે, માટે આ આશયો-ભાવો જ સાક્ષાત્ ધર્મરૂપ છે.

એટલા જ માટે પુષ્ટિ શુદ્ધિએ કરી અલંકૃત વિશુદ્ધ ચિત્તને જ કોઇ કોઇ સ્થળે નૈશ્ચયિક ધર્મરૂપે વર્ણવવામાં આવેલ છે ભ હરિભદ્રસૂરિકૃત ષોડશક ગ્રંથમાં ધર્મનું લક્ષણ 'चित्तप्रभवो धर्मः' બતાવ્યું છે. તેનો વિસ્તરાર્થ એ છે કે-મનથી ધર્મ, ધર્મથી ક્રિયા તથા ક્રિયાના આધારથી ભવનિર્વેદાદિ કૃત્યોનો જન્મ થાય છે માટે 'ચિત્તપ્રભવો ધર્મઃ' એ રીતે ધર્મનું લક્ષણ જાણવું. ચિત્ત-મનથી જે ઉત્પન્ન થાય તે ધર્મ, કારણ કે વિધિ પ્રતિષેધરૂપ ક્રિયા મનથી જ પ્રવર્તે છે અને આ ક્રિયા તે તો કાર્યરૂપ છે તથા ક્રિયારૂપી કાર્યનું અધિકરણ સ્થાન શરીર જ છે. એ પ્રમાણે ક્રિયાપ્રેરક મન શરીર આશ્રયી છે. એટલે પુષ્ટિ-શુદ્ધિએ કરી યુક્ત જે ભાવ મન તેની જે પ્રવૃત્તિ તે જ ધર્મ જાણવો.

ચિત્ત દ્રવ્ય ભાવ એમ બે પ્રકારનું છે. આત્મા ઔદારિક આદિ સ્થૂલ દેહના પ્રયત્નથી વિવિધ વિકલ્પો-વિચારો કરવા માટે મનોવર્ગણાના દ્રવ્યોને ગ્રહણ કરે છે, જે દ્રવ્યવડે આત્મા અનેક પ્રકારના વિચારો કરે છે તે 'દ્રવ્યમન' અને વિચારરૂપ અથવા વિચારકર્તા આત્મા તે 'ભાવમન.' દ્રવ્યમન પુદ્ગલસ્વરૂપી હોવાથી પુષ્ટિ શુદ્ધિ દર્શાવવામા કાંઇ તત્ત્વ નથી. માત્ર વિચારરૂપ જે ભાવમન જ પુષ્ટિ શુદ્ધિ કર્મનાશ દ્વારા થવાથી વિચારરૂપ, ભાવમન ગ્રહણ કર્યું છે, રાગાદિ મલવિકાર દૂર થવાથી ચિત્તની પુષ્ટિ શુદ્ધિ થાય છે, પરંતુ રાગાદિ વિકારવાન ચિત્તના અભિપ્રાયપૂર્વક જે ક્રિયા વ્યવહાર તે અહીં ધર્મ તરીકે સ્વીકાર્ય નથી.

ઉપર્યુક્ત આશયોના યોગે ચિત્તરૂપ ધર્મની

સ્યાદ્વાદમંજરી.

લે-વ્યા. કા. તીર્થમુનિ પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)

(ગતાંક પૃષ્ઠ ૯૪ થી)

શંકા-અનન્તવિજ્ઞાનત્વ તો સામાન્ય કેવળીમા પણ હોય છે? (સમાધાન) એટલે જ મહાવીરને સામાન્ય કેવળીઓથી જુદા કરવા માટે શ્રી વર્ધમાન વિશેષ્યપદની પણ વિશેષણરૂપે વ્યાખ્યા કરવી જોઇએ તે આ પ્રમાણે—

શ્રી થી ૩૪ અતિશયની સમૃદ્ધિનુ અનુભવાત્મકરૂપી જે ભાવ આર્હન્ત્ય તેનાથી વધતા! અર્થાત્ અતિશયોથી વધતા, વારૂ અતિશયોની સંખ્યા તો ૩૪ પરિમિત છે તો પછી અતિશયોથી વધતા એમ શા માટે કહેવુ પડ્યુ!

એના જવાબમા નિશિથચૂર્ણિ આગમમા, ભગવાનના ૧૦૦૮ સંખ્યાવાળા બાહ્ય લક્ષણો ઉપલક્ષણથી કહ્યા છે. અને અન્તરંગ લક્ષણો તો અનન્ત કહ્યા છે, માટે ૩૪ અતિશયોથી વધતા એમ કહેવામા કંઇ પણ દોષ નથી એટલા માટે મહાવીરને શ્રી વર્ધમાન વિશેષણ ઠીક છે!

પુષ્ટિ થાય છે અને પરિણામે શુદ્ધિ થાય છે જે આશયપૂર્વક આચરતા અનુષ્ઠાનોથી પુણ્યબંધ થયા તે 'પુષ્ટિ' અને અશુભ કર્મની નિર્જરા થાય તે 'શુદ્ધિ' કહેવાય છે અર્થાત્ શુભ કર્મનો ઉપચય તે પુષ્ટિ અને અશુભ-પાપ કર્મનો ક્ષય થવાથી ચિત્તની નિર્મળતા તે શુદ્ધિ જાણવી

વિશુદ્ધ આત્મા કર્મબંધથી મુક્ત થઇ સિદ્ધ બને છે એટલે જ સાક્ષાત સાધનોમા આ આશયોની વ્યાપકતા છે એ આશયો વિના આચરાતી આવશ્યકાદિક-સામાયિક, પ્રતિક્રમણ દાન, શીલ, તપ, દેવવંદન, પૂજા, કાયોત્સર્ગ, ધ્યાન વિગેરે પ્રત્યેક ક્રિયા દ્રવ્યરૂપ હોઇ તુચ્છ છે તથા કાયકલેશપ્રદ હોઇ નિરર્થક છે એટલુ જ નહિ બલ્કે અનર્થકર પણ થઇ જાય એ ષોડશક ગ્રંથમા સ્પષ્ટ છે

આ આશયોની પ્રાપ્તિની યોગ્યતાનુ સ્થાન અપુનર્બંધક દશા છે તે વિના કોઇ પણ જીવ આ આશયોને પ્રાપ્ત કરી શકતો નથી વાસ્તવિક તો સંયમી જ આ આશયોને પામી શકે છે સમ્યગ્દૃષ્ટિ પણ ઔપચારથી આ આશયોને પ્રાપ્ત કરી શકે છે પરંતુ ઉપચારથી સર્વ ગુણસ્થાનકનુ આદિમ સ્થાન હોઇ અપુનર્બંધક પણ આ આશયોને પરંપરાએ પામી શકે છે સિવાય બીજા જીવો બહુલ સંસારી હોવાથી આ આશયોને પ્રાપ્ત કરી શકતા નથી, કારણ કે તેઓ ચરમાવર્ત્તમા-છેલ્લા પુદ્‌ગલપરાવર્તમા નથી, અચરમાવર્તમા જીવો પ્રાયઃ ભવાભિનંદી હોય છે એ કાળમા આત્માનો કર્મ અભિભવ કરે, પરંતુ ચરમાવર્તમા જીવ કર્મનો અભિભવ કરે છે ચરમાવર્તને ધર્મનો યૌવનકાળ અથવા તો 'નવનીત કાળ' માનવામા આવ્યો છે, જ્યારે બાકીના પુદ્‌ગલ પરાવર્તોને બાલ્યકાળ અથવા 'તૃણ કાળ' માનવામા આવ્યો છે. એટલેજ એઓમા તાત્ત્વિક ધર્મપ્રાપ્તિની યોગ્યતા જ નથી એથી જ એવા જીવોના પ્રશમાદિ ગુણને પણ ભગવત આજ્ઞારુચિ નહિ થએલી હોવાના કારણે ગુણાભાસરૂપ છે

—

શંકા-અતીતદોષતા તો ઉપશાન્ત મોહ ગુણસ્થાનમાં રહેતાં જીવોને પણ હોય છે?

સમાધાન-એટલા માટે ક્ષીણમોહ નામના ૧૩ મે અપ્રતિપાતિ ગુણસ્થાનમાં રહેતાં જીવના ગ્રહણ કરવા માટે જિન આ પ્રમાણે વિશેષણ મૂક્યું. રાગાદિને મૂળથી ઉખેડી દેવાથી જિન કહેવાય છે.

શંકા-અબાધ્યસિદ્ધાન્તતા શ્રુતકેવળીમાં પણ હોય છે કારણ કે શ્રુતકેવળી પણ શ્રુતના આધારે તમામ પદાર્થોને જાણે છે.

સમાધાન—શ્રુતકેવળીનો પરિહાર કરવા માટે મહાવીરને આપ્ત મુખ્ય આ પ્રમાણે વિશેષણ લગાડ્યું. આપ્ત શબ્દ આપ્તિ શબ્દ ઉપરથી બનેલ છે. રાગદ્વેષ મોહ વિગેરેનો નિશ્ચય કરી સર્વથા ક્ષય તેને આપ્તિ કહે છે. તે આપ્તિ જેમાં છે તે આપ્ત કહેવાય છે. એવા આપ્તોમા પણ મુખ્ય મહાવીર પ્રભુ છે. જેમ સર્વ અંગોમાં મુખ પ્રધાન છે. શ્રુતકેવળી રાગદ્વેષ સહિત હોય છે માટે તેઓ આપ્ત નથી.

શંકા—અમર્ત્યપૂજ્યતા તો સાધારણ મુનિઓમાં પણ હોય છે કે જેઓ ગુરુના ઉપદેશ પ્રમાણે તપશ્ચર્યાદિ અનુષ્ઠાન કરે છે તો પછી મહાવીરમાં શાની વિશેષતા રહી?

સમાધાન—એટલા જ માટે સાધારણમુનિઓથી અલગ કરવા માટે મહાવીરને સ્વયમ્ભૂ આ પ્રમાણે વિશેષણ લગાડ્યું છે. તે આ પ્રમાણે—સાધારણ મુનિઓ ગુરુના ઉપદેશની અપેક્ષા રાખે છે, જ્યારે મહાવીર પરોપદેશની અપેક્ષા રાખ્યા વગર સ્વયંબુદ્ધ છે.

એવા મહાવીરની સ્તુતિ કરવા માટે હું (હેમચન્દ્રાચાર્ય) યત્ન કરીશ.

શંકા-આચાર્યશ્રીજીએ સ્તુતિનો આરમ્ભ કરી દીધો છે, છતાં યતિષ્યે ભવિષ્યકાલનો પ્રયોગ શા માટે?

સમાધાન-આચાર્યશ્રીનો અભિપ્રાય યતિષ્યે આ પ્રમાણે ભવિષ્ય કાલનાં પ્રયોગથી, યોગિઓને પણ અશક્ય અનુષ્ઠાનવાળા ભગવાનના ગુણસ્તવનમાં પોતાની શ્રદ્ધા જ અસાધારણ કારણ છે એમ બતાવતાં યત્ન કરવો મારા આધીન છે, નહિ કે ફલપ્રાપ્તિ, અર્થાત્ હું પ્રભુની સ્તુતિ બરાબર કરી શકીશ કે નહિ એટલા જ માટે ભવિષ્યકાલનો પ્રયોગ કર્યો છે.

અહમ્ પદથી બીજાનો ઉપદેશ અથવા કોઇનું અનુકરણ કર્યા વગર મારી શ્રદ્ધાથી જ આ સ્તુતિ કરું છું.

અથવા હેતુ હેતુમદ્ભાવથી આ શ્લોકની વ્યાખ્યા આ પ્રમાણે છે.

જે કારણથી સમ્પૂર્ણ કર્મનો ક્ષય થવાથી ઉત્પન્ન થયેલ અનન્તચતુષ્ક (અનંતજ્ઞાન-અનન્તદર્શન, અનન્ત ચારિત્ર અને અનન્તવીર્ય) રૂપી સંપત્તિથી વધે છે એટલે જ અનન્તવિજ્ઞાનનાં ધારક છે. યદ્યપિ પ્રભુ મહાવીરની અનન્તચતુષ્કરૂપી સંપત્તિની ઉત્પત્તિ પછી સર્વ કાલમાં તે અનન્તચતુષ્ક સરખા રહે છે, ઘટતાં વધતાં નથી છતાં સર્વ કાલ સાથે રહેવાથી જ્યારે તે ઘટતાં નથી તો પછી ઉપચારથી વધે છે એમ કહેવામાં દોષ નથી. અનન્તચતુષ્કની ઉત્પત્તિમા અનન્તવિજ્ઞાન સમાઇ જાય છે તેમ છતાં અનન્તવિજ્ઞાન વિશેષણ પરોપકારમાં સાધકતમ હોવાથી બીજા ત્રણ (અનન્તદર્શન, અનન્તચારિત્ર, અનન્તવીર્ય)થી આમાં વિશેષતા છે એમ ધારીને અનન્તવિજ્ઞાન શબ્દ મૂક્યો છે.

શંકા—જેવી રીતે ભગવાનનું અનન્તવિજ્ઞાન પર માટે છે એવી રીતે કેવળદર્શન જેવું

શ્રી યશોવિજયજીકૃત વાસુપૂજ્ય જિન સ્તવનનું વિવેચન.

વિવેચકઃ—

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી. બી. એસ.

પ્રભુના પરમ અદ્‌ભુત ગુણુમય સ્વરૂપની જેના મન પર જાદુઈ અસર ઊપજી છે, અને તેથી જેને તે પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ પ્રગટ્યો છે, એવા ભક્ત કવિ **યશોવિજયજી** પરમ પ્રેમાવેશથી ગાય છેઃ—

સ્વામી તુમે કાંઈ કામણ કીધું,
  ચિતડું હમારું ચોરી લીધું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા!
  મોહના વાસુપૂજ્ય જિણંદા!
અમે પણ તુમશું કામણ કરશું,
  ભક્તે ગ્રહી મન-ઘરમા ધરશું. સાહિબા. ૧.

અર્થઃ—હે સાહેબ વાસુપૂજ્ય જિણંદ! હે મોહન વાસુપૂજ્ય જિણંદ! હે સ્વામી! તમે કાંઇ અજબ કામણ-વશીકરણ-જાદુ કર્યું છે! ને અમારું ચિત્ત ચોરી લીધું છે-હરી લીધું છે! અમે પણ સામું તમારા પર કામણ-વશીકરણ-જાદુ કરશું, અને તમને ભક્તિથી ગ્રહી મન-ઘરમાં ધારણ કરશું, મનોમંદિરમાં પધરાવશું.

વિવેચનઃ—જિનો એટલે રાગ-દ્વેષ-મોહ વગેરે અંદરના શત્રુઓ જેણે જીત્યા છે એવા વીતરાગ સત્‌પુરુષો, તેઓમાં ઇંદ્ર-ઉત્તમ-શ્રેષ્ઠ, એવા હે વાસુપૂજ્ય જિણંદ! જિનેશ્વર પોતાના મોહને હણનારા, અદ્‌ભુત સ્વરૂપથી મોહ ઉપજાવનારા, એવા હે મોહન વાસુપૂજ્ય જિણંદ! આત્મસ્વરૂપના સ્વામી એવા હે ત્રિભુવન સ્વામી! સાહેબ! તમે અમારા ઉપર કાંઇ અજબ, આશ્ચર્યકારી, અદ્‌ભુત કામણ કર્યું છે, કોઈ ન કહી શકાય એવું જાદુ કર્યું છે, વશીકરણ કર્યું છે, અને અમારા ચિત્તને તમે ચોરી લીધું છે, હરી લીધું છે. જેના પર કામણ કરવામાં આવે છે, તે પછી તે કામણ કરનારને જ દેખે છે, તેમ હે મન-મોહન સ્વામી! તમે પણ અમારા ઉપર એવું અજબ કામણ કર્યું છે કે અમે હવે તમને જ દેખીએ છીએ; તમારા અનુપમ ગુણ સ્વરૂપે અમારા પર એવી ભુરકી આંજી છે કે અમારું ચિત્ત તમારું જ દર્શન કરે છે! અમે પણ સામું બદલામાં તમારા પ્રત્યે કામણ કરશું, તમારા પર જાદુ-વશીકરણ કરશું, તમને વશ કરશું, અને તમને ભક્તિવડે ગ્રહીને-ગ્રહણ કરીને મનરૂપી ઘરમાં ધારણ કરશું! હે પ્રભુ! તમે જેમ અમને વશ કરી લીધા તેમ અમે પણ તમને વશ કરી લઇશું! અને ભક્તિના પાશથી-બંધનથી તમને ગ્રહીને-

---

બીજું નામ અનન્તદર્શન પણ પર માટે જ છે! કારણ કે કેવળજ્ઞાન અને કેવળદર્શન આ ક્રમથી જ પ્રાપ્ત થયેલ સામાન્ય વિશેષાત્મક પદાર્થસમુદાય પ્રભુ બીજાને કહે છે, તો પછી અનન્તદર્શન પદ શા માટે ન મૂક્યું?

સમાધાન—અનન્તવિજ્ઞાનમાં જે વિજ્ઞાન શબ્દ પડેલ છે તેનાથી અનન્તદર્શનનો પણ સંગ્રહ થઈ જાય છે.

પકડીને, તમે અમારા ચિત્તની ચોરી કરી એ ગુન્હાના બદલામાં, અમારા મનરૂપી ઘરમાં તમને કેદ કરશું! ના દિવાન બનાવશું! અથવા મનનું હરણ કરનારા તમે 'મનોહર'-સુંદર હોવાથી, તમને પરમ ભક્તિથી ગ્રહણ કરી, અમે અમારા સુંદર મનોમંદિરમાં પધરાવશું.

આમ ત્રણે ભુવનના સ્વામી જે ભગવાન્ જિનેશ્વર, તેને પણ વશ કરવાની હિંમતભરી વાત ખૂબીથી અહીં કવિએ કરી છે. પરમ પ્રેમથી તે પ્રભુને કહે છે કે-તમે જશો ક્યાં? અમે તમારા પર ભક્તિનું એવું તો ભૂરું કરશું અને પ્રેમબંધનથી તમને એવા તો બાંધશું કે તમારે અમારા મનોમંદિરમાં પધારવું જ પડશે.

ત્યારે જાણે પ્રભુ કહેતા હોય કે-હે યશોવિજય! અમે તો શુદ્ધ મંદિરમાં અથવા વૈકુંઠમાં વાસ કરીએ. તેનો જવાબ આપતા કવિ આગળ કહે છેઃ—

મન ઘરમાં ધરિયા ઘર શોભા,
    દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભકતે,
    યોગી ભાખે અનુભવ યુકતે...સાહેબા ૨.

અર્થઃ—અમારા મન-ઘરમાં તમને ધરવામાં આવ્યા, એટલે તમે તે ઘરની શોભા દેખતાં નિત્ય સ્થિર થઈને ત્યાં જ થોભી જશો! અકુંઠિત-અખંડ ભક્તિવડે કરીને મન એ જ વૈકુંઠ (પ્રભુનો વાસ) છે, એમ યોગી અનુભવની યુક્તિથી કહે છે.

વિવેચનઃ—અત્રે કવિ કહે કે-હે પ્રભુ! શુદ્ધ પવિત્ર ને સુંદર મંદિરમાં જ આપને પધરાવવાના હોય, એ અપેક્ષા અમારા લક્ષમાં છે. અને અમારું મનોમંદિર પણ એવું શુદ્ધ, પવિત્ર ને સુંદર છે, એટલે જ અમે એમાં આપને પધરાવવાની ભાવના કરીએ છીએ. આવા અમારા મનોમંદિરમાં પધરાવવામાં આવતાં હે પ્રભુ! તમે એ મંદિરની એવી અપૂર્વ શોભા દેખશો, એવી અપૂર્વ શુદ્ધતા-પવિત્રતા-સુંદરતા નિહાળશો, કે દિંગ થઈ જઈને તમે ત્યાં જ નિત્ય સ્થિર થઈને થોભી જશો! તમને તે છોડવાનું મન પણ નહિ થાય! તમે ત્યાં જ નિરંતર સ્થિર વાસ કરીને રહેશો!

ત્યારે પ્રભુ જાણે કહે છે કે-અમારો વા. તો બીજાઓ કહે છે તેમ 'વૈકુંઠ'માં છે, તો પછી અમે અહીં કેવી રીતે વસશું? તેનો જવાબ આપતાં ભક્ત કવિ કહે છે કે—અકુંઠિત-અખંડિત એવી ભક્તિ જો મનમાં ભરી હોય, તો મન એ જ વૈકુંઠ છે, એ જ પ્રભુનું નિવાસધામ છે, એમ યોગી-આત્માનુભવી પુરુષો અનુભવની યુક્તિથી કહે છે, માટે હે પ્રભુ! અમારા શુદ્ધ મનોમંદિરમાં અથવા મનોવૈકુંઠમાં તમને પધરાવવાનો અમારો નિશ્ચય કાયમ છે.

એટલે પ્રભુ જાણે કહેતા હોય કે-અમે તો મોક્ષમાં-શાશ્વત શિવપદમાં વાસ કરીએ છીએ, અમે તારા મનમાં કેવી રીતે વસીએ? તેનો ઉત્તર આપતાં શ્રીયશોવિજયજી કહે છે—

કલેશે વાસિત મન સંસાર,
    કલેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમ આવ્યા,
    પ્રભુ તો અમે નવ નિધિ ઋદ્ધિ પામ્યા.
                    સાહેબા. ૩.

અર્થઃ—કલેશથી વાસિત જે મન તે જ સંસાર છે, અને કલેશથી રહિત એવું મન તે જ ભવનો પાર અર્થાત્ મોક્ષ છે. જો વિશુદ્ધ મનરૂપી ઘરમાં તમે આવ્યા-પધાર્યા, તો અમે નવનિધિ અને સર્વ ઋદ્ધિ પામ્યા.

વિવેચનઃ—કલેશથી અર્થાત રાગ-દ્વેષ-મોહ આદિ કલેશથી વાસિત-વાસનાવાળું-વાસનામય દુર્ગંધવાળું જે મન તે જ સંસાર છે; અને તે રાગ દ્વેષાદિ કલેશ વિનાનું જે મન તે જ ભવનો પાર-મોક્ષ છે. એટલે રાગ-દ્વેષ-

મોહરૂપ કલેશથી રહિત એવા મારા વિશુદ્ધ મનમા હે પ્રભુ! આપ નિવાસ કેમ ન કરો? જરૂર કરો જ, એવો મારા મનમા અખંડ નિશ્ચય છે. અને એક વખત હે પ્રભુ! જો તમે મારા વિશુદ્ધ મનોમંદિરમાં આવ્યા, પધાર્યા, તો અમે નવે નિધિ અને સર્વ ઋદ્ધિ પામી ગયા

પછી જાણે પ્રભુ કહેતા હોય કે–

અમે તો આટલે દૂર બેઠા છીએ, તે તારા મનમા કેવી રીતે પેસશું? તેનો રદીઓ આપતા કહે છેઃ—

સાત રાજ અળગા જઇ બેઠા,
પણ ભકતે અમ મનમા પેઠા,
અળગાને વળગ્યા જે રહેવું,
તે ભાણા ખડખડ દુઃખ સહેવું
સાહેબા૦ ૪

અર્થ:—તમે સાત રાજલોક જેટલે દૂર અળગા થઈને બેઠા છો, પણ ભકિતવડે કરીને તમે અમારા મનમા વળગ્યા રહેવું–ચોટ્યા રહેવું તે 'ભાણા ખડખડ' દુઃખ સહેવા જેવું છે અર્થાત્ જમવા બેઠા હોઇએ, પણ જ્યાસુધી પીરસાયુ ન હોય ત્યાસુધી તેને માટે તલપાપડ થઇ રહીએ ને આકુલ થઈએ, તેના જેવુ આ છે

વિવેચનઃ—હે પ્રભુ! તમે સાત રાજલોક જેટલે દૂર અળગા ભલે બેઠા, પણ ભકિતવડે કરીને પરમ પ્રેમ-તંતુથી બંધાયેલા હોઇ તમે અમારા મનમા પેઠા છો પ્રથમ તો હું તમને મારા મનમંદિરમા પધરાવવાની ભાવના ભાવતો હતો, પણ હવે તો તમે મારા મન-ઘરમા 'પેઠા' છો, પ્રવેશ કરી ચૂકયા છો આમ ભાવથી જોતા દેશ-કાળના બંધન કોઇ છે નહિ છતા દ્રવ્યથી ને ક્ષેત્રથી તમે હજુ અળગા છો, દૂર છો, અને હું તમને વળગી રહ્યો છુ, પરમ આસક્તિથી તમને ચોટી રહ્યો છું. આમ અળગાને જે વળગ્યા રહેવું, તે 'ભાણા ખડખડ' દુ.ખ સહેવા જેવુ છે અર્થાત્ ભોજન પર બેઠા હોઇએ પણ જ્યાસુધી કશું પીરસાયું ન હોય ને ભાણા ખડ ખડ થયા કરે, અને 'કયારે પીરસાય! કયારે પીરસાય!' એમ જમવા બેસનારની આકુલતા ક્ષણે ક્ષણે વધતી જાય, તેના દુઃખ જેવું આ મારુ દુઃખ છે પીરસણીઆ પાસે લાડુ આવે ત્યારે ભોજન કાર્ય થાય, તેમ હે પ્રભુ! હું તમને પ્રેમથી વળગ્યો છું, છતા આ અળગાપણું મને તેવું જ દુઃખ આપે છે, તેવુ જ સાલે છે માટે એ અળગાપણું પણ કયારે દૂર થાય? એમ હું તે ભોજન કરનારની જેમ તલપાપડ થઇ ક્ષણે ક્ષણે ઇચ્છુ છુ.

છેવટે, એ અળગાપણું પણ જરૂર દૂર થશે, એવી પોતાની શ્રદ્ધા જાહેર કરતા ભક્ત કવિ ગર્જે છે કે.—

ધ્યાતા ધ્યાન ધ્યેય ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે,
ક્ષીર નીર પરે તુમશુ મળશુ,
વાચક યશ કહે હેજે હળશુ...
સાહેબા ૫

અર્થ—ધ્યાતા-ધ્યાન કરનાર, ધ્યાન અને ધ્યેય-જેનુ ધ્યાન ધરવામા આવે છે તે પ્રભુ,- એ ત્રણેના ગુણ એક થતા, અમે હવે ટેકથી ભેદનો છેદ કરશુ અને તમારી સાથે દૂધ અને પાણીની જેમ મળી જઇશુ, એમ વાચક યશો વિજય કહે છે

વિવેચકઃ—છેવટમા ભક્ત કવિ યશોવિજય, દૃઢ આત્મવિશ્વાસથી અખંડ શ્રદ્ધાથી પ્રતિજ્ઞા કરે છે કે-હે પ્રભુ! તમારું ધ્યાન કરનાર એવો હુ ધ્યાતા, જે વડે ધ્યાન ધરાય છે તે વિધિરૂપ ધ્યાન, અને જેનુ ધ્યાન ધરુ છું એવા ધ્યેયરૂપ તમે પરમાત્મા—એ ત્રણેના ગુણની એકતાવડે કરીને, અમે હવે ટેકથી-પ્રતિજ્ઞાથી જે અળગાપણાનો ભેદ છે તેનો પણ છેદ કરી નાખશું, તે ભેદ કાપી નાખશું અને ક્ષીરનીરની જેમ-દૂધ ને પાણીની જેમ તમારી સાથે અમે અખંડ-અભેદપણે મળી જઇશુ, અને હેજથી-હેતથી-પરમ પ્રેમરૂપ એક રસથી સાથે હળી જઇશું, હળી-મળીને રહીશું અર્થાત્ પરમાનંદમય મોક્ષરૂપ શાશ્વત પદમા અનંત કાળ સ્થિતિ કરશુ.

ધર્મ-કૌશલ્ય.

(૫૯)

ભૂલ ન થવા દેવી-Avoid mistakes—

ભૂલ ન થવા દેવી-એ મુશ્કેલ છતાં લાભ કારક વાત છે.

નં. ૮. ધર્મદષ્ટિએ સ્ખલનાને ભૂલ ગણવામાં ાવે છે. તમારો નિયમ સવારે પાચ વાગે ઊઠવાનો ય અને ન ઊઠો તો તે સ્ખલના કહેવાય, એટલે ભૂલ કહેવાય. તે જ પ્રમાણે તમે સારા અવસરે ારાત્મક કે નકારાત્મક નિયમ કર્યા હોય તે નિય-માં જરા પણ સ્ખલના થવા દેવી એ ભૂલ કહેવાય

દરરોજ પાંચ માળા ગણવી કે બે ચાર સામાયિક વાનો નિયમ હકારાત્મક કહેવાય અને અણગળ ણી ન પીવું કે કંદમૂળનું ભક્ષણ ન કરવાનો યમ કરવો એ નકારાત્મક નિયમ કહેવાય છે. વા નિયમમાં જરા પણ ઠોકર ખાવી, ગોટાળો વો કે અપવાદ સેવવો એ સ્ખલના કહેવાય અને ાવા માટે તે ભૂલ કહેવાય.

એ જ પ્રમાણે વ્યવહારના નિયમોમા, નીતિના રણોમાં, વચન વિચાર કે વર્તનના અમલમા જરા ણ સ્ખલના કરવી તેને ધર્મદષ્ટિએ ભૂલ કહેવામાં ાવે છે.

કેટલાંક ધર્મઅનુષ્ઠાનમાં શોચના ક્રિયાના જાળ ાવવાના નિયમો હોય છે, એ બાંધેલા કે ફરમા-ના નિયમોમાં સ્ખલના કરવી. તેનો અત્યાચાર વો, તેનો ભંગ કરવો કે માર્ગ કે આજ્ઞાનો લોપ વો તે સ્ખલના છે અને એ સ્ખલનાઓ ભૂલની રિમાં બરાબર આવે છે.

ધર્મપ્રિય માણસે કોઈ જાતની ભૂલ ન કરવી મુશ્કેલ બાબત છે પણ તેમ ન થવા દેવું એ અંતે સારો લાભ કરનાર અને ઈષ્ટ સ્થાનકે કે ધારેલ આદર્શે પહોંચવામાં ખૂબ મદદગાર થઈ પડે છે. કોઈ પણ પ્રકારની માનસિક, વાચિક કે કાયિક સ્ખલનાથી દૂર રહેવું, સ્ખલના થવા દેવી જ નહિ એ ભારે ચીવટ, દઢ સંકલ્પ અને એક-નિષ્ઠાનું જ પરિણામ હોય છે. સ્ખલના થવા ન દેવી કે ઈરાદાપૂર્વક કોઈ પણ બાબતમાં ન કરવી એ ખૂબ ઇચ્છવા લાયક હોવા છતાં મુશ્કેલ કામ છે. છદ્મસ્થ પ્રાણી અનેક ખાડામાં પડી જાય છે, ગુંચવણમાં લપેટાઈ જાય છે, અડચણ આવે ત્યારે તેને સપાટે ચઢી જાય છે, આગળ વધતાં ઠેસ વાગે ને અટવાઈ જાય છે અને કઈંક વાર થાકથી ત્રાસથી બેદરકારીથી કે ગફલતીથી ભૂલનો ભોગ થઈ પડે છે એવી ભૂલ ન થવા દેવા માટે હૃદયબળ ખૂબ કામ આપે છે, અંતરનો નિશ્ચય કારગત નીવડે છે, સાવ-ધનતા જાગૃતિ રાખે છે અને સતત જાગૃતિ અને ખંતને પરિણામે પ્રાણી સ્ખલના ઉપર પણ ધીમો પણ મક્કમ વિજય મેળવે છે.

આવા પ્રકારની સતત જાગૃતિ રાખવી એ આકરી વાત છે. દુન્યવી આકર્ષણો, સ્થૂળ લાલચો, પૌદ્ગલિક ખેંચાણો અને અંતરનિર્ણયની ઊણપ પ્રાણીને ભમતો રખડતો ભૂલાવા ખાતો કરી મૂકે છે. એની ઉપરવટ થઈ જે પ્રાણી સ્ખલના પર વિજય મેળવે છે, ભૂલ પર સામ્રાજ્ય મેળવે છે, સ્થૂળ પર અંતરનું બળ વાપરે છે. તે ખરો ધર્મપ્રિય-ધર્મી માણસ છે અને તે અંતે વિજયશ્રી મેળવા માર્ગ તરફ આગળ વધે છે અને તે મળે ત્યારે જ વિરમે છે.

No. 8. It is difficult to avoid mistakes but it pays to do so.

Thoughts of the Great.

(૧૦)

Perseverence—ચીવટ

ચીવટથી પ્રયત્ન ચાલુ રાખવો-મુશ્કેલ છે છતા લાભકારી છે

નં. ૯. ધર્મપ્રિય માણસ ભૂલ કરે, ગોટાળે ચઢી જાય, પાછો પડે પણ એની માન્યતાની બાબ તમા હિમત ન હારે, સાધ્ય પ્રાપ્ત ન થાય ત્યા સુધી પાછો ન હઠે, પણ ચીવટથી પોતાના મુદ્દાને વળગી રહે અને અ દરખાનેથી જરા પણ મુઝાયા વગર પોતાનો કાર્યક્રમ ચાલુ રાખે. આ વાતને અને ન ૮ ના ઉપરના ભૂલ ન કરવાના મુદ્દાને જરા પણ વિરોધ નથી, તે આપણે જોઇએ

આત્મ સન્મુખ દૃષ્ટિવાળા પ્રાણીએ ત્રાટક સાધવાનુ નક્કી કર્યું છે એમ આપણે ધારીએ ત્રાટક સાધવામા એક પ્રિયમૂર્તિને હૃદયમાં ધારી લેવી અને એના પર એટલી એકાગ્રતા કરવી કે પછી ગમે તે વખતે તે ત્રાટકમૂર્તિ માનસ ચક્ષુ સમક્ષ ખડી થઇ જાય આ કાર્ય કામ અને કાયાપર કાબૂને પરિણામે સાધી શકાય છે, અને યોગના પ્રથમ પગથિયા જેવી સાદી હકીકત છે છતા યોગને માર્ગે ચડેલ પણ પંથે ન પડેલ સાધકને એમા પણ ઘણી મુશ્કેલી પડે છે એ સાધ્યને જલદી સિદ્ધ કરી શકતો નથી, પણ એ ગભરાયા વગર ત્રાટક સાધવા પ્રયત્ન ચાલુ રાખે છે આવા પ્રકારની ચીવટ રાખવી એ મુશ્કેલ બાબત છે, ઘણાને આકરી પડે છે, કેટલાક અર્ધરસ્તે કટાળી જાય છે, પણ જો એ પોતાના પ્રયત્નને વળગી રહે તો અતે એને કાર્યસિદ્ધિ વરે છે અને એને પોતાને ખૂબ લાભ થાય છે, એનો અતરાત્મા પ્રસન્ન થાય છે અને ધ્યેયપ્રાપ્તિ વખતે થતા ભવ્ય આનદનો એ પ્રસાદ અનુભવે છે

પણ એવા પ્રકારના પ્રયત્નો ચાલુ રાખવા એ કપરી વાત છે વિઘ્નના ભયથી પ્રયત્ન આરંભે જ નહીં એવા ઘણાખરા હોય છે, કામ કરતા અડચણ થાય ત્યારે કામને છોડી દેનારા પણ ઘણા હોય છે, પણ ગમે તેટલા વિઘ્નો આવે પણ 'કાર્ય સાધયામિ, વા દેહં પાતયામિ' શરીર પડે તો પણ અટકયા વગર કામ સાધવાની ધગશવાળા અને કામને વળગી રહેનાર બહુ ઓછા હોય છે, પણ એવા માણસો જ ખરા ધર્મપ્રિય છે એમ સમજવુ અને વિઘ્નથી ડરવાનુ શુ ? માણસની પરીક્ષા જ વિઘ્ન વખતે છે. સીધો સરળ રસ્તો હોય એના પર ગ ડી ગબડાવે જવી એ તો ધાંધલી ધાંધલ પણ કરે, એમાં ખૂબી શી ? એમાં બલ કયુ ! એમા ખરી ધગશ કયા ? એવી જ રીતે ધર્મના અભ્યાસમાં, ધર્મ ક્રિયાના સવ્યવહારમાં, પુસ્તક વાચનમા, આવશ્યક ક્રિયા કરવામાં, કાગ ગ્રહણ કરવામાં કે સયમ કે ત્યાગ કરવામાં ચીવટપૂર્વક પ્રયત્ન ધપાવે રાખવો એમા ખરી વિશાળતા, આદરતા, આર્દ્રતા અને મૂલ્યવત્તા છે. અને ધર્મવ્યવહારમાં કાયરતાનુ કામ નથી, ઉપરછલ્લા રસને અવકાશ નથી, ગોટાળીઆ પણાને સ્થાન નથી, વિકાસક્રમમા આગળ ધપનારે સાધ્યને જ લક્ષ્યમા રાખવુ, કયા જવુ છે તેને જ નજર સન્મુખ રાખવું અને પ્રયત્ન કરતા અત રાય તૂટી જશે, રસ્તો મોકળો થશે, માર્ગ મળી આવશે અને દૂર છેટે સાધના દર્શન થશે, માટે ચાલુ પ્રયત્ન ચીવટથી રાખવો, બની શકે ત્યાં સુધી ભૂલ ન થવા દેવી અને પાછા પડાય તો પણ પ્રયત્ન ચાલુ રાખવો એનુ નામ ધર્મપ્રિયતા અને રસિકતા છે

મૌક્તિક

No 9 It is difficult to keep on trying but pays to do so.

Thoughts of the Great

યાત્રાના નવાણું દિવસ.

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

કેટલીક મુદ્દાની વાતો.

ભવ્ય અને ચૈતન્ય પ્રેરક સંસ્કૃતિના સ્થાપક તીર્થંકર દેવો સતત વંદનીય છે. ધ્યાન અને નિવૃત્તિ માટે પાર્વતીય પ્રદેશની પસંદગી અતિ સુંદર છે. ગુરુદેવ! મેં આપશ્રીના એ ઉદ્‌ગારો સાંભળ્યા છે અને ખરેખર એ હરકોઈના હૃદયને રૂચે તેવા છે.

ભાઇ, વાર્તાપ્રવાહમાં આગળ વધતાં મારે જણાવવું જોઈએ કે આ પંચમ આરામાં જીવન પંથ ઉજાળવામાં ખાસ ઉપયોગી થઇ પડે એવા બે સાધન જિનમૂર્તિ અને જિનાગમ સંબંધમાં જે કહ્યું એ ઉપરથી તું શ્રદ્ધાપૂર્વક, જ્ઞાનપ્રાપ્તિની દૃષ્ટિ રાખી, સાહિત્યના પાના અવલોકીશ, એ ઉપર ચિંતન, મનન અને નિદિધ્યાસન કરીશ તો માનવજન્મ સફળ કરવાના નવનવા માર્ગ જણાશે. એક વાત ખસુસ યાદ રાખવાની કે કષાય યાને રાગદ્વેષને કમી કરવાનું ચાલુ રાખી, સમભાવ વૃત્તિ કેળવવી, એ જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી માત્ર જ્ઞાનાર્જન યથાર્થ ફળ નહીં આપે. આ શાશ્વત ગિરિ પર ચરમતીર્થપતિશ્રી વર્ધમાનસ્વામી જરૂર પધાર્યા હશે કેમકેઃ—

'વીરજી આવ્યારે વિમલાચળ કે મેદાન' કિંવા—'નેમ વિના ત્રેવીશ પ્રભુ આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી' એ વચનો સાવ કલ્પનામાંથી તો ન જ ઉદ્‌ભવ્યાં હોય. તેઓશ્રીએ ગિરિ પ્રવચનો વેળા ઘણી ઘણી બાબતો કહી છે એમાંની આ મુદ્દાની વાત અંતરમાં લોખંડના ટાંકણે કોતરી રાખવાની છે. સાહિત્યસમ્રાટ અને કવિવર્ગમાં અગ્રપદ ધરાવતા સ્વર્ગસ્થ રવીન્દ્રનાથ ઠાકુરે પણ એની નોંધ લીધેલી. જૈનેતર વિદ્વાન્ જેની નોંધ લ્યે એ અવશ્ય સ્મરણીય લેખાય. "મહાવીરે ડિંડિમ નાદથી એવો મોક્ષનો સંદેશ હિંદમાં વિસ્તાર્યો કે 'ધર્મ' એ માત્ર સામાજિક રૂઢિ નહીં પણ વાસ્તવિક સત્ય છે. મોક્ષ એ સાંપ્રદાયિક બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મળતો નથી પણ સત્ય ધર્મના સ્વરૂપમાં આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે, અને 'ધર્મ'માં મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી."

આવો અપૂર્વ સંદેશ આપનાર ભગવંતના જીવતાં તેમની પ્રતિકૃતિ બની હોય કિંવા પૂજાઇ હોઇ તો એમાં આશ્ચર્ય શું હોઈ શકે? આમ જનસમૂહ સંતની પાછળ ભક્તિથી ખેંચાય એ વાત આ આર્યાવર્તમાં નવી નથી જ. એટલે જ ચૈત્યો-સ્તૂપો-દેવાલયો વિપુલ સંખ્યામાં દૃષ્ટિગોચર થાય છે. જેઓ નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવરૂપ ચાર 'નિક્ષેપા'ને સ્વીકારે છે એમને મૂર્તિપૂજા નથી તો અંધશ્રદ્ધારૂપ કે નથી તો અજ્ઞાનતાના વિલાસરૂપ! સમજપૂર્વક એ અંગેની કરણી 'ઇલિકા જેમ ભમરીનું ધ્યાન ધરતાં ભમરીરૂપ' બને છે તેમ આત્માને પરમાત્મ સ્વરૂપે પરિણમવામાં કારણરૂપ નીવડે છે. 'જિનપ્રતિમા જિન સારીખી' એ ટંકશાળી વચન પાછળનું રહસ્ય યથાર્થ જ્ઞાન વિના ન સમજાય. 'ચૈત્ય' શબ્દના નિમ્ન અર્થો પ્રચલિત છે. (૧) ચિતા ઉપરનું સ્મા-

રક ચિન્હ, કિંવા ચિતાની શખ. (૨) ચિતા ઉપરનો પાષાણુ ખંડ કે શિલાલેખ. (૩) ચિતા ઉપરનું પીપળાનું કે તુલસી બીજું પવિત્ર વૃક્ષ (૪) ચિતા ઉપર ચણેલા સ્મારક પાસેનો હોમકુંડ (૫) ચિતા ઉપર દેરીના ઘાટનું ચણતર અર્થાત્ સામાન્ય દેરી. (૬) ચિતા ઉપરની પગલાવાળી દેરી કે ચરણ પાદુકા (૭) ચિતા ઉપરનું દેવળ કે વિશાળકાય મૂર્તિ. (૮) મંદિર (૯) મૂર્તિ પાછળના બે અર્થ લૈકિક સંકેતસૂચક છે. આગમ જ્ઞાન જેમ મૂર્તિપૂજાની પવિત્રતા બતાવે છે તેમ સાચા સાધુત્વની મર્યાદા પણ આંકે છે. ભાગવતી દીક્ષા પવિત્રતમ વસ્તુ હોવા છતાં એ જ આગમ ગ્રંથો પુરુષ આશ્રયી અઢાર પ્રકારે અને સ્ત્રી આશ્રયી વીશ પ્રકારે અયોગ્યતા દાખવે છે તે નિમ્ન પ્રકારે—

૧. બાળ. ૨. વૃદ્ધ. ૩. નપુંસક. ૪ કલીબ. ૫. જડ (ભાષા, શરીર કે ક્રિયાથી) ૬. વ્યાધિગ્રસ્ત. ૭. ચોર કે લૂટારો ૮ રાજદ્રોહી ૯. ઉન્મત્ત. ૧૦. અંધ. ૧૧. દાસ (દાસીથી ઉત્પન્ન થયેલ કિંવા વેચાતો લીધેલ) ૧૨. દુષ્ટ (દોષિત કે કષાયી) ૧૩. મૂઢ (વિવેકહીન) ૧૪. કરજદાર ૧૫. જુંગિત. (હીનજાતિનો) ૧૬. અવબદ્ધ (પૈસા કે વિદ્યાની આશાથી વ્રત લેનાર.) ૧૭ ભૃતક (પૈસા આપી લીધેલ) ૧૮ નિષ્ફેટિક (માતાપિતા કે વડિલે રજા આપી ન હોય તેવી વ્યક્તિને અપહરણ કરીને લાવે)

તા. ક. વડીલની કે માતાપિતાની રજા વગર વ્રત આપવાથી એ કાર્ય કર્મબંધના કારણ રૂપ નીવડે છે. દીક્ષા આપનાર અદત્તાદાન લેવાના દોષનું ભાજન થાય છે. ઉપરના અઢાર સાથે (૧) સગર્ભા અને (૨) નાના છોકરાંવાળી એ બે પ્રકાર મેળવતાં નારીજાતિ માટે વીશ થાય છે.

ગુરુજી! જ્યારે અયોગ્યતા દાખવી ત્યારે એ સામે લાયકાતનું પ્રમાણપત્ર પણ નક્કી કર્યું જ હશેને?

હા, એ પણ કથન કરાયેલું જ છે. એના ભેદ સોળ છે.

૧. આર્યદેશઉત્પન્ન. ૨. કુળવાન ૩. શુભકર્મો કરવાવાળો. ૪. વિશુદ્ધ, પ્રજ્ઞાવંત. ૫. સંસારની અસારતાનો જાણુ ૬. સંસાર સુખથી વિરક્ત. ૭. મંદકષાયી. ૮. અલ્પ હાસ્યાદિ પ્રકૃતિવાળો. ૯ કૃતજ્ઞ. ૧૦ વિનયી. ૧૧ રાજાની સમ્મતિ મળી હોય એવો. ૧૨ કોઇનો પણ દ્રોહ ન કરનાર. ૧૩ સુંદર આકૃતિવાળો ૧૪ સ્થિર બુદ્ધિવાળો ૧૫ શ્રદ્ધાળુ ૧૬ આત્મસમર્પણ કરી શકે તેવો.

ભાઇ, કેટલીક વાર કહેવામાં આવે છે કે આટલા બધા સાધુ-સાધ્વીઓ હોય છતાં શાસનનો ઉદ્યોત કેમ નથી થતો? એ પ્રશ્નનો ઉકેલ કરવા સારુ આગળ વર્ણવી ગયો એ સ્થિતિનું તોલન કરવાની જરૂર છે. બાકી પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી સાધુધર્મમાં શિથિલતા જોઈ એટલે સુધી કહે છે કે—

માર્ગપતિત સાધુઓ, એ સાધુઓ નથી પણ પેટભરાઓનું પેડું છે. એમનો વેશ જોઇ કોઇ કહે કે 'વંદનીય' છે તે માટે પણ તેઓથી ઘસીને ના પાડે છે. કેવળ વેશ જોઇ વંદના કરવી ધિક્કારને પાત્ર છે 'ગુણાઃ પૂજાસ્થાનં, ન ચ લિંગમ્ ન ચ વયઃ' એ વચન યાદ રાખવું. આજથી પચીસ સો વર્ષ પૂર્વે ભગવંત મહાવીર દેવના સમયમાં નીચે પ્રમાણે સાડી પચીશ આર્યદેશ ગણાતા હતા. એમાં વીતરાગ ધર્મને અનુસરતા રાજા-અમાત્યો ઉપરાંત સંખ્યાબંધ નર-નારીઓ હતા. નામો અને ગોત્રો આદિના ઉલ્લેખો પરથી એ વાત સિદ્ધ થાય છે. બ્રાહ્મણકુંડ-રૂષભદત્ત-દેવાનંદા-

કોડાલસ ગોત્ર અથવા ક્ષત્રિયકુંડ-સિદ્ધાર્થરાજા ત્રિશલારાણી જાલંધર ગોત્ર. એ જ પ્રમાણે સમરવીર જમાલિ, સુનંદ, નંદ વી૦ તથા સોમવિપ્ર ને ભદ્રા નાગસેન ને સોમવિજયશ્રેષ્ઠિ ને અંગારવતી. આદિ નામો કુમાર કોલ્લાક, મોસક અસ્થિ ઉત્તર દક્ષિણ ચાપાલ, સુરભિપુર અને સ્થુણાક આદિ ગામો, દૂજંત તાપસવૃંદ શર્મા ઉત્પલ સ્કન્દ, પુષ્પ વી. કનકખલ-સ્વર્ણખલ આશ્રમો અને માનખંડવન, ઋજુવાલુકા, સુવર્ણવાલુકા, ગંગા આદિ નદીઓના નામો એ વાતની પ્રતીતિ કરાવે છે.

૧ મગધ (રાજગૃહી) ૨ અંગ (ચંપા) ૩ બંગ (તામ્રલિપ્તી) ૪ કાશી (વારાણસી) ૫ કલિંગ (કાંચનપુર) ૬ કોશલ (અયોધ્યા) ૭ કુરૂ (હસ્તિનાપુર) ૮ કુશાર્ત (શૌર્યપુર) ૯ પંચાલ (કાંપિલ્યપુર) ૧૦ જંગલદેશ (અહિછત્રા) ૧૧ વિદેહ (મિથિલા) ૧૨ સૌરાષ્ટ્ર (દ્વારામતિ) ૧૩ વત્સદેશ (કોશાંબી) ૧૪ મલયદેશ (ભદ્દિલપુર) ૧૫ સંદર્ભ (નાંદિપુર) ૧૬ વરૂણ (પુનરૂચ્પુરી) ૧૭ મત્સ્ય (વૈરાટ) ૧૮ ચેદી (શુક્તિમતી) ૧૯ દશાર્ણ (મૃતિકાવતી) ૨૦ સિંધુદેશ (વીતભયપટ્ટણ) ૨૧ સૌવીર (મથુરા) ૨૨ સૂરસેન (અપાપાપુરી) ૨૩ કુણાલ (શ્રાવસ્તી) ૨૪ લાટ (કોટીવર્ષનગર) ૨૫ આસપુરવર્તીદેશ (પુરિવટ્ટાનામ) ૨૫॥ કેતરાર્ધદેશ (શ્વેતાંબી)

ઉપર કહ્યા એમાંના બે ચારના અપવાદ સિવાય સર્વ જાણીતા છે એટલું જ નહીં પણ ઐતિહાસિક નજરે સાબિત થયેલા છે. જૈન સમાજે એ અંગે એકાદ પુરાતત્વશોધકખાતું સ્થસ્સ્નશોધખોળનું કાર્ય ઉપાડી લેવાની ખાસ અગત્ય છે. જે યુગ વર્તી રહ્યો છે એમાં માત્ર પ્રાચીનતાના પોકારો કામ નહીં આવે. એ પાછળ/સાબિતીઓ ધરવી પડશે. જૈનધર્મનું હાર્દ સમજનારા સાધુઓ કે શ્રાવકો એ વાતથી હરગીજ અકળાય નહીં; કેમકે પૂર્વાચાર્યો 'પીછસે ચલી આતી હૈ' એ કારણે કે 'બાબાવચનં પ્રમાણમ્' એ ધોરણે કોઇ પણ વસ્તુ માનવાનું કહેતા જ નથી. 'યુક્તિવાળા વચનને પ્રમાણ કરવાનો પાઠ તીર્થંકર પ્રભુએ ગળથુથીમાંથી પાયો છે. ટૂંકામાં કહેવાનું એ જ કે તારા સરખા અભ્યાસીઓએ અહોનિશ થોડો સમય કાઢીને અથવા તો બીજી રીતે પ્રવાસવેળા શોધખોળની વૃત્તિ કેળવી આપણા સાહિત્ય ઉપર જે આવરણો પડેલા છે એ ઉલેચવા કટિબદ્ધ થવાનું છે. માત્ર અડતાલીશ મિનિટ રોજ આ અંગે કાઢવામાં આવે તો પણ વર્ષમાં ઘણું કામ થાય. સમભાવમાં રહી સ્વાધ્યાય દ્વારા એમાં પ્રગતિ સાધી શકાય. જ્ઞાની મહાત્માઓએ આઠ પ્રકારના સામાયિક બતાવ્યા છે. એ દરેકમાં ચરવલા, મુહપત્તિની જરૂર હોય છે એવું પણ નથી આત્મા ઉપયોગ રાખી વર્તે તો રોજ એમાંના ઘણાખરા આચરણમાં આવે.

૧ સમભાવ-રાગદ્વેષવિહીન કેવળ સમાન વૃત્તિ દમદંત રાજર્ષિ માફક. ૨ સમયિક દયાભાવમાં રમણતા મેતાર્ય મુનિવત્ ૩ અવધપાપરહિત જીવન વ્યવહાર કડવી તુંબડીભક્ષક ધર્મરુચિ મુનિવત્ ૪ સમવાદ-સત્ય વચન બોલવારૂપ. કાલિકાચાર્ય માફક. ૫ સમાસ-અલ્પ અક્ષરમાં તત્વપ્રાપ્તિ કરવારૂપ ચિલાતીપુત્રવત્ ૬ સંક્ષેપ-થોડામાં સમજી જવાની તેમજ કહેવાની કળા કેળવવારૂપ. ચાર પંડિત માફક. ૭ પરિજ્ઞા-તત્વનું જાણપણું પ્રાપ્ત કર્યા પછી એ પર દૃઢ અનુરાગ. ૮ પ્રત્યાખ્યાન-પચ્ચખાણ કિંવા વસ્તુત્યાગરૂપ નિયમ તેતલીપુત્રવત્

ભાઇ, આ બધી વાતો ઇસારારૂપ કરી છે. એ અંગે વધુ જાણવું હોય તો જૈન સાહિત્યમાં અવગાહન કરવાની અને એ કાર્ય અહોનિશ ચાલુ રાખવાની ટેવ પાડવી જરૂરી છે. હવે વધુ કાલે. (ચાલુ).

ચોકસી

રક ચિન્હ, કિંવા ચિતાની રાખ. (૨) ચિતા ઉપરનો પાષાણ ખંડ કે શિલાલેખ. (૩) ચિતા ઉપરનું પીપળાનું કે તુલસી બીજું પવિત્ર વૃક્ષ (૪) ચિતા ઉપર ચણેલા સ્મારક પાસેનો હોમકુંડ (૫) ચિતા ઉપર દેરીના ઘાટનું ચણતર અર્થાત્ સામાન્ય દેરી. (૬) ચિતા ઉપરની પગલાવાળી દેરી કે ચરણ પાદુકા (૭) ચિતા ઉપરનું દેવળ કે વિશાલકાય મૂર્તિ. (૮) મંદિર (૯) મૂર્તિ પાછળના એ અર્થ લૌકિક સંકેતસૂચક છે. આગમ જ્ઞાન જેમ મૂર્તિપૂજાની પવિત્રતા બતાવે છે તેમ સાચા સાધુત્વની મર્યાદા પણ આંકે છે. ભાગવતી દીક્ષા પવિત્રતમ વસ્તુ હોવા છતાં એ જ આગમ ગ્રંથો પુરુષ આશ્રયી અઢાર પ્રકારે અને સ્ત્રી આશ્રયી વીશ પ્રકારે અયોગ્યતા દાખવે છે તે નિમ્ન પ્રકારે—

૧. બાળ. ૨. વૃદ્ધ. ૩. નપુંસક. ૪ કલીબ. ૫. જડ (ભાષા, શરીર કે ક્રિયાથી) ૬. વ્યાધિગ્રસ્ત. ૭. ચોર કે લૂટારો ૮ રાજદ્રોહી ૯. ઉન્મત્ત. ૧૦. અંધ. ૧૧. દાસ (દાસીથી ઉત્પન્ન થયેલ કિંવા વેચાતો લીધેલ) ૧૨. દુષ્ટ (દોષિત કે કષાયી) ૧૩. મૂઢ (વિવેકહીન) ૧૪. કરજદાર ૧૫. જુંગિત. (હીનજાતિનો) ૧૬. અવબદ્ધ (પૈસા કે વિદ્યાની આશાથી વ્રત લેનાર.) ૧૭ ભૃતક (પૈસા આપી લીધેલ) ૧૮ નિષ્ફેટિક (માતાપિતા કે વડિલે રજા આપી ન હોય તેવી વ્યક્તિને અપહરણ કરીને લાવે)

તા. ક. વડીલની કે માતાપિતાની રજા વગર વ્રત આપવાથી એ કાર્ય કર્મબંધના કારણ રૂપ નીવડે છે. દીક્ષા આપનાર અદત્તાદાન લેવાના દોષનું ભાજન થાય છે. ઉપરના અઢાર સાથે (૧) સગર્ભા અને (૨) નાના છોકરાંવાળી એ બે પ્રકાર મેળવતાં નારીજાતિ માટે વીશ થાય છે.

ગુરુજી! જ્યારે અયોગ્યતા દાખવી ત્યારે એ સામે લાયકાતનું પ્રમાણપત્ર પણ નક્કી કર્યું જ હશેને?

હા, એ પણ કથન કરાયેલું જ છે. એના ભેદ સોળ છે.

૧. આર્યદેશઉત્પન્ન. ૨. કુળવાન. ૩. શુભકર્મો કરવાવાળો. ૪. વિશુદ્ધ, પ્રજ્ઞાવંત. ૫. સંસારની અસારતાનો જાણ. ૬. સંસાર સુખથી વિરક્ત. ૭. મંદકષાયી. ૮. અલ્પ હાસ્યાદિ પ્રકૃતિવાળો. ૯ કૃતજ્ઞ. ૧૦ વિનયી. ૧૧ રાજાની સમ્મતિ મળી હોય એવો. ૧૨ કોઇનો પણ દ્રોહ ન કરનાર. ૧૩ સુંદર આકૃતિવાળો ૧૪ સ્થિર બુદ્ધિવાળો ૧૫ શ્રદ્ધાળુ. ૧૬ આત્મસમર્પણ કરી શકે તેવો.

ભાઇ, કેટલીક વાર કહેવામાં આવે છે કે આટલા બધા સાધુ-સાધ્વીઓ હોય છતા શાસનનો ઉદ્યોત કેમ નથી થતો? એ પ્રશ્નનો ઉકેલ કરવા સારુ આગળ વર્ણવી ગયો એ સ્થિતિનું તોલન કરવાની જરૂર છે. બાકી પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી સાધુધર્મમાં શિથિલતા જોઇ એટલે સુધી કહે છે કે—

માર્ગપતિત સાધુઓ, એ સાધુઓ નથી પણ પેટભરાઓનું પેડું છે. એમનો વેશ જોઇ કોઇ કહે કે 'વંદનીય' છે તે માટે પણ તેઓશ્રી ધસીને ના પાડે છે. કેવળ વેશ જોઇ વંદના કરવી ધિક્કારને પાત્ર છે 'ગુણાઃ પૂજાસ્થાનં, ન ચ લિંગમ્ ન ચ વયઃ' એ વચન યાદ રાખવું. આજથી પચીસ સો વર્ષ પૂર્વે ભગવંત મહાવીર દેવના સમયમાં નીચે પ્રમાણે સાડી પચીશ આર્યદેશ ગણાતા હતા. એમાં જીતરાગ ધર્મને અનુસરતા રાજા-અમાત્યો ઉપરાંત સંખ્યાબંધ નર-નારીઓ હતા. નામો અને ગોત્રો આદિના ઉલ્લેખો પરથી એ વાત સિદ્ધ થાય છે. બ્રાહ્મણકુંડ-રૂષભદત્ત-દેવાનંદા-

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું ▪ આત્મ સં. ૫૩ ▪ સંવત ૨૦૦૫

અંક ૮ મો ▪ તા. ૧-૪-૪૯ ▪ ફાલ્ગુન

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત

૧૧૭૦

પ્રકાશક-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

અ નુ ક્ર મ ણિ કા.

૧ શ્રી નેમિનાથ જિન સ્તવન... ...	(મુનિ મહારાજ શ્રી ધુરન્ધરવિજયજી મહારાજ)	૧૫૭
૨ શ્રી મહાવીર જિન સ્તવન... ...	..(મુનિ મહારાજ શ્રી દક્ષવિજયજી મહારાજ)	૧૫૮
૩ શ્રી શત્રુંજય તીર્થ યાત્રાદર્શન	(અમરચંદ માવજી શાહ)	૧૫૮
૪ શ્રી નંદિસૂત્ર મલયગિરીયાવૃતિમાં આવતા દાર્શનિક સાક્ષિપાઠોના મૂળસ્થાનો	(મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ)	૧૫૯
૫ દ્વાત્રિંશિકા બત્રીશ-બત્રીશીઓ	(આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ)	૧૬૪
૬ ક્રિયા શુદ્ધિદ્વારા જ્ઞાનયોગ તદ્દ્વારા મુક્તિ	...મુનિરાજ શ્રી પુણ્યવિજયજી (સંવિગ્નપાક્ષિક)	૧૬૬
૭ સ્યાદ્વાદ મંજરી	લે વ્યા કા. તીર્થમુનિ પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણ)	૧૬૮
૮ ધર્મ કૌશલ્ય	(શ્રી મૌક્તિક)	૧૭૧
૯ શ્રી ચંદ્રાનન જિન સ્તવન...	(સ્વ. ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઇ)	૧૭૩
૧૦ વર્તમાન સમાચાર	(સભા)	

નવા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોની થતી જતી વૃદ્ધિ.

આ સભા તરફથી સર્વ કાર્યવાહી, સરવૈયુ, બજેટ, હિસાબ દરવર્ષે પ્રમાણિકપણે પ્રકટ થતો હોવાથી, તેમજ પેટ્રન સાહેબો અને માનવંતા લાઇફ મેમ્બરોને (આત્મકલ્યાણના સાધન અને આર્થિક લાભની દૃષ્ટિએ) જૈન ઇતિહાસ, કથા સાહિત્ય (તીર્થંકર ભગવંતો, તેમજ સતી માતાઓ અને સત્ત્વશાળી પુરુષોના ઘણા ઘણા સુંદર મોટા સચિત્ર ગ્રંથો દરવર્ષે ભેટ અપાતા હોવાથી નવા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થાય તે સ્વાભાવિક છે દિનપ્રતિદિન, શ્રદ્ધાળુ જૈન બંધુઓ અને બહેનોને પેટ્રન તથા લાઇફ મેમ્બર થઈ આ સભામાં વેળાસર થતા આત્મકલ્યાણનો અને દેવ, ગુરૂ, ધર્મ અને જ્ઞાન ભક્તિનો અવશ્ય લાભ લેવા જેવું છે

આ માસમાં થયેલા પેટ્રન સાહેબો તથા આજીવન સભાસદો.

૧	શેઠશ્રી	પરમાણંદદાસ નરશીદાસ	પેટ્રન સાહેબ
૨	,,	લવજીભાઈ રાયચંદ	,,
૩	,,	પાનાચંદ લલ્લુભાઈ	,,
૪	,,	છોટાલાલ ભાઈચંદ (૨)	લાઇફ મેમ્બર
૫	,,	સુરચંદભાઇ ઠાકોરદાસ ઝવેરી	,,
૬	,,	શ્રી જૈન શ્વે મૂર્તિ વિદ્યાર્થી ભુવન (૧)	,, (કડી)
૭	શાહ	ગુલાબચંદ નાનચંદ (૧)	,,
૮	,,	હરિલાલ મોતીચંદ કમળેજવાળા (૧)	,,
૯	,,	રમણીકલાલ ન્યાલચંદ (૧)	બીજા વર્ગમાંથી
૧૦	,,	શાહ રમણીકલાલ જમનાદાસ (૧)	,,

આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ—



શેઠશ્રી પરમાણંદદાસ નરશીદાસ—ભાવનગર.

શ્રી મહોદય પ્રી. પ્રેસ—ભાવનગર.

શેઠ પરમાણંદદાસ નરશીદાસનો જીવન પરિચય.

શહેર ભાવનગરમાં સુપ્રસિદ્ધ વીશાશ્રીમાળી વણિક સંસ્કારી જૈન કુટુંબમાં શેઠ નરશીદાસ જગજીવનને ત્યા શ્રી પરમાણંદભાઇનો સં. ૧૯૫૦ ના માગશર માસમાં જન્મ થયો હતો. માત્ર સામાન્ય કેળવણી લીધા બાદ પિતાશ્રીના ચાલતા મોદીખાનાના ધંધામા મ્હોટા ભાઇ જાદવજીભાઇ સાથે પરમાણંદભાઇ પણ જોડાયા. અને પૂર્વ પુણ્યયોગે ત્યાંથી આગળ વધવા પ્રેરણા થતાં મ્હોટાભાઇ અને પરમાણંદભાઇએ તે બીઝનેસ મુકી દઇ સં. ૧૯૭૧ ની સાલથી મ્હોટા કમીશન એજંટના ધંધામાં ઝુકાવ્યું અને મુંબઇ મુખ્ય અને ભાવનગર, પોરાજી, રાજકોટ જામનગર વગેરે શહેરમાં શાખા પેઢી કરી ધંધો શરૂ કર્યો, અને વાણિજ્ય કુશળતા અને નિષ્ણાતપણે કરી ધંધાની પ્રગતિ કરી અને લક્ષ્મી સારી રીતે ઉપાર્જન કરી અને ધાર્મિક અનેક ખાતાઓમાં ઉદારતાપૂર્વક સારી સખાવતો કરવા લાગ્યા. કેટલોક વખત મ્હોટાભાઇ સાથે વ્યાપારમાં રહી સં. ૨૦૦૩ ની સાલમા વેદની કર્મના ઉદયે દમનો વ્યાધિ શરૂ થતાં, મ્હોટાભાઇથી સંતોષકારકરીતે છુટા પડી પોતાના બે પુત્રો બાબુભાઇ અને હર્ષદરાય છે, જેમાંથી લઘુપુત્ર હર્ષદરાય પરમાણંદ એન્ડ કું. નામથી સ્વતંત્ર દુકાન કરી ધંધો શરૂ કર્યો અને ધંધાથી નિવૃત્તિ લઇ માત્ર સલાહકારક તરીકે રહ્યા અને વર્તમાન જીવન દેવગુરૂ ભક્તિમાં વિતાવવું શરૂ કર્યું. દેવભક્તિ ઉપર પ્રેમ હોવાથી ગયા માગશર શુદ ૬ શુક્રવાર તા. ૪-૨-૪૯ ના રોજ આ શહેરના મુખ્ય જિનાલયના ચોકમા નવિન સુંદર નવા જિનાલયમાં શ્રી શાંતિનાથ પ્રભુની ભક્તિપૂર્વક પ્રતિષ્ઠા, અઠ્ઠાઇમહોત્સવ, અષ્ટોતરી મહાસ્નાત્ર ભણાવી સારો ખર્ચ કરી આત્મકલ્યાણ સાધ્યું. આવા એક શ્રીમાન, શ્રદ્ધાળુ શ્રીમંત્ જૈન બંધુ આ સભાના માનવંતા પેટ્રન થવાથી તે માટે આભાર માનતા છેવટે પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે કે, ભાઇ પરમાણંદદાસ દિર્ઘાયુ થઇ આધ્યાત્મિક, શારીરિક, આર્થિક સંપતિ વિશેષ વિશેષ પ્રાપ્ત કરી ઉદારતાપૂર્વક આત્મકલ્યાણ સાધે.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫.	ફાગણ	પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૫.	:: તા. ૧ લી એપ્રીલ ૧૯૪૯ ::	અંક ૮ મો.

॥ श्रीनेमिनाथजिनस्तवनम् ॥

(आशावरीरागे त्रिताळेन गीतं गीतमिदं मनोज्ञम्)

वन्दे श्यामलविमलशरीरम्, वन्दे—
मुनिमनोमाकन्दकीरम्, वन्दे—ध्रुवपदम् ॥

अपीपुरद् यः प्रथमे वयसि, शङ्खमुदारगभीरम् ।
मधुमथनमदमुकुलप्रमार्जन—सुन्दरसुरभिसमीरम् ॥ वन्दे० ॥ १ ॥

गोपीजनसञ्जनितविलासै—रविचलितं दृढहीरम् ।
राजीमतीमतिमोहनमन्त्रं, ब्रह्मचारिषु वीरम् ॥ वन्दे० ॥ २ ॥

सहस्रसङ्ख्यामितसहकारं, काननमीरम् ईरम् ।
सहस्रसम्मितसुजनैः साकं, गृहीतं संयमचीरम् ॥ वन्दे० ॥ ३ ॥

घातिकर्मकलङ्कमलिनमल—निर्मलीकरणे नीरम् ।
पञ्चपञ्चाशद्दिवसैः प्राप्तं, केवलममलं क्षीरम् ॥ वन्दे० ॥ ४ ॥

सहस्रसंवत्सरमितजीवितं, समधिगतभवतीरम् ।
द्वाविंशं श्रीनेमिनाथं, धर्मधुरन्धरधीरम् ॥ वन्दे० ॥ ५ ॥

—मुनिराज श्रीधुरन्धरविजयजी ।

શ્રી મહાવીર જિન સ્તવન

(ઓ પ્રેમ નગરના પંખેરૂ, તને પૂછું એક જ વાત—એ રાહ)

ઓ રે'મ નજરના ભંડારા !, મને તારો તારણહા...ર !
તમે જગત જીવન આધા...ર. (ટેક)
નાથ વિનાનો રાંક આ સેવક આ, ભવવન ગોથાં ખાય;
કર્મ સતાવે ભાન ભૂલાવે, આપે દુઃખ અપા...ર.
મને તારો તારણહા...ર ! તમે જગત જીવન આધા...ર.
ઓ રે'મ નજરના૦ (૧)
ચકવા ચાહે હેજે સૂરજ, ચાતક જલધર ધાર;
વીરજીની ચાહું ગોઠલડી, નીરખીર નિરધા...ર.
દૂધ સાકર સુખકાર, તમે જગત જીવન આધા...ર.
ઓ રે'મ નજરના૦ (૨)
શું કહાવો વારંવાર, તારો ભવસાગરથી પાર,
નેમિ-લાવણ્ય-દક્ષ વિનવે (૨), વીરજીવન આધા...ર;
સદા રમો હૃદય મોઝાર, હું વંદું વાર હઝા...ર.
ઓ રે'મ નજરના૦ (૩)

રચયિતા.—મુનિ મહારાજ શ્રી દક્ષવિજયજી

શત્રુંજય તીર્થયાત્રાદર્શન

(બાહિર્લીપિકા–રાગ: ઝેર ગયાં ને વેર ગયા)

શેત્રુંજીમાં સ્નાન કરીને, ક્રોધ કષાયનો ધોજે મેલ;
દુર્ગારા બે રાગ ને દ્વેષ, શેત્રુંજે ચડતા તું મેલ. ૧
આનંદકારી કલ્યાણકારી, આદિનાથનાં ચરણો સેવ;
નંદ મારુદેવા માતાના, યુગાદિ તીર્થંકર દેવ. ૨
દરિશન કરીને દર્શન પામી, સમ્યગ્દૃષ્ટિ અંતર શોધ;
જીવાજીવ વિવેકે વિચારી, દ્રવ્યભાવથી પામી બોધ ૩
કર્મ નિર્જરા લક્ષ ગ્રહીને, સંવરથી આશ્રવને રોક;
લાગણી રાખી યાત્રા કરજે, દૂર થશે તો ભવનો શોક. ૪
નરભવની સાર્થકતા થાશે, તીર્થક્ષેત્રમા કરતાં વાસ;
જીવન 'અમર' શત્રુંજય કરી, સિદ્ધાલયમા કરો નિવાસ ૫

અમરચંદ માવજી શાહ

श्री नन्दीसूत्रमलयगिरीया वृत्तिमां आवता दार्शनिक साक्षिपाठोनां मूलस्थानो.

(४)

સાક્ષિપાઠોના મૂલસ્થાનભૂત મુખ્ય ગ્રંથોનો પરિચય

(લેખકઃ—મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ)

ગતાંક પૃષ્ઠ ૧૪૧ થી ચાલુ.

નં. મ. ૯૦ तथाहि—"शुद्धचैतन्यरूपोऽयं पुरुषः परमार्थतः। प्रकृत्यन्तरमज्ञात्वा मोहात् संसारमाश्रितः ॥ १ ॥" [वा० अलं० पृ. ३४७] વા૦ અલં૦માં शुद्धबोधस्वंभावोऽयं પાઠ છે.

નં. મ. ૯૦ आह च-"अभिलापस्मरणयोः प्रकृतेरेव वृत्तितः। अभिलापाद्य तद्वृत्तिरित्यन्योन्यसमाश्रयः ॥ १ ॥" [वा० अलं० पृ. ३४८]

નં. મ. ९१ उक्तं च-"मलविद्धमणिव्यक्तिर्यथाऽनेकप्रकारतः। कर्मविद्धात्मविज्ञप्तिस्तथाऽनेकप्रकारतः ॥ १ ॥"[1] [अकलंकविरचितलघीयस्त्रय[2] ॥ ५७ ॥]

९१ तथा चोक्तम्-"यथा जात्यस्य रत्नस्य निःशेषमलहानितः। स्फुटैकरूपाभिव्यक्तिर्विज्ञप्तिस्तद्वदात्मनः ॥ १ ॥" [ ]

નં. મ. ९४ अकलङ्कोऽप्याह—"द्विविधं प्रत्यक्षज्ञानं सांव्यवहारिकं मुख्यं च। तत्र सांव्यवहारिकमिन्द्रियानिन्द्रियप्रत्यक्षम्, मुख्यमतीन्द्रियज्ञानम्" [लघीयस्त्रय ॥ ४ ॥ કારિકાની સ્વોપજ્ઞવિવૃતિ] મલયગિરિ મહારાજે मुख्यं च સુધીનો ભાગ માત્ર અર્થથી ઉધ્ધૃત કર્યો જણાય છે. प्रत्यक्षं विशदज्ञानं मुख्यसंव्यवहारतः।-આ પ્રમાણે ૩ કારિકા છે.

નં. મ. ૧૩૫ तथा चोक्तम्—"नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात् ॥" [प्रमाणवा० ३।३४ ॥] આનું ઉત્તરાર્ધ "अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः ॥" છે. વિશેષાવશ્યકભાષ્ય કોટ્યાચાર્ય ટીકા (પૃ. ૮૭૯) વિગેરે ઘણે જ સ્થળે આ ઉધ્ધૃત છે.

નં. મ. પૃ. ૧૬૫ यत उक्तम्—"अन्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम्।"

---

1 આ કારિકા આવશ્યકમલયગિરિવૃત્તિ પૃ. ૧૭, કર્મગ્રંથટીકા પૃ ૮-વિગેરે ઘણે સ્થળે ઉધ્ધૃત જોવામાં આવે છે.

2 આના ઉપરની ટીકાનું નામ न्यायकुमुदचन्द्र છે. स्वोपज्ञविवृति સીંધી જૈન સીરીઝમાં પણ પ્રગટ થઇ છે.

[ ] આનુ ઉત્તરાર્ધ-नान्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ॥ છે આ કારિકા શ્વેતાંબર તથા દિગંબર ગ્રંથોમાં ઠેરઠેર ઉધ્ધૃત જોવામાં આવે છે

ન ભ १६५ तथा चोक्तम्—"यः साध्यस्योपमाभूत स दृष्टान्त इति कथ्यते।" [ ] આ વચન નંદીહારિભદ્રીવૃત્તિ (પૃ ६२) તથા વિશેષા૦ ભાષ્ય કોટ્યાચાર્ય ટીકા (પૃ ८५६)માં છે

ન ભ પૃ १६१ [यत्तु] शङ्करस्वामी प्राह—"अयस्कान्तोऽपि प्राप्यकारी, अयस्कान्तच्छायाणुभि सह समाकृष्यमाणवस्तुन सम्बन्धभावात्, केवल ते छायाणव सूक्ष्मत्वान्नोप लभ्यन्ते ॥' [ ] આ શંકરસ્વામી કોણ છે ? અને તેનો ગ્રંથ કયો છે ? એ શોધવાનું છે બૌદ્ધાચાર્ય दिङ्नागના શિષ્ય શંકરસ્વામીનો ઘણે સ્થળે ઉલ્લેખ જોવામાં આવે છે શું આ તે જ છે ?

ન ભ પૃ १७१ तथा च तद्ग्रन्थ—"चक्षु श्रोत्र मनोऽप्राप्यकारि[3]" [ ] ન્યાયકુમુદચંદ્ર (પૃ ८३), તથા સ્યાદ્વાદરત્નાકરમાં (પૃ ३७३) "चक्षु श्रोत्रमनसामप्राप्तार्थप्रकाशकत्वम् ' इत्यभिधानात्-આ રીતે ઉદ્ધરણ છે. સમ્મતિવૃત્તિમાં (પૃ ५४५) "चक्षु श्रोत्रमनसामप्राप्तार्थकारित्वम् ' [ ] इति वचनात्-આ પ્રકારે ઉદ્ધરણ છે

ન૦ ભ૦ १७३ उक्त च—"यथा च प्रेर्यते तूल्माकाशे मातरिश्वना। तथा शब्दोऽपि किं वायो प्रतीप कोऽपि शब्दवित् ॥ १ ॥' [वा० अल० पृ० ७८९] અહીં વા૦ અલ૦ માં प्रतीप शब्दवित् क्वचित् ॥ પાઠ છે

ન૦ ભ૦ પૃ૦ १७३ "रूपस्पर्शादिसन्निवेशो मूर्ति" [ ] इति वचनप्रामाण्यात्।

ન૦ ભ૦ પૃ૦ १८३ "ज्ञानमप्रतिघ यस्य वैराग्य च जगत्पते । ऐश्वर्यं चैव धर्मश्च सह सिद्ध चतुष्टयम् ॥ १ ॥' [ ] આ કારિકા શાસ્ત્રવાર્તાસમુ૦ (॥ १९५ ॥) વિ૦ ઘણે સ્થળે ઉધ્ધૃત કરેલી જોવામાં આવે છે ન૦ ભ૦ પૃ૦ २१४ માં પણ આ કારિકા છે

3 તુલના—"चक्षु -श्रोत्र-मनोऽप्राप्तविषय त्रयमन्यथा ॥ १ । ४३ ॥ [अभिधर्मकोश] 'तथा हि—दूराद्रूप पश्यति अक्षिस्थमञ्जन न पश्यति। दूराच्छब्द शृणोति। सति च प्राप्तविषयत्वे दिव्य चक्षु श्रोत्रमिह ध्यायिनां नोपजायेत, घ्राणादिवत्। यद्यप्राप्तविषय चक्षु कस्मात् सर्वमप्राप्त न पश्यति दूरं तिरस्कृत च ? कथ तावदयस्कान्तो न सर्वमप्राप्तमय कर्षति ? प्राप्तविष[य]त्वेऽपि चैतत् समानम्—कस्मान्न सर्वं प्राप्तं पश्यति अञ्जन शलाकां वा ? यथा च घ्राणादीना प्राप्तो विषय, न तु सर्वं सहभूगन्धाद्यग्रहणात्, एव चक्षुषोऽप्यप्राप्त[स्त] एव स्यात्, न तु सर्वं । मनस्तु अरूपित्वात् प्राप्तुमेव शक्यम्। केचित् पुन श्रोत्र प्राप्ता ऽप्राप्तविषय मन्यते कर्णाभ्यन्तरेऽपि शब्दश्रवणात्। त्रय तु घ्राण-जिह्वा कायाख्य त्रयमन्यथा प्राप्तविषयमित्यर्थ । घ्राण कथ प्राप्तविषय निरुच्छ्वासस्य गन्धाग्रहणात् ॥ " [वसुबन्धुकृत स्वोपज्ञ अभिधर्मकोशभाष्य] આ ભાષ્યનો ભાગ ડૉ. ગોખલે કે જેઓ હમણાં ભારતવર્ષની સરકાર તરફથી તિબેટમાં એલચી તરીકે નીમાયા છે તેમને અભિધર્મકોશભૂલભાષ્યના એક ફોટા ઉપર લખેલો મળી આવ્યો હતો. તેમના સૌજન્યથી મને મળ્યો છે મેં અભિધર્મકોશભાષ્યના ફ્રેન્ચ ભાષાંતર સાથે તથા સ્ફુટાર્થા ટીકા સાથે પણ મેળવી જોયો છે, ખાસ ભેદ જણાતો નથી

નં૦ મ૦ પૃ૦ ૧૯૩ तथा चाह स्वयम्भूः—"देवागमनभोयानचामरादिविभूतय. । मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥ १ ॥" [आप्तमीमांसा ॥ १ ॥] **આપ્તમીમાંસાના** કર્તા દિગંબરાચાર્ય સ્વામી **સમન્તભદ્ર** છે. તેના ઉપર **અકલંક દેવે** રચેલી **અષ્ટશતી** છે, અને તેના ઉપર સ્વામી **વિદ્યાનંદીએ** રચેલી **અષ્ટસહસ્રી** વૃત્તિ છે કે જેના ઉપર ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજે તાત્પર્યવૃત્તિની રચના કરી છે **મલયગિરિ** મહારાજે સ્વયમ્ભૂના નામે આ શ્લોક શી રીતે ચઢાવ્યો છે ? શું **સમન્તભદ્ર** અને **સ્વયંભૂ** એ બંને **પરમાત્મવાચક** નામો હોવાથી પર્યાયરૂપે ઉપયોગ કર્યો છે ? સ્વામી **સમન્તભદ્રે** એક बृहत्स्वयम्भूस्तोत्र[1]ની પણ રચના કરેલી છે. નં૦ મ૦ ૩૧૬ મા આ કારિકા तथा च...स्तुतिकार. समन्तभद्रः ના ઉલ્લેખથી જ છે.

નં૦ મ૦ ૧૬૩ "ऋषयः संयतात्मानः फलमूलानिलाशनाः । तपसैव प्रपश्यन्ति त्रैलोक्यं सचराचरम् ॥ १ ॥ अतीतानागतान् भावान् वर्तमानांश्च भारत । ज्ञानालोकेन पश्यन्ति त्यक्तसङ्गा जितेन्द्रिया.[2] ॥ २ ॥" [ ] આ બે શ્લોકો **મહાભારતમાં** હોવાનો સંભવ છે. અત્યારે મારી પાસે **મહાભારત** હાજર નથી.

નં૦ મ૦ ૩૧૩ तथा चोक्तम्—"न कालव्यतिरेकेण गर्भबालशुभादिकम् । यत् किञ्चिज्जायते लोके तदसौ कारणं किल ॥ १ ॥ किञ्च कालादृते नैव मुद्गपक्तिरपीक्ष्यते । स्थाल्यादिसन्निधानेऽपि ततः कालादसौ मता ॥ २ ॥ कालाभावे च गर्भादि सर्वं स्याद-व्यवस्थया । परेष्टहेतुसद्भावमात्रादेव तदुद्भवात् ॥ ३ ॥ कालः पचति भूतानि कालः संहरति प्रजाः । कालः सुप्तेषु जागर्ति कालो हि दुरतिक्रमः ॥ ४ ॥ [शास्त्रवार्तासमु० ॥ ॥ १६५-१६८ ॥] **મહાભારતમાં** कालः पचति भूतानि ને મળતા થોડા-વધતા પાઠભેદ સાથે કેટલાક શ્લોકો મળે છે.

નં૦ મ૦ ૩૧૪ "अन्यो(ज्ञो)जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः । ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ॥" [महाभारत, वनपर्व, अध्याय ३०, श्लोक २८] न्य અને ज्ञ નો હસ્તલિખિત ગ્રંથોમાં ઘણીવાર પરસ્પર સંકર થઈ જાય છે अन्यो (ज्ञो) પાઠ સાચો જણાય છે. **નયચક્રટીકામાં** પણ આ શ્લોક (૩જા અરમાં) છે ત્યાં પણ ઘણી પ્રતિઓમાં अन्यो પાઠ છે એકમાં अज्ञो પાઠ છે

1 बृहत्स्वयम्भूस्तोत्रમાં ૨૪ તીર્થંકર ભગવાનની પ્રત્યેકની અનેક શ્લોકાત્મક સ્તુતિ છે બધા થઈને ૧૪૪ શ્લોકો છે તેમાં શ્રી **વિમલનાથ** ભગવાનના **સ્તવનો** नयास्तव स्यात्पदसत्यलाञ्छिता रसोपविद्धा इव लोहधातव. । भवन्त्यभिप्रेतगुणा यतस्ततो भवन्तमार्या प्रणता हितैषिण. ॥ ६५ ॥—આ શ્લોક કિંચિત પાઠભેદથી ઘણે સ્થળે આપણા ગ્રંથોમાં જોવામાં આવે છે આ પદ્ય **સમ્મતિટીકાકારના** કથન પ્રમાણે (પૃ ૭૬૧) સિદ્ધસેનદિવાકરજીનુ છે, સ્યાદ્વાદમંજરીકર્તા મલ્લિષેણસૂરિના કથન પ્રમાણે **સમંતભદ્રનું** છે. (જુઓ, રાય૦ મં૦ પૃ. ૨૨૮-૨૨૯), જ્યારે મલયગિરિ મહારાજે આદ્ય સ્તુતિકારના નામે આપ્યું છે (જુઓ, આવશ્યકવૃત્તિ પૃ ૧૧) એ પણ ખ્યાલમાં રહે. આચારાંગવૃત્તિ (પૃ ૮૫) સ્થાનાંગવૃત્તિ (પૃ ૧૩) તથા અનુયોગદ્વારમલધારિવૃત્તિ (પૃ. ૨૪૫)માં પણ છે

2 આ બંને શ્લોકો નંદીહારિભદ્રીવૃત્તિમાં પણ છે.

नं० म० ३१४ " नियतेनैव रूपेण सर्वे भावा भवन्ति यत् । ततो नियतिजा ह्येते तत्स्वरूपानुवेधतः ॥ १ ॥ यद् यदैव यतो यावत् तत् तदैव ततस्तथा । नियतं जायते न्यायात् क एनां बाधितुं क्षमः ॥ २ ॥ " [शास्त्रवार्ता० ॥ १७३-१७४ ॥]

नं० म० ३१८ तथा चोक्तम्—" पूर्वकालादियोगी यः स पूर्वाद्यपदेशभाक् । पूर्वापरत्वं तस्यापि स्वरूपादेव नान्यतः ॥ १ " [बा० अलं० पृ० ७२६]

नं० म० पृ ३१८ उक्तं च—" एकत्वव्यापितायां हि पूर्वादित्वं कथं भवेत् । सहचारिवशात् तच्चेदन्योन्याश्रयतागमः ॥ २ ॥ सहचारिणां हि पूर्वत्वं पूर्वकालसमागमात् । कालस्य पूर्वादित्वं च सहचार्यवियोगतः ॥ २ ॥ " [बा० अलं० पृ० ७२६] અહીં બા० અલં० માં नित्यताव्यापिता या हि પાઠ છે, પણ नित्यव्यापितायां हि જ સાચું જણાય છે.

नं० म० ३२० उक्तं च—" अशक्त्याऽन्येश्वराः पापप्रतिषेधं न कुर्वते । स त्वत्यन्तमशक्तेभ्यो व्यावृत्तमतिरिष्यते ॥ १ ॥ अथाप्यशक्त एवासौ तथा सति परिस्फुटम् । नेश्वरेण कृतं सर्वमिति वक्तव्यमुच्चकैः ॥ २ ॥ पापवत् स्वार्थकारित्वाद्धर्मादिरपि किं ततः ॥ " [बा० अलं० पृ० ८५] અહીં બા० અલં० માં सथाशक्त एवासौ तथा सति પાઠ છે. अथा-[प्य]शक्त एवासौ तथा सति [परिस्फुटम्]—આવી મલયગિરિવૃત્તિ અનુસારે પૂર્તિ કરી શકાય.

नं० म० ३२० उक्तं च—" क्रीडार्था तस्य वृत्तिश्चेत् प्रेक्षापूर्वक्रिया कुतः । एकस्य क्षणिका तृप्तिरन्यः प्राणैर्वियुज्यते ॥ १ ॥ " [बा० अलं० पृ० ८६]

नं० म० ३२० " इदमेव न चेत्येतत् कस्य पर्यनुयोज्यताम् । अग्निर्दहति नाकाशं कोऽत्र पर्यनुयुज्यताम् ॥ १ ॥ " [बा० अलं० पृ० ८१] અહીં બા० અલં० માં इदमेवं न चेत्येतद् कस्य पर्यनुयुज्यताम् ? । પાઠ છે

नं० म० ३२० " स्वभावेऽध्यक्षतः सिद्धे यदि पर्यनुयुज्यते । तत्रेदमुत्तरं वाच्यं न दृष्टेऽनुपपन्नता ॥ १ ॥ " [बा० अलं० पृ० ८१] અહીં બા० અલં० માં परैः पर्यनुयुज्यते પાઠ છે.

नं. म. ३२१ उक्तं च—" यत् किञ्चिदात्माभिमतं विधाय निरुत्तरस्तत्र कृतः परेण । वस्तुस्वभावैरिति वाच्यमित्थं तदोत्तरं स्याद् विजयी समस्तः ॥ १ ॥ " [बा० अलं० पृ० ८२] અહીં બા० અલં०માં 'रिह वाच्यमित्थं तथोत्तरं પાઠ છે.

नं. म. ३२१ उक्तं च—" शास्त्रान्तराणि सर्वाणि यदीश्वरविकल्पतः । सत्यासत्योपदेशस्य प्रमाणं दानतः कथम् ॥ १ ॥ " [बा० अलं० पृ ८६]

नं. म. ३२१ तथा चोक्तम्—" न न वाच्यत इत्येवमनुमानं प्रवर्तते] सम्बन्धवर्णनाद् तस्य प्रवर्तनमिहेष्यते ॥ १ ॥ " [बा० अलं० पृ. १०१] અહીં બા० અલંમાં...वाचत... ...मितीरितम् ॥ પાઠ છે.

નં. મ પૃ. ૨૨૨ यदुक्तम्—" नाद्दष्टपूर्वस्य रज्ज्वां सर्पमतिः क्वचित् । ततः पूर्वानुसारित्वाद् भ्रान्तिरभ्रान्तिपूर्विका ॥ १ ॥ " [मु० वा० अलं० पृ. ५८ ?] અહીં વા૦ અલં૦માં " पूर्वदृष्टानुसारित्वाद्य हेतुर्वासना कथम् ? ॥ "–એ પ્રમાણે ઉત્તરાર્ધ છપાયેલું છે. સંભવ છે કે આનું મૂલસ્થાન કોઈ જુદું જ હોય

નં. મ. પૃ. ૨૨૩ उक्तं च–" हेतुताऽन्वयपूर्वेण व्यतिरेकेण सिध्यति । नित्यस्याव्यतिरेकस्य कुतो हेतुत्वसम्भवः ॥ १ ॥ " [वा० अलं० पृ. ७६ ?] અહીં વા૦ અલં૦માં सम्बन्धोऽन्वय...कुतः सम्बन्धसम्भवः ॥ પાઠ છે.

નં. મ. પૃ. ૨૨૩ विशेषणं विना यस्मान्न तुल्यानां विशिष्टता " ॥ [शास्त्रवार्तासमु० ॥ ५४ ॥] इति वचनप्रामाण्यात् ।

જે સાક્ષિપાઠોનાં મૂલસ્થાનો ઉપલબ્ધ થયાં નથી, તે વિષે કોઇના પણ જાણવામાં આવે તો પ્રકાશ પાડવા વિજ્ઞપ્તિ છે કાળજીપૂર્વક નં. મ ના દાર્શનિક સાક્ષિપાઠો અહીં આપવામાં આવ્યા છે, છતાં દષ્ટિદોષથી કોઈ પાઠ રહી જવા પામ્યા હોય તો વાચકો જણાવીને આભારી કરશે. મુદ્રિત પ્રતિ કરતા સાક્ષિપાઠમાં કવચિત પાઠભેદ જ્યા છે ત્યાં મેં પુણ્યનામધેય પૂ૦ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે પ્રાચીન હસ્તલિખિત પ્રતિ સાથે મેળવીને નક્કી કરેલા નંદીમલયગિરિવૃત્તિના પાઠો આપેલા છે, એમ વાચકોને જણાવવાની રજા લઉં છું.

तलेगांव ढमढेरे (जिला-पुना)
सं. २००४, विजयादशमी
आसो सुद–१०

मुनिराजश्री भुवनविजयान्तेवासी
मुनि जम्बूविजय.

સર્વે દુઃખોનું બીજ.

આપણી પાસે બધું છે, અને બધું કરીએ છીએ, પણ એક વાતને ભૂલીને. જે સાક્ષીને વચ્ચે ઊભો રાખી બધા વ્યવહારો કરવા જોઇએ, તે સાક્ષીને બોલાવવાનું ભૂલી જઇએ છીએ. એ સાક્ષી તે ઈશ્વર–સત્ય, ન્યાય, નીતિ, પ્રેમ, ભલાઇ, નિઃસ્વાર્થતા. ભગવાનનું નામ ભજનમંડળોમાં ઝાંઝ અને પખાજ સાથે લઇયે છીએ, મંદિરોમાં તેને જોવા પ્રયત્ન કરીએ છીયે, પણ વ્યવહાર કરવા બેસીએ ત્યારે તેને દૂર હડસેલીએ છીએ એ આપણાં સર્વે દુઃખોનું બીજ છે.

શ્રી કિશોરલાલ મશરૂવાળા

" જાતિ, ધર્મ અથવા અસલ વતન ગમે તે હોય તોયે આખરે આખી માનવજાત એક છે એ વાત આપણે કદી ન વિસરીએ. "

મશરૂવાળા

શ્રી સિદ્ધસેનસૂરિકૃત.

દ્વાત્રિંશિકા બત્રીશ-બત્રીશીઓ

લે૦-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.

(ગતવર્ષના પૃષ્ઠ ૯૭ થી શરૂ)

પૂજ્ય શ્રી દિવાકરજી મહારાજે પ્રત્યક્ષની જણાવેલી નિર્દોષ વ્યાખ્યાના રહસ્યને દિઙ્ગનાગ, ધર્મકીર્તિ વગેરે બૌદ્ધ વિદ્વાનો યથાર્થરૂપે સમજી શક્યા નથી માટે જ તેઓ પ્રત્યક્ષનું સ્વરૂપ જણાવતા 'કલ્પનાપોઢજ્ઞાનાદિ' વચનો ઉચ્ચારે છે. વિજ્ઞાનવાદ વગેરેનું ખંડન કરવાના ઇરાદાથી જ્ઞાન વગેરે પદાર્થોનું નિરૂપણ કર્યું છે અન્યદર્શનકારો પરાર્થરૂપે અનુમાનને જણાવે છે, એમ ન્યાયપ્રવેશાદિના પર્યાલોચનથી સમજાય છે. તેમજ અકલંકાદિ દિગંબરાચાર્યો શ્રુતજ્ઞાનને પરાર્થ પ્રમાણ તરીકે અને શેષજ્ઞાનોને સ્વાર્થ પ્રમાણ તરીકે, જણાવે છે, માણિક્યનંદી વગેરે આચાર્યોએ પરાર્થ પ્રમાણ તરીકે અનુમાનને જ જણાવ્યું છે. ન્યાયાવતાર સિવાય કોઈપણ સ્વપર દાર્શનિક ગ્રંથોમા પ્રત્યક્ષ પ્રમાણને પરાર્થ પ્રમાણ તરીકે જણાવ્યું નથી. દિવાકરજીની આ પ્રસ્તુત માન્યતા વાદિ દેવસૂરિ વગેરે આચાર્યોએ સ્વીકારી છે, એમ પ્રમાણનયતત્ત્વાલોકના વાચનથી જણાય છે. ન્યાય પદાર્થ તત્ત્વના જિજ્ઞાસુઓએ ૧ સાધન (પરાર્થાનુમાન) ૨ દૂષણ ૩ સાધનાભાસ ૪ દૂષણાભાસ. ૫ પ્રત્યક્ષ. ૬ અનુમાન. ૭ પ્રત્યક્ષાભાસ. ૮ અનુમાનાભાસ આ આઠ પદાર્થો જરૂર જાણવા જોઇએ આ ઇરાદાથી દિઙ્ગનાગ નામના બૌદ્ધ વિદ્વાને ન્યાયપ્રવેશમા તે આઠ પદાર્થોનું સ્વદર્શનને અનુસારે સ્વરૂપ જણાવ્યું છે દિવાકરજી મહારાજે છેલ્લા બે પદાર્થોની અનાવશ્યકતા જાણી બાકીના છ પદાર્થોનું સ્વરૂપ અહીં જણાવ્યું છે. આ મુદ્દાથી જ 'ન્યાયાવતાર' નામની આદિમાં ન્યાય શબ્દની યોજના કરી છે પ્રાચીન બૌદ્ધ વિદ્વાનોમાંના કેટલાએકની એવી પણ માન્યતા હતી કે-પરાર્થાનુમાનના પ્રસંગે પક્ષ પ્રયોગ કરવો જ જોઇએ, એવો કઇ નિયમ નથી તેનું ખંડન કરવાને અહીં કર્તાએ ભાર દઇને પક્ષ પ્રયોગની આવશ્યકતા સ્પષ્ટ સ્વરૂપે જાહેર કરી છે. અહીં જણાવેલી હેતુ પદાર્થની સ્પષ્ટ પ્રરૂપણા જ્યારે તમામ જૈન તર્કગ્રંથોમા એક સરખી દેખાય છે ત્યારે અન્ય દાર્શનિક ગ્રંથોમાં તે જુદા જ સ્વરૂપે દેખાય છે સાધર્મ્ય દૃષ્ટાંત વગેરેના લક્ષણ બાંધતા કર્તાએ દૃષ્ટાંતની આવશ્યકતા સ્વીકારી બૌદ્ધાદિમતનું ખંડન કરવા જણાવ્યું છે કે કોઈ વ્યક્તિ વિશેષ બુદ્ધિશાલી હોય, તો તે દૃષ્ટાંત વિના પણ સાધ્યનો બોધ પામી શકે છે. માટે દૃષ્ટાંત જણાવવું જ જોઇએ, એવો કાંઇ નિયમ નથી. તેમજ અહીં આગળ ૧-પક્ષ, ૨ હેતુ, ૩-દૃષ્ટાંતનું નિરૂપણ કરી સાધનાભાસનું સ્વરૂપ જણાવતાં પક્ષાભાસના પાચ ભેદો જણાવ્યા છે અન્યત્ર તેના નવ ભેદો પણ વર્ણવ્યા છે જેમ હેત્વાભાસના ત્રણ ભેદોનું વર્ણન અહીં છે તેજ વર્ણન પછીના જૈન-

તાર્કિક ગ્રંથોમાં પણ દેખાય છે. બીજાઓ પાંચ હેત્વાભાસ માને છે. તેમજ અહીં દૃષ્ટાંતાભાસના છ છ ભેદો જે જણાવ્યા છે, તે બાબતમાં યાદ રાખવું કે બૌદ્ધો પાંચ ને નવ ભેદો પણ વર્ણવે છે. પણ છ ભેદો જ સાચા છે. એમ દૂષણાભાસ વગેરે બીના પણ કર્ત્તાએ અહીં સ્પષ્ટ જણાવી, છેવટે અઠ્યાવીશમા શ્લોકમાં પ્રમાણનું ફલ દીર્ઘદૃષ્ટિથી નિર્ણય કરી જણાવ્યું છે. જૈન તાર્કિક ગ્રંથોમાં ન્યાયાવતારનું અગ્રસ્થાન હોવાનું મુખ્ય કારણ એ પણ છે કે-પ્રમાણ અને નયનો જે વિષયભેદ અહીં સ્પષ્ટ રૂપે છે, તે જૈનેતર ગ્રંથોમાં તો સર્વાંશે પણ નથી, કારણ કે નયની બીના અન્યત્ર કહી જ નથી. ટૂંકમાં એમ ખુશીથી કહી શકાય કે-અહીં ૧-નયનો વિષય, ૨-નયનું સ્વરૂપ. ૩-સ્યાદ્વાદ શ્રુતનું લક્ષણ. ૪-પ્રમાતાનું જૈનદર્શનાનુસારે સ્વરૂપ સંક્ષિપ્ત છતાં બહુ જ સ્પષ્ટ-નિષ્ટંક જણાવ્યું છે. તેથી જૈનન્યાયને સમજવાનું અપૂર્વ સાધન ન્યાયાવતાર જરૂર કહી શકાય

ઐતિહાસિક તત્ત્વજ્ઞાનના સમર્થ વિદ્વાનો આ ગ્રંથને વાંચતાંની સાથે જ જણાવે છે કે-પ્રમાણના યથાર્થ રહસ્યને સ્પષ્ટ-ટૂંક શબ્દોમાં જણાવનાર આ બત્રીશીના બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજ જૈન સાહિત્યના અપૂર્વ બુદ્ધિશાલી સમર્થ સંગ્રહકારોમાં પ્રથમ અગ્રેસર હતા. દિગંબર સંપ્રદાયનો આપ્તમીમાંસા ગ્રંથ પ્રમાણના સ્વરૂપને જણાવે છે તે-આ ન્યાયાવતારની પછી રચાયો છે, કારણ કે તેના કર્ત્તા સ્વામી સમંતભદ્ર વિક્રમના બીજા સૈકામાં થયા છે. આપ્તમીમાંસાના પરિચયથી જણાય છે કે-ન્યાયાવતારની રચના શૈલી-તેના કરતાં સર્વાંશે શ્રેષ્ઠ છે. કેટલાએક વિદ્વાનોની એવી માન્યતા છે કે-" શ્રી સિદ્ધસેનદિવાકરજીના સમયની પહેલાંના સમયમાં તર્કશાસ્ત્ર સંબંધી કોઇ સ્વતંત્ર સિદ્ધાંતો વિશેષ પ્રચલિત ન હતા. અને પ્રમાણના વિચારો શ્રી અનુયોગદ્વાર સૂત્રાદિમાં સંક્ષેપે હતા. તે સમય સુધી તેવા વિચારોના પ્રચારની વિશેષ જરૂરિયાત પણ ન હતી. કારણ કે દિવાકરજીના સમયની પહેલાંનો જમાનો તર્કપ્રધાન ન હતો, પરંતુ વિશેષે કરીને આગમપ્રધાન હતો. એટલે આ વચનો આપ્ત પુરુષના છે માટે માન્ય જ કરવા જોઇએ. આવી શ્રદ્ધા માત્રથી તે વચનો સ્વીકારાતા હતા, પરંતુ મહર્ષિ ગૌતમે 'ન્યાયસૂત્ર' નામના ગ્રંથની રચના કરી, તે પછી ધીમે ધીમે તર્કશૈલીનું જોર વધવા માંડયું, ને તેવી શૈલીવાળા સ્વતંત્ર સિદ્ધાંતોની રચના થવા લાગી કારણ કે તેમ કર્યા સિવાય વિવિધ દાર્શનિક વિચારોની પ્રસિદ્ધિ થઇ શકે જ નહિ. બ્રાહ્મણો તાર્કિક શૈલીએ વિવિધ તત્ત્વોનો વિચાર કરવા લાગ્યા, ત્યારે બીજી બાજુ નાગાર્જુન નામના બૌદ્ધ વિદ્વાને 'મધ્યમાવતાર' નામના ગ્રંથની રચના કરી હતી. કેટલોક સમય વીત્યા બાદ બૌદ્ધવિદ્વાનોમાં અને બ્રાહ્મણ વિદ્વાનોમાં તાર્કિક દૃષ્ટિએ પરસ્પર વિચારોનું ખંડનમંડન વિશેષે કરી થવા લાગ્યું. નિર્જન વન વગેરેમાં રહેતા જૈનમતિ ગ્રંથોએ આ વાત જાણી તે ઉપરાંત એ પણ તેમના જાણવામાં આવ્યુ કે-બૌદ્ધાદિ અન્ય દર્શનીઓ પ્રભુ શ્રી મહાવીર દેવના અવિચ્છિન્ન પ્રભાવશાલિ મોક્ષ માર્ગનો ઉપહાસ કરી રહ્યા છે. આવા આવા અનેક કારણોને લક્ષ્યમા લઇને અને "કોઇ પણ ઉપાયે શ્રી જૈનેન્દ્ર શાસનના માન્ય સિદ્ધાંતો નિર્દોષ પદ્ધતિએ પ્રચારવા" આ સાધ્યને સિદ્ધ કરવા તે જૈનનિર્ગ્રંથો તૈયાર થયા. સૌથી પ્રથમ પહેલ કરનાર શ્રી શ્યામાચાર્ય મહારાજના ગુરુ અદ્વિતીય સંગ્રહકાર પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચકવર્યે તત્ત્વાર્થાધિગમસૂત્રની રચના કરી. તેમાં જૈન સિદ્ધાંતોનો સંક્ષેપે સંગ્રહ કર્યો. તેમાં જણાવેલા 'પ્રમાણનયૈરધિગમઃ' (તત્ત્વોનો યથાર્થ પરિચય પ્રમાણ જ્ઞાન, ને નયજ્ઞાનથી થાય છે.) આ સૂત્રના અર્થ તરફ

ક્રિયાશુદ્ધિદ્વારા જ્ઞાનયોગ તદ્દ્વારા મુક્તિ

લેખકઃ—મુનિરાજ પુણ્યવિજયજી મહારાજ (સંવિગ્ન પાક્ષિક)

(ગતાંક પૃષ્ઠ ૧૮૪ થી ચાલુ)

જે જીવ તીવ્રભાવે પાપ ન કરે, સંસાર ઉપર બહુમાન ન ધરાવે અને સર્વત્ર ઉચિત કાર્ય કરનારો હોય તે જ જીવ અપુનર્બંધક બને, ત્યાર બાદ એ જ જીવ ધર્મની યોગ્યતા પ્રગટાવી થોડા થોડા શુભ પરિણામમાં રહે. એનું અનુષ્ઠાન સદનુષ્ઠાન રાગપ્રયોજક તદ્હેતુ અનુષ્ઠાન હોય. વિશિષ્ટ કર્મની નિર્જરાના યોગે મિથ્યાત્વમલ અલ્પ થવાના કારણે એ જ જીવ માર્ગાભિમુખ–માર્ગાનુસારી બને. બાદ અપૂર્વકરણરૂપ શુદ્ધ પરિણામદ્વારા ગાઢ મિથ્યાત્વની ગ્રંથિને ભેદી સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે એટલે તે જીવ વિવેકીયોગનો અધિકારી બને સમકિતવાળો જીવ ચિત્તપાતિ એટલે અધ્યવસાયપૂર્વક પાપ કરનાર ન હોય કિન્તુ માત્ર કર્મના નિયોગથી કાયપાતિ હોય એટલે જ એને ગાઢ કર્મબંધન ન થાય એવા જીવો જ આ આશયવાળા બને. અને એવા જીવો જ ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યયોગના અધિકારી છે. ઇચ્છાયોગાદિ પણ યોગાવંચક, ક્રિયાવંચક, ફલાવંચક આદિ વિશિષ્ટ જીવો પામી શકે છે. જે જીવો લઘુકર્મી બન્યા હોય અને ચરમાવર્ત્ત–શુક્લપાક્ષિક બન્યા હોય, તેઓ જ યોગાવંચકાદિ બની શકે છે જેઓના હૃદયમાં લઘુકર્મિતાના યોગે મુક્તિ પ્રત્યે આત્મીય દશાનો અદ્વેષ થાય અને એથી જ મુક્તિસાધક તત્ત્વ ધર્મ છે જ એવો નિર્ણય થાય અને એ જ કારણે જેઓ એ ધર્મની સદ્ગુરુ વિના પ્રાપ્તિ શક્ય નહિ હોવાથી ' सद्भिः कल्याणं संपन्नैः दर्शनादपि पावनैः ' એવાં સદ્ગુરુનો યોગ મેળવે તે ' યોગાવંચક ' કહેવાય છે. પાપવ્યાપારથી અંતરાત્માનું નિવર્તક અને

લક્ષ્ય રાખીને સિદ્ધસેન દિવાકરજી મહારાજે પ્રમાણનું યથાર્થ સ્વરૂપ સંક્ષેપે જણાવવા માટે આ ન્યાયાવતારની રચના કરી જૈનસાહિત્યમાં પહેલામાં પહેલો પદ્યતર્કગ્રંથ આ છે. આનો અભ્યાસ કરવાથી જૈનતર્કોની પરિભાષાનું યથાર્થ જ્ઞાન જરૂર પ્રાપ્ત થાય છે.

બૃહટ્ટિપ્પનિકા નામક પ્રાચીન જૈન ગ્રંથસૂચીના અવલોકનથી જાણવાનું મળે છે કે–આ ગ્રંથની (બત્રીશીની) ઉપર ચૌદસો ચુમ્માલીશ ગ્રંથના રચનાર–યાકિનીમહત્તરાસૂનુ, આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ૨૦૭૩ શ્લોકપ્રમાણ ટીકા બનાવી હતી અને સિદ્ધવ્યાખ્યાનિકે (સિદ્ધર્ષિએ) પણ ટીકા રચ્યા છે. એટલે આ બત્રીશીની ઉપર બે ટીકા હોવાનો ઉલ્લેખ આ બૃહટ્ટિપ્પનિકામાંથી મળી શકે છે. તેમાં સિદ્ધર્ષિકૃત ટીકા–પાટણ–હેમચંદ્રાચાર્ય સભા તરફથી છપાઈ છે શ્રી રાજશેખરસૂરિજીએ આ ટીકા ઉપર ટિપ્પનક નામે સંક્ષિપ્ત વિવરણ રચ્યું છે. શ્રી જિનેશ્વરસૂરિજીએ ન્યાયાવતારના પ્રથમ શ્લોકના વિવરણરૂપે–' પ્રમાલક્ષણ ' નામક વાર્તિકની રચના કરી છે. આ સંબંધી વિશેષ પરિચય–જૈનહિતેષી માસિક પત્રના ૧૨ મા ભાગના પહેલા અંકમાં જણાવ્યો છે.

પારલૌકિક શુભ ફલદાયક શુભ અનુષ્ઠાનોમાં પ્રવર્તક શાસ્ત્ર સદ્ગુરુ આધીન હોઇ જે ભાગ્યશાળી જીવ વિશિષ્ટ જિજ્ઞાસા ગુણથી સદ્ગુરુની પાસે શુશ્રૂષા દાખવે અને સદ્ધર્મનું શ્રવણ કરી તત્ત્વજ્ઞાન મેળવી ધર્મક્રિયા કરે તે 'ક્રિયાવંચક' કહેવાય છે.

એ ક્રિયાઓ વિષ, ગરલ, ઓઘ (અન્યોન્ય) તદ્હેતુ અને અમૃતાનુષ્ઠાનરૂપ છે. એમાં સદ્ગુરુ ઉપાસક ભવ્ય જીવ તદ્હેતુ અથવા તો અમૃતાનુષ્ઠાનનો આરાધક હોય. વિષ, ગરલ. અને અન્યોન્ય અનુષ્ઠાન્ ત્યાજ્ય છે.

એ રીતિએ આરાધના કરવાથી વિશિષ્ટ ફલને જે ભવ્ય જીવ પ્રાપ્ત કરે તે 'ફલાવંચક' કહેવાય છે.

ક્રિયા વિશુદ્ધિમાં--નિરાશંસભાવ—ઇહલોક પરલોકની આશંસા રહિતપણું ૧ આદર ૨, પ્રીતિ ૩, વિઘ્નજય ૪, ઉપયોગ ૫ અને ગુણવૃદ્ધસેવા ૬ એ કારણભૂત છે;

ઇચ્છાદિક યોગમાં-ઇચ્છા ૧, પ્રવૃત્તિ ૨, સ્થિરતા ૩ અને સિદ્ધિ ૪ એ ચાર કારણરૂપ છે.

જે ભવ્ય જીવો ભગવંતાજ્ઞાનુસાર આદર અને બહુમાનપૂર્વક ઉચિતાનુષ્ઠાનનું આરાધન કરતાં હોય, તેઓ પ્રત્યે હાર્દિક ભક્તિપૂર્વક પ્રીતિ તે 'ઇચ્છાયોગ' દૃષ્ટાંત ભગવાનને દાનનો તીવ્ર અભિલાષુક જીર્ણશ્રેષ્ઠિવત્ ઉક્તંચ "सर्वोऽपि अभिग्रह इच्छा-प्रवृत्ति-स्थैर्य-सिद्धि-भेदाच्चतुर्धा परिगीतः तत्रास्येच्छारूप एव परिशुद्धोऽभिग्रहो जीर्णश्रेष्ठिनः पारंपर्येण मोक्षफलतया संवृत्तः" (ઉપદેશ રહસ્ય) તેમજ જેમાં કાલ અને સંહનનના દોષે પરિપૂર્ણ આજ્ઞાના પાલનપૂર્વક અનુષ્ઠાનોનું સેવન ન થાય તે શાસ્ત્રજ્ઞાતાનું પણ અનુષ્ઠાન ઇચ્છાયોગરૂપ અનુષ્ઠાન કહેવાય છે

એ પ્રીતિપૂર્વક શાસ્ત્રના બહુમાન સહિત તે તે અનુષ્ઠાનોનું (દાન, શીલ, તપ, પૂજા, સામાયિક, આવશ્યકાદિક ક્રિયા, સ્વાધ્યાય, કાયોત્સર્ગ વિગેરે અનુષ્ઠાનો) પાલન તે–'પ્રવૃત્તયોગિ' કહેવાય છે.

એ પ્રવૃત્તિ કર્યા બાદ સાત્વિક વૃત્તિથી સમુપસ્થિત થતાં કંટકાદિ તુલ્ય વિઘ્નોનો વિજય મેળવી પ્રારબ્ધ અનુષ્ઠાનોમાં સ્થિરતા અર્થાત્ જ્ઞાનાદિ ગુણના રોધક વિરુદ્ધ આશયોના ભયનો જેને અભાવ છે તે 'સ્થિરયોગિ' કહેવાય છે.

અંદરનું તથા બહારનું ચંચલપણું જવાથી આત્માથી ભિન્ન અન્ય ભવ્ય પુરૂષોના અર્થનું સાધન દેશનાદિએ કરીને પ્રાપ્ત વિધાન જેને છે, તે 'સિદ્ધયોગિ' કહેવાય છે.

ભગવંતે પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગરૂપ ચાર અનુષ્ઠાનો ફરમાવ્યા છે.

જે અનુષ્ઠાન પરમ આદરથી કરવું તે 'પ્રીતિ અનુષ્ઠાન' જે અનુષ્ઠાનમાં કર્તા ગૌરવ–વિશેષથી બહુમાન તત્પર થઇને વિશુદ્ધતર યોગે કરીને કરે તે 'ભક્તિ અનુષ્ઠાન' અને ભગવંતની–શાસ્ત્રની આજ્ઞાનું જેમા પ્રાધાન્ય હોય તે 'વચનાનુષ્ઠાન' કહેવાય છે.

અને શાસ્ત્રની પરિપૂર્ણ આજ્ઞાના આરાધન બાદ નિરાલંબનપણે જે પરમાત્માનું ધ્યાન કરાય તે અથવા અતિશય અભ્યાસથી આગમની અપેક્ષા સિવાય સહજભાવે કરવામાં આવે તે 'અસંગાનુષ્ઠાન' કહેવાય છે. વચનાનુષ્ઠાન નથી. આત્મા અસંગ ક્રિયાને પ્રાપ્ત કરે છે.

ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એમ ત્રણ પ્રકારના પણ યોગ છે

પૂર્વે કથિત પ્રમાણે 'ઇચ્છાયોગ' સમજવો.

ઔત્સર્ગિક માર્ગસ્થ બની શાસ્ત્ર અનુજ્ઞા

સ્યાદ્વાદમંજરી.

લે:—વ્યા. કા. તીર્થ મુનિ પૂર્ણાનન્દવિજયજી (કુમારશ્રમણ)

(ગતાંક પૃષ્ઠ ૧૪૬ થી શરૂ)

કારણ કે જ્ઞાન માત્રા બન્નેમાં સમાન છે।

ગૌણુ છે સમાનધર્મ જેમાં એવા વિશેષ ધર્મની પ્રધાનતાવાલા પદાર્થોથી જાણી શકાય છે. અને ગૌણુ છે વિશેષ ધર્મ જેમાં એવા સમાન ધર્મની પ્રધાનતાવાલા પદાર્થો દર્શનથી જાણી શકાય છે, કારણુ કે જ્ઞાન અને દર્શન જીવનો સ્વભાવ છે.

વિશેષને ગૌણુ કરી સામાન્યની પ્રધાનતાથી અર્થ ગ્રહણુ થાય તે દર્શન કહેવાય છે, ને જે સામાન્યને ગૌણુ કરી વિશેષ ધર્મની ાાનતાથી જે અર્થ ગ્રહણુ થાય તેને જ્ઞાન છે.

જે કારણુથી જિન છે તેથી જ અતીતદોષવાલા . જે જિન નથી તે અતીતદોષવાલા નથી.

જે કારણુથી આપ્ત મુખ્ય છે તેથી જ અબાધ્યસિદ્ધાન્તવાલા છે. વિશ્વાસુ પુરુષ આપ્ત કહેવાય છે, તે આપ્તોમાં શ્રેષ્ઠ પ્રભુ મહાવીર ત્રિદોષરહિત વચનવાલા હોવાથી સંસારને વિશ્વાસના કારણુભૂત છે, માટે તેમનો સિદ્ધાન્ત અબાધ્ય છે.

જેમણે કેવળજ્ઞાનથી યથાસ્વરૂપ વસ્તુને જોઇ લીધી હોય તેમનાં વચનો કુતર્કોથી બાધા પામતાં નથી.

જે કારણુથી મહાવીર સ્વયમ્ભૂ છે તેટલા માટે અમર્ત્યપૂજ્ય છે. દેવાધિદેવ મહાવીર ત્રણુ જગતથી વિલક્ષણુ સ્વયંભૂ છે, માટે ઇન્દ્રોથી પૂજાય છે.

શંકા—આપણા શ્લોકમાં અનન્તવિજ્ઞાન, અતીતદોષ, અબાધ્યસિદ્ધાન્ત, અમર્ત્યપૂજ્ય, શ્રી વર્ધમાન, જિન, આપ્તમુખ્ય અને સ્વયમ્ભૂ આ આઠે પદોની જ્યારે વિશેષણુરૂપે વ્યાખ્યા કરી છે તો પછી આ શ્લોકમાં વિશેષ્યપદ કોને માનવું ?

પ્રમાણે જ જે પૂર્ણ અનુષ્ઠાનોનું આરાધન થાય એટલે કે સાલંબન વિશિષ્ટ આરાધન થાય તે **શાસ્ત્રયોગ** કહેવાય છે.

અને જે યોગમાં જિનેશ્વરદેવની આજ્ઞાનું જ પ્રાધાન્ય હોવાથી જે ભવ્ય પુરુષ આત્મિક વીર્યોલ્લાસ પ્રગટ કરી નિરંજન નિરાકાર પરમાત્માનું અભેદ ઉપાસન કરવા ઉજમાલ બને તે ખાતર નિરવદ્ય યોગમાં પ્રવૃત્તિરૂપ સાલંબન માર્ગ–કર્મયોગ–ભક્તિયોગનો ત્યાગ કરી નિવૃત્તિમાર્ગનો (જ્ઞાનયોગનો) આરાધક બને એટલું જ નહિ પરંતુ ક્ષાયોપશમિક ક્ષમા આદિ ધર્મોના સંન્યાસ (ત્યાગ કરી) યોગ-નિરોધરૂપ યોગ સંન્યાસ કરે અને તે ખાતર શૈલેશીકરણુ કરે અને તેથી સર્વથા યોગોનો નિરોધ કરી કર્મજન્ય સકલગુણુવિમુક્ત બની જાય અને પોતાના સ્વાભાવિક ગુણોને પ્રગટ કરે તે તાત્વિક નિરાલંબન અથવા તો અયોગ-રૂપ **સામર્થ્યયોગ** કહેવાય છે.

સમાધાન—આ સ્તુતિની પૂર્વ અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકાના પ્રથમ કાવ્યમાં "વર્ધમાનાભિધાઽઽત્મરૂપં" આમાં આત્મરૂપ આ પદને વિશેષ્ય માનીને આ સ્તુતિની સાથે અન્વય કરી લેવો.

અર્થાત્ શ્રી વર્ધમાન આ પદને ઠગલ કરી લેવું, તેમાંથી એકને વિશેષણ માનવું અને એકને વિશેષ્ય. ઇતિ પ્રથમકાવ્યં.

આ સ્તુતિમાં અન્યયોગવ્યવચ્છેદનો અધિકાર છે અને તે ત્યારે જ બની શકે કે તેમના (કપિલાદિના) પ્રરૂપેલા તત્ત્વાભાસોનું ખંડન કરવામાં આવે. તેમના તત્ત્વોનું ખંડન કરવાથી તેમનામાં (કપિલાદિમાં) માનેલું આપ્તત્વ પોતાની મેળે ખંડિત થઇ જશે, અને તેમના આપ્તત્વનું ખંડિત થવાથી મહાવીરનાં યથાર્થવાદિત્વની પ્રસિદ્ધિ થઇ જશે એટલા માટે હેમચન્દ્રાચાર્ય મહાવીરના બીજા ગુણોમાં યદ્યપિ શ્રદ્ધાલુ છે તો પણ પ્રભુના ગુણવિશેષ યથાર્થવાદિત્વને બતાવતાં પોતાના અભિપ્રાયને કહે છે!

अयं जनो नाथ! तव स्तवाय।
गुणान्तरेभ्यः स्पृहयालुरेव
विगाहतां किन्तु यथार्थवादमेकं,
परीक्षाविधिदुर्विदग्ध ॥ २॥

—હે નાથ! આ હું તારી સ્તુતિ કરવા માટે યદ્યપિ તારા બીજા ગુણોમાં પણ શ્રદ્ધાલુ છું તો પણ તારો યથાર્થવાદ ગુણ મારી સ્તુતિનો વિષય બને! કારણ કે જ્યારે તારામાં યથાર્થવાદિત્વ સિદ્ધ થઇ જશે ત્યારે બીજા (અક્ષપાદાદિ)થી તારી વિશિષ્ટતા સિદ્ધ થઇ જશે તેમ થતાં તારા બીજા ગુણોથી સ્તુતિ સ્વયમેવ થઇ જશે!

સત્યપરીક્ષા કરવામાં કુશળ એવા દિવ્યજ્ઞાનિઓ જ યથાર્થવાદિત્વ ગુણની સ્તુતિ કરી શકે છે, નહિ કે દિવ્યજ્ઞાન વગરનાં હેમચન્દ્રાચાર્ય! આવી શંકા કોઇને ન થાય એટલે જ સ્તુતિકાર પોતે કહે છે કે-આ હેમચન્દ્રાચાર્ય પોતાને પરીક્ષા કરવામાં પંડિત માને છે અર્થાત્ કેવળ શ્રદ્ધાના અતિશયથી જ આ સ્તુતિદ્વારા પ્રભુના યથાર્થવાદિત્વ ગુણને કસોટી ઉપર ચઢાવું છું! અર્થાત્ આગમનાં બળથી મહાવીરમાં યથાર્થવાદિત્વ ગુણ નહિ સ્વીકારતાં હેમચન્દ્રાચાર્ય તર્કથી પણ મહાવીરમાં યથાર્થવાદિત્વને સિદ્ધ કરે છે! ॥ ૨॥

અસમ્ભવાદિ દોષોના બહુલતાવાળા શાસ્ત્રોથી દુર્વાસિત થયેલા (અક્ષપાદાદિ) પ્રભુને સ્વામી તરીકે સ્વીકારતાં નથી, તેમને પણ શિક્ષા દેતાં આચાર્ય કહે છે—

गुणेष्वसूयां दधतः परेऽमी मा,
शिश्रियन्नाम भवन्तमीशं।
तथापि संमील्य विलोचनानि,
विचारयन्तां नयवर्त्म सत्यम् ॥ ३॥

—તારા ગુણોમાં અસૂયાને ધારણ કરનાર આ કુતીર્થિકો સંપૂર્ણ ગુણોના ભંડાર એવા તને માલીક તરીકે ભલે ન સ્વીકારે (કારણ કે જે માણસ ત્યાં મત્સરી હોય છે તે તેનો આશ્રય સ્વીકારતો નથી જેમ માધુર્ય ગુણનો દ્વેષી ઉંટ) તોપણ આચાર્ય તટસ્થની માફક તેમને હિતશિક્ષા ઉદારદૃષ્ટિથી આપે છે તે આ પ્રમાણે—તે લોકો પોતાની આંખોને બંધ કરી સાચી વાત શું હોઇ શકે? સાચું તત્ત્વ સંબંધી વિચારણા કરે અર્થાત્ એકાન્તમાં તત્ત્વ સંબંધી વિચારણા કરે. આ શ્લોકમાં "વિચારયન્તાં" આ આત્મનેપદ પ્રયોગથી જે વિચાર કરશે તેમને જ ફળ મળશે, અમે તો કેવળ ઉપદેશ દેનારા છીએ. બુદ્ધિમત્તા પ્રાપ્ત થવી એ જ તત્ત્વવિચારણાનું ફળ છે

એકાગ્રતાનાં કારણભૂત નયનિમીલનપૂર્વક તત્ત્વચિંતવન સુન્દર હોઇ શકે માટે જ આંખોને બંધ કરીને કહેવામાં આવ્યું છે. અથવા તે કુતીર્થિકોને આ ઉપદેશ રૂચતો નથી તો પણ કડવા ઔષધના ન્યાયથી આચાર્ય હેમચન્દ્ર તેમને ઉપદેશ આપે છે.

શંકા—મહાવીરના વચનમાં તેમની જો શ્રદ્ધા નથી તો પછી શામાટે ઉપદેશ દેવાનો કલેશ કરવામાં આવે છે.

સમાધાન—પરોપકાર કરવામાં સદા સાવચેત એવા મહાત્માઓ શિષ્યની રૂચિ અથવા અરૂચિને જોયા વગર ઉપદેશ આપે જ છે, કારણ કે તેમને પરોપકાર એજ સ્વાર્થ છે. અને હિતોપદેશને છોડીને બીજો કોઇવાર આર્થિક ઉપકાર નથી.

આર્ષ વચન પણ છે.

" ઉપદેશ્ય પુરુષ ચાહે ક્રોધ કરે. અથવા સામે વિષવાલી પ્રવૃત્તિ આદરે તો પણ હિતકારી વચન કહેતા જવું."

—વાચકમુખ્ય ઉમાસ્વાતી પણ કહે છે. "હિતકારિ વચનો સાંભલવાથી શ્રોતાઓને એકાન્તથી ધર્મની પ્રાપ્તિ નથી થતી, તોપણ અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ આપનાર વકતાને તો એકાન્ત લાભ જ છે. ॥ ૩ ॥"

આ સભાના માનવંતા પેટ્રન શેઠ સાહેબ કસ્તુરભાઇ લાલભાઈનાં સન્માનાર્થે યોજવામાં આવેલ મેલાવડો.

નામદાર હિંદ સરકાર તરફથી ગુજરાત સૌરાષ્ટ્ર માટે દુષ્કાળ રાહત કમીટી નિમવામાં આવતાં તે કમીટીના પ્રમુખ શ્રી શેઠ કસ્તુરભાઇ લાલભાઇ તે કમીટી સાથે ભાવનગરમાં તા. ૨૪-૩-૪૯ ના રોજ પધાર્યા હતા, જે વખતે સ્ટેશન ઉપર આ સભાના આગેવાન સભ્યોએ ફુલહારથી શેઠ કસ્તુરભાઇ સાહેબનું સન્માન કર્યું હતું અને સાંજના સાત વાગે શ્રી જૈન આત્માનંદ સભાના શ્રી ભોગીલાલ લેકચર હોલમાં શેઠ કસ્તુરભાઇના સન્માનાર્થે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. પ્રથમ આ સભાના મુખ્ય સેક્રેટરી, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે સભાના મુખ્ય કાર્યો શ્રી જૈન સાહિત્ય પૂર્વાચાર્યકૃતનું પ્રકાશન, બહોળો પ્રચાર, ભેટ વગેરે તેમજ બને પ્રકારની કેળવણીને ઉત્તેજન વગેરેનું સંક્ષિપ્તમાં વિવેચન કર્યા બાદ શેઠ સાહેબ કસ્તુરભાઇ લાલભાઇએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પ્રમાણિક કાર્યવાહી, તીર્થોના સંરક્ષણ હકો જાળવવા વગેરેનુ અત્યાર સુધીનુ સુંદર વિવેચન કર્યું હતું. જેથી શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીનો પ્રમાણિક વહીવટ, જૈન સમાજની સેવાભાવી કાર્યવાહી, તીર્થોનો જીર્ણોદ્ધાર, હકો સંબંધી સંરક્ષણ અને ગયેલા હકો મેળવવા માટે શુભ પ્રયત્નો સાભળી શ્રોતાવર્ગ ઘણાજ આનંદિત થયા હતા અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સ્થાનિક પ્રતિનિધિ અને પ્રમુખ સાહેબ માટે અપૂર્વ સંતોષ થયો હતો. હિંદની જૈન સમાજના સદ્‌ભાગ્યે શેઠ આણંદજી કલ્યાણજીના અત્યારના કાર્યવાહકો માટે સકલ જૈન સંઘે આભાર માનવાનો જ છે.

ધર્મ-કૌશલ્ય.

(૬૧)

અંતરાત્મા–Conscience.

આત્માના અવાજને અનુસરવું–એ મુશ્કેલ છે, પણ હિતકારક છે.

નં. ૧૦. દરેક મનુષ્યને અંતરાત્મા જેવી ચીજ જરૂર હોય છે. ભયંકર ખૂનીને પણ એક વાર તો ખૂન કરતાં જરૂર આંચકો આવે છે, પણ તેનો પ્રબળ મનોવિકાર તેના પર સામ્રાજ્ય મેળવે છે અને અંતરના અવાજને કાં તો બહેર મારતો કરે છે, કાં તો તેને સુવાડી દે છે અથવા તેનો બળવત્તર રૂપ પ્રાણીના હૃદયમંદિરનો કબજો લે છે. જેવો હૃદયનો કબજો પર હાથમાં ગયો કે પ્રાણીની પરાધીનતા શરૂ થઇ જાય છે અને પરવશ પડેલો પ્રાણી પછી ગમે તેવા ગાંડા ગદોડે છે, અમાનુષી કાર્યો કરે છે, ન બોલવાનું બોલે છે અને માણસ મટી જનાવર પણ બની જાય છે.

આત્મિક શુદ્ધ દશા અને પૌદ્ગલિક વિલાસ દશા વચ્ચે હમેશાં યુદ્ધ ચાલે છે. જેવો શુદ્ધ આત્માનો કાબુ છૂટી જાય છે કે માણસ ખોટા અભિમાનના ખ્યાલથી, અથવા પોતાની મહત્તાનો દેખાવ જાળવવા ખાતર કે આગલા વેર–વિરોધને તાબે થઇ ટૂંકી નજરનો ખ્યાલ કરે છે અને ષડ્રિપુને તાબે થઇ પૌદ્ગલિક દશામાં અટવાઇ જાય છે. પછી એ ધનના લોભે, અથવા વિષયવિલાસની તૃપ્તિને અંગે અથવા ઐહિક સમૃદ્ધિ પોતાની કરવાના દુન્યવી ખ્યાલાતોને તૃપ્ત કરવા અણઇચ્છવા યોગ્ય કાર્યો કરી બેસે છે, લાંબી નજરે આત્માની ઉન્નતિના કે વિકાસના ખ્યાલને બદલે વિકારતૃપ્તિને પોતાનું સર્વસ્વ માની બેસે છે અને પહેલે સમયે અથવા શરૂઆતમાં જે આંચકો આવેલો હોય તેને દાબી દઇ વ્યવહારના કે વિકારના ઊભરાને તાબે થઇ જાય છે અને અંતરાત્માના • વિશુદ્ધ વિશિષ્ટ અવાજને ગુંગળાવી નાખે છે. અને એને સલાહકાર કે શિખામણ આપનાર પણ દુન્યવી માણસો જ મોટે ભાગે મળે છે. એ એને કહે છે કે 'એ તો બધાને ત્યાં થતું આવ્યું છે!!' એમ જો દુનિયામાં માફક કરનારા થઇએ તો છોકરાંઓને મોસાળ મોકલવા પડે એ તો બધાને જેમ થતું હોય તેમ થાય પોતે તે એવા મોટા ત્યાગી કે સન્યાસી થઇ બેઠા છે તે વળી ભારે ચોખલીયા થઇ બેસીએ! આ સર્વ વ્યવહારકુશળોની સલાહ વહેવારૂ ગણાતી હોય છે અને 'વહેવારૂ' શબ્દ ઘણીવાર ગોટા વાળવાના અર્થમાં વપરાય છે.

અંતરાત્માનો અવાજ તો એક મહાન ચીજ છે. એ દરેકને હોય છે, પણ તેના પર તુરત જ બીજી દશે પૌદ્ગલિક સાંસારિક વિકારનું જોર આવે છે અને તે અંતરાત્માના અવાજને દાબી દઇ તેના પર માયાનું જાળું ગોઠવી દે છે અને પછી તો જોઇ લો ભાઇઓના ગોટાળા! એ તો પછી આત્માની બીકના તુચ્છ કાર્ય ઉપર પણ પાલિસ લગાવશે અને વસ્તુતઃ આત્માને અંદર ઉધાડી દેશે. ખરો આત્મદર્શી ધર્મપ્રિય માણસ તે વખતે સ્નેહ, સંબંધ, નામ કે મારાતારાપણું વિસારી મૂકી માત્ર અંતરાત્માના અવાજને આગળ કરે છે. એથી એને ઐહિક અને આમુષ્મિક લાભ થાય છે અને દુનિયા એને ગાંડો, મૂરખો કે અવ્યવહારૂ કહે તેની એ દરકાર ન કરતાં આત્માના અવિકારી ફરમાનને અનુસરે છે. આ આત્મિક અવાજને શોધવો, પાળવો અને પોષવો મુશ્કેલ તો પડે, પણ ધર્મપ્રિય માણસને જો સાચો ધર્મ વર્યો હોય અને પોતાને ખરો વિકાસ સાધવો હોય તો આ આત્માના અવાજને બરાબર સમજી તેને જ અનુસરવું એ જ ખરી ધર્મપ્રિયતા છે, તેમાં ચેતનનો વિકાસ છે અને અંતે વિજય વરમાળ છે.

No. 10. It is difficult to obey conscience but it pays to do so.

Thoughts of the Great.

હે ચંદ્રાનન પ્રભુ! મને પ્રાપ્ત થઇ પણ કેવળ-જ્ઞાની ચૌદપૂર્વધર, દશ પૂર્વધર તથા પ્રત્યેક-બુદ્ધ કે જેઓ તત્વના યથાર્થ જ્ઞાતા ઉપદેષ્ટા છે, જેના વચનો પ્રમાણભૂત છે,નિ:શંક અને વિશ્વાસ-પાત્ર છે, તેના વચનાનુસારે સર્વેના વચનો પરખી શકાય છે, એવા ગુણસમુદ્ર પૂજ્ય પુરુષોના વિયોગવડે સહજાનંદરૂપ મોક્ષપદ સાધવાનો સાચો માર્ગ અતિશય દુર્લભ થઇ પડ્યો છે.

દ્રવ્ય ક્રિયા રૂચિ જીવડા રે,
ભાવ ધર્મરૂચિહીન;
ઉપદેશક પણ તેહવા રે,
શું કરે જીવ નવીન રે? ચંદ્રાનન૦ (૩)

સ્પષ્ટાર્થ:—હે ભવ્યો! અનાદિ કાલથી આપણો આત્મા જે અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાયવડે મલિન હોવાથી આ ભયાનક ભવસમુદ્રમાં ભ્રમણ કરતા જન્મ-જરા-મરણ-રોગ-શોક-વિયોગ-તાડન-તર્જન આદિ અનેક પ્રકારનાં શારીરિક તેમજ માનસિક દુ:ખો સહન કરે છે, પોતાની અનંત આનંદમય દશાથી દૂરવર્તી થઇ રહ્યો છે, તેથી અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાયાદિ દૂષણોથી મુક્ત કરી અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યમય પરમ નિર્મલ શુદ્ધ સિદ્ધપદમાં બિરાજમાન કરવો અર્થાત્ પૂર્ણ શુદ્ધાત્મ ભાવ પ્રગટ કરવો-પ્રાપ્ત કરવો એ જ આપણું પરમ કર્તવ્ય છે તથા એ જ આપણું સર્વોત્કૃષ્ટ અનંત સુખપ્રદ અવિનશ્વર સાધ્ય છે. પણ મોહનીય કર્મના પ્રબલ ઉદયવડે પોતાના સર્વોત્કૃષ્ટ સાધ્ય સાધવાની રૂચિથી પરાંગમુખપણે ધર્મનું મૂલ જે સમકિત તે પ્રાપ્ત કર્યા વગર પોતાના દુષ્કૃતો ઢાકવા માટે, અથવા માન પૂજાને અર્થે, અથવા આ ભવ સબંધી કામભોગના પદાર્થો મેળવવા માટે અથવા દેવાદિક ગતિના મનોહર, વિપુલ ભોગો પ્રાપ્ત થવા માટે ઘણા જીવો સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચખાણ, તથા સમિતિ પરિસહાદિ અનેક દ્રવ્ય ક્રિયાઓ રૂચિ સહિત આદરે છે પણ હે ભગવંત! તે સર્વે ક્રિયાઓ શુદ્ધ સાધ્ય નિરપેક્ષ અર્થાત્ પરમાર્થવિમુખ હોવાથી, વિષ, ગરલ તથા અન્યાનુષ્ઠાનરૂપે આશ્રવ હેતુ થઇ પડે છે.

ભવભ્રમણથી ઉદ્વિગ્ન થયેલા ભવ્ય શુદ્ધાત્મ ભાવ સિદ્ધ કરવાની રૂચિ ધરી તે તરફ પૂરતું લક્ષ આપી ગુણસ્થાન પ્રમાણે યોગ્ય વ્યવહાર આદરે અર્થાત્ પ્રથમ સમકિત ગુણ પ્રાપ્ત કરવાનો વ્યવહાર આદરે,કારણ કે તે મોક્ષનું પ્રથમ પગથિયું છે, પછી દેશવિરતિ, સર્વ વિરતિ થવાનો વ્યવહાર આદરે, પછી અપ્રમત્તાદિ ગુણસ્થાન પ્રાપ્ત થવાનો આગમપ્રણીત યોગ્ય વ્યવહાર આદરે તો કેવલજ્ઞાનાદિ અનુપમ લક્ષ્મીનો સ્વામી થાય. પોતાનું અજર-અમર-શુદ્ધાત્મ પદ પ્રાપ્ત કરે અને તેમ કરતાં તેનો તપ-વ્રત-પચ્ચખાણ-પ્રતિક્રમણાદિ સર્વે વ્યવહાર સફલ કલ્યાણકારી કહેવાય, પણ હે ચંદ્રાનન પ્રભુ! અનાદિકાલથી પુદ્ગલ દ્રવ્યના ગુણપર્યાયોને અનુભવતા, તેમાં જ તલ્લીન થયેલા સંસારી જીવોને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવધર્મની રૂચિ ક્યાંથી થાય? જો કદાચ એમ પોતાની મેળે થવી મુશ્કેલ તો સદ્ગુરુના ઉપદેશવડે પણ થઇ શકે પણ આ વિષય પંચમ કાલમાં ભાવ ધર્મમાં સ્થાપન કરનાર પરમોપકારી સદ્ગુરુની અતિશય વીરતા અને ભાવ ધર્મ એક કોરે મૂકી, સાધ્યશૂન્ય દ્રવ્ય ક્રિયામાં લગાડનાર ઉપદેશકો ઘણા જોવામાં આવે છે, તો હે ભગવંત 'નવા જીવો જિનદર્શીત શુદ્ધાત્મ ધર્મને શી રીતે પામી શકે?'

તત્વાગમ જાણંગ તજી રે,
બહુ જન સમ્મત જેહ;
મૂઢ હઠી જન આદર્યો રે,
સુગુરૂ કહાવે તેહ રે-ચંદ્રાનન૦ (૪)

સ્પષ્ટાર્થ-વળી હે પ્રભુ! આપના ભાખેલા આગમનું યથાર્થ રહસ્ય, જાણનારને તો આ પંચમ કાલમાં મૂઢ પુરુષો તજી દે છે, ઉવેખે છે, અને તત્ત્વજ્ઞાનથી વિમુખ મૂર્ખના ટોળાને સંમત તથા મૂઢ અને કદાગ્રહી પુરુષોએ આદરેલા-મન્માનેલા એવા કુગુરુઓ, સુગુરુ નામ ધરાવે છે, પણ પત્થરની નાવ જેવા પ્રગટપણે જિનશાસનના-વૈરીરૂપ કુગુરુઓ ભવસમુદ્રમાંથી કેમ ઉદ્ધરી શકે? મોક્ષમાર્ગે શી રીતે દોરી શકે? શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે પણ કહ્યું છે કે—

"જેમ જેમ બહુશ્રુત બહુ જન સંમત,
બહુ શિષ્યે પરિવરિઓ,
તેમ તેમ જિનશાસનનો વેરી,
જો નવિ નિશ્ચય દરિયો રે."

એટલે એવા કુગુરુની નિશ્રામાં આત્મકલ્યાણ કેમ સાધી-શકાય?

આણા સાધ્ય વિના ક્રિયા રે,
લોકે માન્યો રે ધર્મ;
દર્શન, જ્ઞાન, ચારિત્રનો રે,
મૂલ ન જાણ્યો મર્મ રે. ચંદ્રાનન(૫)

સ્પષ્ટાર્થ:—દર્શન, જ્ઞાન, ચારિત્રનો મૂલ મર્મ જાણ્યો નહીં અર્થાત્ સત્તાએ જ્ઞાન, દર્શન, ચારિત્રમય સિદ્ધ સમાન સર્વ જીવો છે પણ અનાદિથી કર્મમલ સંબંધે અશુદ્ધ હોવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ શુદ્ધાત્મ સ્વભાવથી વિપરીતપણે મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાયરૂપ પરિણમે છે, પોતાના આત્મવીર્યને તેમાં વાપરે છે અને તેથી નિરંતર સાત-આઠ પ્રકારની કર્મ બાંધી ભવસમુદ્રમાં પરિભ્રમણ કરતા અનેક પ્રકારની શારીરિક તથા માનસિક અસહ્ય વેદનાઓ ભોગવે છે, પણ તે મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાયને તીવ્ર દુઃખ દાતાર તથા અપૂર્વ સહજાનંદને લૂંટનાર મહાન શત્રુઓ જાણી તેમાં પોતાના આત્મવીર્યને નહીં વાપરતા જીવાદિ તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન તથા તે જીવાદિ તત્ત્વોને નય, નિક્ષેપ, પક્ષ, પ્રમાણાદિ સહિત સંશય વિભ્રમ એ વિમોહ રહિત શ્રદ્ધાનપૂર્વક જાણવારૂપ સમ્યગ્જ્ઞાન તથા રાગાદિક કષાય અને સાવધ યોગના પરિહારરૂપ સમ્યક્ ચારિત્રમાં પ્રયોજી સંસારસમુદ્રથી આત્માનો ઉદ્ધાર કરવો.

વળી હે ચંદ્રાનન પ્રભુ! આ દુઃષમ કાળમાં તે પરમાત્મપદનું યથાર્થ સ્વરૂપ જાણ્યા વગર તથા તેની સાધનારૂપ જિનેશ્વરની આજ્ઞાની અપેક્ષા તરફ લક્ષ રાખ્યા સિવાય અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓને જ ધર્મ માની લીધો તેમાં જ સાચા કાર્યથી વિમુખ-છતાં પણ જિનેશ્વરની આજ્ઞાથી વિમુખપણે વર્તતા સિદ્ધિ થાય નહીં કારણ કે જિનેશ્વરની આજ્ઞાની અપેક્ષા વગરના સર્વે ક્રિયાનુષ્ઠાન નિરર્થક છે.

ગચ્છ કદાગ્રહ સાચવે રે,
માને ધર્મ પ્રસિદ્ધ;
આતમ ગુણ અકષાયતા રે,
ધર્મ ન જાણે શુદ્ધ રે ચંદ્રાનન (૬)

સ્પષ્ટાર્થ.—સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ શુદ્ધાત્મ ગુણનો ક્રોધ, માન, માયા, લોભાદિક કષાયોવડે ઘાત ન કરવો અકષાય ભાવમાં શુદ્ધ પારિણામિક ભાવમાં વર્તવું તે જ સાચો ધર્મ છે, કારણ કે-"वत्थुसहावो धम्मो" એવું શ્રી જિનેશ્વરનું પવિત્ર વચન છે તથા તે કષાયોજ કર્મ બંધનના હેતુ છે તથા અકષાયમાં વર્તતો-પોતાના જ્ઞાનાદિ ભાવ પ્રાણોની રક્ષા કરનારો જ્ઞાની અપ્રમાદી મુનિ પોતાના તથા પરના દ્રવ્ય ભાવ પ્રાણનો હિંસક કેમ થાય? અને જે અશુદ્ધ અધ્યવસાયમાં વર્તે છે તે હિંસા નહીં

કરતાં છતાં પણ હિંસક છે, માટે અકષાયમાં વર્તવું તથા અહિંસામા વર્તવું એ બેની પરમાર્થે એકતા જ છે અને અહિંસા ધર્મનું પાલન કરનાર સર્વે ધર્મનું પાલન કરનાર છે કારણ કે સર્વે મહાવ્રતો તથા ક્ષમાદિક દશધર્મો તથા પરિસહ સહન તથા તપ, સયમ વિગેરે સર્વે ધર્મો અહિંસાના જ અંગ છે, તેના જ કારણો છે માટે સર્વે ધર્મોનો અહિંસામાં સમાવેશ થાય છે.

અકષાયરૂપ શુદ્ધ ધર્મને નહીં જાણનારા, તેની અપેક્ષા નહીં રાખનારા, એકાતે બાહ્ય ક્રિયાની હઠ ધરનારા પુરુષો માત્ર બાહ્ય ક્રિયાનેજ પરમાર્થ ઠરાવવા પ્રયત્ન કરે. અને કહે કે-આવું પાત્ર, આવી મુહપત્તિ, વિગેરે રાખવાં અને આવી જ રીતે પ્રતિક્રમણાદિ ક્રિયા કરવી. તે જ મોક્ષનું કારણ છે. અમારાથી પ્રકારાતરે જે ઉપકરણો તથા પ્રતિક્રમણાદિ બાહ્ય ક્રિયાઓ આદરે છે તે મોક્ષ પામી શકે નહીં. તેમ પોતે આદરેલ બાહ્ય લિંગને તથા બાહ્ય કરણીને પરમાર્થે મોક્ષનુ કારણ માની અમે સાચો ધર્મ આરાધીયે છીએ. તમારો ધર્મ પ્રશંસનીય છે એમ તે પોતાની જિહ્વાએ જ કહે છે અને તે માટે લાબા લાંબા વિતંડાવાદો માંડી બેસે છે, સમતારૂપ અમૃતને તજી કષાયરૂપ હલાહલ વિષને ભક્ષણ કરે છે. તે માટે સાગાર અને અણગારના લિંગનું મમત્વ તજી, પક્ષપાત તજી દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગમા આત્માને જોડવો અને એકાત બાહ્ય ક્રિયાનો હઠ છોડી પરમાર્થ સમજી, શુદ્ધ સાધ્ય તરફ લક્ષ રાખી શુદ્ધાત્મ પદ જેથી સિદ્ધ થાય એવો પ્રશસ્ત વ્યવહાર આદરી, આપણા આત્માને અત્યંત પરમાનંદમય પરમાત્મપદમાં સ્થિત કરવો.

તત્ત્વરસિક જન થોડલા રે,
બહુલો જન સંવાદ;
જાણો છો જિનરાજજી રે,
સઘલો એહ વિવાદ રે. ચંદ્રાનન. (૭)

હે ચંદ્રાનન પ્રભુ! આ દૂષમ કાળમાં અમારા ભરત ક્ષેત્રમા સદ્‌ગુરુની વિરલતાવડે શુદ્ધાત્મ તત્ત્વ સાધવાને રસિયા પુરૂષોની સંખ્યા તો રત્નમણિની પેઠે અતિશય અલ્પ, અને પોતાનો મત કદાગ્રહ સ્થાપન કરવાને તત્પર એવા કાચના કટકા જેવા પુરુષો ઘણાં એવી અમારી દયામણી દશાનું વર્ણન હે જિનેશ્વર! આપ સર્વથા જાણો છો.

નાથ ચરણ વંદનતણો રે,
મનમાં ઘણો ઉમંગ;
પુણ્ય વિના કેમ પામીયે રે?
પ્રભુ સેવનનો રંગ. ચંદ્રાનન. (૮)

સ્પષ્ટાર્થ:—દેવાધિદેવ શ્રી તીર્થંકરના ચરણકમલ કે જે શુદ્ધાત્મ અનુભવરૂપ સુગંધે ભરપૂર તથા વિષયકષાયની આર-દાહને શમન કરનાર, મોક્ષલક્ષ્મીનું અતિશય પ્રિય નિવાસસ્થાન છે, તેને વંદન કરવાનો, પૂજવાનો, ભ્રમરની પેઠે તેમાં લીન થવાનો મારા મનમાં અતિશય ઉમેદ ઉમંગ છે પણ આ ભવચક્રમાં ભ્રમણ કરતા અનેક વાર મનુષ્યભવ પામ્યો પણ વિષયકષાયાદિમા મોહિત રહી રત્નચિંતામણિ સમાન મનુષ્યભવ વૃથા ગુમાવી દીધો. પુણ્યાનુબંધી પુણ્યના વિયોગે જિનેશ્વરની સેવામા રંગ લાગ્યો નહીં, તલ્લીનતા થઈ નહીં, કરીયાતું કડવું છતાં જેમ મોઢાની કડવાશનો નાશ કરે છે તેમ જિનેશ્વરની લોકોત્તર સેવારૂપ પ્રશસ્ત રાગ તે રાગ નાશ કરવાનો તથા આત્મગુણ પ્રાપ્તિનો હેતુ છે ટૂંકમા જ્ઞાનાદિ ગુણો ઉપર, અરિહંતાદિ ધર્માત્મા ઉપર તથા ધર્મના સાધનો ઉપર તથા સાધર્મી ઉપર ગુણાવલંબને જે રાગ કરવો તે પ્રશસ્ત રાગ, ધર્મ સંયોગ તથા ગુણ પ્રગટ થવાનું કારણ છે.

જગતારક પ્રભુ વાંદીયે રે,
મહાવિદેહ મોઝાર;
વસ્તુ ધર્મ સ્યાદ્‌વાદતા રે,
સુણી કરીએ નિરધાર. ચંદ્રાનન (૯)

સ્પષ્ટાર્થ–સંસારસમુદ્રમાંથી ઉદ્ધારવા માટે સમર્થ, મહાવિદેહમાં વિચરતા શ્રી ચંદ્રાનન પ્રભુને નિર્મલભાવે વંદન કરીએ, સૂત્રમાં વંદનનું ફલ શ્રવણ એમ પ્રગટ વચન છે, માટે ભગવંતને વંદન કરતાં અનંતધર્માત્મક વસ્તુનું સ્વરૂપ સ્યાદ્વાદનયે સાંભળવાનો લાભ મળે, તે સાંભળી વસ્તુસ્વરૂપનો નિર્ધાર કરી શુદ્ધ ધર્મમાં પ્રવૃત્ત થઇએ.

તુજ કરુણા સહુ ઉપરે રે,
સરખી છે મહારાવ;
પણ અવિરાધક જીવને રે,
કારણ સફલું થાય. ચંદ્રાનન (૧૦)

સ્પષ્ટાર્થ–હે ચંદ્રાનન પ્રભુ! આપ રાગરૂપી સમુદ્રને ઓલંઘી ગયા છો. વીતરાગ ભૂમિમાં બિરાજમાન છો તેથી આપ તો શત્રુમાં તેમજ મિત્રમાં, સેવકમાં તેમજ અસેવકમાં, નિંદકમાં તેમજ સ્તુતિકારમાં સમાન વૃત્તિવાળા છો. સર્વે જીવો ઉપર આપની કરુણા તો હીનાધિકતા રહિત એક સરખી છે. સંસારસમુદ્રથી તારવા માટે સર્વેને એક સરખો ઉપદેશ આપો છો, તો જે જીવો આપની આજ્ઞાના વિરાધક હોય તે ન તરી શકે તો તે તેમનો જ દોષ છે.

पत्रं नैव यदा करीरविटपे,
दोषो वसंतस्य किम् ?
नोलूकोऽप्यवलोकते,
यदि दिवा सूर्यस्य किं दूषणम् ?

પણ આપની આજ્ઞાના આરાધક જીવો આ સંસારસમુદ્રથી તરી શકે, આપનું નિમિત્ત તેઓને જ સફલ થાય

એહવા પણ ભવિ જીવને રે,
દેવ ભક્તિ આધાર;
પ્રભુ સમરણથી પામીયે રે,
દેવચંદ્ર પદ સાર રે. ચંદ્રાનન. (૧૧)

સ્પષ્ટાર્થ–એવા આરાધક, ભવ્ય જીવોને પણ દેવાધિદેવ હે ચંદ્રાનન પ્રભુ, આપની ભક્તિનો આધાર છે. સંસારસમુદ્રમાંથી તરવામાં પ્રવહણ સમાન પુષ્ટ અવલંબન છે, માટે હે પ્રભુ! દેવમાં ચંદ્રમા સમાન, સર્વોત્કૃષ્ટ પરમાત્મપદ, આપના ગુણનું સ્મરણ તથા ધ્યાન કરવાથી પ્રાપ્ત થશે.

શ્રીમાન્ મોતીચંદ ગિરધરલાલ કાપડિયાને અંગે થયેલ સન્માન સમારંભ.

મુંબઇમાં તા. ૨૦-૩-૪૯ ના રીઝર્વ બેંકના માજી મેનેજર શ્રીયુત મણિલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા નીચે મોતીચંદભાઇની અનેકવિધ સેવાના સન્માન નિમિત્તે તેમને રૂા. ૭૦૦૦૦) સીત્તેર હજાર રૂપીઆની પર્સ અને માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. જુદા જુદા વક્તાઓના પ્રસંગોચિત વ્યક્તવ્ય થયા હતા. શ્રી મોતીચંદભાઇ સેવા પ્રશંસનીય અને ઉપકારક હતી. જૈન સમાજ અને શ્રી મહાવીર વિદ્યાલયની કમીટીએ યોગ્ય કરેલ છે. શ્રી મોતીચંદભાઇએ રૂા. પાંચ હજારને એક પોતાના પદરના ઉમેરી રૂા. પંચોતેર હજારની તે રકમ ઉચ્ચ કક્ષાના જૈન સાહિત્ય પ્રકાશન માટે મુદ્દલ અને વ્યાજની રકમમાંથી વ્યય કરવા શ્રી મહાવીર વિદ્યાલયને સુપ્રત કરેલ છે. આ સભા અને સેક્રેટરી તરફથી મુબારકબાદી અને ખુશાલીના તાર અને પત્ર મુંબઇ તે સમારંભ વખતે

વર્તમાન સમાચાર.

સન્માન સભારંભ.

તા ૧૫-૬-૪૯ મંગળવારે બપોરના ચાર વાગે જૈન આત્માનંદ સભાના શ્રી ભોગીલાલ લેકચર હોલમાં શેઠ ભોગીલાલભાઈના પ્રમુખસ્થાને શેઠ મોહનલાલ તારાચંદ જે. પી ને સભા તરફથી માનપત્ર અર્પણ કરવાનો મેળાવડો યોજવામાં આવ્યો હતો સભામાં સ્થાનિક જૈન આગેવાન ગૃહસ્થોની સારા પ્રમાણમાં હાજરી હતી પ્રારંભમાં સભાના સેક્રેટરી શ્રી જાદવજીભાઈએ આમંત્રણ પત્રિકા વાંચી હતી અને ત્યારબાદ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ, શ્રી અમૃતલાલ છગનલાલના અનુમોદનથી શેઠ ભોગીલાલભાઈને પ્રમુખસ્થાન સ્વીકારવા વિનંતિ કરી હતી જૈન આત્માનંદ સભાના માનદ્મંત્રી શ્રી વલ્લભદાસ ગાંધીએ મેળાવડાનું પ્રયોજન જણાવતા શેઠ ભોગીલાલભાઈ અને શેઠ મોહનલાલભાઈની દાનવીરતાની મુક્તકંઠે પ્રશંસા કરી હતી આ સભા પુસ્તક પ્રકાશન અને જ્ઞાનપ્રચારના ક્ષેત્રમાં છેલ્લા ચાળીશ વર્ષથી જે કાર્ય કરે છે, તેનો ઇન્તેખાબ રજુ કર્યો હતો તથા સભાના ફંડો વગેરેની વ્યવસ્થા કેટલી કાળજી અને દીર્ઘદૃષ્ટિથી કરવામાં આવે છે તે સબંધી વિગતો દર્શાવી હતી સસ્તુ સાહિત્ય પ્રકટ કરવા માટે સભાને એક લાખ રૂપીઆની જે રકમ મળવાની યોજનામાં છે, તેની વ્યવસ્થા કરવા શ્રી રમણીકલાલ ભોગીલાલના પ્રમુખપણા નીચે જે કમિટી નીમવામાં આવી છે તેનો ઉલ્લેખ કરી શ્રી વલ્લભદાસભાઈએ કહ્યુ કે-આ રકમ મળેથી સભાના ગૌરવમાં ઘણો વધારો થયો છે ત્યારબાદ શેઠ મોહનલાલભાઈની યોગ્યતા દર્શાવી તેઓ પોતાની અખૂટ લક્ષ્મીવડે સેવાનાં કાર્યોમાં સતત સખાવતો કરતા રહે એવી શુભેચ્છા દર્શાવી હતી.

સભાના સેક્રેટરી શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદે શેઠ મોહનલાલને અર્પણ કરવાનુ માનપત્ર વાંચ્યુ હતુ અને તે ચાંદીના કેસ્કેટમાં સભાના પ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજીની વિનંતીથી શેઠ ભોગીલાલ ભાઈએ તેઓને ફૂલહાર સાથે અર્પણ કર્યું હતું.

શ્રી કુંવરજીભાઈએ જૈન આત્માનંદ સભાની ચાળીશ વર્ષની ધર્મસેવાને ધન્યવાદ આપ્યો હતો. એમણે ટકોર કરી હતી કે-આ સભાના પ્રાણરૂપ શ્રી વલ્લભદાસભાઈ જેવા બીજા વલ્લભદાસભાઈ, કુંવરજીભાઈ કે મોતીચંદભાઈ આપણે ક્યારે ઉભા કરશું ? અત્યારે આપણી સમાજમાં ખરી જરૂર સંગઠન અને રચનાત્મક કામોની છે આપણામાં વિદ્યા, કળા બધું છે પણ એક માત્ર સંગઠન નથી. એટલા માટે જુદાં જુદા માણસો શેઠશ્રી ભાવનગરમાં જે જે મળેલા છે તે દ્વારા રચનાત્મક કાર્યો અને સંગઠન કરવાની જરૂર છે.

શેઠ મોહનલાલ તારાચંદે માનપત્ર આપવા બદલ આભાર માનતા કહ્યું કે-આપણા ધાર્મિક પ્રયોગો પ્રચાર જૈન સિવાય બીજા ક્ષેત્રોમાં અને બીજા દેશોમા થતો હોય તો સારૂ આપણું સાહિત્ય તો આપણે જાણીએ છીએ પણ જો તેને બહાર વિકસાવીએ તો અન્ય કોમો પણ તેનો લાભ સારી રીતે લેશે હુ ઘણી જગ્યાએ જોઉં છું કે બૌદ્ધ કે મહમદનુ નામ લેવાય છે, પણ આપણા સિવાય મહાવીર કે પારસનાથનુ નામ ક્યાંઈ સાંભળવામાં આવતુ નથી. એટલે આપણા સાહિત્યનો જો બહાર પ્રચાર થાય તો જ ઉદ્ધાર થશે. આપણે આપણા ભગવાનને ભજીએ તે તો આપણો ધર્મ છે પણ બીજા ક્ષેત્રોમાં મહાવીર કે પારસનાથનુ નામ કોઈ જાણતુ નથી

તે જાણે એમ થવાની જરૂર છે. એટલે આપણે સભાસદોને પુસ્તકો મોકલીએ પણ સાથે બહાર મોકલવા એવો મારો સભાને આગ્રહ છે આપણા મહારાજો પણ આપણને જ વ્યાખ્યાનો આપે છે પણ બહારના લોકોમાં પ્રચાર કરે તો ભલે તેઓ ધર્મ અંગિકાર ન કરે પણ ધર્મ શું છે તે તો સમજશે.

પ્રમુખસ્થાનેથી શેઠ ભોગીલાલે ઉપસંહાર કરતાં કહ્યું કે મારે વિશેષ કાંઇ કહેવું નથી પરંતુ ફુલચંદભાઇએ સંગઠનની જે વાત કરી છે તે ભૂલી જવાતી નથી. આ સભાનું કામ સભાના આત્મા વલ્લભદાસ ભાઇ ચાલીશ વર્ષથી કરતા આવ્યા છે. એમને લીધે જ આ સભા આટલી વધી છે તેમજ ગુલાબચંદભાઇ જેવા પાકા રંગથી રંગાયલા સભાને પ્રમુખ મળ્યા છે પણ હું એમને કહેતો આવ્યો છું કે તમે ક્યાં સુધી ખેંચશો ! તમે તમારા જેવા બીજા નવા તૈયાર કરો. અમારા જેવાને તો ઇશ્વરે જે કાંઇ થોડું ઘણું આપ્યું હોય તેમાંથી કરીએ છીએ પણ શારદાની સેવા કરવાની અમારી શક્તિ નથી.

ત્યાર બાદ સભાના પ્રમુખ શેઠ ગુલાબચંદભાઇએ પ્રમુખનો આભાર માન્યો હતો અને આઇસ્ક્રીમ લઇ સૌ છૂટા પડ્યા હતા.

વાણિજ્ય વિદ્યામંદિરની સ્થાપના.

ગઇ તા. ૧૫ મી-ધૂલિવંદનના દિવસે શહેરમાં બે સ્તુત્ય પ્રસંગો થયા. એક ઘોઘા દરવાજે ત્રિભોવનદાસ ભાણજી કન્યાશાળામાં વાણિજ્ય વિદ્યામંદિરની સ્થાપનાનો અને બીજો આત્માનંદ સભામાં શેઠ મોહનલાલ તારાચંદ જે. પી. ને માનપત્ર અર્પણ કરવાનો. બન્ને સમારંભમાં શેઠ ભોગીલાલ મગનલાલ પ્રમુખસ્થાને હતા. ભાવનગરના જાહેર જીવનમાં શેઠ ભોગીલાલે પોતાની ઉદારતાની સાથે નિરભિમાન, આતિથ્યભાવ અને બીજાને ઉપયોગી થવાની તત્પરતાથી મહત્વનું સ્થાન મેળવ્યું છે ધર્મકાર્ય કે દુષ્કાળ, વિદ્યાપ્રચાર કે ઉદ્યોગ પ્રચાર, કે કોઇ સેવાકાર્યમાં દાનનો પ્રારંભ મહાલક્ષ્મી મીલમાંથી થાય છે અને આ મીલ તેમાં સમયોચિત, નિષ્કામપણે યથાશક્તિ હીસ્સો આપે છે. વાણિજ્ય મંદિર (કોમર્સ સ્કુલ)નો ઉદ્ઘાટન વિધિ તો જો કે શેઠ મોહનલાલ તારાચંદને હસ્તે થવાનો હતો પરંતુ તેનું પ્રેરણાસ્થાન શેઠ ભોગીલાલ હતા. વ્યાપારી સ્કુલ એ, ભાવનગર જેવા વ્યાપાર ઉદ્યોગવાળા શહેરની જરૂરીઆત છે. અને જો તેનું સંચાલન યોગ્ય રીતે થશે તો તે આગળ જતા સૌરાષ્ટ્રમાં એક ઉપયોગી કેળવણી સંસ્થા થાય એમાં શક નથી. રજાનો દિવસ હોવાથી આગેવાન વેપારી ગૃહસ્થો, જાણીતા કેળવણીકારો અને સરકારી અધિકારીઓ વગેરેની મેળાવડામાં સારી હાજરી હતી, જેમાં શેઠ અબ્દુભાઇ, શેઠ જીવાભાઇ, શેઠ જુઠાભાઇ, શેઠ રમણીકલાલ; શેઠ મુગટલાલ કામદાર, શ્રી ભગવતીપ્રસાદ મહેતા, શેઠ ગુલાબચંદ આણંદજી, શેઠ ખાંતીભાઇ, શેઠ ગુલાબચંદ લલ્લુભાઇ, શેઠ અમૃતલાલ, શ્રી જીવરાજભાઇ, શેઠ ગુલાબચંદ દેવચંદ શ્રી હરભાઇ ત્રિવેદી, શ્રી છેલભાઇ ઓઝા, એન્જી. શ્રી પારેખ, પ્રીન્સીપાલ મોદી, શ્રી શીવપ્રસાદ ગુપ્ત, કલેક્ટર સાહેબ, ડેપ્યુટી કલેક્ટર શ્રી. વ્યાસ અને પોલીસ ઉપરી વગેરે હતા.

શેઠ ગુલાબચંદ આણંદજીએ, શ્રી વલ્લભદાસ ગાંધીની અનુમતિપૂર્વક સભાના પ્રમુખપદ માટે શેઠ ભોગીલાલની દરખાસ્ત મૂકી ત્યારપછી સૌરાષ્ટ્રના વાણિજ્ય પ્રધાન શ્રી મનુભાઇ, શિક્ષણ પ્રધાન શ્રી નાનાભાઇ અને શ્રી છોટાલાલ ગીરધરભાઇ વગેરેની શુભેચ્છાના તારો-પત્રો વાંચવા પછી પાલીતાણા ગુરૂકુળના સંચાલક શ્રી ફુલચંદભાઇએ, ભાવનગરમાં વાણિજ્ય વિદ્યામંદિરની કેટલી અગત્ય છે, તથા આ વિષયના શિક્ષણ પરત્વે પાલીતાણા ગુરૂકુળમાં થયેલી પ્રગતિ અને તેનો થયેલો ક્રમિક વિકાસ, સર્વાંગી કેળવણીની જરૂરીઆત અને પાલીતાણાનું વાણિજ્ય વિદ્યામંદિર આટલું વિકસ્યું તેનો યશ ત્યાંના દીવાન સાહેબ-હાલ અહીંના કલેક્ટર શ્રી દવેને આભારી છે વગેરે હકીકત રજુ કરીને અહીંના વાણિજ્ય વિદ્યા-

મંદિરની કમિટીના સભ્યોનાં નામોની જાહેરાત કરી હતી

શામળદાસ કોલેજના પ્રિન્સિપાલ શ્રી પ્રતાપરાય મોદીએ આપણી હાલની શાળાઓએ, એક એક ખાસ વિષયને શિક્ષણમાં વિશિષ્ટતા આપી એ ધોરણે શિક્ષણક્રમ ઘડવા ઉપર ખાસ ભાર મૂકતાં જર્મનીની શાળાઓનું દૃષ્ટાંત આપ્યું હતું. એમણે કહ્યું હતું કે ત્યાં બધા શિક્ષકોનો પગાર લગભગ સરખો હોય છે અને શિષ્ય જેમ ઉત્તરોત્તર આગળના વર્ગમાં જાય તે પ્રમાણે શિક્ષક પણ એજ વર્ગમાં જાય છે જેથી પ્રત્યેક શિક્ષક શિષ્યના માનસથી સંપૂર્ણ વાકેફગાર રહે છે ગુજરાત વિદ્યાપીઠની શિક્ષણ વિષયક યોજનાનો સ્વીકાર કરી તે પ્રમાણે શાળાઓના શિક્ષણનો ક્રમ રચવાની એમણે અગત્ય દર્શાવી હતી

જાણીતા શિક્ષણવેત્તા શ્રી હરિભાઇ ત્રિવેદીએ વાણિજ્ય વિદ્યામંદિરની સ્થાપનાના વિચારની પ્રશંસા કરતા કહ્યું કે–માત્ર વાણિજ્ય જ નહીં પણ જીવનની બીજી જરૂરીઆતો પરત્વે પણ દૃષ્ટિ પહોંચાડવાની આપણે એટલીજ અગત્ય છે એમણે કહ્યું કે–અહીંઆ દાખલ થવા આવનાર વિદ્યાર્થીઓ વાણિજ્યના શિક્ષણ માટે યોગ્ય છે, કે નહીં તેની બરાબર ચકાસણી કર્યા પછીજ એમને દાખલ કરવામાં આવશે તો તેથી શિક્ષણના કાર્યમાં સવિશેષ સરળતા રહેશે, કેમકે બાળકને જે વિષયનો અભ્યાસ કરવાની રૂચિ હોય એ વિષયના અભ્યાસમાં જ તે સફળતા મેળવે છે

અત્રેના કલેકટર સાહેબ શ્રીયુત લક્ષ્મીશંકર દવેએ કહ્યું કે–સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા પછી દેશ સમક્ષ જો કાંઇ વિષય વિચારવાનો હોય તો તે શિક્ષણનો છે કેમકે હવે એવી પ્રજા ઊભી કરવાની છે, કે જે સ્વાતંત્ર્યનું રક્ષણ કરી શકે. અને તેનો પાયો શિક્ષણ છે. શિક્ષણ માણસને, માણસ બનાવે છે હરભાઇ સાહેબે કહ્યું તે પ્રમાણે વિદ્યાર્થીને કયો વિષય પ્રિય છે–તે શિક્ષકે પહેલું વિચારવું જોઇએ આ કાર્ય એટલું વિશાળ છે કે તેમાં ધનિકોએ ધન, વિચારકોએ વિચાર અને કાર્યવાહકોએ સેવા આપવી પડશે.

ત્યારબાદ શેઠ મોહનલાલ તારાચંદે વાણિજ્ય વિદ્યામંદિર ખુલ્લું મુકાયેલું જાહેર કર્યું હતું

પ્રમુખસ્થાનેથી શેઠ ભોગીલાલે કહ્યું કે–ભાવનગરમાં વાણિજ્યને લગતી આવી શાળાની જરૂરીઆત હતી, ભૂતકાળમાં આવી એક શાળા સ્થાપવા પ્રયત્ન થયેલ પરંતુ તેને સફળતા મળી ન હતી પુલચંદભાઇ પાયેક વરસથી આવી શાળાશ્રી યશોવિજયજી જૈન ગુરુકુળમાં ચલાવે છે ભાવનગરમાં આવી શાળા શરૂ કરવા એમણે મને અને મોહનભાઇને વાકેફ કર્યા અને મને લાગ્યું કે આ બાબત કરવા જેવી છે મોહનભાઇએ એમને કામ શરૂ કરવાનું અને મને મળવાનું કહ્યું પછી અમારા વિચારને ખાતીભાઇ, દલીચંદભાઇ વગેરેનો સંમતિ મળી સરકારે મેટ્રીકની પરીક્ષા હવે બંધ કરી છે આ શાળા વ્યાપાર ઉદ્યોગમાં સારો ફાળો આપશે એવી હું આશા રાખું છું

છેવટમાં વકીલ શ્રી રતીલાલભાઇ જોશીએ શેઠ મોહનભાઇ વ્યવસાયી હોવા છતાં મુંબઇથી અત્રે પધાર્યા તેઓનો, શેઠ ભોગીલાલનો, આત્માનંદ સભાનો, શેઠ ડોસાભાઇ અભેચંદની પેઢીનો અને જુન માસ સુધી વાણિજ્ય વિદ્યામંદિરને આ કન્યાશાળાનું મકાન વાપરવા દેવા માટે તેના સંચાલકોનો આભાર માન્યો હતો

શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાનો વાર્ષિક ઇનામી મેળાવડો શ્રી આત્માનંદ સભાના શ્રી ભોગીલાલ લેકચર હોલમાં શેઠ શ્રી મોહનલાલ તારાચંદભાઇ જે પી ના પ્રમુખસ્થાને તા, ૧૬–૩–૪૯ સાંજના ચાર વાગે રાખવામાં આવેલ, આ પ્રસંગે અભ્યાસ કરતી બ્હેનોએ જુદા જુદા સંગીત વીગેરેનો કાર્યક્રમો ભજવી બતાવ્યા હતા બાદ શ્રીયુત વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી, શ્રી વીઠલદાસ મૂળચંદભાઇ,

શા દીપચંદ જીવણલાલભાઈ વિગેરેના વિવેચનો બાદ શ્રીયુત મોહનલાલભાઈના ધર્મપત્ની અ. સૌ. મરછાબ્હેનના શુભ હસ્તે બાળાઓને ઇનામો આપવામાં આવ્યા હતા.

સફળ-ઓપરેશન

સાદડી (મારવાડ) શેઠ શ્રી પુખરાજજી ચરમાવાળાના બંગલામાં અજ્ઞાનતિમિરતરણિ, કલિકાલકલ્પતરૂ, પંજાબકેશરી, યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જમણી આંખનું મોતિયો ફાગણ સુદી ૧ ને શનિવારે દશ વાગે ડૉક્ટર શ્રીફ સાહેબ મુંબઈવાળાએ સારી રીતે ઉતાર્યો છે. ઓપરેશન સફળ રીતે થયેલ છે. ઉપરોક્ત સમયે શેઠ શ્રી ફુલચંદ શામજી મુંબઈ, શેઠ ભાઈચંદ ત્રિભુવનદાસ પટવા, વડોદરા તેમજ ગોડવાડ શ્રી સંઘના આગેવાનો, સાદડીના આગેવાન ગૃહસ્થો, અંબાલા હોશિયારપુર વિગેરેથી પંજાબી ગૃહસ્થો ઉપસ્થિત થયા હતા. આયંબીલની તપશ્ચર્યા સારી રીતે થઈ હતી.

આચાર્ય મહારાજશ્રીનું ઓપરેશન સફળ થાય તે માટે ભાવનગરમાં તે દિવસે નવ્વું આયંબીલ શ્રી જૈન આત્માનંદ સભા તરફથી કરાવવામાં આવ્યા હતા.

શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયન્તિ

પરમ પૂજ્ય ગુરૂદેવ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની જન્મ જયન્તિ ચૈત્ર સુદી ૧ તા. ૩૦-૩-૪૯ બુધવારના રોજ નિયમ મુજબ આ સભા તરફથી શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ખૂબ ઉત્સાહપૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવી.

આ પ્રસંગે જૈન આત્માનંદ સભાના હોદ્દેદારો કાર્યવાહક સમિતિના સભાસદો, ગુરૂદેવના ભક્તો તથા સ્થાનિક માણસો પાલીતાણાખાતે સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. આ દિવસે શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં આગળ ગુરૂદેવની મૂર્તિ બિરાજમાન છે ત્યાં યથાવિધિ પૂજા તથા આંગીથી ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

બપોરે ત્રણ ને સુમારે હાજર રહેલા બંધુઓનું પ્રીતિભોજનથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. સર્વે ગુરુદેવની જય'ના જયઘોષો વચ્ચે છૂટા પડ્યા હતા.

શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

(મૂળ અને મૂળ ટીકાના શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત)

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, તેનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે અને તેનો અક્ષર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે સુમારે ચારસો પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ

॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

(સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર.)

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્રો સાંભળને પ્રસંગવર્ણનાત્ પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, રાસો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો ક્યાં ક્યાં ગચ્છના હતા તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના ચરિત્રો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના ઉપરાંત વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ

Reg. No. B 314

૩ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. (છપાય છે.)

શ્રી માણિક્યચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ

પૂર્વનો પુણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આલેખ સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શીખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજ્યનીતિ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને અનુભવ મેળવવાના ભાવભરીત બોધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

અમારું નવું પ્રકાશન.

શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ (મૂળ ટીકા સાથે)

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદિપ્રભાવક આચાર્યશ્રી મલ્લવાદિ ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણે એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન-અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન શ્રી સિદ્ધિસૂરિશ્વરજીના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી જંબૂવિજયજી મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે ભારના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સૂચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

દેવસી-રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી-રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક-શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૧૦-૦ દસ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ સાથે સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

卐 卐 卐

પુસ્તક ૪૬ મું. | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૫

અંક ૯ મો. | તા. ૧-૫-૪૯ | ચૈત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ

૧૨૭૦

પ્રકાશક:

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

અનુક્રમણિકા.

૧	શ્રી સુવિધિનાથ જિન સ્તવન ...	(પૂ આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ)	૧૮૧
૨	શ્રી મહાવીર જિન સ્તવન	(મુનિમહારાજશ્રી સુશીલવિજયજી મહારાજ)	૧૮૨
૩	પરમ ધ્યેય શ્રી નવપદજી...	(પૂ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ)	૧૮૪
૪	શ્રી આત્મારામજીકી જન્મ જયન્તિપર ...	(શ્રી ભુગરાજ રાઠોડ સાહિત્યરત્ન સાદડી)	૧૮૯
૫	ધર્મ કૌશલ્ય	(મૌક્તિક)	૧૯૧
૬	" સુવાક્યામૃતો "	(વ્યા કા તીર્થ મુનિ પૂર્ણાનન્દવિજય) (કુમાર શ્રમણ)	૧૯૩
૭	ધ્યાન અને ચિત્તની ત્રણ અવસ્થા	(સન્માર્ગ દર્શક)	૧૯૪
૮	ચારૂશીલા રમણીરત્નો...	(શ્રી મોહનલાલ દીપચંદ)	૧૯૬
૯	સેવાના બદલાની ચાહના	(જૈન પત્ર)	૧૯૮
૧૦	સત વચન	(અનુ–અભ્યાસી બી એ)	૧૯૯
૧૧	સભા સમાચાર	(સભા)	
૧૨	સ્વીકાર સમાલોચના	(સભા) ...	૨૦૩
૧૩	સુધારો		૨૦૪

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટનો અપૂર્વ લાભ અને નમ્ર સુચના.

શ્રેયસ્કર, વિઘ્નહર શ્રી પાર્શ્વનાથ ભગવંતનુ શ્રી પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજ શ્રી દેવભદ્રાચાર્યકૃત વિસ્તાર પૂર્વકનુ ચરિત્ર કે જે અગ્યાર હજાર શ્લોક પ્રમાણ છે, તેનો સુદર અનુવાદ (ગુજરાતી ભાષામા) શુદ્ધ અને સરલ અનેક ત્રિરંગી સુદર ચિત્રો સહિત, ઊંચા કાગળ ઉપર, સુદર ગુજરાતી અક્ષરોથી છપાવી સુશોભિત પાકા બાઇડીંગથી અલંકૃત કરેલો સુમારે છરોહ પાનાનો આ દળદાર ગ્રંથ છે અને તેના બાઇડીંગ ઉપરના કવરજેકેઝ ઉપર સુદર વણારસીનગરીના આધુનિક બે રંગથી તૈયાર કરેલો દ્રશ્ય (કુદરતી દેખાવ) સાથે છપાઇ તૈયાર થઇ ગયેલ છે, જે વૈશાખ સુદી ૩ અક્ષય તૃતીયાના માંગલિક દિવસથી અમારા માનવતા **પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને** ધારા પ્રમાણે ભેટ મોકલવાનુ કાર્ય શરૂ થશે બહારગામના સભાસદોને પોસ્ટ દ્વારા અગાઉથી ખબર આપવામા આવશે જેથી તે વી. પી સ્વીકારી લેવા નમ્ર સુચના છે

અત્યાર સુધીમા પ્રગટ થયેલા મ્હોટા, પ્રભુચરિત્રો ગ્રંથોનાં કરતાં આ ચરિત્રનુ અદર અને બાહ્ય બને વસ્તુ સ્વરૂપ અનુપમ છે જેમા પ્રભુના દશગણધરોનાં વિસ્તૃત પૂર્વભવના વૃત્તાતો, પરમાત્માએ આપેલી દિવ્ય દેશના અને બોધપાઠો, અનુપમ કથાઓ અને અતર્ગત કથાઓ, રેતુ, રાજકીય, સમાજીક, વ્યવહારિક, નૈતિક, અનેક વિષયો ઉપરના વર્ણનો, કર્તા આચાર્ય મહારાજે સુંદર વિદ્વતાપૂર્ણ રસ, અલકાર અને પ્રમાણિકપણે આપેલી સત્ય ઘટનાઓ, ભગવતનો અપૂર્વ મહિમા, અચિંતનીય માહાત્મ્ય વગેરે સર્વ વાચવા જેવુ, વારવાર મનન કરવા જેવુ, વાચકને આત્મશાંતિ ઉત્પન્ન કરનારૂ સુંદર શૈલી પૂર્વકનુ ચરિત્ર છે વિશેષ લખવા કરતા વાચક સ્વય સમજી શકે તેમ છે.

આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ—

શેઠશ્રી લવજીભાઇ ગયચંદ—(મદ્રાસ)

મહોદય પ્રેસ-ભાવનગર

શ્રેષ્ઠીવર્ય શ્રી લવજીભાઇ રાયચંદનો જીવન પરિચય.

સૌરાષ્ટ્ર દેશના પ્રાચીન સિહોર તાબે (નજીક) સુરકા ગામમા વીશાશ્રીમાળી વણિક જ્ઞાતિમા શેઠ કાળા ગગલના ખાનદાન અને જૈન કુટુબમા શ્રીયુત લવજીભાઇ ધાર્મિક સંસ્કાર અને પૂર્વકૃત્ય પુણ્ય સાથે લઈને જનમ્યા હતા માત્ર વીશ વર્ષની વયે સ. ૧૯૮૦ ની સાલમા દક્ષિણમા આવેલ પ્રખ્યાત બેંગલોર શહેરમા તેઓશ્રીના બંધુની વાસણની દુકાન ચાલતી હતી ત્યા પ્રથમ જોડાયા તે ધંધામા નિષ્ણાતપણુ પ્રાપ્ત કરેલુ છતા વ્યાપારમા આગળ વધવાની ઇચ્છા થતા અન્ય કુટુબી ભાઇઓની સાથે મળી મદ્રાસ શહેરમા સં. ૧૯૮૪ ની સાલમા સાઇકલના બીઝનેસની શરૂઆત કરી અને હિંદ બહારના દેશોમાથી મ્હોટા પ્રમાણમા સાઇકલ અને તેને લગતો સામાન મંગાવી દક્ષિણ હિંદમા બ્હોળા પ્રમાણમા વ્યાપાર શરૂ કર્યો, અને પૂર્વ પુણ્યયોગ, સાહસિકપણુ, ખંત, અને તે ધંધાની કુશળતાવડે શુમારે એકવીશ વર્ષમા દીર્ઘદષ્ટિ, વ્યાપાર વાણિજ્યની કુનેહને લઈને દક્ષિણ હિંદ અને ખાસ કરીને મદ્રાસ ઇલાકામા સાઇકલના એક મ્હોટા અને સાચા વ્યાપારી તરીકે પ્રતિષ્ઠા, પ્રખ્યાતી અને લક્ષ્મી સારી પ્રાપ્ત કરી જૈન કુટુબમા જન્મ થવાથી ધાર્મિક સંસ્કાર વારસામા મળ્યા હતા તેથી ઉદારતાવડે અનેક ધાર્મિક અને સામાજિક ખાતાઓમા સખાવતો કરવા લાગ્યા દયાળુપણાએ કરી દુખી મનુષ્યો માટે થતા ફંડોમા પણ ફાળો આપવા લાગ્યા સ્વભાવે માયાળુ, મિલનસાર, અને સરલ હૃદયી હોવાથી મદ્રાસની સમાજ અને પ્રાંતમા પ્રિયતા મેળવી. ઘણા ભાગે કોઇપણ સંસ્થા કે વ્યક્તિ ભાગ્યેજ તેમની પાસેથી ખાલી હાથે પાછી જતી. બ્હોળો વ્યાપાર હોવા છતા દેવ, ગુરૂ, ધર્મની યથાશક્તિ ભક્તિ કરવા ચૂકતા નથી

આવા એક કુશળ વ્યાપારી, શ્રીમંત, ધર્મશ્રદ્ધાળુ, પુરૂષ આ સભાના માનવતા પેટ્રન થયા છે તે આનંદનો વિષય છે તેઓશ્રી દીર્ઘાયુ થઇ આર્થિક, આધ્યાત્મિક અને શારીરિક સંપત્તિ વિશેષ વિશેષ મેળવે તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫.	ચૈત્ર	પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૫.	:: તા. ૧ લી મે ૧૯૪૯ ::	અંક ૯ મો.

। श्रीसुविधिनाथ जिन स्तवन ।

(राग:-सिंहानो कानरो)

पू. आचार्यश्रीमद् विजयलब्धिसूरीश्वरजी महाराज

धर धर त्वं जिनवरशरणं, धर धर त्वं जिनवरशरणम् ।

तरणं भवाब्धेर्बहुसौख्यकरणं ।
पापरजोहरणं शिवशर्मवरणम् ॥ धर धर ॥ १ ॥

जिनवरसदृग् नास्त्यन्यदेवः ।
सुरासुरेश्वरकृतपादसेवः ॥ धर धर ॥ २ ॥

रागद्वेषवशवर्तिनोऽन्ये ।
श्रीजिनवीतरागं मन्ये ॥ धर धर ॥ ३ ॥

रागीरागाद्भवति प्ररागः ।
वीतरागतः स्याद्वीतरागः ॥ धर धर ॥ ४ ॥

सुविधिजिनेश्वरचरणाम्भोजे ।
निवसति लब्धिभृङ्गो यथाब्जे ॥ धर धर ॥ ५ ॥

શ્રી વીરજિન જન્મ કલ્યાણકવિંશિકા

યાને

શ્રી મહાવીર જિનસ્તવન.

[સાહેબો મારો ગુનાહનો છોડ-એ રાગમાં]

વીરજીનો જન્મ કલ્યાણક દિન, ભવિયા ! ભાવથી ઊજવો,
ચઈતર શુદિ તેરસ એ દિન, ભવિયા ! ભાવથી ઊજવો (ટેક)

ક્ષત્રિયકુંડ ગ્રામ નગરની માંહે, સિદ્ધાર્થ રાજાના રાજમહેલમાંહે,
જન્મ ત્રિશલાની કૂખેથી થાય...ભવિયા૦ ૧

ત્રણે ભુવનમા પ્રકાશ પ્રસરે, ક્ષણભર નારકીઓ સુખને ધરે,
વળી થાવર પણ સુખી થાય...ભવિયા૦ ૨

છપ્પન દિશિકુમરી તીહા આવીને, સૂતિકર્માદિનુ કાર્ય કરીને,
આશીર્વાદ આપી સ્વર્ગે જાય...ભવિયા૦ ૩

ડોલે સિંહાસન શક્રનુ સ્થિર રયા, અવધિજ્ઞાનથી જન્મ જોવે ત્યા,
ઊઠીને સાત આઠ પગલા જાય...ભવિયા૦ ૪

શક્રસ્તવે કરી શક્રેન્દ્ર સ્તવે, હરિણગમેષીને આજ્ઞા દેવે;
આજ્ઞા પાલન કરવા સજ્જ થાય...ભવિયા૦ ૫

સુઘોષા ઘંટને વગાડે જોરે, અન્ય વિમાનોમા શબ્દ ઉતારે;
સુણી ઇન્દ્રાદિ સજ્જ થાય...ભવિયા૦ ૬

જન્મ ઊજવવા મેરુ પર જાવે, પાચ રૂપ કરી શક્ર પ્રભુ લાવે,
જોઇને સર્વે દેવાદિ હરખાય...ભવિયા૦ ૭

ખોળામા લઈ પ્રભુ બેસે શક્રેન્દ્ર, સામે ઊભા રહે બાકી દેવેન્દ્ર,
સંશય શક્રના મનમાહી થાય...ભવિયા૦ ૮

વિભુ એ સંશય શક્રનો જાણીને, વામ પાદ અંગુઠાથી સ્પર્શે મેરુને;
લક્ષ યોજન મેરુ કંપાય...ભવિયા૦ ૯

ખળભળી ઊઠે સાગરો એ સમયે, ધમધમી રહે ધરણી એ સમયે;
શકેન્દ્ર કુપિત ત્યહાં અતિ થાય...ભવિયા૦ ૧૦

અવધિજ્ઞાનથી ઇન્દ્રે જાણ્યું એ, સંશય હરવા કર્યું પ્રભુએ;
માગી માફી વિઘ્ન દૂર થાય...ભવિયા૦ ૧૧

એક કોટી સાઠ લાખ કળશોથી, બસો પચાશ શુભ અભિષેકથી;
વીરનો જન્મ ઉત્સવ ઉજવાય...ભવિયા૦ ૧૨

ઇશાનપતિ શક્ર સ્થાનમાં બેસે, વૃષભનાં રૂપ કરે શક્ર ઉલ્લાસે;
શીંગડાથી જળાભિષેક કરાય...ભવિયા૦ ૧૩

શુભ ગીત—ગાન આદિ કરીને, પ્રભુને માતા પાસે મૂકીને;
નંદીશ્વર દ્વીપે દેવો જાય...ભવિયા૦ ૧૪

અઠ્ઠાઇ મહોત્સવ કરે ઉમંગથી, ભક્તિનાં ઝરણાં ઝરાવે ભાવથી;
પૂર્ણ થયે દેવલોકે સહુ જાય...ભવિયા૦ ૧૫

સિદ્ધાર્થ મહારાજા વીર જન્મ્યાનો, ઉત્સવ ઊજવે અતિ આનંદનો;
ક્ષત્રિયકુંડ નગર સોહાય...ભવિયા૦ ૧૬

એ રીતે વીરનો જન્મ ઉજવાયો, જગમાં તે દિન શુભ મનાયો;
પ્રતિવર્ષે એ તો ઉજવાય...ભવિયા૦ ૧૭

ચરમ તીર્થંકર થયા તે સ્વામી, શ્રમણ મહાવીર વર્દ્ધમાનસ્વામી;
અપૂર્વ અહિંસાની મૂર્ત્તિ કહેવાય...ભવિયા૦ ૧૮

ત્યાગી તપસ્વી ઉપકારી જગના, જોવે ભાવો સદા લોક અલોકના;
મુક્તિપુરીમાં વાસ જણાય...ભવિયા૦ ૧૯

તપગચ્છનાયક **નેમિસૂરિના**, પટ્ટાલંકાર લાવણ્યસૂરિના;
દક્ષ સુશીલ વીરનાં ગુણ ગાય...ભવિયા૦ ૨૦

રચયિતાઃ—મુનિમહારાજ શ્રી સુશીલવિજયજી મહારાજ

श्रीसिद्धचक्राय नमः ।

પરમ ધ્યેય શ્રી નવપદજી

લેખકઃ—પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ

આ સંસારચક્રમાં આત્માનું નિજ સ્વરૂપ, જે સ્વભાવતઃ સંપૂર્ણ છે, તેને પરિણામતઃ સંપૂર્ણ કરવા માટે સંપૂર્ણ થયેલ આત્મસ્વરૂપોનું ધ્યાન કરવું પ્રત્યેક અર્થીજનને આવશ્યક છે. ધ્યાતાને ધ્યેય સ્વરૂપમાં મૂકી દેવા માટે ધ્યાન કેટલું સમર્થ સાધન છે તે લોકમાં ઇયળ ભ્રમરના દષ્ટાંતથી પ્રસિદ્ધ છે એ કહેવાની જરૂર નથી કે સૌ પ્રથમ ધ્યેય સુંદર જોઇએ, પશ્ચાત્ ધ્યાતા અને ધ્યાન પણ સુંદર જ જોઇએ. જેવો ધ્યાન, ધ્યાતા, ધ્યેયનો યોગ હોય છે તેવો તેનો ફલપરિણામ હોય છે.

શ્રી સિદ્ધચક્રજી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધ્યેય સ્વરૂપોનો સમૂહ છે, કોઇપણ સુંદર પરિપૂર્ણ ધ્યેય એનાથી બહાર નથી, અને અપરિપૂર્ણને એમાં સ્થાન નથી, માટે એનું નામ સિદ્ધચક્ર છે તે યથાર્થ છે. આવા ધ્યેય સ્વરૂપો નવ હોવાથી તે શ્રી નવપદજી કહેવાય છે. અન્ય દર્શનો કોઇ સગુણ અથવા ગુણી ઉપાસનાને, તો કોઇ નિર્ગુણ અથવા ગુણ ઉપાસનાને જ કેવળ પકડી બેઠા છે, તે સિક્કાની એક એક બાજુને જ જાણવારૂપ છે, જ્યારે શ્રી જૈન દર્શને શ્રી નવપદજીમાં ગુણી અને ગુણ ઉભય ઉપાસનાને બતાવીને સિક્કાની બેય બાજુ આપણી સમક્ષ મૂકી છે. આથી જૈનદર્શન એ જ એવું દર્શન છે કે જે સર્વાંગ સુંદરપણાને ધારણ કરી જગતને મોક્ષનો સાચો રાહ બતાવવાનો મહાન ઉપકાર કરી શકે છે.

આ શ્રી નવપદજીમાં પ્રથમ પદે અરિહંત, દ્વિતીય પદે સિદ્ધ, તૃતીય પદે આચાર્ય, ચોથે પદે ઉપાધ્યાય, પાંચમે પદે મુનિ, છઠ્ઠે પદે દર્શન, સાતમે પદે જ્ઞાન, આઠમે પદે ચારિત્ર અને નવમે પદે તપ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આ પાંચ ગુણી પદો છે; અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ આ ચાર ગુણ પદો છે. આ પદ ભક્તિ, ખાલી વ્યક્તિ દૃષ્ટિરાગના કે જડપૂજાના દોષને નિવારે છે. જેણે કેવલ વેષપૂજાના કે નિરાકાર ગુણપૂજાના એકાન્ત વ્યવહાર નિશ્ચયના દુરાગ્રહ ખાડામાં ન પડવું હોય કિન્તુ ઉભયને યથાયોગ્ય ન્યાય આપી સિદ્ધિ સૌધના શિખર ઉપર આરૂઢ થવું હોય તેણે આ શ્રી નવપદજીનું જ સાપેક્ષ ધ્યાન કરવું રહ્યું.

શ્રી નવપદજીમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આ પાંચ પદો તો પરમેષ્ઠિવાચક છે. તેમાં પ્રથમ બે પદો દેવતત્ત્વસ્વરૂપી છે, ઉત્તર ત્રણ પદો ગુરૂતત્ત્વ સ્વરૂપી છે. આ સિવાય શેષ ચાર પદો વત્થુસહાવો ધમ્મો લક્ષણે કરીને આત્મસ્વભાવલક્ષક ધર્મતત્ત્વ સ્વરૂપી છે, કે જે રત્નત્રયી વાચક છે આમ, શ્રી નવપદજી તત્વત્રયી તથા રત્નત્રયીમય હોઇ સમગ્ર શ્રી જૈનશાસનનો સાર છે, એમાં તલમાત્ર શંકાને સ્થાન નથી.

શ્રી નવપદજીનો ક્રમ પણ ખૂબ વિચારણીય છે. માર્ગના સ્થાપક તરીકે અવ્વલ ઉપકારી શ્રી અરિહંત મહારાજા છે, તે તેમનું પ્રથમ પદે રહેલું સ્થાન બતાવવાને સમર્થ છે. બીજે પદે

સિદ્ધ ભગવાન સ્વયં અષ્ટકર્મ રહિત થઇને આ જ મોક્ષ માર્ગની સમુચિત આરાધનાના ફલને સાક્ષાત્ બતાવી રહ્યા છે. ત્રીજે પદે આચાર્ય મહારાજશ્રી અરિહંત ભગવાનના પ્રતિનિધિરૂપે *ભગવાનના પ્રકાશેલા માર્ગના પાલન-*પૂર્વક પ્રચાર કરવાનો મુખ્ય ગુણ ધરાવે છે. ચતુર્થ પદે ઉપાધ્યાય મહારાજ વિનય ગ્રહણ કરાવે છે. સાધક આત્માઓને સાધનામાં સહાય કરવાના ખાસ ગુણથી સાધુમુનિરાજ પાંચમે પદે બિરાજમાન છે. આ ત્રણમાં આચાર્ય ગચ્છના રાજા તુલ્ય છે, ઉપાધ્યાય દિવાન સ્વરૂપ છે, સાધુ સુભટ તુલ્ય છે. છઠ્ઠે દર્શનપદ આત્માનો તત્ત્વરુચિ ગુણ છે, તેના અભાવે જ્ઞાન તે જ્ઞાન નથી, ચારિત્ર તે ચારિત્ર નથી, તપ તે તપ પણ નથી, જેથી આત્મગુણોમાં પણ એને પ્રથમ નંબર મળેલો છે. તેનાથી નિશ્ચય શ્રદ્ધાબળ જાગે છે. સાતમે પદે જ્ઞાનગુણ પ્રકાશધર્મી છે. સમ્યગ્ જ્ઞાનનું ફલ ચારિત્ર છે, એટલે તેનું સ્થાન આઠમું છે. ચારિત્ર ગુણથી આત્માને મલિન કરનારા દોષોનો પ્રતિરોધ કરાય છે. તપ એ ચારિત્રનો પ્રાણ છે, તેનાથી દોષ માત્રનો નાશ થાય છે, તે પણ આત્માનો સ્વભાવ છે, જેથી તે નવમા પદે સ્થાન પામેલ છે.

ધ્યેય ઊંચામાં ઊંચું સંપૂર્ણ હોવું જોઇએ. અરિહંતાદિક પદોનું સ્વરૂપ હવે આપણે વિચારીએ. તે વિચારતાં આપણને નિશ્ચિત થાય છે કે વિશ્વભરમાં તેનાથી અન્ય કોઇ પણ વધારે ઉચ્ચ કે સંપૂર્ણ છે જ નહિ.

ભાવ દયાની પરાકાષ્ઠાને પામેલી 'સવિ જીવ કરું શાસનરસી' આ પુણ્ય ભાવનાને સેવી તેને સફલ બનાવવા માટે પૂર્ણ આત્મવીર્ય ફોરવી જેઓએ 'તીર્થંકર' નામકર્મ જેવી પ્રકૃષ્ટ પુણ્ય પ્રકૃતિ ઉપાર્જન કરી છે, તથા તેના બળે જેઓ નિયમા રાજકુલમાં જન્મી ચારિત્ર ગ્રહણ કરી ઘાતિ કર્મોને ખપાવી સર્વજ્ઞ સર્વદર્શી થઇ સર્વાતિશયસંપન્નપણે દેવકૃત સમવસરણમાં બિરાજી તીર્થંકરનામકર્મના ઉદયે કરી યથાર્થ દેશના આપી મોક્ષમાર્ગનો પ્રકાશ કરે છે અને તેમ કરીને જેઓશ્રી ચતુર્વિધ સંઘની યાને શ્રી ધર્મતીર્થની સ્થાપના કરે છે તે અરિહંત વીતરાગ પરમાત્મા કહેવાય છે. એ કહેવાની જરૂર નથી કે-આ પરમાત્માઓ સ્વભાવથી જ પરોપકારિતાના જ એક વ્યસનાદિરૂપ ગુણોને ધારણ કરનારા હોવાથી સર્વ લોકમાં ઉત્તમ તરીકે માત્ર તેઓ જ ગણાય છે. ૧

પુદ્ગલરમણતારૂપ બહિરાત્મભાવનો ત્યાગ કરી સ્વભાવ રમણતારૂપ અંતરાત્મભાવને ભજી સકલ કર્મ રહિત પરમાત્મ સ્વરૂપને વરેલા સિદ્ધ ભગવંતો કહેવાય છે. જિન, અજિનાદિ કોઇપણ ભેદે સિદ્ધ થનારા અષ્ટ કર્મોનો ક્ષય કરી જન્માદિ કલેશ રહિત અક્ષય સ્થિતિ યુક્ત સદાનન્દી શ્રી સિદ્ધિપદને પ્રાપ્ત કરી શકે છે, તેની મનાઇ નથી, કિન્તુ તે સર્વ શ્રી જિનમાર્ગને ફરસીને જ સિદ્ધિપદને વરે છે, એ હકીકત કોઇનાથી ઇનકાર કરાય તેવી નથી. સિદ્ધ થવું એટલે નથી તો અભાવરૂપ થવું કિંવા નથી તો જડ પાષાણવત્ થવું, પરંતુ કર્મ વિકારથી મુક્ત બની અનન્ત જ્ઞાનાદિ ગુણમય આત્માનું સહજ આનંદી અમૂર્ત સ્વરૂપ પ્રકટ કરવું તે છે. ૨

કાર્ય સદૃશ કારણભાવે કરી વીતરાગ થવા માટે ભવથી વૈરાગ્ય પામી જેઓ બાહ્ય કુટુંબ, કંચન, કામિની આદિ સંગમાત્રનો ત્યાગ કરે છે અને ઉત્તમ ગુરુકુલવાસ સેવી મુનિજીવન ઉજ્જવલ બનાવી વિનય આચાર શ્રુત સંપત આદિ વિશેષ યોગ્યતાઓ પામી જૈન શાસનમાં સૂર્યસમાન સૂરિપદને વિધિપૂર્વક પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને છે તથા તે પામીને જેઓ જૈન શાસનને દિપાવે છે-પ્રભાવના કરે છે તેઓ આચાર્ય કહેવાય છે. આવા ઉત્તમ પુરુષો પ્રભુ શાસનના નેતા હોય છે, ધર્મના ધોરી હોય

છે, તેમની જવાબદારીઓ મહાન હોય છે. ૩

ઉપાધ્યાયો પણ એ જ રીતે સંસાર ત્યાગી હોઇ ગચ્છની સર્વ ચિંતા કરવાના અને શિષ્યોને વિનય, સૂત્ર આદિ ગ્રહણ કરાવવાદિકના વિશેષ ગુણોના બળે જૈન શાસનમાં આચાર્યશ્રી બીજે નંબરે ઉપાધ્યાય જેવું ગૌરવવંતું પદ ધારણ કરનારા ઉપાધ્યાય, પાઠક અથવા વાચકવર્યો કહેવાય છે. ૪

આચાર્ય ઉપાધ્યાયની નિશ્રામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી ચારિત્ર ગ્રહણ કરી જ્ઞાનાદિ રત્નત્રયીનું સમ્યક્પણે સ્વયં પાલન કરનારા અને પાલન કરવાના અભિલાષી આત્માઓને સહાયક થનારા ક્ષમા શાંત્યાદિ ગુણગણવિભૂષિત મુનિમતંગજો કહેવાય છે. ૫

દર્શન મોહનીયાદિ કર્મોના ઉપશમ, ક્ષયોપશમ આદિ થતાં તત્ત્વરુચિ શ્રદ્ધાગુણ પ્રગટવારૂપ આત્મપરિણામ નિસર્ગાદિ અનેક ભેદથી દર્શન નામે કહેવાય છે ૬

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાદિ ભાવે જીવ, અજીવાદિ પદાર્થોની યથાવસ્થિત જાણકારી વિરતિ ગુણને લાવનારી જે આત્માને પરિણમે છે તે શ્રી મતિજ્ઞાનાદિ ભેદથી જ્ઞાન ગુણ કહેવાય છે. ૭

ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમાદિ બળે પરિણમતો, આશ્રવ દોષ નિવારક અને સંવર ગુણાધાયક સમ્યગ્ દર્શન જ્ઞાનમૂલક સામાયિકાદિ ભેદ યુકત આત્માનો ચારિત્ર ગુણ હોય છે. ૮

વીર્યાન્તરાયાદિ કર્મોના ક્ષયોપશમાદિ થતાં અનાહારી સ્વભાવને સ્થાપન કરનાર આહારાદિ મૂર્છાના ત્યાગરૂપ ગુણને અનશનાદિ બાહ્યાભ્યંતર તપ કહેવાય છે ૯

અભ્યાસી સાધકને બરાબર માફક આવી જાય તેવી આ શ્રી નવપદ આરાધનની વિધિ છે. પ્રતિવર્ષે ચૈત્ર તથા આશ્વિન માસમાં ઓળીના નવ દિવસો આવે છે તેના પ્રતિદિવસે આયંબિલનો તપ કરી અરિહંતાદિ પદોનું ધ્યાન કરવું. યદ્યપિ આ ધ્યેય પદોના ગુણપર્યાયોનો પાર પમાય તેમ નથી તથાપિ સાધક ગુંચવાઇ ન જાય તે માટે પ્રથમ દિવસે અરિહંતના અષ્ટ મહાપ્રાતિહાર્યાદિક ગુણો લક્ષમાં લઇ શ્વેતવર્ણે ધ્યાન ઉપાસના કરવી, બીજે દિવસે સિદ્ધના અનંત જ્ઞાનાદિ અષ્ટ ગુણો લક્ષમાં લઇ રક્ત વર્ણે ધ્યાન ઉપાસના કરવી, ત્રીજે દિવસે આચાર્યના પાચ ઇન્દ્રિય સંવરાદિ તથા પ્રતિરૂપાદિ અનેક પ્રકારે થતા છત્રીસ ગુણો લક્ષમાં લઈ પીળા વર્ણે ધ્યાન ઉપાસના કરવી ચોથે દિવસે ઉપાધ્યાયના અગીયાર અંગ તથા ચૌદ પૂર્વના સ્વાધ્યાયાદિ પચીસ ગુણોના લક્ષ્યે કરી નીલ વર્ણે ધ્યાન ઉપાસના કરવી પાંચમે દિવસે સાધુના છ વ્રત તથા ષટ્કાય સંયમાદિ સત્તાવીસ ગુણો લક્ષમાં રાખી શ્યામ વર્ણે ધ્યાન ઉપાસના કરવી. છઠ્ઠે દિવસે દર્શનના ચાર સદ્દહણાદિ સડસઠ પ્રકારો લક્ષમાં રાખી શ્વેતવર્ણે ધ્યાન ઉપાસનાદિ કરવી. સાતમે દિવસે જ્ઞાનના અવગ્રહાદિ એકાવન ભેદોને અનુસરી શ્વેતવર્ણે ધ્યાન ઉપાસના કરવી આઠમે દિવસે ચારિત્રના મૂલગુણ ઉત્તરગુણરૂપ ચરણસિત્તરી આદિ સિત્તેર પ્રકારોને અનુલક્ષી શ્વેતવર્ણે ધ્યાન ઉપાસના કરવી. નવમે દિવસે તપના યાવત્કથિત તથા ઇતર અનશનાદિ બાહ્યાભ્યંતર પચાસ ભેદો લક્ષમા લઇ શ્વેતવર્ણે ધ્યાન ઉપાસના કરવી. ધ્યાન એટલે બ્રહ્મચર્યપૂર્વક તે તે પદોના કાઉસગ્ગ અને ૨૦૦૦ જાપ કરવા તથા ઉપાસના એટલે તેની સ્નાત્રપૂજા, ભક્તિ, સાથિયા, ખમાસમણ, પ્રતિલેખન, દેવવંદન, પ્રતિક્રમણાદિ ક્રિયા કરવી

આમા પ્રતિનિયત વર્ણો બતાવવામાં આવ્યા

તે પણ સહેતુક છે, ધ્યાન ચિંત્તની સ્થિરતા અથવા તદ્દન એકાગ્રતારૂપ છે. તેનો પૂર્વ વ્યાપાર ધારણા છે. ધારણા રાખવામાં જો સાધક પાવરધો બની જાય તો તેને ધ્યાનમાં પાવરધા થતાં જરાય હરકત આવતી નથી. આવી ધારણા નિયતવર્ણો વિના શક્ય નથી. નિયતવર્ણો નિયત તત્ત્વોનાં પ્રતીકો છે. આનું ફલિત એ છે કે-તે તે વર્ણોને અવલંબી તે તે ધ્યેય પદાર્થમાં તે તે તત્ત્વની પ્રધાન ગુણની ધ્યાતાએ આત્મભેદે ધારણા કરવી જોઇએ.

જલતત્ત્વના પ્રતીક રૂપે અરિહંત પદનો શ્વેતવર્ણ છે. તેનો પ્રધાન ગુણ નિર્મલતાનો છે. સિદ્ધપદનો રક્તવર્ણ અગ્નિતત્ત્વના પ્રતીક રૂપે છે. તેનો પ્રધાનગુણ દાહકતા યાને જલાવવાનો છે. પૃથ્વીતત્ત્વના પ્રતીકરૂપે આચાર્યપદનો પીત-પીળો વર્ણ છે, જેનો પ્રધાન ગુણ કાઠિન્ય યાને આધારતાનો છે. આકાશ તત્ત્વના પ્રતીકરૂપે નીલવર્ણ ઉપાધ્યાય પદનો છે, જેનો મુખ્ય ગુણ વિશાલતા-અવગાહકતાનો છે. વાયુતત્ત્વના પ્રતીકરૂપે શ્યામવર્ણ સાધુપદનો છે, જેનો પ્રધાનગુણ અપ્રતિબદ્ધતાનો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ પદો આત્મગુણો હોઇ નિર્મલતાકારક જલતત્ત્વના પ્રતીકરૂપે શ્વેતવર્ણે જ શ્રી સિદ્ધચક્ર યંત્રમાં સ્થાપન કરેલાં આપણે જોઇ શકીએ છીએ.

અરિહંત પદનું ધ્યાન કરતાં સાધકે તે પદ નિજાત્માને જાણે જલવત્ નિર્મલ કરી રહેલ હોય તેમ ધારણા કરવી. સિદ્ધિપદનું ધ્યાન કરતાં સાધકે નિજ કર્મોને અગ્નિવત જલાવી રહેલ હોવાની ધારણા કરવી. સૂરિપદના ધ્યાનમા પૃથ્વીવત્ ઇષ્ટાનિષ્ટ સ્પર્શો પ્રત્યે સમભાવમાં સ્થિર નિજાત્માની શુભભાજનતા ધારવી. વાચક પદના ધ્યાનમાં આકાશવત્ નિજની વિરાટ અવગાહકતા ધારવી. સાધુપદના ધ્યાનમાં સાધકે વાયુવત્ નિજાત્માની અપ્રતિબદ્ધતા-મુક્તતાની ધારણા કરવી દર્શનાદિ પદોનું ધ્યાન કરતાં પણ ધ્યાનકર્તાએ નિજાત્માની નિર્મલતાની ધારણા કરવી પ્રાપ્ત થાય છે.

આ શ્રી નવપદનું ધ્યાન એટલે આત્માનું જ ધ્યાન છે કેમકે અરિહંત આત્મા છે, સિદ્ધ આત્મા છે, આચાર્ય આત્મા છે, ઉપાધ્યાય આત્મા છે, સાધુ આત્મા છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ એ ચાર પણ આત્માના સ્વભાવભૂત ગુણો હોઇ આત્મા જ છે. અરિહંતાદિ સ્થાનાપન્ન આત્માનું ધ્યાન કરતો આત્મા ધ્યાનન ફલરૂપે પરમપદને પ્રાપ્ત કરનારો બને છે એક એક પદનું ધ્યાન કરીને પણ અનન્ત આત્માઓ પરમપદને—મોક્ષને વર્યા છે. અને પરમપદને જેઓ વર્યા છે, વરે છે તથા વરશે તે કાં તો અરિહંત થઇને, કા તો પંદર ભેદે સિદ્ધ થઇને, કાં તો આચાર્ય થઇને, ઉપાધ્યાય થઇને કે સાધુ થઇનેજ વર્યા છે, વરે છે, વરશે પરંતુ અન્યથા તો નહિ જ. જો તમારે પણ તે પદ વરવાની અભિલાષા હોય તો તમે પણ અરિહંતાદિ પદોનું એવુંજ સક્રિય ધ્યાન કરો.

"અરિહંત થવા અરિહંત ભજું, અશરીરી (સિદ્ધ) થવા અશરીરી ભજું, આચાર્ય થવા આચાર્ય ભજું, ઉપાધ્યાય થવા ઉપાધ્યાય ભજું, મુનિરાજ થવા મુનિરાજ ભજું." એમ કહેવા માત્રથી કલ્યાણ થાય છે એમ નહિ, પરંતુ એ પ્રકારની ઉપાસના કરી નિજાત્માને તત્તત્સ્થાને રૂઢ કરવા તત્પર થવું જોઇએ, અને તે માટે સંસારભરની મોહ-મૂર્છાઓ-વાસનાઓ અને લાલસાઓને ફગાવી દેવી જોઇએ.

'અરિહંતનું ધ્યાન કરતો હું અરિહંત છું, સિદ્ધનું ધ્યાન કરતો સિદ્ધ છું,' એમ 'હું આચાર્ય છું, હું ઉપાધ્યાય છું, હું સાધુ છું, હું દર્શન છું, જ્ઞાન છું, ચારિત્ર છું, તપ

છું,' આ ચિંતવણા પોતાના જીવનને પવિત્રતાથી ભરી દેવા માટે તથા જવાબદારીભર્યા યોગ્ય ગુણમાં નિજાત્માને લાવવા માટે બહુ જ ઉપયોગી છે. તે સાધકે મૂળ ખ્યાલભરી રીતે કરવી જોઇએ.

આ ધ્યાન સાધમ આ લોક, પરલોક સમગ્ર દૃષ્ટિએ અચિંત્ય ફલ આપનારૂં છે એ નિ:સંદેહ છે. તે માટે શ્રીપાલ મયણાસુંદરીનાં દષ્ટાંત મોજુદ છે, છતાં આનાથી અમોને પૈસા મળે, સ્ત્રીપુત્રાદિ મળે, રોગ જાય, જય મળે વિગેરે કામનાઓ કરવી, તે નરી અજ્ઞાનતા છે, આત્માને મલિન કરનારી છે. તે કોઈપણ મુમુક્ષુ વિવેકી આરાધકે કરવી ન જોઇએ

હવે સુરતરુ સમ સકલ સંકટ ચૂરક મનવંછિતપૂરક સકલ સિદ્ધિદાયક મહામંગલિક શ્રી નવપદજીનું ધ્યાન કરનાર ધ્યાતા કેવી લાયકાતવાળો હોવો જોઇએ તે વિચારીએ—૧ પૂર્ણ શ્રદ્ધાવાન હોવો જોઇએ, ૨ ભક્તિમાન હોવો જોઇએ, ૩ શાન્ત ક્ષમાભાવી ક્ષયોપશમવાળો હોવો જોઇએ, ૪ દાન્ત-ઇન્દ્રિયો અને મનને કાબૂમા રાખનાર હોવો જોઇએ, ૫ પરોપકારી અને સૌનુ ભલુ ચાહનારો હોવો જોઇએ, ૬ પાપભીરુ નિઃસ્પૃહ-મેલી કામનાઓથી વર્જિત હોવો જોઇએ

ઉત્તમ આરાધકની આરાધના ઉતમ ફલને જ આપનારી બને તે દીવા જેવી હકીકત છે. શ્રી નવપદજીનું ધ્યાન કરનાર કદી અશુભ દુર્ભગ ભવોને પામતો નથી, કોઇ દુશ્મન એનુ ભૂંડું કરી શકતો નથી, કોઈ ભૂત પ્રેત વ્યંતર એને છળી શકતા નથી. એનું જ્યાં જાય ત્યાં ભલું થાય છે, એનાં પાપ ધોવાય છે, પુણ્ય વધે છે, યાવત્ સર્વ કર્મ નિર્જરીને તે સિદ્ધિ પદને વરે છે આવો સાધક દુ:ખમાં રોતો નથી અને સુખમાં રાચતો નથી. શુભાશુભ કર્મોની લીલા સમજીને તે મહાનુભાવ નથી કોઇ ઉપર રાગ કરતો કે નથી કોઇ ઉપર દ્વેષ કરતો. આવી પાપભીરૂ કલ્યાણકામી ભદ્રમૂર્તિઓ જ વિશ્વનાં ઉત્તમ રત્નો છે. તેઓ જ સજ્જનતાના પૂર્ણાવતારરૂપ હોય છે. આ શ્રી નવપદજીનું આરાધન કરનાર, તેની આરાધના, ઉપાસના, ધ્યાન અમુક દિવસ પૂરતું જ ન સમજે કિન્તુ તેને હંમેશા જીવનના શ્વાસોશ્વાસમાં વણી લે, એટલે સુધી કે તેના લોહીનાં એકેએક બુંદ પણ શ્રી નવપદજીની શુદ્ધ ભાવનામય બની જાય. આ માટે પ્રત્યેક સ્ત્રી પુરૂષે મયણા શ્રીપાલને પોતાના જીવનમા સંપૂર્ણ ઉતારી દેવા રહ્યા.

પ્રાન્તે, આ વાંચી સાંભળી સૌ કોઇ શ્રી નવપદજીની કલ્યાણકારિણી પુણ્ય આરાધના કરવા ઉચિત પ્રેરાયે જ એવી શુભેચ્છા રાખીને હું અત્રે વિરમીશ. આ નશ્વર જગતમાં જો કોઇ ઉપાસ્ય હોય, સેવ્ય હોય, આરાધ્ય હોય, ધ્યાન કરવા યોગ્ય હોય તો તે એક શ્રી નવપદજીજ છે.

બોલો શ્રી સિદ્ધચક્ર મહારાજકી જય.

श्री आत्मारामजी की जन्म जयन्ति पर

श्री जुगराज राठौड़ 'साहित्यरत्न'—सादड़ी

मैं कवि नहीं, लेखक भी नहीं, नहीं कलाकार हूँ कहलाता।
फिर भी आतम के बारे में कुछ कहने का है जी चाहता॥

अट्ठारह सौ चौराणु में एक सितारा था चमका।
दूर दूर के देशो में जिसने बजवाया था डंका॥

गूँज उठा था कोना कोना उसके जय जय नादो से।
प्रतिद्वन्दी उससे भय खाते, भगते थे स्थानो से॥

उसी, संयमी, तपस्वी, ज्ञानी, शास्त्रों के भण्डार।
के चरणों में कविता का यह मेरा छोटा सा उपहार॥

नहीं भाव है, नहीं कल्पना, शब्दों का भी जाल नही है।
टूटी-फूटी-भाषा जिस में आल नहीं पंपाल नहीं॥

श्रद्धा के दो फूल यहाँ मैं अर्पित करने आया हूँ।
तेरे जीवन झरने से दो बूँद पिलाने आया हूँ॥

(२)

डाकू के घर में जन्म लिया पर डाकू के भी डाकू थे।
पापी, भ्रष्ट और चोरों के सचमुच ही तुम चाकू थे॥

गणेशचन्द्र के प्यारे पुत्रज रुपादेवी के बाले।
बचपन में ही छोड सिधारे तुम को अपने थे लाले॥

जोधामल ने पाला पोषा प्यार किया दुलार किया।
अपने पुत्रों की गिनति में आतम का भी नाम लिया॥

जब यौवन का तार चढ़ा शादी की बातें चलवाई।
तब तक तो श्री आतम गुरु ने डंडा झोली अपनाई॥

बंधु रोते रोते ही रहे, माता कहती अब बस करो।
पर मन कहता तुम बढ़े चलो अपने पथ से टसमस न टरो॥

वे बढ़ते ही चले, न उमने कभी न अपनी हिम्मत हारी।
जैन धर्म का परवाना था महावीर का अटल पूजारी॥

फिर करके पीछे नहीं देखा, शास्त्रों का था मनन किया।
और सातवें दिन से ही तो अपना भाषण शुरु किया॥

ज्यों ज्यों समज बढ़ी त्यों कहता मन्दिर क्या? यह प्रतिमा क्या?
कर में मुँहपति रखने का शास्त्रों का अधिकार है क्या?

समाधान होता ही जाता तब उसको विश्वास हुआ।
संवेगी दीक्षा ग्रहण करे बूटेराय का शिष्य हुआ॥

ऐसा चमका कि विदेश तक उसने अपनी धूम मचाई।
सर्व-धर्म-सम्मेलन से आतम के नाम भी चिट्ठी आई॥

फिर तो जोर और शोरों से उसने अपना वंश फैलाया।
वल्लभ, लब्धि, राम सभी ये उसी आतमा की माया॥

क्या कहूँ कथा तो लम्बी है फिर और कभी सुनवाऊंगा।
अतएव अभी तो 'आतम की जय' कहकर चूप रह जाऊँगा॥

ધર્મ–કૌશલ્ય.

(૧૩)

ચક્રમાર્ગ. સિદ્ધ

ચાલુ ચીલામાંથી બહાર જવું–મુશ્કેલ પણ લાભકારક છે.

ન. ૧૨. મહાપુરુષનું આ ભવ્ય*વાક્ય ખૂબ વિચારણા માગે છે પ્રથમ rut શબ્દનો અર્થ વિચારીએ એ શબ્દનો કોશમાં બેવડો અર્થ આપ્યો છે. (૧) ધરેડમાં કાપો, ચીલામાં તરેડ–આ એક અર્થ છે. (૨) વિષયેચ્છા, મદ, સયોગ જનાવરો અમુક સમયે સયોગ કરે છે તેની ઇચ્છા આ બન્ને અર્થમાં એ શબ્દ ખૂબ સમજવા જેવો છે અને તેનો ભાવ ધર્મદૃષ્ટિએ વિચારવા યોગ્ય છે

સામાન્ય રીતે મનુષ્ય વિષયને તાબે થઇ જાય છે, ઇંદ્રિયના ભોગમાં ડુબી જાય છે અને એની તૃપ્તિમાં મનખા દેહની સફળતા માને છે અમુક સમયે જનાવરને પણ વિષયેચ્છા ખૂબ થાય છે અને તેનાથી અળગા રહેવુ એ જનાવર માટે જેમ ઘણુ મુશ્કેલ છે તેમ મનુષ્યને પણ વિષયેચ્છા ઉપર સયમ રાખવો ઘણો મુશ્કેલ છે આ વાત પાચે ઇંદ્રિયોના વિષયોને લાગુ પડે છે, પણ સભોગ સયોગને–સ્પર્શેન્દ્રિયને ખાસ લાગુ પડે છે આ ચાલુ સયોગો પર સયમ મેળવવો એ આકરી બાબત છે, મુશ્કેલ લાગે તેવી હકીકત છે, પણ તે ચાલુ વ્યવહારમાંથી બહાર નીકળી જવુ એ આત્મવિકાસની નજરે ખૂબ હિતકારક છે. આત્મવિકાસ સાધવાની ઇચ્છાવાળા ધર્મપ્રિય મનુષ્યે આ દુન્યવી સભોગની ઘટનાથી દૂર રહેવુ એ આકરી બાબત છે, પણ અતે ચેતનના વિકાસને અગે ખૂબ લાભકારક છે. વિકાસના પથે પડવાને ઉત્સુકતા ધરાવનાર પ્રાથમિક દૃષ્ટિએ સયમ કેળવે એ ઇચ્છનીય છે, યોગની શરૂઆત સૂચવનાર વિકાસ માર્ગના પથીને પહેલી જરૂરીઆત સૂચવનાર આ સૂત્ર છે અને એનો ભાવાર્થ સાંભળવામાં અને એને અનુસરવામાં શુભ શરૂઆતનું સ્થાન છે.

*એ rut નો અર્થ ચાલુ ધરેડ—ચીલો કરીએ ત્યારે તો આ ભાવ ખૂબ રસપ્રદ બને છે. સાધારણ રીતે ધર્મપ્રિય મનુષ્યોમાં ચાલુ ચીલો બહુ અગત્યનો માર્ગ ગણાય છે એને નહાવાના, ખાવાના, પહેરવાના, બોલવાના નિયમો બાધેલા હોય છે એ વસ્તુ વપરાશની પણ સખ્યા અને તેનો તોલ માપ મુકરર કરે છે અને ચાલુ નિયમોને અનુસરવામાં પોતાની ફરજ માને છે ઘણાખરા પ્રાણીઓ સ્વતંત્ર વિચારણા કરી શકતા પણ નથી અને કરવા જાય તો અત્યુદ્રેક, ગોટાળા કે મનના મનામણામાં વિવશ બની જાય છે એવા મનુષ્ય માટે ચાલુ ચીલે ચાલ્યા કરવુ એ લાભપ્રદ છે, એ માર્ગ આચરવા જાય તો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઇ જાય છે અને બુદ્ધિબળનો ઉપયોગ છૂટછાટ કે અપવાદસેવનને અગે જ કરવા લાગી જાય છે એમને માટે તો ચાલુ ચીલો બહુ લાભકારક છે, એને સ્થિર રાખનાર ઉપકારક તત્ત્વ છે અને પરિણામે એનો વિકાસ એ રીતે જ સધાય છે પણ આંતર વિકાસમાં ખૂબ આગળ વધેના અને પોતાને સ્વય નિર્ણય સામે માર્ગે કરી શકે તેવા આત્મજ્ઞાની જો કદાચ ચીલામાંથી ઉતરે તો તેમાં તેમનુ હિત છે અસાધારણ યોગબળવાળા જીવનના રસ સાથે સયમને વણી દેનારા અને મન પર અસાધારણ કાબૂ ધરાવનાર ચાલુ પ્રવાહથી આગા અળગા થાય, જગલમાં રહે કે મહાન પડિમા વહે તો તેમને ઘણો લાભ થાય છે. ચાલુ દુનિયા માટે તો ચીલાનો માર્ગ જ સારો છે ઘણા અનુભવથી દોરાયલો છે અને તેનુ અનુસરણ લાભકારક છે પણ અસાધારણ વિભૂતિ વિશિષ્ટ માર્ગે વિકાસની નજરે સચરે તો તેને પોતાને જરૂર લાભ થાય સમાજ સ્વાસ્થ્ય બગડે નહિ, મૂળ માર્ગને હાનિ ન પહોંચે તે રીતે તે પોતાની આત્મસાધના કરે તો વૈયક્તિક રીતે તે લાભ મેળવે આમ જનતા માટે તો ચીલો જ સારો છે

No. 12 It is difficult to keep out of a rut but it pays to do so

Thoughts of the Great.

(૬૪)

ખમતખામણા Forgive-forget.

ખમવું અને ખમાવવું-મુશ્કેલ છે, પણ હિતકારક છે.

નં. ૧૩. ચાલતા કોઇએ ગાળ દીધી, હલકો શબ્દ વાપર્યો કે માથા પર પાણી નાખ્યું. આપણો મિજાજ જરી નાખનાર કે બોલનાર જાણુચક છે તે જોયા કે તપાસ્યા વિના મુખમાંથી હલકો શબ્દ કે ગાળ નીકળી જશે! ધનનો નાશ થાય, વેપારમાં નુકસાન જાય કે પાસા ઊલટા પડે ત્યારે પોતાની બિનઆવડત, ધૃષ્ટતા કે ગણતરીની ક્ષુદ્રતાનો વિચાર ન કરતા સામાને જવાબદાર કે જોખમદાર ગણી ગમે તેવું એલફેલ બોલી જવાય છે અને કઇક વાર તો પાડાને વાંકે પખાલીને ડામ દેવા જેટલી હદે પણ માણસ ચાલ્યો જાય છે.

પણ દૈવી પ્રકૃતિવાળો મનુષ્ય તે વખતે શાંતિ રાખે, મન પર કાબૂ રાખે, વચન પર સંયમ રાખે, સામાની હીનતા કે પોતાની અલ્પજ્ઞતા વિચારી ગળચવો ગળી જાય, સામાનો પ્રત્યક્ષ વાંક હોય તો પણ તેની તરફ દયાની દૃષ્ટિ ફેંકે અને સમતા રાખે, ગમે તેવા અપમાનને પણ ખમી જાય તે ભારે ખેલદિલી, ખૂબ વિચારઉદારતા અને વિશિષ્ટ સૌજન્ય દાખવે છે. જેને અન્યની લાગણીનો ખ્યાલ હોય તે તો ખૂબ શાંતિ રાખે છે, સામાને એમ શા માટે કરવું પડ્યું! તેની બેદરકારી કે ધૃષ્ટતા હતી તે વિચારે અને અપમાનને કે અગવડને ખમી જાય. એવી ખેલદિલી કે વિશાળતા બહુ ઉમદા ખવાસ બતાવે છે, જાત પરનો ભારે કાબૂ બતાવે છે અને પોતાની જાતને વિસ્મરણ કરી દેવાની દૈવી સંપત્તિ એણે હસ્તગત કરી છે એમ દેખાડી આપે છે

અને પોતાથી એક નાનો સરખો ગુન્હો કે નાનકડી ભૂલ થઇ જાય કે એને ક્ષમા માંગવામાં સંકોચ ન થાય, સામો ક્ષમા યાચે તો તેનો સ્વીકાર કરવામાં સંકોચ ન થાય અને ખમવાની અને ખમાવવાની ધડ બેસી જાય તેના દિલમા સાચો ધર્મ વસ્યો એમ જાણવું. એ જાણે છે કે પ્રત્યેક પ્રાણી કર્મને વશ છે, દરેક સંસારી કર્મ આગળ લાચાર છે અને સર્વ પ્રાણી સ્વભાવને પરવશ છે. એવા પ્રસંગે એ પોતાનું અપમાન ધ્યાન પર પણ ન લે, એ પોતાના નુકસાનના આંકડા પણ ન મૂકે, પણ સમતા રાખી શાંતિનો પ્રચાર કરે, ઉશ્કેરાયલા વાતાવરણને ઠંડું પાડે અને પોતાનાં મનમાંથી અગવડ કે અપમાનની વાતને દૂર કરે.

એને ક્ષમા માગવામા કે ભૂલનો સ્વીકાર કરવામાં સંકોચ ન થાય, સામાનો ખુલાસો એ મુક્ત મને સ્વીકારે અને આ રીતે ખમવા અને ખમાવવાના દૈવી ધોરણે પોતાનું કાર્ય આગળ ધપાવે જાય. એને ધર્મપ્રિયતા અને કર્મનું સામ્રાજ્ય શું છે તેનો પાઠ શીખવ્યા જ કરે અને ખમવામાં મહત્તા છે એ બતાવી આપે, અને પ્રસંગે ખમાવવાનું કારણ આવી પડે તો પોતાનું સ્થાન કે ગૌરવનો જરા પણ ખ્યાલ કર્યા વગર એ ઝૂકી પડે અને વાતને વીસરી જાય. આ ખમવા અને ખમાવવાની રીતિ ભારે આહ્લાદક છે, ખૂબ ગૌરવવાળી છે અને માણસને દેવ બનાવે તેવી ભવ્ય છે. પણ એટલી સરળતા, નિર્મળતા અને વિચારસ્વચ્છતા આવવી મુશ્કેલ છે, દુનિયાના ચાલુ વ્યવહારમા રચેલાપચેલા કે વકીલની સલાહ પ્રમાણે વ્યવહાર કરનારા તો જરા સરખા માનખંડનને પણ ખમે નહિ, ખમવાની સલાહ મેળવી પણ શકે નહિ અને કોઇ એવી સલાહ આપે તો એ ભાઇની નિર્માલ્યમાં ગણના થાય. ચાલુ સપાટીની ઉપર આવનાર, મન પર ભવ્ય કાબૂ ધરાવનાર, આગળ પાછળનો લાંબી નજરે ભવ્ય ખ્યાલ કરી શકનાર અને જીવનની ક્ષુદ્રતા, અલ્પતા અને પોતાના સ્થાનની સાચી કિંમત કરનાર મહાસત્ત્વશાળી સાચો ધર્મપ્રિય જીવ ખમવા ખમાવવાની મહત્તા સમજે અને જીરી. જાણે- મૌક્તિક.

No. 18 It is difficult to forgive and forget but it pays to do so.

Thoughts of the Great

" સુવાક્યામૃતો "

સંયોજકઃ-વ્યા. કા. તીર્થ મુનિ પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ.)

ઓડકાર જેમ ખાધેલા આહારને બતાવે છે, તેમ ભાષા બોલનારના ચારિત્રને બતાવે છે.

કોયલ જેવો સ્વર હોય અને ચારિત્રવાન્ પણ હોય તો મનુષ્ય મનુષ્ય નથી પણ દેવ છે.

ખોવાયેલી વસ્તુ ઉપર જો શોક વ્યાપી જાય તો સમજવું કે તે હજી કાચો જૈન છે.

ગોટાળો કરનાર માણસ ભલે પોતાને ચતુર માને. વસ્તુતઃ તે પોતાના આત્માને જ ગોટાળામાં નાખે છે.

ઘોડાને વશમાં રાખનારની પ્રશંસા આ લોકમાં જ થાય જ્યારે કષાયરૂપી ઘોડાને વશમાં રાખનાર દેવલોકમાં પણ પ્રશંસાય છે.

ચોર સાચો તે જ છે કે જે દુકાન ઉપર બેસી ભણેલાની આંખમાં પણ ધૂળ નાખે.

છોકરીનો પણ સહવાસ સ્વપ્નમાંએ શિયળને તોડાવી દે છે.

જોતા ઝેર છે. (અર્થાત જ્યાં નજર નાખો યાં વિષમય વાતાવરણ જ દેખાય છે.)

ઝોલાં ખાનાર વ્યકિતની જેમ માણસ કમાય છે થોડું અને ખોઇ નાખે છે ઘણું.

ટોટલ લગાવીને જુઓ ૨૪ કલાકમાં પાપ વધારે બંધાય છે કે પુણ્ય ?

ઠોકર ખાવા છતાં પણ જે માણસ માણસ બનતો નથી તે પશુ જ છે.

ડોશીમા અને ડોકરી આ બે શબ્દો અનુભવથી અમૃત અને ઝેર ઉત્પન્ન કરે છે.

ઢોકલા જેમ મસાલા વગરનાં કોઇને પણ ગમતાં નથી તેમ રૂપાળો માનવી ગુણરૂપી મસાલા વગરનો હોય તો તે પણ કોઇને ગમતો નથી.

તોતાની જેમ ગ્રન્થોને ગોખવા માત્રથી કલ્યાણ નથી, પણ એક જ આર્ષવાકય જો જીવનમાં ઊતરી જાય તો કલ્યાણ ચોક્કસ છે.

થોથા જેવા ગ્રન્થોમાંથી પણ વિવેકવાન પુરુષ સાર કાઢી શકે છે.

દોસ્તોની સાથે રહેવામાં કવચિત દોષોથી ઘેરાઈ જવાય છે જ્યારે શત્રુઓની સાથે રહેવામાં બહુ જ સાવધાનીથી રહેવું પડે છે.

ધોધમાર વ્યાખ્યાનો સાંભળ્યા છતાં જીવનમાં દયા અને સ્વામીભક્તિ ન આવી તો આચાર્યોની પૂજા રૂપાનાણાથી કરવામાં પણ શું ?

નોકરી જો વફાદારીથી કરાય તો નોકર જેટલો યશસ્વી બને છે તેટલો માલિક પણ નથી બનતો.

પોથીમાં લખેલો પણ મહાવીર શબ્દ જો ભવ્યને આનન્દ ન આપે તો તે ભવ્ય શાનો !

ફોગટનું ખાનાર માનવી પૃથ્વી પર ભારભૂત છે.

બોદીને બગાડનાર પુરુષ દેશનું તો શું ? પોતાનું પણ ભલું નથી કરી શકતો.

ભોળામાં ભગવાન વસે છે એ કહેવત સાચી છે. પણ ભોળાની વ્યાખ્યા કરવામાં સંસાર છેતરાઇ ગયો છે. શાસ્ત્રકારોએ ભોળાની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે-" पाण्डित्यं निर्वेद्य बाल्यवदाचरेत् " અર્થાત શાસ્ત્રવેત્તા દોષ

ધ્યાન અને ચિત્તની ત્રણ અવસ્થા.

(સન્માર્ગદર્શક)

એક વસ્તુના ઉપર ચિત્તનો નિરોધ કરવો એટલે મનને એક વસ્તુ ઉપરજ રોકી રાખવું તેનું નામ ધ્યાન કહેવાય છે. દૃઢ સંહનનવાળા મુનિને પણ તે અંતર્મુહૂર્ત સુધી હોય છે. છદ્મસ્થોનું જે ધ્યાન છે તે અંતર્મુહૂર્ત પર્યંત જ હોય છે. જે એક ચિંતારૂપ નિરોધ છે તેને ધ્યાન કહેવાય છે, અને તે સિવાયની મનની અવસ્થાને ભાવના અથવા અનુપ્રેક્ષા અથવા પદાર્થચિંતારૂપ ધ્યાનસંતાન કહેવાય છે.

જેમાં ગુણપર્યાય હોય તે વસ્તુ કહેવાય છે. આત્મા કે જડ કોઇ પણ વસ્તુ ઉપર મનને રોકી શકાય છે બહાર કોઇ પણ જડ વસ્તુ કે તેની આકૃતિ, ભગવાનની પ્રતિમાજી વિગેરે ઉપર દૃષ્ટિ સ્થાપત કરી દૃષ્ટિ સાથે મનને રોકી રાખવું. અંતરમાં કોઇ પણ આત્માનો ગુણ ધ્યેય તરીકે લેવો. જેમકે હું આનંદસ્વરૂપ છું કે જ્ઞાનસ્વરૂપ છું. અથવા આખા આત્માને ધ્યેય તરીકે લેવો. એટલે તેના ગુણ કે આત્મા તરફ મનને પ્રેરીને તેના ઉપરજ ચોટાડી રાખવું વચમા તે ગુણના લક્ષ સિવાય બીજો કાંઇ પણ સંકલ્પ ઉત્પન્ન ન થવા દેતાં, તે ગુણ તરફ મનનો અખંડ પ્રવાહ ચલાવવો મનને નિશ્ચલ રીતે તેના ઉપર સ્થાપન કરવું, ધારી રાખવું. વાયુ વિનાના સ્થાનમાં રહેલા દીપકની શિખાની માફક અડોલ રાખવું. વિકલ્પરૂપ વાયુવડે ચલાયમાન ન થાય તેવી રીતે સ્થિર કરવું આનું નામ ધ્યાન કહેવાય છે શરૂઆતમાં મન કંઇ આવી રીતે સ્થિર રહેતું નથી; માટે બહાર કોઇ ચીજ ઉપર પ્રથમ દૃષ્ટિ સાથે મનને સ્થિર કરવાનો અભ્યાસ પાડવો.

કરી આત્મ સબંધી જ વિચાર કરે અથવા બાલકની માફક નિર્દોષ વ્યવહાર રાખે.

મોચી પણ જો ધર્મયુક્ત છે તો તે મહાવીરના વચનાનુસાર જૈન છે.

યોગની ગન્ધ તે જ પ્રાપ્ત કરી શકે છે કે જે દ્વેષબુદ્ધિ રહિત હોય.

રોટી એકેન્દ્રિય જીવોથી બને છે અને તે ખાનારને આનંદ આપે છે, જ્યારે મનુષ્ય પંચેન્દ્રિય હોય છે, એમ છતાં તે પુરુષ પોતાની શ્રીમંતાઇથી, સત્તાથી, શરીરબલથી અને બુદ્ધિબલથી જો બીજાને આનન્દ ન આપે તો તેને શાની ઉપમા આપવી તે કોઇને પણ સૂઝતું નથી.

લોહી જો શુદ્ધ છે તો મન પણ શુદ્ધ છે

ધોહી થા સચ્ચા ઉદ્ધારક (આત્મારામ) વિજયાનન્દ ચલા ગયા

શોષણ કરવા છતાં પ્રજાનું ધન પ્રજામાં જ વપરાય તો તેની પ્રશંસા કોણ ન કરે?

ઘો ધાતુનું રૂપ 'श्रावकस्य महत्पापं प्रतिक्रमणकर्मभिः' આ વાક્યમાં ગુપ્ત પડેલું છે જે શોધી કાઢશે તે બુદ્ધિશાળી અને જીવનમાં ઉતારશે તે સંસારવિજેતા.

સોઽહં સોઽહંની ધૂન જો ન જાગી તો ઓઘા લેવા માત્રથી શું?

હોળીમાં કર્મરૂપી ઇન્ધન જલાવો, કષાયરૂપી ગુલાલ ઉડાવો અને આત્માને પવિત્ર કરો.

આ સંબંધી ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને એક વખત પોતાનો વૃત્તાંત જણાવતાં કહ્યું હતું તે સંબંધી હકીકત આ પ્રમાણે ભગવતી સૂત્રમાં છે કે—'હે ગૌતમ! એક વખત હું એક માટીના ઢેફાં ઉપર દૃષ્ટિ સ્થાપન કરી એક અહોરાત્રિ પર્યંતની મહા પડિમા–અભિગ્રહ કરી રહ્યો હતો ' મતલબ કે તે મહાપ્રભુએ અનિમેષ દૃષ્ટિએ એક અહોરાત્રિ પર્યંત મનને એકજ નિશાન કે લક્ષ ઉપર રાખવા સુધી પ્રયત્ન કર્યો હતો.

બહાર દૃષ્ટિ અમુક લક્ષ ઉપર રાખવી તે એક નિશાન છે, તે બહાર દૃષ્ટિ સાથે અંતર દૃષ્ટિ હૃદયમાં કે ભ્રૂકુટિ આદિ સ્થાનોમા રાખવામાં આવે છે. અને તે સ્થળે જેમ એકાદ ચપળ સ્વભાવવાળી ભાગનાશ કરવાવાળી ગાય કે ભેંસને ખીલે બાંધવામાં આવે છે, તેમ અંતર હૃદયમાં શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરનાર સિદ્ધ પરમાત્મા કે જીવન દેહધારી અરિહંતાદિની સાક્ષાત્ મૂર્ત્તિની સ્થાપના કરી આ શુદ્ધ સ્વરૂપ પરમાત્મા હું છું, મારું તેવું જ શુદ્ધ સ્વરૂપ છે. વિગેરે ભાવનાવાળી વૃત્તિ કરી તે સ્થાનમાં મનને તે મહાપ્રભુના સ્વરૂપરૂપ ખીલા સાથે બાંધી મૂકવામાં–રોકવામા આવે છે જેથી તે મનની વૃત્તિઓ પોતાની ચપળતાને મૂકી દઈ શુદ્ધ આત્મસ્વરૂપમાં પોતાનુ ભાન ભૂલી લય થઈ જાય છે.

એક નિશાન ઉપર બાહ્ય દૃષ્ટિ રોકી રાખી અંતરમાં અંતર–દૃષ્ટિનું સચોટ નિશાન બાંધવું એ આશય ભગવાન મહાવીરદેવનો ગૌતમસ્વામીને જણાવવાનો હોય તેમ એ સ્થળે સમજાય છે. આ તે મહાવીરપ્રભુની અભ્યાસદશા હતી. શરૂઆતમાં મનને સ્થિર રહેવાનું શીખવવા માટે વીતરાગદેવની કે ગુરુની શાંતમૂર્ત્તિ સન્મુખ સ્થાપન કરી તેના ઉપર એકાગ્રતા કરી શકાય છે. આ અભ્યાસની શરૂઆત ધીમેધીમે કરાય છે. તે ઉપર દૃષ્ટિ સ્થાપ્યા બાદ તે ધ્યેય સિવાય બીજો કોઇ વિચાર મનમાં આવવા ન દેવો. દૃષ્ટિ નિમેષોન્મેષ રહિત ખુલ્લી રાખવી. એક બે મિનિટ જેટલા થોડા વખતથી શરૂઆત નિયમિત રીતે કરવી અને તેને ધીમેધીમે લંબાવવી–વધારવી પછી તે મૂર્તિને હૃદયમા સ્થાપન કરી આંખો બંધ કરી મનમાં તે ધ્યેય સિવાય બીજો કોઇ વિચાર આવવા ન દેવો એટલે તેનો જ વિચાર કરવો. તેનો વિચાર કરવો એટલે આત્માના શુદ્ધ પદનો વાચક કોઇ પણ શબ્દ જેમકે–સોહં, અર્હં, ૐ વિગેરે લઈ તેનો મનથી જાપ કરવો હૃદયમા તે મૂર્તિને આંતરદૃષ્ટિથી જોયા કરવી આ વખતે વચમાં કોઇ પણ વિચાર આવી જાય તો તે વિચારને મૂકી ન દેવો પણ તરતજ જાપ બંધ કરી તે વિચારને પકડવો અને વિવેકજ્ઞાનથી તે વિચારને છિન્નભિન્ન કરીને કાઢી નાંખવો વિચાર કોઈ પણ વાસનાને લઇને ઊઠે છે તેનુ અનિત્યપણું, અસારપણું, દુઃખદપણું વિચારી અનાત્મપણું, ક્ષણભંગુરપણું નિર્ણિત કરી તે વિચારને કાઢી નાંખવો અને પાછો તે જાપ મૂર્તિમા ધ્યાન આપવાપૂર્વક શરૂ કરવો. જો વિચારોને દબાવવામા આવે છે તો તે વિચારો તેટલો વખત દબાય છે, પણ પાછા તેનાથી બમણા જોરથી ઊપડે છે અને હેરાન કરે છે, માટે વિચારોને નહિં દાબતાં વિચારદ્વારા વિચારને વિખેરી નાખવા. વચમાં થોડો વખત જાપ તથા વિચારને બંધ પણ કરી દેવાની ટેવ પાડવી અને 'શુદ્ધ આત્મસ્વરૂપ હું છું' તે ભાવનાને મુખ્ય રાખી તે સ્થિતિમા સ્થિર થવું–મનને તે સ્થિતિમાં ગાળી નાખવું, પણ વિચારાંતર કે આલંબનેતરનું વ્યવધાન–આંતરું આવુ પ્રવાહમાં વચમાં આવવા ન જ દેવું. તેમ થાય ત્યારે ધ્યાન સિદ્ધ થયું ગણાય છે. ગમે તેવા મજબૂત

ચારૂશીલા રમણીરત્નો.

લેખક—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

ભૂમિકા—પ્રભાવિક પુરુષોની લેખમાળા માફક પવિત્ર આચરણવાળી લલનાઓના જીવનની ઝાંખી કરાવતી લેખમાળાની જરૂર તો છે જ. ભરહેસરની સજ્ઝાયમાં જેમ સત્વશાળી નરોના નામો છે, તેમ સતી નારીઓનો ઉલ્લેખ પણ છે જ. એટલે એ સંબંધી લખવાની ધારણા તો હતી જ.

જો કે સતીઓના જીવનપ્રસંગ વર્ણવતાં પુસ્તકો પ્રગટ થયેલ છે અને સોળ મહાસતીના ચરિત્રોને વણી લેતું સ્વતંત્ર પુસ્તક પણ છે જ, એટલે સહજ પ્રશ્ન ઉદ્ભવે કે—એ સંબંધમાં પુનઃ ચર્વિતચર્વણ કરવાનું શું પ્રયોજન?

એ સંબંધી એટલું જ સ્પષ્ટીકરણ કરવાનું કે—આ લેખમાળામાં જે કંઇ કહેવામાં આવશે એ પ્રભાવિક પુરુષોની પદ્ધતિને અનુરૂપ હશે અને એમાં આખું જીવનવૃત્તાન્ત નહીં હોય પણ કેટલાક આકર્ષક પ્રસંગો જ આલેખાશે. ચાલુ કાળને અનુરૂપ શૈલીમાં એ સજાવાશે.

જૈનધર્મમાં આત્માની દૃષ્ટિએ સ્ત્રીપુરુષમાં કંઇ જ ભેદ નથી. ઉભય માનવભવ સફળ કરવામાં વિના રોકટોકે સ્વશક્તિને ઇચ્છિત રીતે ખીલવી શકે છે. સંસારી જીવનને એક રથની ઉપમા આપીએ તો એ બન્ને એના ચક્રોરૂપ છે. રથની ગતિનો આધાર એ ચક્રોની તાકાત પર જ અવલંબે છે. અનેકાંતદર્શનમાં પત્ની એ પતિની દાસી નથી, પણ ગૌરવ પદને ધારણ કરનારી સાથી યાને ભાગીદાર તુલ્ય છે. અપેક્ષાથી વિચારીએ તો 'गृहिणी विना गृहम् शून्यम्' એ નીતિકારોનું વચન જરાપણ ખોટું નથી. ઘર અંગેની તમામ જવાબદારી નારીજાતિના પાત્ર ઉપર જ અવલંબે છે. પુરુષ રળી જાણે છે, એની વ્યવસ્થા કરી જાણતો નથી, અર્ધાંગનાના સહકારથી જ વ્યવહારુ જિંદગી સંપૂર્ણ બને છે. જેની કુક્ષિમાં તીર્થંકર, ચક્રવર્તી કે ગચ્છવિધાયકો જેવા નરરત્નો પાકે છે એ સ્ત્રીજાતિને શક્તિનો અવતાર કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી જ. મોસાળ, પિયર અને શ્વસુર કુળરૂપ ત્રણ સ્થાનને શોભાવનાર એ જાતિને જગદંબા, અન્નપૂર્ણા, જનેતા કે દેવી આદિ વિશેષણો અપાય એમાં કંઇ જ આશ્ચર્ય નથી. તેથી જ 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता.' જેવા વચનો અસ્તિત્વમાં આવ્યા છે.

બાંધાના શરીરવાળા મુનિને પણ આ સ્થિતિ અંતર્મુહૂર્ત એટલે અડતાલીશ મિનિટ કે તેની અંદરના વખત સુધી ટકે છે તેથી વધારે ટકી શકતી નથી.

શરૂઆતમાં આવી સ્થિતિ વધારે વખત સુધી ટકતી નથી, પણ લાંબા અભ્યાસથી તે સ્થિતિ સિદ્ધ થાય છે. આ ધ્યાન છદ્મસ્થોનું છે. છદ્મસ્થ એટલે જ્ઞાનાવરણાદિકના આવરણવાળો જીવ. તે મન, વચન, કાયાના યોગોનો—વ્યાપારોનો સર્વથા નિરોધ કરી શકતો નથી, તેથી એક કોઇ પણ પદાર્થના આલંબન ઉપર મનને સ્થિર કરવારૂપ ધ્યાન તેને કહેવામાં કે બતાવવામાં આવ્યું છે. (ચાલુ)

આટલું લંબાણુ કરવાનો હેતુ એક જ છે કે–જૈન દર્શનમાં વૈરાગ્ય ભાવનાને સતેજ રાખવા 'નારી નરકની ખાણ' કે 'મોક્ષની અર્ગલા' જેવા ઉલ્લેખો દૃષ્ટિગોચર થાય છે તેને આગળ કરી કેટલાક વારે કવારે સ્ત્રીજાતિ સંબંધમાં મનગમતી રીતે કલમ ચલાવે છે, અને કોઇ વાર તો 'પુરુષપ્રધાનત્વ'.નો સધિયારો આગળ ધરી જાણે સર્વ પાપનો ટોપલો એના શિરે ઓઢાડવામાં સાચી સમજનું દેવાળું દાખવે છે. તેમની આંખ ઊઘડે તે અપેક્ષાથી ઉલ્લેખાયેલા એ વચનોને એકાંત દૃષ્ટિએ ખેંચી જનારા ભગવંતના શાસનની ખરેખર મહાન કુસેવા કરે છે.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીરદેવના જન્મ માસમાં એમના જ સમયમાં થયેલ અને જુદા જુદા પ્રસંગે પરિચયમાં આવેલ કેટલીક શક્તિવંત પ્રમદાઓના નામો યાદ કરી જિહ્વા પવિત્ર કરી ભૂમિકા પૂરી કરવાનું ઈષ્ટ માન્યું છે. લેખમાળાનુ પ્રથમ ચિત્ર તો હવે પછીના અંકથી આરંભાશે. સુલસા શ્રાવિકા, માતા દેવાનન્દા, કૌશામ્બીપતિ શતાનિકની ભગિની શ્રાવિકા જયન્તી, ગાથાપતિ આનન્દની ભાર્યા શિવાનન્દા, બનારસવાસી કરોડપતિ ગૃહસ્થો ચુલ્લનીપિતા અને સુરાદેવની સ્રિયો–નામે શ્યામા અને ધન્યા, શ્રેણિકરાજની નન્દા વિગેરે તેર રાણીઓ, શતાનિકની પત્ની મૃગાવતી, ચંડપ્રદ્યોતની રાણી અંગારવતી, પોલાસપુરના કુંભાર સદ્દાલપુત્રની ભાર્યા અગ્નિમિત્રા, શ્રાવસ્તીમાં ગાથાપતિની સ્રિયો નામે અશ્વિની અને ફાલ્ગુની, ભગવંતપુત્રી પ્રિયદર્શના, મેંઢી ગામની શ્રાવિકા રેવતી, સુદર્શન શેઠની ભાર્યા મનોરમા, વસુમતી ઊર્ફે ચંદનબાળા આદિ સંખ્યાબંધ નામો ચરમ તીર્થપતિના શાસનમાં થયેલ રમણીરત્નોના જોવા મળે છે. એમાં કોઈમાં જ્ઞાનગરિમાના દર્શન થાય છે તો અન્યમાં શ્રદ્ધાનો સૂર્ય મધ્યાહ્ને પહોંચેલ જણાય છે, તો કેટલીકમાં પવિત્ર આચારની જ્યોતિ એટલી હદે ઝળહળતી નયનપથમાં આવે છે કે તેમના ચરણમાં મસ્તક ઝુકાવવાનું મન સહજ થાય. આનું તાત્પર્ય એટલું જ કે ચતુર્વિધ સંઘની સ્થાપનામાં નારીજાતિનું સ્થાન ઉપચારરૂપે નથી રખાયું પણ એ વર્ગમાં પણ મેધાના ચમકારા અને પ્રભાવના પડકાર અને એ ઉપર ચારિત્ર્યની સુવાસ સવિશેષપણે નીરખવાની પ્રાપ્ત થાય છે, એ વાત સિદ્ધ થાય છે. અપેક્ષાએ કહેવાયેલ પુરુષનુ પ્રધાનત્વ બાજુએ રાખી વિચાર કરીએ તો નારીજીવન પવિત્રતા, સચોટ શ્રદ્ધા, પ્રશંસનીય સહનશીલતા, એકનિષ્ઠા અને અજોડ ભક્તિમત્તાના માપથી ઘણી ઘણી રીતે નરજીવન કરતાં ચઢિયાતું છે. ભૂમિકાને સમેટી લેતા કહી દેવાનું કે–અહીં નથી તો નરનારીના જીવનને કાટે ચઢાવવાનું કે નથી તો સરખામણી કરી એમાંનાં એકની શ્રેષ્ઠતા પુરવાર કરવાની. આ પાનામા હવે પછી રમણી–સમુદાયના થોડા આગળ પડતાં વૃત્તાન્તો, આજની એકવીશમી સદીમાં આલંબનરૂપ થઈ પડે એ રીતે આલેખી, વર્તમાન કાળના સુષુપ્ત સમાજમાં ચેતના પ્રગટે, પૂર્વજતા જેવું કંઈ કરી દેખાડવાની તમન્ના જાગે એવો માર્ગ સૂચવવાની અભિલાષા છે. ભૂતકાળના ગૌરવ પર અક્કડ રહેવાનું કે એના જોરે કૂદવાનું શોભારૂપ નથી લેખાતું; પણ એ ઇતિહાસને અવલોકી દેશકાળને અનુરૂપ ઘૂંટડાનું પાન કરી સ્વજીવન ઘડવામાં આવે તો એ પ્રયાસ પ્રશંસાપાત્ર જરૂર લેખાય છે.

સેવાના બદલાની ચાહના

[દેશ, સમાજ, ધર્મ, જાતિ કે એવા કોઈપણ ક્ષેત્રમાં સેવાની વૃત્તિથી કામ કરનાર વ્યક્તિએ, પોતાની શક્તિની મર્યાદા આંકી લીધા પછી જ, એ ક્ષેત્રમાં દાખલ થવું જોઈએ. આવી કોઈ સેવાના બદલાની આશા રાખવી એ પોતે સ્વીકારેલ સેવા-કાર્યને તો નુકસાન પહોંચાડે છે જ. સાથે સાથે એ સેવા સ્વીકારનાર વ્યક્તિના માનસને પણ હલકું બનાવે છે; અને પરિણામે સેવા કરનાર વ્યક્તિ સંતોષ અનુભવવાને બદલે એક પ્રકારની અસંતોષભરી મનોવૃત્તિનો ભોગ થઈ પડે છે સેવા એટલે સેવા-સાચ નિર્ભેળ સેવા। એમા બીજી ત્રીજી અંગત લાભાલાભની કે નિંદા-પ્રશંસાની વૃત્તિને સ્થાન જ ન હોય! આ મુદ્દાની વાત ભૂલી જઈને બદલાની વૃત્તિથી પ્રેરાઈને સેવાનુ ક્ષેત્ર સ્વીકારવામાં આવે તો તેનું પરિણામ અધકચરું આવે અને કોઇ કોઈ વાર તો બન્ને વસ્તુ બગડવા જેવી સ્થિતિ પણ આવી પડે તો ના નહીં.

પોતાને જૈન સમાજના સેવક તરીકે ઓળખાવતા એક મહાનુભાવે આપણા એક બહુમાન્ય પંડિતજીને એક પત્ર લખ્યો છે તે આવી અધકચરી સેવાવૃત્તિનું કેવું પરિણામ આવે છે તે દર્શાવે છે. પંડિતજીએ આ પત્રનો જે ઉત્તર આપ્યો છે તે કોઇ પણ ક્ષેત્રના સેવકે કેવી રીતે નિરીહ મનોવૃત્તિ ધારણ કરવી જોઈએ તે દર્શાવે છે આ બન્ને પત્રો અહીં રજૂ કરીએ છીએ.]

સમાજ-સેવકનો પત્ર

"...મેં પણ બે વર્ષ થયાં દુકાન શરૂ કરી દીધી છે. વર્ષો લગી ધાર્મિક સેવા કર્યા પછી મેં જોયું કે સમાજમાં કૃતઘ્નતા ઘણી જ વધી ગઇ છે. કરેલી સેવાનો ઉપકાર નથી માનવામાં આવતો, ઊલટું એમાં હલકાપણું સમજવામાં આવે છે. એના લાભની પ્રશંસા કરવાવાળા વિરલા જ છે. પીળાં વસ્ત્રો જોઇએ, ભલે પછી ગુણનું કશું ઠેકાણું જ ન હોય, છતાં, પ્રશંસાના પુલ બાંધી દે છે. શ્વેતાંબર સમાજમાં શ્રાવક ગમે તેટલું કાર્ય કરે, પણ એને માટે પ્રશંસાના બે શબ્દ પણ નહીં નીકળે. જો મેં કરેલ કાર્યની તુલના કરવામાં આવે તો કેટલાય આચાર્યોની સેવાથી મારી ધાર્મિક સેવા વધી જાય એમ છે. હું મારા પોતાના હાથે લખીને આત્મપ્રશંસા કરવા નથી ઇચ્છતો, ફક્ત એટલું જ કે એ તરફથી ઉદાસીન બનીને ઘરે બેસીને ભજન કરવું જ ઉચિત માન્યું છે, આમ થતાં ઘેર બેઠા બેઠા જેટલી ઑનરરી સેવા મારાથી બની શકે તેટલી કરતો રહું છું..."

પંડિતજીનો જવાબ

"...હું જે કંઇ કરું છું તે પોતાની મેળે જ, સમય પાકતાં, બીજાઓની સામે આવી જાય છે. એના ગુણગાન કર્યા કરવા એ પોતાની જાતને અથવા પોતાના કામને વધારી મૂકવા બરાબર છે. જેઓ સાચા જિજ્ઞાસુ હોય અને સમજદાર પણ હોય તેઓ પ્રત્યક્ષ કામને સમજવું પસંદ કરે છે. જો તમે કર્મવાદમાં માનતા હો તો બીજાને દોષ આપવો નકામો. છે જો તમને યોગ્ય બદલો ન મળ્યો અથવા ઇચ્છા પ્રમાણે આદર-સત્કાર ન મળ્યો તો સમજવું જોઇએ કે ક્યાંક આપણા પોતામાં જ ખામી છે. સાચો નિરીક્ષક પોતાની ખામી જ શોધી

સંત-વચન.

અનુ—અભ્યાસી, બી. એ.

(૧)

દુઃખના દશ કારણ.

કલ્યાણપંથે ચાલનાર સાધકે નીચે લખેલ દશ વાતો પર વિચાર કરવો જોઇએ કેમ કે એ જ દુઃખનાં દશ કારણ છે.

૧. આ દેવદુર્લભ માનવશરીરને પામીને, જ્યારે આપણે સત્કર્મ કરવાને સ્વતંત્ર છીએ અને જ્યારે આપણને એ કાર્યમાં ભગવાનની શક્તિ પ્રાપ્ત થએલ છે ત્યારે જીવનનો અમૂલ્ય સમય નકામા કાર્યોમાં ગાળવો એ દુઃખનું કારણ છે.

૨. આ પરમ દુર્લભ, પરમ પવિત્ર મનુષ્ય શરીરને પામીને પણ જો આપણે સંસારમાં તેમ સંસારના ભોગોમાં લિપ્ત રહીએ, ધર્મ અને સદાચરણમાં ન લાગી જઇએ અને એ રીતે વિષયાસક્તિ તથા અધાર્મિકતામાં આપણું મૃત્યુ થઇ ગયું તો એ દુઃખનું કારણ છે.

૩. આ કળિયુગમાં માનવશરીર પહેલું અનિશ્ચિત અને ક્ષણભંગુર છે કે તેનો ક્યારે અંત આવી જશે તેની ખબર નથી. એવી સ્થિતિમાં સંસારના પ્રપંચો અને વિષયભોગોમાં સમય ગાળવો એ દુઃખનું કારણ છે.

૪. ધર્મકાર્ય માટે જ મનુષ્યને આ શરીર મળ્યું છે તેમ છતા પણ આપણું જીવન આ જગતના પ્રલોભનોનો શિકાર બની જાય તો તે દુઃખનું કારણ છે.

૫. ગુરુ જ સાધનપંથના દર્શક છે. સ્થાનની પ્રાપ્તિ થયા પહેલાં જ તેના આશ્રયનો

કાઢે છે. જૈન ધર્મ તો બીજું કશું શીખવતો નથી. તમે પોતે જ પહેલાં સંપ્રદાય અને ગચ્છનાં સીમાડામાં એટલા બધા ગોંધાયેલા હતા કે અમુક ગચ્છ કે અમુક આચાર્ય સિવાય જોતા જ ન હતા. આ સંકુચિત દૃષ્ટિનો પ્રત્યાઘાત તમારામાં થયો હોય તો નવાઇ નહીં. બીજાઓએ આદરસત્કાર ન કર્યો તો તેથી તમારું શું બગડયું ? તમને તો સ્વતંત્ર કાર્યક્ષેત્ર પસંદ કરવાનો અવસર મળ્યો. બીજાઓએ કરેલી પ્રશંસાની સરખામણીમાં શું આ લાભ ઓછો છે ? જ્યારે પણ આપણે વિવેકને વેગળો મૂકીને એલફેલ બોલીએ છીએ અથવા કંઇ પણ કરીએ છીએ તો એનો પ્રત્યાઘાત આપણા પોતામાં જ થાય છે. પણ આપણે આનો દોષ બીજાના માથે ઓઢાડીએ છીએ. આજ સામાન્ય લોકસ્થિતિ છે. મોટાઇની કે પ્રશંસાની જેટલી વધારે ચાહના એટલું જ દુઃખ અવશ્યભાવી સમજવું. ભજનનો આના સિવાય બીજો કોઇ અર્થ હોય તો તે હું નથી જાણતો. પુત્ર યોગ્ય છે તો હવે તો તમને સેવાનો વિશેષ અવસર મળ્યો છે. પૈસા ન લેવા એટલાનો જ ઑનરરીપણામાં સમાવેશ નથી થતો; બદલામાં આદર-સત્કાર કે મૂલ્યાંકનની ચાહના ન રાખવી એ જ ઑનરરીપણાનો ભાવ છે..."

("જૈન" પત્રના તા. ૧૧-૨-૪૯ ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત.)

પરિત્યાગ કરી દેવામાં આવે તો એ દુઃખનું કારણ છે.

૬. શ્રદ્ધા, વિશ્વાસ, વ્રત, સાધનાદ્વારા જ આપણે આ ભવસાગર પાર ઊતરીયે છીએ. સંસારના આકર્ષણ એ વસ્તુઓને છિન્નભિન્ન કરી દે તો તે દુઃખનું કારણ છે.

૭. ગુરુની કૃપાથી જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ જ્ઞાન પ્રાપ્ત કરીને સાંસારિક વિષયવાસનામાં એને લુંટાવી દેવું એ દુઃખનું કારણ છે.

૮. આધ્યાત્મિક તત્ત્વો પર રોજગાર ચલાવવો અને તેને વેચી વેચીને રોજી કમાવી એ દુઃખનું કારણ છે.

૯ ચર-અચર સર્વ પ્રાણિયોમાં ઇશ્વરનો નિવાસ છે-એવી સ્થિતિમાં કોઇના પ્રત્યે અસત્કાર કે તિરસ્કારનો ભાવ રાખવો એ દુઃખનું કારણ છે.

૧૦. જુવાની શરીર, મન, બુદ્ધિ અને આત્માને પુષ્ટ કરવાનો સૌથી ઉત્તમ સમય છે. તેને અપવિત્ર કાર્યોમા વિતાડવી એ દુઃખનું કારણ છે.

દુઃખના આ દશ કારણ છે

(૨)

દશ આવશ્યકતાઓ.

૧. આપણી લાયકાત અને શક્તિ જાણીને સુનિશ્ચિત કાર્યમા જોડાઇ જવાની આવશ્યકતા છે.

૨. ગુરુની આજ્ઞાના પાલનમા શ્રદ્ધા, વિશ્વાસ તથા અધ્યવસાયની આવશ્યકતા છે.

૩. ગુરુ પસંદ કરવામાં ભૂલ ન થઇ જાય એટલા માટે પોતાના ગુણદોષનું જ્ઞાન આવશ્યક છે.

૪. ગુરુના જ્ઞાનપ્રકાશને સારી રીતે ગ્રહણ કરવા માટે અંતઃપ્રજ્ઞા અને અખંડ વિશ્વાસની આવશ્યકતા છે.

૫. મન, વચન અને કર્મની પવિત્રતાને અક્ષુણ્ણ રાખવા માટે સતત સાવધાની અને અખંડ તત્પરતાની આવશ્યકતા છે.

૬. હૃદયમાં ધારણ કરેલાં પવિત્ર વ્રતને સારી રીતે નિભાવવા માટે આધ્યાત્મિક કવચ અને અભ્રાંત નિષ્ઠાની આવશ્યકતા છે.

૭. બંધનોથી મુક્ત રહેવા માટે ઇચ્છાઓના સ્વાભાવિક દમનની અને નિર્મોહી થઇને સંગદોષથી બચવાની આવશ્યકતા છે.

૮. સદાચાર અને સદ્વિચાર અને સર્વ કર્મોને-ઇશ્વરાર્પણ કરતા રહેવા માટે અનવરત સાધનાની આવશ્યકતા છે.

૯. મનમા તથા ક્રિયામાં જ્યારે પ્રેમ તથા દયાની લહેરો તરંગિત થવા લાગે ત્યારે પોતાની જાતને જનસેવાનાં કાર્યમાં જોડી દેવી જોઇએ.

૧૦. શ્રવણ, મનન, નિદિધ્યાસન દ્વારા સત્ અસત્નું એટલું જ્ઞાન થઇ જવું જોઇએ કે આપણે તે બન્નેને બરાબર સમજી લઇએ અને એકને બદલે બીજાને ગ્રહણ કરીએ નહિ.

આ છે દશ આવશ્યકતા.

(૩)

જાણવા જેવી દશ વાતો.

૧ આપણે એ જાણવું જોઇએ કે સમસ્ત દૃશ્ય પ્રપંચ અસત્ છે

૨ આપણે એ જાણવું જોઇએ કે મનની કોઇ સ્વતંત્ર અને સ્થિર સત્તા નથી.

૩ આપણે એ જાણવું જોઇએ કે ભાવોના ઉદય કારણની શૃંખલા અને તજ્જન્ય ઘાત-પ્રતિઘાતથી થાય છે.

૪ આપણે એ જાણવું જોઇએ કે આપણું શરીર પંચભૂતોના સંઘાતથી બનેલું છે તેથી જ તે વિનશ્વર છે

૫ આપણે એ જાણવું જોઇએ કે અશુભ કર્મોનું ફળ અશુભ જ હોય અને બધા દુઃખનું મૂળ પણ તે જ છે.

૬ દુઃખને લઇને જ આપણે આધ્યાત્મિક જીવનમાં જોડાયા છીએ, એટલા માટે દુઃખ જ આપણો ગુરુ છે.

૭ સંસાર અને સંસારની વસ્તુઓ સાથે આપણી આસક્તિ જેમ જેમ વધે છે તેમ તેમ આપણે આધ્યાત્મિક ઉન્નતિથી વંચિત થતા જઇએ છીએ. આપણે એ જાણવું જોઇએ કે સાંસારિક વૈભવ અને આધ્યાત્મિક વિકાસ વચ્ચે મહાન અંતર રહેલું છે.

૮ વિપત્તિમાં આપણે ઈશ્વરનો આશરો શોધીએ છીએ, આટલા માટે વિપત્તિ ગુરુ છે.

૯ સંસારની કોઇ પણ વસ્તુની સ્વતંત્ર સત્તા છે જ નહિ.

૧૦ સંસારના સઘળાં પ્રાણી અને સઘળી વસ્તુઓ પરસ્પર એક બીજા ઉપર આશ્રિત છે.

આ છે જાણવા યોગ્ય દશ વાતો

(૪)

આચરણમાં મૂકવા યોગ્ય દશ વાતો.

૧ સાધનાના પંથે ચાલીને અનુભવ તથા જ્ઞાન પ્રાપ્ત કરવાં જોઇએ. સાંભળેલી વાતોને ઝટ માની ન લેવી એમ મોટા ભાગના લોકો કહે છે.

૨ ન આપણા શરીરનો મોહ હોવો જોઇએ, ન આપણા પરિવારનો, ન આપણા દેશનો; કારણ કે અહિં તો પ્રાપ્તિનો અર્થ છે ખોવું, સર્જનનો અર્થ છે સંહાર, મિલનનો અર્થ છે વિયોગ અને જન્મનો અર્થ છે મૃત્યુ એ બધા સાથોસાથ જોડાયલા જ રહે છે.

૩. સાચા ગુરુનો આશ્રય મેળવીને આપણે મદ, મોહ, મમતા, અહંકાર સાથેનો સંબંધ તોડી નાખવો જોઇએ અને ગુરુના વચનોનું સચ્ચાઇપૂર્વક પાલન કરવું જોઇએ.

૪ શ્રવણ અને મનનદ્વારા જે કાંઈ પ્રકાશ પ્રાપ્ત થાય તેનું જરા પણ અભિમાન ન કરવું જોઇએ. ઊલટું આત્મસાક્ષાત્કારમાં જોડાઇ જવું જોઇએ.

૫. આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થયા પછી આપણે પ્રમોદ કે આલસ્યદ્વારા તેને ગુમાવવું ન જોઇએ, પરંતુ સતત જાગરૂક રહીને અનવરત અધ્યવસાયદ્વારા તે અધિકાધિક પ્રાપ્ત કરતા રહેવું જોઇએ.

૬. આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થયા પછી એકાંતમાં જઇને તેનો આનંદ લૂંટો. લોકોના વ્યર્થ કોલાહલથી બચીને ભગવાનમાં પ્રીતિ જોડો.

૭. આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરીને અને તેને માટે સર્વસ્વ અર્પણ કરીને પણ શિથિલ ન બનો. શરીર, મન તથા વાણીને પ્રમાદમાં ફસાવા ન દો, અપવિત્ર શબ્દ ન બોલો, દીનતા, પવિત્રતા અને આજ્ઞાપાલનનું જે વ્રત તમે લીધું છે તેનું દૃઢતાપૂર્વક પાલન કરો.

૮. ભગવત્પ્રાપ્તિ જ તમારા જીવનનું મહાન લક્ષ્ય છે, તેથી હવે સ્વાર્થ સીમાની બહાર નીકળો અને લોકસેવામાં જોડાઇ જાઓ.

૯. સાધનાના રહસ્યમય માર્ગે દાખલ થયા પછી પણ શરીર, વાણી તથા મનની પવિત્રતાને અક્ષુણ્ણ બનાવવાનું ધ્યાનમાં રાખો.

૧૦. યુવાવસ્થામાં એવા માણસોને ન મળો કે જેઓ તમને અધ્યાત્મના પંથે પ્રેરિત અને પ્રોત્સાહિત ન કરી શકે-ગુરુના ચરણોનો આશ્રય લઇને તપ સાધન કરતાં કરતાં જ્ઞાન ઉપાર્જન કરો.

આ છે આચરણમાં મૂકવા યોગ્ય દશ વાતો.

(૫)

આત્મકલ્યાણની દશ વાતો.

૧. જગતના વિષયસુખોથી પરાઙ્મુખ

બનીને પરમ પાવન ધર્મ પંથે ચાલવું એ જ આત્મકલ્યાણનું સરલ સાધન છે.

૨. સ્વજનો, પરિજનો અને આત્મીય બંધુઓ તથા મિત્રોથી અલગ રહીને ભગવાનની સેવા-શુશ્રૂષામાં જીવન વિતાવવું એ આત્મકલ્યાણનું મહાન સાધન છે.

૩. જગતના પ્રપંચોથી અલગ રહીને શ્રવણ, મનન અને નિદિધ્યાસનની સાધના આત્મકલ્યાણમાં પરમ સહાયક છે.

૪. સામાજિક ઉત્સવો તથા તહેવારો વખતે તટસ્થ રહીને એકાંતમાં ઇશ્વરચિંતન કરવું એ આત્મકલ્યાણનું પરમ સુંદર સાધન છે.

૫ સુખ અંગે ભોગની ઇચ્છાઓનું દમન કરીને કષ્ટ સહન કરવામાં આનંદ માનવો એ જ આત્મકલ્યાણની ચાવી છે.

૬. સરલ નિષ્કપટ જીવનવૈભવ, ઐશ્વર્યના લોભથી સર્વથા અલિપ્ત રહેવું એ આત્મકલ્યાણનું વ્યવહારિક સાધન છે

૭. બીજા પાસેથી કોઇપણ પ્રકારનો સ્વાર્થ નહિ સાધવાનો સંકલ્પ આત્મકલ્યાણની સાધનામાં ખૂબ બળ આપે છે.

૮. સંસારના ક્ષણિક સુખોની લાલસાથી મુક્ત થઈને મોક્ષના અમર સુખની ઇચ્છા કરવી એ આત્મકલ્યાણનું ઉત્તમ સાધન છે.

૯. સંસારના લલચાવનાર, ભટકાવનાર પ્રલોભનોથી વિમુખ બનીને સત્ય વસ્તુનું જ્ઞાન મેળવવું એ આત્મકલ્યાણનો મંગલમય માર્ગ છે.

૧૦. શરીર, વાણી તેમજ મનના દ્વારો બંધ કરીને તેની ઉપર સંયમ રાખવો અને તેનો સદુપયોગ કરીને સત્ય માર્ગે આગળ વધવું એ આત્મકલ્યાણનો પ્રશસ્ત માર્ગ છે.

આ છે આત્મકલ્યાણની દશ વાતો.

(૬)

દશ સર્વોત્તમ વસ્તુઓ.

૧. જેની બુદ્ધિ મંદ હોય છે તેણે પોતે અહિંતહિંની માથાકૂટમાં ન પડવું જોઇએ. એટલું જ જાણવું જરૂરતું છે કે આ જગતમાં કાર્યકારણની એક શૃંખલા ચાલી રહી છે.

૨. સાધારણ બુદ્ધિવાળા મનુષ્યે પહેલું જાણી લેવું જોઇએ કે ઘાત-પ્રતિઘાત પ્રકૃતિનો સનાતન નિયમ છે.

૩. ઉત્તમ બુદ્ધિના મનુષ્યોએ જાણી લેવું જરૂરતું છે કે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનું પૂરેપૂરું જ્ઞાન એ જ સર્વોત્તમ જ્ઞાન છે.

૪. મંદ બુદ્ધિવાળા મનુષ્ય માટે કોઇ પણ એક વસ્તુ ઉપર ચિત્ત સ્થિર કરવું એ જ સર્વોત્તમ ધ્યાન છે

૫. સાધારણ બુદ્ધિવાળા મનુષ્ય માટે સત્ અને અસત્‌નો વિવેક એ જ સર્વોત્તમ ધ્યાન છે.

૬. ઉત્તમ બુદ્ધિવાળા મનુષ્ય માટે સર્વોત્તમ ધ્યાન છે. સમતામાં સ્થિર થઇ જવું અને વિચારના પ્રવાહને રોકીને જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયની ત્રિપુટીનો એકમાં લય કરી દેવો.

૭. મંદ બુદ્ધિવાળા મનુષ્ય માટે કાર્યકારણના નિયમને માનીને ચાલવું એ જ ઉત્તમ ધાર્મિક અભ્યાસ છે.

૮. સાધારણ બુદ્ધિવાળા મનુષ્ય માટે સર્વોત્તમ ધાર્મિક અભ્યાસ એ જ છે કે તેણે સમસ્ત દૃશ્ય પ્રપંચને સ્વપ્નમાં જોયેલી ચીજ અથવા જાદુની ચીજ સમજવી જોઇએ.

૯. ઉત્તમ બુદ્ધિવાળા મનુષ્ય માટે તેણે સંસારની સમસ્ત ઇચ્છાઓ અને ક્રિયામાંથી બચી જવું એ જ સર્વોત્તમ ધાર્મિક અભ્યાસ છે.

૧૦. મંદ, સાધારણ અને ઉત્તમ બુદ્ધિવાળા મનુષ્યોએ સમાન રૂપે આધ્યાત્મિક વિકાસ એ વાતમાં સમજવો જોઇએ કે સંસારના વિષયો તરફ આકર્ષણ ક્રમે ક્રમે શિથિલ થઇ રહ્યું છે અને સ્વાર્થની માત્રા ઘટી રહી છે તથા ચિત્તનો સ્વાભાવિક પ્રવાહ અધ્યાત્મની તરફ વહી રહ્યો છે.

આ છે દશ સર્વોત્તમ વસ્તુ

સભા સમાચાર.

મુનિમહારાજ શ્રી પ્રેવર્તક શ્રી કાન્તિવિજયજી જ્ઞાનમંદિર માટે ફાયર પ્રુફ મકાનના બાંધકામની શરૂઆત અને તેના ઉપરના હૉલને "શ્રી મોહનલાલભાઇ સાહિત્ય હૉલ" નામ આપવા માટે થયેલો

નિર્ણય.

ઘણા વખતથી શ્રી જ્ઞાનમંદિરની સ્થાપના કરી જ્ઞાનભક્તિ કરવાની યોજના ગુરુકૃપાથી અને શ્રીયુત દાનવીર શેઠ મોહનલાલભાઈ તરફથી થતી ઉદારતા વડે પાર પડી છે. શેઠશ્રી મોહનલાલભાઇ ધર્મશ્રદ્ધાળુ, દાનવીર, શ્રીમંત અને આત્મકલ્યાણ માટે સમય ઓળખી અનેક ધાર્મિક ખાતાઓમાં લક્ષ્મીનો વ્યય કરે જાય છે. આ સભા તરફથી પૂજ્ય પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી જ્ઞાનમંદિરનું મકાન તૈયાર થતા તેનો મોટો સુંદર હૉલ બનાવવાનો છે, જેમાં હસ્તલિખિત છાપેલા જૈન દર્શનના અપૂર્વ વિવિધ સાહિત્ય ગ્રંથો, પ્રતો પધરાવવામાં આવશે અને તે મકાનમાં ત્રીજે માળે શેઠ "મોહનલાલભાઇ જૈન સાહિત્ય હૉલ" એ નામ કાયમ માટે આપવું અને તેઓશ્રીનો ઑઇલ પેઈન્ટીંગ ફોટો એ હૉલમાં મૂકવો એ અને સુંદર સમારોહપૂર્વક કરવામાં આવશે.

શ્રીયુત મોહનલાલભાઇને જે પી અને ઑનરરી પ્રે. મેજીસ્ટ્રેટનો ઇલ્કાબ રાષ્ટ્રીય સરકારે આપવાથી આ સભા તરફથી દાનવીર મોહનલાલભાઇને માનપત્ર આપવામાં આવ્યું હતુ જે વખતે દાનવીર, પુણ્યપ્રભાવક શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ મીલ વાળા તે મેળાવડામાં પ્રમુખસ્થાને બિરાજમાન થયા હતા, જે વખતે જ્ઞાનમંદિરમાં ત્રીજે માળે સાહિત્ય હૉલ સાથે શ્રી મોહનલાલભાઇનું નામ જોડવા અને તેમનો ફોટો મૂકવાની સૂચના કરવાથી તેમનાં મોટા ભાઇ સદ્‌ગત માનેતા શેઠશ્રી ભોગીલાલભાઇના નામના હૉલ સાથે બાજુમાં ઉત્તર દિશાએ કરવા નક્કી કર્યું. એ માટે રૂા ૫૦૦૦) પાંચ હજાર શેઠશ્રી મોહનલાલભાઇ આપશે તેમ જાહેર થયું. આ સુંદર કાર્ય કરવાની સૂચના કરવા માટે શેઠશ્રી ભોગીલાલભાઇનો પણ ખાસ આભાર માનવામાં આવે છે.

તેઓશ્રીની સૂચના મુજબ આ જ્ઞાનમંદિરના મકાનના બાંધકામની શરૂઆત સં ૨૦૦૬ ની સાલથી શરૂ થશે.

સ્વીકાર–સમાલોચના.

સિંઘી જૈન ગ્રન્થમાળા તરફથી નીચેના પુસ્તકો ભેટ મળ્યા છે, તેનો સાભાર સ્વીકાર કરીયે છીયે.

(૧) ન્યાયવતાર વાર્તિક-વૃત્તિ:—સંપાદક પંડિત શ્રી દલસુખ માલવણિયા, જૈન શાસ્ત્રાધ્યાપક હિંદુ વિશ્વવિદ્યાલય, બનારસ પ્રકાશક સિંઘી જૈન શાસ્ત્ર વિદ્યાપીઠ ભારતીય વિદ્યાભવન મુંબઇ કિં. રૂા. ૧૬-૮-૦ પૃષ્ઠ ૩૩૨ નો જૈન દર્શન-ન્યાયનો આ ગ્રંથ જેમાં આગમયુગનું જૈન દર્શન, પ્રમાણુતત્વ વાદ અને વાદવિદ્યા, વગેરે પરિશિષ્ટો આપેલા છે. જૈન દર્શનનાં ઉચ્ચ અભ્યાસીઓ માટે મનન કરવા યોગ્ય છે.

(૨) શતકત્રયાદિ-સુભાષિત સંગ્રહ–સંપાદક પ્રો. દામોદર ધર્માનંદ કોસબી કિં. રૂા ૧૨–૮–૦ પ્રકાશક સિંઘી જૈન શાસ્ત્ર વિદ્યાપીઠ ભારતીય વિદ્યા ભવન–મુંબઇ મુનિ શ્રી જિનવિજયજીએ અંગ્રેજીમાં ગ્રંથની ભૂમિકા લખી છે. ૫૮૨૪૦ નો આ ગ્રંથ છે, જેમાં મહાકવિ ભર્તૃહરિપ્રણીત નીતિ, શૃંગાર, વૈરાગ્યનાં સુભાષિત શ્લોકોનો સંગ્રહ છે. સંસ્કૃત અભ્યાસીઓને વાચન મનન કરવા યોગ્ય છે.

(૩) પઉમસિરીચરિઉ–સંપાદક સ્વ૦ શ્રી મધુસૂદન મોદી તથા પ્રા. શ્રી હરિવલ્લભ ભાયાણી પ્રકાશક સિંઘી જૈન શાસ્ત્ર વિદ્યાપીઠ ભારતીય વિદ્યાભવન–મુંબઇ કિં રૂા ૪–૧૨–૦ ભગવાનની આર્ય વર્ગની 'અપભ્રંશ' નામે ઓળખાતી જૂની ભાષા આપણા મહાન રાષ્ટ્રની પ્રસિદ્ધ ભાષા છે અને

એ અપભ્રંશ ભાષાની માતા 'પ્રાકૃત' છે ભારત વર્ષમાં પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય ભાષાના સાહિત્યનો પ્રવાહ કેટલો અવિરત ચાલ્યો આવે છે. અભ્યાસીઓને વાંચન, મનન કરવા યોગ્ય છે.

(૪) જ્ઞાનપઞ્ચમી કથા-સંપાદક અધ્યાપક ડૉ. અમૃતલાલ સ. ગોપાણી પ્રકાશક સિંધી જૈન શાસ્ત્ર શિક્ષાપીઠ ભારતીય વિદ્યાભવન મુંબઈ શ્રી મહેશ્વરસૂરિજીકૃત આ શ્રી જ્ઞાન પંચમીની કથા પ્રાકૃત ભાષામાં છે વિવેચન પ્રસ્તાવનામાં આપવામાં આવ્યું છે જૈન સમાજમાં અત્યંત ઉપયોગી છે ધર્મના અભ્યાસીઓ માટે વાંચન, મનન કરવા યોગ્ય છે, પૃષ્ઠ ૯૭ કિં. રૂા ૭-૪-૦ છે

(૫) શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈનો તેત્રીશમો વાર્ષિક રિપોર્ટ અવલોકનાર્થે મળ્યો છે આ સંસ્થા તેત્રીશ વર્ષથી મુંબઈમાં સ્થાપન થયેલ છે તેના ખંતીલા કાર્યવાહકો અને શ્રીમંત જૈન બંધુઓના સહકારથી સંસ્થા સારી ફાલીફુલી છે મુંબઈ ઉપરાંત પુનામાં વિદ્યાલયની શાખાઓ ખોલવામાં આવી છે જૈન કોમમાં ઉચ્ચ કેળવણીની આ સારામાં સારી સંસ્થા છે અને દરેક પ્રકારની સહાયને યોગ્ય છે આ સંસ્થાની વિશેષ વિશેષ પ્રગતિ ઇચ્છીયે છીયે

(૬) અંતરની ઊર્મિ:-લેખક પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર આ પુસ્તિકામાં સુંદર બોધ વચનો આપવામાં આવ્યા છે જો આ હિતશિક્ષાને સૌ કોઇ વાંચે, વિચારે, મનન કરે તો જીવનમાં અજબ પલટો થયા વિના રહે નહિં પ્રકાશક મહેતા કાંતિલાલ રાયચંદભાઈ સાણંદ નકલ દીઠ બે આનાની પોસ્ટ સ્ટાંપ મોકલનારને પ્રકાશક તરફથી ભેટ મળશે.

(૭) ગુલાબ માસિકનો-માગશર પોષનો સંયુક્ત અંક અવલોકનાર્થે મળ્યો છે સંપાદક શા. ઉમેદચંદ રાયચંદ, ગારીઆધાર (સૌરાષ્ટ્ર) વાર્ષિક લવાજમ રૂા ૩-૯-૦ ઊંચા કાગળોમાં બાળકોને ગમ્મત અને ગમી જાય તેવો છે તેમજ બાળકો અને બાલિકાઓને માટે સહેલું અને સરળ વાંચન પૂરું પાડે તેવું છે અમો તેની ઉન્નતિ ચાહિયે છીયે અને વિદ્યાર્થીઓ ઉત્સુકતાથી વાંચે તેમ ઇચ્છીયે છીયે આ માસિક જૈન બાલ સાહિત્યમાં અનોખી ભાત પાડે છે શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા ગારીઆધાર તરફથી બહાર પાડવામાં આવ્યું છે અમે તેની વિશેષ પ્રગતિ ઇચ્છીયે છીયે.

(૮) રાઈ-દેવસિ પ્રતિક્રમણ—સૂત્ર-શબ્દાર્થ-સાર્થ સરલ હિંદી ભાષામાં અનુવાદક ચન્દનમલ નાગોરી, છોટી સાદડી (મેવાડ) પૃષ્ઠસંખ્યા ૧૧૮ કિંમત રૂા ૧-૮-૦

(૯) ભગવાન મહાવીરનાં દશ ઉપાસકો —અનુવાદક અધ્યાપક બેચરદાસ દોશી ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ભગવાન મહાવીરના દશ શ્રમણોપાસકની કથાઓ છે આ શ્રમણોપાસકો પોતાના વ્રતના પાલનમાં દેવ-મનુષ્ય પશુ વગેરેએ કરેલાં વિઘ્નો સમભાવે સહન કરે છે અને ચલાયમાન થતા નથી આ કથાઓ મુમુક્ષુને મનનીય છે. પૃષ્ઠ ૧૪૨ કિંમત રૂા ૧-૮-૦ પ્રાપ્તિસ્થાન નવજીવન કાર્યાલય. અમદાવાદ અને મુંબઇ-૨

સુધારો.

શ્રી નંદીસૂત્રમલયગિરીય વૃત્તિમાં આવતા દાર્શનિક સાક્ષિપાઠોના મૂલસ્થાનો આ લેખના પૃ ૧૭૮ ની ૨૩ થીથી ૨૬ મી પંક્તિઓમાં જે 'ઉમ્બેક...ઉધ્ધૃત છે " એવો પાઠ છપાયો છે. તેના બદલે " ઉમ્બેકકે મંડનમિશ્રવિરચિત ભાવનાવિવેક નામના એક ગ્રંથ ઉપર પણ ટીકા લખી છે કે જે ભાવનાવિવેકમાંથી સમ્મતિતર્કના ટીકાકાર પૂજ્યપાદ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ संसर्गमोहितधियो विविक्त धातुगोचरात् । भावात्मान न पश्यन्ति ये तेभ्य स विविच्यते ॥१॥ આ પ્રથમ કારિકા સમ્મતિટીકામાં પૃ ૭૩૯ માં ઉધ્ધૃત કરી છે '

॥ ॐ श्री चिंतामणि पार्श्वनाथाय नमः ॥

॥ श्रीमद् विजयानंदसूरीश्वरजी पादपद्मेभ्यो नमः ॥

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરનો

પર મા વર્ષનો—

રિપોર્ટ.

(સંવત ૨૦૦૪ ના કારતક શુદ ૧ થી આશો વદિ ૩૦ સુધી.)

આ સભાના મુખ્ય સેક્રેટરીનું મનનીય નિવેદન.

માન્યવર પેટ્રન સાહેબો, પ્રમુખશ્રી અને બંધુઓ;

આ સભાના પરમા વર્ષનો રિપોર્ટ, આવક, જાવક, (હિસાબ)અને સર્વ કાર્યવાહી આપની સમક્ષ રજુ કરતાં અમોને આનંદ થાય છે.

અમારે ખુશી થવા જેવું તે છે કે સભાના કોઈપણ કાર્યને માટે મળતી મેનેજીંગ કે જનરલ કમીટીમાં રજુ થતાં કાર્યોમાં રસ પડતો હોઈ, તેમજ નવું નવું જાણવાનું મળતું હોવાથી તે તે વખતે સભાસદ બંધુઓની દરેક વખતની હાજરી પૂરતી જોવાતી હોવાથી, સભા પ્રત્યે સર્વ સભાસદોને સદ્‌ભાવ મુખ્ય કાર્યવાહકોની કર્તવ્યનિષ્ઠતા ઉપર પ્રેમ અને વિશ્વાસ સુચવે છે. વધારે આનંદનો વિષય તો એ છે કે જ્યારે જ્યારે પેટ્રન સાહેબોની કોઈપણ મીટીંગમાં (ખાસ કરીને વાર્ષિક મિટિંગમાં તો ખાસ) હાજરીની જરૂર હોય તે વખતે અમારા આમંત્રણને માન આપી દરેક વખતે દાનવીર શ્રીમાન્ શેઠ **ભોગીલાલભાઈ મગનલાલ** અને શ્રીયુત્ ખાન્તિલાલ અમરચંદ વોરા તેવે વખતે હાજરી આપી સભાના કાર્યોમાં રસ લે છે, સલાહ, સુચનાની જરૂર હોય તો આપે છે અને કાર્યવાહી જોઈ જાણી સંતોષ પામે છે અને પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

આપ સર્વને વિદિત છે કે આ સભાની સ્થાપના (ગુરૂભક્તિ નિમિત્તે) સંવત ૧૯૫૨ ના બીજા

જેઠ સુદી–૨ ના રોજ (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી શ્રી આત્મારામજી મહારાજના સ્વર્ગવાસ પછી પચીશમે દિવસે થયેલ છે. (જેનું આજે ૫૩ મું વર્ષ ચાલે છે.)

૫૨ મા વર્ષ સુધીની સઘળી કાર્યવાહી દર વર્ષે જેમ આપ જાણી શક્યા છો, તેમ જૈન સમાજની જાણ માટે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, એટલે ૫૨ મા વર્ષ (સં. ૨૦૦૪ ની સાલ)ની કાર્યવાહી–વહીવટ સંબંધી દરેક હકીકત, સભાની આવક–જાવક, ખર્ચ, સરવૈયા અને આવતા વર્ષના બજેટ સાથે આજે આપની પાસે રજુ કરીયે છીયે, જેથી તેમાં કાંઇ સુધારો વધારો કરવાની જરૂર હોય અથવા આવતાં વર્ષ માટે ભક્તિ, સેવા, આત્મકલ્યાણના નવિન અને વિશેષ કાર્યો આપ જણાવશો તો આપ સર્વના સહકારવડે જરૂર સભા હાથ ધરશે.

આપ સર્વની પાસે ગઇ સાલનો સંપૂર્ણ રીપોર્ટ રજુ કરતાં પહેલાં આ સભા દિવસાનુદિવસ પ્રગતિશીલ કેમ થતી જાય છે, તેની પ્રતિષ્ઠા અને ગૌરવની પણ વૃદ્ધિ કેમ થતી જાય છે, તે પ્રથમ જણાવવા રજા લઇયે છીયે. તેમજ ધાર્મિક સંસ્થાના સેવાના કાર્યો કે વહીવટ કેવી રીતે ચલાવવામાં આવે તો સમાજ વિશ્વાસ ધરાવી શકે ? તેમજ દેવ, ગુરુ, ધર્મની ભક્તિ બંને પ્રકારના શિક્ષણને ઉત્તેજન–સહાય, સાહિત્ય–જ્ઞાન ઉદ્ધાર તેનું પ્રકાશન, બ્હોળો પ્રચાર અને ભેટ વગેરે ભક્તિ જેવા આત્મકલ્યાણના કાર્યોમાં તન, મન અને ધનથી સમાજ સહાય કે સહકાર આપી શકે તે અમારો લાંબા વખતનો અનુભવ હોવાથી અમારા વિચારો પ્રસંગવશાત્ દર્શાવીયે તે અસ્થાને નથી, તેટલું જ નહિં પરંતુ અન્ય કોઇ સંસ્થાને આ સંસ્થાના કોઇ કાર્યનું અનુકરણ કરવું યોગ્ય લાગતું હોય તો કરી શકે, સુધારો વધારો કરી પોતાની સંસ્થાદ્વારા કલ્યાણ સાધી કર્તવ્યનિષ્ઠ થઇ શકે માટે જણાવવું યોગ્ય લાગે છે.

અત્યાર સુધીમા પ્રસિદ્ધ થયેલા પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજાઓકૃત વિવિધ સાહિત્યના મૂળ પ્રાકૃત–સંસ્કૃત અને અનુવાદના ગ્રંથો કુલ ૧૭૪) જે જે પ્રકટ થયા છે, તેમાંથી આપ સર્વે જાણીને ખુશી થશો કે મૂળ પ્રાકૃત સંસ્કૃત અને અનુવાદોના ગ્રંથો સાધુ સાધ્વી મહારાજ, જ્ઞાનભંડારો, લાઇબ્રેરીઓ અને જૈનેતર વિદ્વાનોને આ વર્ષની આખર સુધીમાં રૂા. ત્રીશ હજારના ગ્રંથો ભેટ અપાયેલા છે, જે કોઇપણ જૈન સંસ્થા કરી શકી હોય તે અમારા જાણવામાં નથી, જેથી જ્ઞાનભક્તિ, સાહિત્યનો ઉદ્ધાર બ્હોળો પ્રચાર અને પઠન–પાઠનના કાર્યને અંગે આટલી મોટી રકમની સભાએ આપેલ ભેટ તે જ્ઞાનોદ્ધાર, જ્ઞાનદાન હોઇ આપણે સર્વેને પરમ આનંદ થાય તે સ્વાભાવિક છે અને આ ક્રમ સંયોગો પ્રમાણે સભાનો ચાલુ જ રહેશે વળી અત્યાર સુધીમા થયેલા પેટ્રન સાહેબો અને લાઇફમેમ્બરો વગેરેને અપાયેલા સાહિત્ય અનુવાદના સચિત્ર સુંદર મ્હોટા ગ્રંથો હજારોની કિંમતના છે તે રકમ જુદી છે, અને તેની સંક્ષિપ્ત હકીકત આગળ ઉપર આપ જાણી શકશો. અને જેમ જેમ નવા ચરિત્ર, કથા, ઇતિહાસના અનુવાદ ગ્રંથો છપાય છે, તેમ તેમ ધારા પ્રમાણે ભેટ અપાય છે અને આપવામાં આવશે. આવી ઉદાર રીતે સભાએ ક્રમ રાખવાથી સભાની પ્રતિષ્ઠા વધી છે. ઉપર પ્રમાણે બ્હોળા પ્રમાણમાં અપાયેલ ભેટ અને સાથે સભાસદોને ઉત્તમ રીતે ભેટ આપવાનું ધોરણ રાખવાથી દરમહિને સભાસદોની વૃદ્ધિ પણ થાય છે, સમાજનો પ્રેમ પણ જોવાય છે અને સહકાર પણ મળે જાય છે.

સભાની પ્રતિષ્ઠા અને ગૌરવ વધવામાં મુખ્ય અને પ્રથમ કારણ તો ગુરુદેવની કૃપા છે, તે સાથે કાર્યવાહકોનું સંગઠ્ઠન, પ્રમાણિક અને કર્ત્તવ્યનિષ્ઠપણું, અને આત્મકલ્યાણ માટેનો જ પુરૂષાર્થ છે. દરવર્ષે સભાની કાર્યવાહીનો સંપૂર્ણ રિપોર્ટ, તેનાં આવક જાવક, ખર્ચ વગેરેનો પ્રમાણિક રીતે દરવરસે પ્રગટ કરવામાં આવે છે, તેમજ તેની સાથે આ સભાના ઉદ્દેશો પૈકી મુખ્ય ઉદ્દેશ જ્ઞાનોદ્ધાર પૂજ્ય

પૂર્વાચાર્યો મહારાજકૃત મૂળ, પ્રાકૃત, સંસ્કૃત અને તેના અનુવાદોના ગ્રંથો કે જેનાથી આત્મકલ્યાણ સાધી શકાય, આત્મિક આનંદ ઉત્પન્ન થાય અને સુસંસ્કારની વૃદ્ધિ થાય અને લાયબ્રેરી તથા ગૃહના શૃંગારરૂપ સુંદર સચિત્ર સાહિત્યના ગ્રંથોનું પ્રકાશન, પ્રચાર, ભેટ વગેરે જ્ઞાન ભક્તિનું ઉત્તમ કાર્ય નિરંતર ચાલે છે તે છે, જે કાર્યવાહકોની સેવાનું ફળ છે અને તે માટે જૈન સમાજને આ સભા માટે માન અને વિશ્વાસ છે, તેથી તેમાં પણ સહકાર મળ્યે જાય છે. વગેરે વગેરે તથા અન્ય નવિન સેવાના કાર્યો ક્રમેક્રમે હાથ ધરવાથી સભાની પ્રતિષ્ઠા, ગૌરવ સાથે સભાસદોની વૃદ્ધિ વગેરેથી તે વિશેષ પ્રગતીશીલ થતી જાય છે.

સંપૂર્ણ સલામતીવાળી સભાની આર્થિક સ્થિતિ.

આ સભા પાસે જે નાણાનું ભંડોળ છે તે સમાજ પાસેથી આવેલું હોઈ, કાર્યવાહકો તો તેના વહીવટી પ્રતિનિધિઓ હોવાથી જવાબદારી પણ છે. તેથી તેના ઉદ્દેશ પ્રમાણે અને આપનારની ઇચ્છા પ્રમાણે નિર્દોષ રીતે તેનો સદ્ઉપયોગ કરવાનો હોવાથી, સમાજનો વિશેષ વિશ્વાસ ઉત્પન્ન કરવા, તેને ટકાવી રાખવા અને તેના સંરક્ષણાર્થે અને ભવિષ્યમાં પણ ન જોખમાય, ઓછુ ન થાય, કે ન ગેર ઉપયોગ થાય માટે આ સભાના નાણાં અત્યાર સુધી સદર જામીનગીરીમાં (બેંકોમાં) રાખવામાં આવતા હતા, પરંતુ કાળપરિવર્તન અત્યારે એટલું બધું થયેલું છે કે ત્યાં કે બીજે સ્થળે સલામતીવાળી સ્થિતિ કાર્યવાહકોને નહિં લાગવાથી ચાલતા વર્તમાન કાળનો વિચાર કરી સભાની આર્થિક બાબતનું ભવિષ્યના રક્ષણ અને ભવિષ્યની સંપૂર્ણ સલામતીની ખાતર, હાલ સભાની માલેકીના જેમ બે મકાનો છે તેમ હાલમાં જે નાણા સિલિક છે તે સ્થાવર મિલકત ખરીદી તેમાં રોકવાનો વિચાર થતાં તેનાથી એક ત્રીજું મકાન રૂા. ૩૬૦૦૦) છત્રીશ હજારની કિંમતે ગયા શ્રાવણ માસમાં આ શહેરમાં મામાકોઠા રોડ જેવા જાહેર રસ્તા ઉપર ખરીદ કરેલું છે જે જાણી આપને આનંદ થશે

અત્યાર સુધી દર વર્ષે પ્રગટ થતા રીપોર્ટમાં આપવામાં આવતા સરવૈયામાં કઇ કઇ બેંકોમાં કેટલા રૂપીયા વ્યાજે છે તે પણ સ્પષ્ટ જણાવવામાં આવતું હતું, તે આપ સર્વ જાણો છો; જે જાહેર સંસ્થા માટે તેમજ હોવું જોઇએ; હવે આ નવા મકાનના ભાડાના ઉત્પન્નમાંથી બીજા ખાતાઓમાં તોટો પડતો પુરવણી થતાં તે સમતોલ થાય અને સભાસદોને ગ્રંથો ભેટ આપતાં જ્ઞાનદ્રવ્ય વગેરેનો દોષ પણ ન લાગે તે રીતે તેનો ઉપયોગ થશે તેમજ પેટ્રન, તથા લાઇફ મેમ્બરોની ફી અને મકાન નિભાવફંડ જે પ્રથમથી જ સાધારણ ખાતા છે તે પણ આપ જાણો છો. હવે પછી પણ સભા પાસે જેમ જેમ નાણાનું ભંડોળ વધતું જશે તેમ તેમ તેની ભાવિ સલામતી માટે તે સદર જામીનગીરીમાં રહેશે અને યોગ્ય વ્યવસ્થા થશે.

સારાંશ એ છે જે દરવર્ષે સભાની સર્વકાર્યવાહી, સરવૈયું વગેરે રિપોર્ટ દ્વારા પ્રસિદ્ધ થતું હોવાથી, તેમજ સુંદર સચિત્ર મહાન પુરૂષોના ચરિત્ર ગ્રંથોનું પ્રકાશન અને ભેટનો બહોળો લાભ અપાતો હોવાથી, તેમજ સભાના નાણા સદર જામીનગીરીમાં સલામતી ભરેલી રીતે સચવાતા હોવાથી તેમજ તેનો ઉદ્દેશ પ્રમાણેજ સદ્વ્યય થતો હોવાથી, જૈન સમાજ વિશ્વાસ ધરાવે છે અને સહકાર મળ્યે જાય છે, તેમજ પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થવા સાથે આપણી સભાની પ્રગતિ, પ્રતિષ્ઠા અને ગૌરવમાં પણ વધારો થતો જાય છે.

આવતા વર્ષ માટે શરૂ કરવાના ઉત્તમ કાર્યો, તૈયાર કરેલી નવી ભૂમિકા અને નવીન મનોરથો.

સભાના નાણાનું ભંડોલ જે હાલ છે, તેમજ ગુરુકૃપાથી વધે તેનું સંરક્ષણ કરવા સાથે પ્રમાણિક-પણે ભાડું કે વ્યાજ યોગ્ય રીતે કેમ વિશેષ ઉત્પન્ન થાય અને તેનાથી પૂર્વાચાર્ય પૂજ્ય પુરુષોકૃત પ્રાકૃત, સંસ્કૃત સાધુ સાધ્વી મહારાજાઓના પઠન પાઠન માટે ઉપયોગી હોય તેવું સાહિત્ય ભેટ કે સંયોગવશાત્ ઓછી કિંમતે સભા આપી શકે, તેમજ જૈન કથા, ચારિત્ર, ઇતિહાસ સાહિત્યના ગ્રંથો કે જેના પઠન પાઠનથી આત્મકલ્યાણ સાધી સધાય, સુસંસ્કાર ઉત્પન્ન થાય તેના ગુજરાતી ભાષામાં અનુવાદો કરાવી સુંદર શુદ્ધ, સરલ, સચિત્ર પ્રકટ કરી સભાના માનવંતા સભાસદોને મ્હોટી કિંમતના જ્ઞાનખાતાનો દોષ ન લાગે તે રીતે સંખ્યાબંધ ભેટ આપી શકાય અને અન્યને ઓછી કિંમતે આપવાનો પ્રબંધ થઇ શકે તે માટે કોઇ નવીન યોજના અને તેવા સુંદર સાહિત્યનું વ્હેલાસર પ્રકાશન સહેલાઇથી થઇ શકે તેવી વિચારણા કરવાની છે.

૨ સભાની સુવર્ણ જ્યુબીલી ઉજવવા માટે આ વર્ષમાં કરેલી શરૂઆત એને જલદી અમલમાં આણવા ગતિમાન કરવાનું છે.

૩ પ્રાતઃસ્મરણીય આ સભાના મહાન ઉપકારી પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજના, સ્મરણ નિમિત્તે કેળવણી ફંડ કરવામાં આવ્યું છે, તેના વ્યાજમાંથી તેમની સ્વર્ગવાસ તીથી અષાડ શુદ ૧૦ના રોજ સુવર્ણ અને રૌપ્ય મેડલ જૈન વિદ્યાર્થીને (કરેલ ધારાધોરણ પ્રમાણે) મેળાવડો કરી આપવાનું અને અને સાથે તે ઉપકારક ગુરૂના નામથી જે જ્ઞાનમંદિરની સ્થાપના કરવાની છે, તેને માટે લીધેલા મકાનનું જ્ઞાનનું રક્ષણ થાય તે રીતેનું બાંધકામ જલદી તૈયાર કરવા, સભાએ ટ્રેઝરર શેઠ અમૃતલાલ છગનલાલને સુપ્રત કરવામા આવેલ છે (ગુરુકૃપાથી તેની આર્થિક સહાય પણ મળીજ જશે) તે બંને ઉત્તમ કાર્યોની શરૂઆત અને અમલ વહેલી તકે થઇ જશે

૪. સભાની ઇચ્છા, વિચાર કે ધ્યેય નાણા વધારવા કે સગ્રહી રાખવાનો નથી, પરંતુ તેની જેમ જેમ આર્થિક સ્થિતિ વધતી જશે, તેમતેમ ધારાધોરણ પ્રમાણે દરેક ખાતાઓમાં થતા સહ વ્યય બાદ જતાં જે રકમ ફાજલ પડશે તે જરૂર પડે તો મુદ્દલ કે નિયમ પ્રમાણે તેના વ્યાજમાંથી તે જ્ઞાનખાતા કે સિરિઝના ખાતા સિવાયના જે નાણાં હશે તેનો કેળવણીને ઉત્તેજન, જૈનબંધુના રાહત માટે કે બીજી કોઇ બાબતની સભા જે વિચારણા ધારાધોરણ પ્રમાણે યોજના તૈયાર કરશે તે રીતે તે તે ખાતામાં પ્રમાણિકપણે સભા સદ્વ્યય કરશે કે જેનાથી સભાની પ્રગતિ, ગૌરવ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય.

મનોરથો, આશા અને પ્રાર્થના.

ઉપર પ્રમાણે આવતા વર્ષે કરવાના કાર્યોની ભૂમિકા આપને જણાવી છે–સભાનો ખર્ચ જેમ વધતો જાય જાય છે, તેમ તેની સાથે પ્રગતિ, પ્રતિષ્ઠા અને સભાની કાર્યવાહી પ્રત્યે સંતોષ અને સમાજ પ્રિયતા વધતી જાય છે. જૈન બંધુઓ અને વ્હેનો વગર લખ્યે સભ્યો થઇ, સહાયક થઇ સભાની પ્રગતિમાં ફાળો આપ્યે જાય છે. છેવટે સભા ભાવિમાં વિશેષ પૂર્વાચાર્યો કૃત ઉત્તમોત્તમ સાહિત્ય પ્રકટ કરી, વિશેષ ઉદારભાવે ભેટ કે સસ્તું આપી જ્ઞાનદાન, પ્રચાર અને જ્ઞાનભક્તિ કરે તેમજ તે સાથેઃ—

(૧) પ્રથમ ધાર્મિક કેળવણી (૨) વ્યવહારિક (સ્કુલ) કેળવણી અને (૩) ઔદ્યોગિક કેળવણી

વગેરે જૈન બાળકો વિશેષ લેતા કેમ થાય તે માટે સ્કોલરશીપ, બુક્સ કે લોન સીસ્ટમે આગળ વધવામાં સહાય જરૂરીયાત પ્રમાણે આપી શકાય તેને માટે:—

શ્રી લાઇબ્રેરીનો લાભ વધારે સરળતા પૂર્વક જૈન-જૈનેતર પ્રજા વિશેષ લઇ શકે અને આપણા જૈન બંધુઓ કે જે કોઇ પણ પ્રકારની રાહતની જરૂરીયાતવાળા હોય તેને પુરતી કે વિશેષ પ્રકારે રાહત સભા કેમ આપી શકે, અને ઉપરાંત દેવ, ગુરુ, ધર્મની વિશેષ પ્રકારે સભા ભક્તિ કરી શકે અને નવા ચિંતવેલા સર્વ મનોરથ જલદી પૂર્ણ પામે એ સર્વે માટે પરમાત્માની પ્રાર્થના કરી આ નિવેદન પૂર્ણ કરવામાં આવે છે.

આ વર્ષની ચાલુ કાર્યવાહી.

૧ ઉદ્દેશ—જૈન બંધુઓ અને બ્હેનો ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, બંને પ્રકારની કેળવણીની વૃદ્ધિ માટે સ્કોલરશીપ વગેરેથી યથાશક્તિ સહાય કરવા, પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજો કૃત મૂળ-પ્રાકૃત-સંસ્કૃત ઉચ્ચ કક્ષાના વિવિધ સાહિત્યના પ્રકાશનો અને ઇતિહાસ, જીવન ચરિત્ર અને કથા સાહિત્યના મૂળના સુંદર સચિત્ર શુદ્ધ અને સરલ અનુવાદો ગુજરાતી ભાષામાં કરાવી પ્રકટ કરી બ્હોળો પ્રચાર અને બને તેટલી ઉદારતાથી ભેટ આપવા, વિવિધ સાહિત્યના હસ્તલિખીત પ્રતો અને ઉપયોગી પ્રકાશનોનો સંગ્રહ કરી એક જ્ઞાનમંદિર કરી, જ્ઞાનભક્તિ કરવા, ફ્રી લાઇબ્રેરી (પુસ્તકાલય)વડે મફત વાચન પુરૂં પાડવા, અને પુણ્ય પ્રભાવક, દાનવીર, વગેરે જૈન બંધુઓનો યોગ્ય સત્કાર કરવા અને સાથેજ દેવગુરૂ તીર્થની પૂજા, યાત્રા ભક્તિ કરી આત્મકલ્યાણ કરવાનો છે.

બંધારણ:—૧ પેટ્રન સાહેબો, (૨-૩) પહેલા બીજા વર્ગના લાઇફમેમ્બરો અને (૪) વાર્ષિક સભાસદો મળી ચાર પ્રકારે છે આ વર્ષ આખરે કુલ (૬૧૩) નીચે પ્રમાણે છે

*સં. ૨૦૦૪ ની સાલ સુધીમાં થયેલા ૩૬ પેટ્રન સાહેબોની નામાવલી.

૧ શેઠ સાહેબ ચંદુભાઈ સારાભાઇ મોદી બી એ.	૧૨ શેઠ સાહેબ મોહનલાલ તારાચંદ જે પી.
૨ રાવસાહેબ શેઠ શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ જે પી.	૧૩ શેઠ સાહેબ જાદવજી નરશીદાસ
	૧૪ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઇ	૧૫ ,, ચંદુલાલ ટી. શાહ જે પી.
૪ ,, રતિલાલ વાડીલાલ	૧૬ ,, રમણિકલાલ નાનચંદ
૫ ,, માણેકલાલ ચુનીલાલ જે પી.	૧૭ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૬ ,, કાન્તિલાલ બકોરદાસ	૧૮ ,, શ્રી હરીચંદ પુરૂષોત્તમદાસ
૭ રાવબહાદુર શેઠ શ્રી નાનજીભાઇ લધાભાઈ	૧૯ ,, વોરા ખાંતિલાલ અમરચંદભાઈ
૮ શેઠ સાહેબ ભોગીલાલભાઇ મગનલાલ	૨૦ રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી
૯ ,, શ્રી રતિલાલ વર્ધમાન	૨૧ ,, શ્રી અમૃતલાલ કાળીદાસ
૧૦ ,, પદમશીભાઇ પ્રેમજી	૨૨ શેઠ સાહેબ ખુશાલદાસ ખેંગારભાઈ
૧૧ ,, રમણીકભાઈ ભોગીલાલ	૨૩ ,, શ્રી કાન્તિલાલ જેશીંગલાલ

* સં. ૨૦૦૫ની સાલમાં પેટ્રન સાહેબોની થયેલી વૃદ્ધિ આવતા વર્ષના રિપોર્ટમાં આપવામાં આવશે.

૨૪ શેઠ સાહેબ	શ્રીબબલદાસકેશવલાલમોદી	૩૧ શેઠ સાહેબ	સારાભાઈ હઠીસીંગ
૨૫ ,,	શ્રી ચંદ્રકાન્તભાઈ ઉજમશી	૩૨ ,,	રમણલાલ દલસુખભાઈ
૨૬ ,,	શ્રી પુંજાભાઈ દીપચંદ	૩૩ ,,	કેશવલાલ વજેચંદ
૨૭ ,,	શ્રી લક્ષ્મીચંદ દુર્લભદાસ	૩૪ ,,	જમનાદાસ મોતીભાઈ ઝવેરી
૨૮ ,,	શ્રી કેશવલાલ લલ્લુભાઇ	૩૫ ,,	વીરચંદ પાનાચંદ
૨૯ શાહ ઓધવજી ધનજીભાઇ સોલીસીટર		૩૬ ,,	હીરાલાલ અમૃતલાલ
૩૦ શેઠ મણિલાલ વનમાલીદાસ બી એ.			

આ સભાની ઉત્તમ અને પ્રમાણિક કાર્યવાહીની નોંધ વહીવટ વગેરે દર વર્ષે રીપોર્ટ દ્વારા પ્રકટ થતું જાણી, જૈન શ્રીમંત અને વિદ્વાન બંધુઓ, ધર્મવીરો, જૈન નરરત્નો, પ્રતિષ્ઠિત પુણ્યપ્રભાવક પુરૂષો આ સભાનું માનવંતુ પેટ્રનપદ હોંશે હોંશે સ્વીકારે છે, તેઓશ્રીને આગલા ગુજરાતી અનુવાદોના ગ્રંથો સિલિકમાં હોય તે ભેટ અપાય છે અને પ્રકટ થતાં નવા સાહિત્યના ગ્રંથો પણ ભેટ અપાય છે

જૈન બ્હેનો પણ આ સભામાં સભાસદ થઇ શકે તેવો પ્રબંધ પ્રથમથીજ કરેલો હોવાથી જૈન બ્હેનો પણ સભ્યો થયેલ છે, થાય છે. પરંતુ વિશેષ ખુશી થવા જેવું તો એ છે કે કેટલીક બ્હેનોએ વગર લખે, માંગણી કરે અને વિશેષ ગ્રેજ્યુએટ બ્હેનો પણ આ સભામાં સભાસદ થયેલ છે તે પણ સભાનો ગૌરવનો વિષય છે વળી નવા નવા પુણ્યપ્રભાવક, દાનવીર, શ્રીમંત જૈન બંધુઓ આ સભાનું પેટ્રન પદ સ્વીકારી પોતાનો આનંદ વ્યક્ત કરે છે તેમજ નવા નવા લાઇફ મેમ્બરોની પણ દર માસે વૃદ્ધિ થતી જાય છે અને સિવાય બહાર ગામની જૈન બ્હેનો, બંધુઓ સિવાય સંઘો, સંસ્થાઓ, બોર્ડીંગો, લાયબ્રેરીઓ, ભંડારો વગેરેની સભ્યો તરીકેની દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે

આ વર્ષની આખર સુધીમાં ૩૬ પેટ્રનો, ૪૧૬ પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો, ૧૦૭ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૬ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો (ત્રીજો વર્ગ કમી થયેલ છે) અને ૨૨ વાર્ષિક સભ્યો મળી કુલ મળી ૬૧૭, સભાસદો છે તે પછી નવા સભાસદોના નામો દાખલ થયેલા આવતા વર્ષના રીપોર્ટમાં જણાવવામાં આવશે, (પરંતુ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં દર મહિને નામો આપવામા આવે છે તે આપ સર્વને સુવિદિત છે)

જ્ઞાનમંદિર—સભાના ઉદ્દેશ પ્રમાણે જ્ઞાનમંદિર માટે લીધેલ મકાનને ફાયર પ્રુફ (જ્ઞાનનું રક્ષણ થાય તે રીતે તૈયાર કરવાની યોજના શરૂ છે સભા પાસે હસ્ત લિખિત તથા છાપેલી વિવિધ સાહિત્ય આગમો વગેરેની પ્રતો કુલ ૨૭૬૨ ની સંખ્યા છે. પ્રાતઃસ્મરણીય પ્રવર્ત્તક જી શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીનો આ સભા ઉપર મહદ્ ઉપકાર છે, જેથી તેઓશ્રીના સ્મરણાર્થે તે મહા પુરૂષનું નામ જોડવાનો સભાએ ઠરાવ કરેલો છે, ગુરુ કૃપાથી આવતા વર્ષમાં તે ઉત્તમકાર્યની ઘણે ભાગે શરૂઆત થશે.

સભાનું સાહિત્ય પ્રકાશન પ્રચાર અને ઉદારતાપૂર્વકનું ભેટ ખાતુ—શુમારે સાઠત્રીશ વર્ષથી પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજકૃત આગમો, તત્ત્વજ્ઞાન, ગણીત નાટકો, કાવ્યો, ચરિત્રો અને ઇતિહાસિક, વગેરે મૂળ પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા અને શ્રી આત્માનંદ શતાબ્દિ સિરિઝ (જે બંને પ્રકાશન ખાતાઓ સભાને વહીવટ કરવા સુપ્રત થયેલા છે) ના (મૂળ ગ્રંથો) આ વર્ષની આખર સુધીમાં કુલ ૯૨) તથા શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા (જેમાં જૈન બંધુઓના નામથી સિરિઝ ગ્રંથમાળા પ્રકટ થાય છે તેનો સમાવેશ થાય છે તેમાંથી પૂર્વાચાર્ય મહારાજની મૂળ કૃતિના

ઐતિહાસિક કથા, સાહિત્યના ગ્રંથોના અનુવાદો કરાવી તીર્થંકર ભગવંતો, સત્યવાળી નરરત્નો, આદર્શ જૈન સ્ત્રી રત્નો અને સતી ચરિત્રો ગુજરાતી ભાષામાં આ વર્ષની આખર સુધીમાં ૮૩)મળી કુલ ૧૭૪ ગ્રંથો આ સભા તરફથી પ્રકટ થયેલા છે. એ તમામ ગ્રંથો સાધુ સાધ્વી મહારાજને જ્ઞાન ભંડારો, જૈનેતર વિદ્વાનો, દર્શન શાસ્ત્રીઓ, સંસ્થાઓ વગેરેને હજારોની કિંમતના ગ્રંથો વિના મૂલ્ય ભેટ આપ્યા તે પ્રથમ જણાવેલ છે સિવાયના અનુવાદના ગુજરાતી ભાષામાં છપાયેલા તે (શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા અને જૈન બંધુઓના નામે અંકીત થયેલ સિરિઝના ગ્રંથો) આ સભાના પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરો જે ભેટ અત્યાર સુધીમાં અપાયેલા છે અને અપાય છે, તે પણ હજારો રૂપીયાની સંખ્યામાં છે. દાખલા તરીકે માત્ર આજ વર્ષમાં જ શ્રી વસુદેવ હિંડી રૂ. ૧૨ાા તથા શ્રી શાંતિનાથ પ્રભુ સચિત્ર ચરિત્ર રૂ. ૭ાા એ બે ગ્રંથોની કિંમત રૂા વીશ થાય છે તે બે ગ્રંથો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલ છે, તેની કુલ કિંમત રૂ. ૧૦૦૦૦) દશ હજાર રૂપીયા થાય છે આ માત્ર આ સાલની હકીકત છે; તો આગલા વર્ષોમાં ભેટ અપાયેલ ગ્રંથોની કિંમત કેટલી મ્હોટી થાય, તે વાચક સ્વયં સમજી શકે તેવું છે. આવો ભેટની બુકનો લાભ સભાસદોને કોઇ સંસ્થા આપતું હોય તે પણ અમારી જાણમાં નથી, આવા સુંદર ગ્રંથોનો ભેટના લાભથી તેના પઠન-પાઠનથી જેમ જેવા આત્મકલ્યાણ સધાય છે, તેમ વ્યવહાર અને આ વ્યાપારીદૃષ્ટિએ પણ ઘણો મ્હોટો સુંદર લાભ મળે છે, તેથી જ દર વર્ષે દર માસે નવા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થાય છે, વળી આ સભાના ઉપરોક્ત બંને પ્રકારના સાહિત્ય પ્રકાશનો માટે પૂજ્ય સાધુ, સાધ્વી મહારાજો, જૈનજૈનેતર વિદ્વાનો, સાક્ષરો, સાહિત્યકારો, પેપરકારોના પ્રશંસાના અભિપ્રાયો, સમાલોચના વગેરે આવવાથી તેમજ જે જે દાનવીર જૈન બંધુઓ અને બ્હેનો તરફથી ગ્રંથમાળા પ્રગટ થાય છે તેમણે પણ સંતોષ અને આનંદ વ્યક્ત કરવા સભાને પ્રશંસાના પત્રો લખેલા છે, તેથી સભાની પ્રતિષ્ઠા વધવા સાથે સમાજનો પ્રસંગે પ્રસંગે સહકાર મળ્યે જાય છે.

છપાતાં સાહિત્યના અનુવાદોના નવા ગ્રંથો.

(કે જે છપાઈ જતાં ક્રમે ક્રમે અમારા માનવંતા સભાસદોને આવતા વર્ષમાં અને પછી ભેટ આપવાના છે.)

આવતા વર્ષમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુચરિત્ર, સુંદર સચિત્ર શુમારે પાંચશે પાના ઉપરનો ગ્રંથ ઘણો જ આકર્ષક અને વાચકને આત્મિક આનંદ ઉત્પન્ન થાય તેવો છે, જેની કિંમત શુમારે તેર અને પંદર થશે તેનું બાઇન્ડીંગ થાય છે. તે ધ્યેલા અને હાલમાં આપેલી મુદત સુધીમાં થનારા સભાસદોને ધારા પ્રમાણે ભેટ મળશે તે સિવાય—છપાતાં શ્રી દમયંતીચરિત્ર, શ્રી શ્રેયાંસનાથપ્રભુચરિત્ર જે સુંદર સચિત્ર સાથે મ્હોટા ગ્રંથો તેમજ શ્રી કથારત્નકોષ ગ્રંથ (સમ્યક્ત્વ ગુણો વિગેરેનું સુંદર વિવેચન અને તેના ઉપર ૫૦ કથાઓ આપેલી છે, જે લગભગ પાંચશે પાના ઉપર થશે. તે તેમજ શ્રી જ્ઞાનપ્રદીપ બીજો ભાગ, જેમાં આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરિ મહારાજના વિદ્વતા ભરેલા સામાજિક નૈતિક, ધાર્મિક સર્વમાન્ય સર્વ ઉપયોગી લેખોનો સંગ્રહ તથા આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ ૨ બીજો એ પાંચ ગ્રંથો ગુજરાતી ભાષામાં છપાય છે તે ક્રમે ક્રમે સભાસદોને ભેટ મળશે

મૂળ પ્રાકૃત સંસ્કૃત ગ્રંથો—બૃહત કલ્પ છઠ્ઠો ભાગ જેની માત્ર પ્રસ્તાવના બાકી છે, તેમજ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષચરિત્ર પર્વ ૨ થી ૭ સુધીના છપાઇ તૈયાર થવા આવેલ છે, તેમજ **શ્રી દ્વાદશાર નયચક્રસાર** (ન્યાયનો મુખ્ય ઉચ્ચ કોટીનો ગ્રંથ)ની પ્રેસ કોપી તૈયાર થઈ ગયેલ છે તેનું સંશોધન કાર્ય તથા તેની વિશેષ સમજ માટે સાદ્યંત વાળા જૈન આગમો તથા જૈનેતર અન્યાન્ય ગ્રંથોનું દોહન કરી વિદ્વદ્વર્ય સાક્ષર (આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય) શ્રી જમ્બુવિજયજી મહારાજના તે માટેના વિદ્વત્તાભરેલા લેખો શ્રી આત્માનંદ પ્રકાશમાં આવે છે તે હવે પછી છાપવા માટે પ્રેસમાં મુકવામાં આવશે.

ઉપરોક્ત વર્તમાનકાલીન પ્રકાશન માટેનું વિવેચન કર્યા બાદ હવે આવા સુંદર ગ્રંથોના પ્રકાશન માટે ખાસ આભાર પૂર્ણ હકીકત જણાવવા રજા લઇયે છીયે.

જૈન સમાજમાં વિદ્વાન, સાક્ષરોત્તમ અને સાહિત્યકાર તરીકે પ્રશંસાપાત્ર થયેલા આપણા ગુરૂદેવ **શ્રીમાન્ પુણ્યવિજયજી મહારાજ** કે જેમની અપૂર્વ કૃપા આ સભા ઉપર હોવાથી સભાના મૂલ પ્રાકૃત, સંસ્કૃત, ગ્રંથોનું સાહિત્ય જે સભા તરફથી પ્રકાશન થાય છે, તેમાં સંશોધન કાર્ય એટલું બધું સત્ય અને સુંદર કરી સભાને સુપ્રત કરે છે કે જેથી આ સભા તેઓશ્રીની આભારી હોવા સાથે જૈન સમાજ ઉપર પણ તે પ્રકાશન થતાં જેવો તેવો ઉપકાર નથી. સેંકડો વર્ષ પછી પણ તે ગુરૂદેવને યાદ કરશે અને તે શાહિત્ય ગ્રંથો જવાબ આપશે. હાલ પાટણ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાંના આગમો-પંચાંગી સાથેનું સંશોધનનું મહદ્કાર્ય પૂજ્ય ગુરૂશ્રી પુણ્યવિજયજી મહારાજને ત્યાંના શ્રીસંઘે વિનંતિ સાથે સોંપ્યું છે, તે પણ ભવિષ્યમાં જવાબ આપશે. આટલું ભગીરથ કાર્ય હાથમાં હોવા છતાં આ સભા મહારાજશ્રીના રૂણને ભૂલતી નથી. કારણકે નવા નવા તત્ત્વજ્ઞાન, ચરિત્ર, ન્યાયના સાહિત્ય ગ્રંથો એક પછી એક સંશોધન કરી સભાને કૃપાની રાહે સુપ્રત કરે છે. અનુવાદના ગ્રંથોમાં પણ સભા તેમની આજ્ઞાધિન સલાહ લે છે, તેથી જ સભાની પ્રગતિ અને પ્રતિષ્ઠામાં વિશેષ વૃદ્ધિ થતી જાય છે. તેઓ સાહેબના દાદા ગુરુ શાંતમૂર્તિ શ્રી પ્રવર્ત્તકજી **શ્રી કાન્તિવિજયજી મહારાજ** અને તેઓ સાહેબના પૂજ્ય વિદ્વાન સુશિષ્ય **શ્રી ચતુરવિજયજી મહારાજની** કૃપા આ સભા ઉપર પ્રથમથીજ હતી. સાહિત્ય સંશોધક અને પ્રકાશનની શરૂઆત પણ તેઓશ્રી કૃપાવડેજ ઘણા વર્ષોથી શરૂ થયેલ છે, છતાં પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ વંશપરંપરાગત ગુરુભક્તિ અને સાહિત્ય સેવાનો વારસો લઇ રહ્યા છે. સભા નિરંતરને માટે તેઓશ્રીનો જેટલો આભાર માને તેટલો ઓછો છે.

આચાર્યદેવ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની હાલ વૃદ્ધાવસ્થા થયેલ હોવા છતાં કૃપાદૃષ્ટિ સભા ઉપર ચાલુ છે.

આ સર્વ પ્રકાશનો માટે પૂજ્ય મુનિમહારાજો, જૈન જૈનેતર વિદ્વાનો, સાક્ષરો અને સાહિત્યકારો, પરદેશી દર્શન શાસ્ત્રના અભ્યાસીઓ મુલાકાત લઇ, તપાસી આનંદ વ્યક્ત કર્યો છે

શ્રી આત્મારામજી જૈન લાઇબ્રેરીનાં પુસ્તકો.

વર્ગ ૧ લો	જૈનધર્મના પુસ્તકો	૨૮૮૩	કિંમત રૂા. ૪૨૦૨-૧૧-૦
વર્ગ ૧ લો અ	,, પ્રતો	૭૩૧	,, ૧૨૩૫-૬-૦
વર્ગ ૨ જો	છાપેલ આગમો	૩૦૦	,, ૧૧૪૩-૧૦-૦

વર્ગ ૩ જો	શ્રી ભક્તિવિજયજીનો ભંડાર	૧૩૨૫		
	શ્રી લબ્ધિવિજયજી ,,	૨૧૦		
	સભાની પ્રતો ,,	૨૦૧		
વર્ગ ૪ થો	સંસ્કૃત	૪૭૬	,,	૧૫૨૭–૧૨–૦
વર્ગ ૫ મો	નોવેલ	૩૩૦૯	,,	૪૯૨૫–૭–૬
આ વર્ગમાં જીર્ણ પુસ્તકો કાઢી નાખી નવું લીસ્ટ કર્યું છે.				
વર્ગ ૬ ઠ્ઠો	અંગ્રેજી	૨૨૦	,,	૬૩૪–૧૪–૦
વર્ગ ૭ મો	માસિક ફાઈલ	૪૯૬	,,	૧૨૧૪–૮–૦
વર્ગ ૮ મો	હિન્દી	૩૨૬	,,	૬૬૪–૦–૦
વર્ગ ૯ મો	બાલવિભાગ	૨૭૭	,,	૧૪૦–૧૪–૦
	કુલ	૧૦૭૪૯	રૂા.	૧૬૦૫૯–૨–૬

ગઈ સાલ પુસ્તક ૧૧૧૦૫ રૂા. ૧૬૮૩૯–૨–૦ ના હતા, તેમાંથી જીર્ણ પુસ્તકો કમી થતાં અને નવા વધતા પુ. ૧૦૭૪૯ રૂા. ૧૬૦૫૯–૨–૬ કિંમતના છે.

શ્રી આત્માનંદ પ્રકાશઃ—ઉંતાલીશ વર્ષથી પ્રગટ થાય છે. તેની અગ્યારસોંહ ઉપરાંત કોપી છપાય છે. લડાઈ દરમ્યાન અને પછી વધતી-જતી છાપખાનાની તમામ પ્રકારની સખ્ત મોંઘવારીને લઈને એક માસિકના બાર અંકના શુમારે ત્રણ રૂપીયા ખર્ચ આવતો, વાર્ષિક લવાજમ વધારેલ નહિ હોવાથી, તેમજ તે માટે ફંડ ઉઘરાણું સમાજ પાસે કરેલ નહિ હોવાથી શુમારે એક અંકના બાર માસના રૂા. ૧–૪–૦ નો તોટો પડતો, છતાં તે મોંઘવારીની પહેલા ૩૮ વર્ષ દરમ્યાન તેટલું જ લવાજમ માસિકનું હતું, તેમાં સહજ નફો રહેતો જેથી હાલનો આવકનો હિસાબ ગણી હાલમાં માસિક ખાતે થતી મોટી ખોટની મુંઝવણનો ઉકેલ કરવા આત્માનંદ પ્રકાશ મોંઘવારી થતા સુધી માત્ર પડત કિંમત રૂા. ૩–૦–૦ હાલ રાખવામાં આવી છે.

મળેલા ફંડો—આ સભાએ સભાસદો વગેરેવડે કરેલું પ્રાતઃસ્મરણીય શ્રી કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડ (જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવવાની છે) તેના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેઓ સાહેબની સ્વર્ગવાસ તીથી અષાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો કરી મેટ્રીકની પરિક્ષામાં પ્રથમ નંબરે પાસ થાય તેને સુવર્ણપદક સભા તરફથી તેમજ બીજે નંબરે પાસ થાય તેને રોપ્યપદક શેઠ દેવચંદ દામજીના તરફથી આવેલી રકમના વ્યાજમાંથી આ વર્ષથી આપવાનો ઠરાવ કરવામાં આવેલો છે તેનો અમલ થશે. અને શ્રી મૂળચંદભાઈ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડના વ્યાજમાંથી તેમજ સભાના પોતાના તરફથી બંને પ્રકારની કેળવણીની ઉત્તેજન અર્થે, તેમજ તે સાથે સ્કોલરશીપો, બુકો, જૈન વિદ્યાર્થીઓને દરવર્ષે આપવામાં આવે છે, તેમજ તે સિવાય રૂા. ૨૦) શ્રી વૃદ્ધિચંદજી સામાયકશાળાને અને રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાને ધાર્મિક શિક્ષણના ઉત્તેજનાર્થે દર વર્ષે અપાય છે. અને વહીવટ પણ સભા કરે છે.

જૈન બંધુઓ માટેનું રાહત ફંડ—શ્રી બોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટેના રાહત ફંડ તથા રાષ્ટ્રીય દિન રાહત ફંડના વ્યાજમાંથી તથા સભાના પોતાના તરફથી જરૂરીઆતવાળા જૈન બંધુઓને રાહત અપાય છે.

મહોત્સવો—આ સભાની વર્ષગાંઠ (જન્મદિન મહોત્સવ) પ્રથમ સંયોગવશાત જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવતી હતી અને સભાસદોનું-સ્વામીવાત્સલ્ય થતું હતું, પરંતુ સભાનું સ્થાપન જેઠ શુદ ૨ના રોજ થયેલું હોવાથી હવે પછી જેઠ શુદ ૨ના રોજ શ્રી તળાજા તીર્થે સભાનો જન્મદિન/મહોત્સવ ઉજવવાનો ઠરાવ થતાં અને વોરા હઠીસીંગભાઈ ઝવેરચંદે તે માટે આપેલી રકમ હોવાથી તેમના ધર્મપત્ની હેમકોરબ્હેનની સમંતિથી આ વર્ષથી શ્રી તાલધ્વજ-ગિરિ આ૰ સભાનો જન્મદિન મહોત્સવ ઉજવ્યો હતો. અને દરવર્ષે આ રીતે બે તીર્થોએ તીર્થયાત્રાનો અને દેવગુરૂભક્તિનો લાભ સભાને પ્રાપ્ત થતાં સભાસદોને તે રીતે આત્મકલ્યાણમાં વૃદ્ધિ થઈ છે.

આનંદ મેળાપ—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ શેઠ શ્રી ગુલાબચંદ આણંદજીએ આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દુધપાર્ટી અપાય છે, અને મેમ્બરો તરફથી પ્રથમ જ્ઞાનપૂજન પણ થાય છે. **જ્ઞાનપૂજન-કારતક શુદ પાંચમાના રોજ જ્ઞાન પધરાવી પૂજન કરી ભક્તિ કરવામાં આવે છે.**

દેવભક્તિ અને ગુરૂજયંતિઓ—પ્રાત:સ્મરણીય શ્રી આત્મારામજી મહારાજની જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી શ્રી ગુરૂદેવની જયંતિ દર વર્ષે સભાસદો શ્રી પવિત્ર શત્રુંજય તીર્થે જઇ, વિવિધ પૂજા ભણાવી તથા શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પુંડરીકજી તથા ગુરૂશ્રીની આંગી રચવા સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષે ત્યાં કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભક્તિદિન છે આ ગુરૂભક્તિના ઉત્તમ કાર્ય માટે ગુરૂભક્ત ઉદારદીલ શેઠ સકરચંદભાઈ મોતીલાલ મુળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે.

દર વર્ષે માગશર વદિ ૬ ના રોજ પ્રાત:સ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજની તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાંતમૂર્તિ પરમકૃપાળુ **શ્રી વિજયકમલસૂરીશ્વરજી** મહારાજની જયંતિઓ માટે થયેલા ફંડોના વ્યાજમાથી ઉપરોક્ત રીતે દેવગુરૂભક્તિ વગેરેથી અત્રે જયંતિ ઉજવાય છે. આ સભાનું ધન્ય ભાગ્ય છે કે ગુરૂભક્તિના આવા પ્રસંગો સાંપડ્યા છે.

ઉપરોક્ત કાર્યવાહી જોઇ, જાણી સભાના કોઇપણ કાર્યમાં:—જ્ઞાનોદ્ધાર-સાહિત્ય પ્રકાશન, પ્રચાર, ગુરૂભક્તિ,-કેળવણી ઉત્તેજન તેવા અન્ય સઘળા કાર્યોમાં આર્થિક સહાય આપનાર તેમજ આ સભાના થયેલા અને થતાં સર્વ સભાસદ બંધુઓ પણ આવા આત્મ કલ્યાણ સાધવાના ઉત્તમ કાર્યોના ભાગીદાર બને છે.

મીટિંગોનો અહેવાલ.

(સં. ૨૦૦૪)

મેનેજીંગ કમિટી-પહેલી:—૧. કારતક વદી ૨ રવિવાર તા. ૩૦-૧૧-૪૭.

(૧) શ્રી ઉપયોગી સાહિત્યની સીરીઝ માટે ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦) રૂા. બે હજાર પાંચસો લેવા અને સીરીઝવાળાનું નામ, ફોટો અને તેમના જીવનવૃત્તાંત સંક્ષિપ્તમાં આપવું.

(૨) પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી સ્મારક ફંડને " શ્રી આત્મકાન્તિ કેળવણી ફંડ " નામ આપેલ છે તે કાયમ રાખવું અને તેનાં વ્યાજમાંથી ભાવનગર રાજ્યનો વતની હોય અને ભાવનગર રાજ્યમાં આવેલી કોઇપણ હાઇસ્કુલમાંથી મેટ્રીકની યુનિવર્સીટીની પરીક્ષામાં શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીનીમાંથી જે પહેલે નંબરે પાસ થાય તેને ' સુવર્ણપદક ' અને બીજે નંબરે પાસ થાય તેને શ્રી દેવચંદભાઇ દામજી કેળવણી ફંડના (રૂ. ૭૦૦) નાં વ્યાજમાંથી ' રૌપ્ય પદક ' મહારાજ સાહેબની સ્વર્ગવાસ તીથી અસાડ શુદી ૧૦ ના રોજ દર વર્ષે મેળાવડો કરી આપવો. અને તેને માટે ખર્ચ, રૂા. ૨૦) સુધી સગવડે કરવો તેમ ઠરાવ્યું.

મેનેજીંગ કમિટી-બીજી. ૨. માગસર સુદી ૧ શનીવાર તા. ૧૩-૧૨-૪૭.

(૧) સં. ૨૦૦૩ સાલનું સરવૈયું પસાર કરવામાં આવ્યું અને સં. ૨૦૦૪ નું બજેટ મંજુર કરવામાં આવ્યું.

(૨) શ્રી આત્મારામજી મહારાજની જન્મ શતાબ્દિ પાલીતાણે ચૈત્ર સુદી ૧ના રોજ ઉજવાય છે ત્યાં જે સવારે ભાતું અપાય છે તે રકમમાં જન્મ શતાબ્દિ ભાવનગર ફંડની રકમ વ્યાજ સહિત ઉમેરી દેવી.

(૩) લાઇબ્રેરીનાં ધારા ધોરણ માટે લાઇબ્રેરીયન શ્રી સવાઇલાલની ગેરહાજરીથી મુલતવી.

જનરલ મીટીંગ ૧. સં. ૨૦૦૪ માગસર સુદી ૧૩ તા. ૨૫-૧૨-૪૭.

(૧) સં. ૨૦૦૩ નું સરવૈયું, રીપોર્ટ અને સંપૂર્ણ કાર્યવાહી રજુ કરવામાં આવી અને આવતી સાલનું બજેટ પસાર કરવામાં આવ્યું અને તે (૨) છપાવવાની મંજુરી આપવામાં આવી.

(૩) સભાની રોકડ રકમનુ વધુ વ્યાજ ઉપજાવવા ૭ સભ્યોની એક કમીટી નીમવામાં આવી.

(૪) સુવર્ણ મહોત્સવ ઉજવવા માટે ફરી દશ સભ્યોની કમીટી નીમવામાં આવી અને તેની યોજના ફરી તૈયાર કરવી, તેમજ આ વર્ષે ઉજવવા માટે રૂા. ૫૦૦૦) અને પ્રાથમિક તૈયારી માટે પણ ખર્ચની મંજુરી આપવામાં આવી.

(૫) સભાની આર્થિક સ્થિતિ વધતાં હવે પછી બની શકે તે રીતે જૈન સમાજના સેવાના બીજા કોઇ કાર્ય માટે વ્યાજ વાપરવા નિર્ણય કરવામાં આવ્યો.

(૬) લાયબ્રેરી સંબંધી પ્રમુખશ્રીએ એક પત્ર રજુ કર્યો તે સંબંધી વિચાર કરવા મેનેજીંગ કમીટી બોલાવવા નિર્ણય કરવામાં આવ્યો.

મેનેજીંગ કમિટી-ત્રીજી. ૩. માગસર વદી ૩ મંગળવાર તા. ૩૦-૧૨-૪૭.

(૧) માગસર વદી ૬ શ્રી પૂજ્ય મૂળચંદજી મહારાજની જયંતી તળાજા તીર્થે ઉજવવા માટે ઠરાવ અગાઉ કર્યો હતો, પણ કેટલીક અગવડતાથી તે જયન્તિ ભાવનગરમાં ઉજવવી એમ નિર્ણય કરવામાં આવ્યો.

(૨) જેઠ સુદી ૨ સભાની સ્થાપનાનો દિવસ છે, પરંતુ કેટલાક કારણોથી તે વખતે જેઠ સુદી ૭

ઠરાવેલી પરંતુ જે દિવસ સ્થાપનાનો છે તે દિવસ ઉજવાય તો વધારે ઠીક કહેવાય તે બાબત હવે પછી જનરલ મીટીંગમાં મૂકવી તેમ ઠરાવ્યું.

મેનેજીંગ કમિટી ચોથી ૪. માહ સુદી ૪ શનીવાર તા. ૧૪-૨-૪૮.

(૧) ભાવનગર રાજ્યમાં પ્રજાના નવા નિમાયેલા પ્રધાનોનો સત્કાર કરવા નિર્ણય કરવામાં આવ્યો.

(૨) ભાવનગર દરબાર બેંકમાં ત્રણ નામે શેઠ ગુલાબચંદ આણંદજી, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ અને શેઠ અમૃતલાલ છગનલાલના નામે રૂપિયા ફીક્સમાં મૂકવા ઠરાવ્યું અને ત્રણ પૈકી બેની સહીથી મળી શકે તેમ ઠરાવ કરવામાં આવ્યો.

(૩) ભાવનગર ટ્રેઝરી બોન્ડ રૂ. ૨૦૦૦૦) વીસ હજારના છે, તે પણ ત્રણ નામે કરી આપવા અરજી કરવી.

મેનેજીંગ કમિટી પાંચમી ૫. માહ વદી ૫ રવીવાર તા. ૨૯-૨-૪૮.

(૧) બીજા વર્ગના લાઇફ મેમ્બરો રૂ. ૫૦) ભરી જો પ્રથમ વર્ગના લાઇફમેમ્બર ફાગણ વદી ૩૦ સુધીમાં થાય તો ભેટના અપાતા પુસ્તકો ફરી આપવા એમ છેલ્લી મુદત ઠરાવવામાં આવી.

(૨) શેઠશ્રી જીવતલાલભાઇ સરતું સાહિત્ય આ સભા મારફત પ્રકટ કરાવવા ઇચ્છે છે, તેવો ઉપપ્રમુખ ફતેહચંદભાઇનો પત્ર વાંચવામાં આવ્યો અને તે વાતને સભાએ મંજુર રાખી અને નીચેના ગૃહસ્થોની એક કમિટી નીમવામાં આવી.

૧ શેઠશ્રી રમણીકલાલભાઇ ભોગીલાલભાઇ
૨ શેઠશ્રી ખાંતિલાલ અમરચંદભાઇ વોરા
૩ પ્રો. સા. ખીમચંદભાઈ ચાંપસી શાહ M. A.
૪ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ
૫ શાહ ફત્તેહચંદ ઝવેરભાઇ
૬ શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ B. A.
૭ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
૮ શેઠ હરીલાલ દેવચંદભાઇ

(મેમ્બરો વધારવાની સત્તા સાથે.)

જનરલ કમિટી ૨. વૈશાખ વદી ૮ સોમવાર તા. ૩૧-૫-૪૮.

સભાનું સ્થાપન જેઠ સુદ ૨ ના રોજ થયેલ છે જેથી સંયોગવશાત્ જેઠ સુદ ૭ના રોજ વર્ષગાંઠ અહિં ઉજવાતી હતી, હવે તેને બદલે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના ધર્મપત્ની હેમકોર બ્હેન મંજુર કરે તો હવે પછી દર વર્ષે જેઠ સુદ ૨ ના રોજ પવિત્ર શ્રી તાલધ્વજગિરિ દેવ-ગુરુ ભક્તિ કરી ત્યાં ઉજવવી અને જેઠ સુદ ૮ ના રોજ (ગુરુદેવની સ્વર્ગવાસ તીથી હોવાથી) સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવી.

મેનેજીંગ કમિટી છઠ્ઠી ૬. જેઠ વદી ૧૧ શનીવાર તા. ૨-૭-૪૮.

(૧) પ્રો. સા. ખીમચંદભાઇ મુંબઇ ગયા ત્યારે તેઓ તથા ફતેહચંદભાઇ શેઠ જીવતલાલભાઇ પ્રતાપસીને મળ્યા હતા અને તેમની સાથે જૈન સસ્તા સાહિત્યની યોજના સંબંધી જે વાતચીત થઇ હતી તે ટુંકમાં પ્રોફેસર ખીમચંદભાઇએ સભાને જાહેર કરી.

(૨) ટેન્ડુલકર કમિટી સમક્ષ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ વગેરેએ દેવદ્રવ્યની ધાર્મિક મીલ્કત સંરક્ષણ માટે આપેલ જુબાની માટે અભિનંદન પત્ર લખવા ઠરાવ કરવામાં આવ્યો.

મેનેજીંગ કમિટી સાતમી ૭. અસાડ વદી ૪ રવીવાર તા. ૨૫-૭-૪૮.

(૧) હાલમાં બેંકમાં જે રકમ ફીકસ તથા સેવીંગમાં રહે છે તેની સ્થાવર મીલ્કત ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો.

(૨) સેન્ટ્રલ બેંકમાં, ખાતુ ખોલવા માટે નિર્ણય કરવામાં આવ્યો.

મેનેજીંગ કમિટી આઠમી ૮. શ્રાવણ સુદી ૭ બુધવાર તા. ૧૧-૮-૪૮.

(૧) સભા તરફથી મામા કોઠા રોડ ઉપરનું એક મકાન રૂા. ૩૪૨૫૧) માં ખરીદ કર્યું છે તે હકીકત જાહેર કરવામાં આવતા મંજુર કરવામાં આવી અને તે માટે નાણાની વ્યવસ્થા કરવામાં આવી.

જનરલ કમિટી ૩. ભાદરવા સુદી ૧૩ શુક્રવાર તા. ૧૭-૯-૪૮.

(૧) શ્રી ફતેહચંદભાઇ આ સભાના ઉપપ્રમુખ થયા પછી પ્રથમ વાર અત્રે આવતા તેમનો સત્કાર કરવામાં આવ્યો.

(૨) સભામાં જુદા જુદા ખાતામાં રકમો વધતી જતી હોવાથી ભાવિ સલામતીની ખાતર રૂા. ૩૪૨૫૦) થી મામાના કોઠા રોડ ઉપર એક ચાર માળનુ મકાન ખરીદ કરવામાં આવ્યું અને તેનું ભાડુ પણ સારું આવશે, જે હકીકત રજુ કરતાં મંજુર રાખવામાં આવ્યું અને તે મકાનનું શ્રી આત્માનંદપુણ્યભવન નામ આપવું અને તેનું નામાભિધાન હવે પછી કરવુ તેના થતાં ખર્ચની મંજુરી આપવામાં આવી.

(૩) પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરના રૂપીયાનું વાર્ષિક ચાર રૂપીયા વ્યાજ આવે છે અને એટલી બુકો વધારે કિંમતની અપાય છે, જેથી હવે પછી દાન ખાતાનો દોષ આપનાર લેનારને ન લાગે તે માટે હવે પછી વિચાર કરવા મુલ્તવી રાખી અને તે માટે વિચાર કરી નિર્ણય કરવા ઠરાવ્યું.

મેનેજીંગ કમિટી નવમી ૯. આસો સુદી ૧૧ બુધવાર તા. ૧૩-૧૦-૪૮.

(૧) શેઠ જીવતલાલભાઇવાળી સસ્તા સાહિત્ય પ્રકાશનની યોજના સંબંધી નક્કી કરવા નીમેલી સબ કમીટીનો પત્ર વ્યવહાર તથા તા. ૨૦-૯-૪૮ નો સભાએ શેઠ જીવતલાલભાઇ પર લખેલો પત્ર તથા તા. ૧૮-૧૦-૪૮ નો તેઓશ્રીનો સૂચનાવાળો મીયુત ફતેહચંદભાઇનો પત્ર વિગેરે કમીટી પાસે રજુ કરવામાં આવ્યાં, તે સંબંધે તમામ પત્રવ્યવહાર કરવા માટે પ્રો. ખીમચંદભાઇ શાહ તથા શ્રીયુત વિઠ્ઠલદાસ મૂળચંદ શાહને સત્તા આપવામાં આવી.

ઉપર પ્રમાણે સં. ૨૦૦૪ ની સાલનો સંપૂર્ણ કાર્યવાહી સાથેનો રિપોર્ટ આપની સમક્ષ રજુ કર્યો છે, અમો કાર્યવાહકોની કદાચ કોઇપણ સ્થળે ત્રુટી પણ હોય તો દરગુજર કરશો અને અમોને જણાવશો જેથી અમો કાર્યવાહકો અથવા સભા તેમાં યોગ્ય સુધારા વધારા જરૂર કરશું.

આભાર—આ વર્ષમાં સભાના ચાલતા કોઈ પણ કાર્યમાં આર્થિક સહાય આપનાર બંધુઓ તેમજ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો, સહકાર વગેરે આપનાર મુનિ મહારાજાઓ તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે. આ સભાના અનેક ઉત્તમ ભાવિ મનોરથો ગુરુકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરીયે છીયે.

સં. ૨૦૦૪ ની સાલનું સરવૈયું

જ		ઉ	
૧૪૭૩૨ા૮	શ્રી જ્ઞાન સંબંધી ખાતાઓ પુસ્તકો છપાવવા સિરીઝ સંસ્કૃત વગેરે	૧૭૧૨૮ા	શ્રી જ્ઞાન ખાતે લેણા ઉપરોક્ત લાઈબ્રેરી વીગેરે
૩૪૯૫૧)	શ્રી ગુજરાતી સીરીઝ	૨૮૮૧૯ા≈	જ્ઞાન સંબંધી ખાતા છપાતા પુસ્તકો વેચાણના પુસ્તકો છપાવવાના કાગળ
૩૨૧૪)ના	છાપખાનાના દેવા	૭૨૬૬ા૮	છાપખાના તથા બુકસેલરોના ખાતા
૬૮૪૭૨ાા	સાધારણ મેમ્બર થી પેટ્રન-લાઇફ મેમ્બર વીગેરે	૬૯ાાા	સાધારણ ખર્ચ ખાતા
૫૦૦૦)	શેઠ ભોગીલાલ લેક્ચર હોલ	૬૯૮૩૦)≈	મકાન ખાતા
૧૭૫)	ભાડુતના ખાતા		૨૮૨૪૨) આત્માનંદ ભવન
૨૧૪૮૬ાા	જયન્તી તથા ફંડો		૪૬૧૧) ઉપાશ્રય મકાન
૫૫૪૭ા≈	સરાફી દેવું		૩૬૯૭૭)≈ આત્માનંદ પુણ્ય ભવન
			૬૯૮૩૦)≈
૧૭ાા	મેમ્બરોના ખાતા	૩૦૧૮૦ા≈	સરાફી ખાતા તથા બોન્ડ તથા બેન્કો
૧૧ાા≈ાા	ઉબળેક ખાતાના	૭૬)	મેમ્બરોના ખાતા
૩૦૫)	લાયબ્રેરીના ડીપોઝીટ	૫૮૩ાા≈ાા	ઉબળેક ખાતાઓ
		૨૨૮ાા≈ાા	પુરાંત સં. ૨૦૦૪નો આસો વદી ૦))
	૧૫૪૧૮૨)≈		૧૫૪૧૮૨)≈

કિંમત લેઝર પેપરની રૂા. ૧૫-૮-૦ તથા ગ્લેઝ પેપરની રૂા. ૧૩-૦-૦ પોસ્ટેજ જુદું. ભાવનગરના **લાઇફ મેમ્બર બંધુઓએ સભાએથી જેઠ વદી ૩૦ સુધીમાં લઈ જવા નમ્ર સુચના છે.**

બીજા વર્ગના લાઇફ મેમ્બરો જો જેઠ માસની આખર સુધીમાં બીજા પચાસ રૂપીઆ ભરી આપશે તો આ વર્ષની ભેટ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ભેટ આપવામાં આવશે અને નહિ તો બે રૂપીયા ધારા પ્રમાણે કમી કરી આ ચરિત્ર બાકીની કિંમતે આપવામા આવશે

આ ભેટનો ગ્રંથ ચૈત્ર સુદ ૨ સુધી પ્રથમ વર્ગના નવા થનાર લાઇફ મેમ્બરોને આપવાનું હતું પણ સભાની વર્ષગાંઠ જેઠ સુદ ૨ છે, તેની ખુશાલીમા સભાએ ઠરાવ્યું છે કે જેઠ વદી ૩૦ સુધીમાં રૂા. ૧૦૧) ભરી નવા થનાર લાઈફ મેમ્બરને પણ આ ભેટની બુકનો લાભ આપવામાં આવશે.

આ સભામાં નવા સભાસદોની થતી જતી વૃદ્ધિ અને છપાતાં ગ્રંથોની ભેટનો લાભ લેવા વગેરે નમ્ર સુચના—

આ સભા તરફથી દર વર્ષે કાર્યવાહી સરવૈયુ સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થતો હોવાથી, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફમેમ્બરોને આત્મકલ્યાણના સાધન (અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ માટે) કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતીમાતાઓ અને સત્વશાળી પુરુષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે ભેટ અપાતા હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફમેમ્બરોની ક્રમેક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે કારણ કે આવા અપૂર્વ સુંદર ગ્રંથોનો લાભ માત્ર આ સભા જ આપી શકે છે નવા થનારા સભાસદોને નીચે આપવામાં આવેલ છપાતા ગ્રંથો ભેટ મળી શકશે.

સ્થિતિ સંપન્ન, શ્રદ્ધાળુ અને જૈનબંધુઓ અને બ્હેનોને પેટ્રન કે લાઇફમેમ્બર થઇ આત્મકલ્યાણ સાથે દેવ, ગુરૂ, જ્ઞાનભક્તિ અને આવો ભેટનો અવશ્ય લાભ વેલાસર લેવા જેવું છે,

---

અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો.

(અનુવાદ ગ્રંથો.)

૧ શ્રી દમયંતી ચરિત્ર સચિત્ર, ૨ શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો, ૪ કથા રત્ન કોષ ૫ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર (સચિત્ર)

યોજનામાં—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)

સુધારો

ગયા માસના આત્માનંદ પ્રકાશના અંકમા લાઇફમેમ્બરોના જે નામો આપ્યા છે તેમાં શાહ ગુલાબચંદ નાનચંદ ને બદલે " શાહ નાનચંદ ગુલાબચંદ " વાંચવું.

Reg. No B 314

૩ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. (છપાય છે.)

શ્રી માણિક્યદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ

પૂર્વના પુણ્યયોગ અને શીયળના માહાત્મ્ય વડે શ્રી દમયંતીમાં અસાધારણ હતું તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે જતા માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજનીતિ, વનનિવાસના વર્ણનો, આવતા સુખ દુઃખો વખતે ધૈર્ય, શાંતિ અને અનુભવ મેળવવાના ભાવ ગીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબળના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે

અમારું નવું પ્રકાશન.

શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ (મૂળ ટીકા સાથે)

તાર્કિક શિરોમણિ, નયવાદપારગતવાદિપ્રભાવક **આચાર્યશ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણે એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાળ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન-અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢાર હજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજીના** વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી જંબૂવિજયજી મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સૂચના છે જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે

દેવસી-રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી-રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક-શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે કિંમત માત્ર રૂા. ૦-૧૦-૦ દશ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

卐 卐 卐

પુસ્તક ૪૬ મું | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૫

અંક ૧૦ મો. | તા. ૧-૬-૪૯ | વૈશાખ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

૧૨૭૦

પ્રકાશક—

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

અ નુ ક્ર મ ણિ કા.

૧	શ્રી સિદ્ધગિરિ તીર્થાધિરાજ સ્તવનમ્	(મુનિમહારાજશ્રી સુશીલવિજયજી મહારાજ)	૨૦૫
૨	શ્રી મંત્રાધિરાજ અષ્ટક	(મુનિશ્રી દેવેન્દ્રસાગરજી (શ્રી શિષ્ય))	૨૦૬
૩	અરોગતા અને આરોગ્યતા	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)	૨૦૭
૪	દ્વાત્રિંશિકા—બત્રીશ બત્રીશીઓ	(આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ)	૨૧૧
૫	ધ્યાન અને ચિત્તની ત્રણ અવસ્થા	(મુનિશ્રી પુણ્યવિજયજી મ પા)	૨૧૩
૬	ધર્મ કૌશલ્ય	(મૌક્તિક)	૨૧૫
૭	સ્યાદ્વાદ મંજરી	બ્યા કા તીર્થ મુનિ પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)	૨૧૭
૮	આરૂશીવા રમણીરત્નો...	(શ્રી મોહનલાલ દીપચંદ)	૨૧૯
૯	એકાન્તનો મહિમા	(અનુ—અભ્યાસી બી એ)	૨૨૩
૧૦	માનવજીવન મહાવ્રત છે	(નાથજી)	૨૨૫
૧૧	ભગવાન મહાવીરનોજ ધર્મ વિશ્વરક્ષા કરી શકશે	(કાકા કાલેલકર)	૨૨૭
૧૨	સભા સમાચાર	(સભા)	ટા પા ૩
૧૩	એ તો ! અલખ નિરંજન બોલો	(ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી)	ટા. પા. ૩

આ માસમાં થયેલા પેટ્રન સાહેબ તથા આજીવન સભાસદો.

૧	શેઠશ્રી પાનાચંદ લલ્લુભાઇ		પેટ્રન સાહેબ
૨	,, છોટાલાલ સુખલાલ	(૧)	લાઇફ મેમ્બર
૩	ગાંધી રતિલાલ પાનાચંદ ખેમચંદ	(૧)	,,
૪	ઝવેરી સૌભાગ્યચંદ હેમચંદ	(૧)	,,
૫	શાહ બાબુલાલ વીરચંદ	(૧)	,,

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટનો અપૂર્વ લાભ અને નમ્ર સૂચના.

શ્રેયસ્કર, વિઘ્નહર શ્રી પાર્શ્વનાથ ભગવંતનુ શ્રી પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજ શ્રી દેવભદ્રાચાર્યકૃત વિસ્તાર પૂર્વકનુ ચરિત્ર કે જે અગ્યાર હજાર શ્લોક પ્રમાણ છે, તેનો સુંદર અનુવાદ (ગુજરાતી ભાષામાં) શુદ્ધ અને સરલ અનેક ત્રિરંગી સુંદર ચિત્રો સહિત, ઊંચા કાગળ ઉપર, સુંદર ગુજરાતી અક્ષરોથી છપાવી સુશોભિત પાકા બાઇડીંગથી અલંકૃત કરેલો સુમારે છસોહ પાનાનો આ દળદાર ગ્રંથ છે અને તેના બાઇંડીંગ ઉપરના કવરજેકેટ ઉપર સુંદર વર્ણ રસીનગરીના આધુનિક બે રંગથી તૈયાર કરેલો બ્લુ (કુદરતી દેખાવ) સાથે છપાઇ તૈયાર થઇ ગયેલ છે, જે વૈશાખ સુદી ૩ અક્ષય તૃતીયાના માંગલિક દિવસથી અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ મોકલવાનું કાર્ય શરૂ છે બહારગામના સભાસદોને પોસ્ટ દ્વારા અગાઉથી ખબર આપવામા આવેલ છે જેથી સ્વીકારી લેવા નમ્ર સૂચના છે.

ટા પા. ૪

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

શેઠશ્રી પાનાચંદ લલ્લુભાઈ—ભાવનગર.
(મુરકાવાળા)

શ્રી 'મહોદય પ્રેસ—ભાવનગર.

શ્રેષ્ઠીવર્ય શ્રી પાનાચંદ લલ્લુભાઈનો
જીવન-પરિચય.

ગોહિલવાડ (સૌરાષ્ટ્રદેશ) ના પાટનગર ભાવનગર તાબે સુરકા ગામમાં વીશાશ્રીમાલી જૈન વણિક જ્ઞાતિના શેઠ કાળા ગગલના ખાનદાન કુટુંબમાં શ્રી પાનાચંદભાઈ સં. ૧૯૫૨ ના ધનતેરસ તહેવારના દિવસે જન્મ્યા હતા. બાલવયમાં અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કરી વંશપરંપરાથી ચાલ્યો આવતો રૂ, કપાસનો વ્યાપાર અઢાર વર્ષની ઉંમરે શરૂ કરી, સં. ૧૯૭૫ સુધી તે ધંધામાં કુશલતા પ્રાપ્ત કરી અને તેમનાં લઘુ બંધુ તલકચંદને ત્યાંથી છુટા કરી સં. ૧૯૮૦ ની સાલ બેંગલોર અને મદ્રાસ મોકલી, ચાલતી ધી કાઠીયાવાડ સાઈકલ મોટર કુંપનીના વ્યાપારની ભાગીદારીમાં જોડ્યા. પૂર્વનાં પુણ્યયોગે વ્યાપાર અને આર્થિક સ્થિતિ વધતી ચાલી; ત્યાં પાંચવર્ષ તે કુંપનીમાં તે ધંધાની કુશલતા પ્રાપ્ત કરી સં. ૧૯૮૪ ની સાલ પૉપ્યુલર સાઈકલ મોટર કુંપનીમાં સંયુક્ત કુટુંબ સાથે જોડાયા અને તે કુંપનીમાં પણ પ્રગતિ સાધી સં. ૨૦૦૪ ની સાલમાં ઉપરોક્ત નામની કુંપનીની પેઢી પોતાની સ્વતંત્ર કરી લઘુ બંધુ તલકચંદને ત્યાં રાખી શ્રીયુત પાનાચંદભાઈ નિવૃત્ત થતા અહિં ભાવનગરમાં સ્થાયી રહ્યા ધાર્મિક સંસ્કાર પુણ્ય સાથે જન્મથી મળેલા હોવાથી શ્રી દેવગુરૂ ધર્મની ભક્તિ કરવા સાથે સ્કોલરશીપ, ગરીબના રાહત માટે યથાશક્તિ દાન કરતાં જીવન વિતાવે છે.

આવા એક કુશલ વ્યાપારી, શ્રીમંત, ધર્મશ્રદ્ધાળુ બંધુ આ સભાના માનવંતા પેટ્રન થયા છે જે આનંદનો વિષય છે. તેઓશ્રી દિર્ઘાયુ થઇ આર્થિક, આધ્યાત્મિક અને શારીરિક સંપત્તિ વિશેષ વિશેષ મેળવે તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૫.	વૈશાખ	પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૫.	:: તા. ૧ લી જુન ૧૯૪૯ ::	અંક ૧૦ મો

શ્રી સિદ્ધગિરિ તીર્થાધિરાજ સ્તવનમ્.

[લાખ લાખ દીવડાની આરતી ઉતારજો......એ રાગમાં.]

વહેલા વહેલા સિદ્ધગિરિદર્શને પધારજો,
જિનચૈત્યો સુંદર સોહાય...
આદિદેવ દરબાર સોહામણો ૧

સોના-રૂપા ફૂલડાથી ગિરિ વધાવજો,
નિજ લક્ષ્મીનો લહાવો લેવાય—
ભલે ! નિજ લક્ષ્મીનો લહાવો લેવાય...
આદિદેવ દરબાર સોહામણો. ૨

કાંકરે કાંકરે એ ગિરિરાજના,
અનંતા મુનિઓ મેવા એ મુકિતના;
પા મ્યા ક ર્મો ને ભ ગા ય—
એ તો પામ્યા કર્મોને ભગાય...
આદિદેવ દરબાર સોહામણો. ૩

ગાજો ગાજો ગીત ગિરિનાં ગવરાવજો,
પૂજી પૂજી પ્રેમે કર્મો ઉડાવજો;
સુ શી લ મુ ક્તિ પ મા ય,
જેથી સુશીલ મુકિત પમાય...
આદિદેવ દરબાર સોહામણો. ૪

રચયિતા—મુનિરાજ શ્રી સુશીલવિજયજી મહારાજ.

શ્રી મંત્રાધિરાજ અષ્ટક.

(વસંતતિલકા)

જેનો મહાન મહિમા સઘળે ગવાય,
પુણ્યોદયે જન ભજે સહુ કષ્ટ જાય,
શ્રી કલ્પવૃક્ષ સમ વાચ્છિત પૂર્ણકામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. (૧)

શ્રી શ્વેતવર્ણ અરિહંત, સુરક્ત સિદ્ધ,
આચાર્ય પીત, શુભ વાચક નીલ બુદ્ધ,
શ્યામાંગ દિવ્ય મુનિજી અતિ પુણ્યનામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. (૨)

સમ્યક્ત્વ-ભાવમય દર્શન જ્ઞાન આપે,
ચારિત્ર જ્ઞાનબળથી ભવિ દુઃખ કાપે,
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિ પામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ (૩)

ચક્રેશ્વરી વિમલ દેવ કરે સહાય,
પુણ્યે કૃપામય સુદૃષ્ટિ કદી પમાય,
સર્વોચ્ચ પંચ પરમેષ્ઠીતણું જ કામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ (૪)

સંગ્રામ, સાગર, જલે, વિપિને મુંઝાય,
આપત્તિ, સિંહ અહિ વ્યાઘ્રતણી જણાય,
ત્યાં દિવ્ય મંત્ર નવકાર અખૂટ કામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ (૫)

દારિદ્રય, રોગ જનના સહુ કષ્ટ ટાળે,
સંપત્તિ, પુત્ર, વનિતા, સુખ માર્ગ વાળે,
એવો મહાન નવકાર સુહર્ષ-ધામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ (૬)

શ્રીપાલ રાણી મદના, ધરણેન્દ્ર આદિ,
પલ્લીપતિ, અમર, કંબલ, શંબલાદિ;
પામ્યા બધા રટણથી શુચિ દિવ્ય ઠામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. (૭)

એવો મહાન શુચિ મંત્ર મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે;
દેવેન્દ્ર, કિન્નર રટે સુખ અષ્ટ યામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. (૮)

રચયિતા—મુનિ શ્રી દેવેન્દ્રસાગરજી (શ્રીદિવ્ય)

અરોગતા અને આરોગ્યતા.

(લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ)

રોગને બધાય ઓળખે. એકલા માનવી જ ઓળખે છે એમ નથી પણ જગતના પ્રાણીમાત્ર ઓળખે છે. સંસારવાસીઓને રોગના પરિચયમાં આવવું જ પડે છે, કારણ કે જ્યાં સુધી આત્મા દેહનો આશ્રિત રહે છે ત્યાં સુધી તેની જીવ દશા હોવાથી તે રોગોથી છૂટી શકતો નથી. રોગ એટલે એક પ્રકારની વિકૃતિ અને તે જડનો ધર્મ છે, પણ આત્મ ધર્મ નથી તોયે રોગનો આત્મામાં ઉપચાર કરાય છે, અર્થાત જડમાં થવાવાળા વિકારોનો આત્મામાં આરોપ કરવામાં આવે છે. પૌદ્‌ગલિક-જડ વસ્તુમાત્ર પૂરાવું-ગળવું, મળવા-વિછડવારૂપ વિકૃત સ્વભાવવાળી જ છે તેથી તે નિરંતર તે પ્રમાણે વર્તે જ છે છતાં તે જડ વસ્તુના વિકારોને રોગ કહેવામાં આવતો નથી પણ આત્માની સાથે જોડાઇને કર્મસ્વરૂપમાં પરિણમવાવાળા પુદ્‌ગલોનો આત્મામાં આરોપ કરીને તેને રોગી કહેવામાં આવે છે. ખાસ કરીને સજીવ દેહમા દેખાતી અનેક પ્રકારની વિકૃતિઓ રોગના નામથી ઓળખાય છે, નિર્જીવ બનેલા દેહમાં વિવિધ પ્રકારની વિકૃતિઓ સ્પષ્ટપણે જણાવા છતાં પણ તે રોગ તરીકે ઓળખાતી નથી. આ માણસનું શરીર રોગી છે અથવા તો રોગી માણસ છે એમ જીવતા માણસને કહેવામાં આવે છે તેમ મરી ગયા પછી જ્યારે શરીરમાં કીડા પડે કે સડી જાય ત્યારે એમ નથી કહેવાતું કે આ માણસને અમુક પ્રકારનો રોગ થયો છે, પણ આ શરીર કોહી ગયું છે, કીડા પડયા છે એમ કહેવાય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે-જડ જાતિના દેહથી ભિન્ન સ્વરૂપવાળા આત્માની વિકૃતિસ્વરૂપ પ્રકૃતિ નથી પણ તે પૌદ્‌ગલિક સ્કંધરૂપ જડ વસ્તુઓની પ્રકૃતિ છે કે જે અનેક પ્રકારના વિકૃત ભાવોમાં સંસારમાં દૃષ્ટિગોચર થઇ રહી છે. એક એવો નિયમ છે કે-રૂપી અજીવ સ્વરૂપથી વિકારભાવમાં પરિણમી શકે પણ અરૂપી અજીવ અને જીવ સ્વરૂપથી અવિકારી હોય છે છતાં રૂપી અજીવ-જડના સંસર્ગથી પર રૂપે વિકારી કહેવાનો વ્યવહાર છે જે વસ્તુ અરૂપી અને અખંડ હોય છે તેમાં વિકૃતિ હોતી નથી, કારણ કે અખંડ વસ્તુનો એક પ્રદેશ તે સર્વ પ્રદેશસ્વરૂપ છે અને સર્વ પ્રદેશ તે એક પ્રદેશસ્વરૂપ છે. જડના સ્કંધોમાં તેમ નથી. અનેક પરમાણુના સ્કંધમા પ્રત્યેક પરમાણુ ભિન્ન ભિન્ન ભાવમાં પરિણમી શકે છે એટલે સ્કંધના એક પ્રદેશનો પરિણામ તે બધાય પ્રદેશના પરિણામસ્વરૂપ હોતો નથી તેમજ બધાય પ્રદેશો એક પ્રદેશના પરિણામ સદૃશ હોતા નથી, માટે તે ભિન્ન ભિન્ન પ્રદેશોના ભિન્ન ભિન્ન પરિણામ હોવાથી વિકૃત પરિણામી સ્કંધ કહેવાય છે. એક વસ્તુના અંશોમાં ભિન્ન ભિન્ન પરિણતિયોનો સમુદાય તે વિકૃતિ અને અનેક પ્રદેશવાળી વસ્તુના પ્રત્યેક પ્રદેશમાં સદૃશ પરિણમન તે પ્રકૃતિ. આ સદૃશ પરિણામ અખંડ અરૂપી વસ્તુઓમાં મળી આવે છે. વિસદૃશ પરિણામવાળી ભિન્ન વસ્તુ હોઇ શકે પણ અખંડ વસ્તુમાં સમકાળે વિસદૃશતા હોઇ શકે નહિં

રોગ બે પ્રકારના હોય છેઃ-એક દ્રવ્યરોગ અને બીજો ભાવરોગ. આ બંને પ્રકારના રોગો-

માંથી ભાવરોગ કારણ છે અને દ્રવ્યરોગ કાર્ય છે. દ્રવ્યરોગ દેહમા સ્પષ્ટ જોઇ શકાય છે-જાણી શકાય છે તેથી તેને અલ્પજ્ઞ સામાન્ય માણસો પણ ઓળખી શકે છે પણ ભાવરોગને તો સમ્યગ્જ્ઞાની પુરુષો જ જાણી શકે છે અને તેમના કહેવાથી તેમના વચનો ઉપર શ્રદ્ધા રાખનાર અણુજાણુ માણસો પણ જાણી શકે છે. જ્યાં સુધી દેહમાં જીવનને અનુકૂળ આહારનિહારાદિ ક્રિયા નિયમિતપણે થયા કરતી હોય ત્યાં સુધી માનવી પોતાને નીરોગી માને છે અને દેહમાં થવાવાળી જીવનઘાતક ક્રિયાને રોગી માને છે આ જીવનઘાતક ક્રિયારૂપ વિકૃતિનો અનુભવ મનુષ્યમાત્રને થાય છે તેથી તેને દૂર કરવાને ઔષધિનો ઉપચાર કરવામા આવે છે અને વિકૃતિની ઉત્પાદક વસ્તુઓ છોડવામા આવે છે, જેથી વિકૃતિ નષ્ટ થવાથી દેહમાં નિયમિત ક્રિયા થવા માંડે છે એટલે માણસો માને છે કે-અમે નીરોગી થઇ ગયા આરોગ્યતા-વિક્રિયા ન થવા દેવાના નિયમો માનવી જાળવે તો તેને નૈમિત્તિક રોગ થતો નથી પણ ભાવરોગના આવિર્ભાવથી દેહમા થવાવાળી વિક્રિયાને તે ખાળી શકે નહિં. અન્ય નિમિત્તોના અભાવમા પણ ભાવરોગના નિમિત્તથી નિયમિત થવાવાળી વિક્રિયા સમયની પરિપકવતાથી દેહમાં અવશ્ય થાય છે, અને એટલા માટે જ બે પ્રકારે રોગની ઉત્પત્તિ માની છે. એક તો અનિયમિત અને પ્રતિકૂળ આહારવિહારાદિથી રોગ થાય છે અને બીજા કર્મના ઉદયથી થાય છે. જો કે કારણ વગર કાર્ય થઈ શકતું નથી તેથી અશાતાવેદનીના ઉદય વગર રોગ થાય નહિં પણ આરોગ્યતાના નિયમ પાળવાથી અનવસરે અસાતા ઉદયમાં આવતી નથી, પણ જો ખાવાપીવામાં કાળજી ન રાખવામાં આવે તો વિક્રિયાનુ કારણ અસાતાનો પ્રકોપ થયા સિવાય રહેતો નથી.

કે કર્મમાત્રને ભાવ રોગ કહેવામાં આવે છે અને કર્મનું કાર્યમાત્ર દ્રવ્યરોગ કહેવાય છે છતાં અર્વાગ્દૃષ્ટિ-સ્થૂલ બુદ્ધિવાળા શરીરમાં થવાવાળી વિક્રિયાને રોગ માને છે. બાકી જન્મ-જરા-મરણ-કષાય વિષય આદિને રોગ તરીકે માનતા નથી. કેવળ વેદનીય કર્મની પ્રકૃતિરૂપ અસાતાના ઉદયને જ રોગના નામથી ઓળખે છે. કર્મના કાર્યરૂપ દ્રવ્ય રોગ બે પ્રકારનો છે: એક શારીરિક અને બીજો માનસિક. તેમાં શારીરિકને વ્યાધિ અને માનસિકને આધિ કહેવામાં આવે છે. અસાતાવેદનીયના કાર્યરૂપ આધિને મટાડવાને ઔષધિઓનો ઉપચાર કરવામા આવે છે, તેના ચિકિત્સકો છે અને તેની ચિકિત્સાના શાસ્ત્રો પણ રચાયલાં છે. તેમાં એક જ પ્રકારના અસાતાના ઉદયરૂપ વ્યાધિની ભિન્ન ભિન્ન વિક્રિયાઓથી ઉત્પત્તિ માનીને ભિન્નભિન્ન રોગોના નામથી ઓળખાવી છે. આ બધીય વ્યાધિયોનું મૂળ ફક્ત અસાતા વેદનીય કર્મ જ છે. જન્મ-જરા-મરણ-કષાય વિષય-આધિ આદિનું મૂળ કારણ નામ, આયુષ્ય તથા ખાસ કરીને મોહનીય છે. અનાદિકાળથી આત્માની સાથે મોહનીયનો સંબંધ હોવાથી તે એક ક્ષણ પણ નીરોગ રહ્યો નથી. અને જ્યાંસુધી મોહનીય કર્મનો સર્વથા ક્ષય થશે નહિં ત્યાંસુધી ભાવ રોગથી મુકાશે પણ નહિં. ભાવ રોગ વિદ્યમાન હોવા છતાં પણ માણસને નીરોગી માનવામાં આવે છે તે દ્રવ્યરોગને આશ્રયીને માત્ર વ્યવહાર પૂરતું જ છે, કારણ કે આવી નીરોગતા તે અસાતા વેદનીયના ક્ષયોપશમસ્વરૂપ છે.

દ્રવ્યરોગ તથા ભાવ રોગ બંને કર્મસ્વરૂપ હોવા છતાં પણ દ્રવ્યરોગને કાર્યપણે એટલા માટે માનવામાં આવે છે કે તે માત્ર અસાતાવેદનીય કર્મના ઉદયસ્વરૂપ છે, તેનો અનુભવ પણ પ્રાણી માત્રને થવાનું મુખ્ય કારણ તો તે શરીરમાં અનેક પ્રકારના વિકારોમા

પરિણમે છે. આ દ્રવ્યરોગ બધાય જીવોને જીવન પર્યંત નિરંતર કાયમ રહેતો નથી. ગમે ત્યારે અનિયમિતપણે અનિયમિત કાળે ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. કેટલાકને તો વરસો સુધી કોઇપણ પ્રકારનો રોગ થતો નથી, માત્ર ક્ષુધા વેદનીયરૂપ દ્રવ્યરોગ નિરંતર કાયમ રહે છે, છતાં અન્નાદિ ઔષધિના ઉપચારથી અમુક કલાકો સુધી ઉદ્ભવતો નથી ત્યારે ભાવ રોગ જન્મ પર્યંત કાયમ રહે છે, છતાં પ્રાણી માત્ર અનાદિકાળથી તેનાથી ઓતપ્રોત થયેલા હોવાથી તેને રોગ તરીકે ઓળખતા નથી, તેથી તેનો રોગરૂપે અનુભવ પણ તેમને થતો નથી અને થાય છે તો તે માનસિક હોવાથી તેને આધિ કહીને ઓળખાવે છે. ફરક એટલો જ રહે છે કે અનુકૂળ વૈષયિક સુખના સાધનો મળી જવાથી માનસિક વિક્રિયાઓને આધિ કહેતા નથી પણ અનુકૂળ સાધનો ન મળવાથી કે પ્રતિકૂળ સાધનોના સંયોગથી થવાવાળી માનસિક વિક્રિયાને આધિના નામથી ઓળખાવે છે. જો કે આધિ પણ ભાવ રોગનું જ કાર્ય છે પણ તે માત્ર મનથી જ અનુભવાતું હોવાથી અને મોહનીયમૂલક હોવાથી તેને દ્રવ્ય રોગના કારણરૂપ ભાવ વ્યાધિ પણ માની છે. ભાવ રોગ સર્વથા ક્ષય થાય નહિં ત્યાંસુધી જન્મ-મરણના સંતાનનો ઉચ્છેદ થતો નથી. દ્રવ્ય રોગ હોય કે ન હોય પણ ભાવ રોગની વિદ્યમાનતા હોવાથી જન્મ, જરા અને મરણ ક્રમથી થયા જ કરે છે, અને બોધ કરાવનાર કોઈ ને કોઇ પ્રકારના શરીરની પણ હયાતી હોય જ છે. જો શરીર ન હોય તો આત્મા અને કર્મનું અસ્તિત્વ અલ્પજ્ઞો જાણી શકે નહિં, એટલું જ નહિં પણ સમગ્ર જગતનું અસ્તિત્વ શરીરથી સિદ્ધ થઇ શકે છે. દૃશ્ય જગત માત્ર સચેતન અચેતન દેહસ્વરૂપ છે- તે સિવાય તો શૂન્યવાદ જ માનવાનો પ્રસંગ આવે છે. શરીર જેમ દ્રવ્યરોગને જણાવે છે તેમ ભાવરોગને જણાવનાર પણ શરીર જ છે

આ પ્રમાણે વિચાર કરતાં જણાય છે કે- ભાવરોગ એટલે કર્મ અને તેમાં પણ ખાસ કરીને મોહનીય તથા અસાતાવેદનીય કર્મ દ્રવ્યરોગ તથા ભાવરોગના વ્યંજક છે અસાતાવેદનીયનો ઉદય તે દ્રવ્યરોગ અને તેનો અનુદય અથવા તો ઉદયનો ક્ષય તે દ્રવ્ય આરોગ્યતા અર્થાત્ રોગ મટી જવાથી કે રોગોત્પત્તિ ન થવાથી આરોગ્યતા પ્રાપ્ત થાય છે. આરોગ્યતાના નિયમો જાળવવાથી આરોગ્યતા બની રહે છે, પણ અવશ્ય ભોક્તવ્ય અસાતાના ઉદયથી તો નિયમો જાળવવા છતાં પણ રોગોત્પત્તિ થયા વગર રહેતી નથી. તે જ્યારે ભોગવાઇ જાય છે ત્યારે ઓષધિનો ઉપચાર વગર પણ આરોગ્યતા પ્રાપ્ત થાય છે. ભાવરોગ મોહનીયના ઉદયને કહેવામાં આવે છે. તેનો ઉદય નિરંતર હોય જ છે, છતાં જ્યારે રાગ દ્વેષનો અમુક અંશે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય હોય છે ત્યારે તેને ભાવ આરોગ્યતા કહેવામાં આવે છે. મોહનીય અનેક પ્રકારનું છે, છતાં તેમાં રાગ-દ્વેષને જ પ્રધાનતા આપી છે કે જેને કષાયોના નામથી ઓળખવામા આવે છે. બાકી વિષય પણ મોહનીયનું જ અંગ છે, છતાં તેને ગૌણતા આપવામાં આવી છે. વિષયોમાં આસક્તિ કે અનાસક્તિ કહેવાય છે તે રાગદ્વેષના ઉદય તથા ઉપશમ ભાવની તારતમ્યતાને આશ્રયીને છે. જે આસક્તિ છે તે ભાવરોગ અને અનાસક્તિ તે ભાવ આરોગ્યતા—અથવા તો અમુક અંશે રાગદ્વેષનો ઉપશમ ભાવ તે ભાવ આરોગ્યતા— અને ઔદયિક ભાવ તે ભાવ રોગ કહેવાય છે. ભાવ આરોગ્યતાના નિયમો જેવા કે-ઇચ્છાનિરોધ, મમત્વત્યાગ આદિ જાળવવામાં આવે તો ભાવ રોગ કનડતો નથી અને આરોગ્યતા, સમભાવ, શાંતિ આદિ બન્યા રહે છે. અને જો નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો ભાવરોગ- અસમાધિ, અશાંતિ આત્માને અત્યંત હેરાન

કરે છે. ભાવરોગ દૂર કરી આરોગ્યતા મેળવવાને માટે તાત્વિક વિચારણારૂપ ઔષધિનો ઉપચાર કરવો પડે છે તેથી ભાવરોગ દબાઇ જાય છે કે જેને ઉપશમ ભાવ કહેવામાં આવે છે, જેનું બીજું નામ ભાવ આરોગ્યતા છે. આ આરોગ્યતા શાશ્વતી હોતી નથી. અર્થાત્ આવી આરોગ્યતા દબાઇ જઇને પાછો ભાવ રોગ ઉદ્દભવી શકે છે, કારણ કે તે રાગદ્વેષના ઉપશમભાવરૂપ છે એટલે તેનો ઔદયિક ભાવ થઇ શકે છે. એટલે કે જેનું મૂળ નષ્ટ નથી થયું એવા કષાયો પાછા પ્રગટપણે જણાઈ આવે છે માટે જ આવી આરોગ્યતા અનિયમિતપણે અનિયમિત કાળ સુધી રહેનારી હોય છે પણ અરોગતા તો વિલક્ષણ સ્વરૂપવાળી હોવાથી આરોગ્યતાથી જુદી પડે છે એક વખત પણ જેટલે અંશે અરોગતા પ્રગટે છે તે તેટલે અંશે કાયમ રહેવાવાળી હોય છે. તેમા પરિવર્તન નથી અર્થાત્ પૂર્વભાવનો વિનાશ થવાથી તેનો પ્રાદુર્ભાવ થતો નથી, કારણ કે અરોગતામા દ્રવ્ય, ભાવ જેવા ભેદ હોતા નથી પણ ભાવ રોગના ક્ષાયિક ભાવને અરોગતા કહેવામાં આવે છે રાગદ્વેષનો જેટલે અંશે ક્ષય થાય છે તેટલે અંશે અરોગતા પ્રગટ થતી જાય છે અરોગતા આત્મસ્વરૂપથી જુદી નથી તેથી સંપૂર્ણ રાગદ્વેષનો ક્ષય તે સંપૂર્ણ આત્મવિકાસ અથવા તો અરોગતા કહેવાય છે, જે ફરીને રોગમાં પરિણમતી નથી, પણ આરોગ્યતા રોગના રૂપમાં પરિણમે છે તે પાછી આરોગ્યતા પ્રાપ્ત થાય છે અને કાળાંતરે રોગ પ્રગટ થવાથી પાછી દબાઈ જાય છે. આ પ્રમાણે ભાવ આરોગ્યતા તે રાગદ્વેષનો ઉપશમ ભાવ અને ભાવરોગ તે ઔદયિક ભાવ અને અરોગતા તે ક્ષાયિક ભાવ—દ્રવ્ય રોગ તે અશાતાનો ઔદયિક ભાવ અને દ્રવ્ય આરોગ્યતા તે ક્ષયોપશમિક ભાવ કહેવાય છે; માટે આરોગ્યતા તે રોગનું દબાઇ જવું અને અરોગતા તે રોગનો ક્ષય થવો, એમ બન્નેમાં અંતર રહે છે. તેથી અરોગતા શાશ્વતી છે અને આરોગ્યતા અશાશ્વતી છે.

■

આપણા કર્ણ દાનેશ્વરી ને બલિરાજા સાથે જેની સરખામણી થઇ શકે એવા જગપ્રસિદ્ધ, હાતિમતાઇને કોઇ પ્રશ્ન કર્યો, 'તમારાથી અધિક એવા કોઈ દાતા વિશે તમે જાણો છો ખરા?'

'હા', હાતિમતાઇએ શ્રદ્ધાપૂર્વક જણાવ્યુ. 'એ છે એક કઠિયારો. બન્યુ' એવુ' કે મેં એક મોટી દાવત કરી હતી, આખા દેશના લોકોને એ ભોજનસમારંભમાં બોલાવેલા. રસ્તે મળેલા લાકડા ઊંચકી આવનાર એક કઠિયારાને મેં પૂછ્યું, 'અલ્યા, આજ તો હાતિમને ત્યા મોટી મિજબાની છે. કેમ ત્યાં નથી જવું? આખી દુનિયા ત્યાં ઊલટી છે ને!' અત્યંત ધીરજથી કઠિયારો બોલ્યો,' જે આદમી પરસેવો પાડીને પોતાનો રોટલો ખાય છે તેને હાતિમતાઇ પાસે હાથ ધરવાની શી જરૂર છે.!'

'અખંડ આનંદ'માંથી ઉધ્ધૃત.

શ્રી સિદ્ધસેનસૂરિકૃત
દ્વાત્રિંશિકા–બત્રીશ બત્રીશીઓ

(લેખક–આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ)

(ગતાંક પૃષ્ઠ ૧૬૬ થી ચાલુ)

રાજનગર(અમદાવાદ)ના સુપ્રસિદ્ધ–દાનવીર શેઠ. મનસુખભાઇ ભગુભાઇ તરફથી આ પ્રમાલક્ષણ ગ્રંથ છપાયો છે. તથા શ્રી શાંત્યાચાર્યકૃત વાર્તિક પણ–એ જ પ્રમાણે–ન્યાયાવતારના પહેલા શ્લોકના વિવરણરૂપ જ છે. તેનું નામ પ્રમાણકલિકા છે. તે કાશીના 'પંડિત પત્રમાં પં૦ વિઠ્ઠલ શાસ્ત્રીએ સંશોધન કરી છપાવ્યું છે. ત્યાં કેટલેક સ્થલે ઘણી અશુદ્ધિઓ જણાય છે. આ પ્રમાણે બાવીશે બત્રીશીઓને ટૂંક પરિચય લક્ષ્ય સાધનોદ્વારા જણાવ્યો. બીજા ગ્રંથોમાં આને અંગે જરૂરી બીના આ પ્રમાણે જણાવી છે.

૧–પ્રતિવાદીઓ પોતાનાં પ્રતિપક્ષિયોની ઉપર જે નાસ્તિકતાનો કુત્સિત આરોપ કરી લોકમાં મિથ્યા ભ્રાંતિ ફેલાવી રહ્યા હતા, તેનું નિરાકરણ કરવા, તથા આસતી ઓળખાણ ને કોને સિદ્ધાંત માન્ય છે? આ બાબત સ્પષ્ટ સમજાવવા શ્રી દિવાકરજી મહારાજે, ભિન્નભિન્ન દૃષ્ટિથી–ગંભીરાર્થક–ઉચ્ચ વિચારવાળા અનેક પ્રકરણો બનાવ્યા તે જ આ બત્રીશીઓ સમજવી. અહીં ગંભીરતા, મધ્યસ્થતા જાળવીને પરપક્ષનું ખંડન કરવાપૂર્વક સ્વપક્ષની સિદ્ધિ કરી છે. આ બત્રીશીઓના વાંચનારા–મનન કરનારા વિદ્વાનો, દિવાકરજીની કાવ્યરચના, તર્કશક્તિ, સત્યાર્થને જણાવવાની કુશળતા વગેરે ગુણોની જરૂર પ્રશંસા કરે છે. અન્યત્ર કહ્યું છે કે–બ્રાહ્મણોના કર્મમાર્ગના વિરોધી મહાવીર, કૃષ્ણ, ગૌતમબુદ્ધ વગેરે હતા. અને તેઓ જ અધ્યાત્મ માર્ગોપદેશક પણ હતા. પરંતુ તે ક્ષત્રિય ધર્મ પ્રવર્તકોના સિદ્ધાંતોને સંગત–સુસ્થિત–સુપ્રચલિત કરનાર પાછા તે બ્રાહ્મણો જ હતા. એ પ્રમાણે જૈનદર્શનના સમર્થ લેખકો અને આચાર્યોની જાતિ તપાસતાં મોટે ભાગે બ્રાહ્મણો જ મળી આવે છે. દૃષ્ટાંત તરીકે શ્રી ગૌતમસ્વામી આદિ અગીઆર ગણધરો, શય્યંભવસૂરિ, ભદ્રબાહુસ્વામી વગેરે જાણવા.

૨–દિવાકરજીએ સ્વકૃતિમા જણાવેલ અર્થનો જ વિસ્તાર સમંતભદ્રે સ્વકૃતિમા કર્યો છે.

૩–દિવાકરજીએ જૈનધર્મના પણ તત્ત્વોને અંકુરિત કરવામાં જલ સિંચવાનુ અપૂર્વ કામ કર્યું છે.

૪–સિદ્ધસેન–મહાકવિ મહાવાદી હતા.

૫–શ્વેતાંબર સંપ્રદાયના તર્કવિચારપ્રધાન સાહિત્યસંદર્ભની ઉપર શ્રી દિવાકરજીની કૃતિઓનો અપૂર્વ પ્રભાવ પડ્યો છે.

૬–દિવાકરજીની પહેલાનો કોઈ સ્વતંત્ર તર્ક ગ્રંથ પ્રાયે મળવો અશક્ય છે.

૭–શ્વેતાંબર સંપ્રદાયમાં પદ્યાત્મક તર્ક ગ્રંથોના પ્રથમ પ્રણેતા દિવાકરજી હતા.

યાદ રાખવું જોઇએ કે–દિવાકરજી મહારાજે

લક્ષ્ય બત્રીશીઓમાંની પહેલી પાંચ બત્રીશીઓને અગિઆરમી તથા એકવીશમી બત્રીશી-ઇષ્ટદેવની સ્તુતિ કરવાના ઇરાદાથી રચી છે છઠ્ઠી બત્રીશી અને આઠમી બત્રીશી, તત્ત્વસમીક્ષા કરવાના ઇરાદાથી અને બાકીની બત્રીશીઓ વસ્તુચર્ચા કરવાના ઇરાદાથી રચી છે. ભાવના છે કે–કેટલીક બત્રીશીઓને અંગે યોગ્ય સમીક્ષા અવસરે લેખરૂપે જણાવવી.

૩ કલ્યાણમંદિર–આ સ્તોત્રના પણ બનાવનાર શ્રી દિવાકરજી મહારાજા છે. આની શ્લોકસંખ્યા વસંતતિલકા છંદમાં–૪૩ શ્લોકો અને એક શ્લોક આર્યાછંદમાં છે. સર્વ મળી ૪૪ શ્લોકો થાય છે.

વૃદ્ધપરંપરા પ્રમાણે મનાય છે કે—આ અવસર્પિણી કાલમા આ ભરત ક્ષેત્રના ૨૪ તીર્થંકરો અને મહાવિદેહના ૨૦ તીર્થંકરો મળી–૪૪ તીર્થંકરોની સ્તુતિ કરવાના ઇરાદાથી કર્ત્તાએ આ સ્તોત્ર ૪૪ શ્લોકવાળું બનાવ્યું. જેમ ભક્તામરસ્તોત્રમા આદિનાથની સ્તુતિ કરી છે, તેમ અહીં શ્રી દિવાકરજીએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરી છે અહીં પદલાલિત્ય બીજાથી ચઢિયાતું છે. દષ્ટાંતો આકર્ષક અપાયા છે. અહીં દિવાકરજી મહારાજે '**कमठस्मय–धूमकेतोः**' આ વિશેષણથી ઇષ્ટદેવ પાર્શ્વનાથની સ્તુતિ કરી છે. પહેલા બે શ્લોકમાં શ્રી જિનેશ્વરદેવના ચરણકમલને નમસ્કાર કરી અભિપ્રેય જણાવ્યું છે.

ત્રીજા શ્લોકમાં—કવિએ પ્રભુદેવના ગુણો વર્ણવવામાં નમ્રભાવે પોતાની અશક્તિ જણાવી. ચોથા શ્લોકમાં જણાવ્યું છે કે–હે પ્રભો! તમારા ગુણો કેવલીભગવંત પણ જાણતા છતાં વર્ણવી શકતા નથી. પાચમા, છઠ્ઠા શ્લોકમાં સ્તુતિ કરવામાં દષ્ટાંતાદિદ્વારા ભક્તિની મુખ્યતા જણાવી. સાતમા શ્લોકમાં પ્રભુદેવના નામગ્રહણનો પ્રભાવ જણાવ્યો છે. આઠમા શ્લોકમાં ધ્યાનનું માહાત્મ્ય અને નવમા દશમા શ્લોકમાં પ્રભુદર્શનાદિનો મહિમા જણાવ્યો છે. અગિઆરમા શ્લોકમાં પ્રભુનું વીતરાગપણું વર્ણવી બારમા શ્લોકમાં શ્રી પાર્શ્વનાથનો પ્રભાવ જણાવ્યો છે. તેરમા શ્લોકમાં પ્રભુનું દ્વેષરહિતપણું વર્ણવી, ચૌદમા શ્લોકમાં પ્રભુદેવના ધ્યાન કરનારનું વર્ણન કર્યું છે. પંદરમા શ્લોકમાં પ્રભુદેવનું ધ્યાન કરતાં પ્રભુસ્વરૂપ થવાય તે જણાવી સોળમા શ્લોકમાં ધ્યાનનું ફલ અશરીરત્વ જણાવ્યું છે. સત્તરમા શ્લોકમાં ધ્યાતા ધ્યેયનું અભેદભાવે ધ્યાન કરતાં ધ્યેયસ્વરૂપ બને છે, એ વાત દષ્ટાંત દઇને સમજાવી. અઢારમા શ્લોકમા જણાવ્યું છે કે—અન્ય ધર્મીઓ પણ જુદા જુદા નામથી આપની જ ઉપાસના કરે છે. (ચાલુ)

ખરી રીતે તો આપણા સમાજમાં જે જાતની વિદ્યા ભણાવવામાં આવે છે તે તો ગરજની વિદ્યા છે અને ગરજની વિદ્યા ભણવાથી કોઇ જાતના સદ્ગુણો આવી શકતા નથી; પરંતુ જેને જીવનમાં પ્રગતિ કરવાની છે, જે જીવનમા વિકાસ ચાહે છે તેણે તો વિનય અને વિવેકના ગુણોથી પુષ્ટ થયેલી જ વિદ્યા મેળવવી જોઇએ. વિનયી અને વિવેકીનું જીવન અત્યંત સરળ, નિષ્કપટ અને આત્મગૌરવથી મુક્ત જણાશે. જેને વિનય અને વિવેકની પાંખો મળેલી છે તેની જ વિદ્યા શોભી ઊઠશે. એના જીવનમાંથી લઘુગ્રંથિ અને પૂર્વગ્રહ નાશ પામશે અને જીવનનો ઉત્તમ વિકાસ થશે.

'અખંડ આનંદ'માંથી ઉદ્ધૃત

ધ્યાન અને ચિત્તની ત્રણ અવસ્થા

(સન્માર્ગદર્શક) મુનિશ્રી પુણ્યવિજયજી સં. પા.

(ગતાંક પૃષ્ઠ ૧૬૧ થી ચાલુ)

સર્વ યોગોનો સર્વથા નિરોધ કરવારૂપ ધ્યાન જિનેશ્વરોને હોય છે. જિનેશ્વરનો સામાન્ય અર્થ કેવળજ્ઞાનની સ્થિતિ પામેલા આત્માઓનો થાય છે દેહ વિનાના શુદ્ધાત્માઓને તો યોગના વ્યાપારો રોધવાની જરૂર રહેતી નથી. કેવળજ્ઞાન પામ્યા પછી જ યોગોનો સર્વથા નિરોધ કરવાનું બળ આવે છે યોગો જૈન પરિભાષામા કોને કહે છે ? તેનો ખુલાસો આ પ્રસંગે કરવો જરૂરનો છે. ઔદારિક આદિ શરીરના સંયોગથી ઉત્પન્ન થયેલ આત્મપરિણામવિશેષ-વ્યાપાર તેને યોગો કહે છે ધ્યાનશતકમાં કહ્યુ છે કે—

ઔદારિક આદિ (આ દેખાતું આપણું સ્થૂલ શરીર, આદિ શબ્દથી વૈક્રિયક આહારક શરીર લેવાં) શરીર યુક્ત આત્માની વીર્ય-શક્તિવાળી પરિણતિવિશેષ તે ' કાયયોગ '

તેમજ ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના વ્યાપારવડે ખેંચેલા વચનવર્ગણાના દ્રવ્યોનો સમૂહ, તેની સહાયથી થતો જીવનો વ્યાપાર-ક્રિયાવિશેષ તે ' વચનયોગ. '

તથા ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના વ્યાપારવડે ખેંચેલ મનોવર્ગણા દ્રવ્યનો સમૂહ તેની સહાયથી જીવનો વ્યાપાર-ક્રિયાવિશેષ તે ' મનોયોગ. '

સર્વ વ્યાપારોને—ક્રિયાઓને સદાને માટે અટકાવવી-રોકવી તેનો લય કરવો તે શ્રી જિનોનું છેવટનું ઉત્તમોત્તમ ધ્યાન કહેવાય છે. આ ધ્યાન પછી તરત તેઓ આ દેહથી સદાને માટે સર્વ કર્મોનો નાશ કરી મુક્ત થાય છે

આ ઠેકાણે આશંકા ઉત્પન્ન થાય છે કે-છદ્મસ્થ મુનિઓને અંતર્મુહૂર્ત પર્યંત જ ધ્યાન હોય છે એમ અહીં જણાવ્યું, પણ ઘણું સાંભળવામા આવે છે અને કોઈ કોઇ પ્રસંગે દેખવામા પણ આવે છે કે અમુક મહાત્મા-મુનિઓ કલાકોના કલાકો સુધી ધ્યાન કરે છે તેનુ કેમ સમજવુ ?

આનો ઉત્તર આ પ્રમાણે છે કે—એક દ્રવ્યમા કે ગુણમા મનનો નિરોધ કરવો, એક રસ અખંડ પ્રવાહ ચલાવવો તે ધ્યાન તો અંતર્મુહૂર્તથી અધિક છદ્મસ્થોને હોઇ શકે નહિ. યોગોની ચપળતા રોકવી ઘણી મુશ્કેલી-ભરેલી છે, તથાપિ તે ધ્યાતા મુનિ એક પછી એક એમ અંતર્મુહૂર્ત પછી પોતાના ધ્યેયોને પલટાવતો જાય અગર મનોયોગની સ્થિતિની વિકળતા થઇ જાય કે તરત જ પાછી તેને ઉપયોગની જાગૃતિથી તેની સાથે જોડી દે, અનુસંધાન કરી દે, તો તે ધ્યાનની સતતિ લાંબા વખત સુધી પણ લંબાય છે પણ અંતર્મુહૂર્ત પછી એકાગ્ર થયેલું મન નિરોધ સ્થિતિમાં રહી શકતું નથી, તેનો પ્રવાહ ધ્યેયાંતરમાં-પછી તે આત્મગત મનાદિકમા કે પરગત દ્રવ્યાંતરમા સંક્રમણ કરે છે; તેથી ધ્યાનનો પ્રવાહ લાંબા વખત સુધી ચાલુ રહે છે. કલાકો સુધી ધ્યાન

કરવાનુ જે કહેવા કે સાભળવામા આવે છે તે આ અપેક્ષાએ બરોબર છે

એકાગ્રતામાથી ખસી ગયેલા ચિત્તની ત્રણ અવસ્થા થાય છે તેને ભાવના, અનુપ્રેક્ષા અને પદાર્થચિંતા કહેવામા આવે છે

શરૂઆતમા મનને એક જ ધ્યેયમા જોડવાનુ હોય છે આપણે ધ્યેય તરીકે એક આત્મગુણ લઇએ જેમકે—'આત્મા આનંદસ્વરૂપ છે' વારંવાર મનને આત્મા આનંદસ્વરૂપ છે તેનો સસ્કાર પાડવો મનને તે પદનો–શબ્દોનો પ્રતિધ્વનિ થયા કરે આ એકાગ્રતા નથી પણ એકાગ્રતાનો અભ્યાસ થાય છે બીજા સસ્કારો કે વિચારાંતરોને હઠાવીને આ એક જ વિચારને મુખ્ય કરવાનો પ્રયત્ન ચાલુ છે આવી મનની સ્થિતિને '**ભાવના**' કહે છે આવી ભાવના ચાલુ રાખવા પછી તે અભ્યાસને મૂકી દઈ મન તદ્દન સ્થિર થાય છે 'હુ આનંદસ્વરૂપ છુ' તેને પણ યાદ કરતુ નથી. મનનો કેવળ લય થઇ જાય છે, તે એકાગ્રતાવાળી ધ્યાનની સ્થિતિ કહેવાય છે.

આ ભાવનાની હૈયાતિ ધ્યાનના અભ્યાસ કાળમા, એટલે ધ્યાન કરવાની શરૂઆતમા અને અંતર્મુહૂર્ત પછી એકાગ્રતાની સ્થિતિ વિખરાતા હોય છે આવી મનની સ્થિતિ તે 'ભાવના' છે

મનની બીજી સ્થિતિ અનુપ્રેક્ષાની છે '**અનુપ્રેક્ષા**' એટલે પાછળ તપાસ કરવી, જોવુ અર્થાત્ ધ્યાનની સ્થિતિ ખસી જવા પછી પાછુ તે સ્થિતિ મેળવવા પૂર્વ અનુભવેલી ધ્યાનસ્થિતિનુ સ્મરણ કરવુ, સ્મૃતિ લાવવી, પૂર્વની સ્થિતિને યાદ કરવી તે છે.

મનની ત્રીજી સ્થિતિ ચિંતા નામની છે આ બે સ્થિતિથી જુદી એટલે મનની આ બે સ્થિતિ ઊંચી પ્રકારની છે તેનાથી આ ત્રીજી નીચા પ્રકારની છે કોઈપણ પદાર્થની ચિંતા કરવી એટલે અનેક વિચારાંતરોમા ચાલ્યા જવુ જીવાજીવાદિ અનેક પદાર્થોના વિચાર કરવા તે ત્રીજી '**પદાર્થચિંતા**' નામની મનની સ્થિતિ છે આગમમા કહ્યુ છે કે—

જે સ્થિર અધ્યવસાય છે તેને ધ્યાન કહે છે, જે ચપલ અધ્યવસાય છે તેને ચિત્ત કહે છે તે ચપલ અધ્યવસાયને ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા કહે છે

રાગ અને દ્વેષ મૂકીને સમતાવાન મુનિ જે જે વસ્તુનુ ચિંતન કરે–ધ્યાન કરે તે તે ધ્યાન સારુ માનેલુ છે રૌદ્ર આદિ ધ્યાન ખરાબ માનેલા છે શાસ્ત્રમા કહ્યુ છે કે—

યોગી ગમે તેનુ પણ ચિંતવન કરતા જો વીતરાગ થાય તો તેને જ ધ્યાન માનેલુ છે, તેને જ ધ્યાન કહેવુ એ સિવાય બીજા ગ્રંથના વિસ્તાર સમજવા મતલબ કે–જે ધ્યાન કરવાથી, જેનુ ચિંતવન કરવાથી વીતરાગ થવાય–રાગ દ્વેષ રહિત સ્થિતિ પમાય તે જ ધ્યાન છે એ સિવાય બીજા પોથા તે ખાલી થોથા સમજવા

આ ધર્મધ્યાનામૃતનુ પાન કરવા પહેલા અજ્ઞાનને દૂર કરજે, જડ–ચૈતન્યનુ વિવેકજ્ઞાન પહેલુ કરજે તે સિવાય તારો ત્યાગ નિષ્ફળ થશે એટલું જ નહિ પણ તે ત્યાગ ઊલટો સસાર પરિભ્રમણનુ કારણ થશે આત્મા એ જ પ્રાપ્તવ્ય સમજજે, તેને માટે જ તારી સર્વ પ્રવૃત્તિ હોવી જોઇએ

નિર્દોષ થજે રાગદ્વેષાદિ દોષો, મલિન વિચારો તેનો ત્યાગ કરી સ્થિર થજે અસ્થિર અંતકરણને ધર્મધ્યાનમા સ્થિર કરજે ચાલુ સાધ્ય સિવાય અંતકરણને બીજા કામમા વાપરીશ નહિ, જવા દઇશ નહિ, તો જ ધર્મ ધ્યાનરૂપ અમૃતરસનુ પાન થશે, તો જ અજરામરપદ પ્રાપ્ત થશે તે સિવાય ઊંચી સ્થિતિએ પહોચવાની આશા સરખી પણ ન રાખીશ

(ધ્યાનદીપિકામાથી ઉદ્ધૃત)

ધર્મ-કૌશલ્ય.

(૧૫)

Thinking-Acting-વિચારીને કરો.

વિચારવું અને પછી કરવું-એ મુશ્કેલ છતાં હિતકારક છે.

નં. ૧૪ ઘણા માણસોની પદ્ધતિ એવી હોય છે કે મગજમાં ધક્કો કે મુદ્દો આવ્યો કે તુરત તે પ્રમાણે બોલી નાખે કે કરી નાખે તેઓ જાણતા નથી કે 'હોઠ બહાર તે કોટ બહાર.' બોલેલાં બોલ કે કરી નાખેલા કામ હાથ કે મુખમાથી છૂટી ગયા પછી તેના ઉપર આપણો કાબૂ રહેતો નથી અને પછી તો તળાવકાંઠે ઊભા રહી પાણીમા પથ્થર નાખ્યો, તો તેના જેટલાં કુંડાળા થાય તે કાંઠે ઊભા ઊભા જોયાં જ કરવાં પડે છે. બીજી પળે મનમા વિચાર આવે કે પથ્થર ન ફેંક્યો હોત કે વચનબાણ ન માર્યું હોત તો વધારે સારુ હતુ, પણ પછી તો હાથ છૂટી કે મ્હોં છૂટી બલા થઇ જાય છે અને બોલી કે કાર્યના સારા માઠા તાત્કાલીન કે દીર્ઘ કાલીન સર્વ પરિણામો ભોગવે જ છૂટકો થાય છે

ચાલુ પ્રવાહમા પડેલા દુન્યવી માણસો તો ઘણાખરા આ રીતે 'તડ ને ફડ'નો હિસાબ રાખે છે, પાછળથી ધક્કો લાગે એટલે એમની ગાડી ચાલે છે અને ચાલ્યા પછી અટકતી નથી પણ જેઓને લાંબો હિસાબ લેવો દેવો છે, જે પ્રત્યેક વિચાર, વચન અને ક્રિયાની દીર્ઘકાળ સુધી ચાલતી અસર સમજનાર છે, જે પ્રત્યેક કાર્યના જવાબ આપવા પડશે એમ જાણે-છે, તેના પ્રત્યેક વિચાર, વચન અને કાર્યની પાછળ લાંબી ગણતરી અને ચોક્કસ હિસાબ હોય છે અને એ કાર્યની સામાજિક અને વૈયક્તિક અસરનાં આંકડા મૂકી પ્રવૃત્તિ કરે છે અને કામ હાથ ધરતા પહેલા સાત ગરણે ગળીને ચોખવટ કરવાની પોતાની ફરજ સમજે છે

આવેશમાં આવીને કોઇ કામ કરીનાખવુ કે મુખથી બોલી નાખવું એ સહેલી વાત છે, અને દુનિયાનાં ઘણાખરા કામો એ જ ધોરણે થાય છે પણ માણસ બોલે છે કે, લખે છે કે વિચારે છે ત્યારે એને ખ્યાલ રહેતો નથી કે એના પ્રત્યેક કાર્ય, વચન કે વિચારની એની ઉપર સારીમાઠી સાધારણ કે સ્થાયી અસર થયા વગર રહેતી નથી આવા પ્રકારનો વિચાર કરીને તે કાર્ય, વચન કે વિચારની શી અસર થશે તેની ગણતરી ગણીને જે મૌખિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિ કરે છે તે સાચો ધર્મપ્રિય માણસ ગણાય છે, તેને પોતાની જવાબદારીનો પૂરો ખ્યાલ હોય છે અને તે જાણતો હોય છે કે વચન, વિચાર કે કાર્ય પોતાના વિકાસ ઉપર ચોક્કસ અસર જરૂર મૂકી જાય છે. એને મન નાનકડુ વાક્ય પણ શિરસાટેની વાત હોય છે અને વ્યવહારમા નજીવુ લાગતુ કામ પણ એના ધ્યાનમા બરાબર હોય છે એ ગોટા વાળવામાં માને નહિ, એ કોઇ વાતને કે ઉચ્ચારને નિરર્થકનો ગણે નહિ અને એ પ્રત્યેક વિચારને યોગ્ય માવજત અને મૂલ્ય આપે

આટલી ચોખ્ખીઆ વૃત્તિ રાખવી અને પોતાના વાણી, વિચાર કે વર્તન ઉપર સંયમ રાખવો એ મુશ્કેલ કામ છે પણ જે આ પ્રકારનો સંયમ રાખે છે તે વિકાસ સાધી શકે છે, આગળ ધપે જાય છે અને જીવનની સફળતા કરે છે. ઉડાઉ માણસો મળેલી તકને ગુમાવે છે, પ્રાપ્ત થયેલ અનુકૂળતાને વેડફી નાખે છે અને વસ્તુના કે વિચાર, વર્તનના મૂલ્યની ગેરહાજરીમાં મહામૂલ્યવતી તકોને જતી કરે છે. સાચો ધર્મપ્રિય પ્રાણી વર્તનના પ્રત્યેક અંગને મૂલવે છે અને મૂલવીને તેમાથી સારતત્ત્વ સમજે છે, જમાવે છે અને મેળવેલ પૂંજીમા વધારો કરે છે.

No 14 It is difficult to think and then to act but it pays to do so

Thoughts of the Great.

(૬૬)

Blame–ઠપકો

યોગ્ય ઠપકો વહોરી–સ્વીકારી લેવો–મુશ્કેલ છતા હિતકારક છે

ન ૧૫ માણુસ ગમે તેટલો સાવધાન હોય તો પણ તે ઠપકાને પાત્ર અવશ્ય થાય છે, કારણ કે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે અને ભૂલને અંગે ઓછેવત્તે અંશે એ ઠપકાને પાત્ર જરૂર થાય પણ હકીકત એવી બને છે કે મનુષ્ય પોતાની ભૂલ અને પોતાનો વાંસો જોઈ શકતો નથી અને પરિણામે ભૂલનો સ્વીકાર કરવાની કે ઠપકો સહન કરી સાંભળી લેવાની વૃત્તિ બહુ ભાગ્યેજ થાય છે, ત્યારે પોતાની ભૂલ ઉડાવવાની, ઠપકો બીજાને શિરે ઢોળી દેવાની અને પોતે જાણે નિર્દોષ નિખાલસ અને માત્ર ટીકાકાર દ્રષ્ટા હોય એવો દેખાવ કરવાને એ લલચાઈ જાય છે, અને ઘણીવાર તો પોતે ચાહીને ગુન્હો કર્યો હોય અથવા પોતાની ભૂલ જાણતાં અજાણતા થઈ ગઈ હોય તો પણ તેનો બચાવ કરવાની વૃત્તિ તેનામા થઈ આવે છે ઘણાખરા માણસો પોતાની ભૂલ બીજા ઉપર ઢોળી નાખવામા ગર્વ લેનારા હોય છે પોતાનો દોષ જાણવા છતાં તેનો નનૈયો વાસનાર બની ગયેલા હોય છે અને કોઈ ઠપકો આપે તો તેમા પોતાનુ અપમાન માનનારા હોય છે છેવટે કાંઈ ન ફાવે તો સામા ઉપર ઢોળનારા તેમ ન બને તો બ્હાના કાઢનારા અને અંતે કાંઈ નહિ તો વસ્તુમા કે પાડોશીમા કે નજીકનામા સાચી ખોટી વાતનો સૂચનાનો કે આડે ઉતરવાનો આરોપ કરનારા હોય છે

બાકી કોઈપણ કાર્યની પોતાની સાચી જવાબદારી સ્વીકારવામા તો ઘણી સરળતા, દીર્ઘ વિચારણા અને મનોમંથનની જરૂરિઆત રહે છે એ સર્વ સહેલા શબ્દો હોવા છતાં ગુણ તરીકે વ્યવહારમાં બહુ મોંઘેરા સદ્‌ગુણો હોઈને ખૂબ મનોમંથન અને આત્મપ્રતિભાસ માગે તેવી વાત છે

માણુસ પોતાના તાનમાં મસ્ત હોય છે એનામાં વિશેષ વિચારણા ન હોય તોયે સાચી કે ખોટી બાબતમા જવાબદારી સ્વીકારવા તૈયાર હોતો નથી એણે ભૂલ કરી હોય કે એની સ્ખલના થઈ ગઈ હોય, તો પણ એ પોતાનો બચાવ કરવાના છીંડા શોધશે, એ વસ્તુની, સામાની, સંયોગોની ભૂલ બતાવવા લલચાઈ જશે, પણ સરળતાથી સાચી ભૂલ વખતે પણ ઠપકો સાંભળવા તૈયાર નહિ હોય એના હાથમાથી કામ કે વસ્તુ પડી જાય કે એ ઊંઘતો પકડાઈ જાય તો પણ એ પોતાનો ગુન્હો સ્વીકારવાની સરળતા ભાગ્યેજ દાખવશે

એનુ કારણ માન નામનો મનોવિકાર છે માણુસ પોતાને પોતાના વર્તુલમા નાનો બનવાની કે કહેવાવાની વાત પસંદ કરતો નથી એના દિલમા ઠપકાનો સ્વીકાર કરવો એ એક જાતની માનહાનિ લાગે છે એટલા માટે યોગ્ય બાબતમા સાચા ઠપકાનો સ્વીકાર કરવો આકરો પડે છે એ વસ્તુનો, પાત્રનો, પડખે અડખેના સંયોગોનો વાંક કાઢશે, એ ગુન્હાને કે ભૂલને બીજા પર ઢોળી દેવા વલખાં મારશે, પણ સાચી બાબતની જવાબદારી સ્વીકારી લેવાની સરળતા ભાગ્યેજ બતાવશે તેટલા માટે યોગ્ય બાબતમા ઠપકો ખમી ખાવાની બાબત મુશ્કેલ તો જરૂર છે, પણ તે સ્વીકારવાની આવડત જેનામાં આવી જાય છે તે અંતે સંયમી જીવન જીવી સરળતાનો દાખલો બેસાડે છે અને એવી સરળ વૃત્તિ અંતે એના આત્મવિકાસમા ખૂબ મદદ કરે છે અને આવી રીતે ઠપકાનો સ્વીકાર કરવામાં નાનપ માનવાનું કારણ નથી સરળતાથી પ્રાણીની પ્રગતિ ખરેખરી થાય છે અને ધર્મ–રત્નને મૂલવનાર વગર આયાસે એને આદર્શ સાચી ગુણુજ્ઞતા બતાવે છે મૌક્તિક

No 15 It is hard to shoulder deserved blame but it always pays

Thoughts of the Great

×××××××××××××××××
× " સ્યાદ્વાદમંજરી " ×
× ×
×××××××××××××××××

લેખકઃ—વ્યા. કા. તીર્થ મુનિ પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)

(ગતાંક પૃષ્ઠ ૧૬૮ થી ચાલુ.)

હવે યથાર્થ ન્યાય માર્ગના વિચાર માટે બીજાઓએ (અન્ય મતાવલંબીઓએ) માનેલા તત્ત્વોનું પ્રામાણ્ય ખંડન કરતા કલિકાળસર્વજ્ઞ પ્રભુ હેમચન્દ્રાચાર્ય, આદિમાં છ કાવ્યથી વૈશેષિકે માનેલા તત્ત્વોને દૂષિત કરવાની ઇચ્છાથી પ્રથમ સામાન્ય વિશેષ તત્ત્વનું ખંડન કરે છે.

જૈનદર્શન સામાન્ય વિશેષ તત્ત્વને કેવી રીતે માને છે, એ જાણવા અગાઉ આપણે વૈશેષિક લોકોએ માનેલ સામાન્ય વિશેષ તત્ત્વ તરફ સ્થૂલરીત્યા દૃષ્ટિપાત કરવો જોઇએ તે આ પ્રમાણે–અત્યન્ત ભિન્ન ભિન્ન પદાર્થોમા એક જ શબ્દથી એકાકાર પ્રતીતિને સામાન્ય કહે છે, જેમ કે સોના, ચાંદી, પીતલ, માટી વિગેરે ધાતુઓથી બનેલા ઘડાને આ ઘડો છે, આ ઘડો છે એમ જે કહેવાય છે તે સામાન્ય છે. અને તે સામાન્ય એક સ્વતંત્ર પદાર્થ છે, વળી ઘડો જેમ કપડાથી સર્વથા જુદો છે તેમ પદાર્થથી તે સામાન્ય સર્વથા જુદો છે, પરન્તુ સમવાય સંબંધને લઇને આ સામાન્ય પદાર્થમાં રહે છે, કારણ કે ધર્મ અને ધર્મી સર્વથા જુદા છે.

એવી રીતે આ ઘડો સોનાનો છે, આ પીતળનો છે, આ માટીનો છે, એમ જે કથન કરાય છે તે વિશેષને આભારી છે. વિશેષ પણ સામાન્યની માફક પદાર્થથી સર્વથા ભિન્ન છે. વળી તે સામાન્ય અને વિશેષ પરસ્પર નિરપેક્ષ છે, જેમ કે એકને ઘરે આવેલા બે અતિથિઓ સર્વથા જુદા છે તેમ સામાન્ય અને વિશેષ સર્વથા જુદા છે. સામાન્ય વગર વિશેષ અને વિશેષ વગર સામાન્ય એક પદાર્થમાં રહી શકે છે.

આ પ્રમાણે વૈશેષિકોનું સામાન્ય અને વિશેષ સબંધીનું મન્તવ્ય સંક્ષેપથી જાણી લીધા પછી, હેમચન્દ્રાચાર્ય જૈનદર્શન પ્રમાણે સામાન્ય વિશેષ સંબંધીનું મન્તવ્ય પ્રકટ કરે છે તે આ પ્રમાણે—

> स्वतोऽनुवृत्तिव्यतिवृत्तिभाजो,
> भावा न भावान्तरनेयरूपाः ।
> परात्मतत्त्वादतथात्मतत्त्वात्,
> द्वयं वदन्तोऽकुशलाः स्खलन्ति ॥

શ્લોકાર્થ—દરેક પદાર્થ સ્વતઃ અનુવૃત્તિ અને વ્યાવૃત્તિથી યુક્ત હોય છે, તેમની પ્રતીતિ માટે પદાર્થાન્તરની કલ્પના નિરર્થક છે. જે અકુશળ વાદી પદાર્થથી પર માટે જ અસત્યભૂત સામાન્યવિશેષને માને છે, તેઓ ન્યાયમાર્ગથી ભ્રષ્ટ થાય છે.

વિવેચન—ભાવ એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં થનારો પદાર્થમાત્ર સ્વતઃ એટલે સ્વયમેવ-પોતાની મેળે અનુવૃત્તિ-(સામાન્ય)ને બતાવવાવાળો થાય છે. એક જ શબ્દથી એકાકારનું જ્ઞાન થવું સામાન્ય કહેવાય છે. જેમકે આ એ ઘડો, આ એ ઘડો, આ એ ઘડો, આ એ મનુષ્ય, આ એ મનુષ્ય, આ એ

મનુષ્ય, આ એ રાજા, આ એ રાજા, આ એ રાજા વિગેરે. તેવી જ રીતે પદાર્થ–માત્ર સ્વયમેવ વ્યતિવૃત્તિ(વિશેષ)ને કહે છે પોતાની જાતવાળા અને જાત વગરના પદાર્થોથી જુદાં થવું વિશેષ કહેવાય છે, જેમકે આ **કાળો ઘડો છે.** અહિં કાળો વિશેષણ ઘડાને પોતાની જાતવાળા ધોળા, પીળા ઘડાથી જુદો કરે છે, અને કપડા વિગેરે વિજાતીય પદાર્થથી પણ; માટે દરેક પદાર્થ સામાન્ય વિશેષાત્મક છે.

આ જ વાતને બીજા પ્રકારે આમ જાણવી. બીજાઓએ માનેલા દ્રવ્ય, ગુણ, કર્મ અને સમવાય નામના પદાર્થોથી ભિન્ન સામાન્ય–વિશેષદ્વારા પદાર્થમાં સ્વાભાવિકરીત્યા રહેલી એકાકાર પ્રતીતિ અને વ્યાવૃત્તિ(વિશેષ) ન થઇ શકે, કારણ કે દરેક પદાર્થનો એજ સ્વભાવ છે કે તે પોતાની મેળે અનુવૃત્તિ (સામાન્ય) વ્યતિવૃત્તિ(વિશેષ)નું જ્ઞાન કરાવે છે એક ઉદાહરણ તપાસીએ. બાળકની સાથે ઘડો પડ્યો છે, તે ઘડો પહોળી ગરદનવાળો છે, મોટા પેટવાળો છે. આ પ્રમાણે તે ઘડો બાળકને પોતાનું જ્ઞાન કરાવતો પોતાની જાતવાળા, પોતાના આકાર જેવા, સંસારમા રહેલા બધા ઘડાઓનુ જ્ઞાન પોતાના નામથી જ કરાવી દે છે, અને તે પોતે પોતાની મેળે, સામાન્યરૂપ બની જાય છે. આ પ્રમાણે તે જ ઘડો બીજા સજાતીય અને વિજાતીય ઘડાઓથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને લઇને પોતાને પોતાની મેળે જુદો કરી દે છે, જેમકે દ્રવ્યથી આ ઘડો માટીનો છે, સોનાનો નથી. ક્ષેત્રથી શિવપુરીનો છે, ભાવનગરનો નથી. કાળથી પોષ માસનો છે ,જ્યેષ્ઠ માસનો નથી ભાવથી લાલ છે, કાળો નથી માટે તે જ ઘડો વિશેષ બની જાય છે. સારાંશ એ નીકળ્યો કે–જૈનદર્શનમાં દરેક પદાર્થ સામાન્ય વિશેષાત્મક છે, એ વાત સિદ્ધ થાય છે.

બીજા ઉદાહરણો લઇએ–એક માણસ જૈન છે, તેમાં મનુષ્યત્વ સામાન્ય ધર્મ છે અને જૈનત્વ વિશેષ ધર્મ છે. એક રાજા છે. આમાં રાજત્વ સામાન્ય ધર્મ છે, અને એ ભાવનગરનો રાજા છે એમ કહેવાથી ભાવનગર એ રાજાની વિશેષતા બતાવી દે છે. તેવી જ રીતે આ ગાંધી ટોપી છે, આ વાકયમાં રહેલ ટોપીમાં ટોપીપણું સામાન્ય ધર્મ છે અને ગાંધી શબ્દ તેમાં વિશેષતા લાવી આપે છે. વિગેરે વસ્તુ માત્ર આ જ ,પદ્ધતિથી સામાન્ય વિશેષાત્મક જાણી લેવી

વસ્તુમાં સામાન્ય અને વિશેષ નામનાં બે પદાર્થો પદાર્થથી સર્વથા ભિન્ન છે, અને ભિન્ન રહીને પણ તે વસ્તુના સામાન્ય અને વિશેષ ધર્મનું જ્ઞાન કરાવે છે, એ વાત તર્કથી પણ વિરુદ્ધ છે, કારણ કે વસ્તુ જ્યારે પોતાના સ્વરૂપથી જ સામાન્ય અને વિશેષ ધર્મનું જ્ઞાન કરાવી દેવા સમર્થ છે તો પછી,સામાન્ય વિશેષને પદાર્થથી સર્વથા ભિન્ન માનવા અનુચિત નથી શું ?

બીજી વાત એ છે કે–ધર્મ ધર્મીને છોડીને રહી શકતો નથી, ઘટત્વને છોડીને ઘટ રહી શકતો નથી, તેમજ ઘટને છોડીને ઘટત્વ રહેતું નથી અર્થાત્ જ્યાં ઘટ છે ત્યાં જ ઘટત્વ છે, અને જ્યાં ઘટત્વ છે ત્યાં જ ઘટ છે. આવી પરિસ્થિતિમાં, અરે વૈશેષિકો ! તમે જો ઘટમાં રહેલું ઘટત્વ અથવા પીતત્વ સર્વથા જુદું છે એમ માનશો તો વિશેષણ અને વિશેષ્ય ભાવ કદી પણ ,બનશે નહિ, જેમકે હાથી અને ઘોડા, બન્ને સર્વથા ભિન્ન અને નિરપેક્ષ હોવાથી પરસ્પર વિશેષણ અને વિશેષ્ય બની શકતા નથી, તેવી રીતે આ ઘડો લાલ છે એ વાકયમાં ઘડો વિશેષ્ય છે અને લાલ વિશેષણ છે. તમારા મતમાં ધર્મ અને ધર્મી સર્વથા ભિન્ન હોવાથી જેવી રીતે હાથી અને ઘોડા વિશેષણ અને વિશેષ્ય નથી બની શકતા તેવી

ચારૂશીલા રમણીરત્નો

બે કુમારિકાઓ

લેખક.—મોહનલાલ દીપચંદ ચોકસી.

દાદીના સહવાસમાં—

દાદીમા ! આમ આંસુ સારીને આંખો પર પડલ આણ્યા ! અરે સ્પષ્ટપણે જોવાની શક્તિ ખોઈ બેઠા ! તમારી ઈચ્છા શું અંધાપો નોતરવાની છે ? રત્નકુક્ષિ જેવું અનુપમ બિરુદ ધરનાર માતાને એ શોભે છે ?

આવો, આવો, પૌત્રીઓ ! તમોને જોવાથી, તમારી સાથે વાતચીત કરવાથી, મારું મન હળવું થાય છે.

માજી ! તમોને દુઃખની કહાણી વર્ણવતા નીરખી, અથવા તો આ રીતે આંખે વારંવાર પાણી નિતારતાં અવલોકી અમોને દુઃખ થાય છે, એથી વધુ આશ્ચર્ય થાય છે અને કેટલીક વિચારણીય બાબતોમાં સલાહ લેવાની જે ભાવના કેટલાક મહિનાઓથી હૃદયમા ઉદ્ભવી છે એ પર ફરજિયાત દાટો મારી મૂંગા મૂંગા અહીંથી પસાર થવું પડે છે.

કુમારિકાઓ ! આજે હુ તમોને નિરાશ નહીં કરું. મારી પાસે બેસી જે કંઇ તમારા અંતરમાં ઉદ્ભવ્યું હોય તે વિનાસંકોચે કહી નાખો.

જ રીતે લાલ અને ઘડો એ બન્ને સર્વથા ભિન્ન હોવાથી વિશેષણ અને વિશેષ્ય ભાવ કેવી રીતે બની શકશે ?

ત્રીજી વાત એ છે કે ઘટમા રહેલા ઘટત્વને જો ઘટથી સર્વથા ભિન્ન માનશો તો એક આપત્તિ તમને વળગી પડશે, તે આ પ્રમાણે—ઘટમાં તો અનન્ત ધર્મો રહે છે, જ્યારે ઘટમા રહેલું ઘટત્વ, ઘટથી જુદુ છે તો પછી ઘટમાં રહેલા અનન્ત ધર્મો પણ ઘટથી જુદા છે એમ માનવું પડશે, તેમ થતાં તમારી જે છ દ્રવ્યની પ્રતિજ્ઞા છે, એ હવામાં ઊડી જશે.

આ પ્રમાણે સામાન્ય અને વિશેષના સ્વરૂપને યથાર્થ નહિ સમજનારા માટે જ અતત્વમાં આગ્રહ રાખનારા તીર્થાન્તરીયો (વૈશેષિકો) ન્યાયમાર્ગથી પડી જાય છે, કારણ કે સામાન્ય વિશેષ પદાર્થથી એકાન્તભિન્ન નથી, અને તે લોકોએ એકાન્તભિન્ન માન્યા છે એટલા માટે તેઓને સભામાં ચૂપ થઇ જવું પડે છે

જૈનદર્શનમાં સામાન્ય વિશેષ પદાર્થોમાં કથંચિત ભિન્નાભિન્ન સબંધથી રહે છે અને પરસ્પર સાપેક્ષ છે, અર્થાત સામાન્યને છોડીને વિશેષ, અને વિશેષને સામાન્ય પદાર્થમાં સ્વતન્ત્ર રહી શકતું નથી. વળી સામાન્ય વિશેષ:ને પદાર્થથી એકાન્ત ભિન્ન માનવામાં એક વસ્તુ-વિષયક અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ આમ બે પ્રતીતિ થઇ શકશે નહિ અને એકાન્ત અભિન્ન માનવામાં કા તો પદાર્થની સત્તા રહેશે અને કા તો સામાન્ય વિશેષની, તેમ થતાં સામાન્ય વિશેષનો વ્યવહાર અદૃશ્ય થઇ જશે, માટે પ્રમાણથી વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે, અને વૈશેષિકો ભિન્ન પ્રકારે માને છે, માટે તેઓ હાસ્યને પાત્ર છે

इतिशम् ।

ના, દાદીમા, એમ કહી નાખી અમારો સ્વાર્થ સાધી લેવાની અમારી ઉભયની લેશમાત્ર ઇચ્છા નથી અમોએ પાકો નિશ્ચય કરીને જ આજે તમારા કમરામા પગલા પાડ્યા છે સૌ પ્રથમ તમારા મુખે જ તમારી વર્તમાન કાર્યવાહી પરથી પડદો ઉચકાવવો છે, આખો પરના આસુ સુકાવી નાખવા છે અને પછી જ અમારા મનમા જન્મેલી શકાના સમાધાનમા આગળ વધવુ છે દાદીમાનો જવાબ સાભળતા પૂર્વે આસપાસના અકોડા મેળવી લઇએ કે જેથી વાર્તાપ્રવહમા આગળ વધતા જરાપણ મુશ્કેલી રહેવા ન પામે

અયોધ્યા નગરીમા ભરત મહારાજના રાજ્યકાળે, દેવનિર્મિત રમણીય રાજભવનના એક કમરામા આપણે પહોચવાનું છે. જે સમયની આ વાત છે એ વેળા નાભિરાજાના પુત્ર ઋષભદેવ ભાગવતી દીક્ષા સ્વયમેવ સ્વીકારી પૃથ્વીતલ પર જુદા જુદા પ્રદેશમા વિચરી રહ્યા હતા પરિષહો અને ઉપસર્ગોને સમભાવે સહન કરતા, કર્મ નિર્જરા અર્થે તપ તપતા, એક માત્ર કૈવલ્યની પ્રાપ્તિ અર્થે પોતાનો સર્વ સમય રોકી રહ્યા હતા દાદીમા તે સાધુ જીવનમા સૌપ્રથમ પગલા માડનાર શ્રી ઋષભદેવની માતાજી, નામ મરુદેવા અને પૌત્રીઓ તે પ્રથમ મુનિ થનાર ઋષભદેવની દીકરીઓ બ્રાહ્મી અને સુદરી યુગલિક કાળનો અસ્ત નાભિ કુલકરથી થયો એમ કહેવામા અતિશયોક્તિ ન લેખાય અકસ્માતથી યુગલિક જોડકાના પુરુષનો દેહાત થતા સ્ત્રીનો યોગ્યવયે શ્રી ઋષભ સાથે વિવાહ એ નૂતન યુગના મગળાચરણ

એ પછી રાજવી તરીકે શ્રી ઋષભે ભજવેલ ભાગ, એમા અસિ, મસી અને કૃષિ અથવા તો કટાર, કલમ અને હળના વિવિધ પ્રયોગો, શિલ્પ કળાના જ્ઞાન, આહારવિહારના નિયમ-આદિ ઘણી ઘણી વાતો પ્રથમ તીર્થપતિએ પોતાના અનુભવ જ્ઞાને જનતાને શીખવી ભોળા-ભલા યુગલિકોને વહેવાર માનવો બનાવ્યા કાળ બળના પરિવર્તનનો ખ્યાલ આપ્યો સસારી જીવનદ્વારા લગ્ન વ્યવહારના બોધપાઠ આપ્યા આમ લીલી વાડીના વિસ્તાર પછી માનવ જીવનના મુખ્ય ધ્યેયને પાર પાડવા, જેમ સાપ કાચળી ત્યજી દે છે તેમ આ સર્વ વૈભવ-વિલાસને છોડી દઇ એ ચાલી નીકળ્યા-ધ્યેય-પ્રાપ્તિમા લીન બન્યા.

દાદીમા! બ્રાહ્મીએ વાતનો આરભ કરતા કહ્યુ-તમો તો પ્રથમ તીર્થંકર થનાર અમારા પિતાના માતુશ્રી. તમોને એ અગે ચૌદ મહા સ્વપ્નો જોવાનો પ્રસગ પણ પ્રાપ્ત થયેલો એના ફળાદેશથી તમો શુ એ નહોતા જાણતા કે તમારો બાલુડો કાયમને માટે તમારી આખ હેઠળ નહીં રહે! તીર્થંકર થવુ એ જો ચોક્કસ વાત હતી તો એ અગે ઉપસર્ગોને કષ્ટો સહન કરવાના એ પણ ચોક્કસ હતુ જ આવી સાદી ને સીધી વાત તમારા સરખા દક્ષ માતા ન સમજે એ શુ સભવિત છે?

સુદરી: માજી! તમો તો અમારે સલાહ લેવા યોગ્ય છો બ્રાહ્મીએ જે કહ્યુ એ સર્વ સમજ્યા છતા તમારા સરખા રમણીરત્ને આસુ પાડવાના હોય ખરા? ભગવતની માતાનુ બિરુદ ધરનાર નારીનુ હૃદય આ પ્રકારે નબળુ કેમ હોઇ શકે? અમારા સરખી ઊગતી બાળિકાઓને તમારુ આશ્વાસન હોય કે આવી નબળાઇનો વારસો જે પુત્ર જાણીબૂજીને સ્નેહીઓના બધનો છોડી જાય છે અને રાજમહેલના સુખોને લાત મારે છે અને કોઇ અનોખી સિદ્ધિ અર્થે અરણ્ય કે ગિરિકદરામા ભ્રમણ કરે છે એ પુત્રનુ કાર્ય ગૌરવનો વિષય કે શોકનો? તમોને પુત્ર યાદ આવતો હશે તો

અમોને પિતાની છાયા જવાથી દુઃખ નહીં લાગતુ હોય ? પણ જે જ્ઞાન તમારા એ સતાને જગતને આપ્યુ છે અને સ્વજીવનમા જીવી દેખાડયું છે એનો વિચાર કરીએ તો ઇક્ષ્વાકુ-વશની ઉજ્વલતા એથી વધી છે આસુ સાર વાનુ કઇ જ કારણ નથી. એથી તો હર્ષની વૃદ્ધિ થવી જોઇએ

પુત્રીઓ ! તમોએ મારા રૂદન માટે કરેલુ અનુમાન બરાબર નથી. મારો દીકરો તીર્થ-કર થનાર છે એ વાત હુ એના જન્મકાળે જાણતી જ હતી. એણે દીક્ષા લીધી તેનું મને દુ ખ નથી મારા દુ ખનું કારણ તો એના સ બધી આપણ સર્વની, અને ખાસ કરી વડીલ પુત્ર ભરતની ઉપેક્ષા છે. એ તો આપણ સર્વને આ પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ સોપી પોતા ના ધ્યેય અર્થે ચાલી નીકળ્યો આવી પડતા દુ ખો સહન કરવામા એણે ફરજ માની, એ સારુ દૂર દૂર ભ્રમણ કરવામા ધર્મ લેખ્યો

પણ આવા વહાલસોયા પિતા પ્રત્યે દીકરા-નો કંઇ જ ધર્મ નથી ? અરણ્યવાસી એ આંત્મા શુ ખાય છે ? શુ પીએ છે ? કયા રહે છે અને કેવી રીતે ટાઢ-તાપના કષ્ટો વેઠે છે એના ખબર વારંવાર મેળવવા અને મારા સરખી માતાને જણાવવાની ફરજ એની ગાદીએ આવનાર ભરતની ખરી કે નહીં ? જેણે દેવ નિર્મિત નગરીમા અને વિવિધ પ્રકારના વૈભવમા જીવનનો અતિ મોટો સમય વ્યતીત કર્યો છે એ આત્મા વનવાસના કપરા કષ્ટો કેવી રીતે સહન કરતો હશે એ શું આપણા જેવા સ સારીઓએ જોવુ સરખુ પણ નહીં ? રાજ્યના કામો તો રોજના છે. મારો એ દીકરો હતો તો આ સાહ્યબી મળી એ ભલે પોતાના ધ્યેય અર્થે ચાલી નીકળ્યો, એથી માતાના હૃદયમાનું એનુ સ્થાન ચલિત ન થઇ શકે એ ત્યાગ ભલે કેળવે પણ હું તો રહી એની જનેતા. વળી રાગ વચ્ચે બેઠી છું મારાથી એનો સ્નેહ વીસાર્યો જાય તેમ નથી. મારો એ તનુજ શુ કરે છે ? કયા ફરે છે ? એના સમાચાર મને મળતા રહેતા હોય તો મારે આસુ સારવાનુ ન જ હોય. એના ગયા પછી એકાદ વાર એ જ્યા હોય ત્યા જવાનું બન્યુ હોય તો પણ આટલુ દુ ખ ન લાગે ! આ તો ભરત આદિ સૌ સૌના સ્વાર્થમા મચ્યા રહે, ત્યા ત્રિભુવનમા પણ જેની જોડ ન જડે એવા કુળદીપકનુ સ્મરણ આ ઘરડી માને થાય, આસુઓ આવે, અને સમજ હોવા છતા વલોપાત પણ થઇ જાય દીકરીઓ ! એ તો અનુભવનો વિષય છે માતા બન્યા વિના એ હૃદયની પિછાન શક્ય નથી

હા, આજે તમોને ચોખ્ખુ જણાવી દઉ કે મારા એ પુત્રે દીક્ષા લીધી ત માટે હુ આસુ સારતી નથી એમા તો હુ મારું અહોભાગ્ય માનુ છુ બાકી રાજ્યાસન પર ચઢી બેસનાર ભરત જ્યા લગી મને મારા પુત્રના દર્શન નહીં કરાવે ત્યા લગી સ્નેહની સરિતા ભુસાવાની નહીં જ.

બ્રાહ્મી દાદીમા, અત્યાર પર્યંત અમો સર્વ ભ્રમમા પડ્યા હતા અમે માનતા હતા કે માજીને પુત્રના વિરહનુ દુ ખ અતિશય લાગ્યુ છે, અરે એની પ્રવ્રજ્યા શોકનુ કારણ બની છે પણ આજે એ પડદો ચિરાયો છે માતાના હૃદયમા પુત્ર અગે સહજ ચિ તા ઉદ્ભવે જ તેથી તો કવિને ગાવુ પડ્યું છે કે—

'જનનીની જોડ સખિ નહીં મળે રે' અને નીતિકારો તો ભાર મૂકી વદે છે કે–' માતાના ઉપકારનો બદલો પુત્ર પોતાની અતિ ઘણી સેવાથી પણ વાળી શકતો નથી '

સુન્દરી. માજી, વડીલ ભ્રાતાને કાને તમારી

અભિલાષાનો સદેશ પહોંચાડવાનુ મારા શિરે સંતના વિહારસ્થળની તાકીદે ભાળ મગાવી પહેલામા પહેલી તકે ત્યા આપણુ સર્વને જેમ બને તેમ જલ્દી પહોંચવાનુ એ પણ ચોક્કસ

બ્રાહ્મી! તારી ચિરકાળ સચિત વાત કઈ છે, તે ઝટ બોલી નાખ

માજી! અમારા ઉભયના હૃદયમા આજ કેટલાક સમયથી એ સવાલ રમી રહ્યો છે કે નારીજાતિએ ઇચ્છા ન હોય તો પણ સસાર મા પડવુ જ જોઈએ? ફરજિયાત લગ્ન કરવા જ જોઇએ?

દાખલો આપતા કહેવાય છે કે એકવી પડેલી સુન દાને યૌવન પ્રાપ્ત થતા દાદાજીએ તેના લગ્ન કરી દીધા ને ઓછી જ તેને કુમારી અવસ્થામા રખાઈ!

કોઇક તો વળી કહે છે કે-નર કુવારો રહ્યો સાભળ્યો છે પણ નારી કુવારી સાભળી નથી.

એકાદ પડિત તો એટલે સુધી વદે છે કે-સ્ત્રીનો અવતાર જ એવો છે, એને પુરુષના શરણ વિના ચાલી શકતુ જ નથી બાલ્યકાળમા પિતાનુ, યૌવન વેળા પતિનુ અને વૃદ્ધાવસ્થામા પુત્રનુ શરણ હોય છે જ કિવા લેવુ પડે છે!

બાળાઓ! તમારો પ્રશ્ન તો જરૂર અદ્ભુત છે મારા જ્યેષ્ઠે એકને અઢાર લિપિમા દક્ષ બનાવી અને બીજીને ચોસઠ કળામા નિપુણ કરી એ સાથે જ દીર્ઘદર્શીતા સૂચવે છે

સરસ્વતી કુમારિકા જ કહેવાય છે અને કળા પણ બ્રહ્મચારિણી તરીકે વિખ્યાત છે એ ઉભયથી જેમના અંગો સપૂર્ણપણે ખીલી ઊઠ્યા છે એવી ઓ પૌત્રીઓ! તમોએ જે કઇ સાભળ્યુ છે એ વહેવાર પૂરતુ છે, બાકી પૂર્ણ સત્ય નથી.

નર કે નારી, ઉભયમા આત્મિક નજરે કઈ જ ભેદ નથી આત્મા અનતશક્તિનો સ્વામી છે ફક્ત એનુ એને સાચુ ભાન થવુ ઘટે શક્તિના પ્રદર્શન ટાણે કિવા વિકાસ કાળે સ્ત્રી-પુરુષરૂપ દેહના ભેદ આડે આવી શકતા નથી નારીજાતિ કુંવારી રહી શકે છે એટલુ જ નહીં પણ નરની માફક જગતમા સૌ કોઇ પુરુષાર્થ દાખવી શકે છે

માનવ ભવ સફળ કરવાના જે જે માર્ગો જ્ઞાની પુરુષોએ દાખવ્યા છે તે સર્વમા પુરુષ માફક સ્ત્રી પણ ભાગ ભજવી શકે છે

(ચાલુ)

સદુપદેશ

જગમાહી ઐસે રહો, જ્યો અમ્બુજ સરમાહિ,
રહે નીરકે આસરે પૈ જલ છૂવત નાહિ
દયા નમ્રતા દીનતા છિમા સીલ સંતોષ,
ઈનકુ લૈ સુમિરન કરે નિહચૈ પાવૈ મોખ,
ચરનદાસ યો કહત હૈ સુનિયો સંત સુજાન,
મુક્તિ મૂલ આધીનતા, નરક મૂલ અભિમાન

ચરનદાસજી

એકાન્તનો મહિમા.

અનુ૦ અભ્યાસી, બી. એ.

અનેક વખત એકાન્તદ્વારા માણુસ મોટી મોટી સમસ્યાનો ઉકેલ કરી લઈ, મોટા મોટા લાભના સાધનો શોધી કાઢે છે, ખોયેલી શક્તિ અને શાંતિ પ્રાપ્ત કરે છે છતાં પણ એકાંતનો મહિમા જાણતો નથી અને જે મોટા મોટા લાભ સ્વતંત્રતાપૂર્વક એકાંતસેવનથી સિદ્ધ થાય છે તેની ખાતર પરતંત્રતાના પંથે ભટકતો ફરે છે.

બુદ્ધિમત્તા પ્રાપ્ત કરવા માટે, યથાર્થ જ્ઞાન માટે, શક્તિ તથા શાંતિ માટે દ્વારો ખૂલ્યા છે, એ દ્વારોમાં કોઈપણ માણુસ એકાંત પંથનો આશ્રય લઈને પ્રવેશ કરી શકે છે અને બુદ્ધિમત્તા, જ્ઞાન, શક્તિ તથા શાંતિથી પોતાના જીવનને સમૃદ્ધ અને સંપન્ન બનાવી શકે છે.

જગતમાં સમયે સમયે માનવ જાતિને પ્રકાશ આપનારા જેટલા મહાપુરુષ થઈ ગયા છે અથવા તો વર્તમાન કાળમાં છે તે સઘળા પ્રાયે કરીને એકાંતનો આશ્રય લઈને ક્રિયાઓના કોલાહલને પાર કરીને આત્માની નીરવતા તથા પ્રશાંત ગંભીરતામાં સ્થિર થઈ શકયા છે અને તેઓએ સર્વોપરિ મહત્તા પ્રાપ્ત કરી છે, એવા જ લોકો ભોગ સુખોના પંથે અધીર બનીને દોડનાર અસ્તવ્યસ્ત ચંચળ મનુષ્યોને માર્ગ-દર્શન કરે છે, એમની જ દ્વારા અધઃપતિત માનવજાતિનું કલ્યાણ થાય છે.

સઘળા માણુસો એકાંતસેવી નથી થઈ શકતા; કેમકે સર્વસાધારણ મનુષ્યો એકાન્તનું મહત્વ નથી જાણતા. જેઓ પોતાની ઈન્દ્રિયોને વશ કરવા માટે એકાંતનિવાસ કરે છે, જેઓ પોતાનાં મનને વિષય સ્મરણથી દૂર કરીને ભગવાનના પવિત્ર સ્મરણમાં લગાડીને, વૃત્તિઓને અંતર્મુખી બનાવીને યોગના માર્ગે અગ્રસર થાય છે તેઓ જ એકાંતનો સર્વોત્કૃષ્ટ લાભ પ્રાપ્ત કરે છે.

એકાંતસેવનથી આપણા અંતઃકરણમાં સૌથી ઊંડી રહેલી વસ્તુઓનું અર્થાત્ વાસનાઓનું જ્ઞાન થાય છે. જેવી રીતે વધારે વખત બહાર કામ કરનાર માણુસ થાકીને પોતાના ઓરડામાં વિશ્રામ લે છે, ત્યારે પહેલેથી સંગૃહિત વસ્તુઓ ઉપર દૃષ્ટિ પડતાં જ નિર્ણય કરે કે તેમાંથી કયી કયી વસ્તુ સાર્થક છે; શુદ્ધ, સુંદર અને કિંમતી છે; કયી વસ્તુ નિરર્થક, અનાવશ્યક, અસુંદર અને તુચ્છ છે તેવી રીતે સાધક પુરુષ એકાંતમાં જ પોતાની અંદરની સાર્થક કે નિરર્થક, સુંદર કે અસુંદર, હિતપ્રદ કે અહિતપ્રદ વાસનાઓ, ઈચ્છાઓનો નિર્ણય કરે છે અને ત્યાંથી જ અંતઃકરણને શુદ્ધ કરવાની શક્તિ મળે છે તથા શક્તિનો સદુપયોગ કરવાની યોગ્યતા વધે છે.

દિવસના આરંભમાં એકાંતસેવનથી આખા દિવસના સમસ્ત કર્મોનું શુદ્ધ ચિત્ર બનાવી લેવાય છે અને દિવસને અંતે એકાંતસેવનથી દિવસભરમાં કરેલા કર્મોનું ઠીક ઠીક દર્શન થાય છે, એનાથી ભવિષ્યમાં કાર્ય-કુશળતાની વૃદ્ધિ થાય છે. જેવી રીતે બજારમાં ફરનાર માણુસ પોતાને ઘરે આવીને એકાંતમાં પોતાનાં કપડાં ઉતારે છે અને પોતાનાં વસ્ત્રહીન શરી-

રની સુંદરતા અસુંદરતાનું દર્શન કરે છે તે રીતે સાધક પુરુષ એકાંતમાં પોતાની ઉપર ચઢી ગયેલા આવરણ ઉતારીને નિરાવરણ સ્વરૂપને જોઇ શકે છે. એકાંતમાં જ જ્યારે ઇન્દ્રિયો મૌન થઈ જાય છે, મન ચૂપ થઇ જાય છે અને બુદ્ધિ સ્થિર થઇ જાય છે ત્યારે આત્માનું દિવ્ય દર્શન થાય છે, તેની દિવ્ય વાણી સંભળાય છે. એકાંત સેવનથી જ ચિત્તવૃત્તિ, શુદ્ધ જ્ઞાન તથા પવિત્ર પ્રેમની અનુગામિની બને છે અને ત્યારે જ સમગ્ર જીવન જ્ઞાનાલોકમાં પ્રેમમય થઇ જાય છે. જ્યારે જ્યારે બાહ્ય આમોદ-પ્રમોદજનિત સુખથી ચંચળતા વધે છે, થાક લાગે છે અને માનસિક નિર્બલતા ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે એકાંતસેવનથી જ તે ક્ષતિની પૂર્તિ થાય છે.

કોઇ નિર્જન સ્થાને પહોંચવા માત્રથી જ સંપૂર્ણ એકાંત થઇ જતો નથી. જ્યારે ઇન્દ્રિય, મન, બુદ્ધિ પણ એકાંતસેવી થાય છે ત્યારે જ સંપૂર્ણ એકાંત સિદ્ધ થાય છે. જ્યારે આપણે આપણા શરીરની દૃષ્ટિએ એકલા હોઇએ છીએ ત્યારે તે શરીરમાત્ર માટે એકાંત થાય છે. તેની સાથે જ્યારે ઇન્દ્રિયો માટે વિવિધ વિષય પંથ બંધ થઇ જાય છે ત્યારે ઇન્દ્રિયોનું એકાંત સિદ્ધ થાય છે. જ્યારે મનની વિષયોન્મુખ વૃત્તિઓને રોકીને યોગપંથમાં ઝુકાવવામાં આવે છે અને સંકલ્પો, વિકલ્પો, ઇચ્છાઓનો સારી રીતે નિરોધ કરવામાં આવે છે ત્યારે મનનું એકાન્ત સેવન સિદ્ધ થાય છે. એવી રીતે બુદ્ધિની આગળ જગત પ્રપંચ અથવા દૃશ્યમય દ્વૈત દૃષ્ટિ નથી રહેતી ત્યારે બુદ્ધિ એકાંતનિષ્ઠ થઇ જાય છે અને એથી આગળ વધીને જે કાંઇપણ આપણું માનીએ છીએ તેમાંથી આપણે આપણી જાતને કાઢી લઇએ તો 'અહં' એકાંતસેવી થઇ જાય છે. આ વિધિથી જ્યારે શરીર, ઇન્દ્રિયો તેમજ મન, બુદ્ધિ અને 'અહં' સઘળાં એકાંતસેવી થાય છે ત્યારે અચંચલતા, શુદ્ધતા, શક્તિશીલતા, યથાર્થ જ્ઞાન તથા પવિત્ર પ્રેમ અને પરમ શાંતિની સિદ્ધિ સુલભ બને છે.

અનેકતાનો જ્યાંથી આરંભ થાય છે અને અનેકતાનો જ્યાં અંત આવે છે તે જ વાસ્તવિક એકાંત છે. એકાંતથી જ સંસારનો આરંભ અને એકાંતમાં જ સંસારનો અંત છે, એવા એકાંતનો જે માણસ આશ્રય લે છે તેને સંસારાતીત સર્વાધાર સત્યનો પરમ ગાઢ અનુભવ થાય છે.

એકાંતસેવી પુરુષ સાધનાભ્યાસદ્વારા સર્વસંગત્યાગી બનીને સત્યાનંદનો નિત્ય યોગી બને છે. જે મનુષ્ય દુઃખોથી નિવૃત્તિ ચાહે છે, અસત્ પ્રપંચથી મુક્ત બનીને સત્યની ભક્તિ ચાહે છે, અંતઃકરણને શુદ્ધ કરનારી નિષ્કામ સેવા માટે શક્તિ ચાહે છે અને જેનાથી શાંતિ પ્રાપ્ત થાય છે એવી સાંસારિક ભોગસુખોથી વિરક્તિ ચાહે છે તે ક્રમે કરીને હમેશાં કર્તવ્ય કર્મોને પૂર્ણ કરતાં કરતાં સમય જતાં એકાંતમાં સાધનાભ્યાસી બને છે અને અસંગતાદ્વારા દિવ્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

માનવજીવન મહાવ્રત છે.

[શ્રી કિશોરલાલ મશરૂવાળાના ગુરુ સાધુચરિત શ્રી કેદારનાથજી જેઓ તત્ત્વચિંતકો અને વિદ્વાનોમાં 'નાથજી' ના ટૂંકા નામથી સુપરિચિત છે, તેમણે સૌરાષ્ટ્રનાં કેટલાંક સ્થળોમાં આપેલા પ્રવચનો સમાજસેવકોએ વિચારવા યોગ્ય હોઇને અહીં આપવામાં આવે છે]

ભાવનગરમાં

જેમ સવાર અને સાંજ થાય છે, જેમ નદીમાં પાણીનો પ્રવાહ અસ્ખલિત વહે છે, તેમ માનવીનું જીવન પણ ખાસ ધક્કા માર્યા વિના વહનની માફક ચાલ્યું જાય છે અને એક દિવસ વ્યક્તિનું મૃત્યુ આવીને ઊભું રહે છે, ત્યારે એવી કઇ વસ્તુ પ્રાપ્ત કરવાની છે કે જેથી મૃત્યુને વખતે આપણને આશ્વાસન મળે? દરેક માણસ પોતાના ગત જીવનનું અવલોકન કરે, તેના પર વિચાર કરે–કોઇના ચાલીસ વર્ષ ગયા હશે–એને એમ લાગશે કે બધાં સ્વપ્નવત્ ચાલ્યા ગયા અને ચાલ્યા જશે, આપણાથી રોકાશે નહિ

જીવન એવું ગાળવું જોઈએ કે એને અન્તે શોક ન થાય જ્ઞાન, શીલ, ચારિત્ર્ય, સંયમ, વિવેક આદિ માનવતાના ગુણો જો પ્રાપ્ત કર્યા હશે તો જીવનના અન્તકાળે દુઃખ નહિં થાય

સુખમાં જે માણસ વિવેક અને સંયમ જાળવી શકે તે જ્ઞાની એ જ રીતે દુઃખમાં ઉદ્વિગ્ન ન બનતાં પોતાનું કર્તવ્ય શાન્તિ, ધીરજ અને પ્રસન્નતાથી કરે તે પણ જ્ઞાની છે

જીવન સુખ અને દુઃખ બન્નેથી મિશ્રિત છે માત્ર સુખી કે માત્ર દુઃખી જીવન સંભવિત નથી. તેથી વિવેકી માણસ બેઉ સમયમાં ચિત્તને સ્થિર રાખી કર્તવ્ય કરે છે

સૌ કોઇ કહે છે કે જીવન સુખને માટે છે. હું કહું છું કે હા, છે પણ ખરી વાત એ છે કે સુખ શું એની જ સમજણ પડતી નથી

હું હજુ એ નથી સમજ્યો કે માનવજીવન એક પ્રકારના સુખ માટે છે હું તો માનું છું, માનવજીવન કર્તવ્ય માટે છે તે સુખચેનમાં વિતાવવાની વસ્તુ નથી માનવજીવન તો મહાવ્રત છે, એ વ્રત જીવનભરનું છે.

બાળક બત્તીને પકડે છે, પણ એક વાર દાઝ્યા પછી નહિ પકડે જે દુઃખ આપનાર વસ્તુ છે એને ત્યાગવી એનું નામ વિવેક આવો વિવેક અનુભવથી આવે છે પછી એ વિવેક મુજબ ચાલવાની શક્તિ જોઇએ. એ શક્તિનું નામ સાધના અથવા સંયમ

શરાબી પણ કહેશે કે શરાબ ખરાબ છે, એ મારે છોડવો છે, પણ કોઇ મિત્ર મળી જાય, કે પીઠા પાસેથી નીકળાય, તો મન રહેતું નથી. એનામાં સંયમની શક્તિ નથી મન મારું છે, પણ એ મારા કાબૂમાં ન હોય તો મારું શાનું?

આમ વિવેક હોય પણ સંયમ ન હોય તો નકામું છે એમ ને એમ ચાલે તો ધીમે ધીમે વિવેક પણ બંધ થઈ જાય પણ જેને આ મહાવ્રત પૂરું કરી કંઇક કમાવું છે, તેને તો વિવેક અને સંયમ જોઇએ જ સંયમ તો રોકવા માટે છે આ ઉપરાંત કર્તૃત્વશક્તિ પણ જરૂરની છે. જેમ સંયમ જરૂરી છે તેમ પ્રેરકબળ પણ જરૂરી છે તેનું નામ પુરુષાર્થ.

આવા ધનિક લોકો જણાવે છે કે ખૂબ કમાઓ અને પછી દાન આપીને ધર્મ પણ કરો, પરંતુ આ પદ્ધતિ ભૂલભરેલી છે દાન તો અપરિગ્રહી બનવાનો, મોહ છોડવાનો રસ્તો શિખવાડે છે. પરની લક્ષ્મી વિશેષ લૂંટીને થોડું દાન કરવાથી હેતુ સરતો નથી

પરંતુ હવે ગરીબોનો ભગવાન જાગ્રત થયો છે હવે તે કોઈને પણ ધનિક નહિં થવા દે. બુદ્ધિમાન અગ્રેજ લોકો ચેતી ગયા અને તેણે પોતાનુ થિર સલામત રાખ્યુ હવે મૂડીવાદી ઓનો વારો ચાલ્યો આવે છે તેઓએ પોતાને સલામત રહેવુ હોય તો શોષણદ્વારા થતી હિંસાનો ત્યાગ કર્યે જ છૂટકો છે દરેક માનવે એમ માનવુ જોઈએ કે સૌના કલ્યાણમા મારુ કલ્યાણ છે અને માનવ સમાજ એક છે.

હુ તમને ધન નહીં કમાવાની વાત નથી કરતો, પણ હૃદય પરિવર્તન કરવાનું કહુ છુ અમેરિકા, ચીન, ઇગ્લાડ, ભારત વિગેરેના લોકો મારા ભાઈઓ છે એમ સમજાય તો કદી વિશ્વયુદ્ધ થાય ખરૂં ?

જૈન સમાજ સબધી આશ્ચર્ય તો મને એ વાતનું થાય છે, કે અનેકાત દૃષ્ટિવાળા આ સમાજમા આટલા બધા વિખવાદ કેમ ? સમતાભાવ તો ભગવત મહાવીરના ધર્મનું મૂળિયું છે જો ભેદ-પથ-વાડા ભુલાઈ જશે તો ભગવાનનો ધર્મ જોરશોરથી પ્રચારી શકાશે ક્ષમાદૃષ્ટિ રાખીને દુનિયાને જોતા શીખો ક્ષમા, સયમ, તપ અને સત્ય એ અહિંસાના પાયા છે તેના વગર અહિંસક નહીં થવાય

શ્રમ કર્યા વગર આપણે અહિંસક નહીં રહી શકીએ. જીવન સબધી જેટલા આરભો-સમારભો છે તે બધા કરવા જોઈએ, પરંતુ તેમા બીજાના શોષણ પર આપણે નભશુ તો તે હિંસા કહેવાશે અહિંસાની સાધના ઘણી જ કઠિન છે, એક તરફ પૌદ્ગલિક ભાવ ખેચતાણ કરે છે તો બીજી બાજુ આત્મા સચેત બને છે. શરીર પહેલા પોતાનો વિચાર કરે છે અને આત્મા ઉત્કર્ષનો વિચાર કરે છે બીજાનું હિત હૈયે ધરવાથી આત્મા ધાર્મિક-શ્રદ્ધાળુ બની જાય છે

ભૂખ લાગે ત્યારે ખાવુ તે તો સ્વાભાવિક છે, પરન્તુ પોતાને ભૂખ લાગે ત્યારે બીજો કોઇ ભૂખ્યો તો નથી રહી જતોને તે વિચારવુ તેનુ નામ ધર્મ જડ અને ચેતન વચ્ચે જે સબધ હરહમેશ ચાલ્યા કરે છે તેમા આત્માને વિજયી બનાવવો તેનું નામ તપ-ત્યાગ અને અહિંસા સમજવી

જૈન ધર્મમા સ્પર્શાસ્પર્શ કે વર્ણભેદ નથી આ કલક તો હિન્દુ ધર્મમા છે. જૈનોએ આ વાતથી દૂર રહેવુ જોઈએ અને ભગવાન મહાવીરનો ધર્મ પણ તે જ કહે છે

આજની પરિસ્થિતિનો વિચાર કરીએ તો દરેક રાષ્ટ્ર યુદ્ધથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે, છતા યુદ્ધ સામગ્રી વિપુલ પ્રમાણમા તૈયાર કરે છે તો આજની માનવતાને યુદ્ધ-દાવાનલથી બચાવવાનો એક માત્ર ઉપાય ભગવત મહાવીરની અહિંસાનો જ છે.

આ પ્રયત્નનો વિશેષ ભાર ભગવત મહાવીરના સાચા અનુયાયીઓ પર છે અને મને ખાત્રી છે કે જૈન સમાજ ભગવંત મહાવીરના ધર્મને માનવતાનો ધર્મ, વિશ્વબંધુત્વનો આદર્શ બતાવી વિશ્વકલ્યાણ કરવાને શક્તિમાન થશે

---

* શ્રી મહાવીર જયતિ પ્રસગે ઇદોરખાતે કાકા કાલેલકરે આપેલ પ્રવચનનો સારભાગ

સભા સમાચાર.

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર)ના ત્રેપનમા વાર્ષિક મહોત્સવની ઉજવણી

ગત વર્ષની માફક સં. ૨૦૦૫ ના જેઠ સુદી ૧ ના રોજ સભાના મુખ્ય કાર્યવાહકો તેમજ, સભાસદો સારી સંખ્યામાં શ્રી તાલધ્વજગિરિ તીર્થ ઉપર સભાનો ત્રેપનમો વાર્ષિક મહોત્સવ ઉજવવા માટે ઉપસ્થિત થયા હતા. જેઠ સુદી ૨ ના રોજ સર્વેએ શ્રી તાલધ્વજગિરિની યાત્રા કરી હતી તેમજ શ્રી નવાણું પ્રકારી પૂજા ભણાવી પરમાત્માની આંગી રચના, રોશની વગેરે કરી દેવગુરુભક્તિ કરી બોરે વોરા હઠીસંગ ઝવેરભાઇ તરફથી સ્વામિવાત્સલ્ય થયુ હતું ને સર્વ આત્મકલ્યાણના કાર્યો સભા તરફથી કરવામાં આવ્યા હતા.

આ સભાનું પરમ ભાગ્ય છે કે દર વર્ષે દેવગુરુ ભક્તિ, તીર્થયાત્રા વગેરે બે તીર્થો ઉપર જઇ કરવામાં આવે છે. આ સભાના સભાસદો પણ પોતાનું સભાસદ તરીકે અહોભાગ્ય માને છે કે આ સભાના સભ્ય થવાથી તીર્થયાત્રા વગેરે માંગલિક પ્રસંગોનો ઉત્તમ લાભ દર વર્ષે મળે છે.

એ તો ! અલખ નિરંજન એકલો !

(લાવે લાવે મોતીશા શેઠ નમણ જળ લાવે છે—એ રાગ)

એ તો અલખ નિરંજન એકલો !
ચાલ્યો ! ચાલ્યો ! જંગલની વાટ ! ! ત્રિશલાનો નંદ એકલો !
એણે ઉતાર્યા અંગ આભૂષણો,
પંચ મુઠીએ કીધો રે લોચ ત્રિશલાનો નંદ ૧
નરનારી નગરના વડીલ જનો,
એમની આંખે આંસુડાની ધાર ત્રિશલાનો નંદ ૨
એને ઘોર અંધારી કાળી રાતડી,
ચાલી ઉપસર્ગો કેરી હાર ત્રિશલાનો નંદ ૩
એને ચંડકોશિક પગમાં ડસે,
બુઝ ! બુઝ ! કહે મહાવીર ત્રિશલાનો નંદ ૪
એને કાને ગોવાળો ખીલા ઠોકે,
એ તો ભૂલ્યો રે દેહના ભાન ત્રિશલાનો નંદ ૫
ચઢ્યો તપસી ધ્યાને આતાપનો,
ત્યાં તો જ્યોતિએ ઝળહળ્યા તેજ ત્રિશલાનો નંદ ૬
ઇંદ્રભૂતિ કહેનો ઇંદ્રજાળીયો,
એને ચરણે ઢળ્યા એના શીર ત્રિશલાનો નંદ ૭
ચાલ્યો ‘વૈરાટી’ એના ધ્યાનમાં,
રોમ રોમ થયો રે ઉજાસ ત્રિશલાનો નંદ ૮

રચયિતા—

ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી

અત્યાર સુધીમાં પ્રગટ થયેલા મ્હોટા, પ્રભુ ચરિત્રો ગ્રંથોનાં કરતાં આ ચરિત્રનુ અંદર અને બાહ્ય બન્ને વસ્તુ સ્વરૂપ અનુપમ છે જેમા પ્રભુના દશગણધરોનાં વિસ્તૃત પૂર્વભવના વૃત્તાંતો, પરમાત્માએ આપેલી દિવ્ય દેશના અને બોધપાઠો, અનુપમ કથાઓ અને અંતર્ગત કથાઓ, ૠતુ, રાજકીય, સમાજીક, વ્યવહારિક, નૈતિક, અનેક વિષયો ઉપરના વર્ણનો, કર્તા આચાર્ય મહારાજે સુંદર વિદ્વતાપૂર્ણ રસ, અલંકાર અને પ્રમાણિકપણે આપેલી સત્ય ઘટનાઓ, ભગવંતનો અપૂર્વ મહિમા અચિંતનીય માહાત્મ્ય વગેરે સર્વ વાંચવા જેવુ, વારંવાર મનન કરવા જેવુ, વાચકને આત્મશાંતિ ઉત્પન્ન કરનારૂ સુંદર શૈલી પૂર્વકનું ચરિત્ર છે વિશેષ લખવા કરતા વાચક સ્વયં સમજી શકે તેમ છે

કિંમત લેઝર પેપરની રૂા ૧૫-૦-૦ તથા ગ્લેઝ પેપરની રૂા ૧૩-૦-૦ પોસ્ટેજ જુદુ.

બીજા વર્ગના લાઇફ મેમ્બરો જો શ્રાવણ માસની આખર સુધીમા બીજા પચાસ રૂપીયા ભરી આપશે તો આ વર્ષની ભેટ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ભેટ આપવામા આવશે અને નહિ તો બે રૂપીયા ધારા પ્રમાણે કમી કરી આ ચરિત્ર રૂા ૧૩) લઇ ભેટ આપવામા આવશે

આ સભામાં નવા સભાસદોની થતી જતી વૃદ્ધિ અને છપાતાં ગ્રંથોની ભેટનો લાભ લેવા વગેરે નમ્ર સૂચના—

આ સભા તરફથી દર વર્ષે કાર્યવાહી સરવૈયું સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થતો હોવાથી, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફમેમ્બરોને આત્મકલ્યાણના સાધન (અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ માટે) કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતીમાતાઓ અને સત્વશાળી પુરુષોના સુંદર સચિત્ર મોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમેક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે નવા થનારા સભાસદોને નીચે આપવામા આવેલ છપાતા ગ્રંથો ભેટ મળી શકશે.

અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો

(અનુવાદ ગ્રંથો.)

૧ શ્રી દમયંતી ચરિત્ર (સચિત્ર) ૨ શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો, ૪ કથા રત્ન કોષ ૫ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર (સચિત્ર)

યોજનામાં—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું — આત્મ સં. ૫૩ — સંવત ૨૦૦૫

અંક ૧૧ મો — તા. ૧-૭-૪૯ — જેઠ

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત

૧૨૧૦

પ્રકાશકઃ—
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

અનુક્રમણિકા

૧ શ્રી શીતલનાથ જિન સ્તવન ... ... (પંન્યાસ લક્ષ્મીસાગરજી મહારાજ) ૨૨૯
૨ આ. ભગવાન શ્રીમદ્ વિજ્યાનંદસૂરીશ્વરજીની સ્તુતિ ... (મુનિશ્રી વિનયવિજયજી) ૨૩૦
૩ દ્વાત્રિંશિકા બત્રીશ બત્રીશીઓ ... ... (આ શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ) ૨૩૧
૪ વિચારશ્રેણિ ... ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૨૩૩
૫ ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ ...(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) ૨૩૬
૬ શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વિહરમાન જિન સ્તવનમાંહેનું અગિયારમા શ્રી વજ્રધર જિન સ્તવન
... ... (ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ) ૨૩૮
૭ શ્રી ગોધામંડન શ્રી નવખંડા પાર્શ્વનાથનું સ્તવન ... (અમરચંદ માવજી શાહ) ૨૪૨
૮ ધર્મ કૌશલ્ય ... ... (મૌક્તિક) ૨૪૩
૯ જૈન ધર્મ એ વિજ્ઞાન ધર્મ છે ... ... (શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈ) ૨૪૫
૧૦ વર્તમાન સમાચાર ૨૪૯
૧૧ સદ્ગુરુ-સ્મરણ... ... ...(મુનિશ્રી દેવેન્દ્રસાગરજી) ૨૫૧
૧૨ તવગર હો તો ઐસા હો! ... ... (શ્રી વેનજીભાઈ) ૨૫૨

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને નમ્ર સૂચના.

શ્રેયસ્કર, વિઘ્નહર શ્રી પાર્શ્વનાથ ભગવંત ચરિત્ર વિસ્તારપૂર્વક પૂજ્ય શ્રી દેવભદ્રાચાર્ય કૃત અનેક ત્રિરંગી સુંદર ચિત્રો સહિત, સુશોભિત પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છપાઈ પાનાનો સુંદર ગ્રંથ પેટ્રન સાહેબો, પ્રથમ વર્ગના લાઈફ મેમ્બરોને ભેટ મોકલી આપવાનું કાર્ય પૂર્ણ થયું છે જેઓશ્રીને ન મળેલ હોય તેમણે અમોને લખી જણાવવું. સ્થાનિક ભાવનગરવાળા મેમ્બરોએ પણ સભાએથી જલદી લઈ જવા સૂચના છે

બીજા વર્ગના લાઈફ મેમ્બરોએ તેઓશ્રીને ગયા અંક જણાવ્યા પ્રમાણે આસો સુદી ૨ સુધીમાં આ ગ્રંથ મંગાવી લેવો. રખેને જો સીલીકમાં નહિ રહે તો નકલ આપી શકશે નહિ. અને આવા ઉત્તમ ગ્રંથનો પણ લાભ ગુમાવવો પડશે. રૂ ૧૩-૦-૦ ની કીંમતમાંથી રૂા ૨) ભેટના કાપી આપશું તો રૂ. ૧૧) ભરીને ગ્રંથ લઈ જશો.

શ્રાવણ વદી ૩૦ સુધીમાં નવા થનારા પ્રથમ વર્ગના લાઈફ મેમ્બરોને પણ આ ગ્રંથ ભેટ આપવામાં આવશે.

શ્રાવણ વદી ૩૦ સુધીમાં બીજા વર્ગમાંથી વધુ રૂા. ૫૦) ભરી પ્રથમ વર્ગના થનાર લાઈફ મેમ્બરને પણ આ ગ્રંથ ભેટ આપવામાં આવશે.

નવા માનવંતા પેટ્રન સાહેબ,

શેઠશ્રી મનસુખલાલ દીપચંદ મહેતા (કમળેજવાળા)

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર

શેઠશ્રી મનસુખલાલ દીપચંદ મહેતા (કમળેજવાળા)

નો

જીવન પરિચય.

સૌરાષ્ટ્ર પ્રાંતના મુખ્ય શહેર ભાવનગર પાસે કમળેજ ગામમાં વીશાશ્રીમાળી જૈન વણિક ધર્મશ્રદ્ધાળુ મહેતા દીપચંદ ભાઈચંદને ત્યાં શ્રીયુત મનસુખલાલભાઈનો સંવત ૧૯૬૬ના ફાગણ સુદી ૧૩ના રોજ જન્મ થયો હતો. સ્કુલ શિક્ષણ જોઈતું લીધા પછી વીશ વર્ષની ઉમ્મરે મીલ મશીનરી સ્ટોર લાઈનમાં વડિલ બંધુ શ્રી ગિરધરલાલભાઈ વગેરે સાથે વ્યાપારમાં જોડાયા.

ભાઈ મનસુખલાલ લઘુવયથી હિંમતવાન, નિડર, બુદ્ધિશાળી, મીલનસાર હોવાથી તેમજ સાથ કુશાગ્ર બુદ્ધિવડે ઉપરોક્ત બીઝનેસમાં દિવસાનુદિવસ ભાગ્યયોગે જેમ જેમ આગળ વધવા લાગ્યા તેમ તેમ આર્થિક-સંપત્તિ વધતા વડિલ ગિરધરલાલની સાથે રહી ધાર્મિક ખાતામાં પણ યોગ્ય દ્રવ્યનો સદ્વ્યય કરવા લાગ્યા.

ઉપરોક્ત ધંધામાં શ્રમ અને ખંતવડે નિષ્ણાતપણું પ્રાપ્ત થતા પોતાની મેસર્સ વી રમેશચંદ્ર એન્ડ કંપનીના નામથી ચાલતી મુંબઈની પેઢીની સાથેસાથે આજે અમદાવાદ, કાનપુર તથા દેશાવરની ઘણી મીલોમાં પોતાના ધંધાની બહુજ પ્રગતિ કરી શક્યા છે અને મુંબઈમાં તો મીલ મશીનરી સ્પેરપાર્ટ બનાવવાની વર્કશોપ કરી ઘણી મીલોમાં સપ્લાયર તરીકે પોતાની આ લાઈનમાં ઘણી વિશાળતા પ્રાપ્ત કરી છે, હજુ આગળ વધવાની ઉમેદ પણ ધરાવે છે જેથી પૂર્વ પુણ્ય અને બુદ્ધિમત્તાએ કરી એક સારા ઉદ્યોગપતિ તરીકે ખ્યાતી મેળવી છે.

આવા ધર્મશ્રદ્ધાળુ, કુશળ અને શ્રીમંત વ્યાપારી આ સભાની વ્યવસ્થા અને દેવ, ગુરૂ, સાહિત્ય, જ્ઞાન-ભક્તિ અનેક રીતે થતી જોઈ આનંદપૂર્વક આ સભાના માનવંતા પેટ્રન થયા છે, જેથી આ સભા તેમનો આભાર માનવા સાથે શ્રી મનસુખલાલભાઈ દીર્ઘાયુ થઈ ધાર્મિક-શારીરિક અને આર્થિક સંપત્તિ વિશેષ-વિશેષ મેળવી આત્મકલ્યાણ સાધે તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

आचार्यभगवान श्रीमद् विजयानंदसूरीश्वरजीनी स्तुति.

શાર્દૂલવિક્રીડિત છંદ.

આત્મારામ સૂરીશ ગુણ સ્તવવા, સામર્થ્ય છે લેશ ના,
તોએ એ સૂરીશ ભક્તિ રૂપથી, ગાઉં જરા છંદમાં;
મારૂં સાચું નહિ જ, સત્ય મમ છે, એ ધ્યેયમાં ડોલતા,
કીધો સત્ય સ્વીકાર પાર અબ તો, સાધુ ભયે બોલતા.

મંદાક્રાન્તા.

આત્મારામે જગતભરમાં, ધર્મ ડંકો વગાડ્યો,
જેના નાદે વર અમરિકા, પ્રેમ ધર્મ જગાડ્યો;
તત્ત્વો વાંચ્યાં વીર વચનના, દેવી "રૂપા" તનુજે,
દિવ્યાકાશે, રવિ ભ્રમણતા, આ રવિ-દર્શનાર્થ.

દોહરા:

મૃત્યુ લોક ભૂગોળમાં, ગોળા પશ્ચિમ પૂર્વ,
પૂર્વ કીર્તિ ડંકાવડે, પશ્ચિમ લાભ અપૂર્વ;
નારી પૂછે નાથને, ગગન નિશાકર માંહ,
છિદ્ર સદા દેખાય છે, કારણ કુણ કલ્પાય?
શ્રાવક કહે સુણ શ્રાવિકા, આત્મારામ સુયશ,
ભેદીને એ ચંદ્રને, પ્રસર્યો સ્વર્ગ દિગંત;
પાતાલે પણ તાલથી, નાગ કરે ગુણગાન,
સાક્ષી સાગર પૂરતો, નીરખી ચંદ્ર નિશાન.

હરિગીત છંદ.

ત્રણ લોકમાં ગુરુદેવના, ગુણગાન સ્હેજે થઈ રહ્યા,
પાવન થયા તે સર્વ જે, ગુરુદેવના શરણે ગયા;
ગુરુદેવ ચરણો સેવતા, નિજ આત્મ લબ્ધિ લાભીએ,
ગુરુદેવકેરુ નામ "આત્મારામ" દે આરામને.
પંજાબી ક્ષત્રી વીર એ શાસનધુરંધર શ્રીસૂરિ,
સત્ત્વને પ્રતિબોધતા પરમાર્થ જીવનમયસૂરિ;
તપમૂર્ત્તિ ત્યાગ વિરાગમય શું શાન્ત રસ અવતાર એ,
તત્ત્વ નિર્ણય બોધના ગ્રંથો રચ્યા ઉપકાર એ.
ચારિત્રના 'ચૂડામણી, સમ્રાટ્ શાસનના અહો,
પંજાબ પંચાનન પ્રભુ કરુણાતણી મૂર્ત્તિ કહો;
ષટ્ શાસ્ત્રના વેત્તા કુતીર્થીવાદી ગજમદ કેસરી,
વીર શાસન નભ-દિવાકર વંદના હો ભૂરિભૂરિ.
પૂજ્ય સાધુવર્ગની, જે આજ સંખ્યા દેખીએ,
ગુરુદેવનો ઉપકાર એ, ત્યાં તત્ત્વ દીક્ષા પેખીએ;
જ્યાં જ્યાં ગુરુજી વિચર્યા, ઉપદેશ દીધો સામટો,
મહાવીરકેરા શાસને શો વાયદો વૈરાગનો.

મુનિશ્રી વિનયવિજયજી.

શ્રી સિદ્ધસેનસૂરિકૃત.

દ્વાત્રિંશિકા બત્રીશ બત્રીશીઓ.

(લેખકઃ—આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.)

(ગતાંક પૃષ્ઠ ૨૧૨ થી ચાલુ.)

ઓગણીશમા શ્લોકમાં અશોકવૃક્ષની, વીશમા શ્લોકમાં પુષ્પવૃષ્ટિની, ૨૧ મા શ્લોકમાં દિવ્ય ધ્વનિની, બાવીશમા શ્લોકમાં ચામરની, તેવીશમા શ્લોકમાં સિંહાસનની, ચોવીશમા શ્લોકમાં ભામંડલની, પચીશમા શ્લોકમાં દેવ–દુંદુભિની, ૨૬ મા શ્લોકમાં ત્રણ છત્રની, ૨૭ મા શ્લોકમાં સમવસરણના ત્રણ ગઢની શોભા વગેરે. જણાવી. ૨૮ મા શ્લોકમાં ઇંદ્રોથી પણ વંદન કરવા લાયક પ્રભુદેવ છે વગેરે બીના જણાવી. ૨૯ મા શ્લોકમાં પ્રભુદેવનું તારકપણું જણાવી, ૩૦ મા શ્લોકમાં વિરોધાલંકારની સંકલના કરી પ્રભુદેવની સ્તવના કરી છે. ૩૧–૩૨–૩૩ મા શ્લોકમાં કમઠનો ઉપસર્ગ, પ્રભુની આશાતનાનું ફળ વગેરે જણાવી સ્તુતિ કરી છે. ૩૪ મા શ્લોકમાં પ્રભુદેવના ચરણકમલની આરાધના કરનારા ભવ્યજીવોની પ્રશંસા કરી ૩૫ મા શ્લોકથી ૪૨ મા શ્લોક સુધીના ૮ શ્લોકોમાં કવિએ પ્રભુદેવના નામ–શ્રવણ–પૂજન–દર્શનાદિનો મહિમા જણાવી બહુમાનપૂર્વક અપૂર્વ સ્તુતિ કરી છે. ૪૩–૪૪ મા શ્લોકમાં કવિએ સ્વનામ તથા સ્તુતિનું ફલ જણાવ્યું છે.

પ્રસ્તુત સ્તોત્રની ઉત્પત્તિ વગેરે.

દિવાકરજી મહારાજા એક વખત વિક્રમરાજાની સાથે કુડંગેશ્વરના મંદિરમાં ગયા તેના દરવાજેથી પાછા ફર્યા. એટલે વિક્રમે પ્રશ્ન કર્યો કે–તમે દેવની આશાતના કેમ કરો છો? ને નમસ્કાર કરતા નથી તેનું શું કારણ? જવાબમાં સિદ્ધસેન મહારાજે કહ્યું કે–હે રાજન્! આ દેવ મારા નમસ્કારને સહન કરી શકે જ નહિ, તેથી હું તેમને નમતો નથી. કુતૂહલ જોવાની ઇચ્છાવાળા રાજાએ દિવાકરજીને કહ્યું કે–તમે આ દેવને નમસ્કાર કરો. જે ઉત્પાત થશે તેની જોખમદારી હું માથે લઉં છું. રાજા વિક્રમનું આ વચન સાંભળી પૂજ્ય દિવાકરજી મહારાજે શિવલિંગની સામે બેસી તેની સ્તુતિ ઉચ્ચ સ્વરે આ રીતે કરી.

"હે પ્રભુ! આપે જેવું ત્રણ જગતનું સ્વરૂપ જણાવ્યું છે તેવું બીજા તમામ પરતીર્થિકોએ જણાવ્યું નથી વ્યાજબી જ છે કે–ચંદ્ર એકલો છતાં જગતને પ્રકાશિત કરવાનું જે કામ કરે, તે શું ઉદય પામેલા બધા તારાઓ કરી શકે! અર્થાત્ ન જ કરી શકે. આપના વચનથી પણ કેટલાએક જીવો બોધ પામતા નથી, તે જ મને આશ્ચર્ય લાગે છે. વ્યાજબી જ છે કે સૂર્યના કિરણો કયા પદાર્થને પ્રકાશિત કરવામાં કારણભૂત ન થાય! અર્થાત્ તમામ પદાર્થોને પ્રકાશિત કરે છે. અથવા વિચાર કરતાં તેમાં મને આશ્ચર્ય લાગતું નથી, કારણ કે સૂર્યના કિરણો સ્વચ્છ છતાં પણ સ્વભાવથી જ કઠોર હૃદયવાળા ઘૂવડને કાળા કાળા જ લાગે છે. આ રીતે સ્તુતિ કર્યા પછી ન્યાયાવતાર, શ્રી વીરસ્તુતિ, અને બીજી ત્રીશ બત્રીશીઓ તેમજ આ કલ્યાણમંદિર સ્તોત્ર બનાવતાં—

यस्मिन् हरप्रभृतयोऽपि हतप्रभावाः ।
सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ॥

विध्यापिता हुतभुजः पयसाऽथ येन।
पीतं न किं तदपि दुर्धरवाडवेन ॥ ११ ॥

આ અગીઆરમો શ્લોક બોલતાં જ ધરણેંદ્ર પ્રકટ થયા. તેમના પ્રભાવથી શિવલિંગમાંથી ધૂમાડો નીકળવા લાગ્યો, તેથી બપોર છતાં રાત જેવો દેખાવ થઇ ગયો. લોકો ગભરાઇને ભાગવા જતાં માહોમાંહે અથડાવા લાગ્યા. ત્યારબાદ શિવલિંગમાંથી અગ્નિજ્વાળા પ્રકટ થઇ, ને અંતે શ્રી પાર્શ્વનાથની ચમત્કારિક પ્રતિમા પ્રકટ થઇ. આ બનાવ જોઇને રાજા વિક્રમ પ્રતિબોધ પામ્યો તેણે ધામધૂમથી દિવાકરજીને ઉજ્જયિનીમાં પ્રવેશ કરાવી, શ્રી જૈનેંદ્રશાસનની અપૂર્વ પ્રભાવના કરી. આ હકીકત સાંભળીને શ્રી સંઘે સિદ્ધસેન મહારાજના બાકીના પાંચ વર્ષ માફ કરી તેમને સંઘમાં દાખલ કરી સિદ્ધસેનદિવાકર તરીકે જાહેર કર્યા. આ શિવલિંગમાંથી કેટલાક વખત સુધી ફણાઓ પ્રકટી હતી. તેની પૂજા અન્ય ધર્મીઓ પણ કરતા હતા. લિખિત કથાવલી વગેરેમાં ઉપરની બીના કરતા જુદી જ બીના જણાવી છે, તે એ છે કે-બત્રીશીઓ દ્વારા સ્તુતિ શરૂ કરી અને બત્રીશમી બત્રીશી પૂર્ણ થતા વેંત જ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પ્રકટ થઈ આ રીતે પ્રભાવક ચરિત્રાદિને આધારે સ્તોત્રની ઉત્પત્તિને અંગે ટૂંક બીના જણાવી. હવે આ સ્તોત્રની ઉપર રચેલી ટીકાને અંગે ટૂંક બીના જણાવવી ઉચિત છે. તે આ પ્રમાણે ૧ શ્રી કનકકુશલ ગણિએ વિ. સં. ૧૬૫૨ માં આની ઉપર ટીકા રચી છે. તેમજ ૨ શ્રી માણિક્યચંદ્ર મુનીશ્વરે પણ ટીકા રચી છે. તે સુરત દે. લા. તરફથી છપાઈ છે. ૩ શ્રી હર્ષકીર્તિસૂરિએ ૫૨૫ શ્લોકપ્રમાણ ટીકા વિ. સં. ૧૬૬૮ માં ને ૪ સમયસુંદરગણિએ વિ. સં. ૧૬૯૫ માં તથા ૫ શ્રી જિનવિજય મુનિએ વિ. સં. ૧૭૧૦ માં ટીકા બનાવી છે. તથા ૬ ગુણસાગર મુનિએ ૫૫૦ શ્લોકપ્રમાણ ટીકા અને ૭ ચારિત્રવર્ધન ગણિએ ૪૮૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી છે. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ વગેરેમાં શ્રી હેમવિજયાદિ ટીકાકારોનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમાં ઘણીખરી ટીકાઓ અમુદ્રિત પણ છે. અહીં આ સ્તોત્રનો ટૂંક પરિચય પૂર્ણ કરું છું તે સાથે શ્રી સિદ્ધસેન દિવાકરજીના લભ્ય ગ્રંથોનો ટૂંક પરિચય પણ પૂરો થાય છે.

ભવ્યજીવો દિવાકરજી મહારાજના ગ્રંથોનો ટૂંક પરિચય જાણી, તેમણે આરાધેલા મોક્ષમાર્ગની પરમ ઉલ્લાસથી સાત્ત્વિકી આરાધના કરી મુક્તિના અવ્યાબાધ સુખ પામે એ જ હાર્દિક ભાવના.

મહાન ઉદ્દેશને ધારણ કરી તેને વળગી રહેનાર અવશ્ય તેને સિદ્ધ કરે છે, અવશ્ય મહાપદ પામે છે. પ્રથમ એક ઉદ્દેશ સારી રીતે સ્પષ્ટપણે નક્કી કરો. વિજય કહો, કે સિદ્ધ કહો, જીવનની સફળતા કહો કે ઉચ્ચપદની પ્રાપ્તિ કહો, એ સર્વ ઉદ્દેશને અનુસરે છે-ઉદ્દેશની પાછળ ખેંચાય છે; ઉદ્દેશને ધારણ કરવામાં જેણે વિજય મેળવ્યો છે તે વીર વિજયી જ છે.

વિચારશ્રેણિ

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

જો તમને આદરસત્કાર ગમતો હોય તો બીજાનો આદરસત્કાર જોઈને દુઃખ ન મનાવશો.

બુદ્ધિનો દુરુપયોગ કરી અણજાણોથી આદર મેળવી ફૂલી જનારની કોડીનીયે કિંમત નથી, પણ સદ્‌બુદ્ધિથી સમજુ ડાહ્યા-સજ્જનોથી આદર મેળવનાર જ પ્રશંસનીય હોઈ શકે છે.

ખોટું કહી ખોટ કાઢનાર તો ઘણાયે નીકળશે, પણ સાચું કરી બતાવનાર તો ભાગ્યેજ કોઈક નીકળશે.

ડહાપણ અને સદ્‌વર્તનમાં જરાય અંતર નથી માટે સદ્‌વર્તન વગર ડહાપણ હોઈ શકે જ નહિ.

સદ્‌વર્તન વગર વિદ્યા સદ્વિદ્યા થાય નહિં અને લોકહિત કરી શકાય નહિં.

આત્મજાગૃતિ વગરની જાગૃતિ અંતર્જગતમાં ગાઢતમ અંધકાર ફેલાવનારી છે.

તમે માત્ર લખેલું વાંચીને જાણકાર બનવા કરતાં લખનારના ભાવ વાંચીને જાણકાર બનવામાં લાભ મેળવી શકશો.

અશાંતિ અને સ્પૃહા બંનેનો ગાઢ સંબંધ છે માટે જો અશાંતિનું આવવું બંધ કરવું હોય તો સ્પૃહાની સોબત છોડી દો.

માનવી મિથ્યાભિમાનનો આશ્રય છોડી દે તો પછી તેને ક્રોધનો આદર કરવાની જરૂરત રહેતી નથી.

તમારે પોતાનો પ્રેમ કોઈને પણ આપવાની ઇચ્છા થાય તો પવિત્ર પુરુષોના ચરણે અર્પણ કરો.

રાગ એટલે તન્મય થઈ જવું માટે જ પ્રભુ ઉપર રાગ રાખ્યા વગર પ્રભુ બની શકાય નહિ.

જ્યાંસુધી તમને પોતાના દેહ ઉપર રાગ છે ત્યાંસુધી વીતરાગ થઈ શકશો નહિ.

જ્યાં સુધી તમને પ્રભુને ગમતું સાચું અને સારું નહિં લાગે ત્યાસુધી પોતાને ગમતું સાચું અને સારું માનવાની ભૂલ કરશો નહિં.

સાચું જ્ઞાન થયા વગર કેવળ પુસ્તકો વાંચવા માત્રથી દેહ તથા આત્માની ભિન્નતાની શ્રદ્ધા થતી નથી.

જીવને શરીર ઘણું જ વહાલું છે. સારામાં સારી મનગમતી વસ્તુથી પોષીને જાળવી રાખેલ છે છતાં છેવટે કાળ કોળિયો કરી જાય છે ત્યારે જીવ નિરાશ થઈને ચાલ્યો જાય છે.

જીવ માત્રને જીવાડવાની ઇચ્છા મૃત્યુને સીમાડે પહોચાડે છે.

જીવવાની તીવ્ર ઇચ્છાથી સંપૂર્ણ મૃત્યુ થતું નથી.

જીવવાને માટે જેટલો પ્રયાસ કરાય છે તે મોતને પોષવાનો ઉપાય છે.

બીજાને આપવું છે દુઃખ અને લેવું છે સુખ, તે કોણ આપે?

સુખીની અને શ્રીમંતની સહુ કોઈ ઇર્ષ્યા કરે છે પણ દુઃખીની અને કંગાળની કોઈપણ અદેખાઈ કરતું નથી.

બીજાનું સુખ પડાવી લેવાને સહુ કોઈ

પ્રયાસ કરે છે; પણ દુઃખની કોઇપણ દરકાર રાખતું નથી.

એક બીજાની વાણી, વિચાર તથા વર્તન *મનગમતાં હોય તો જ બીજાની સાથે સ્નેહની* સંધી થઇ શકે છે.

માનવીઓના જીવનપ્રવાહનું ભેગા મળીને એક જ દિશામાં વહેવું તે સ્નેહ કહેવાય છે.

વિષયાસક્તિ વગરનો સ્નેહ આત્મા પ્રત્યે જ હોઇ શકે છે.

જે સ્નેહ-પ્રેમ અથવા તો રાગમાં પાંચે ઇંદ્રિયોની વિષયાસક્તિનો અભાવ હોય તે જ સ્નેહ-પ્રેમ-રાગ પવિત્ર કહેવાય છે.

રાગ કર્મનો વિકાર હોવાથી જ પવિત્ર હોય તો પણ સંપૂર્ણ વિકાસનો તો બાધક જ છે.

તમને શું ગમે છે તે પહેલાં નક્કી કરો, અને તે પછી જ તેને મેળવવાને પ્રયાસ કરો; નહિં તો આવતીકાલે તમને અણગમો થશે તો તમારો પરિશ્રમ નિષ્ફળ જશે અને ચિત્ત ક્લેશથી વાસિત થશે.

બીજાની પાસેથી આદરસત્કાર તથા માન-મોટાઇ મેળવવાની લાલસાથી બીજાને ગમે તેવું બોલનાર તથા લખનાર માનવી પૈસા મેળવવાની ચાહનાથી શેઠની ખુશામત કરીને તેને ગમે તેવુ વર્તન રાખનાર હલકા નોકર જેવો છે.

કેવળ કળા-કૌશલ્યથી માનવીઓને રંજિત કરનાર સ્વપરનું કલ્યાણ કરી શકતો નથી.

સ્વયંપ્રકાશી સૂર્યની જેમ વિકાસી આત્મા જ માનવ સૃષ્ટિના અંતરમાં બોધનું અજવાળું કરી શકે છે.

જીવવાનું સાધન મેળવવા પૂરતી જ ઇચ્છા રાખનારને કાવાદાવા કરવાની જરૂરત રહેતી નથી.

મહાપુરુષોને તો પરમાર્થ જ સ્વાર્થ હોય છે.

સ્વાર્થનો ભોગ આપીને પણ જનકલ્યાણની પ્રવૃત્તિ આદરનાર સત્પુરુષ હોય છે.

લોકહિતના દેખાવ માત્રની પ્રવૃત્તિને ક્ષુદ્ર વાસના પોષવાની જાળ બનાવનાર, ભોળાં હરણાં ફસાવવા સંગીત ગાનાર પારધિ જેવો છે.

કીર્તિના લોભીની દશા ઘણી જ કંગાળ હોય છે.

વિષયાસક્ત માણસ આધ્યાત્મિક વાતો કરવા માત્રથી જ્ઞાનીઓની પંક્તિમાં ભળી શકતો નથી.

આત્માને ઓળખનાર કર્માધીન આત્માને દોષિત માનતો નથી.

હું જ સાચું જાણું છું એમ બીજાને જણાવવા વાચાળતાનો ઉપયોગ કરનાર આત્માને ઓળખી શકયો જ નથી.

આપત્તિ-વિપત્તિના સંઘર્ષણ વગર જીવન તેજોમય બની શકતું નથી.

સારું સારું ખાઈ-પીને ખુશી થવું અને મોત આવે ત્યારે મરી જવું એટલા માત્રથી માનવ જીવનની સફળતા થઇ શકતી નથી, પણ પોતાના જીવનને પ્રગતિશીલ બનાવી બીજાના જીવનને ઉજ્વળ-પવિત્ર બનાવવા *વ્યવસાયી જીવન સફળ કહી શકાય છે.*

દુનિયાની મુસાફરી માટે બધી દિશાઓ ખુલ્લી છે, માટે જેને જે દિશા ગમે તે દિશામાં મુસાફરી કરી શકે છે.

સ્વાર્થ પૂરતી જ સેવા તથા સત્કાર કરનાર ઉત્તમ પુરુષની પંક્તિમાં ભળવાલાયક નથી.

કોઇપણ પ્રકારના બદલાની આશા રાખી સેવા કરનાર સેવાભાવી કહી શકાય નહિ.

દાંભિકનો અમર્યાદિત આદર-સત્કાર અને

પ્રશંસા કરતાં, સરળનો સામાન્ય માત્ર આવકાર કરોડગણો ચઢિયાતો છે.

યોગ્યતા તથા ગુણ વગરની મોટાઈથી ભારે મરનાર ચંદનનો ભાર વહેનાર ખર જેવો છે.

ઉદાસ જીવન અને ઉદાર હૃદયવાળો નિર્ધન પણ શ્રીમંત અને પરમ સુખી છે, ત્યારે અધમ જીવન તથા કંજુસ હૃદયવાળો શ્રીમંત હોવા છતાં પણ કંગાળ અને પરમ દુઃખી છે.

માણસાઈથી માનવ જીવનનો વિકાસ સાધી મુક્તિ મેળવી શકાય છે.

માનવીની બીજી બધી સંપત્તિ કરતાં માણસાઈ સાચી સંપત્તિ છે.

ભૂતકાળને ભુલાવી આશા-લતાને નવપલ્લવ બનાવવા નવા વર્ષની શરૂઆત થાય છે.

સ્નેહના શિખરથી ઝરણાં ઝર્યા વગર માનવીઓના જીવનપ્રવાહોનો સંગમ થઈ શકતો નથી.

દુર્બુદ્ધિથી બીજાની ધન સંપત્તિનો દુરુપયોગ કરનાર કરતાં બીજાના સરળ અને પવિત્ર જીવનને મલિન બનાવનાર વધારે અપરાધી હોવાથી અધમતમ જીવન જીવનાર કહી શકાય છે.

હિતબુદ્ધિમાં કોઈપણ પ્રકારની વાસનાને સ્થાન હોતું જ નથી.

સ્વાર્થ સધાતો હોય તો જ ક્ષુદ્ર માનવી પરસ્પર સ્નેહ તથા મૈત્રી જોડીને જાળવી શકે છે.

અધમ કૃત્યોના અંગે પોતાના જ આત્માથી તિરસ્કાર પામેલો માનવી અજ્ઞાનીઓના આદર-સત્કારથી ભલે ગમે તેટલો ગર્વિષ્ઠ બને તોપે તેના આત્મામાં તો અપ્રસન્નતા તથા અશાંતિ રહેવાની જ.

આત્માનું અહિત કરી માન-પ્રતિષ્ઠા કે કીર્તિ મેળવનાર માનવ જીવનનો અનાદર કરે છે, માટે જ તે પ્રભુના વચનનો આદર કરતો નથી.

માનવ જીવનમાં મૂંઝવતા અનેક પ્રસંગો ઉપસ્થિત થાય છે, પણ માનવી પોતાની બુદ્ધિથી તેનો ઉકેલ લાવીને મૂંઝવણ દૂર કરે છે.

દાંત-શાંત તથા ક્ષમાશીલનું જીવન અમૃત જેવું મીઠું હોય છે, તેથી જનતા પોતાના જીવનમાં તેનો ઉપયોગ કરીને કડવાશ કાઢી નાંખી અમૃતમય જીવન બનાવે છે.

માનવ જીવન પવિત્ર બનાવવાને માટે એક બીજાના વિચારો લેવા-દેવાની અત્યંત આવશ્યકતા છે, પણ તેમાં વાસના, સ્વાર્થ તથા અપવિત્રતા અંશ માત્ર પણ ન ભળવાં જોઈએ.

વિશ્વવાત્સલ્યનો પાયો માનવતા છે. માણસાઈ ન હોય ત્યાં લગી માણસ મનુષ્યનું શરીર ભલે પામ્યો હોય, છતાં પણ તે સાચો મનુષ્ય ન ગણાય. જ્યાં લગી તે સાચો મનુષ્ય ન બને ત્યાં લગી, એ ગમે તેવો પોતાની જાતને ધર્મનિષ્ઠ માનતો હોય, પરંતુ તેની એક એક ધર્મક્રિયા એકડા વિનાના મીંડા જેવી છે: પછી એ જનસેવક ગણાતો હોય; મુમુક્ષુ ગણાતો હોય; તપસ્યા કરતો હોય કે તીર્થાટન કરતો હોય; માળા ફેરવતો હોય કે મંદિરમાં વસતો હોય.

મુનિશ્રી સંતબાલજી.

ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્ય યોગ.

લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ બી બી. એસ

ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને **સામર્થ્ય-યોગ** આ યોગત્રયી યોગની ભૂમિકારૂપ છે, અને તેમા ઇતર યોગીનો અવતાર-સમાવેશ સુગમતાથી થઇ શકે છે યોગની આઠ દૃષ્ટિ પણ જો કે તેનો સીધો આશ્રય કરતી નથી, તો પણ ગિરિમાંથી સરિતાની જેમ વિશેષે કરીને એમાંથી જ *ઉદ્ભવ પામેલી છે એટલે જ યોગદૃષ્ટિની ભૂમિકારૂપે ઉપયોગી જાણી શ્રી હરિભદ્રાચાર્યજીએ આ ત્રિયોગનું **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથના પ્રારંભમાં સંક્ષેપે નિરૂપણ કર્યું છે. તે આ લેખકે પ્રસ્તુત યોગ સ સવિવેચન ગ્રંથમા (જે છપાતો હોઈ હવે પછી બહાર પડશે) વિસ્તારથી ચર્ચ્યું છે. તે તત્ત્વરસિક સુજ્ઞ વાચકને રસપ્રદ-બોધપ્રદ થઈ પડશે એમ જાણી અત્ર આપવામા આવે છે તેમા—

ઇચ્છાયોગનુ સ્વરૂપ લક્ષણ ઉપન્યસ્ત કરતા મહર્ષિ **હરિભદ્રાચાર્યજી** પ્રકાશે છે કે—

**"कर्तुमिच्छो. श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादत ।
विकलो धर्मयोगो य: स इच्छायोग उच्यते ॥"**

(દોહરા)

ઇચ્છક શ્રુતજ્ઞ જ્ઞાનિનો, પણ પ્રમાદ પસાય,
વિકલ જે ધર્મયોગ તે, ઇચ્છાયોગ કથાય

અર્થ.—ધર્મ કરવાને ઇચ્છતા, અને આગમ-અર્થ જેણે શ્રવણ કર્યો છે એવા (શ્રુતાર્થ) જ્ઞાનીનો પણ, પ્રમાદને લીધે, જે વિકલ-અસંપૂર્ણ ધર્મયોગ, તે ઇચ્છાયોગ કહેવાય છે

વૃત્તિ.—**कर्तुमिच्छो.**—કરવાના ઇચ્છક, તેવા પ્રકારના ક્ષયોપશમ ભાવથી નિર્વ્યાજપણેજ (નિર્દંભપણેજ) કરવાને ઇચ્છતા એવા કોઇનો આને જ વિશેષણ આપે છે આ ચિકીર્ષુ-ધર્મ કરવાની ઇચ્છાવાળો કેવો વિશિષ્ટ હોય છે? તો કે—

श्रुतार्थस्य—શ્રુતાર્થ, એટલે જેણે અર્થ-આગમ શ્રુત કર્યું છે, શ્રવણ કર્યું છે એવો કારણ કે અર્થ શબ્દનો અર્થ આગમ વચન છે '**अर्थ्यतेऽनेन तत्त्वं**' આનાવડે કરીને તત્વ અર્થાય છે-શોધાય છે એટલા માટે

આ (શ્રુતાર્થ-શ્રુતજ્ઞાની) પણ કદાચિત્ અજ્ઞાની જ હોય-ક્ષયોપશમના વિચિત્રપણાને લીધે એટલા માટે કહ્યુ—

ज्ञानिनोऽपि—જ્ઞાનીનો પણ, અનુષ્ઠાન કરવા યોગ્ય-આચરવા યોગ્ય તત્ત્વાર્થ જેણે જાણેલ છે-સમજેલ છે, એવા જ્ઞાનીનો પણ એવા પ્રકારનો હોવા છતાં પણ શુ? તો કે—

प्रमादतः-પ્રમાદને લીધે, વિકથા આદિ પ્રમાદે કરી

विकलः—વિકલ, કાલ વગેરે વિકલતાને આશ્રી વિકલ-અસંપૂર્ણ.

धर्मयोगः—ધર્મયોગ, ધર્મ વ્યાપાર, यः—જે, વંદન આદિ વિધિથી स इच्छायोग उच्यते । તે 'ઇચ્છાયોગ' કહેવાય છે, અને આનુ ઇચ્છાપ્રધાનપણું તેવા પ્રકારે અકાલ આદિમા પણ કરવા થકી છે.

---

* "एतत्त्रयमनाश्रित्य विशेषेणैतदुद्भवा. ।
योगदृष्टय उच्यन्त अष्टौ सामान्यतस्तु ताः ॥"

શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લો૦ ૧૨

વિવેચન—

અહીં ઇચ્છાયોગનું સ્વરૂપ સ્પષ્ટપણે કહ્યું છે. જ્યાં ધર્મકર્ત્તવ્ય કરવાની સાચી અંતરંગ ઇચ્છાનું પ્રધાનપણું-મુખ્યપણું છે, તેનું નામ ઇચ્છાયોગ છે. તેવા ઇચ્છાયોગવાળો પુરુષ શાસ્ત્રવેત્તા અને સમ્યગ્જ્ઞાની હોય છે, પણ તેમ હોવા છતાં વિકથા વગેરે પ્રમાદને લીધે, તેનો તે ધર્મવ્યાપાર વિકલ એટલે કે ખોડખાંપણવાળો અસંપૂર્ણ હોય છે. આમ આ ઇચ્છાયોગી પુરુષના મુખ્ય લક્ષણ આ છે:—

(૧) ધર્મ કરવાની ઇચ્છા, (૨) શ્રુતાર્થ-શ્રુતજ્ઞાનીપણું, (૩) સમ્યગ્જ્ઞાનીપણું-સમ્યગ્દષ્ટિપણું, (૪) છતાં પ્રમાદજન્ય વિકલપણું.

ધર્મ કરવાની ઇચ્છા—પ્રથમ તો તે પુરુષ ધર્મકાર્ય કરવાની સાચે સાચી, ખરેખરી, નિર્દંભ, નિષ્કપટ, નિર્વ્યાજ અંતરંગ ઇચ્છાવાળો હોવો જોઇએ, કારણ કે જેમ સંસાર વ્યવહારમાં પ્રથમ કોઇપણ કૃત્ય કરવાની ઇચ્છા થાય છે ને તે પછી જ તેમાં પ્રવૃત્તિ થાય છે, તેમ પરમાર્થમાં પણ પ્રથમ તો ધર્મકૃત્ય કરવાની સાચી અંતરંગ ઇચ્છા ઊપજવી જોઇએ, તે ધર્મનું પહેલું પગથિયું છે. ધર્મ પ્રત્યેની એટલે કે મોક્ષસાધન પ્રત્યેની તેવી અંતરંગ ઇચ્છા, પરમ રુચિ, પરમ પ્રીતિ, ભક્તિભાવ, પ્રશસ્ત રાગ, સાચો 'રંગ' જ્યાં લગી ન હોય ત્યાં લગી ધર્મક્રિયામાં સાચો રસ ઉપજતો નથી, 'છાર પર લિંપણા' જેવી નીરસ શુષ્ક ક્રિયા યંત્રવત્ જડપણે થયા કરે છે, પણ તેમાં જોઇએ તેવી મજા આવતી નથી, અમૃતસરોવર ભર્યું હોય, પણ તેની મીઠાશ તો તૃષાતુરને જ આવે છે. ભોજનની ખરી મીઠાશ સાચી ભૂખ લાગી હોય તેને જ આવે છે; માટે ધર્મની સાચી ઇચ્છા-તમન્ના-લગની લાગવી જોઇએ, એ સૌથી પ્રથમ જરૂરનું છે. એટલે જે સાચા 'જોગીજન' છે, તેમનામાં તો તેવી સાચી ઇચ્છા હોવી જ જોઇએ, એ યોગની પ્રથમ ભૂમિકા છે. અને તે જોગીજનને ઇચ્છા પણ શી છે? 'મૂળ શુદ્ધ તે આત્મપદ' રૂપ શુદ્ધ ધર્મની-મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજી ઇચ્છા તે મુમુક્ષુ, આત્માર્થી જોગીજનોને હોતી જ નથી. તેઓને તો એક આત્માર્થનું જ કામ હોય છે, બીજો મન-રોગ હોતો નથી.

"ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ."

"કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ."

"પરિચયી! તમને હું ભલામણ કરૂં છું કે તમે, યોગ્ય થવાની તમારામાં ઇચ્છા ઉત્પન્ન કરો."

"તૃષાતુરને પાવાની મહેનત કરજો, અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો." ઇત્યાદિ

—શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રી પ્રતિક્રમણ સૂત્રમાં ઘણા સૂત્રો× 'इच्छामि' 'इच्छकार' વગેરે પદથી શરૂ થાય છે એની પાછળ પણ એ જ રહસ્ય રહેલું છે, કે પ્રત્યેક ધર્મક્રિયામાં પ્રથમ ઇચ્છાયોગ હોવો જોઇએ. જેમકે-इच्छामि खमासमणो, इच्छाकारेण संदिसह भगवन्. તેમજ આ ગ્રંથના મંગલાચરણમાં પણ તે ઇચ્છાયોગ જ કહ્યો છે, તે પણ ગર્ભિતપણે એમ સૂચવે છે કે ઇચ્છાયોગ એ જ યોગનું મંગલાચરણ છે, પ્રથમ પગથિયું છે, યોગનું પ્રવેશદ્વાર છે.

અને આ ધર્મ-ઇચ્છામાં પણ બીલકુલ નિષ્કપટપણું, માયાચાર રહિતપણું હોવું

× "कायोत्सर्गादिसूत्राणां श्रद्धामेधादिभावतः।
इच्छादियोगे साफल्यं देशसर्वव्रतस्पृशाम्॥"

શ્રી અધ્યાત્મસાર

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન જિન સ્તવનમાંહેનું

અગિયારમા શ્રી વજ્રંધર જિન સ્તવન.

સ્પષ્ટાર્થ સાથે.

સં. ડાક્ટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી.

વિહરમાન ભગવાન સુણો મુજ વિનતી,
જગતારક જગનાથ અછો;
ત્રિભુવનપતિ ભાસક લોકાલોક તિણે જાણો છતી,
તોપણ વીતક વાત કરું છું તુજ પ્રતિ૦ ૧

સ્પષ્ટાર્થ:—મહાવિદેહમાં વિચરતા, ભવ્યજનોને ભવસમુદ્રથી પાર ઉતારનાર, સર્વ પ્રાણીમાત્રના હિતચિંતક તથા રક્ષા કરનાર, ત્રિલોક પૂજ્ય તથા ત્રિલોકસ્વામી, હે શ્રી વજ્રધર ભગવંત! આપને જીવ અજીવ આદિ કોઇ પણ પદાર્થ ઉપર રચમાત્ર પણ રાગ-દ્વેષ, મોહ વા મમત્વ પરિણામ નથી તેથી કોઇ પણ દ્રવ્ય આપના સહજ પરિણમતા જ્ઞાનપ્રકાશને વ્યાઘાત કરી શકે તેમ નથી. તેથી આપ કોઇ પણ દ્રવ્ય, કોઇ પણ ક્ષેત્ર, કોઇ પણ કાળ વા કોઇ પણ ભાવમાં સ્ખલના નહિ પામતાં સ્વક્ષેત્રે સ્થિર રહી સકલ લોકાલોકના ત્રૈકાલિક ભાવને હસ્તામલકવત્ પ્રત્યક્ષ સમકાલે જાણો છો, તો પણ હું મોહવશે અજ્ઞાન હોવાથી અવિવેકી તથા અધીર થઇ મેં ચાર ગતિરૂપ ઘોર ભવાટવીમાં ભમતાં જે જે દુરાચરણ તથા દુઃખક્લેશાદિ સેવ્યાં તે સર્વે આપને અશરણ શરણ જાણી આપ પ્રતિ નમ્રતાપૂર્વક નિવેદન કરું છું તે કરુણાપૂર્વક લક્ષમાં લેશો.

હું સ્વરૂપ નિજ છોડી રમ્યો પર પુદ્ગલે,
ઝીલ્યો ઊલટ આણી વિષય તૃષ્ણા જલે;

જોઇએ; દાભિક ડાળઘાલુપણું, ધર્મઢોંગીપણું, બગલાભગતપણું ન જ હોવું જોઇએ, ધર્મીમાં ખપવા ખાતરનો દંભ નજ હોવો જોઇએ; ને તો જ તે સાચી ધર્મઇચ્છા–મુમુક્ષતા* કહી શકાય

"કપટ રહિત થઇ આતમ અરપણા રે,
આનંદઘનપદ રેહ."
—શ્રી આનંદઘનજી

"દુર્બલ નગ્ન ને માસ ઉપવાસી, જો છે માયારંગ રે;
તોપણ ગર્ભ અનંતા લેશે, બોલે બીજું અંગ રે."
—શ્રી યશોવિજયજીકૃત સાડા ત્રણગાથાસ્ત.

"आत्मार्थिना ततस्त्याज्यो,
दंभोऽनर्थनिबंधनम् ।
शुद्धिः स्यादृजुभूतस्ये-
त्यागमे प्रतिपादितम् ॥"
—શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મસાર

અર્થાત્ એટલા માટે આત્માર્થીએ અનર્થના કારણરૂપ દંભ (ઢોંગીપણું) છોડી દેવું જોઇએ, ઋજુની-સરળતાવંત પુરુષની શુદ્ધિ હોય છે, એમ આગમમાં કહ્યું છે." (ચાલુ)

---

*"सुहुमस्स जहा खणमवि,
विच्छिज्जइ णेव मोक्खे इच्छा ।
एवं मोक्खत्थीणं छिज्जइ,
इच्छाण कज्जंमि ॥"
—શ્રી યશોવિજયજીકૃત યતિલક્ષણસમુચ્ચય.

આશ્રવ બંધ વિભાવ કરું રુચિ આપણી,
ભૂલ્યો મિથ્યાવાસ દોષ દું પરભણી. ૨

સ્પષ્ટાર્થ:—અચલ, અબાધિત, નિરુપાધિ, સ્વતંત્ર અને સહજ પરમાનંદમય મારા આત્મસ્વરૂપને અનાદિ અજ્ઞાનવશે નહિ જાણતાં સહજ આત્મીય પરમાનંદનો વિયોગી રહી મારા આત્મદ્રવ્યથી પર, ક્ષણભંગુર તથા અચેતન જે પુદ્ગલ દ્રવ્ય તેમાં સદા આસક્ત-લીન રહ્યો તથા જે પૌદ્ગલિક વિષયો અજ્ઞાનવશે ભોગવતાં મધુર-પ્રિય લાગે છે પણ વિપાક કાલે કિંપાક ફલની પેઠે વિરસ પ્રાણઘાતક છે, તથા જેમ ખસને ખણતાં શાંતિ થતી નથી પણ ઊલટી ચળ વધે છે તેમ વિષયો ભોગવતાં શાંતિ-તૃપ્તિ થતી નથી પણ ઊલટી તૃષ્ણા વધે છે તેથી પરિણામે દુઃખવર્ધક છે. તથા તે વિષયોમાં લીન થતાં મૃગ-તૃષ્ણાની પેઠે નિરંતર દુષ્ટ અભિપ્રાયો ઊપજે છે તથા તે ભોગવ્યાથી અનેક પ્રકારે કર્મબંધ થવાથી નરકાદિ દુઃખદાયક કુગતિ, કુયોનિની પ્રાપ્તિ થાય છે. તથા વિષયરસરૂપ મદિરામાં મદોન્મત્ત થતાં યોગ્ય અયોગ્યનું-હેયાદેયનું ભાન નષ્ટ થાય છે, અને તેથી જ્યારે મહાદુઃખમય ઘોર ભયંકર નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે ત્યારે અતિશય પશ્ચાત્તાપ ભોગવવો પડે છે. જેમ લીંબડામાં વસતો કીડા લીંબડાના કટુ રસને પણ મધુર માની સેવે છે, તેવી રીતે મિથ્યાદષ્ટિવડે મોક્ષસુખથી પરોક્ષ વિપરીત જે વિષયભોગ વાસ્તવિકરીતે દુઃખ છે તેને સુખ માની સેવે છે તથા જે જલના પ્રવાહ તથા વિજળીના ચમકારની પેઠે ક્ષણિક છે તેથી અવશ્ય જેનો વિયોગ થવાનો છે એવા મહાન્ શત્રુરૂપ પુદ્ગલોના વિષયોની તૃષ્ણારૂપ જલમાં હું સદા હર્ષપૂર્વક ક્રીડા કરતો નિમગ્ન રહ્યો તેથી આત્મસ્વરૂપને ભૂલી શુદ્ધાત્મા સ્વરૂપથી પરાઙ્મુખ થઇ અત્યંત દુઃખદાયક ભવસમુદ્રમાં ભ્રમણ કરાવનાર જ્ઞાનાવરણીયાદિ કર્મના આશ્રવ (પાંચ પ્રકારના મિથ્યાત્વ, બાર પ્રકારની અવિરતિ, પચીશ કષાય તથા પંદર યોગ) તથા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બંધના હેતુ રાગ-દ્વેષ-મોહાદિ વિભાવ તરફ મેં રુચિ કરી તથા મિથ્યાત્વ ગુણસ્થાનકે વસતાં મિથ્યાત્વના આવેશમાં સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્રમય આત્મસ્વરૂપને ભૂલી, અનેક પ્રકારના કર્મ બાંધી તેના દુષ્ટ ફલનો ભાગી થયો અને તે દુષ્ટ વિપાકના અવસરે મારા પૂર્વકૃત કર્મનો દોષ ન વિચાર્યો અને અમૂલ્ય જિનવચનનું વિસ્મરણ કરી, અમુકે મને ક્રોધ ઉપજાવ્યો, માનમાં પાડ્યો, માયા તથા લોભમાં પ્રવૃત્ત કર્યો તથા શોક, ભય, અરતિ, જુગુપ્સા વિગેરે કષાયો ઉપજાવ્યા એમ કહી પરને દોષ દીધો. અને મારા પૂર્વકૃત દુષ્ટ કર્મ તરફ લક્ષ નહીં દેતાં નિમિત્ત માત્રને પરદ્રવ્ય તેને દોષ દીધો અને હાલ પણ તેમજ વર્તું છું. "જો કર્તા સો ભોક્તા" એવા જગજાહેર તથા સર્વમાન્ય જિનેશ્વરના વચનનો નિરાદર કર્યો.

અવગુણ ઢાંકણ કાજ કરું જિનમત ક્રિયા,
ન તજું અવગુણ ચાલ અનાદિની જે પ્રિયા;
દૃષ્ટિરાગનો પોષ તેહ સમકિત ગણું,
સ્યાદ્વાદની રીત ન દેખું નિજપણું. ૩

સ્પષ્ટાર્થ:—અનાદિથી અજ્ઞાનવડે પ્રિય થઇ પડેલી કુદેવ, કુગુરુ અને કુધર્મને સન્માનવા-આદરવારૂપ મિથ્યાત્વ, અજ્ઞાનની તથા ક્રોધ-માન-માયા-લોભ-હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા તથા વેદરાગ વિગેરેની દુષ્ટ ચાલ પ્રવૃત્તિનો તો ત્યાગ કર્યો નહીં, અને શ્રી જિનેશ્વર ભગવંતે બતાવેલી સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, વંદન, સ્તવન, પૂજા વિગેરે ક્રિયાઓ, અપમાન નિંદા તથા દુરાચરણ ઢાંકવા માટે, આ લોક પરલોકના વિષયભોગની આકાંક્ષા સહિત

તથા માયા, મિથ્યાત્વ અને નિદાન શલ્ય સહિત આદરી. "વૈરાગ્યરંગો પર વંચનાય, ધર્મોપદેશો જનરંજનાય" એમ વિષ, ગરળ અને અન્યો-અન્યાનુષ્ઠાન સેવતા સાંસારિક દુઃખથી મારી નિવૃત્તિ થઇ નહીં, કારણ કે જેમ ચૂની વિના તાંબૂલ અને પાસ વિના વસ્ત્ર રંગ પામે નહીં તથા જેમ અંક વિના મીંડા નિષ્ફળ થાય તેમ શુદ્ધાત્મ ભાવ રહિત દાન, શીલ, તપ અને ભાવના સંસારથી મુક્ત કરી શકે નહીં જલ વિના જેમ સરોવર, સુગંધી વિના જેમ કમલ, ચંદ્રમા વિના જેમ રાત્રિ, સૂર્ય વિના જેમ દિવસ તથા જીવ વિના જેમ શરીર શોભા પામતાં નથી તેમ ભાવ વગર સાધ્ય નિરપેક્ષ ક્રિયાઓ શોભા પામતી નથી પણ જો તે આવશ્યક આદિ ક્રિયાઓ ભાવપૂર્વક કરવામાં આવે તો તે મોક્ષનું કારણ થાય જેમ અંક સહિતનાં મીંડા દશ-ગુણી સંખ્યા વધારનાર થાય છે તેમ ભાવનું સ્વરૂપ જાણવું જોઇએ "ઉપયોગો ભાવ ઇતિ" અર્થાત્ સૂત્રની સાખે વીતરાગની આજ્ઞાએ જ્ઞાન-પૂર્વક, હેય ઉપાદેયની પરીક્ષા કરી, અજીવ તત્ત્વ તથા આશ્રવ તત્ત્વ, તથા બંધ તત્ત્વ ઉપર ત્યાગ ભાવ અને જીવના ગુણ જે સંવર, નિર્જરા, મોક્ષ તત્ત્વ ઉપર ઉપાદેય પરિણામ તે ભાવ છે; માટે શુદ્ધાત્મ ભાવ સન્મુખ અર્થાત્ આપણા આત્માને રાગ, દ્વેષ, મોહથી માત્ર નિવૃત્ત કરવાના પરિણામ સહિત જો આવશ્યકાદિ કરણીઓ કરવામાં આવે તો તે અવશ્ય મોક્ષનુ કારણ થાય

શુદ્ધ સમકિત તેજ શિવનો હેતુ, તથા સંવરની વૃદ્ધિ કરનાર, નિર્જરાનું કારણ હોવાથી સર્વ ધર્મનું મૂલ તથા મોક્ષ-મહેલમા પ્રવેશ કરવા માટે દ્વાર સમાન, ચારિત્ર-મહેલની પીઠિકા, તથા રત્નત્રયના ભાજનરૂપ છે. એવા આપનાં પવિત્ર વચનો વાંચી સાંભળી મેં સમકિતને અમૂલ્ય રત્ન સમાન તો જાણ્યું પણ હે ભગવંત! આપ તો નય-ભંગ-પક્ષ-પ્રમાણ સહિત સ્યાદ્વાદ નયે જીવાદિ તત્ત્વને જે યથાર્થ જાણે છે તેમજ શ્રદ્ધા કરે છે તથા હેયનો ત્યાગ કરવાની તથા ઉપાદેય ભાવને આદરવાની રુચિ હોય તેને સમકિતી કહો છો પણ તે પ્રમાણે તો મેં સ્યાદ્વાદનયે આત્મતત્ત્વનું સ્વરૂપ યથાર્થ જાણ્યું, સદ્દહ્યું નહી, તથા સમકિતના જે સડસઠ બોલ આપે કહ્યા છે તે જાણ્યા વગર તથા જે દોષો લેઇએ તેની મારામા પ્રગટતા થઇ છે કે નહીં તેનો વિચાર કર્યા વિના, સમકિતના લક્ષણોની પ્રાપ્તિ વિના, માત્ર દૃષ્ટિરાગના પોષને અર્થાત્ નય-નિક્ષેપ, પક્ષ, પ્રમાણવડે પરીક્ષા કર્યા વગર કુલક્રમાનુગત દેવ-ગુરુ-ધર્મની દ્રવ્ય પરંપરાએ શ્રદ્ધાને સમકિત ગણી ક્રિયા-નુષ્ઠાન સેવ્યાં પણ નિશ્ચય સમકિત વિના મને મોક્ષફલની પ્રાપ્તિ થઇ નહીં.

મન, તનુ ચપલ સ્વભાવ વચન એકાંતતા,
વસ્તુ અનંત સ્વભાવ ન ભાસે જે છતાં,
જે લોકોત્તર દેવ નમું લૌકિકથી,
દુર્લભ સિદ્ધ સ્વભાવ પ્રભો તહકીકથી. ૪

સ્પષ્ટાર્થઃ—જેમ મોરલીના સ્વરમાં લીન થઇ નાગ પોતાના મસ્તકને મોરલી પ્રમાણે ડોલાવે છે, તેમ હું પણ પાંચ ઇંદ્રિયોના વિષયોમાં લીન મારા આત્મપરિણામને ચપલ કરી, કર્મ-જાલમાં ફસાયો, તથા મિથ્યાત્વના આવેશમાં અનંતધર્માત્મક વસ્તુમાંથી કોઇક ધર્મને મુખ્યતયા વખાણતાં બાકીના ધર્મોની ગૌણપણે પણ અપેક્ષા નહિ રાખવારૂપ એકાંત વચન અર્થાત્ દુર્નયને ગ્રહણ કર્યો, તે પ્રમાણે મેં વસ્તુસ્વરૂપ સદ્દહ્યું તથા બીજાને પણ તેમજ એકાંતે ઉપદેશ આપ્યો પણ અનંત ધર્માત્મક વસ્તુસ્વરૂપને મેં યથાર્થ જાણ્યું નહીં. અનંત ગુણપર્યાયનો ભાજન તે દ્રવ્ય વસ્તુ છે માટે દરેક વસ્તુમાં અનંત ભાવ છતા છે, તે મેં એકાંત-મિથ્યાત્વવશે ન જાણ્યા-

એમ મિથ્યાત્વ ભાવમાં ફસી રહ્યો અને તેથી ઇંદ્રગણે વંદિત, ત્રિલોક પૂજ્ય, જે લોકોત્તર અરિહંત દેવ તેઓને લૌકિક રીતે અર્થાત્ અજ્ઞાન અને રાગ સહિત, પરભાવના કર્તાહર્તા જાણી, આ લોક, પરલોક સંબંધી વિષયોની પ્રાપ્તિ અર્થે, તથા માન-પૂજા આદિ અર્થે નમું છું-વંદન, સ્તવન, પૂજા પ્રમુખ કરું છું પણ તેથી જિનેશ્વરે બતાવેલો જે અત્યંત દુર્લભ સિદ્ધ સ્વભાવ તેની પ્રાપ્તિ કેમ થાય ?

મહાવિદેહ મઝાર કે તારક જિનવરુ,
શ્રી વજ્રંધર અરિહંત અનંત ગુણાકરુ;
તે નિર્યામક શ્રેષ્ઠ સહી મુજ તારશે,
મહાવૈદ્ય ગુણયોગ રોગ ભવ વારશે. ૫

સ્પષ્ટાર્થ:—મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા આ ભીમ-ભવાર્ણવમાંથી ભવ્ય સમૂહનો ઉદ્ધાર કરનાર, સર્વ કેવલીઓમાં ઈંદ્ર સમાન, શિરોમણી, જ્ઞાનાદિ અનંત ગુણના આકર-નિધાન હે વજ્રંધર અરિહંત ! આપ અરિહંત-આપ ચરણ જહાજને ચલાવનારાઓમાં અગ્રેસર, પ્રધાન સર્વોત્તમ નિર્યામક હોવાથી આ ભયંકર ભવાબ્ધિમાંથી નિ:સંદેહ અતિ ત્વરાએ મારો ઉદ્ધાર કરશો તથા મહાવૈદ્યરૂપ થઇ મારા આત્મપરિણામમાં સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રનો યોગ કરી મિથ્યા આચરણવડે ઊપજેલા ભવરોગનો સમૂલ વિનાશ કરશો એવી મારા ચિત્તને દૃઢ પ્રતીતિ છે.

પ્રભુ મુખ ભવ્ય સ્વભાવ સુણું જો માહરો,
તો પામે પ્રમોદ એહ ચેતન ખરો;
થાયે શિવપદ આશા રાશિ સુખ વૃંદની,
સહજ. સ્વતંત્ર, સ્વરૂપ ખાણ આણંદની. ૬

સ્પષ્ટાર્થ:—"ભવન-વ્યય વિણુ કાર્ય ન નીપજે હો, જેમ દૃષદે ન ઘટત્વ" તેમજ જેમાં ભવ્ય અર્થાત્ પલટન સ્વભાવ નથી.

એટલે જે જીવમાં મિથ્યાત્વથી પલટી સમકિત ભાવે પરિણામનું સામર્થ્ય નથી તેને અભવ્ય કહીએ તથા અવિરતિથી પલટી વિરતિભાવે પરિણમવાનું સામર્થ્ય નથી તથા પ્રમાદભાવથી પલટી અપ્રમાદભાવે પલટવાનું સામર્થ્ય નથી, તથા કષાય ભાવથી પલટી અકષાય (શમ) ભાવે પરિણમવાનું સામર્થ્ય નથી. પર્યાયનો વ્યય, નવા પ્રશસ્ત પર્યાયનું ભવન કરવાનું સામર્થ્ય જેમાં નથી તેનું કાર્ય થાય નહીં. એ વિગેરે વિભાવથી પલટી સ્વભાવરૂપે પરિણમવાનું સામર્થ્ય નથી એવા અભવ્ય જીવો અનંતકાલ સુધી અનંત ઉપાય કરતાં છતાં પણ "કોટી જતન કરી નિશદિન ધોવત ઉજરી ન હોવત કામર કાળી" એ પ્રમાણે આ સંસારચક્રવાલમાંથી મુક્ત થઇ સિદ્ધિસુખ પામી શકે નહીં કારણ તેઓ વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ પાલતા છતાં પણ મિથ્યાત્વ, અજ્ઞાન અને પરાચરણ(મિથ્યાચરણ)ના સેવક છે. અભવ્ય જીવોનો સ્વભાવ જ એવો છે કે શ્રુત અભ્યાસ કરો, દ્રવ્યથી પંચમહાવ્રત આદરો પણ આત્મતત્ત્વની યથાર્થ શ્રદ્ધા વિના કોઇપણ કાળે પ્રથમ ગુણસ્થાનને મૂકી શકે નહિ માટે તેઓ સિદ્ધિપદ પામવાને યોગ્ય નથી પણ હે જિનેશ્વર ! આપની આજ્ઞા પ્રમાણે આ સંસારથી નિવૃત્ત થઇ મોક્ષસ્વરૂપ સાધવાની મને રુચિ છે, ભવભ્રમણથી ભયભીત છું, તથા સત્ય ન્યાયને સ્વીકારું છું. તે આદિ કેટલાક ભાવવડે હું ભવ્ય છું એવું અનુમાન થાય છે, તોપણ હે સર્વજ્ઞદેવ ! આપના મુખારવિંદથી "તું ભવ્ય છો." એવું વચન સાંભળું તો મારા ભવ્યત્વની મને સંપૂર્ણપણે પ્રતીતિ થાય અને સહજ સ્વતંત્ર સચ્ચિદાનંદમય અનંત સુખસમૂહરૂપ શિવપદ પ્રાપ્તિનો ભરોસો થાય.

વળગ્યા જે પ્રભુ નામ ધામ તે ગુણતણા,
ધારો ચેતનરામ એહ થિર વાસના;

દેવચંદ્ર, જિનચંદ્ર હૃદય સ્થિર થાપજો,
જિનઆણા યુત ભક્તિ શક્તિ મુજ આપજો. ૭

સ્પષ્ટાર્થ:—હે ભગવંત! જે પુરુષો આપના સ્મરણ, કીર્તન, ભક્તિ વગેરેમાં લીન છે તે જ પુરુષો ગુણના ધામ કહેતાં ભાજન છે, માટે હે ચેતનરામ! નિરંતર પ્રભુના સ્મરણમાં સ્થિર વાસ કર, એક પણ સમય પ્રભુપદને વિસાર નહીં. દેવચંદ્ર મુનિ કહે છે.-હે જિનેશ્વરદેવ! મને લબ્ધિ વીર્યનું દાન કરી, આપની આજ્ઞા પ્રમાણે આપની ભક્તિ કરવાની મને શક્તિ આપો, કારણ કે આપની આજ્ઞાથી વિપરીતપણે કરેલાં સર્વ અનુષ્ઠાનો નિષ્ફલ છે. જે કોઇ પુરુષ આજ્ઞા રહિતપણે ત્રણે કાળ પૂજા પ્રમુખ કરણી કરે તોપણ આજ્ઞા રહિત હોવાથી તેનું સર્વ અનુષ્ઠાન અશુદ્ધ જાણવું. જેમ અવિધિએ કરેલું ભોજન વિનાશ કરે તથા વિધિએ કરેલું ભોજન જીવન આપે તેમ અવિધિએ આદરેલો ધર્મ ભવભ્રમણ આપે અને વિધિએ આદરેલો ધર્મ મોક્ષસુખ આપે; માટે આપની આજ્ઞાનું જ્ઞાન તથા તે આજ્ઞામાં વસવારૂપ સદાચરણ એ બન્નેનું હે કરુણાનિધાન! મને દાન આપો.

શ્રી ઘોઘામંડન શ્રી નવખંડા પાર્શ્વનાથનું સ્તવન.

(રાગ: બાહિલીપીકા. મીઠાં લાગ્યા રે મને આજના ઊજાગરા.)

નવખંડા પાર્શ્વજીની, મૂરતિ અલબેલડી,
વદન કમળ સુખદાય રે, અંતરના પ્રેમથી પૂજીયે;
અંતરના ચંદનથી પૂજીયે...ટેક–નવખંડા૦ ૧

ખંડ ખંડ જુદા, નવ અંગ મળતાં,
ડાભ્યા* થા લાપસીની માય રે..........અંતરના–નવખંડા૦ ૨

પાર્શ્વ પ્રભુજીની ભવ્ય પ્રતિમા,
રત્ન કાંતિમય સોહાય રે..............અંતરના–નવખંડા૦ ૩

સકલ શ્રી સંઘે ઘોઘાના બંદરે,
નામ નવખંડી પંકાય રે..............અંતરના–નવખંડા૦ ૪
થયો આનંદ આજ દર્શન કરીને,
જીવન 'અમર' સુખદાય રે..........અંતરના–નવખંડા૦ ૫

અમરચંદ માવજી શાહ.

* ડાભ્યા એટલે ભાર્યા.

ધર્મ-કૌશલ્ય.

(૧૭)

Patience—ધીરજ અને દ્રવ્યાનુયોગરુચિ

જેને ધીરજ કબજામાં નથી તેને તત્વજ્ઞાન પણ હોતુ નથી.

આ ભારે અદ્ભુત વાત છે અને અનુભવથી જ સમજાય તેવી છે. ત્યારે પ્રથમ તો આપણે તત્વજ્ઞાન શું ચીજ છે તેનો વિચાર કરીએ અને પછી તેને અને ધીરજને શો સંબંધ છે તે વિચારીએ. તત્વજ્ઞાનમાં એટલે સદ્બુદ્ધિમાં ઘણા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. આત્મા સબંધી અને આત્માના પદાર્થ સાથેની વિચારણા જે શાસ્ત્ર કરે તેને તત્વજ્ઞાનનું મહાશાસ્ત્ર કહેવામા આવે છે. અંગ્રેજીમાં એને ફીલોસોફી (philosophy) કહેવામાં આવે છે. તેનું મૂળ વિચારીએ તો આપણને જણાય છે કે philosloving & sophia=wisdom એટલે ફીલોસોફીને અને બુદ્ધિને ઘણો નજીકનો સંબંધ છે. એટલે બુદ્ધિશાળી માણસની બુદ્ધિ જ્યાં પહોંચે ત્યાં ફીલોસોફી સુરાજ્ય કરે છે એમાં અત્યારના વિજ્ઞાન(science)નો પણ સમાવેશ થાય અને ચેતનજી અને પુદ્ગલને સબંધ ક્યારે ? કેમ ? અને શા માટે થયો ? અને તેનું અંતિમ પરિણામ શું થવું યોગ્ય લાગે છે તે સર્વ વાતોનો અને ખાસ કરીને scienceનો સમાવેશ તત્વજ્ઞાનમાં થઇ જાય. એ રીતે જોતા ફીલોસોફીમાં તો સર્વ પ્રકારની વિચારણાનો સમાવેશ થાય અને આત્માનું અંતિમ ધ્યેય તો નિર્વાણ અને કૈવલ્ય સંપૂર્ણ જ્ઞાન જ તેની પ્રાપ્તિ થાય એટલે ફીલોસોફી બુદ્ધિનો વિષય બની ગયે તે પ્રદેશમાં માથું મારી શકે. એ પ્રમાણે જોતા શાસ્ત્રિય સર્વ વિષયોનો સમાવેશ આ ફીલસુફીમાં જરૂર આવી જાય છે એમ સિદ્ધ થયું.

એને ધીરજ સાથે શો સંબંધ છે ! એવો સવાલ ઊઠે તો બહુ વિચારણા થાય. અને તેવા દ્રવ્યાનુયોગના કઠણ વિષયનો ધીરજ સાથે સબંધ શો છે તે જણાઈ આવે સાદી નામના મુસ્લીમ વિચારક કહે છે કે—જેને ધીરજ નથી તેને તત્વજ્ઞાન પ્રાપ્ત થતુ નથી આ બતાવે છે કે તત્વજ્ઞાનની પ્રાપ્તિ ધીરજ માગે છે એમા ઉતાવળ ચાલે નહિ, ગોટા વાળવા ઓજે નહિ, પણ સામ્યવૃત્તિ રાખી. ધીરજ રાખવી પડે. એમાં જ્યારે ઉતાવળ થાય ત્યારે તત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ, ગોટા વાળવા હોય તેનામાં ધીરજ ન હોય અને ધીરજ વગર વસ્તુ કે આત્માને ઓળખાય નહિ એટલા માટે તત્વરુચિને ધીરજને સબંધ શો છે તે સમજવામાં આવ્યું હશે. જેનું વર્તન ધાર્મિક હોય તેણે ધીરજ રાખવી ઘટે. તેને ઉતાવળ કોઇ પણ કાર્યમાં ઓજે નહિ અને એમ હશે કે તેમ હશે તેવી શંકાને પણ તેમાં સ્થાન નથી. એટલે કોઇ પણ પ્રકારના ગોટાળાને અને ઉતાવળને તત્વજ્ઞાન પ્રાપ્તિ સાથે બને નહિ. તેટલા માટે જે ધર્મરુચિ જીવડો હોય તેણે જો તત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તો પ્રથમ કેળવણી તેણે ધીરજની લેવી જોઇએ અને આપણે જેને સામાયિક કહીએ છીએ તેમા રાખવા યોગ્ય સમભાવ કેળવવો જોઇએ. એમાં કોઇ જાતના ગોટા વાળવા પરવડે તેમ નથી. ધર્મિષ્ઠ માણસે તો આત્મા અને પદાર્થને—પુરુષ અને પ્રકૃતિને આત્મા અને પુદ્ગલને ઓળખવા જ જોઇએ. અને પાયામાં ધીરજને સારી રીતે કેળવવી જોઇએ એ વાતનો સાર છે

Whosoever has not patience, neither doth he possess philosophy.

SADI. (7-1-1947.)

(૬૮)

Charity-સખાવત

તે સખાવત બૂરી ચીજ છે જે સ્વાતંત્ર્યનો ખ્યાલ ભુલાવે છે.

અને જે સંન્યાસીમાંથી આવકારદાયક શરમને વીસરાવે છે.

સખાવત દરેક માણસે કરવી જોઇએ, પછી તે રૂપિયાનું, નોકરીનું, અથવા ગમે તે રૂપ લે પણ સખાવત વિચારણા માગે છે. રોબર્ટ સધે નામનો લેખક કહે છે કે–તમે ગમે તેવી ચેરીટિ યાને સખાવત કરો તેમા અમને વાંધો નથી, પણ તેમાં બે વાતનો ખ્યાલ રાખજો એક તો એ ચેરીટિ કરતી વખતે સામા માણસના સ્વાતંત્ર્યને બરાબર સ્થાન હોવું જોઇએ. ઘણા માણસો સખાવત કરતી વખતે ધ્યાન ન રાખવાને પરિણામે સામાના સ્વાતંત્ર્ય ઉપર ઘા કરે છે અને જાણે સખાવતનો લેનાર માણસ હલકો હોય તેવો ખ્યાલ કરવા મંડી જાય છે તેમ ન જોઇએ. સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારવાની ભૂલ સમજુ માણસ તો ન જ કરે, પણ છીછરીઆ સખાવત કરનાર અથવા પોતાની નામના કાઢવા ખાતર સખાવત કરનાર જાણ્યે અજાણ્યે આ પ્રકારની ભૂલ કરે છે અને સામો માણસ જાણે કે પરતંત્ર હોય તેમ વર્તવા લલચાઇ જાય છે. તેમને કહેવામાં આવ્યું છે કે એમાં તમારી મોટી ભૂલ થાય છે, તમારો હક્ક સખાવત કરવામા સામાની એટલે સખાવત લેનારના સ્વાતંત્ર્યને એક પણ સ્થાનકે ઘાત કરશે તો તે સખાવતના નામને યોગ્ય નહિ રહે, માટે તમારે સખાવત કરવી હોય તો કર્યે જાઓ, પણ સામાના સ્વાતંત્ર્યને કદાપિ પણ હણશો નહિ. સ્વાતંત્ર્ય હણવાનો ખ્યાલ સરખો કરશો તો તમે સખાવતને મારી નાખશો અને તમારો ઇરાદો હશે કે નહિ હોય તો પણ તમે પાપના પોટલાં બાંધશો.

બીજી એક વાત છે તે પણ સખાવતને અંગે સમજવા જેવી છે. દરેક માણસને સ્વમાનનો અને શરમનો ખ્યાલ હોય છે. તેને કોઇપણ પ્રકારે તમે સખાવતથી જાળવી લેજો એ કાંઇ જેવી તેવી વાત નથી. સખાવતનાં વાજાં, ઢોલ, તાંસાં વગડાવશો નહિ અને સામા માણસને શરમમાં નાખશો નહિ. એમ કરવા જશો તો સખાવતના મૂળમાં આગ ઊઠશે, જેના તાપમાં તમે અને સખાવત લેનાર સળગી ઊઠશો એટલે સખાવત કરતી વખતે પોતાની ફરજ વિચારી જજો અને સ્વતંત્રતા કે શરમના ખ્યાલને બે ઘડી તદ્દન વિસરી જજો. તમારું દાન મુંજીને કરવાનું ન હોય. તમે સખાવત કરો એ તમારા હૃદયની વાત છે તે કદિ પણ વિસરશો નહિ. એના તે વળી ઢોલ–તાંસા હોય અને એ તમને શોભે પણ ખરું ! માટે સામાની શરમને પણ તમારે હણવી નહિ એ ધ્યાનમાં રાખવું અને સખાવતના ઝરાને સુકવશો નહિ. એ જેમ ઉલેચાશે તેમ તમને અધિકાધિક આનંદ આપશે, પણ તમને અત્ર સધેએ જે વાર્તા કહી છે તેને કદિ પણ વિસરશો નહિ. એ તમારું આત્મનિષ્ઠપણું અને ધર્મિષ્ઠપણું બતાવે છે, તેના હાર્દમાં સૂક્ષ્મ બોધ છે અને તે બહુ વિચારવા યોગ્ય છે. તમારે જો ખરા ધર્મિષ્ટ થવું હોય, ગણાવું હોય, તો આ રીતે સખાવત કરજો સખાવતમાં સ્વાતંત્ર્ય નાશ અને ઉધાર પાડવાની વૃત્તિ ન જ હોવી જોઇએ.

મૌક્તિક

That charity is bad which takes from independence its proper pride, fr mendacity its salutary shame.

ROBERT SOUTHERY. (14-1-1947)

ભગવાન મહાવીરે પ્રરૂપેલો
જૈન ધર્મ એ વિજ્ઞાન ધર્મ છે.

નિમિત્ત અને ઉપાદાનને અલગ ન કરો.

મહાવીર પરમાત્માનું જીવન વિશાલ સાગરરૂપ છે તેમાંથી યત્કિંચિત્ ગુણોના બિન્દુઓ આપણે ગ્રહણ કરી પવિત્ર થઇએ. આજે કેટના શ્રી સંઘે ૨૫૪૭ દીપકો પ્રકટાવી ખરેખર પરમાત્માની જન્મજયંતીને દીપાવલિરૂપે ઉજવી છે. આ શું સૂચવે છે ? એક દીપકમાંથી અનેક દીપકો પ્રકટી શકે છે પરમાત્મા મહાવીર પાસે કેવલજ્ઞાનરૂપ દીપક હતો તેમાંથી તેમણે ગણધર મહારાજાઓરૂપ દીપકો પ્રકટાવ્યા. કેવલજ્ઞાનના બિંદુરૂપ દ્વાદશાંગીનું જ્ઞાન એમણે જગત સમક્ષ મૂક્યું અને તે જ્યોતિ કાલક્રમે ઓછી થતાં થતાં અગિયાર અંગો અને અન્ય ચોત્રીશ આગમોમાં જળવાઇ. શ્રીમાન્ હરિભદ્રસૂરિ તથા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિગેરે, શ્રીમદ્ યશોવિજય અને આચાર્ય મહારાજ, ઉપાધ્યાયજી અને સાધુજનોરૂપ અનેક દીપકો થયાં છે. તેમણે એ જ્યોત અનેક ગ્રંથદ્વારા જલતી રાખી છે જેનો લાભ વર્તમાન સમાજ લઇ રહ્યો છે અને યથાશક્તિ અલ્પાંશ પણ પોતામાં દીપકની જ્યોતિ પ્રકટાવી રહ્યો છે. શ્રી મહાવીર પ્રભુના દીપકો આચાર્ય મહારાજ મશાલરૂપે આજ સુધી જલાવી રહ્યા છે.

પ્રથમ એ પ્રશ્ન થાય છે કે પરમાત્મા મહાવીર તીર્થંકર કેમ બન્યા ? આ અવસર્પિણી કાળમાં તેવીશ તીર્થંકરો જગતના જીવોના ઉદ્ધાર અર્થે થયા પછી એમનો જન્મ પણ તીર્થંકરરૂપે કેમ થયો ? શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિંદુમાં ખાસ હકીકત છે કે-આ સંસારમાં સર્વ ક્લેશોથી સર્વ જીવોનો મન વચન કાયાથી યોગાવંચકપણે ઉદ્ધાર ઇચ્છનાર આત્મા તીર્થંકર બને છે, જ્ઞાતિ અને સંઘનો ઉદ્ધાર ઇચ્છનાર ગણધર બની શકે છે અને પોતાનો જ ઉદ્ધાર ઇચ્છનાર સામાન્ય કેવળી બને છે. શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકે પણ તત્ત્વાર્થમાં मावितमाघो मघेष्वेतेषु क्षेपु जाते घातेष्वघातेषु सिद्धार्थनरेन्द्रकुलदीपः—એ શ્લોકદ્વારા અનેક જન્મોના શુભ સંસ્કારના પરિપાકરૂપે વિશ્વદીપક શ્રી મહાવીર પ્રભુના જન્મને વર્ણવ્યો છે. આ તત્ત્વમાંથી આપણે આ દુર્લભ મનુષ્ય જન્મમાં શુભ સંસ્કારો પાડ્યા કરવા એ બોધ લેવાનો છે.

આ આત્મા સંયોગવશાત્ કઇ સ્થિતિએ પહોંચે છે, કેવા કેવા દુઃખ અનુભવે છે, જીવનવિકાસના માર્ગમાં આવ્યા છતાં કેવી રીતે અધઃપતનના ઊંડા ખાડામાં પટકાઇ જાય છે અને પછી કેટલો પુરુષાર્થ અને કેવું અપૂર્વ વીર્ય ફોરવી સંપૂર્ણ ઉન્નતિના શિખરે પહોંચે છે, એ દૃષ્ટાંત શ્રી મહાવીર પ્રભુનું મુખ્ય અને અદ્ભુત છે. નયસારના ભવમાંથી તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું ત્યાંસુધીના દરેક મુખ્ય ભવો-જન્મો એમના જીવનમાંથી મનનપૂર્વક સમજવાથી આપણા આત્માને આહ્લાદ ઉત્પન્ન થાય છે. સંસારમાં અનેક જીવો જન્મે છે અને મૃત્યુ પામે છે તે તો સામાન્ય ક્રમ છે, તેનો ઉહાપોહ હોતો નથી, પરંતુ વિપત્તિના પહાડ તૂટી પડ્યા

હોય, મરણાંત કષ્ટો-ઉપસર્ગો એક પછી એક આવતા હોય અને એક વખત ઉન્નતિના શિખરે ગયા પછી અધઃપતનના ખાડામા પડવુ પડ્યુ હોય છતા હિમ્મતપૂર્વક અને અડગપણે કોઇની પણ દયાની ભિક્ષા માગ્યા વગર, દેવ કે ઇંદ્રની સહાયની અપેક્ષા રાખ્યા વગર, આર્ત ધ્યાન અને રૌદ્રધ્યાન કર્યા વગર ઉપસર્ગ કરનાર પાપી વ્યક્તિઓ ઉપર પણ અનુકપા ચિતવીને પોતે પૂર્વે કરેલા કર્મોના ફળ સમજી, તેને બહાદુરીથી ભોગવી, ઉન્નતિ અને દિવ્ય આધ્યાત્મિક જીવન જીવી સસારના અનેક પ્રાણીઓનુ કલ્યાણ કરી મુક્તિસ્થાનમા પધાર્યા છે આવુ મહાન અને પ્રભાવશાળી જીવન વીર પરમાત્માનુ છે આ રીતે પોતાના આત્માનો સપૂર્ણ વિકાસ સાધી ઉન્નતિના શિખરે ચડનાર આત્માઓ જ મહાપુરુષો અને વિશ્વવદ્ય બને છે

શ્રી મહાવીરદેવના જીવનમા પ્રત્યેક આત્માઓની જેમ પૂર્વે અનેક જન્મો થઇ ગયા પરતુ ગણત્રીવાળા સત્તાવીશ ભવોમા નયસારના ભવમા સમ્યકત્વપ્રાપ્તિ તેમના આત્માને થાય છે પછી શ્રી આદિનાથ પ્રભુના વખતમા એમના પુત્ર ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિ તરીકે જન્મે છે, જ્યા નિકાચિત નીચ ગોત્રનુ ઉપાર્જન કરે છે અહીંથી એમના આત્માનુ અધઃપતન થાય છે, તે પતન ત્યાથી નહિ અટકતા સમ્યકત્વ નાશ અને ઘણી સસારવૃદ્ધિ થાય છે કૌશિક, પુષ્પમિત્ર, અગ્ન્યુદ્યોત, અગ્નિભૂતિ, ભારદ્વાજ આ મુખ્ય પાચ ભવોમા ભિક્ષુ કુળમા જન્મ દારિદ્રપૂર્ણ છે અને મિથ્યાત્વનો ઉદય થાય છે ઘણા ભવોમા ફરી અજ્ઞાન કષ્ટો, તપો વિગેરે કરે છે વચ્ચે વચ્ચે દેવભવો પ્રાપ્ત કરે છે ઘણા ભવો ભમ્યા પછી પૂર્વ પુણ્ય ઉદયથી રાજગૃહીના યુવરાજ વિશાખભૂતિના પુત્ર વિશ્વભૂતિ તરીકે મરીચિનો જીવ જન્મ લે છે અહીં રાજપાટ છોડી સયમ લે છે ત્યા ચારિત્ર બળે ખૂબ ત્યાગ ને તપશ્ચર્યા આદરે છે અને વિશુદ્ધ ચારિત્રથી આત્માને શુદ્ધ કરી, સમ્યગ્ દર્શનથી પોતાના આત્માને સુવાસિત બનાવે છે, પરતુ ઐહિક સુખની લાલસાએ અહીં નિયાણું બાધી ચારિત્રને પાણીના મૂલ્યે વેચે છે નિયાણાવડે ત્રિપૃષ્ઠ વાસુદેવ થાય છે અને શય્યાપાલકના કાનમા સીસું રેડાવે છે અને નવુ અશુભ કર્મ ઉપાર્જન કરે છે જેનો ઉદય શ્રી તીર્થંકરના ભવમા થતા કાનમા ખીલા ઠોકતા અસહ્ય વેદના શાત રીતે ભોગવી છૂટે છે તે ભવ પછી મહાવિદેહમા ચક્રવર્તીપણે જન્મે છે, ત્યા સસાર ત્યાગ કરી કર્મોને ખપાવે છે અને તેમના આત્માને સાધક દશામા લાવી મૂકે છે દેવભવ સિવાય તીર્થંકરના ભવમા ચારિત્રનો ઉદય થયા કરે છે મહાશુક્ર દેવલોકમા દેવાયુષ પૂરુ કરી છત્રા નગરીમા નદ નામના રાજપુત્રપણે જન્મે છે, ત્યા સયમ લઇ વીશ સ્થાનક તપનુ આરાધન કરી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે ત્યાથી દશમા દેવલોકમા જઇ ચોવીશમા તીર્થંકરપણે છેલ્લો ભવ કરે છે સયમ લીધા પછી અનેક ઉપસર્ગો ઉત્પન્ન થાય છે તે સહન કરી છેવટે કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરી અનેક જીવોનુ કલ્યાણ કરી મુક્તિ પામે છે એમના જીવનમાથી માતાપિતાની ભક્તિ, બધુપ્રેમ, ક્ષમા, અહિસા, વીરતા વગેરે અનેક આદર્શો આપણને મળે છે

મહાન પુરુષોનો જન્મદિવસ આપણી માટે 'સીગનલ' જેવો છે આપણને સમયસર ચેતવણી આપે છે સાચી દિશાનું ભાન કરાવે છે અને આપણા વર્તમાન જીવન વિષે વિચારવાની તક રજૂ કરે છે આપણે અત્યારે ક્યા છીએ? ક્યા જઇ રહ્યા છીએ અને ક્યા જવુ જોઇએ? લગભગ ૨૪૭૫ વર્ષ પહેલાના દિવસો એટલા

પ્રાચીન ભૂતકાળના દિવસો છે જ્યાં આપણી નજર ભાગ્યેજ પહોંચી શકે પણ એમણે આપણને આપેલા સિદ્ધાંતો નથી ઓછાં તેજસ્વી. તે દ્વારા આપણને એમના જીવનનું ભાન થઇ શકે છે. મહાપુરુષના સ્મરણીય દિવસો તેજસ્વી હોય છે. એમનાં સિદ્ધાંતોદ્વારા એ તેજ હજારો વર્ષો સુધી લોકોને દેખાય છે એટલું જ નહિં પણ અનેક દશ્યોને પણ દષ્ટિગોચર કરાવે છે.

એમની અહિંસા વિશ્વવ્યાપક હતી, એમની સંઘરચના અને વ્યવસ્થાપકતા મહાન્ રાજનીતિજ્ઞોને પણ મુગ્ધ કરે તેવી છે પરંતુ એનાથી પણ વિશેષ એમના સિદ્ધાંતોમાં સમન્વય શક્તિ છે; અગ્નિ અને પાણી જેવી બે વિરોધી વસ્તુઓનો જ્યારે સમન્વય કરવામાં આવે છે ત્યારે એંજીનમાં એ શક્તિ ઉત્પન્ન થાય છે જેથી વિશાળ રેલ્વે ગાડી વાયુવેગે દોડી શકે છે; મહાવીર ભગવાનનો સમન્વયવાદ એ જ અનેકાંતવાદ; ભગવાન મહાવીરના સિદ્ધાંતો એકાંત દુરાગ્રહના વિરોધી છે; ઝગડાઓ તમામ એકાંતવાદના જ હોય છે અને તેથી જ તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે.

શ્રી મહાવીર ભગવાનનું મુખ્ય સૂત્ર જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ અર્થાત્ જ્ઞાન એકલું જો તે ક્રિયા વગરનું હોય તો ઉપયોગી થઇ શકતું નથી. જેમ નદીમાં તરવાના જ્ઞાનવાળો મનુષ્ય હાથ પગ હલાવ્યા વગર તરી શકતો નથી પરંતુ ડૂબી જાય છે તેમ ક્રિયા વગરનું જ્ઞાન પંગુ-તુલ્ય છે અને જ્ઞાન વગરની ક્રિયા અંધ-તુલ્ય છે. બન્નેનો સમન્વય સધાય ત્યારે જ મોક્ષમાર્ગ સધાય છે.

'શ્રીમદ્ ઉમાસ્વાતિવાચકનું' સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ સૂત્ર 'પરમાત્મા મહાવીરનું' છે. જેમ બીજનો ચંદ્રમા ઊગે ને તે પછી અવશ્ય પૂર્ણિમા થવાની; તેમ આ માનવજન્મ પામી સમ્યક્ત્વ-શ્રદ્ધાનરૂપ પરિણામ આત્માએ મેળવ્યું તો અવશ્ય મુક્તિરૂપ ફળનું બીજ વવાયું ને સંસ્કારો વધતાં વધતાં ગુણ-વિકાસ સધાતાં આત્મામાં અવશ્ય કેવલજ્ઞાન-દર્શનરૂપ પૂર્ણિમા થવાની. ક્ષાયોપશમિક સમ્યક્ત્વના અસંખ્ય ભેદો હોવાથી આવે અને જાય તેમ બને પણ છેવટે વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તકાળમાં આત્મ-પ્રકાશની પૂર્ણિમા થતાં સંપૂર્ણ પ્રકાશ પ્રકટવાનો; શ્રી વીરપરમાત્માના આત્મામાં નયસારના ભવમાં આ બીજ ઊગી ગયું હતું. સ્યાદ્વાદને નયનો સિદ્ધાંત પરમાત્માએ અદ્ભુતરીતે સમજાવ્યો કે જે અન્ય દર્શનમાં નથી, વસ્તુને જુદા જુદા દષ્ટિબિંદુથી જોવું તે સ્યાદ્વાદ અને ભિન્ન ભિન્ન દષ્ટિબિંદુઓ તે નયો. દષ્ટાંત તરીકે આપણે પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ કે 'હે પ્રભુ! અમોને તમારા જેવા બનાવો. મુક્તિ આપો.' શું પ્રભુની પોતાની પાસે મુક્તિ નામની ચીજ છે કે તેઓ આપે? નહિં જ; પરંતુ આ વ્યવહારનયનું વચન છે અને તે નય તરીકે બરાબર છે. વાસ્તવિક રીતે એવંભૂત નયથી આત્માને આત્માવડે આત્મા માટે આત્મામાંથી આત્માની મુક્તિ પ્રગટ કરી શકે છે. પણ તે પરમાત્માના અવલંબનથી—અર્થાત્ નિમિત્તથી. નિમિત્ત અને ઉપાદાન બન્ને કારણો મળે ત્યારે જ કાર્ય સિદ્ધ થઇ શકે છે. પ્રસંગે કહેવું પડે છે કે—જેઓ હમણાં હમણાં નિમિત્તને ઉડાવીને માત્ર ઉપાદાન કારણ ઉપર જ વજન આપી અણસમજુ આત્માઓનો ક્રિયામાર્ગ બંધ કરાવી રહ્યા છે તેઓ એકાંત નયને માનનારા હોવાથી પરમાત્માના સ્યાદ્વાદ દષ્ટિબિંદુવાળા માર્ગનો અપલાપ કરે છે.

પરમાત્મા મહાવીરે જે સિદ્ધાંતો વિશ્વની

પ્રજા સમક્ષ મૂક્યા છે તે ૨+૨=૪ જેવા ચોક્કસ છે, એમણે નવા મૂક્યા નથી. પૂર્વના તીર્થંકરોના પણ એ જ સિદ્ધાંતો છે. પાંચ કારણોથી પ્રત્યેક કાર્ય, વ્યાવહારિક કે આધ્યાત્મિક સિદ્ધ થઈ શકે છે; કાળ, સ્વભાવ, ભવિતવ્યતા; પુરુષાર્થ અને કર્મ. આમાં કોઈની કોઈ વખતે મુખ્યતા હોય છે અને અન્યની ગૌણતા હોય છે; માનવ જન્મ સુધીના વિકાસની પ્રથમની કોટિઓમાં ભવિતવ્યતાની મુખ્યતા હોય છે અને અન્યની ગૌણતા હોય છે; માનવ જન્મ પામ્યા પછી તો પુરુષાર્થની મુખ્યતા હોય છે. જો કર્મ અને કાર્ય વગેરે ઉપર જ મનુષ્ય મુસ્તાક રહે તો પુરુષાર્થ કરી શકે નહિં. અને પુરુષાર્થ કર્યા વગર કર્મનો વિનાશ થઈ શકે તેમ નથી. છેવટે વિજય આત્માના પુરુષાર્થનો છે; કર્મનો વિજય ભવ્યાત્મા ઉપર નથી જ, પરંતુ આપણા આત્માઓમાં કર્મના ભૂતપૂર્વ સામ્રાજ્યને અંગે નિર્બળતા છે ત્યાં સુધી આપણને કાલનો પરિપાક થયો નથી-કર્મનું બળ છે, ભવિતવ્યતા બળવાન છે વગેરે વગેરે નિમિત્તોને આગળ કરી આપણી નિર્બળતા છુપાવવી પડે છે.

પરમાત્મા મહાવીરે કર્મનો સિદ્ધાંત કેવલજ્ઞાનથી તપાસી જે રીતે રજૂ કર્યો છે તે અન્ય કોઈ દર્શનમાં નથી, સર્વજ્ઞ વગર કોણ આવા સૂક્ષ્મ સિદ્ધાંતો રજૂ કરી શકે ? આત્મા વિભાવ પરિણતિમાં પડે ત્યાર પછી રાગ દ્વેષ, ચાર કષાયો અને પછીથી ઇંદ્રિયો વિકારો અને શરીર, પુત્ર, પરિવાર, મકાન, હાટ, હવેલીમાં મમત્વો વધતા જાય. અને એ રીતે વિષચક્રમાં આત્મા ગુંચવાઇ રહ્યો છે. આ પ્રકારના કર્મો બાંધી રહ્યો છે, જ્ઞાન ચેતનાની જાગૃતિ વગર કર્મ ચેતના અને કર્મફળ ચેતના અનુભવી રહ્યો છે. આ કર્મનું વિશાળ અને સૂક્ષ્મ સ્વરૂપ જૈન દર્શનમાં જ છે.

શ્રી મહાવીર પરમાત્માએ ગણધરવાદમાં ષડ્દર્શનના સિદ્ધાંતોનો જૈન દર્શનમાં સમન્વય કર્યો, શ્રી આનંદઘનજી મહારાજે જ કહ્યું છે કે 'ષડ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જે સાધે રે,' અર્થાત્ જિનેશ્વર પ્રભુના સિદ્ધાંતોના ષડ્ દર્શનના સિદ્ધાંતો નિર્ઝરણાં છે-વિભાગ છે. જો અપેક્ષાથી વિચારીએ તો; પરંતુ ષડ્દર્શનોમાં શ્રી જિનેશ્વરના સિદ્ધાંત મિશ્ર હોવા છતાં સ્વતંત્ર રીતે અનેક સ્થળે એકાંત નયની સ્થાપના હોય ત્યાં મિથ્યાત્વ ગણવામાં આવ્યું છે; જ્યારે પરમાત્માનો સ્વતંત્ર સિદ્ધાંત અનેકાંત છે.

પરમાત્માએ વિજ્ઞાનવાદ (Science) પણ આપ્યો છે. ભાષાવર્ગણાના પુદ્ગલો કે જે રેડીઓ-ગ્રામોફોનમાં સિદ્ધ થયા છે. શરીરની છાંયાના પુદ્ગલો કેમેરાથી ઝડપાયા છે. મન અને ભાષાવર્ગણાના પુદ્ગલોમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની વગેરે હકીકત શ્રી ભગવતીસૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં નિવેદન થયેલ છે.

શ્રી મહાવીર પ્રભુનું જીવન ઐતિહાસિક દૃષ્ટિથી, વૈજ્ઞાનિક દૃષ્ટિથી, નિશ્ચય વ્યવહાર દૃષ્ટિથી, ગૃહસ્થાશ્રમી તરીકેનું યોગદૃષ્ટિવાળું અને આધ્યાત્મિક દૃષ્ટિથી પરિપૂર્ણ રીતે તૈયાર કરવાની ખાસ આવશ્યકતા છે અને તે માટે આપણે પ્રયાસ કરવો જોઇએ. જૈન દર્શન જેવું બંધારણ અન્ય દર્શનમાં નથી તેનું નૈતિક બંધારણ જેમ નિર્દોષ છે તેમ આધ્યાત્મિક બંધારણ પણ પરિપૂર્ણ છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગ, માર્ગાનુસારીના ગુણ, જિનપૂજા, ગુણસ્થાન, ગૃહસ્થનાં બાર વ્રતો, સાધુના પંચ મહાવ્રતો વગેરે સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્રરૂપ ઉચ્ચ બંધારણ છે બંધારણપૂર્વક જો મનુષ્ય વર્તતો જાય તો અવશ્ય

વર્તમાન સમાચાર

મુનિમહારાજશ્રી પુન્યવિજયજીએ શાસ્ત્ર અને સમયને અનુસરીને આપેલી ભાગવતી દીક્ષા.

ડાથી-ડાથી તીર્થક્ષેત્રમા તા ૧૮-૫-૪૯ ના વડોદરાના ભાદરણ તાલુકાના ગંભીરા ગામના વતની શ્રી મંગળદાસ માણેકલાલ શાહની લાંબા સમયથી શ્રી ભાગવતી દીક્ષા લેવાની ભાવના પ્રવર્તતી હતી તેમણે સંસારના કાર્યોથી અને તેટલી નિવૃત્તિ સેવી છેલ્લા ૭ વર્ષથી કઠિન પ્રવ્રજિત જીવનની પૂર્વતૈયારી કરી શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી વડોદરામાં વિરાજતા વિદ્વાન અને સાહિત્યસંશોધક **મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી** પાસે તેમણે પોતાની આ અતિ મંગલ ભાવના પ્રગટ કરી અને તેઓ વડોદરાથી અત્રે પધાર્યા હતા. આ દીક્ષાનુ અતિ ઉજ્વલ તત્ત્વ એવુ હતુ કે-દીક્ષોત્સુક શ્રી મંગળભાઇ સારી એવી સંપત્તિ છોડી કુટુંબની પૂરી સંમતિથી પૂર્ણ વૈરાગ્યભાવપૂર્વક દીક્ષા લેવાને તત્પર બન્યા હતા. દીક્ષોત્સુકના કુટુંબમા તેમના ધર્મિષ્ઠ વૃદ્ધ માતુશ્રી પરસનબહેન, તેમના પત્ની જેકોરબહેન તથા સુશિક્ષિત ગ્રેજ્યુએટ થયેલા તેમના પુત્ર શ્રી રમણભાઇ, તેમના લઘુબંધુ શ્રી સાકરલાલ વગેરે અનેક કુટુંબીઓ પણ ધર્મ ભાવનાથી પરિપ્લાવિત હોઇ, તેમણે આ પ્રસંગમા પોતાની હાર્દિક સંમતિ આપી, ધર્મ પ્રત્યેની પોતાની ઉત્કટ ભાવના વ્યક્ત કરી શ્રી મંગળભાઇએ શ્રી પુણ્યવિજયજી મહારાજના વરદ હસ્તે તેમના શિષ્ય તરીકે શ્રી ભાગવતીદીક્ષા અંગીકાર કરી હતી અને તેમનુ નામ શ્રી જયભદ્રવિજયજી રાખવામા આવ્યુ હતુ. દીક્ષામહોત્સવ બહુ જ સાદો છતાં અતિ ગંભીર રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે નવદીક્ષિતના સંસ્કારી પુત્ર શ્રી રમણભાઇએ, પોતાના પિતાશ્રીએ દીક્ષા ગ્રહણ કરી આખા કુટુંબને તાર્યું અને તેમને શ્રી પુણ્યવિજયજી જેવા વિદ્વાન્ સદ્‌ગુરુ મળ્યા તેથી પોતાનુ પણ સદ્‌ભાગ્ય હોવાનુ જણાવ્યું હતુ. શ્રીસંઘ તરફથી તેમને રૂ ૧૪૧) ની થેલી આપવામાં આવી હતી શ્રી મંગળદાસભાઇએ પોતાના તરફથી રૂ ૧૦) ઉમેરી રૂ ૧૫૧) સંઘને દુષ્કાળની પરિસ્થિતિમા સીદાતા શ્રાવકોને તથા ગરીબોના અનાજ વિગેરે આપવા માટે ભેટ કર્યા હતા, તેમજ રૂ ૨૦૧) શ્રી સંઘને સંઘના કાર્યોમાં દેવા ઉપરાંત ગામમા પણ રૂ ૪૫૧) દુષ્કાળરાહત, દવાખાના વગેરેમાં આપ્યા હતા. આ ઉપરાંત તેમણે વરસીદાન તરીકે પણ ઠીક રકમ વાપરી અને સ્વામીવાત્સલ્ય દ્વારા સંઘના ભાઇઓની ભક્તિ કરી શ્રી પુણ્યવિજયજી

ઓછામા ઓછા ભવે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી પ્રાંતે નિર્જરા થતા સર્વ કર્મથી મુક્ત થઇ આત્મા સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે

આવા ઉચ્ચ સિદ્ધાંતો પરમાત્મા મહાવીરે આપણી સમક્ષ મૂક્યા છે,' તેનો પ્રચાર કરવા માટે આપણા સમાજમા એકસંપીની જરૂર છે, તિથિચર્ચા વિગેરેના ઝગડાઓ બાજુએ મૂકી વહેલી તકે જૈન સમાજે એક વ્યાસપીઠ ઉપર એકઠા થવાની ખાસ આવશ્યકતા ઊભી થઇ છે*

---

* મુંબઇખાતે કોટમાં શ્રી મહાવીર જયંતિ પ્રસંગે શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઇએ કરેલ પ્રવચનનો સારભાગ

તવંગર હો તો ઐસા હો !

ન ગાલી રંક કો દેતા, ન ધનકા ગર્વ કો કરતા,
દુઃખીકા દોસ્ત થે ફિરતા, તવંગર હો તો ઐસા હો—૧
ન લેવે નિંદ ભી નિશદિન, ન ખાવે મિષ્ટ ભી ભોજન,
દુખીકા દર્દ દફનાવે, તવંગર હો તો..................૨
દુઃખીકા દુઃખ સુણુ-સુણુકે, સ્વયં દુઃખાર્ત હો જાવે,
જઇ લુછે ગરીબ આસુ, તવગર..........................૩
ન જિસસે દુખ દિખા જાતા, ખૂણે છાને જઇ રડતા,
ઇચ્છાસે જો અધિક દેતા, તવગર..........................૪
ત્રિજોરી કો ખુલ્લી રખતા, ખાલી કરતા નહિં ડરતા,
ફિરસ્તા દેવ થઇ ફિરતા, તવગર..........................૫
દુખીકો પ્રેમસે દેવે, દુઃખીકા દર્દ દિલ લેવે,
ગરીબોકી દુવા લેવે, તવંગર... ....૬
અચ્છા સબ કોઇકા કરતા, અચ્છાબાબા થઈ ફરતા,
ગરીબોકી દુવા લેવે, તવગર..............................૭
ગરીબસા જો સદા રહેતી, તવંગર ગરિબકો કરતા,
અહં મમ ભાવ નહિ ધરતા, તવંગર....................૮
મુખે બોલે મધુર વાણી, કરે જીવ જાન કુરબાની,
ન હોવે શુષ્કસા જ્ઞાની, તવગર..........................૯
હૃદય ભીના રહે જીસકા, દુઃખો દેખી ગરીબોકા,
સેવા સુમંત્ર હૈ જિસકા, તવંગર.....................૧૦
ફના હોના જિસે મંજુર, ન મંજુર દેખના કેવલ,
ફનાકી મસ્તી મે મશગૂલ, તવગર....................૧૧

શ્રી વેલજીભાઇ—જામનગર.

આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરંતર કેમ થતી જાય છે ?

આ સભા તરફથી દર વર્ષે સંપૂર્ણ કાર્યવાહી, સરવૈયું વગેરે સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરોને આત્મકલ્યાણના સાધન (અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ) માટે કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરુષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતા દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે.

નવા થયેલા અને હવે પછી નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના સભાસદોને નીચે મુજબ છપાતા ગ્રંથો જે કે આઠ માસ સુધી સંપૂર્ણ છપાઈ જવા સંભવ છે તે ત્રણ ગ્રંથો **૧ શ્રી દમયંતી ચરિત્ર** સચિત્ર ૪૫૦ પાનાનો પૂર્વાચાર્ય શ્રી માણિકયદેવસૂરિ કૃત **૨ શ્રી જ્ઞાનપ્રદીપ** ભાગ ૨જો, સુમારે ૪૧૫ પાનાનો ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો બીજો ભાગ સુમારે ૧૬૫ પાનાનો એ ત્રણે ગ્રંથો સં. ૨૦૦૬મા સભા તરફથી ધારા પ્રમાણે ભેટ આપવાના છે આ ત્રણે ગ્રંથો મનનપૂર્વક વાચવા જેવા અને સુંદર છે તેની વિશેષ હકીકત હવે પછી આપવામા આવશે

જૈન બંધુઓ બહેનો અને વાચકોએ જાણવા જેવું.

નીચે લખેલા ત્રણ વર્ષોમા અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ

સંવત ૨૦૦૩ના વર્ષમાં	૧ શ્રી સંઘપતિ ચરિત્ર	કિં. રૂ ૬-૮-૦
	૨ શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ	„ „ ૩-૮-૦
સંવત ૨૦૦૪ના વર્ષમાં	૧ શ્રી વસુદેવ હિંડી ભાષાંતર	„ „ ૧૨-૮-૦
	૨ શ્રી શાંતિનાથ ચરિત્ર	„ „ ૭-૮-૦
સંવત ૨૦૦૫ના વર્ષમાં	૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર	„ „ ૧૩-૦-૦
		કુલ રૂા. ૪૩-૦-૦

એ મુજબ ત્રણ વર્ષમા રૂા ૪૩)ના પુસ્તકો પેટ્રન સાહેબો અને પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ મળી ચુકયા છે હજુ પણ રૂા ૫૦) વધુ ભરી બીજા વર્ગમાંથી પહેલા વર્ગમા આવનાર સભાસદને સં ૨૦૦૫ની સાલની ભેટ બુક મળી શકશે અને તે પછીના વરસોમા જે જે ગુજરાતી પુસ્તકો છપાશે તે પણ ભેટ મળશે માટે જલદી વિનતિ કરવામા આવે છે ને તે વરસોની ભેટનો અપૂર્વ લાભ ગુમાવે છે.

અમારું સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો.

૧ શ્રી દમયંતી ચરિત્ર (સચિત્ર), ૨ શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો, ૪ કથા રત્નકોષ, ૫ શ્રી ઋષભનાથ ચરિત્ર (સચિત્ર)

નં. ૪ અને ૫મા આર્થિક મદદની જરૂર છે

યોજનામાં નં ૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)

Reg. No B 318

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને સૂચના

શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક ૪૬નો અંક ૧૧મો આજે આપને ત્વાના કરવામાં આવ્યો છે ત્યારપછી અંક ૧૨મો પ્રસિદ્ધ થયે પુ ૪૬મું વર્ષ પુરૂં થશે

પુ ૪૭મું શ્રાવણ માસથી શરૂ થાય છે, તેનું લવાજમ રૂા ૩-૮-૦ વસુલ લેવા માટે નીચેની ત્રણ બુકોમાંથી એક બુક ભેટ આપવાની છે

૧ દંડકવૃત્તી રૂા ૧-૦-૦
૨ મોક્ષપદ સોપાન રૂા ૧-૦-૦
૩ સમ્યક્ત્વ કૌમુદિ રૂા ૧-૦-૦

જે ગ્રાહકોને ત્રણમાંથી જે એક બુક પોતાની પસંદગીની જોઈતી હોય તેમણે અસાડ વદી ૩૦ સુધીમાં સભાને પત્રથી ખબર આપવી તો તેમને તે બુક વી પી કરશું જવાબ નહિ આવે તો સગવડ મુજબ ત્રણ બુકમાંથી એક બુક આપને શ્રાવણ માસમાં ક્રમસર વી પી થી મોકલવામાં આવશે

રૂા ૩-૦-૦ લવાજમ અને ભેટની બુકનું વી પી ખર્ચ રૂા ૦-૮-૦ મળી રૂા ૩-૮-૦ વી પી કરવામાં આવશે

એ મુજબ વી પી સ્વીકારી લેવા નમ્ર સૂચના કરીયે છીયે અગર આ અષાડ સુધીમાં મનીઓર્ડર રૂ ૩-૪-૦ મોકલશે તેને ભેટ બુક મોકલી આપશું વી પી. ખર્ચ ૦-૪-૦ ફાયદો થશે

તા. ક:—૧ રૂા ૫૦૧) ભરનાર સભાના પેટ્રન થઈ શકે છે

૨ , ૧૦૧) ભરી સભાના પ્રથમ વર્ગના લાઈફ મેમ્બર થનારને 'આત્માનંદ પ્રકાશ' માસિક જીંદગી સુધી ભેટ મોકલાય છે અને સભા તરફથી પ્રગટ થતા કોઈપણ ગુજરાતી ગ્રંથો ભેટ આપવામાં આપવામાં આવે છે તો ગ્રાહક બંધુઓ આ લાભ લેવા જેવો છે તેવી નમ્ર સૂચના કરીયે છીયે પછી આત્માનંદ પ્રકાશનું લવાજમ દરવર્ષે સભાસદોનું લવાજમ કંઈ પણ જીંદગી સુધી ભરવું પડતું નથી

॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

(સંશોધક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર)

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો સાધુઓ સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર માર્ગને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા તે તે ગચ્છોના નામો ગૃહસ્થોના નામો તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને ઘણી ઉપયોગી રચના બનાવી છે ૫૦૦ પાંચસો પાના કરતા વધારે છે કિંમત રૂા ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

મુદ્રક શાહ ગુલાબચંદ લલ્લુભાઈ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ દાણાપીઠ-ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું. | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૫.

અંક ૧૨ મો. | તા. ૧-૮-૪૯ | અશાડ

વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦ પોસ્ટેજ સહિત

પ્રકાશક-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

અનુક્રમણિકા

૧	શ્રી સંભવનાથનુ સ્તવન	...(મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૨૫૩
૨	તુમ ! સુનો ! સુનો ! ભાગ્ત કે લોકો. ...	...(ઝવેરી મુલચદ આશારામ વૈરાટી)	૨૫૪
૩	શ્રી પર્યુષણ મહાપર્વનો પવિત્ર પેગામ ...	(આ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ)	૨૫૫
૪	આંસુના બે બિન્દુઓ...	(મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી)	૨૫૬
૫	ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ ..	(ડૉ. ભગવાનદાસ મન સુખભાઇ મહેતા)	૨૫૯
૬	લક્ષ્મી	(ચીમનલાલ શાહ)	૨૬૧
૭	ધર્મ કૌશલ્ય	(મૌક્તિક)	૨૬૪
૮	ચારૂશીલા રમણીરત્નો...	(રા મોહનલાલ ચોકસી)	૨૬૫
૯	દૈવી ન્યાયમાં વિશ્વાસ	(અનુ૦ અભ્યાસી)	૨૬૭
૧૦	વર્તમાન સમાચાર	(સભા)	૨૭૦
૧૧	શ્રી ગિરનારજી તીર્થનુ સમાધાન	,,	૨૭૧

અમારા માનવતા પેટ્રન સાહેબો અને પહેલા વર્ગના લાઈફ મેમ્બરોને નમ્ર સૂચના.

શ્રેયસ્કર, વિઘ્નહર શ્રી પાર્શ્વનાથ ભગવત ચરિત્ર વિસ્તારપૂર્વક પૂજ્ય શ્રી દેવભદ્રાચાર્ય કૃત અનેક વિરંગી સુદર ચિત્રો સહિત, સુશોભિત પાકા બાઇડીંગથી અલકૃત કરેલ છરોહ પાનાનો સુદર ગ્રથ જેઓશ્રીને ભેટ ન મળેલ હોય તેમણે અમોને લખી જણાવવુ. સ્થાનિક ભાવનગરવાળા મેમ્બરોએ પણ સભાએથી જલદી લઇ જવા સૂચના છે

બીજા વર્ગના લાઇફ મેમ્બરોએ તેઓશ્રીને ગયા અકમાં જણાવ્યા પ્રમાણે આસો સુદી ૨૦સુધીમા આ ગ્રથ મંગાવા લેવો. પછી જો સીલિકમા નહિ રહે તો સભા આપી શકશે નહિ. અને આવા ઉત્તમ ગ્રંથનો પણ લાભ ગુમાવવો પડશે. રૂ ૧૩-૦-૦ ની કીંમતમાથી ા ૨) ભેટના કાપી આપશું તો રૂ ૧૧) ભરીને ગ્રથ લઇ જશો

ભાદરવા વદ ૦)) સુધીમાં નવા થનારા પ્રથમ વર્ગના લાઈફ મેમ્બરોને પણ આ ગ્રંથ ભેટ આપવામાં આવશે.

શ્રાવણ વદી ૩૦ સુધીમાં બીજા વર્ગમાંથી વધુ રૂા. ૫૦) ભરી પ્રથમ વર્ગના થનાર લાઇફ મેમ્બરને પણ આ ગ્રથ ભેટ આપવામા આવશે

આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરતર કેમ થતી જાય છે ?

આ સભા તરફથી દર વર્ષે સપૂર્ણ કાર્યવાહી, સરવૈયુ વગેરે સપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફ-મેમ્બરોને આત્મકલ્યાણના સાધન (અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ) માટે કથા સાહિત્યના તીર્થંકર ભગવતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરૂષોના સુદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે.

નવા થયેલા અને હવે પછી નવા થનાર પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના સભાસદોને નીચે મુજબ છપાતા ગ્રંથો જે કે આમો માસ સુધી સપૂર્ણ છપાઈ જવા સભ્ભવ છે તે ત્રણ ગ્રથો ૧ શ્રી દમયંતી ચરિત્ર સચિત્ર ૩૫૦ પાનાનો પૂર્વાચાર્ય શ્રી માણિક્યદેવસૂરિ કૃત ૨ શ્રી જ્ઞાનપ્રદીપ

ટા પા. ૩

શ્રી આત્માનંદ પ્રકાશ

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫. | આષાઢ | પુસ્તક ૪૬ મું.
વિક્રમ સં. ૨૦૦૫. | :: તા. ૧ લી ઓગસ્ટ ૧૯૪૯ :: | અંક ૧૨ મો.

શ્રી સંભવનાથનું સ્તવન

(રાગ—કાલી કમલીવાલે.)

સંભવ જિનવર સ્વામી, પ્રભુને લાખો પ્રણામ
આપ જ છો શિરતાજ, પ્રભુને લાખો પ્રણામ.—ટેક

ભવદુ:ખભંજન, જનમનરંજન
કાપો કુબુદ્ધિ આજ નિરંજન
ગંજન છો આ વાર—પ્રભુને૦ ॥ ૧ ॥

મોહ ક્રોધ ને, માયાને મારો
આ ભવદુ:ખ, ફેરો ટાળો
આપ જ છો સુખકાર.—પ્રભુને૦ ॥ ૨ ॥

શિવલક્ષ્મીના, આપ પૂજારી
વારી તુમ પર, શિવ વરનારી
સંભવ તારો, ભવપાર.—પ્રભુને૦ ॥ ૩ ॥

રચયિતા:—મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

તુમ ! સુનો ! સુનો ! ભારત કે લોકો

[ભારત કી એક સબારી કી (રામરાજ્ય)—એ રાગ.]

તુમ ! સુનો ! સુનો ! ભારત કે લોકો,
એક યોગી જન કી ગાથા.
તેજકેરા અંબાર ઉતર્યા, આકાશેથી આજે. તુમ સુનો !૦

મગધદેશના ક્ષત્રીકુંડે, સિદ્ધારથ પટરાણી;
તસ કુખે અવતરીયો યોગી, વર્ધમાન મહાવીર. તુમ સુનો !૦ ૧

ક્ષાત્રતેજના વહે ઝરણાં રચ્યાં, ભારત કાયા પલટે;
રાજ્યપાટ ને મૂકી યશોદા, ચાલ્યો જંગલ વાટે તુમ સુનો !૦ ૨

તપથી તપતો ધ્યાને યોગી, કાયા કોમળ એની;
ભૂલ્યો દેહના ભાન સઉસે, ભીતર જ્યોત શું જાગી. તુમ સુનો !૦ ૩

ઉપસર્ગોના આવે ધાડા, ક્ષમાખડગ લઇ ઊભો;
શત્રુ થઇ આવ્યો અભિમાની, ભક્ત બનીને જાનો. તુમ સુનો !૦ ૪

ચડકોશી ને ચંદનબાળા, અર્જુનમાળી તાર્યાં;
ઇંદ્રભૂતિ ને બાંધવ એના, જ્ઞાનાંજન તેં કીધાં. તુમ સુનો !૦ ૫

ધ્યાન ક્ષમા વીરતાના વૃક્ષો, નવપલ્લવ તો કીધા;
"વૈરાટી" એની છાયામાં, સોહમ્ ધ્યાને રહેતા. તુમ સુનો !૦ ૬

રચયિતા—ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી, અમદાવાદ.

શ્રી પર્યુષણ મહાપર્વનો પવિત્ર પેગામ.

લેખક—પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.—કરાડ (મહારાષ્ટ્ર)

પરમ પવિત્ર શ્રી પર્યુષણ મહાપર્વમા પણ પાવન નહિ થાઓ તો પછી ક્યારે થાશો? આવા પવિત્ર પર્વમા પાવન નહિ થનારા તૃષાતુર છતાં ક્ષીરસમુદ્રના કાઠે તરસ્યા રહેનારાની જેમ જીવનનો વિનાશ કરી ગયા છે. આ વાત ભવ્યાત્માએ ભૂલવી જોઈતી નથી

મિથ્યાત્વ, કષાય અને અવિરતિના જોરથી જીવન જકડાએલુ છે. તેને સમ્યક્ત્વ, સયમ અને અકષાયિતાથી નિર્મુક્ત બનાવવાની ભાવનાવાળાએ આત્મગુણોમા સારી રીતે વસવું એવા અર્થસૂચક શ્રી પર્યુષણ મહાપર્વમા વિષયવાસના, મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ કરી ધર્મભાવનાથી વાસિત બનવુ જોઈએ.

કર્મશત્રુનો વિજય કરવાનો જે પળે પળે પેગામ પાઠવે છે એવો દિવ્યજ્યોતિને અર્પનાર પવિત્ર શ્રી પર્યુષણ પર્વમા અઠ્ઠમાદિ તપ સ્યા, વૈરવિરોધની પ્રતિક્ષામણા, ચૈત્યપરિપાટી, સાધર્મિક વાત્સલ્ય અને અમારી ઉદ્ઘોષણા આદિ ધર્મકાર્યોમા કટિબદ્ધ થજે અને ત્હારા આત્મબલનો વિકાસ કરનાર અહિસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને આકિચન્યમા ધ્યાન લગાવી એ ગુણોનો સંપૂર્ણ વિકાસ થાય તેવો પ્રયત્ન કરજે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર અનાદિ કાલથી વિડંબનારી વ્યક્તિઓ ઉપર ક્ષમા, નમ્રતા, સરલતા અને નિર્લોભતારૂપી અસ્રો ફેંકી શ્રી પર્યુષણ મહાપર્વ જેવા પુનિત પર્વમા તેનું વિદારણ કરવાનું આવશ્યક કાર્ય ભૂલીશ મા.

પાપ વ્યાપારોને ત્યજી, ધર્મવ્યાપારોનો સાજ સજી, આવના શ્રી પર્યુષણ મહાપર્વને સદાચારરૂપી મોતીઓથી વધાવવા તૈયાર રહેજે.

વર્ષભરમા નહિ નીકલતા ઝગડાઓને પર્વના પવિત્ર દિવસોમા કાઢી, કષાયોને વધારી, ત્હેંય આત્માને કલુષિત કરીશ નહિ

કોઈ પણ સાધર્મીભાઈ દુખથી રીબાતો રહે અને તુ એશઆરામના ત્હાલ્યા કરે, લક્ષાધિપતિ અને કોટ્યાધિપતિ હોવા છતા તેમની સાર ન સાભળે એ કેટલુ બધુ લજ્જાસ્પદ કહેવાય? માટે સાધર્મિક બધુઓનો ઉદ્ધાર કરવા બરાબર બીજો કોઈ ધર્મ નથી એ વાત શ્રી પર્યુષણ મહાપર્વમા શ્રી ગુરુવર્યના મુખ કમલથી શ્રવણ કરી હૃદયથી નહિ વિસરવા સાથે લક્ષ્મીની ચચલતાને વિચારી તેનો સદ્વ્યય કરવા ઉદાર બનજે

ધાર્મિક શિક્ષણના અભાવવાળુ શિક્ષણ જીવ વગરના મુડદા જેવુ માની દરેક ગૃહસ્થોએ ધાર્મિક કેળવણીના પ્રચાર માટે લાખોની સખાવતો કરી મરેલા મુડદાને સજીવન કરી સંજીવની વિદ્યાનો પ્રચાર કરવો જરૂરી છે.

ધર્મના ધ્યેયને નહિ ચૂકી, સમાજને ધર્મપ્રેમી બનાવનાર પત્રકારો તથા લેખકો સમાજને આશીર્વાદરૂપ થાય છે જ્યારે સંસારની વાસનાનુ ધ્યેય પૂર્ણ કરવાની કામનાથી ધર્મ

આંસુના બે બિન્દુઓ

લેખક:—મુનિરાજશ્રી ધુરંધરવિજયજી.

ભલભલાને લલચાવે એવી શ્રીમંતાઇ હતી. સંપત્તિનો પાર ન હતો. લક્ષ્મીની લીલા લહેર હતી પરિવારમા કાંઇ ઊણપ ન હતી. રહેવાને રાજમહેલ સમા મોટા મન્દિરો હતા. માથે મુકુટ સમા સ્વામી હતા, સ્વામી હતા એટલું જ નહિં સ્વામીનો સંપૂર્ણ સ્નેહ હતો શિરચ્છત્ર સાસુ-સસરાં હતા. કાયા નીરોગ હતી. સાસરે સુખ હતુ એવું જ પિયરમાં પણ સુખ હતું. સુખમા-સંસારમા જે સુખસામગ્રી ગણાય છે તેમા કાઇ ખામી ન હતી. જેના સૌભાગ્યની સારી સારી સુન્દરીઓને ઇર્ષ્યા થતી તે શાલિભદ્રની બહેન ને ધન્યકુમારની પ્રિયતમા સુભદ્રાની આખમાથી એક વખત આસુના બે બિન્દુઓ ટપકયા. એ આસુઓ વિચિત્ર હતા. તે સ્રીએ દુઃખ નોં'તું જોયુ એમ નહિં રાજરમણી માફક રહેતી તે સ્રીએ એક સમય તળાવ ખોદવાનું કામ પણ કર્યું હતુ. સવારથી માંડીને સાજ સુધી ધૂળના ટોપલા ઊંચકી ઊંચકીને ઉપાડ્યા હતા તે સમયે પણ તેની આંખ ભીની ન્હોતી થઇ. ઊલટી એવા દુઃખમાં પણ તે સહચરીઓને આનંદ ઉપજાવતી, હસાવતી, પોતાની મધુરતાથી બીજાના દુઃખો ભૂલાવી દેતી. જીવનમાં પહેલી વાર કહો કે છેલ્લી વાર પણ તે આજે રડી પડી. દુઃખમાં વજ્ર જેવી અડગ રહેલી તે સ્રીએ આજે શા કારણે આંસુ સાર્યા એ સમજી શકાયું નહિં.

*　　*　　*

આંસુનું શાસ્ત્ર ગહન ને અકળ છે. આપણે માનતા હોઇએ કે આ તો કોઇ દિવસ રોવે જ નહિં, તેને પણ જ્યારે પોકે પોકે ને ધ્રૂસકે ધ્રૂસકે રોતા જોઇએ ત્યારે આપણને આશ્ચર્ય થયા વગર રહેતું નથી. વજ્ર જેવી કઠોર છાતીના રડે છે—રડે છે પણ બીજાની દૃષ્ટિએ નજીવા કારણે, જ્યારે વાત-વાતમાં રોઇ પડનારા રુદનનું મહાન્ કારણ બન્યા છતાં એક આંસુ પણ પાડતા નથી પૃથ્વીના પેટમાં પાણીની સરો વહેતી હોય છે. કૂવો ખોદતા જો તે સર ફૂટે

વિરુદ્ધ પ્રચાર કરનાર શ્રાપરૂપ નિવડે છે. તે વાત પત્રકારોએ તથા લેખકોએ ભૂલવી જોઇતી નથી. ભૂતપૂર્વના અપરાધ માટે શ્રી પર્યુષણ મહાપર્વ એ તેમને માટે મોંઘેરી તક છે.

શમદમાદિ ગુણવિભૂષિત મુનિવરો તથા સાધ્વીજીઓએ પણ આ પુનિતતમ પર્વમા અનાદિકાલથી ભોગમાં આસક્ત બનેલી અને પ્રાયઃ તેમાં જ મનુષ્યજન્મની સાર્થકતા માનવાની મૂર્ખતા કરનાર અજ્ઞાન દુનિયા આગલ અગ્નિમાં ઘી હોમવાની જેમ ભોગની કહાણી ન કરતા ત્યાગનો અપૂર્વ સંદેશ પાઠવી તેમને મનુષ્ય જન્મની સાચી સાર્થકતા સમજાવવા છતી શક્તિએ કદાપિ પાછી પાની કરવી નહિ તથા સ્વયં શમ અને દમ કેળવી જ્યાં જ્યાં ક્લેશની હોળીઓ સળગતી હોય તેને શાન્તિરૂપ નીરથી બુઝાવવા પ્રયત્ન કરવો એમાં જ સાધુપણાની શોભા છે.

તો સરૂસર કરતો પાણીનો પ્રવાહ વહે છે, પણ જો સર બાજુમાં રહી જાય ને ગમે તેવા સાધનોથી આઘાત કરી ખોદવામાં આવે તો પાણીનું ટીપું પણ નહિં નીકળે એ પ્રસિદ્ધ હકીકત છે. એ જ પ્રમાણે આંસુની સર વહેતી હોય છે, એ સરના મર્મસ્થાન પર જરી આઘાત થાય તો તે ફૂટી નીકળે છે ને તેના પર આઘાત ન થાય એવા ગમે તેવા પ્રસંગો બને તો પણ એકે આંસુ આવતું નથી. દુનીયામાં કોણ રોતું નથી? રાજા રોવે છે, રંક રોવે છે, સ્ત્રી રોવે છે, પુરુષ રોવે છે, બાળક રોવે છે, યુવાન રોવે છે, વૃદ્ધો પણ રોવે છે, પશુઓએ રોવે છે. કહેવાય છે કે ઝાડો પણ રોવે છે. રુદન્તી નામની વેલડી પણ રોવે છે. સહુ કોઈ પોત-પોતાના સ્વાર્થને રોવે છે એમ કહેવાય છે પણ બધે એમ જ બનતું હોય છે એવું કાંઈ નહિં. પારકું દુઃખ ન દેખી શકવાથી પણ રોનારા ઘણા હોય છે. એક એવો જ વિચારનો હલેસો સુભદ્રાનાં અન્તઃકરણમાં આવ્યો કે તેની આંસુની સર ફુટી નીકળી, તે સર દાબી દબાણી નહિં. વીરપત્ની ને વીરભગિનીની આંખમાંથી આંસુના બે બિન્દુઓ ટપકી પડ્યા.

* * *

ઉનાળાનો બપોર તપતો હતો. દિશાઓ સળગી ઉઠી હતી પવન પણ પ્રજળતો વાતો હતો. ક્ષણ ઘડી જેવી ને ઘડી દિવસ જેવી લાગતી હતી. પંખીઓ પણ પોતાની પાંખો સંકોરીને વૃક્ષની ઘટામાં જઈને છુપાયા હતા. કોઈ સળવળતું નહિં. નાના નાના રસ્તાઓ પણ મોહોળા ને લાંબા લાગતા હતા. તાપના બાફ ને ગરમીના ઉકળાટને દૂર કરવા કોઈ વીંજણી વીંજતું હતું તો કોઈ શરીરે ચંદનનું વિલેપન કરતા હતા. કોઈ ખસની ટટીઓ બાંધી તે પર પાણી છાંટતા હતા તો કોઈ જલાશયનું સેવન કરતા હતા; પણ સર્વ સેવન પૂરતા જ સુખકર થતા આ ગરમી દૂર કરવા માટે ધન્યકુમાર પોતાના આંગણામાં એક શીતળ વૃક્ષછાયામાં સુવર્ણ બાજોઠ ઢાળી વિવિધ સુગંધી ને શીતલ ચૂર્ણમિશ્રિત જળથી સ્નાન કરવા બેઠા છે. ખુલ્લું બદન છે ને તેના ઉપર ધીરે ધીરે હિમ જેવા શીતલ નીરની ધારા ઢોળાય છે. પીઠ પર સુભદ્રાના કમળના પત્ર જેવા શીત-સુકોમળ હાથ ફરે છે. તે સમયે સુભદ્રાના સરોજ-નયનમાંથી બે બિન્દુઓ ખર્યા ને જઈ પડ્યા ધન્યકુમારની પીઠ પર. ઠંડકના સર્વ ઉપચારો ચાલતા હતા તેમાં આ બે ઉષ્ણ બિન્દુઓનો સ્પર્શ ધન્યકુમારના ચિત્તને વિચિત્ર લાગ્યો. તેમણે મુખ ઊંચું કર્યું, ને સુભદ્રાના મુખ સામું જોયું. સદાકાળ હસતી, પ્રફુલ્લ રહેતી, સ્મિત વેરતી સુભદ્રાને રોતી જોઈને તેમને આશ્ચર્ય થયું. તેઓ તેની સામે જોઇ રહ્યા, જાણે તેને રોતી જોવી એ પણ એક સૌભાગ્ય ન હોય તેમ અનિમેષ આંખે નીરખી રહ્યા. તેમને સમજાયું નહિં કે શા કારણે આ રોવે છે. ક્ષણ ભર તો કોઈ કાંઈ ન બોલ્યું. જે આંખોથી જેમણે હજારો વખત ફૂટ વાતો સમજી-સમજાવી હતી તે જ આંખો આજ કાંઈ પણ ખુલાસો કરી શકતી ન હતી. વાતાવરણ ગંભીર બનતું હતું-તેમાં જાણે સર્વ ઉપતાપ શમાવવાનો સમય ન પાક્યો હોય તેમ આકાશમા મેઘ ચડી આવ્યો ને તેણે ધીરગર્જના કરી ધરિત્રીને રસતરબોળ કરવાની શરુઆત કરી.

* * *

ધન્યકુમારે મૌન તોડ્યું ને પૂછ્યું ભદ્રે! કદી નહિં ને આજે એવો શો દુઃખદ પ્રસંગ ઉપસ્થિત થયો છે કે તમારા લોચનની જોડી અશ્રુભીની બની છે. શું કોઈએ કટુ વચન કહ્યાં છે કે કોઈએ અસહ્ય અપમાન કર્યું છે? શું કોઈ એવા અરમાન જાગ્યા છે કે જે કહી શકાતા

નથી તે માટે આ પ્રમાણે વ્યક્ત કરાય છે; છે શું? જે હોય તે વિના સંકોચે કહો કે જેથી તેનું નિવારણ કરાય.

ને, નાથ! એવું કાંઈ નથી. આપની છત્રછાયામાં સ્વપ્ને પણ એવું બનતું નથી. એવી કોઇ આપને પુણ્યે અહિં ખામી નથી કે અજુગતા અભિલાષ કરીને રોવું પડે. રોવાનું કારણ દુઃખ નથી પણ સ્નેહ છે. ભાઇ શાલિભદ્ર, આપને ખબર નહિં હોય પણ અમુક વખતથી વૈરાગ્યવાસિત થયા છે. આ પરવશ સુખને છોડવા તૈયાર થયા છે. આપને ખ્યાલ હશે કે અમુક સમય પહેલાં આ નગરીમાં એક રત્નકામળનો વેપારી આવ્યો હતો. તેની એક કામળનું મૂલ્ય સવાલાખ સોનૈયા હતું. તેની પાસે સોળ કામળો હતી. રાજગૃહીમાં તે વેચાઇ જશે એવી તેને ખાત્રી હતી પણ જ્યારે મહારાજા શ્રેણિક પણ એક કામળ ખરીદવા આનાકાની કરવા લાગ્યા ત્યારે તેનું મન પાછું પડયુ, તે નિરાશ થયો. તેને માતા ભદ્રાએ બોલાવ્યો, ને રાજગૃહીની નોક જાળવવા સોળ કામળો વીસ લાખ સોનૈયા રોકડા આપી ખરીદી લીધી. મહારાણી ચિલ્લણા દેવીનું મન મનાવવા એક કામળની મહારાજાએ માતાજી પાસે માંગણી કરી, પણ ત્યાંનું આપ જાણો છો. જ્યાં સ્વર્ણ રત્નના આભૂષણો પણ નિર્માલ્ય બને છે ત્યાં આવી કામળની શી કિંમત! માતાજીએ મહારાજાને કહેવરાવ્યુ કે—તે તો કાઢી નાખવામાં આવી છે, હાલ નથી, આપને અન્ય જે કાંઇ જરૂર હોય તે ખુશીથી જણાવો. આપનું વચન અમને શિરોધાર્ય છે. આ બાબતમાં તો હવે અમે લાચાર છીએ.

મહારાજા આ જવાબ સાંભળી ખુશ થયા તેમની નગરીમાં આવા ગર્ભશ્રીમંતો વસે છે, તે ખૂબ ગૌરવ જેવું જણાયું. આવી સંપત્તિ નજરે જોવાની તેમને ઇચ્છા જાગી. માતાજીને તેમણે કહેવરાવ્યું. મહારાજા પધાર્યા ત્યારે માતાજીએ સુન્દર સ્વાગત કર્યું, જાણે પૃથ્વી પર સ્વર્ગ ન ઉતર્યું હોય એવી સમ્પત્તિ નીરખી રાજાસાહેબ આશ્ચર્ય પામ્યા.

આવી સંપત્તિનો ભોક્તા ભાઇ શાલિભદ્ર સાતમે માળે હતો. નીચેની દુનીયા શું છે તેનું તેને જરીએ ભાન ન હતું. એટલું બોલતા બોલતા ફરી સુભદ્રાની આંખમાં જળજળીયા આવી ગયા. તેણે સુન્દર સાડીના પાલવથી આંખ લૂછી ને આગળ ચલાવ્યું. મહારાજાએ શાલિભદ્રને જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી. માતાજી ભાઇને નીચે બોલાવી લાવ્યા, માતાજીએ મહારાજાની ઓળખાણ આપી. એ આપણા મહારાજા છે, તેમની કૃપા છે તો આ બધું છે. વગેરે વિગતવાર કહ્યું ભાઇ તો ભાઇ જ. મહારાજાને મળ્યા પછી તેમને આ સ્વર્ગીય સુખમાં રસ નથી. આજ સવારે હું ત્યાં ગઇ હતી ત્યારે બધાને શોકસાગરમાં ડૂબેલા દીઠા. મને પણ ખબર ન પડી કે—એવું શું બન્યું છે કે એ બધા આમ ખિન્ન છે. પૂછયું ત્યારે કહ્યું કે—ભાઇ રોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે ને બત્રીશ દિવસે બત્રીશેનો ત્યાગ કરી દીક્ષા લેવાના છે. મેં આ સાંભળ્યું ત્યારથી મારા ચિત્તને શાન્તિ નથી. મને બીજું તો કાંઇ નથી પણ મારો ભાઇ એ પરીસહો કેમ સહી શકશે? ચારિત્રની ખડ્ગધારા પર તેનાથી કેમ ચલાશે? એના એ જ વિચારો મારા હૃદયમાં ઘોળાયા કરે છે. અત્યારે પણ મારું શરીર અહિં છે પણ મન તો એ જ વિચાર કરી રહ્યું છે. મારા આંસુનું કારણ આ છે. સુભદ્રાએ સ્પષ્ટ ખુલાસો કર્યો.

અહો! બહુ ભારે કારણ બન્યું છે રોવાનું! ધન્યકુમારે વિનોદ કરતાં કહ્યું ભાઇ સંસાર છોડવા તૈયાર થયા છે. અત્યારે આ પ્રભુશ્રી

ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ.

(લેખક —ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા એમ બી બી એસ)

(ગતાંક પૃષ્ઠ ૨૩૭ થી ચાલુ)

૨. શ્રુતજ્ઞાન—બીજું તેનામાં શ્રુતજ્ઞાન હોવું જોઇએ સદ્ગુરુ મુખે કે સત્શાસ્ત્રમુખે તેણે શ્રુતનું-અર્થનું શ્રવણ કરેલું હોવું જોઈએ, તેને આગમનું જાણપણું હોવું જોઇએ. અત્રે 'શ્રવણ' એટલે માત્ર કર્ણેન્દ્રિય દ્વારા શબ્દનું સાંભળવું એમ નહિં, પણ સાંભળવાની સાથે ભાવથી અર્થ ગ્રહણ પણ કરી લેવું તે જ સાચું શ્રવણ છે કારણ કે જેનાદ્વારા તત્ત્વ અર્થાય-શોધાય-તેનું નામ જ અર્થ અથવા આગમ-શ્રુત છે એટલે આ અર્થ-આગમ-શ્રુત જે શ્રવણ કરે, તે તેના અર્થ ગ્રહણરૂપ શ્રવણ પણ કરે, એ સહેજે સમજાય એમ છે

૩. સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની—શાસ્ત્રજ્ઞ હોય, સર્વ આગમ જાણતો હોય, છતાં દર્શનને

મહાવીરસ્વામી પરમાત્માનો ઉપદેશ સાંભળ્યા પછી સંસાર ઉપરથી મોહ ઉતારવો એ કંઇ મોટી વાત છે ભાઇ એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે તે સાંભળી બ્હેન રોવે છે. ભાઇ એવા બ્હેન છોડવું જ છે તો એક એક છોડવી એ શું? છોડવું ત્યારે એક સાથે સર્વ છોડી દેવું, એમાં ધીરતા શી? આવી કાયરતા અકળાવી મૂકે.

આ સાંભળી સુભદ્રાએ જવાબ વાળ્યો, ભાઇનો પક્ષ ખેંચ્યો. તેણે કહ્યુ-કહેવું સહેલું છે પણ કરવું દોહીલું છે, બીજા માટે બોલવામાં કાંઇ વાંધો આવતો નથી. પોતા પર આવે ત્યારે જ ખબર પડે છે 'परोपदेशे पाण्डित्यम्' દેકમાં હોય છે

ધન્યકુમાર હસ્યા તેમને પણ સંસાર ઉપર રુચિ તો ન હતી આ પ્રસંગ જતો કરવા જેવો તેમને ન લાગ્યો બાજોઠ ઉપરથી ઊભા થઇ ગયા ને કહ્યું-આ પરોપદેશની વાત નથી મારે પણ આજથી તમારો-આઠે સ્ત્રીનો ત્યાગ છે અમે પણ એ જ ચારિત્ર લેવા સજ્જ થઈશું હવે વિલંબ કરીશું નહિ. તમે કોઇ પ્રતિબંધ ન કરતા

નાથ! પ્રાણ! આ તો વિનોદ હતો, આ તો મશ્કરી હતી, તેમાં તમે આમ કરો એ કેમ ખમાય-કેમ સહેવાય! સુભદ્રાએ કહ્યું, ઘણું કહ્યુ, ખૂબ વિનવ્યા-મનાવ્યા પણ તેનું કે અન્ય પરિવારનું કાંઇ ચાલ્યું નહિ.

ધન્યકુમાર શાલિભદ્રને ઘેર ગયા ને કહ્યુ કે—ચાલ હું ચારિત્ર લેવા તૈયાર થયો છું છોડવું તેમાં વાર શી? આમ એક એકનો ત્યાગ કર્યે મજા નહિ મનને મજબૂત કરો ને એક સાથે છોડી ચાલી નીકળો સાળા બનેવી બન્ને જણાએ પ્રભુશ્રી મહાવીરસ્વામીનું શરણ સ્વીકાર્યું, ચારિત્ર લીધું

આંસુના બે બિન્દુએ જીવનના ઉજ્જવળ માર્ગમાં વેગ પૂર્યો ને ..

એ અશ્રુબિન્દુ અમર બની ગયા

શેલુ હોય તો રોજે પણ આવા ફળ આવે એ રીતે

અજ્ઞાની પણ હોય, એટલા માટે ઇચ્છાયોગી 'જ્ઞાની' હોવો જોઇએ, એવું ખાસ વિશેષણ મૂકયું. ઇચ્છાયોગી સમ્યગ્દષ્ટિ પુરુષ હોય, સમ્યગ્દર્શનને પ્રાપ્ત થયેલ આત્મજ્ઞાની હોય. સમ્યગ્દર્શન વિનાનું બધુંય જ્ઞાન અજ્ઞાનરૂપ જ છે. કારણ કે શાસ્ત્રસમુદ્રનો પાર પામીને વિદ્વાન્-વિબુધ થયો હોય, પણ અનુષ્ઠાન કરવા યોગ્ય એવું આરાધ્ય ઇષ્ટ તત્ત્વ ન જાણ્યું હોય, તો તે અજ્ઞાની જ કહેવાય. વિબુધોએ (દેવોએ) મંદર પર્વતવડે સાગરમંથન કરી સારભૂત રત્નોની ને તેમાં પણ સારભૂત અમૃતની પ્રાપ્તિ કરી, એમ પુરાણોક્તિ છે. તે રૂપકને અત્ર અધ્યાત્મ× પરિભાષામાં ઘટાવીએ તો વિબુધો (વિદ્વજ્જનો) અધ્યાત્મશાસ્ત્રરૂપ મંદરાચલવડે શાસ્ત્રસમુદ્રનું મંથન કરી, તેમાંથી સારભૂત તત્ત્વ-રત્ન ખોળી કાઢી, પરમ અમૃતરૂપ આત્મતત્ત્વને ન પામે, તો તે તેમનું વિબુધપણું અબુધપણારૂપ જ, અજ્ઞાનપણારૂપ જ છે. પાંચમા અંગમાં-શ્રી ભગવતી સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે-"નવ પૂર્વ સુધી ભણ્યો હોય, પણ જો જીવને ન જાણ્યો તો તે અજ્ઞાની છે."

"જો હોય પૂર્વ ભણેલ નવ,
પણ જીવને જાણ્યો નહિ,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું,
સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે,
જીવ કરવા નિર્મળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો.

× "अध्यात्मशास्त्रहेमाद्रिमथितादागमोदधेः ।
भूयांसि गुणरत्नानि प्राप्यंते विबुधैर्न किम् ॥"
શ્રી યશોવિજયજીકૃત શ્રી અધ્યાત્મસાર.

નહિં ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન નહિં કવિચાતુરી;
નહિં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં,
જ્ઞાન નહિં ભાષા ઠરી;
નહિં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન જ્ઞાનીમાં કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો."

"જબ જાન્યો નિજ રૂપકો,
તબ જાન્યો સબ લોક;
નહિં જાન્યો નિજ રૂપકો,
સબ જાન્યો સબ ફોક."

શ્રીમદ્ રાજચંદ્રજી.

એટલા માટે ઇચ્છાયોગી 'જ્ઞાની' પુરુષમાં આત્મજ્ઞાન અવશ્ય હોય, ઇચ્છાયોગી પુરુષ સમ્યગ્દષ્ટિ, સમ્યગ્દર્શની, આત્મજ્ઞાની હોય જ.

૪. પ્રમાદજન્ય વિકલતા—આમ આ ઇચ્છાયોગી સમ્યગ્દષ્ટિ આત્મજ્ઞને દર્શનમોહ તો દૂર થયો છે, પણ ચારિત્રમોહની હજુ સંભાવના છે, એટલે હજુ તેને તેવી સંપૂર્ણ-અવિકલ આત્મસ્થિતિ હોતી નથી, અખંડ, આત્માનુચરણરૂપ ચારિત્ર હોતું નથી, કારણ કે હજુ પ્રમાદનો સદ્ભાવ હોવાથી આત્મસ્વરૂપથી પ્રમત્ત-ચ્યુત થઇ જવાય છે, વિકથા વગેરે પ્રમાદના પ્રસંગથી તેના ચારિત્રભાવમાં વિકલપણું-ખામી આવી જાય છે. અને તેથી જ તેનો યોગ-ધર્મ-વ્યાપાર વિકલ-ખામીવાળો હોય, જ્ઞાનાચાર વગેરેના કાળ-વિનય વગેરે પ્રકારોમાં અતિચાર-દોષથી તેની સ્ખલના થાય છે.

અત્રે પ્રમાદ એટલે આળસુપણું એવો માત્ર સામાન્ય અર્થ નથી, પણ પ્રમાદ એટલે જે કંઇ વડે કરીને જીવ પોતાની આત્મસ્વરૂપ

લક્ષ્મી

અનુઃ—ચીમનલાલ શાહ.

સત્તરમી સદીની આ વાત છે. લગભગ અડધી સદી તો પસાર થઇ ગઇ હશે. હીરાલાલ અને મોતીલાલ નામે બે ભાઇ મુર્શિદાબાદમાં રહેતા હતા. તેઓનું મૂળસ્થાન તો મારવાડ હતું, પરંતુ વ્યાપાર માટે બંગાળમાં જઇને રહ્યા હતા. હીરાલાલની પત્નીનું નામ હતું તારામતી જ્યારે મોતીલાલની પત્નીનું નામ હતું લલિતા.

હીરાલાલ અને મોતીલાલ સ્થિતિએ તો ગરીબ હતા, પરંતુ પ્રભાવિક પ્રેમ અને અનુપમ બુદ્ધિ હોવાથી તથા લલિતામાં વિનય, વિવેક હોવાથી દુઃખ જણાતું ન હતું. અને સુખી બનવામાં સહાયભૂત બનતા.

તારામતીએ એટલે કે હીરાલાલના શ્રીમતીએ બન્ને ભાઈને કહ્યું કે જ્યારે સાંજે ઘરે પાછા ફરો ત્યારે સાથે કંઇક ને કંઇક જરૂર લેતા આવવું. જેથી બન્ને ભાઇ ઉદ્યમ કરવામાં રચ્યા-પચ્યા રહેતા હતા. ઘણા દિવસ આ પ્રમાણે પસાર થયા, પરંતુ એક દિવસ મોતીલાલને કઈ મળ્યુ નહીં. જેથી ભાભીએ ટકોર કરી. એટલે મોતીલાલ એકદમ બહાર જતો રહ્યો.

બહાર જતા-જતાં તેણે એક દિવસ મરેલો સાપ જોયો. તેણે મરેલા સર્પને લાકડી ઉપર લઇ ઘરે આવી ભાભીને કહ્યું, "ભાભી, હું આ વસ્તુ આજ લાવ્યો છું."

ભાભી અને લલિતા પ્રથમ તો ગભરાઇ

સ્થિતિથી પ્રમત્ત થાય, ભ્રષ્ટ થાય, ચ્યુત થાય, તેવો વિશાળ અર્થ છે. અને જીવને સ્વરૂપભ્રષ્ટ કરનાર આ પ્રમાદના મુખ્ય પાંચ પ્રકાર છેઃ (૧) મદ, (૨) વિષય, (૩) કષાય, (૪) નિદ્રા, (૫) વિકથા. અથવા પ્રકારાંતરે તેના આઠ ભેદ છેઃ (૧) અજ્ઞાન, (૨) સંશય, (૩) મિથ્યાજ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) મતિભ્રંશ, (૭) ધર્મમાં અનાદર, (૮) મન-વચન-કાયાના યોગોનું દુષ્પ્રણિધાન.

અને આ પ્રમાદને લીધે જ્ઞાનાચાર વગેરે પંચ આચારના સમ્યક્ પાલનમાં ક્ષતિ થવાનો સંભવ છે છતાં, ઇચ્છાયોગી મુમુક્ષુને ઇચ્છા-પ્રધાનપણું તો અવશ્ય છે જ, એટલે તે મોક્ષ-સાધક ધર્મકર્તવ્ય કરવાની સતત્ અંતરંગ ઇચ્છા ધરાવે જ છે, અને તે ઇચ્છા પ્રમાણે યોગ-ધર્મવ્યાપાર-ધર્મપ્રવૃત્તિ પણ કરે છે, તેનો ધર્મ પુરુષાર્થ તો ચાલુ જ હોય છે, કારણ કે અન્ય સામાન્ય કોટિના જીવો જેમ પ્રમાદી-આળસુ હોય છે, તેવા અર્થમાં તે જ્ઞાની પુરુષ પ્રમાદી હોતો નથી, તે કાંઇ પાદ પ્રસારિકા કરીને આળસુ બેસી રહેતો નથી; તેવા સામાન્ય-પ્રાકૃતજનો કરતાં તો તે અનંતગણો આગળ વધી ગયો હોય છે, કારણ કે તેના કષાય પાતળા પડી ગયા હોય છે, વિષયરસ-વિષયાસક્તિ મંદ પડી ગયા હોય છે, અને આત્મસ્વરૂપ જાણ્યા-સમજ્યા પછી તે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષનો સતત પ્રયત્ન, પુરુષાર્થ, ઇચ્છા પણ પ્રમાદ દૂર કરવા ભણી જ હોય છે.

—(ચાલુ)

ગયાં. કદાચ આપણા ભાગ્યનો અરુણોદય થશે તેવું આવા વિચિત્ર પ્રસંગ ઉપર વિચાર કરી તારામતીએ (ભાભીએ) કહ્યું કે: આ મૃત સર્પને ઉપર અગાસીમાં મૂકો. અને મોતીલાલે પણ ભાભીની સૂચના મુજબ જ કર્યું.

આ ઘટના જ્યારે બની તે વખતે મુર્શિદાબાદમાં મુર્શિદકુલીખાં નવાબનું શાસન ચાલતું હતું. નવાબનો રાજ્યવૈભવ મહાન શહેનશાહ જેવો હતો. જો કે મોગલ શહેનશાહનો પોતે સૂબો હતો. તેની ધર્મપત્નીની બેગમનું નામ હતું 'હેરૂન્નિસા'. ખરેખર તે રસમૂર્તિ હતી. નવાબે પોતાની પુલકિત અર્ધાંગના માટે અગાસીમાં એક સુંદર શોભાયમાન બગીચો બનાવરાવ્યો હતો. રાજ્યની અગાસીમાં આ બગીચો બહુ જ શોભાસ્પદ થઇ રહ્યો હતો.

કોઈ વખત હેરૂન્નિસાએ ખાસ કારણસર બગીચામાં ફરતાં ફરતાં જેની કલ્પના પણ ન સંભવે તેવો મૂલ્યવાન હાર એક ખીંતી ઉપર અમુક કારણસર મૂકયો.

અને બહાર જતાં તે હાર લેવો ભૂલી ગઇ.

આ હારનો આકાર હતો સર્પના જેવો આકારનો, સાંજનો સમય હતો. કોઈ બાજપક્ષી સર્પ ધારીને હારને લઇ ગયું. ઊડીને જતાં-જતાં હીરાલાલની અગાસીએ આવતા સાચો સર્પ જે ભાભીના કહેવાથી મોતીલાલે મૂકયો હતો તે દેખ્યો. એટલે તે બાજપક્ષી, સર્પ લઇ તે જગ્યાએ હાર મૂકી ચાલ્યું ગયું.

હાર ગુમ થયો તેના સમાચાર રાત્રે ફેલાઇ ચૂકયા. હાર લાવી આપનારને-શોધી આપનારને એકસો સોનામહોર બક્ષિસ આપવાનું ઇનામ નવાબે પણ જાહેર કર્યું. રાત્રિને કાબૂમાં લઇ સૂર્યનારાયણ પોતાના કિરણ-સૈનિકોથી રાજ્ય ચલાવવાની શરૂઆત કરતા હતાં ત્યારે તારામતી એકાએક અમુક કાર્ય માટે અગાસીમ ગઇ. જ્યાં મૃત સર્પ મૂકવામાં આવ્યો હતો ત્યાં હારને જોઈ, નવાબનો જ હાર છે તેવુ સમજી ગઇ. તેણે બન્ને ભાઇને બોલાવી, હા આપી, રાજભુવનમાં મોકલ્યા.

અથથી ઇતિ સુધી નવાબે હીરાલાલ અને મોતીલાલનું કથન સાંભળ્યું. તારામતીની આર્ય કર્તવ્યશીલતા જોઇ ખૂબ આનંદ માની તારામતીને 'માતા' તરીકે સો સુવર્ણ મુદ્રાનુ ઇનામ આપ્યું. અને તે ઉપરાંત બીજી સો સોનામહોર હીરાલાલને આપી. જો કે હીરાલાલે આ પ્રકારની ભેટ સ્વીકારવા ના કહી. પણ નવાબ તો બહુ જ મુગ્ધ બની ગયા હતા. જેથી હીરાલાલની કોઇ પણ ઇચ્છા પરિપૂર્ણ કરી આપવાનું વચન આપ્યું. ભવિષ્યમાં હું વચન માગીશ તેવું કહી હીરાલાલે રજા લીધી.

નવાબ સાહેબ મૂળ હિન્દુ જ્ઞાતિના હતા, પરંતુ ધર્મમાં પરિવર્તન કર્યું હતું. મુસલમાન ધર્મ સ્વીકાર્યો હતો. થોડોક સમય પસાર થયો અને દિપોત્સવી પર્વ પણ આવ્યું. પર્વ ઊજવવાની ભાવના થઇ. તેમણે રાજ્ય તરફથી એવો હુકમ બહાર પાડ્યો કે આ વર્ષે આ નગરમાં કોઇના ઘરે દીપક-રોશની પ્રગટાવવી નહી. ફકત રાજમહેલમાં જ ઊજવવામાં આવશે. નવાબનો હુકમ પ્રજાને માન્ય રાખવો પડયો.

તારામતીને આવો હુકમ પસંદ ન પડયો. આ વખતે મોતીલાલની સ્ત્રી લલિતા ગર્ભવતી હતી. આ સમયે તેણે હીરાલાલને નવાબ પાસે મોકલ્યો. અને પહેલાનું વચન યાદ દેવરાવી આપણા ઘરમાં દીપક-રોશની પ્રગટાવવાની અનુમતિ માગવા કહ્યું. નવાબ તો વચનથી બંધાઇ ચૂકયા હતા. તેથી તેને અનુમતિ આપવી પડી. આ મુજબ દિપોત્સવીદિને નવાબ અને હીરાલાલ બન્નેના ઘરે દીપક ઝળહળી રહ્યા.

નવાબના મકાન ઉપર લાખોની સંખ્યામાં દિપક ઝળહળી રહ્યા હતા, જ્યારે હીરાલાલના મકાન ઉપર માત્ર એક જ દીપક (શુદ્ધ) ઘીનો ઝળહળી રહ્યો હતો.

દિપોત્સવીના દિવસે સાંજના વખતે તારામતી પાણી ભરવા નદી તટે જતી હતી. ત્યાં તેણે લક્ષ્મીદેવીને એક નાવડામાંથી ઊતરતી જોઇ. લક્ષ્મીદેવીના મુખપટ પર વિષાદની છાયા હતી. તે નવાબના મહેલ તરફ જતી હતી.

'બહેન,' રસ્તામાં જતાં-જતાં તારામતીએ વિનયથી પૂછયું, 'શું આપે નવાબનો મહેલ પસંદ કર્યો છે?'

'મારી પસંદગીની વાત કયાં છે?' લક્ષ્મીએ પ્રેમપૂર્વક કહ્યું. 'તું જુએ છે કે આજે દિપોત્સવી હોવા છતાં દીપકની હાર માત્ર રાજમહેલમાં જ ઝળહળી રહી છે!'

'જી.' શાંતિથી તારામતી બોલી. 'રાજમહેલમાં લાખો દીપક પ્રગટેલા છે, ઝગમગતા છે; પરંતુ મારી ઝૂંપડીમાં માત્ર એક પણ શુદ્ધ ઘીનો દીપક પ્રગટી રહ્યો છે, તો આપ મારે ત્યાં નહિ આવી શકો?'

'જરૂર આવું.' લક્ષ્મીએ પ્રેમપૂર્વક કહ્યું.

'આપ આગળ જાઓ.' તારામતીએ ઘણી જ નમ્રતાથી કહ્યું. 'હું પાણી ભરીને પાછળ-પાછળ આવું છું, પણ મારા આવ્યા પહેલાં ન જતાં.'

'નહિ જાઉં.' આ પ્રમાણે કહી તારામતીના ગૃહ તરફ લક્ષ્મીએ પ્રયાણ કર્યું.

અહીં તારામતીએ વિચાર કર્યો કે-જો હું ઘરે પાછી ન જઉં, તો વચનથી બંધાયેલી લક્ષ્મી મારા પતિના ઘરને કદી નહિ છોડી શકે. **અને સ્વપતિના ગૃહમાં લક્ષ્મીનું અચળ સ્થાન બનાવવા માટે ગંગાના અગાધ જળમાં પડી પ્રાણીના વિશાળ પ્રવાહમાં ડૂબી ગઇ.**

વર્ષો સુધી લક્ષ્મી તારામતીની રાહ જોતી હીરાલાલના ગૃહે રહી.

લલિતાનો—મોતીલાલનો પુત્ર જગતશેઠ બન્યો. તેમણે તારામતીની સ્મૃતિ રાખી અને જ્યાંસુધી તારામતીની સ્મૃતિ રહી ત્યાંસુધી લક્ષ્મી ત્યા જ રહી.

આ સ્મૃતિ પ્લાસીના યુદ્ધ વખતે દૂર સુદૂર જતી રહી લક્ષ્મીએ પણ પછી તે ઘરને ત્યજી દીધું.

卐

ધર્મ-કૌશલ્ય.

(૬૭)

Patience ધીરજ અને દ્રવ્યાનુયોગરૂચિ.

જેને ધીરજ કબજામાં નથી તેને તત્વજ્ઞાન પણ હોતું નથી. આ ભારે અદ્ભુત વાત છે અને અનુભવથી જ સમજાય તેવી છે. ત્યારે પ્રથમ તો આપણે તત્વજ્ઞાન શું ચીજ છે તેનો વિચાર કરીએ અને પછી તેને અને ધીરજનો શો સંબંધ છે તે વિચારીએ. તત્વજ્ઞાનમાં એટલે સદ્બુદ્ધિમાં ઘણા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. આત્મા સંબંધી અને આત્માના પદાર્થ સાથેની વિચારણા જે શાસ્ત્ર કરે તેને તત્વજ્ઞાનનું મહાશાસ્ત્ર કહેવામાં આવે છે. અંગ્રેજીમાં એને ફીલોસોફી (Philosophy) ફીલસુફી કહેવામાં આવે છે. તેનું મૂળ વિચારીએ તો આપણને જણાય છે કે philas : loving & sophia : wisdom એટલે ફીલોસોફીને અને બુદ્ધિને ઘણો નજીકનો સંબંધ છે. એટલે બુદ્ધિશાળી માણસની બુદ્ધિ જ્યાં પહોંચે ત્યાં ફીલોસોફી સુરાજ્ય કરે છે. એમાં અત્યારના વિજ્ઞાન (science) નો પણ સમાવેશ થાય અને ચેતનજી અને પુદ્ગળને સંબંધ ક્યારે? કેમ અને શા માટે થયો? અને તેનું પરિણામ શું થયું યોગ્ય લાગે છે? તે સર્વ વાર્તાનો અને ખાસ કરીને તેનો સમાવેશ તત્વજ્ઞાનમાં થઇ જાય એ રીતે જોતાં ફીલસોફીમાં તો સર્વ પ્રકારની વિચારણાનો સમાવેશ થાય અને આત્માનું અંતિમ ધ્યેય તો નિર્વાણ અને કૈવલ્ય (સંપૂર્ણ) જ્ઞાન જ તેની પ્રાપ્તિ થાય. એટલે ફીલોસોફી બુદ્ધિનો વિષય બની ગમે તે પ્રદેશમાં માથું મારી શકે એ પ્રમાણે જોતાં શાસ્ત્રિય સર્વ વિષયોનો સમાવેશ આ ફીલસુફીમાં જરૂર આવી જાય છે એમ સિદ્ધ થયું.

એને ધીરજ સાથે શો સંબંધ છે? એવો સવાલ ઊઠે તો બહુ વિચારણા થાય. અને તેવા દ્રવ્યાનુયોગના કઠણ વિષયનો ધીરજ સાથે સંબંધ શો છે? તે જણાઇ આવે. સાદી નામનો મુસ્લીમ વિચારક કહે છે કે જેને ધીરજ નથી તેને તત્વજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આ અંતાંરે છે કે તત્વજ્ઞાનની પ્રાપ્તિ ધીરજ માગે છે. એમાં ઉતાવળ ચાલે નહિ, ગોટા વાળવા એ જે નહિ, પણ સામ્યવૃત્તિ રાખી ધીરજ રાખવી પડે. એમાં જ્યારે ઉતાવળ થાય ત્યારે તત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ, ગોટા વાળવા હોય તેનામાં ધીરજ ન હોય અને ધીરજ વગર વસ્તુ કે આત્માને ઓળખાય નહિ. એટલા માટે તત્વરૂચિ ને ધીરજને સંબંધ શો છે તે સમજવામાં આવ્યું હશે. જેનું વર્ચસ્વ ધાર્મિક હોય તેણે ધીરજ રાખવી ઘટે. તેને ઉતાવળ કોઇ પણ કાર્યમાં ઓજે નહિ અને એમ હશે કે તેમ હશે તેવી શંકાને પણ તેમાં સ્થાન નથી એટલે કોઇપણ પ્રકારના ગોટાળાને અને ઉતાવળને તત્વજ્ઞાનપ્રાપ્તિ સાથે બને નહિ એટલા માટે જે ધર્મરૂચિ જીવડાં હોય તેણે જો તત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તો પ્રથમ કેળવણી તેણે ધીરજની લેવી જોઇએ અને આપણે જેને સામાયિક કહીએ છીએ તેમાં રાખવા યોગ્ય સમભાવ કેળવવો જોઇએ. એમાં કોઇ જાતના ગોટા વાળવા પરવડે તેમ નથી. ધર્મીષ્ટ માણસે તો આત્મા અને પદાર્થને, પુરૂષ અને પ્રકૃતિને, આત્મા અને પુદ્ગળને ઓળખવા જ જોઇએ. અને પાયામાં ધીરજને સારી રીતે કેળવવી જોઇએ એ વાતનો સાર છે." મૌક્તિક.

Whosoever has not patience, neither doth he possess philosophy.

Sadi.

ચારૂશીલા રમણી રત્નો

(૨)

(ગતાંક ૧૦ પૃષ્ઠ ૨૨૨ થી શરૂ)

મહત્ત્વનો વાર્તાલાપ—

શ્રમણપુંગવ ઋષભદેવ કયા ભાગમાં વિચરે છે એની તપાસ કરાવી કે નહિ ? પેલા દિવસે મેં ખાસ ભાર મૂકીને જણાવેલી એ વાત રાજકાજમાં ભૂલી ગયા તો નથી ને ?

ના, ના, ત્હારી આ મહત્ત્વની વાત ભૂલાય ખરી કે ? પણ તું એ સારુ આટલી તીવ્ર ઉત્કંઠા શા સારુ ધરે છે ? એ વાતમાં તો આપણુ સૌને સરખો લાભ છે.

મેં દાદીમાને સૌપ્રથમ એ કાર્ય માટે ખાતરી આપી છે. બાકી નરજાતિના ભરોસા એ જાણે સમજ્યા, અને સરખો લાભ એ જો અંતરમાં વસ્યો હતે તો, દાદીમા શા સારુ આંસુ સારતા હોત ! પુરુષ જાતિના હૈયા કઠોર તો ખરાં જ. એને 'મૃદુનિ કુસુમાદપિ' જેવું વિશેષણ કદાપિ લાગુ પડી શકે જ નહીં.

વાહ, વાહ, આજે તો સુંદરી તું પૂર રંગમાં દોડી રહી છે. વકતૃત્વ શક્તિમાં બ્રાહ્મીને પણ ટપી જાય તેવો આજે ત્હારો દિદાર છે. રોજ થોડો સમય લઇ, આવો આનંદ કરાવતી રહે તો રાજકીય ચિંતાના ભાર હેઠળ દબાયેલા હૃદયને કંઈક સંતોષ મળે. અરે ! તાજગી પણ પ્રાપ્ત થાય. ગૃહસ્થ જીવનમાં સાચે જ પુરુષ, ગમે તેવો પ્રબળ અને સાહસિક હોય, છતાં સહચરી વિના અધૂરો છે. અને અલ્પ પણ છે જ.

નીતિકારના વચનો 'અર્ધાંગી' અને 'ગૃહિણી' ખરેખર અતિશય ભાવવાહી છે એવું આજે મને સ્પષ્ટ દીસે છે.

વડીલ ભાઈ ! આ તો ગાડી ચીલાની બહાર જઈ રહી છે. મને જવાબ આપો કે વાત કયાં સુધી આગળ વધી છે. પ્રયાણ ભેરી કયારે ગજવાની છે ?

સુંદરી ! કળાની દેવી ! તું 'ભાઇ' તરીકેનું સંબોધન ન કરે તો ન ચાલે ? યુગલિક જીવનમાં 'ભાઈ બ્હેન' જેવું શું છે ?

અયોધ્યાપતિ ભરતરાજ બોલે છે કે બીજું કોઇ ! જેના દાદાએ પોતાના હસ્તે યુગલિક પ્રથા પર લીટી દોરી, અને પિતા એવા શ્રી ઋષભદેવથી નવો ચીલો શરૂ કર્યો, અરે ! માત્ર એ એક જ વાતમાં નહીં પણ સંસારના સર્વ વ્યવહારમાં નવી કેડીઓ દાખવી સૃષ્ટિના નવેસરથી મંડાણ કર્યા. એ પ્રતાપી પિતાનો પુત્ર હેનું *યુગલિક જીવનમાં વિચરે છે શું ?* એ તો ખરેખર દિવા સ્વપ્ન કહેવાય. જ્યાં નવા રાહની રેખા દોરાઈ ચૂકી ત્યાં એ મહાભાગના વંશજે તો એને વિસ્તારવાની રહી. 'ભાઈ બ્હેન' રૂપી સગપણને નવ સિંચન કરી એને વૃક્ષરૂપે પરિણમાવવું એમાં જ પુરુષાર્થ. યુગલરૂપે જન્મેલા જોડલાં જ પાકી વયે દંપતીજીવનમાં પગલા માંડે એ પ્રથા પર જ્યાં કુદરતે અવકૃપા કરી ત્યાં હરતાળ ઘસવી એ જ આવશ્યક ધર્મ.

સુંદરી, તું આજે કોઈ નવો જ પાઠ શિખવી

રહી છો! હા, ચોસઠ કળાનું આધપાત્ર એટલે એ શક્તિ તો સંભવે જ, છતાં મને એ તો જણાય કે પુરુષ અને સ્ત્રીનો યોગ તો જરૂરી ગણાય જ ને? એ સંબંધ તો ચાલુ રહેવાનો ને? એ વિના સૃષ્ટિ ચાલશે ખરી?

વડિલ ભ્રાતા! એ તો દીવા જેવું સ્પષ્ટ છે. ગૃહસ્થાશ્રમનો નિષેધ મારા વિવેચનમાં પણ નથી જ. સંબંધ બંધાશે પણ એક કુટુંબના જોડલાથી નહીં. એક માતા પિતાના સંતાનો ભાઇ બ્હેનરૂપે જ લેખાશે. આગળ વધી કહું તો માતાઓ જુદી હશે છતાં પિતા એક હશે તો તેને પણ ઉપરનો નિયમ લાગુ પડશે. 'ભાંઇ બ્હેન'નું સગપણ હવેના યુગમાં અનોખી પ્રતિભા પ્રગટાવશે

સુંદરી! જ્યારે નર-નારીનો યોગ થવાનો જ છે, તો પછી એમાં સરખે સરખી જોડી જામે એ માટે શા સારુ આડા હાથ ધરાય? જ્યાં પરસ્પરનો પ્રેમ સહજ વહેતો હોય ત્યાં 'ભાઇ-બ્હેન'ના સંબંધરૂપી ખડકને આગળ આણવાનું શું પ્રયોજન? અસ્ત થતી પ્રનાળી ઓછી જ કંઇ એકદમ ભૂસાઈ જાય છે! એને પણ સમયના વાયરાની અગત્ય લેખાય બીજને જળસિંચન થતું રહે એ સામે મારો વાંધો નથી પણ એના મંગળાચરણ કંઇ આપણાથી જ થાય એવું શા માટે? વળી થોડું પરિવર્તન તો હું પણ સ્વીકારું છું જ. હું ત્હારો ભાઇ ખરો, પણ માજણ્યો ભાઈ તો બાહુબલિ જ ને!

સ્પષ્ટ વાત તો એ છે કે યૌવન બાગ ખીલ્યો નથી ત્યાંલગી જરૂર આપણા વચ્ચે 'ભાઈ-બ્હેન'નો વહેવાર પ્રવર્તે. પછી તો 'બ્રાહ્મી અને બાહુબલિ' તેમ 'ભરત અને સુંદરી'ની જોડીઓ જગતને કંઇ નવો જ ઓપ આપશે. એક રાજવી તરીકે એ નિયમ હું અપનાવીશ.

વડિલ, આપની આગળ મારે વધુ કહેવું વ્યાજબી નથી, પણ આપના એ સ્વપ્ના ફળનાર નથી. તાળી ઉભય હાથે જ પડે છે. એકલો હાથ તાળી માટે નકામો છે. અમો બ્હેનોને જ્યાં લગ્ન કરવા જ નથી, અરે સંસારમાં પડવું જ નથી ત્યાં નિયમ અપનાવવાપણું કયાંથી રહેવાનું?

સુંદરી, એ તો તમારો હસવા જેવો અખતરો! નારીજાત કુંવારી રહી જાણી નથી. વ્યવહારનું ઉલ્લંઘન શકય નથી જ.

મોટાભાઇ, આજે એ વાત જવા દો. વંદન કરવા કયારે નીકળવું છે તે મને જણાવો કે જેથી દાદીમાને દીધેલ વચન હું પૂરું કરું.

અરે, હું પણ કેવો ભૂલકણો કે. ત્હને જોતાં જ ઘડીપૂર્વે કહી ગયેલ અનુચરની વાત સાવ વીસરી ગયો! એ મહત્વના પ્રશ્નનો ઉકેલ તો સત્વર કરવાની જરૂર છે.

કળાની દેવી, ત્હારી અભિલાષા આજે જ-પૂરણ થાય એવો યોગ સાંપડ્યો છે. આપણ સર્વને પ્રવાસ ખેડવાની જરૂર જ નથી રહી. પિતા એવા ઋષભદેવ ગઇ કાલની સંધ્યાએ આપણા પુરિમતાલ પરામાં પધાર્યા, અને હમણા મને સમાચાર મળ્યા કે તેઓશ્રીને કેવલજ્ઞાન ઉપજ્યું છે.

તો, તો, બહુસારું. ઉતાવળ કરો આવો અનુપમ અવસર પુન્યોદય વિના ન જ લાધે. દાદીમા તો હરખઘેલા થઈ જશે.

પણ, એક બીજો બનાવ પણ હમણાં જ બન્યો છે! એની પણ રાજવી તરીકે મારે વિચારણા કરવી રહી. આયુધશાળામાં 'ચક્રરત્ન'

દૈવી ન્યાયમાં વિશ્વાસ.

અનુ–અભ્યાસી.

[illegible] કરે છે તે ભલા માટે જ કરે છે. આ ધ્રુવ સત્ય જો માણસ સમજી લે તો તે દુ:ખ, ચિંતા, અશાંતિ, કલહ અને આધિવ્યાધિથી મુક્ત રહે છે.

જ્યાં ઈશ્વર છે ત્યાં અન્યાય નથી અને જ્યાં પક્ષપાત–અન્યાય છે ત્યાં ઈશ્વર નથી. વસ્તુત: ઈશ્વર તો સદા સર્વત્ર છે, પરંતુ અન્યાય કરનારને ઈશ્વરનો અનુભવ નથી થતો એટલે જ તે અન્યાયમાં પ્રવૃત્ત થાય છે. ઈશ્વરને ન માનનાર કોઈ માણસ જે પ્રકૃતિમાં માનતો હોય છે તે પ્રકૃતિમાં પણ અન્યાય નથી. કેમકે પ્રકૃતિમાં પણ સઘળાં કાર્યો નિયમિત તથા સુચારુરૂપે થાય છે. સુવ્યવસ્થિત તથા ન્યાયપ્રિય રાષ્ટ્રના કાર્યોમાં ભૂલ હોઈ શકે છે, પરંતુ પ્રકૃતિનાં કાર્યોમાં ભૂલ માટે અણુમાત્ર પણ સ્થાન નથી. મનુષ્ય વખતોવખત અજ્ઞાનવશ થઈને બુરાઈને ભલાઈ અને ભલાઈને બુરાઈ સમજીને દુ:ખસુખનો અનુભવ કરે છે. જેવી રીતે કોઈ માણસ જ્વરથી પીડાતો હોય ત્યારે અંદરનો દોષ બહાર કાઢવાથી શરીરની શુદ્ધિ થાય છે અને તેને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે તેવી રીતે આધ્યાત્મિક દૃષ્ટિથી દુ:ખભોગ આપણા આભ્યન્તરિક દોષોને નષ્ટ કરીને પૂર્વજન્મનાં પાપોને કાપી નાખીને આપણને શુદ્ધ કરે છે.

ની ઉત્પત્તિ થઈ છે. એ રત્ન દેવતાધિષ્ઠિત હોય છે. એની પૂજનવિધિ કરવી પડે છે. મનમાં એ જ પ્રશ્ન ખડો થયો છે કે પ્રથમ ક્યાં જવું?

ભરતરાજ! સુંદરી હસતાં હસતાં બોલી, આપ કયા કારણે આ જાતની વિમાસણમાં પડ્યા છો? ચક્રની પ્રાપ્તિ અને રાજ્ય જીતવાના લોભે આપની પ્રજ્ઞા પર આ તે કેવો અંધારપટ ફેંકી દીધો છે ભલા!

કળાની દેવી, આ મશ્કરીનો સમય નથી. સેનાપતિનો ખાસ આગ્રહ છે કે સત્વર આવો. મારી મૂંઝવણ એથી વધી છે.

ભ્રાતા! એમાં મૂંઝવણ શા સારુ? એનો (સેનાપતિનો)એ વિષય રહ્યો. બાકી ભગવંત કંઈ 'તેડું' કરવાના નથી. છતાં આપ કેમ વિચારતા નથી કે એક લૌકિક ફરજ છે અને બીજી તો લોકોત્તર છે. ચક્રની પૂજા આ ભવ પૂરતી જ લાભકારી છે જ્યારે કૈવલ્ય મહોત્સવ તો ભવોભવના કષ્ટો દૂર કરનારો છે. પૌદ્ગલિક સુખોના અભિલાષી માટે એ જરૂર ગુંચ ગણાય અને ઉકેલમાં વિમાસણ થાય. પણ આત્મશ્રેયના ઇચ્છુક માટે, અરે પ્રથમ તીર્થંપતિના વડિલ સંતાન સારુ એ અંગે વિમાસણ કેવી! એમાં અન્યની સલાહની જરૂર હોય જ નહીં.

સુંદરી, જલ્દી તમો સર્વ તૈયારી કરો. ત્હારા વચને મારા અંતર ચક્ષુ ખોલી દીધા છે.

'રીઝવવો એક સાંઈ' એ જ મારો પ્રથમ ધર્મ, લોકોત્તર માર્ગનું અનુસરણ એ જ કર્તવ્ય. લૌકિક તો એ પાછળ 'દોડયું' આવશે. કદાચ લૌકિકમાં ઊણપ રહેશે તો ઓછો જ ભવ હારી જવાનો છે.

આપણે જન્મદિવસ ઊજવીએ છીએ. વિચારદૃષ્ટિએ જોઇએ તો તે દિવસે તો આપણાં આયુષ્યનું એક વર્ષ ઓછું થયું છે, છતાં પણ આપણે આનંદ પામીએ છીએ. જો એ વર્ષ પ્રાણીમાત્રની સેવામાં વ્યતીત થયું હોય તો અમુક અંશે આનંદ પામવાનું કારણ પણ છે. જ્યાં અસ્ત થયેલા સૂર્યનો ઉદય થાય છે, ચંદ્રકલા ક્ષીણ થયા પછી વૃદ્ધિ પામે છે, જન્મ મૃત્યુ માટે જ છે તથા યૌવન ઘડપણ માટે છે અને સ્વાસ્થ્યમાં વ્યાધિ નિહિત છે એવી અનિત્યતામાં જેનું વર્ષ ધર્મપાલનમાં વ્યતીત નથી થયું હોતું તેને માટે જન્મોત્સવના પ્રસંગે હર્ષ માનવો એ તો પાગલોનો પ્રલાપમાત્ર છે. કોઈ સંબધીનું મૃત્યુ થાય છે તો આપણે પોક મૂકીને રોઈએ છીએ. ગંભીરતાથી વિચારીએ તો આપણને એ સત્ય સમજાશે કે જેનું મૃત્યુ થયું છે તેનું તેમજ તેના સ્વજનોનું એમાં જ હિત રહેલું છે સૃષ્ટિનું પ્રત્યેક કાર્ય નિયમિત ઉદ્દેશથી જ થાય છે અને ઉદ્દેશની પૂર્તિ થતા જ કાર્યની સાર્થકતા પૂરી થઇ જાય છે.

લશ્કરમા જેટલું મહત્વ એક સેનાપતિનું છે તેટલું જ પોતપોતાના સ્થાન પર દરેક સૈનિકનું પણ છે. જેવી રીતે એક એક કણથી પથ્થર બને છે અને પથ્થરોના સમૂહથી મહાન પર્વત બને છે, પાણીના ટીપાથી વિશાલ સમુદ્ર બને છે. ટીપા ન હોય તો સમુદ્રનું અસ્તિત્વ જ ન હોય એવી રીતે સંસારરૂપી મહાન નાટયશાળામાં નાના મોટા સૌ પાત્રોની સમાન આવશ્યકતા છે. નાનામા નાના પાત્રનું અભિનય સારું ન હોય તો આખા નાટકનું સ્વરૂપ બગડી જાય છે. એ રીતે પોતપોતાના સ્થાન પર સૌનું સરખું જ મહત્વ છે. પ્રત્યેક માણસ કોઇ ખાસ ઉદ્દેશ લઇને આવે છે અને કાર્ય સમાપ્ત થતાં જ ચાલ્યો જાય છે. આ ભારતદેશરૂપી નાટકશાળામાં જેટલી પૂ. ગાંધીજીરૂપી સૂત્રધારની આવશ્યકતા હતી તેટલી જ કોંગ્રેસના એક અદના સ્વયંસેવકરૂપી પાત્રની હતી. બેનાંથી એકનું પણ અભિનય સુંદર ન હોય તો નાટક નિરર્થક જાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે ત્યારે શું અમારે આળસુ બનીને બધી વાતો પ્રકૃતિ પર છોડી દેવી ? નહિ. નિયંતાએ જે કાર્ય માટે આપણું નિર્માણ કર્યું છે તે કાર્ય નિષ્કામ ભાવે તત્પરતાપૂર્વક કરતા રહેવું અને અસફલ હોવા છતાં પણ વારંવાર સ્વાર્થ રહિત થઇને પ્રયત્ન કરતા રહેવું જોઇએ અને છેવટે જે કાંઇ થાય તેનાથી પ્રસન્નતાપૂર્વક સંતોષ માનીને પ્રકૃતિના નિયમો પ્રમાણે ચાલવું જ જોઇએ. એમ કરીએ તો જ કહી શકાય કે આપણે, ઇશ્વર જે કાંઇ કરે છે તે ભલા માટે જ કરે છે એમ સાચોસાચ માનીએ છીએ.

અહિં એવી શંકા કરી શકાય કે " પ્રકૃતિ જે કાંઇ કરે છે તે ભલા માટે જ હોય છે તો યુદ્ધમા કરોડો લોકોની હત્યા થઈ, અસંખ્ય સ્ત્રી બાળકો મરણ પામ્યા અથવા આશ્રયવગરના બન્યા; શું એમાં પણ ભલાઇ હતી ? " સાચું કહીએ તો એમ જ કહેવું પડે કે-ચોક્કસ એમાં પણ ભલાઇ ન હતી. આપણે મદાંધ બની ગયા હતા, આપણો ધર્મ, નીતિ તથા સત્યને તિલાંજલી આપી દીધી હતી, જીવનમાં કેવલ સ્વાર્થપૂર્તિ અથવા વિષયસુખ-ભોગ જ આપણો સિદ્ધાંત બની ગયો હતો અને નિર્દોષને સતાવવા, કર્તવ્યને ભૂલી જવું, નિર્બલને દબાવવા, થોડા લાભ ખાતર બીજાને મોટું નુકસાન કરવું એ આપણો સ્વભાવ બની ગયો હતો. મતલબ એ છે કે નીચ સ્વાર્થી જ આપણાં જીવનનું ધ્યેય બની ગયેલ હતું. આવી પતિત સ્થિતિમાંથી આપણે ઊઠીએ, સ્વાર્થની મોહનિદ્રાનો

ત્યાગ કરીએ, આંખો ઉઘાડીને ચેતના મેળવીએ અને આપણે જોઇ શકીએ કે વસ્તુતઃ આપણું જીવન કેટલું પાપમય બની ગયું છે એ હેતુથી આ સંઘર્ષ અને નાશ થયા. આ સંસારમાં જે લોકો આસક્તિ, કામના, સ્વાર્થ અથવા દ્વેષ હિંસાના નિમિત્ત બન્યા છે તે સૌ પાપના ભાગીદાર બન્યા છે. સંભવ છે કે આથી પણ વધારે નરસંહાર થાય અને જો પ્રકૃતિને ઉચિત લાગશે તો નિષ્પક્ષ રૂપે પોતાના ચક્રને પૂબ જોરથી ચલાવીને અનિયમિતતાને નિયમિત બનાવે દરેક કાર્યનું કાંઇ કારણ તો હોય છે જ. કારણ પહેલું બને છે અને પછી કાર્ય બને છે, તેથી આજકાલ આપણને જે સુખદુઃખ ભોગવવાનું પ્રાપ્ત થયેલ છે તેનું કારણ પહેલાં જ બની ચૂકેલ છે અને તે કારણ છે આપણાં પૂર્વ જન્મના શુભાશુભ કર્મ, પરંતુ એનો એવો અર્થ નથી કે દુઃખ આપનારે એમ માની લેવું કે એનાં પૂર્વકર્મ દુઃખ ઉત્પન્ન થવાનું કારણ છે અને તેથી હું નિર્દોષ છું. સાથેસાથ એ પણ જરૂરનું છે કે દુઃખી, પીડિત અને અસહાય પ્રત્યે સૌની સહાનુભૂતિ હોવી જોઇએ અને તેઓને સુખી કરવાની નીતિ હોવી જોઇએ. એ જ ખરો માનવ ધર્મ છે. "તેને તેના પાપનું ફળ મળી રહ્યું છે, આપણે શું કામ ચિંતા કરવી ?" એમ માનનાર તો નિર્દય અને પાપી જ ગણાય છે. જેવા વર્તનની આપણે બીજા પાસેથી અપેક્ષા રાખતા હોઇએ એવો વર્તાવ આપણે બીજા સાથે રાખવો જોઇએ.

હજુ પણ આપણી આંખ ઊઘડી નથી, આપણે સ્વાર્થાંધ બનીને ધર્મના નામે જ ધર્મ પર આઘાત કરીને નિર્દોષ સ્ત્રી પુરુષ તથા બચ્ચાંઓને સતાવીએ છીએ. આજનો ધર્મ એક આડંબર માત્ર રહ્યો છે; પરંતુ એટલું ચોક્કસ છે કે જ્યાંસુધી આપણે સાચો ધર્મ અને ઇશ્વરને નહિ સમજીએ અને તેને આચરણમાં નહિ ઉતારીએ ત્યાંસુધી સત્ય સુખ અને શાશ્વત શાંતિ કદીપણ નહિ મળી શકે. તેથી આપણે ધર્મને જીવનનું મુખ્ય ધ્યેય બનાવવું જ પડશે અને એમ માનવું જ પડશે કે ઇશ્વર જે કાંઇ કરે છે તે ભલા માટે કરે છે. ધર્મનું નામ ગમે તે હોય, પણ ધર્મના વાસ્તવિક તથ્યને જીવનનું ધ્યેય માનવું જ પડશે. જ્યા સુધી જીવનનું લક્ષ્ય ધર્મ નહિ બને ત્યાં સુધી કોઇ સત્ય બોલવા ઇચ્છશે નહિ, કોઇ પરોપકાર કરશે નહિ, કોઇ ઇશ્વરના અસ્તિત્વમા વિશ્વાસ રાખશે નહિ અને કોઇને પરમ શાંતિ મળશે નહિ. પરમ શાંતિ તો એક વિશ્વરાજ્ય સ્થાપિત થવાથી જ સંભવિત છે, નહિ તો માનવ–સમાજ બળતોજળતો જ રહે છે.

વૈદિક ધર્મ અનુસાર પણ જો પાપની વૃદ્ધિ થાય છે તો તેનો અંત લાવવા માટે યુદ્ધ આવશ્યક બને છે. પૃથ્વીરૂપી વૃક્ષ ઉપર જ્યારે જીવરૂપી ફૂલ પાંદડાં વધી જાય છે ત્યારે પ્રકૃતિને તેની કલમ કરવાની જરૂર પડે છે અને પછી ફરીથી તે પૃથ્વીરૂપી વૃક્ષ નવા ફૂલ પાંદડાં ઉત્પન્ન કરીને સંતોષરૂપી વસંત લાવીને સાત્વિક વાતાવરણરૂપી સુગંધ ફેલાવીને એક વિશ્વરાજ્યની સ્થાપના કરી શકશે જેનાથી સુખરૂપી વૃક્ષ ઉત્પન્ન થશે અને સૌને પૂરેપૂરાં ભોજન તથા વસ્ત્ર મળશે અને સર્વત્ર હમેશાની શાંતિ સ્થપાશે

જે ક્ષણે આપણે આ તથ્ય સમજી જશું કે તરત જ આપણી ગમે તે પરિસ્થિતિ હશે તો પણ આપણને શાંતિ પ્રાપ્ત થશે જ. જ્યારે આપણા મનમાં સંતોષ થશે તેમજ દૈવી ન્યાયમાં વિશ્વાસ થશે ત્યારે આપણને સુખનો અનુભવ થશે. આપણી પાસે કરોડોની સંપત્તિ હશે, આપણે સમ્રાટ્ હોઇએ કે કોઇ દેશના પ્રેસીડન્ટ કે સર્વસત્તાધારી પ્રધાન હોઇએ અથવા ભગવાં વસ્ત્રધારી સંન્યાસી હોઇએ એવી ગમે તે દશામાં હશું તો પણ આપણે સુખ

વર્તમાન સમાચાર.

સાદડી—પંજાબકેસરી આચાર્ય ભગવાન શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ મુનિમંડલ સહિત અમારા શ્રી સંઘની અત્યંત આગ્રહભરી વિનતી સ્વીકારીને અમારા શહેરમાં ચોમાસુ બિરાજ્યા છે શ્રી સંઘની ભગવતી સૂત્ર સાંભળવાની ઉત્કટ ભાવના હોવાથી જેઠ વદ ૬ ના દીવસે સમારોહપૂર્વક વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.

રથમાં શ્રી ભગવતીસૂત્ર લઈને બેસવાની બોલી શેઠ ચંદનમલજી કસ્તુરચંદજીએ ૧૦૫ મણ ઘીગેરેથી લીધી હતી રાત્રે રાત્રીજાગરણ શેઠજીને ત્યાં થયું હતું.

સાતમના સવારે વાજતેગાજતે શ્રી ભગવતીસૂત્ર ઉપાશ્રયમાં ધર્માત્મા શ્રાવિકા જડાવ બહેને ૪૧ મણ ઘીની બોલીથી આચાર્યશ્રીજીને વહોરાવ્યુ હતુ જ્ઞાનપૂજા ભણાવી આ૦ શ્રીજીએ મધુર હિન્દી ભાષામાં સંભળાવવાનુ શરૂ કર્યું હતુ ત્રણસો સાથીઓ થતા હતા

આ વર્ષે યાત્રાળુઓ પણ દર વર્ષ કરતા ઘણી વધુ સંખ્યામાં આવ્યા હતા કેમકે જંગમ અને સ્થાવર તીર્થંનો લાભ મળે છે.

શ્રી ભગવતીસૂત્ર આચાર્યશ્રીજી પોતે ફરમાવે છે અને ભાવનાધિકારમાં આ૦ શ્રી વિજયલલિતસૂરિજી મ૦ નલ દમયંતી ચરિત્ર ફરમાવે છે

ચાતુર્માસ નિર્ણય.

સાદડી	આ૦ ભ૦ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ	
	આ૦ મ૦ શ્રીમદ્વિજયલલિતસૂરિજી	,,
	પંન્યાસજીશ્રી સમુદ્રવિજયજી	,,
	,, શ્રી પૂર્ણાનંદવિજયજી	,,
	મુનિરાજશ્રી શિવવિજયજી	,,
	,, શ્રી વિશુદ્ધવિજયજી	,,
	,, શ્રી ઇન્દ્રવિજયજી	,,
	,, શ્રી જનકવિજયજી	,,
	,, શ્રી પ્રકાશવિજયજી	,,
	,, શ્રી બલવંતવિજયજી	,,
	,, શ્રી જયવિજયજી	,,
વિજાપુર	આ૦ મ૦ શ્રીમદ્વિજયવિદ્યાસૂરિજી	,,
	મુનિરાજશ્રી વિચારવિજયજી	,,
	,, શ્રી વિશારદવિજયજી	,,
	,, શ્રી વસંતવિજયજી	,,
ખુડાલા	,, વયોવૃદ્ધ શ્રી કર્પૂરવિજયજી	,,
	,, શ્રી રામવિજયજી	,,
સેનાડી	,, વયોવૃદ્ધ શ્રી વિબુધવિજયજી	,,

અને શાંતિનો અનુભવ નહિ કરી શકીએ શાંતિ તેમજ સુખનો આધાર સંતોષ ઉપર છે, નહિ કે પરિસ્થિતિ ઉપર જેને દૈવી ન્યાયમાં વિશ્વાસ છે તે હમેશા સુખી જ રહે છે જેને વિશ્વાસ નથી હોતો તે મોટા પ્રાસાદોમાં રહેવા છતા પણ સર્વ પ્રકારના દુઃખ ભોગવે છે. સમસ્ત પરિસ્થિતિને આપણે અનુકૂળ કદિ પણ નથી બનાવી શકતા, પરંતુ જેવી પરિસ્થિતિ અનુસાર આપણી જાતને બનાવીને એમાં સંતોષ માનીને સુખી થવુ એ આપણે આધીન છે હમેશા નિઃસ્વાર્થભાવથી આલસ્યને તજીને પ્રયત્ન કરતા રહેવું એ જ પ્રકૃતના નિયમ પ્રમાણેનું આચરણ ગણાય છે નહિ કે અકર્મણ્ય અથવા નિષ્ક્રિય રહીને એમ કહેવું કે ઇશ્વર જે કાંઇ કરે છે તે ભલા માટે જ કરે છે.

ઇશ્વરમાં શ્રદ્ધા રાખવાથી જ જીવનના જટિલમાં જટિલ પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે તે દ્વારા સામ્રાજ્ય-પિપાસા તેમજ પૌર સ્પર્ધિક શોષણનો અંત આવશે અને એક વિશ્વરાજ્યદ્વારા તૃષ્ણાથી બળતો પ્રાણી સંતોષ રૂપી અમૃત અને પ્રેમરૂપી ભોજન મેળવીને આનંદ પ્રાપ્ત કરી શકશે.

પંજાબી સાધ્વીજી શ્રી હેમશ્રીજી આદિ ઠાણા નવનુ ચૌમાસુ અત્રે (સાદરીમાં) છે તેમજ તપા ગચ્છીય, ખરતરગચ્છીય સાધ્વીજી મહારાજ સારી સખ્યામાં છે .

તા ક. મુનિરાજશ્રી ઇન્દ્રવિજયજી મ૦ ૧૧ ઉપવાસ અને મુનિરાજશ્રી પ્રકાશવિજયજીએ ૯ (નવ) ઉપવાસના પચ્ચખાણ અષાડ સુદ ૫ થી લીધા હતા તે ગુરુદેવની આશીષથી બન્નેને આનદપૂર્વક થયા અને પારણુ સુખશાંતિથી થયુ છે.

બાલધૂન.

પ્યારૂ પારસ નાથનુ નામ,
પારસને નિત કરો પ્રણામ ૧
મહાવીરકા (હય) મીઠા નામ,
મહાવીરકો (મે) કરૂ પ્રણામ ૨
પ્યારા પારસ પ્રભુકા નામ,
પારસકો નિત કરૂ પ્રણામ ૩
જિનવર જિનશાસન શણગાર,
જિનવરકા હો જય જય કાર ૪
અશરણ શરણ પ્રભુ અરિહત,
નામ જપે દુખ આવે અત ૫
પરમ કૃપાળુ શ્રી અરિહત,
જપતાં જપતાં જય જય વત ૬
વીર વીર જો મુખસે રટે,
કોટિ ઉસકા પાતિક કટે ૭
વીતરાગ હૈ સચ્ચે દેવ,
સદાય કરના ઉસકી સેવ ૮
મહાવીર હૈ મોટે દેવ, સુનર કોટી સારે સેવ,
અચ્છાબાબા કહે પુકારે, વીર પ્રભુકી જય જયકાર ૯

(અચ્છાબાબા)

અત્રે ભાવનગરમા શ્રી મારવાડીના વડે બિરાજતા પન્યાસજી કચનવિજયજી મહારાજે અત્રેના જૈન સઘમાં અસાડ વદી ૫ શુક્રવાર તા ૧૫-૭-૪૯ ના રાજ વિશ્વશાતિ અને વરસાદ આવે તે માટે સામુદાયિક આયબીલની તપશ્યા કરવા અનુરોધ કર્યો હતો જ્હોંગી સખ્યામા આયબીલ થયા હતા

શ્રી ગિરનારજી તીર્થનુ સમાધાન.

પવિત્ર શ્રી ગિરનારજી તીર્થની સ્વતત્રતા, માલેકી અને તમામ હકો આપણાં હોવા છતા તે બાબતનો જુનાગઢ રાજ્ય સાથે ઘણા વખતથી ઝગડો, લડત ચાલતી હતી પરતુ રાષ્ટ્રીય સરકાર આવતા જૈનોની અરજી સાંભળીને પ્રથમ શ્રી નેમનાથજી ટુકની માલેકી અને તમામ હકો સૌરાષ્ટ્ર સરકારના સેક્રેટરી શ્રી પ્રશ્વરન્ અને શેઠ દેવચદ લક્ષ્મીચદ અમદાવાદની પેઢી કમીટીના માન્યવર પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઇની વચ્ચે વઢવાણ નિવાસી શેઠ રતિલાલ વર્ધમાન સહિત તા ૧૯-૭-૪૯ સહી સીક્કા થઇ સંતોષકારક રીતે સમાધાન થયેલ છે અને આપણી તે સપૂર્ણ માલેકી હકો સ્વતત્રતા હકો આપણને સુપ્રત થયેલ છે કુડાના પાણીનો ઉપયોગજનતા કરી શકે અને ઓટા સામેનો બગલાનો પણ આપણને સ્વતત્ર માલેકી હક (રૂા દશ હજાર) સૌરાષ્ટ્ર સરકારને આપવાની શરતે સોપાઇ ગયેલ છે તે માટે શેઠ આણદજી કલ્યાણજી અમદાવાદની પેઢી ઉપર હિંદના તમામ શહેરોના જૈન સઘોએ ધન્યવાદનો તાર આપવાની જરૂર છે

આજે અમદાવાદ શેઠ આણદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ વ્યવસ્થિત છે અને પ્રમાણિક રીતે ચાલે છે તીર્થોની સેવા, રક્ષણ પણ અનુપમ રીતે કરી રહ્યા છે

શેઠ સાહેબ કસ્તુરભાઇ લાલભાઇ પણ વર્ષો પરાગતથી પેઢીનુ માનવતુ પ્રમુખપદ રક્ષણ અને સેવા કરી પૂર્વના અસાધારણ પુણ્ય, અપૂર્વ બુદ્ધિમત્તા, સપૂર્ણ લાગણી અને ઉદારતાવડે અનુપમ રીતે દીપાવી રહ્યા છે આજે જેમ તીર્થનુ રક્ષણ સભાળ રાખવી, તેની માલેકી હકો સભાળવા તેમજ ગયેલા હકો પાછા મેળવવા માટે જે તન, મન, ધનનો ભોગ આપી

તીર્થોના સેવા માટે શુભ પ્રયત્ન કરી રહ્યા છે તેથી જૈન સમાજના આભાર અને અભિનંદનને પાત્ર છે હેલ્લી સકળ જૈન સમાજના (તાજ વગરના રાજા) શિરતાજ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ છે એમ નિશંક કહેવું પડે છે

શેઠ શકરાભાઇ લલ્લુભાઇનો સ્વર્ગવાસ.

અમદાવાદમા જૈનોમાં સુપ્રસિદ્ધ ગણાતા સરાફ ખાતાની સુવિખ્યાત અને જૂની પ્રખ્યાત પારી લલ્લુભાઇ મનોરદાસની પેઢીના માલીક શેઠ શકરાભાઇ લલ્લુભાઇનુ અવસાન અમદાવાદમા તા ૨૭-૬-૪૯ ના રોજ ૬૯ વર્ષની ઉમ્મરે થયુ છે. તેઓશ્રી અમદાવાદ મ્યુનીસીપાલીટીમાં નવ વરસ સુધી કાઉન્સીલર તરીકે રહ્યા હતા તેમજ રીલીફ પ્રોઝનર્સ અને જાનવરોના ઘાતકીપણા સુધારક મંડળના સભ્ય હતા, અનેક મીલોનાં ડાયરેકટર અને વ્યાપારમા નિષ્ણાત હતા તેઓશ્રી ધર્મશ્રદ્ધાળુ અને ધર્મના ઉપાસક હતા આ સભાના તેઓશ્રી ઘણા વર્ષોથી લાઇફમેમ્બર હતા તેઓના અવસાનથી સભાને એક લાયક સભ્યની ખોટ પડી છે પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ આપે તેવી અમારી પ્રાર્થના છે.

શાહ છોટાલાલ દલપતભાઇ કરાલાવાલાનો સ્વર્ગવાસ.

શ્રી છોટાલાલભાઈનો જન્મ ડભોઇમા સ ૧૯૨૯ ના આસો સુદી ૭ ના થયો હતો તેમની બાલ્યાવસ્થા ડભોઇ પાસે મોટા કરાલા ગામે જ્યા તેઓના પિતાશ્રી વેપાર અર્થે રહેતા હતા ત્યાં પસાર થઈ હતી તેમનો વ્યવહારિક તેમજ ધાર્મિક અભ્યાસ સાધારણ હતો પદર સોલ વર્ષની વયથી તેઓએ વેપારનુ કામ માથે લીધુ હતુ તેમની ત્રીસ વર્ષની વયે એટલે લગભગ સવત ૧૯૫૯ માં ડભોઇ આવી રૂ, કપાસના ધધામા સ્વબળે આગળ આવી સારી પ્રતિષ્ઠા મેળવી હતી તેઓ ધર્મના જિજ્ઞાસુ, સરળ અને માયાળુ સ્વભાવના હતા હતા.

સવત ૧૯૬૮ના ડભોઇમા પૂજ્યપાદ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનુ ચાતુર્માસ થયુ હતુ ત્યારથી તેમનાં ઉપદેશથી તેમની સૂચના અનુસાર શક્તિ મુજબ ધર્મકાર્યમાં દ્રવ્યનો વ્યય કર્યો હતો આ સભાનાં તેઓશ્રી લાઇફ મેમ્બર હતા દરેક વર્ષના સભાનાં ભેટ પુસ્તકોથી ઘરમાં સારી લાઇબ્રેરીમાં રાખી તેનુ મનનપૂર્વક વાચન કરતાં હતા.

સવત ૧૯૮૦નાં પૂ આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજીના ચાતુર્માસમાં તેમનાં ઉપદેશથી વેપાર, વહેવારની ચિંતા ઓછી કરી ધર્મમાં મક્કમ બન્યા અને તે વર્ષમાં ડભોઇમાં ઉપધાનના મહાન્ તપનુ આરાધન કર્યું હતુ. પ્રૌઢાવસ્થાએ પચપ્રતિક્રમણ, નવસ્મરણસૂત્રો કઠાગ્રે કર્યા. રોજ સવાર સાજ પ્રતિક્રમણ, તથા સામાયિક કાયમ કરતા ધાર્મિક વાચન પણ સારા પ્રમાણમા કરતાં ત્રણ ઉપધાન પૂરા કર્યા હતા

છેલ્લા લગભગ ૨૦ વર્ષ સુધી તેમણે ધાર્મિક જીવન વીતાવ્યુ પણ છેવટ વેદની કર્મનો ઉદય થતા પણ સસ્કાર કાયમ રહ્યા નવકાર મત્રની આરાધના સહિત ૭૬ વર્ષની વયે ગુજરી ગયા તેઓની પાછળ ત્રણ પુત્ર, એક પુત્રી અને વીસ માણસનુ બહોળુ કુટુંબ મૂકી ગયા છે તેઓએ પોતાની પાછળ સતાનો માટે લક્ષ્મી સોપી નથી પણ ધર્મના સંસ્કાર તેમજ આત્માનંદ સભાના વાર્ષિક ભેટના પુસ્તકોની વ્યવસ્થિત લાઇબ્રેરી સોપી ગયા છે.

અત સુધી ચિત્તશુદ્ધિ અને નમસ્કાર મત્રના સ્મરણપૂર્વક અશાડ સુદી ૭ ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો છે આવા એક ધર્મ સસ્કારી સભ્યની આ સભાને ખોટ પડી છે તેઓના પવિત્ર આત્માને અખડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું

અંક ૧ થી ૧૨ : : સને ૧૯૪૮-૪૯

સંવત ૨૦૦૫

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ.

(પુસ્તક ૪૬ મું)

(સં. ૨૦૦૪ ના શ્રાવણ માસ થી સં. ૨૦૦૫ ના આષાઢ માસ સુધીની)

વાર્ષિક વિષયાનુક્રમણિકા

૧. પદ્ય વિભાગ

વિષય	લેખક	પૃષ્ઠ
સાધારણ જિન સ્તવન	(મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી)	૧
૨. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન	(મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી)	૨૧
૩. ક્ષમાપના	(અમરચંદ માવજી શાહ)	૨૨
૪. શ્રીમદ્‌વિજયવલ્લભસૂરિ સ્તુતિ	(ઝં૦ છ૦ સુરવાડાવાળા)	૪૧
૫. નવપદ ઓળીનું સ્તવન	(મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી)	૪૨
૬. દિવાળીનું સ્તવન	(,,)	,,
૭. શ્રી મહાવીર સ્તવન	(મુનિરાજ શ્રીહેમેન્દ્રસાગરજી)	૬૧
૮. શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન	(,, શ્રીલક્ષ્મીસાગરજી)	૬૨
૯. વર્ધમાનજિન સ્તુતિ	(,, શ્રીવિનયવિજયજી)	,,
૧૦. શ્રી પાર્શ્વ જિન સ્તવન	(આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી)	૮૫
૧૧. શ્રી મહાવીર સ્તવન	(મુનિરાજ શ્રી દેવેન્દ્રસાગરજી)	૮૬
૧૨. સિદ્ધગિરિ સ્તવન	(,, શ્રીલક્ષ્મીસાગરજી)	૮૭
૧૩. સીમંધર જિન સ્તવન	(,, શ્રીહેમેન્દ્રસાગરજી)	૧૦૯
૧૪. શ્રી ઘંટાકર્ણ અષ્ટક	(,, શ્રીદેવેન્દ્રસાગરજી)	૧૧૦
૧૫. સીમંધર જિન સ્તવન	(,, શ્રીદક્ષવિજયજી)	૧૩૩
૧૬. શ્રી નેમિનાથ સ્તવન	(,, શ્રીદેવેન્દ્રસાગરજી)	૧૩૪
૧૭. કાળ પ્રાબલ્ય	(ગોવિંદલાલ કકલદાસ પરીખ)	૧૩૫
૧૮. શ્રી નેમિનાથ જિન સ્તવન	(મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી)	૧૫૭
૧૯. શ્રી મહાવીર જિન સ્તવન	(મુનિરાજ શ્રીદક્ષવિજયજી)	૧૫૮
૨૦. શત્રુંજયતીર્થ યાત્રાદર્શન	(અમરચંદ માવજી શાહ)	,,
૨૧. શ્રી સુવિધિનાથ જિન સ્તવન	(આ. શ્રીવિજયલબ્ધિસૂરિજી)	૧૮૧
૨૨. શ્રી મહાવીર જિન સ્તવન	(મુનિરાજ શ્રી સુશીલવિજયજી)	૧૮૨
૨૩. શ્રી આત્મારામજીકી જન્મ જયન્તિ પર	(શ્રી જુગરાજ રાઠોડ સાહિત્યરત્ન)	[illegible]
૨૪. સિદ્ધગિરિ તીર્થાધિરાજ સ્તવન	(મુનિરાજ શ્રી સુશીલવિજયજી)	[illegible]
૨૫. શ્રી મંત્રાધિરાજ અષ્ટક	(,, શ્રીદેવેન્દ્રસાગરજી)	૨૦૧
૨૬. એ તો ! અલખ નિરંજન એકલો	(ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી) ટા. પા. ૩ અંક ૧૦ મો	
૨૭ શ્રી શીતલનાથ જિન સ્તવન	(પં. શ્રીલક્ષ્મીસાગરજી)	[illegible]
૨૮. આ. ભગવાન શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરની સ્તુતિ	(મુનિરાજ શ્રી વિનયવિજયજી)	૨૪૦

નંબર વિષય	લેખક	પૃષ્ઠ
૨૯. શ્રી ઘોઘામંડન શ્રી નવખંડા પાર્શ્વનાથ સ્તવન	(અમરચંદ માવજી શાહ)	૨૪૨
૩૦. સદ્ગુરૂ સ્મરણ	(મુનિરાજ શ્રી દેવેન્દ્રસાગરજી)	૨૫૧
૩૧. તવંગર હો તો ઐસા હો	(શ્રી વેલજીભાઈ)	૨૫૨
૩૨. શ્રી સંભવનાથનું સ્તવન	(મુનિ શ્રી લક્ષ્મીસાગરજી)	૨૫૩
૩૩. તુમ સુનો ! સુનો ! ભારતકે લોકો	(ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી)	૨૫૪
૩૪. બાળીધૂન	(અચ્યાબાબા)	૨૭૧

૨. ગદ્ય વિભાગ.

૧. નૂતન વર્ષનું મંગળમય વિધાન	(શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ શાહ)	૨
૨. બૌદ્ધ દર્શનસંમત અહિંસાનું સ્વરૂપ	(મુનિરાજ શ્રીજંબૂવિજયજી)	૭, ૨૪
૩. સુખી કેમ થવાય?	(આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી)	૧૨
૪. આ પર્યુષણ મહાપર્વ કઇ રીતે ઉજવશો ?	(મુનિરાજ ન્યાયવિજયજી ત્રિપુટી)	૧૬
૫. વિવેકદૃષ્ટિ બનો	(આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી)	૨૭
૬. ચિંતા	(અનુ 'અભ્યાસી' બી. એ.)	૩૨
૭. શ્રીસુવિધિનાથનું સ્તવન	(પંડિત લાલન)	૩૫
૮. યાત્રાના નવાણુ દિવસ	(મોહનલાલ દીપચંદ ચોકસી)	૩૭, ૭૭, ૯૬, ૧૫૧
૯. વિચારશ્રેણી	(આ શ્રીવિજયકસ્તૂરસૂરિજી)	૪૩, ૨૩૩
૧૧. યુગપ્રધાન જગદ્ગુરુ વિજયહીરસૂરિજી	(મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી)	૪૧
૧૧. ધર્મકૌશલ્ય	(મૌક્તિક)	૪૭, ૭૩, ૧૦૧, ૧૨૭, ૧૪૯, ૧૭૧, ૧૯૧, ૨૧૫, ૨૪૩
૧૨. અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉત્પત્તિ	(સન્માર્ગ ઇચ્છક)	૪૯
૧૩. ત્યાગનું સ્વરૂપ	(અનુ. 'અભ્યાસી' બી. એ)	૫૧
૧૪. સિદ્ધચક્રજીની ભવ્ય આરાધના	(મુનિરાજ લક્ષ્મીસાગરજી)	૫૨
૧૫ આત્મસાધના	(અમરચંદ માવજી શાહ)	૫૭, ૭૯, ૧૦૩, ૧૨૯
૧૬. આરામની આવશ્યકતા	(આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી)	૬૪
૧૭. જ્ઞાતા અને જ્ઞેય	(સન્માર્ગ ઇચ્છક)	૬૭
૧૮. કેટલાક ભૌગોલિક સ્થળોનાં નામો	(મુનિરાજ શ્રીભુવનવિજયજી)	૬૯
૧૯. જ્ઞાનપંચમી તપ આરાધો	(મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી)	૭૨
૨૦. મંગળમય વાણી	(અનુ. 'અભ્યાસી' બી. એ.)	૭૫
૨૧. વિશ્વવિભૂતિને સ્મરણાંજલિ	(મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજ)	૮૦
૨૨. જય જવાહર	(શ્રીજહુભાઈ મહેતા)	૮૧
૨૩. કેટલાક સદ્બોધક દૃષ્ટાંતો	(શ્રી 'અભ્યાસી' બી. એ)	૮૨, ૮૯
૨૪. શ્રીમદ્ નંદિસૂત્ર મલયગિરીયાવૃત્તિમાં આવતા દાર્શ- નિક સાક્ષિપાઠોના મૂલ સ્થાનો	(મુનિરાજ શ્રીજંબૂવિજયજી મહારાજ)	૮૮, ૧૧૧, ૧૩૬, ૧૫૯
૨૫. સ્યાદ્વાદમંજરી	(મુનિરાજ શ્રીપૂર્ણાનંદવિજયજી)	૯૨, ૧૪૪, ૧૬૮, ૨૧૭
૨૬. અંતસમયે ખાસ લક્ષમાં રાખવા યોગ્ય	(મુમુક્ષુ)	૯૪
૨૭. પવિત્રાપવિત્ર મિમાંસા	(આ શ્રીવિજયકસ્તૂરસૂરિજી)	૧૧૭
૨૮. ન્યાયરત્નાવળી	(મુનિરાજશ્રી ધુરંધરવિજયજી)	૧૨૨

નંબર વિષય	લેખક	પૃષ્ઠ
૨૯. પવિત્ર જીવનનું રહસ્ય	(અનુ. 'અભ્યાસી' બી. એ.)	૧૩૦
૩૦. સાંપ્રદાયિકપણું અને કર્તવ્ય	(મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજ)	૧૪૧
૩૧. ક્રિયાશુદ્ધિદ્વારા જ્ઞાનયોગપ્રાપ્તિદ્વારા મુક્તિ	(મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજ સ.પા.)	૧૪૩, ૧૬૬
૩૨. શ્રીયશોવિજયજી કૃત વાસુપૂજ્ય, જિનસ્તવનનું વિવેચન	(ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મ્હેતા)	૧૪૬
૩૩. રાગી અને ત્યાગી	(અનુ. 'અભ્યાસી' બી. એ.)	૧૫૪
૩૪. દ્વાત્રિંશિકા બત્રીશ-બત્રીશીઓ	(આ. શ્રીવિજયપદ્મસૂરિજી)	૧૬૪, ૨૧૧, ૨૨૬
૩૫. શ્રીચંદ્રાનન જિનસ્તવન	(સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ)	૧૭૩
૩૬. પરમધ્યેય શ્રીનવપદજી	(આ. શ્રીવિજયજમ્બૂસૂરિજી મહારાજ)	૧૮૪
૩૭ સુવાક્યામૃતો	(વ્યા. કા. તીર્થ મુનિશ્રી પૂર્ણાનંદવિજયજી)	૧૯૩
૩૮. ધ્યાન અને ચિત્તની ત્રણ અવસ્થા	(સન્માર્ગ પૃચ્છક)	૧૯૪, ૨૩૧
૩૯. ચારૂશીલા રમણીરત્નો	(શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી)	૧૯૬, ૨૧૯
૪૦. સેવાના બદલાની ચાહના	(જૈનપત્રમાંથી ઉધ્ધૃત)	૧૯૮
૪૧. સંત વચન	(અનુ 'અભ્યાસી' બી. એ)	૧૯૯
૪૨. આરોગતા અને અરોગ્યતા	(આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી મહારાજ)	૨૦૭
૪૩. એકાન્તનો મહિમા	(અનુ. અભ્યાસી. બી. એ.)	૨૨૩
૪૪. માનવ જીવન મહાવ્રત છે	(નાથજી)	૨૨૫
૪૫. ભગવાન મહાવીરનો જ ધર્મ વિશ્વરક્ષા કરી શકે તેમ છે.	(કાકા કાલેલકર)	૨૨૭
૪૬. ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ	(ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા)	૨૩૬
૪૭. શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વિહરમાન જિન સ્તવનમાંહેનું અગિયારમા શ્રી વજ્રધર જિન સ્તવન	(ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ)	૨૩૮
૪૮. જૈનધર્મ એ વિજ્ઞાન ધર્મ છે.	(શ્રીયુત્ ફત્તેહચંદ ઝવેરભાઇ)	૨૪૫
૪૯. શ્રી પર્યુષણ પર્વનો પવિત્ર પેગામ	(આ૦ વિજયલબ્ધિસૂરીજી મ૦.)	૨૫૫
૫૦. આસુના બે બિન્દુઓ	(મુનિશ્રી ધુરંધરવિજયજી)	૨૫૬
૫૧. ઇચ્છાયોગ વગેરે	(ડૉ ભગવાનદાસ મનસુખભાઇ મહેતા)	૨૫૯
૫૨ લક્ષ્મી	(અનુ૦ ચિમનલાલ શાહ)	૨૬૧
૫૩. ધર્મ કૌશલ્ય	(મૌક્તિક)	૨૬૪
૫૪. ચારૂશીલા રમણીરત્નો	(ચોકસી)	૨૬૫
૫૫. દૈવી ન્યાયમાં વિશ્વાસ	(અનુ૦ અભ્યાસી)	૨૬૭

પ્રકીર્ણ

વર્તમાન સમાચાર, સ્વીકાર સમાલોચના, સભા સમાચાર, ૨૦, ૩૯, ૫૮, ૫૯, ૮૪, ૧૦૬, ૧૨૭,
ટા. પા. ૩, ૧૫૫. ૧૮૧, ૨૦૮

સુધારો
શ્રી ગિરનારજી તીર્થનું સમાધાન

ભાગ રજો શુમારે ૩૧૫ પાનાનો ૩ આદર્શ જૈન સ્ત્રી રત્નો બીજો ભાગ શુમારે ૧૬૬ પાનાનો ત્રણે ગ્રંથો સં. ૨૦૦૬મા સભા તરફથી ધારા પ્રમાણે ભેટ આપવાના છે આ ત્રણે ગ્રંથો મનનપૂર્વક વાચવા જેવા અને સુંદર છે તેની વિશેષ હકીકત હવે પછી આપવામાં આવશે

જૈન બંધુઓ બ્હેનો અને વાચકોએ જાણવા જેવું.

નીચે લખેલા ત્રણ વર્ષોમા અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ

સંવત ૨૦૦૩ના વર્ષમા	૧ શ્રી સંઘપતિ ચરિત્ર	કિ. રૂા ૬-૮-૦
	૨ શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ	,, ,, ૩-૮-૦
સંવત ૨૦૦૪ના વર્ષમા	૧ શ્રી વસુદેવહિંડી ભાષાંતર	,, ,, ૧૨-૮-૦
	૨ શ્રી શાંતિનાથ ચરિત્ર	,, ,, ૭-૮-૦
સંવત ૨૦૦૫ના વર્ષમાં	૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર	,, ,, ૧૩-૦-૦
		કુલ રૂા. ૪૩-૦-૦

એ મુજબ ત્રણ વર્ષમા રૂા ૪૩)ના પુસ્તકો પેટ્રન સાહેબો અને પહેલા વર્ગના લાઈફ મેમ્બરોને ભેટ મળી ચુકયા છે હજુ પણ રૂા ૫૦) વધુ ભરી બીજા વર્ગમાંથી પહેલા વર્ગમા આવનાર સભાસદને સં ૨૦૦૫ની સાલની ભેટની બુક મળી શકશે અને તે પછીના વરસોમા જે જે ગુજરાતી પુસ્તકો છપાશે તે પણ ભેટ મળશે માટે જલ્દી વિનંતિ કરવામા આવે છે તે તે વરસોની ભેટનો અપૂર્વ લાભ ગુમાવો છો

મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. (બાઇન્ડીંગ થાય છે.)

શ્રી માણિકયદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વનો પુણ્યયોગ અને શીલનુ માહાત્મ્ય સતી શ્રી દમયંતીમા અસાધારણ હતુ તેનો શુદ્ધ અને સરળ ભાષામા અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનુ કાર્ય શરૂ કરેલ છે આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડે ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો અનેક છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સામેર સીતાવતા માતાપિતાએ આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમા તેમનો માહાત્મ્ય, મહિમા તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનુ અદ્ભુત પઠન પાઠન કરવા જેવુ વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમા આપ્યુ છે બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામા આવેલી છે.

અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો.

૧ શ્રી દમયંતી ચરિત્ર (સચિત્ર), ૨. શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, ૩ આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો, ૪ કથા રત્નકોષ, ૫ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર (સચિત્ર)

ગ્રંથ ૪ અને ૫મા આર્થિક મદદની જરૂર છે

છપાવવાના—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)

'Reg. No. B. 314'

શ્રી આત્માનંદ પ્રકાશનાં ગ્રાહકોને સૂચના.

શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક ૪૬નો છેલ્લો ૧૨મો અંક આજે આપને રવાના કરવામાં આવ્યો છે. આવતા શ્રાવણ માસથી પુસ્તક ૪૭ મું શરૂ થશે. તેનું લવાજમ રૂા ૩-૦-૦ વસુલ લેવા માટે નીચેની બુકોમાંથી એક બુક ભેટ આપવાની છે.

૧. દંડકવૃત્તિ રૂા. ૧-૦-૦	૩. સમ્યકૃત્વ કૌમુદિ રૂા. ૧-૦-૦
૨. મોક્ષપદ સોપાન રૂા. ૧-૦-૦	૪. ધર્મપરિક્ષા રૂા. ૧-૦-૦

જે ગ્રાહકોને ચારમાંથી જે એક બુક પોતાની પસંદગીની જોઇતી હોય તેમણે શ્રાવણ શુદ ૧૦ સુધીમા સભાને પત્રથી ખબર આપવા તો તેમને તે બુક વી. પી. કરશું. જવાબ નહિં આવે તો અગાઉ મુજબ ચાર બુકમાંથી એક બુક આપને શ્રાવણ માસમાં ક્રમસર ૪૭ મા વર્ષના રૂા. ૩-૦-૦ લવાજમના અને ભેટની બુકનુ વી. પી. ખર્ચ રૂા. ૦-૮-૦ મળી રૂા. ૩-૮-૦ લવાજમ વસુલ કરવા વી. પી કરવામાં આવશે. જેથી એ મુજબ વી. પી. સ્વીકારી લેવા નમ્ર સૂચના કરીયે છીયેં. અથવા શ્રાવણ શુદ ૮ સુધીમાં મનીઓર્ડરથી રૂ ૩-૪-૦ મોકલશે તેને ભેટ બુક મોકલી આપશું વી. પી. ખર્ચ ૦-૪-૦ ફાયદો થશે.

તા. ક:—૧. રૂા. ૫૦૧) ભરનાર સભાના પેટ્રન થઇ શકે છે.

" " ૨. " ૧૦૧) ભરી સભાનાં પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થનારને 'આત્માનંદ પ્રકાશ' માસિક જીંદગી સુધી ભેટ મોકલાય છે અને સભા તરફથી પ્રગટ થતાં કોઇપણ ગુજરાતી ગ્રંથો ભેટ આપવામા આવે છે. તો જૈન બંધુઓ આ લાભ લેવા જેવો છે તેવી નમ્ર સૂચના કરીયે છીયે. પછી સભાસદ તરીકેનું કે આત્માનંદ પ્રકાશનુ લવાજમ દરવર્ષે સભાસદોનું લવાજમ કંઇ પણ જીંદગી સુધી ભરવું પડતુ નથી

॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

(સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર.)

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર સારભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામા રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા. તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.